ત્રીજી શ્રેણી )

પુસ્તક: ૧૧૮

શુક્રવાર, તા. ૩જી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૧૨, ૧૯૨૭ શાકે

થી

મંગળવાર, તા. ૭મી માર્ચ, ૨૦૦૬
ફાલ્ગુન ૧૬, ૧૯૨૭ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

**સત્તાવાર અહેવાલ**

**અગિયારમી ગુજરાત વિધાનસભા**

**નવમું અધિવેશન**

**ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**ગાંધીનગર.**

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| **શુક્રવાર, તા.૩જી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગન ૧૨, ૧૯૨૭ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧ - ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ - ૭૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૭૩ - ૭૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૭૫ - ૭૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૬ - ૭૯ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૮૦ - ૮૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૧ - ૧૦૩ |
| **સોમવાર, તા.૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગન ૧૫, ૧૯૨૭ શાકે** | |
| તારાંકિત પ્રશ્નો | ૧૦૪ - ૧૧૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૭ - ૧૫૬ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૧૫૭ - ૧૫૭ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૫૮ - ૧૫૮ |
| અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો | ૧૫૯ - ૧૬૨ |
| તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬) | ૧૬૩ - ૧૬૬ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૬૭ - ૧૬૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૮ - ૧૮૯ |
| **મંગળવાર, તા.૭મી માર્ચ, ૨૦૦૬ / ફાલ્ગુન ૧૬, ૧૯૨૭ શાકે** | |
| **પહેલી બેઠક** | |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૧૯૦ - ૧૯૦ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૯૧ - ૧૯૩ |
| પૉઈન્ટ ઑફ ઑર્ડર | ૧૯૪ - ૧૯૪ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૯૫ - ૨૨૩ |
| **બીજી બેઠક** | |
| તારાંકિત પ્રશ્નો | ૨૨૪ - ૨૩૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૩૬ - ૨૮૦ |
| શોકદર્શક ઉલ્લેખો | ૨૮૧ - ૨૮૨ |

# અ નુ ક્ર મ ણિ કા


| વિષય | પાના નંબર |
|---|---|
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૮૩ - ૨૮૩ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૪ - ૨૮૯ |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૦ - ૩૦૬ |


***

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૩જી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૧૨, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

**વડોદરાના એસ.આર.પી. ગૃપ-૯ના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

***૧૪૧૫૬ શ્રી વિષ્ણુભાઈ છો. પટેલ (ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે -

(૧) પોલીસ વેલફેરની ભાવનાને ધ્યાને લઈ રાજય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો એસ.આર.પી. ગૃપ-૯, વડોદરામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા:૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) ફરજ બજાવતા ૯૩૭ કર્મચારીઓ/અધિકારીઓ પૈકી ૯૨૩ કર્મચારીઓ/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

**શ્રી વિષ્ણુભાઈ છો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબથી મને સંતોષ છે.

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફરજ બજાવતા ૯૩૭ કર્મચારીઓ/અધિકારીઓની તપાસ કરવામાં આવી. એમાં અનફીટ કેટલા છે અને કઈ કઈ બીમારીને કારણે અનફીટ થયા છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારે આ આખી એકસરસાઈઝ જે હાથ ધરી છે એ પોલીસના જવાનો અને એમના પરિવારજનો બંનેને સમયસર શરીરમાં કોઈપણ રોગ પ્રવેશતા હોય એની જાણકારી આપવા માટે કરી છેp આ યોજના અંતર્ગત સમગ્ર રાજયના દરેકે દરેક પોલીસ કર્મચારી અને પોલીસ કર્મચારીના સમગ્ર પરિવારના આરોગ્યની ચકાસણી રાજય સરકારે હાથમાં ધરી છેp આ વર્ષ પતે એ પહેલાં ૩ પ્રકારના હેલ્થ કાર્ડ અમે બનાવ્યા છે, એક બાળકો માટેનું, એક વૃદ્ધ મા-બાપ માટેનું છે અને એક પોલીસ કર્મચારી માટેનું છે. માનનીય શંકરભાઈએ જે પ્રશ્ન પૂછયો છે એમાં લગભગ ૭ ટકા પોલીસ કર્મચારીઓના જુદા જુદા રોગ આઈડેન્ટીફાઈડ થયા છે. એમાંથી સાડા ત્રણ ટકા કર્મચારીઓને સામાન્ય પ્રકારના રોગો છે અને બાકીનાને જેને લાંબી સારવાર કરવી પડે એ પ્રકારના રોગ આઈડેન્ટીફાઈ થયા છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ મારફતે પોલીસ વેલફેર ભાવનાને ધ્યાનમાં રાખી અને જુદા જુદા પ્રકારના હેલ્થ કાર્ડ આપવાની વાત પણ કરી, ખૂબ સારી વાત છે. હું એક વાત એ જાણવા માગું છું કે ઘણા પોલીસના અધિકારીઓ અને કર્મચારીઓનું શરીર કાં તો મેદસ્વી બની ગયું છે અથવા તો ફાંદ વધી ગઈ હોય છે એના કારણે દોડવામાં, ફરજ બજાવવામાં ઘણી બધી મુશ્કેલીઓ પડે તો એના માટે કોઈ કેમ્પ અલગથી રાખવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી આ ગૃહના સૌ સભ્યશ્રીઓને વિનંતી છે કે પોલીસના કર્મચારીઓ જે પ્રકારે ફરજ બજાવે છે એને આપણે સૌએ સમજવી પડશે. આખું જીવન અનિયમિતતામાં જાય, દ ારનું ખાવાનું ન મળે, સતત બંદોબસ્તમાં રહેવું પડે, દિવસ-રાત દોડધામ રહે, સતત ટેન્શનમાં રહેવું પડે, આરોપીઓની પાછળ ભાગવું પડે આના પરિણામે સ્વાભાવિક છે કે શરીરમાં અનિયમિતતાને લીધે અમુક પ્રકારની જે માનનીય સભ્યશ્રીએ કીધું એ પ્રમાણેની વિકૃતિઓ થવાની સંભાવના છે એના માટે પણ અમે પરેડ નિયમિત કરવાનો આગ્રહ રાખીએ છીએ અને મને જણાવતાં આનંદ થાય છે કે ૩ વર્ષ પહેલાં પરેડમાં ઉપસ્થિતિ ૫૨ ટકાની આસપાસ હતી એ ૮૭ ટકાની ઉપર અમે આગ્રહ કરીને પહોંચાડી છે અને આની અંદર યોગના કલાસ પણ ચલાવવાની શરૂઆત કરી છે જેથી એમના શરીરની અંદર જે વિકૃતિઓ આવતી હોય એનો સામનો સારી રીતે કરી શકાય.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આ એક સરસ કાર્યક્રમ કરવા માટે અભિનંદન આપીશ. પોલીસ કર્મચારીઓએ, એમણે જેમ કહ્યું એમ એક એવા પ્રકારની ફરજ બજાવવાનું એમનું કામ છે કે જેનાથી એમને સતત ટેન્શનમાં રહેવું પડે છે ત્યારે મારે આ કાર્યક્રમની સાથે એક માનનીય મંત્રીશ્રીને સૂચન કરવું છે કે એમની બાકીની બધી સામાજિક જવાબદારીઓમાં પણ કયારેક કયારેક આ ફરજને કારણે બરાબર ધ્યાન આપી ન શકે તો એના માટે પણ સોશીયલ કાઉન્સેલીંગની પણ કોઈ યોજના બનાવીને આ પોલીસ કર્મચારીઓને આવા સમયે જે કંઈ મદદની જરૂર હોય તો એ મળી રહે અથવા તો એમાં હાજરી

આપી શકે એ પ્રકારની વ્યવસ્થા કરીને કુટુંબની સામાજિક જવાબદારીઓમાં પણ મદદરુપ થવાનો કોઈ કાર્યક્રમ સરકાર લેવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ સરકારે પોલીસ વેલ્ફેર યોજના અંતર્ગત હાથમાં લીધેલ છે. સિલાઈ મશીનની યોજના, મંગલસૂત્ર લોનની યોજના, મૅડિકલ લોન, ચશ્મા સહાય યોજના, વૃદ્ધ મા-બાપ માટે દાંતના ચોકઠા માટેની યોજના, કુટુંબ સહાયની યોજના, મોતિયા ઑપરેશન લોન, મરણોત્તર સહાય, શિષ્યવૃત્તિ અને પુસ્તક સહાય પણ બહુ મોટા પ્રમાણમાં આપવામાં આવે છે. આ ઉપરાંત કોમ્યુનિટી હોલ મોટા પાયે બાંધવાનું હાથમાં લીધું છે. એ સિવાય પ્રસૃતિ ગૃહ, દૂધ વિતરણ કેન્દ્ર, બાલમંદિર, પોલીસ બોય હોસ્ટેલ, રિક્રિએશન સેન્ટર, બગીચો, અંબર ચરખા, અનાજ દળવાની ઘંટી, સિનેમા શો આ બધી એક્ટિવિટી જ્યાં પોલીસ રહેઠાણની કોલોની છે ત્યાં વેલ્ફેર એક્ટિવિટી અંતર્ગત ચલાવવામાં આવે છે.

**અધ્યક્ષશ્રી :** નેકસ્ટ.

**શ્રી અશોક ભટ્ટ**: માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન ક્રમાંક : ૧૩૯૪૫ ના પ્રભારી સભ્યશ્રી પ્રવિણભાઈ મારૂ ગેરહાજર છે. આ ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન છે તેથી તેની ચર્ચા હાથ ઉપર લેવાય તો સારું.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા**: માનનીય અધ્યક્ષશ્રી, અમારી તૈયારી છે પણ આ પ્રણાલિકા બધામાં રાખવાની પ્રણાલિકા પાડીએ તો એ આજથી શરૂઆત થાય છે. હું ઈચ્છું કે આ ખૂબ મહત્ત્વનો પ્રશ્ન છે તેની ચર્ચા થાય પણ આ પ્રણાલિકાની આજથી શરૂઆત કરીએ.

## ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની યોજના

*૧૪૧૬૨ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) રાજયની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ તે પેટે કેટલી રકમ ખર્ચવામાં આવી?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ) :**

(૧) હા, જી.

(૨) રૂા. ૮,૫૩,૩૮,૫૨૮/-

**શ્રી ગોવિંદભાઈ વ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યા પ્રમાણે આ યોજના પાછળ રૂપિયા ૮,૫૩,૩૮,૫૨૮ નો ખર્ચ કરવામાં આવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં કેન્દ્રની એજન્સી અને અન્ય રાજ્યોના કેટલા કેસોમાં આપણે મદદ પૂરી પાડી છે. મારો બીજો પ્રશ્ન એ છે કે છેલ્લા ત્રણ વર્ષમાં એફ.એસ.એલ. દ્વારા ઉકેલાયેલા ચર્ચાસ્પદ કેસો કયા કયા છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં સી.બી.આઈ. દિલ્હીને આપણી એફ.એસ.એલ.એ ૨૧ કેસમાં મદદ કરી છે. કલકત્તાની સી.બી.આઈ. કચેરીને ૬ કેસમાં મદદ કરી છે. સી.બી.આઈ. ગાંધીનગરને ૩ કેસમાં મદદ કરી છે. મહારાષ્ટ્ર સી.બી.આઈ.ને ૨ કેસમાં મદદ કરી છે. બિહાર સી.બી.આઈ.ને ૧ કેસમાં મદદ કરી છે, મધ્યપ્રદેશ સી.બી.આઈ.ને ૧ કેસમાં, ઉત્તર પ્રદેશ પોલીસને ૩ કેસમાં, દાદરા નગર હવેલીને ૯ કેસમાં, કેન્દ્ર શાસિત દીવને ૮ કેસમાં, નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરોને ૧ કેસમાં, કસ્ટમ એક્સાઈઝને ૧ કેસમાં, મહારાષ્ટ્ર પોલીસને ૪ કેસમાં, વેસ્ટર્ન રેલ્વેને ૪ કેસમાં, ડાયરેકટર રેવન્યુ ઈન્ટેલિજન્સને ૪ કેસમાં, દિલ્હી પોલીસને ૫ કેસમાં, સી.આર.પી.એફ.ને ૭ કેસમાં, બીજા કેન્દ્ર શાસિત પ્રદેશોને ૭૮ કેસમાં, ચંદીગઢને ૩ કેસમાં, રાજસ્થાનને ૧ કેસમાં, જમ્મુ-કાશ્મીરને ૧ કેસમાં, ડી.વાય.એસ.પી. કર્નુલે ૧ કેસ મોકલ્યો હતો, એમાં આપણે મદદ કરી છે. આમ કુલ ૨૪૫ કેસો દેશની જુદી જુદી ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીથી ન ઉકેલાયા હોય એમણે આપણી એફ.એસ.એલ.ને મોકલ્યા હતા અને આપણે મદદ કરી હતી. એમણે પૂછ્યું કે મુખ્ય કેસો કયા કયા છે? એક તો બહુચર્ચિત તેલગી સ્ટેમ્પ કાંડમાં મુખ્ય આરોપી હતા એમના બ્રેઈન ફીંગર પ્રિન્ટીંગ નાર્કો એનાલિસિસ આપણે ત્યાં કરવામાં આવ્યું હતું. રાંચી ખાતેના મર્ડર કેસમાં ફોરેસ્ટ ઑફિસરની પત્ની અને તેમની હત્યા થઈ એની તપાસ આપણે ત્યાં થઈ હતી. સી.બી.આઈ. દ્વારા એકસાઈઝ કમિશનર સામે કેસ કરવામાં આવ્યો હતો એ કેસ પણ આપણા દ્વારા ઉકેલવામાં આવ્યો હતો. ઉજ્જૈન સિરિયલ કીલર કેસ પણ આપણે ત્યાંથી ઉકેલવામાં આવ્યો હતો. અનારા ગુપ્તા કેસ પણ આપણે ત્યાંથી ઉકેલવામાં આવ્યો હતો. પ્રોફેસર ગીલાની જે સંસદ પર હૂમલો કરવાના કાવતરામાં સામેલ હતા એ કેસમાં પણ આપણા દ્વારા મદદ કરવામાં આવી હતી. ઈન્કમ ટેક્સના અધિકારીઓ લાંચ લેતા પકડાયા હતા એ કેસ પણ આપણે ત્યાંથી ઉકેલવામાં મદદ થઈ હતી. અમરમણી ત્રિપાઠીનો કેસ આપણે ત્યાંથી ડીટેક્ટ કરવામાં મદદ થઈ હતી. રાજસ્થાનમાંથી બે મોટા આતંકવાદીઓ પકડાયા હતા એ કેસ સાબિત કરવામાં આપણે ત્યાંથી મદદ થઈ છે. ગુટખા કીંગનો જે ચર્ચાસ્પદ કેસ થયો હતો, જોષી અને ધારીવાલ એ બન્નેના લાઈ ડીટેક્ટ ટેસ્ટ અને બ્રેઈન ફીંગર પ્રિન્ટ અહીંયા થયા છે. નંદુરબારના એક ચર્ચાસ્પદ કેસમાં પણ અહીંયાં થઈ છે, મણીપુર રાજ્યના મંત્રીશ્રી (અંતરાય) માનનીય

અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓની લાગણી છે તો એ હું ટેબલ પર મૂકીશ, કારણ કે આ તો બહુ લાંબી યાદી છે. પરંતુ એક વાતનો હું ઉલ્લેખ્ કરીશ આપણે સૌ આ રાજ્યની F.S.L.નું ગૌરવ લઈ શકીએ એવું બન્યું છે અને સમગ્ર દેશની અંદર કોઈપણ કેસ ના ઉકેલાતો હોય તો આપણી F.S.L.માં મૂકવામાં આવે છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત આપના મારફત જાણવા માગું છું કે છેલ્લા પાંચેક વર્ષ પહેલાં રાજકોટમાં ફોરેન્સીક સાયન્સ લૅબૉરેટરી શરૂ કરવાની વાત થયેલી ત્યારે હું એ જાણવા માગું છું કે આ ક્યારથી શરૂ કરવા માગો છો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે બજેટેડ જોગવાઈમાં એનો સમાવેશ કરવામાં આવેલો છે.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યની F.S.L. દ્વારા ક્યા વર્ગના અધિકારીઓને અને વ્યકિતઓને કેટલી સંખ્યામાં તાલીમ આપેલ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની F.S.L. દ્વારા માનનીય જજ સાહેબો, જુદી જુદી કંપનીના કોરપોરેટ લીડરોને પણ તાલીમ આપવાનો કાર્યક્રમ ૨૦૦૪થી હાથમાં લેવામાં આવેલ છે. એમાં ૨૦૦૪માં પોલીસ ઑફિસરો ૨૩૫ નોંધાયા છે, ૧૨૬ I.B. ઑફિસરો, ૧૧ પ્રોફેસર, ડૉકટર અને વિદ્યાર્થીઓ ૩૦૦ અને સુકયરિટી વીજીલન્સ ઑફિસર ૧૨ અને ૨૦૦૫માં કુલ ૧૦૯૫ લોકોને તાલીમ આપવામાં આવેલ છે અને ૨૦૦૫થી માર્ચ ૨૦૦૬ સુધીનો લક્ષ્યાંક ૧૭૪૫ લોકોને તાલીમ આપવાનું કર્યુ છે, આને લીધે જુદી જુદી મોટી કંપનીના કોરપોરેટ ઑફિસરો અને અને ન્યાયાધીશોને પણ કેસ સમજવામાં અને કેસ ઉકેલવામાં અને ગુનેગારોને સજા કરવામાં ખૂબ મદદ મળી છે.

**શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્યની F.S.L. ખૂબજ આધુનિક છે એ આપણા માટે ગૌરવંતી વાત છે એટલે આપના થકી હું માનનીય ગૃહમંત્રીને અભિનંદન આપું છું. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે F.S.L. મારફતે આપણે જુદા જુદા બહારના રાજ્યના અનેક કેસોમાં મદદ કરવામાં આવી, કેન્દ્ર શાસિત કેસોમાં પણ મદદ કરવામાં આવી. છેલ્લા ત્રણ વર્ષમાં એનાથી રાજ્ય સરકારને કેટલી આવક થઈ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આપણે કાંઈ બહુ મોટી ફી આની અંદર નથી લેતા, પણ મદદ કરવાના અભિગમ હોય છે. પરંતુ મારી જોડે ચોક્કસ આંકડો અત્યારે હાલ ઉપલબ્ધ નથી, પછી હું ગૃહમાં ટેબલ પર મૂકીશ.

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે નવા આધુનિક યુગમાં F.S.L.માંથી રિઝલ્ટ બહુ ઝડપથી મળે તે બહુ જરૂરી છે. એમણે ૮૫૩ લાખનો ખર્ચ કર્યો છે ત્યારે આ કયા કયા સાધનોમાં જોગવાઈ કરી છે અને કયા કયા નવા સાધનો વસાવ્યા છે જેથી રિપૉર્ટ પહેલો મળે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલા તો એમણે જે વાત કરી છે એમાં આ રાજ્ય સરકારે હમણાં જ ગોહત્યા બાબતનો કાયદો સુપ્રીમકોર્ટના ન્યાયાલયની અંદર પેન્ડિગ હતો અને રાજ્ય સરકારે યોગ્ય વ્યૂહરચના અપનાવી કંન્સટ્રેટ કરી એની અંદર વિજય પ્રાપ્ત કર્યો છે અને એના લીધે સમગ્ર દેશમાં ગુજરાત એક એવું માત્ર રાજ્ય છે જ્યાં આગળ સંપૂર્ણ ગૌવંશ હત્યા પર પ્રતિબંધ અમલી બનાવ્યો છે. સૌથી પહેલા રાજ્ય સરકારે આ વખતે જે આપણે ખર્ચો કરવાનો છે એમાં આયોજનમાં ૬ મોબાઈલ ફોરેન્સીક લેબનું આયોજન કર્યુ છે, જેના દ્વારા આપણે સ્થળ પર જ જે ગાયનું માંસ આ રાજ્યમાંથી પરિવહન થતું હોય તે વખતે સ્થળ પર જ આપણે એની ચકાસણી કરી શકીશું અને પહેલા એક વિવાદ થતો હતો કે આપણે જે માંસ પકડતા હતા એ ગાયનું છે કે અન્ય પ્રાણીનું છે એની આપણને ખબર નહોતી પડતી. પરંતુ આ મોબાઈલ F.S.L. વાહન દ્વારા એની ચકાસણી તુરત જ થશે અને ગૌમાંસનું પરિવહન કરવાવાળાને તાત્કાલિક આપણે નશ્યત કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, એમના બીજા સવાલમાં જે માહિતી માગી એમાં F.T.Aaman Sceptroscoping System-૧, Immuno Electro Resist Apparatus-૧, Ballistic Boroscope, Gas Comograph with detail hydro carbon analyser-૧, Upgradation of existing GCMIS-૧, Hydro generator -૧, કિંમત તો મેં કહ્યું કુલ જવાબમાં તમને આપેલ જ છે અને છતાં આ બહુ લાંબી યાદી છે, સભ્યશ્રીઓને જાણવામાં રસ હોય તો હું ગૃહના મેજ ઉપર મૂકી દઈશ.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, F,S.L. આટલી સુંદર રીતે આધુનિકતાથી સજજ છે અને કેન્દ્ર તેમજ અન્ય રાજયોને પણ જ્યારે સહાય કરી રહી છે ત્યારે કેન્દ્ર સરકાર તરફથી કોઈ સહાય મળે છે કે કેમ અથવા અન્ય રાજયો તરફથી કોઈ સહાય મળે છે કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય રાજયો તરફથી તો કોઈ સહાય આપણને હજુ સુધી નથી મળી, પરંતુ આપણા રાજયની F.S.L.ની સારી કામગીરીને ધ્યાનમાં રાખી રાજયની F.S.L.ને National resource centre તરીકે કેન્દ્ર સરકારે આ વર્ષે જાહેર કરી છે અને આ એક માત્ર F.S.L. સમગ્ર દેશમાં એવી

છે જેને National resource centre તરીકે જાહેર કરી છે અને એના માટે કેન્દ્ર સરકારે ૪૦ લાખનું અનુદાન ફાળવ્યું છે.

**રાજયમાં પોટાના કેસોમાં પકડાયેલા લોકો માટે રિવ્યુ કમિટી મળવા અંગે**

***૧૪૯૯૪ શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા(જમાલપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં પોટાના કાયદા અંતર્ગત અટકાયત હેઠળના લોકોના કેસોના રિવ્યુ માટે રિવ્યુ કમિટીની ડિસૅમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી મિટિંગો મળી,

(૨) આ રિવ્યુ કમિટીએ આ મિટિંગોમાં કેટલા કેસોને રિવ્યુ કર્યા , અને

(૩) આ મિટિંગોમાં રિવ્યુ કમિટીએ કુલ કેટલા પોટાના કેસોને માન્ય કર્યા અને કુલ કેટલાને અમાન્ય કર્યા છે ?

**મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) :**

(૧) ૧૧ ( અગિયાર)

(૨) ૧૪ (ચૌદ)

(૩) ૧૩ ( તેર), ૧ ( એક ) અમાન્ય.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, પોટાનો કાયદો એ કેન્દ્ર સરકારે રદ કર્યો છે અને રાજય સરકારના ગુજકોક કાયદાને માન્યતા મળી નથી ત્યારે હાલમાં આ ઘરપકડ કરાયેલ લોકો સામે કયા કાયદા હેઠળ કામ ચલાવવામાં આવે છે? ભારતના બંધારણના સંવિધાન મુજબ સો ગુનેગારો ભલે નિદોર્ષ છૂટી જાય પણ એક નિદોર્ષને સજા ન થવી જોઈએ, જે ગુનેગારો હોય તેને સજા ચોક્કસ થવી જોઈએ પરંતુ ક્યારેક નિદોર્ષ નાગરિક પણ તેનો ભોગ બને છે એના માટે રાજય સરકાર શું પગલા ભરવા માગે છે ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં, હું તો સભ્યશ્રી સાબીરભાઈનો આભાર માનીશ કે, આ પ્રશ્નને ગૃહમાં લઈ આવ્યા છે. રાજય સરકારે કુલ જે પોટાના કેસો જેટલા કેસોમાં પોટા લગાડ્યો હતો એમાં ૨૧૨ આરોપીઓ ઉપર પોટા લગાડ્યો હતો, છૂટેલા બાદ કરતાં અને પછી યુ.પી.એ.ની સરકાર આવતાની સાથે જ એમણે પોટાનો કાયદો નાબૂદ કર્યો, યુ.પી.એ. સરકારે અને એ પછી અત્યારે માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું કે કઈ કલમો હેઠળ આ આરોપીઓ ઉપર કામગીરી ચાલી રહી છે, માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ ક્રિમિનલ કાયદો Retrospective અસરથી નાબૂદ ન થઈ શકે, કાયદો નાબૂદ કરાય તો એની અસર આગળ ઉપર જ થતી હોય છે. પાછળ જ્યારે કાયદો અસ્તિત્વમાં હોય અને જે કલમો લાગી હોય એ કલમો તો જે તે કાયદા પ્રમાણે જ ચલાવવાની કાયદાની અંદર જ જોગવાઈ in-built છે. પહેલાં પણ ટાડા નાબૂદ થયો પહેલાં પણ બીજા કાયદાઓ નાબૂદ થયા પરંતુ આજે પણ એ બધા આરોપીઓ ઉપર એ કાયદાની કલમો ઉપર જ કામ ચલાવવામાં આવે છે અને સજા પણ એ કાયદાની કલમો પ્રમાણે જ કરવામાં આવે છે એટલે પોટા જે કેસોમાં લાગી ગયો છે એ બધા જ આરોપીઓ ઉપર રાજય સરકાર દ્વારા સ્પેશિયલ કોર્ટ identify કરવા માટે જે હાઈ કોર્ટેને વિનંતી કરી હતી અને જે કોર્ટો designate કરી છે એમાં પોટા હેઠળ જ કામગીરી ચાલવાની છે એમાં કોઈને કોઈ રિયાયત મળવાની સંભાવના નથી અને બીજો પ્રશ્ન સાબીરભાઈએ કહ્યું કે, સો ગુનેગારો છૂટી જાય, ભલે છૂટી જાય પરંતુ એક નિદોર્ષને સજા ના થવી જોઈએ, રાજય સરકાર આ વાતને બહુ સારી રીતે સમજે છે અને એનો અમલ પણ કરે છે, પરંતુ પોટાના કાયદાની એટલા માટે રચના કરવામાં આવી હતી કે, કાયદાની છટકબાકીનો ઉપયોગ કરીને દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા તત્વો છૂટી ન જાય, માનનીય અધયક્ષશ્રી, કોઈ ચોરી કરે, લુંટ કરે, ઘરફોડ કરે અને દેશની અંદર બોમ્બ ફોડે આ બંને ઘટનાને એક દૃષ્ટિથી ના લેવાવી જોઈએ, સામાન્ય સી.આર.પી.સી.ની કલમો હેઠળ દેશના લોકોની હત્યાઓ કરાવાવાળા, દેશમાં બૉમ્બ ફોડનારા, દેશના મંદિરો ઉપર હુમલાઓ કરનારાઓને સામાન્ય કલમોથી કામગીરી ન ચલાવવી જોઈએ એટલા માટે આ પોટાનો કાયદો અસ્તિત્વમાં આવ્યો હતો અને આ પોટાના કાયદા હેઠળ જ આ રાજય સરકાર કામ ચલાવી રહી છે.

**શ્રી બેચરભાઈ વી. ભાદાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પોટાના કયા કયા કેસોમાં આરોપીઓ ઉપર પોટા લગાડવામાં આવ્યો છે અને પોટા કેસો કઈ કોર્ટોમાં ચલાવવામાં આવે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ ૧૪ કેસોની અંદર પોટા લગાડવામાં આવ્યો છે. આપણે ત્યાં એની યાદી બહુ લાંબી નથી એટલે વાંચી જઉં છું. જેહાદી તાલીમનો કેસ (અંતરાય) આ ગૃહની જાણકારીમાં મૂકવું અત્યંત જરૂરી છે કારણકે સતત સરકાર ઉપર આરોપો મૂકાય છે કે આમાં રાજકીય રીતે સ્ટૅન્ડ લેવાય છે એટલે યાદી બોલવી જરૂરી છે. એક કેસ અમદાવાદ શહેર ડી.સી.બી. ગુના રજિસ્ટર નંબર ૬/૩ જેહાદી તાલીમ માટેનો કેસ અહીંથી ગુજરાતના યુવાનોને પાકિસ્તાનમાં આતંકવાદી તાલીમ આપવા માટે

મોકલવાનું એક કાવતરું ગુજરાત પોલીસે પકડી પાડયું છે એમાં પોટા લગાડયો છે. બીજો એક કેસ ડી.સી.બી. ગુના રજિસ્ટર નંબર ૮/૩ રથયાત્રા દરમિયાન બોમ્બ વિસ્ફોટ કરવાનું કાવતરું હતું એ ગુજરાત પોલીસે પકડયું એમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. એમાં પોટા કેસ લગાડયો છે. એક કેસ ડી.સી.બી. ગુના રજિસ્ટર નંબર ૧૧/૩ હવાલા કેસમાં આ બધું કામ કરવા માટે દુબઈથી ૪૦ કરોડ કરતાં પણ વધારે રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. એ હવાલો ગુજરાત પોલીસે પકડી પાડ્યો હતો. એમાં પોટા લગાડવામાં આવ્યો છે. એક કેસ અમદાવાદ શહેર ડી.સી.બી. ગુના રજિસ્ટર નંબર ૧૬/૩ વી. એચ.,પી.ના નેતા જયદિપ પટેલની હત્યા કરવા માટે હુમલો કરવામાં આવ્યો હતો એ ગંભીર રીતે ઘાયલ થયા હતા. મોતના મુખમાંથી પાછા આવ્યા હતા. એમાં પોટા લગાડવામાં આવ્યો છે. એક કેસ અમદાવાદ શહેરમાં ટિફિન બૉમ્બ કાંડનો થયો હતો. એ કેસમાં પાંચ કેસ કરવામાં આવ્યા હતા એ પાંચ કેસમાં પોટા લગાડવામાં આવ્યો હતો. એક કેસ અક્ષરધામનો કેસ હતો. અક્ષરધામ ઉપર હુમલો કરી ૩૪ નિર્દોષ દર્શનાર્થીઓને મારી નાંખ્યા હતા. આ કેસમાં પોટા લગાડવામાં આવ્યો હતો. સાબરમતી એકસપ્રેસ હત્યા કાંડ, ગોધરા જધન્ય હત્યાકાંડમાં ૫૯ લોકોને સળગાવી મારીને હત્યા કરવામાં આવી હતી. એ કેસમાં પોટા લગાડવામાં આવ્યો હતો. હસમુખ લાલવાદ ઉપર ખૂની હુમલો સુરતમાં થયો હતો. એમાં પોટા લગાડવામાં આવ્યો હતો. હરેન પંડયા હત્યા કેસમાં પોટા લગાડવામાં આવ્યો હતો. આ ૧૪ કેસો દેશ વિરોધી પ્રવૃત્તિ કરવાવાળા છે. એક પણ કેસ રાજકીય નથી.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોટા કાયદો રદ કરવાથી ગુજરાત સરકારને શું નુકસાન થયું છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પોટા કાયદો રદ કરવાથી ગુજરાત સરકારને સીધું નુકસાન નથી થયું, પરંતુ સમગ્ર દેશની અંદર સુરક્ષા એજન્સીઓ, રાજય સરકારો અને કેન્દ્ર સરકારમાં આતંકવાદ સામે લડવાની જે તીવ્રતા હતી, ગતિ હતી એ ઓછી થઈ ગઈ છે એને મળતું કાયદાકીય સમર્થન ઘટયું છે. પોટા હટાવવાને લીધે દેશ વિરોધી કાવતરું કરવાવાળા સામાન્ય સી.આર.પી.સી.ની કલમનો લાભ લઈને છૂટી જવાના છે. એમને જામીન મળવાના છે. પોટા હોય તો કાવતરાનો અમલ કરવાવાળા હોય, વિદેશમાં બેઠેલા લોકો ઉપર પોટાની કલમ લગાડવાની જોગવાઈ હતી અને કેસ ન પતે ત્યાં સુધી જેલમાં રાખવાની જોગવાઈ હતી. હવે આતંકવાદી દેશની અંદર કોઈપણ ઘટના કરવાનો વિચાર કરશે ત્યારે એમને ચોકકસ ઓછો દંડ થશે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એક સર્વેક્ષણ પ્રમાણે વિશ્વમાં આતંકવાદની બનતી કુલ ૬૭૪ ઘટનામાંથી ૨૮૨ ઘટના એકલા ભારતમાં બની હતી. આપણે એને કારણે આ પોટો લાવ્યા હતા. આવા સંજોગોમાં ગુજરાતના પોટાના સ્થાને ગુજકોકનો કાયદો બનાવ્યો છે એ કેમ અમલમાં આવ્યો નથી? કેન્દ્ર દ્વારા કયારે કલીયર કરવામાં આવશે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજકોકનો કાયદો પોટાની અવેજીમાં ચાલે એવો નથી, પરંતુ ગુજકોક કાયદો હોય તો થોડાઘણા હાથ તંત્રના મજબૂત હોત. કમનસીબી છે કે ૨૦૦૪માં વિધાનસભાએ મંજૂર કરી કેન્દ્રમાં મોકલી આપ્યો છે. પરંતુ કોઈ અગમ્ય કારણોસર કેન્દ્ર સરકારે કાયદાને મંજૂરી આપી નથી. વારંવાર આપણે પાંચ વાર આ કાયદાની મંજૂરી માટે રીમાઈન્ડર કરવા છતાં આ કાયદાને મંજૂરી આપવામાં આવી નથી. આપણા પડોશી રાજયમાં ફુલસ્ટોપ ફોર્મથી આવો કાયદો અસ્તિત્વમાં આવ્યો છે. ગુજરાત જોડે ઓરમાયું વર્તન કરીને આ કાયદાને મંજૂરી આપવામાં આવતી નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : આ પ્રશ્નોત્તરી છે, આમાં ખુલાસો ન હોય. (અંતરાય) હાથ તો ઊંચા કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મારે હાથ ઉંચો કરવાનો ?

**અધ્યક્ષશ્રી** : કોઈએ તો કહેવું જોઈએ કે પ્રશ્ન પૂછવા માગો છો, એક પણ વ્યકિતએ એવું બતાવેલ નથી કે મારે પૂછવું છે. એવું. કોઈએ પણ હાથ ઊંચો કર્યો નથી.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : વિરોધ પક્ષના નેતાએ હાથ ઊંચો કરવાનો ન હોય.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : આતંકવાદની પ્રવૃત્તિ ચિંતાનો વિષય છે. એ ચિંતાની અંદર સૌ ભાગીદાર છીએ. હું આપની મારફત પૂછવા માગું છું કે સાદિક નામનો એક આતંકવાદી ઠરાવેલ નિર્દોષ માણસ જેને દયા નાયક નામના મુંબઈના પોલીસ અધિકારીએ માત્ર ક્રાઈમ બ્રાન્ચની અંદર, ગુજરાતના ક્રાઈમ બ્રાન્ચની અંદર જે લોકો હતા, અમુક લોકોને ખુશ કરવા માટે એન્કાઉન્ટર કરવું હતું, એને સપ્લાય કર્યો હતો. મુંબઈની હાઈકોર્ટે દર્શાવેલ છે. પોટા હેઠળ પકડવામાં આવેલ (અંતરાય) એ કેસ રિવ્યુ કરવા માગો છો અને જવાબદાર અધિકારી સામે પગલાં લેવાં માગો છો કે કેમ? (અંતરાય) આ એન્કાઉન્ટર થયું, એની અંદર જે અધિકારીઓ છે, એની સામે પગલાં લેવાં માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : એ વાત આમાં નહિ આવે.

**શ્રી અમિત અ. શાહ** : હું જવાબ આપું છું. મને ખબર પડતી નથી કે વિરોધ પક્ષના નેતા કોનું ઉપરાણું લેવા માગે છે. મને સમજ નથી પડતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મુંબઈ હાઈકોર્ટનો ચૂકાદો છે.

**શ્રી અમિત અ. શાહ** : ફક્ત અખબાર વાંચીને ગૃહની અંદર ઉલ્લેખ કરવો. હું એવું ચોક્કસ માનું છું કે મુંબઈની અંદર એમની પાર્ટીની સરકાર છે, બધા જાણે છે કે એમની પાર્ટીની સરકાર છે. આવી કોઈ ઓફિશિયલ હકીકત રેકર્ડ ઉપર આવી હોય તો એમની પાર્ટીમાં વગનો ઉપયોગ કરી ગુજરાત સરકારશ્રીને મોકલી આપે. અમો ચોક્કસ તપાસ કરીશું. તમારું આવું કહેવાથી ગુજરાત પોલીસનું મોરલ ડાઉન નથી થવાનું. ગુજરાત સરકારનું મોરલ ડાઉન નથી થવાનું. અહીંયાં દેશ વિરોધી પ્રવૃત્તિ કરનારાને જડબાતોડ જવાબ મળવાનો છે. ગુજરાત પોલીસ ઉપર જો કોઈપણ વ્યકિત આતંકવાદી હુમલો કરવાનો પ્રયત્ન કરશે તો એની સામે શસ્ત્રથી જવાબ આપવામાં આવશે. પરિણામ જે આવવું હશે તે આવશે.

## અંબાજી ચેકપોસ્ટની આવક

***૧૪૧૪૮ શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે :

(૧) વાહન વ્યવહાર ખાતાની અંબાજી ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કૅલેન્ડર વર્ષની તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેનાં કારણો કયાં છે?

**મુખ્યમંત્રીશ્રી(વાહન વ્યવહાર):**

| | વર્ષ | આવક (રૂપિયામાં) |
|---|---|---|
| (૧) | ૨૦૦૩ | ૨,૪૯,૭૭,૦૦૦/-<br>(બે કરોડ ઓગણપચાસ લાખ સિત્યોતેર હજાર) |
| | ૨૦૦૪ | ૩,૧૫,૮૪,૦૦૦/-<br>(ત્રણ કરોડ પંદર લાખ ચોર્યાસી હજાર ) |
| | ૨૦૦૫ | ૩,૮૬,૩૦,૦૦૦/-<br>(ત્રણ કરોડ છયાસીલાખ ત્રીસ હજાર) |

(૨) આવકમાં વધારો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી શંકરભાઈ વી. રાઠવા** : મારો પ્રશ્ન એવો છે કે અંબાજી ચેકપોસ્ટ ઉપર આવકમાં ઘટાડો થાય છે, એના કારણો કયા કયા? ઉત્તરોત્તર એમાં વૃદ્ધિ થઈ છે. વર્ષ-૨૦૦૩ માં ૨,૪૯,૭૭,૦૦૦ થઈ, ૨૦૦૪ માં ૩,૧૫,૮૪,૦૦૦ થઈ વર્ષ-૨૦૦૫ માં ૩,૮૬,૩૦,૦૦૦ નો વધારો થયો, તે બદલ મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજયની તમામ ચેકપોસ્ટના છેલ્લા ૩ વર્ષના ચાલુ નાણાકીય વર્ષના બજેટીય અંદાજ કેટલો હતો અને તેની સામે વાસ્તવિક આવક કેટલી?

મારો બીજો પ્રશ્ન એવો છે કે રાજયમાં મોટર વાહન ઈન્સપેકટર દીઠ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી સરેરાશ આવક થયેલ છે અને મારો ત્રીજો પ્રશ્ન છે કે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં મોટર વાહન નિરીક્ષક દીઠ કેટલી આવક થયેલ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વિગતો જાણવા માગી છે તેમાં નાણાંકીય વર્ષ-૨૦૦૨-૦૩ ની અંદર આવકનો અંદાજ ૮૮૧ કરોડનો હતો તેની સામે ૮૧૧ કરોડની આવક એચીવ થઈ હતી. ૨૦૦૩-૦૪ માં ૧૦૦૦ કરોડની આવકનો અંદાજ હતો તેની સામે ૧૧૦૦ કરોડ રૂપિયાની આવક એચીવ થઈ હતી. ૨૦૦૪-૦૫માં ૧૨૦૦ કરોડની આવકનો અંદાજ હતો તેની સામે ૧૨૪૮ કરોડ રૂપિયાની આવક એચીવ થઈ હતી. ૨૦૦૫-૦૬ માં ૧૩૦૦ કરોડની આવકનો અંદાજ કર્યો હતો તેની સામે ડિસૅમ્બરના અંત સુધીમાં ૯૫૬.૪ કરોડ રૂપિયાની આવક થઈ છે. બીજો પ્રશ્ન પૂછયો કે રાજયમાં મોટર વાહન ઈન્સપેકટર દીઠ છેલ્લા ત્રણ વર્ષમાં રાજયમાં આવક કેટલી થઈ? તો મને સન્માનનીય ગૃહને જણાવતાં આનંદ થશે કે સમગ્ર દેશની અંદર ઈન્સપેકટર દીઠ એવરેજ આવકમાં ગુજરાત રાજય પહેલા નંબરે છે. આખા દેશમાં એક ઈન્સપેકટર દીઠ આવક સૌથી વધારે કોઈ રાજયમાં થઈ હોય તો તે ગુજરાત રાજયની છે. ૨૦૦૨-૦૩ની અંદર આવક ૬.૫૬ કરોડ એક ઈન્સપેકટર દીઠ આવક કહું છું. ૨૦૦૩-૦૪માં સાહેબ ૧૦.૬૫ કરોડ રૂપિયા અને ૨૦૦૪-૦૫ની અંદર ૧૧.૮૪ કરોડ રૂપિયાની આવક થઈ હતી. તેની સરખામણીમાં પડોશી રાજયોનો પણ પ્રશ્ન પૂછયો છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર રાજયમાં જે એક ઈન્સપેકટર દીઠ આવક છે તેમાં રાજસ્થાનની અંદર ખાલી ૧.૮૬ કરોડ, મધ્યપ્રદેશની અંદર ૨.૪૬ કરોડ અને મહારાષ્ટ્રમાં સાહેબ ૨.૪૫ કરોડ રૂપિયાની આવક થઈ છે. વધુમાં વધુ ૨.૪૬ કરોડ રૂપિયાની આવકની સામે આપણા રાજયમાં ઈન્સપેકટર દીઠ આવક ૧૧.૮૪ કરોડ રૂપિયા થઈ છે. લગભગ ત્રણ ગણી આવક ઈન્સપેકટર દીઠ આર.ટી.ઓ.માં થઈ છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષની અંદર ચેકપોસ્ટ ઉપર ભ્રષ્ટાચારની ગુજરાત સરકારને કેટલી ફરિયાદો મળી છે અને તેમાં સરકારે શું પગલાં લીધા છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ફરિયાદો અનેક થઈ છે અને પગલાં પણ અનેક ભર્યા છે. અત્યારે હાલ વિગતો મારા હાથ ઉપર નથી.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રાજસ્થાન અને ગુજરાત બૉર્ડર ઉપર ચેકપોસ્ટ છે તેમાં તે અમીરગઢ હોય કે અંબાજી હોય. બે રાજયના ૫૦ થી ૧૦૦ કિ.મી.ની અંદર જે ટ્રાન્સપોર્ટ વ્યવસાય ચાલે છે તેની અંદર દંડની રકમ ૬૦૦રૂપિયા લેવામાં આવે છે. આ દંડની રકમમાં ઓફિસરો અને ટ્રાન્સપોર્ટરોની મિલીભગત દ્વારા આવક ઘટે છે. તો આ દંડની રકમ રાજય સરકારમાં જમા થાય તે ટાઈપની કોઈ વ્યવસ્થા ગોઠવી આવકમાં વધારો કરવા માગો છો કે કેમ? અને છેલ્લા બે મહિનામાં સુપ્રીમ કોર્ટના જજમૅન્ટથી જે ઓવરલોડ વાહનો જતા હોય તેના કારણે આવકો ઘટી છે. તો આવકો વધારવા માટે ચોકકસ કોઈ સિસ્ટમ ગોઠવવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આવક ઘટી છે તેની સાથે તો ઓવરલોડની ફરિયાદ કરી અને દંડની રકમ વધારે છે એટલે આવક ઘટી છે તેની સાથે સંમત નથી. આંકડા કહે છે કે આવક વધી છે. જ્યાં સુધી દંડની રકમમાં પુ:ન વિચારનો સવાલ છે આ તો સાહેબ નીતિવિષયક બાબત છે. ગૃહમાં અત્યારે આ જે બાબત છે તેનો જવાબ નહીં આપી શકું. પરંતુ સુપ્રીમ કોર્ટના જજમૅન્ટથી કોઈપણ વાહનની અંદર દસ ટન માલની હેરફેર કરી શકાય તેવું જજમૅન્ટ આવ્યું છે તેના અમલના કારણે આવકમાં ઘટાડો થયો છે. તે વાત નિશ્ચિત છે. આવક ઘટવાની છે. આ સમગ્ર ભારતનો પ્રશ્ન છે. ખાલી રાજય સરકારનો પ્રશ્ન નથી. બધા વાહન વ્યવહાર મંત્રીશ્રીઓ અને વાહન વ્યવહાર સચિવશ્રીઓની ચર્ચા વિચારણા બે વાર થઈ ચૂકી છે. આગામી બેઠકમાં આના માટે એક નિશ્ચિત કૉંક્રિટ સજેશનો સાથે ભારત સરકારમાં બધા રાજયો તરફથી રજૂઆત થવાની શકયતા છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટો ઉપર કોમ્પ્યુટરાઈઝ વેબ્રીજ થયા એ પહેલાં રાજય સરકારની આવક માત્ર વાર્ષિક ૩૦ થી ૩૨ કરોડ રૂપિયાની હતી એ વખતે કોનું શાસન હતું એ તો બધા જાણે છે પણ ત્યાર પછી ભાજપની સરકાર આવી અને ચેકપોસ્ટોની આવક અનેકગણી થઈ છે એ માટે હું માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય ગૃહ મંત્રીશ્રીને અભિનંદન આપું છું અને હજી પણ ચેકપોસ્ટો ઉપર આવક વધે એ માટે સરકાર કોઈ આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચેકપોસ્ટોની આવકમાં વધારો થયો છે એ હકીકત છે. ૩૦ કરોડની આવક હતી એ ૩૨૨ કરોડ સુધી પહોંચી છે એટલે એમાં નિશ્ચિત વધારો થયો છે એમાં કોઈ ના પાડી શકે એમ નથી અને ઓવરલોડના કારણે જે સમસ્યા ઊભી થવાની છે એને નવા પરિપેક્ષમાં વિચારવું પડશે અને એના માટે મેં કહ્યું એમ બધા રાજયોએ સંયુક્ત વિચારણા કરીને કોઈ કાર્ય યોજના બનાવી ભારત સરકાર જોડે લઈને જવું પડશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, જે ચેકપોસ્ટો ઉપર કોમ્પ્યુટરાઈઝ કાંટા મૂકેલા છે એનો માટાભાગે ઉપયોગ થતો નથી તો એમાં સરકારે તપાસ કરાવીને કંઈ જાણ્યું છે કે કેમ ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે, અમારા જાણવા મુજબ સરકારે ઇન્સ્પેક્ટરોને લક્ષ્યાંક આપ્યો છે કે આટલા રૂપિયાની તમારે વસૂલાત કરવી, તો એમાં સાચી વસૂલાત કરે તો વાંધો નથી પણ ઇન્સ્પેક્ટરો તો મંડી જ પડે છે, ગામડાનો ખેડૂત જીપ લઈને આવ્યો હોય કે ટ્રૅક્ટર લઈને આવ્યો હોય ક્યાંક બેસવા જતો હોય ટ્રૅક્ટર ભરીને તો મેમા ફાડી-ફાડીને આપે છે પાંચ હજાર, સાત હજાર તો માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોના ટ્રૅક્ટરને તો ગાડા સમાન ગણેલું છેં છતાં પણ એ લોકો છોડતા નથી અને જે જીપોને મેમા આપ્યા છે એ ટોટલ પ્રાઇવેટ હશે, ભાડાની જીપો તો હપતા આપે છે એને કોઈ મેમા નથી આપતા તો એ માટે સરકાર કંઈ વિચારવા માગે છે કે કેમ ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો ચેકપોસ્ટોના જે વેબ્રીજ છે એને ખોટકાવાથી અને એ લીધે વધુ સમય ના ચાલે એ વાત માનનીય સભ્યશ્રીએ કરી, માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સાચી છે કે જ્યારે વેબ્રીજ લાગ્યા ત્યારે શરૂઆતના સમયમાં એના રીપેરીંગનો કોઈ કોન્ટ્રાકટ થયો ન હતો, ઈન્વેન્ટરી રાજય સરકાર પોતે રાખતી હતી અને એને રિપેર કરવામાં આવતા હતા, એ વખતે આવી ઘટનાઓ ધ્યાનમાં આવી હતી અને મિસ્ચીફ થવાની શક્યતાઓ પણ એની અંદર પડેલી છે એનો હું ઇન્કાર નથી કરતો પણ જેવું એ રાજય સરકારના ધ્યાનમાં આવ્યું કે માનનીય મુખ્ય મંત્રીશ્રીની કક્ષાએ, ઉચ્ચ કક્ષાએ એક બેઠક માનનીય મુખ્ય મંત્રીશ્રીએ લીધી હતી અને એની અંદર નિર્ણય કરવામાં આવ્યો કે આની લોગબુક ભરવામાં આવે, કે કઈ ચેકપોસ્ટનો કાંટો કેટલો સમય બંધ રહે અને મને કહેતાં આનંદ થાય છે કે, આ બંધ રહેવાના પ્રમાણમાં ૬૫૦ ટકાનો ઘટાડો છેલ્લા બે વર્ષમાં નોંધાયો છે અને બધા ચેકપોસ્ટોના કાંટા નિયમિત રીતે કામ કરતા ચાલુ થયા છે, બીજો પ્રશ્ન એ હતો કે લક્ષ્યાંક ઇન્સ્પેક્ટરોને આપવામાં આવ્યા છે, સાહેબ, રાજય સરકારે લક્ષ્યાંકો આપેલા છે, રાજય સરકારની નેમ આવક વધારવાની છે અને ભ્રષ્ટાચાર ઘટે એટલા માટે આ લક્ષ્યાંક આપવામાં આવ્યો છે. માનનીય સભ્યશ્રી એક બાજુ એમ કહે છે કે, લક્ષ્યાંકો વધારેને વધારો આપો છો એટલે જેમ તેમ દંડ થાય છે અને બીજી બાજુ એમ કહે છે કે, હપતા લેવાય છે આ બે વાતની અંદર વિરોધ દ ાણો મોટો છે એટલે આ દૂષણ હતું ભ્રષ્ટાચારનું એ ઘટે એટલા માટે લક્ષ્યાંકો આપવામાં આવ્યા છે અને એના લીધે એ દૂષણોમાં નિશ્ચિતપણે ઘટાડો પણ નોંધાયો છે અને માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાત કરી કે ખેડૂતોને

દંડ કરવામાં આવે છે એ તો માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને દંડ તો કોંગ્રેસના જમાનામાં કરવામાં આવતો હતો, અમે તો ટ્રૅક્ટરને મંજૂરી આપી દીધી છે, ટ્રૅક્ટર અને છકડાને મંજૂરી આપી છે કે સામાજિક કારણોસર જો જવું હોય (અંતરાય) મારો જવાબ તો માનનીય સભ્યશ્રી સાંભળો, મારા જવાબ બાદ ઊભા થશો એવી મારી વિનંતી છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે તો ભાજપની સરકાર આવ્યા પછી ટ્રૅક્ટરની અંદર સામાજિક પ્રસંગોએ જો જવું હોય તો એને અધિકૃત પરિપત્ર કરીને એને છૂટ આપી છે, છકડાની અંદર સામાજિક પ્રસંગોએ જવું હોય તો છૂટ આપી છે એટલે ટ્રૅક્ટર અને છકડાની અંદર હેરાનગતિ થવાનો પ્રશ્ન નથી, આ ભૂતકાળની વાત છે.

**કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા નોધાયેલ વાહનો**

***૧૪૭૪૮ શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (વાહન વ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે-

(૧) કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા સન ૨૦૦૪ તથા ૨૦૦૫ના કૅલૅન્ડર વર્ષમાં કેટલા વાહનોની નોંધણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલાં દ્વિચક્રી, લાઈટ મોટર વ્હીકલ તથા હેવી મોટર વ્હીકલ નોંધણી પસંદગીના નંબરથી કરવામાં આવી,

(૩) બે વર્ષમાં નોંધણી ફીની કુલ આવક કેટલી થયેલ છે, અને

(૪) તે પૈકી પસંદગીના નંબર મેળવવા માટે કેટલી આવક થઈ છે ?

**મુખ્ય મંત્રીશ્રી ( વાહન વ્યવહાર):**

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૪ તથા ૨૦૦૫ના કૅલૅન્ડર વર્ષમાં નોંધાયેલ વાહનો

| **વર્ષ** | **નોંધાયેલ વાહનો** |
|---|---|
| ૨૦૦૪ | ૨૫૪૩૩ |
| ૨૦૦૫ | ૨૩૩૫ |
| કુલ : | ૫૭૭૬૮ |

(૨) પસંદગી નંબરથી નોંધણી કરવામાં આવેલ વાહનો

| વર્ષ | દ્વિચક્રી | એલ એમ વી (હળવા) | એચ એમ વી (ભારે) |
|---|---|---|---|
| ૨૦૦૪ | ૧૪૧૦ | ૨૯૧ | ૧૫૭ |
| ૨૦૦૫ | ૧૮૯૯ | ૬૦૬ | ૨૫૫ |
| કુલ:- | ૩૩૦૯ | ૯૮૭ | ૪૧૨ |

(૩) બે વર્ષમાં નોંધણી ફીની થયેલ આવક

| **વર્ષ** | **આવક** |
|---|---|
| ૨૦૦૪ | રૂ ા. ૨,૦૮,૪૪,૦૦૦/- |
| ૨૦૦૫ | રૂ ા. ૨,૫૭,૬૦,૦૦૦/- |
| કુલ:- | રૂા. ૪,૬૬,૦૪,૦૦૦/- |

(૫) પસંદગીના નંબરની થયેલ આવક

| **વર્ષ** | **આવક** |
|---|---|
| ૨૦૦૪ | રૂા. ૨૩,૬૩,૦૦૦/- |
| ૨૦૦૫ | રૂા. ૪૦,૪૨,૦૦૦/- |
| કુલ:- | રૂા. ૬૪,૦૫,૦૦૦/' |

**શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આર.ટી.ઓ.કચેરીમાં કયા કયા પ્રકારના વાહનોની નોંધણી કરવામાં આવે છે અને, કયા કયા પ્રકારના વાહનોની નોંધણીની જરૂર નથી? બીજુ આર.ટી.ઓ. કચેરીમાં વાહનોની નોંધણી શા માટે કરવામાં આવે છે અને, આર.ટી.ઓ.કચેરીમાં નોંધણી વખતે કયા કયા પ્રકારની ફી/ટેકસ વગેરેની આવક મળે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.ઓ. કચેરીમાં સ્કૂટર, રિક્ષા, ટેકસી, ખેતીવાડીના ટ્રેકટરો/ટ્રેલરો, મેટાડોર, ટ્રક, બસ વગેરે વાહનોની નોંધણી કરવામાં આવે છે અને ખાસ પ્રકારના વાહનોની નોંધણી પણ કરવામાં આવે છે. મોટર વાહન ધારો ૧૯૮૮ના સેકશન-૨૮ હેઠળ આર.ટી.ઓ.કચેરીને આ સત્તા આપવામાં આવેલ છે એમાં સમાવેશ થતા ૨૫ સી.સી. ઉપરના તમામ વાહનોની નોંધણી ફરજિયાત છે પરંતુ ૨૫ સી.સી.થી નીચેના મોપેડ પ્રકારના વાહનોને નોંધણીમાંથી મુકિત આપવામાં આવી છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે, નોંધણી કેમ કરવામાં આવે છે? તો એમાં કહું કે, ૧૯૮૮ની કલમ ૩૯ મુજબ દરેક વાહનની નોંધણી કરાવવી ફરજિયાત છે કેમ કે, એના દ્વારા રજિસ્ટ્રેશનને લીધે અનેક પ્રકારની મદદ થાય છે. તેમજ આર.ટી.ઓ.કચેરીમાં વાહનોની નોંધણી વખતે નોંધણી ફી, ઈન્સ્પેકશન ફી, મોટર વાહન કર, તેમજ આઈ.એમ.વી. ફીની આવક મળે છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પસંદગીના નંબર માટેનો નિયમ શું છે? કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૦૪-૫માં હળવા અને ભારે વાહનોની નોંધણી ફીની અલગ અલગ કેટલી રકમ આવી એ જાણવા માગું છું.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જાણવા માગ્યું છે કે પસંદગીના નંબર માટે જોગવાઈ છે કે કેમ? પહેલાં નંબર પસંદગીમાં ભ્રષ્ટાચાર થતો હોવાનું જાણમાં આવતા સરકારે નિયમ બનાવ્યો છે અને એ નિયમ હેઠળ મોપેડ, સ્કૂટર, મોટર-સાઈકલ, રિક્ષા વગેરે વાહનો માટે ૫૦૦ રૂપિયા ફીનું ધોરણ છે, તમામ પ્રકારની મોટરકાર, જીપ, મેટાડોર, ટ્રેકટર વગેરે માટે ૩૦૦૦ રૂપિયા ફીનું ધોરણ છે, પેસેન્જર બસ માટે ૫૦૦૦ રૂપિયા ફીનું ધોરણ છે, માલ વાહક ટ્રક, ટેમ્પો, ટેન્કર વગેરે તથા ત્રણ પૈડા વાળા વાહનો અને ઉતારું જીપ વગેરે માટે ૫૦૦૦ રૂપિયા ફીનું ધોરણ છે. આમાં એક જ નંબર મેળવવા માટે એકથી વધારે અરજદારો હોય તો બધા અરજદારો પાસેથી બંધ કવરમાં ઓફર મંગાવવામાં આવે છે અને એમાં જેની ઉંચી ઓફર હોય તેને એ નંબર ફાળવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લામાં ૨૦૦૫-૬ના વર્ષમાં આવેલ નોંધણી ફીની વાત કરી તો ૨૦૦૪માં આવેલ ફી ૬ લાખ ૮૦ હજાર અને ૧૫ લાખ ૬૩ હજાર હળવા વાહનો માટે, અને ૮ લાખ ૧૭ હજાર અને ૧૯ લાખ ૬૯ હજાર ભારે વાહનો માટે ફી આવેલ છે.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર કેટલા વાહનો નોંધાયા છે અને નોંધણી ફી ની આવક કેટલી થઈ છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર વિગતો અત્યારે હાથ ઉપર નથી, હું સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા માગું છું.

**શ્રી દિપસિંહ શં. રાઠોડ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આર.ટી.ઓ.કચેરીમાં જે વાહનો નોંધાય છે એમાં નંબર પ્લેટ ઉપર જુદા જ અક્ષરથી નંબર પ્લેટ બનાવવામાં આવે છે તો એના માટે કોઈ પગલાં ભરવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય) ભવાનભાઈ, તમારી ઉપર પગલાં નહીં લઈએ. માનનીય અધ્યક્ષશ્રી, ભવાનભાઈ ચિંતામાં પડી ગયા. આના માટે કાયદામાં દંડની જોગવાઈ છે જ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસની ગાડી ઉપર, એટલે કે મોટર-સાઈકલ વગેરે ઉપર
'p' લખેલ હોય છે અને નંબર નથી લખતા. તો ચેકીંગ કરવા વાળી વ્યકિત આવું લખે તો સરકાર એની સામે શું કરવા માગે છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, 'p' લખ્યું હોય એવું શકય છે પણ નંબર જ ન લખ્યો હોય એવું શકય નથી. છબીલભાઈના ધ્યાનમાં હોય તો જણાવે તો તાત્કાલિક પગલાં ભરીશું.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અધિનિયમની કઈ કલમ નીચે નંબર પ્લેટમાં એમ.એલ.એ. કે પછી બીજું કંઈ લખ્યું હોય છે, એને મંજૂરી આપવામાં આવે છે? એટલે કે વાહન-વ્યવહારની કઈ કલમ નીચે આની મંજૂરી આપી છે એ જાણવું છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મહેન્દ્રભાઈ મને અઘરું પેપર પૂછી રહ્યા છે, હું આપનું રક્ષણ માગું છું. આ માહિતી હું મહેન્દ્રભાઈને પૂરી પાડી દઈશ.

## સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની આવક

***૧૪૧૫૨ શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વાહન વ્યવહાર)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વાહનવ્યવહાર ખાતાની સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કૅલૅન્ડર વર્ષની તારીખ ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો કયા કયા છે?

**મુખ્યમંત્રીશ્રી (વાહન વ્યવહાર):**

(૧) સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કૅલૅન્ડર વર્ષની તારીખ ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા.૦૮,૪૧,૮૨,૦૦૦/-(આઠ કરોડ એકતાળીસ લાખ બ્યાંસી હજાર) |
| ૨૦૦૪ | રૂા.૧૧,૦૦,૪૨,૦૦૦/- (અગિયાર કરોડ બેંતાલીસ હજાર) |
| ૨૦૦૫ | રૂા.૧૧,૧૩,૧૦,૦૦૦/- (અગિયાર કરોડ તેર લાખ દસ હજાર) |

(૨) આવકમાં વધારો થયેલો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી વેચાતભાઈ હ. બારિયા :** માનનીય અધ્યક્ષશ્રી,મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની આવકના સંદર્ભમાં છેલ્લા ત્રણ વર્ષનો અને ચાલુ નાણાંકીય વર્ષનો વાહન વ્યવહાર ખાતાનો બજેટેડ અંદાજ કેટલો હતો અને તેની સામે વાસ્તવિક કેટલી આવક થયેલી છે અને પ્રશ્ન બીજો કે રાજ્યની તમામ ચેક પોસ્ટનો છેલ્લા ત્રણ વર્ષનો અંદાજ અને ચાલુ નાણાકીય વર્ષનો બજેટેડ અંદાજ કેટલો હતો અને તેની સામે વાસ્તવિક આવક કેટલી થઈ?

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, એમના પહેલા પ્રશ્નનો જવાબ તો અગાઉ મેં આપી દીધો છે છતાં આપું છું ૨૦૦૨નો અંદાજ ૮૮૧ કરોડનો હતો એની સામે ૮૧૧ કરોડની આવક થઈ છે અને ૨૦૦૩નો ૧૦૦૦ કરોડ રૂપિયાનો અંદાજ હતો એની સામે ૧૧૦૬ કરોડ રૂપિયાની આવક થઈ છે, ૨૦૦૪નો ૧૨૦૦ કરોડ રૂપિયાનો અંદાજ હતો તેની સામે ૧૨૨૪ કરોડ રૂપિયાની આવક થઈ છે. ૨૦૦૫-૦૬માં ૧૩૦૦ કરોડ રૂપિયાનો અંદાજ હતો અને તેની સામે ડિસૅમ્બર અંતિત ૯૫૬ કરોડ રૂપિયાની આવક થઈ છે અને ચેકપોસ્ટનો સવાલ છે ત્યાંસુધી ૨૦૦૨માં ૨૪૮ કરોડની આવક થઈ, ૨૦૦૩માં ૨૯૦ કરોડની આવક થઈ અને ૨૦૦૪-૦૫માં ૩૨૨ કરોડ રૂપિયાની આવક થઈ અને ૨૦૦૫-૦૬ની ડિસૅમ્બર અંતિત ૨૮૬.૯૬ કરોડ રૂપિયાની આવક થઈ છે. (અંતરાય)

## રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના

***૧૪૯૨૨ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

રાજ્યમાં તારીખ ૧-૧-૨૦૦૫ થી તારીખ ૩૧-૧-૨૦૦૬ સુધીમાં ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર અને આત્મહત્યાના કુલ કેટલા બનાવો પોલીસ દફતરે નોંધાયેલ છે?

**મુખ્યમંત્રીશ્રી (ગૃહ):**

રાજ્યમાં તારીખ ૧-૧-૨૦૦૫ થી તારીખ ૩૧-૧-૨૦૦૬ સુધીમાં ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર અને આત્મહત્યાના નીચે મુજબના બનાવો પોલીસ દફતરે નોંધાયેલ છે.

| | |
|---|---|
| ખૂન | ૧૧૩૦ |
| લૂંટ | ૧૦૨૪ |
| ધાડ | ૦૩૨૦ |
| ચોરીઓ | ૧૯૩૪૨ |
| ઘરફોડ ચોરી | ૫૫૫૩ |
| બળાત્કાર | ૦૩૭૮ |
| આત્મહત્યા | ૪૬૩૮ |

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નંબર વનના માત્ર એક વર્ષના..

**અધ્યક્ષશ્રી** : પ્રશ્ન પર આવી જાઓ,

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી :** માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન પર આવું છું. આ એક વર્ષના શાસનની અંદર આ રાજયની અંદર ૨૪૮૯૫ જેટલી ચોરીઓ થઈ, ૨૪૭૦ જેટલા ખૂન, લૂંટ અને ધાડના બનાવો બન્યા, ૩૭૮ જેટલા બળાત્કારના બનાવો બન્યા અને ચિંતાનો વિષય તો એ છે કે માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં ૪૬૩૮ જેટલા આત્મહત્યાના ગુનાઓ રજિસ્ટર્ડ-નોંધાયેલા છે, વણ નોંધાયેલા કેટલા હશે તેનો મને ખ્યાલ નથી ત્યારે આપના મારફતે હું માનનીય ગૃહમંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજય સરકારની • * (xxxx) ને કારણે આ બનાવો બન્યા છે કે રોજગારી નહિ મળવાના કારણે આ બનાવો બન્યા છે કે પેટનો ખાડો નહિ પુરાવાના કારણે

• * (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

આ બનાવો બન્યા છે કે પછી આ રાજયની અંદર કાયદો અને વ્યવસ્થાની જે સ્થિતિ છે એ ભાંગી પડી છે એને કારણે આ બનાવો બન્યા છે.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, * (xxxx) એવા શબ્દો કાઢી નાંખવામાં આવે.

**અધ્યક્ષશ્રી .** : * (xxxx) એ શબ્દો સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**શ્રી અમિત અ. શાહ :** માનનીય અધ્યક્ષશ્રી, પરેશભાઈએ ભાષાનો ઉપયોગ કરીને મેં જ આપેલા આંકડાઓનો ઉપયોગ કરીને બહુ ગંભીર ચિત્ર ઉભું કરવાનો પ્રયત્ન કર્યો છે પણ હું એવું માનું છું કે આ ગૃહ સમક્ષ સાચી વાત મૂકવાની મારી ફરજ છે એ માટે મારે કેટલાક બીજા આંકડા પણ આપવા છે, એમણે ખૂનની વાત કરી છે એના મેં આંકડા આપ્યા છે. એ ઉત્તરોત્તર આ રાજય સરકારની સ્થાપના પછી ઘટતા ગયા છે. એના આંકડા તો મારા બજેટ પ્રવચનમાં હું આપીશ, પરંતુ સમગ્ર ભારતના ૨૮ રાજયોમાં જેના આંકડા ઉપલબ્ધ છે (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હવે સાહેબ સાંભળવું પડે એમણે, એવું ના ચાલે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .**: મંત્રીશ્રી કહી શકે છે, પ્લીઝ, તેઓ વિગત આપી શકે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયના ભારતના ૨૮ રાજયોના જે આંકડા ઉપલબ્ધ છે તેમાં ખૂનના ૧ લાખ દીઠ જે રેઈટ નીકળતો હોય છે તેમાં ગુજરાતનો નંબર ૨૮માં ૨૫મો છે એટલે છેલ્લેથી ત્રીજો છે. અને કોંગ્રેસ શાસિત બધા રાજયો અમારી કયાંય ઉપર છે. એક, બે, પાંચ, સાતમાં કોંગ્રેસ શાસિત બધા રાજયો છે. ખૂનની કોશિશમાં ...આ તો રેકર્ડ ઉપર મૂકવા છે માનનીય અધ્યક્ષશ્રી,૨૮ રાજયોમાં આ એકજ વર્ષનું કહું છું હું..

**અધ્યક્ષશ્રી** : મંત્રીશ્રી માહિતી આપી શકે.

**શ્રી અમિત અ. શાહ** : ખૂનની કોશિશમાં ૨૮ રાજયોની સરખામણીમાં ગુજરાતનો નંબર ૨૮મો છે. સૌથી નીચે. ઘરફોડ અને ચોરીઓનો જે ઉલ્લેખ કર્યો તેમણે તેમાં આપણો નંબર ૧૬મો છે. વધુમાં વધુ ફીકવન્ટલી અને સરળતાથી ગુન્હા જો કોઈ એક રાજયની અંદર નોંધાતા હોય તો એ રાજય ગુજરાત છે. નાની મોટી બધીજ ચોરીઓના ગુન્હાઓ આપણે રજિસ્ટર કરીએ છીએ. સાઈકલ ચોરાઈ હોય કે મોબાઈલ ચોરાયો હોય, વીમા લેવા માટે ગુન્હો કર્યો હોય કે સાચે સાચ ચોરાયો હોય દરેક ગુન્હો આપણે રજિસ્ટર કરીએ છીએ તેના પરિણામે પણ ૧૩મો છે અને તેમાં પણ કોંગ્રેસ શાસિત રાજયો અમારી આગળ છે અને બળાત્કારનો જેમનો માનનીય પરેશભાઈએ વિશેષ ઉલ્લેખ કર્યો, બળાત્કારની અંદર ગુજરાતની અંદર ૧ લાખની બળાત્કારની ઘટના છે તેમાં સમગ્ર દેશમાં આપણે નીચામાં નીચા ૨૮માં નંબરે છીએ અને સૌથી વધારે દિલ્હી છે કે જ્યાં ૧૦ વર્ષથી તેમની સરકાર છે અને આગળ વિગત આપવા માગું છું બળાત્કારની, આત્મહત્યાની વાત ઉપર પણ આવું છું. ૧૯૯૪માં જ્યારે તેમનું શાસન હતું ત્યારે આ રાજયની વસતિ ઓછી જ હશે તેમ છતાં આત્મહત્યાઓ ૫૮૦૦ થઈ હતી. ૨૦૦૨માં ૪૬૨૬, ૨૦૦૩માં ૪૫૦૦, ૨૦૦૪માં ૪૬૭૯ અને. આ વર્ષે ૨૦૦૫ની વાત કરું છું જાન્યુઆરી સુધીના આંકડા ૪૬૩૮નાં આંકડો ગયા વર્ષની સરખામણીમાં ઘટ્યો છે અને અમારે ત્યાં કોઈ ખેડૂતોના દેવાના કારણે આત્મહત્યા નથી કરવી પડતી તે તો આંધ્ર અને મહારાષ્ટ્રમાં થાય છે.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માંગુ છું કે, આવા જે ગંભીર ગુન્હા બને છે તેમાં જામીન કોણ પૂરાં પાડે છે? અને જામીન કોણ હોય છે તેની યાદી બહાર પાડી શકાય એવી કાયદામાં જોગવાઈ છે કે કેમ ? અને જોગવાઈ ના હોય તો આવા ગંભીર ગુન્હાની અંદર જે લોકો જામીનગીરી પૂરી પાડતા હોય તે કાયદામાં જોગવાઈ હોવી જોઈએ કે તેમનું નામ, યાદી અને લિસ્ટ પણ બહાર પાડે. ગંભીર ગુન્હાઓમાં જામીન કોણ થાય છે અને છોડાવે છે કોણ?

**શ્રી અમિત અ. શાહ** : જામીનોની યાદી હું સ્વભાવિક રીતે ના આપી શકું. બાકી સભ્યશ્રીનું સૂચન છે.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, સારું થયું દેશના રાજયોની સરખામણી કરે છે આ તો કદાચ દુનિયાની પણ સરખામણી કરે એવું અમીતભાઈનું પ્રવચન છે. એટલે મારે તો એ જાણવું છે કે, ગુજરાતમાં જે ગુન્હા બન્યા છે તેની રીયલ ફેકટ કહે. શું બન્યું, શાના કારણે બન્યા છે તેની સરખામણી કરીને કોઈ વાત કરવાની જરૂર નથી પણ જે ગુન્હાઓ રેકર્ડ ઉપર બની રહ્યા છે તેની ફેકટસ આપે એટલું મારે આપના દ્વારા જાણવું છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુન્હાઓ તો બનવાના જ છે પરંતુ ગુન્હાઓની સંખ્યામાં ગયા વર્ષની સરખામણીમાં દરેકે દરેક હેડમાં અંદર ઘટાડો નોંધાયો છે અને ગુન્હા ઉકેલવાના રેઈટની અંદર પણ વધારો નોંધાયો છે.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બળાત્કારના અને આત્મહત્યાના બનાવો બન્યા છે તેમાં સહેજ પણ ગંભીર નથી લાગતા. બળાત્કારના ૩૭૮ બનાવો. જેની દીકરી ઉપર કે બહેન ઉપર બળાત્કાર થાય એના પરિવારને ખબર પડે છે. (અંતરાય) આ ગંભીર પ્રશ્ન છે. નહીં, દિલ્હીમાં દિલ્હીની પ્રજા નકકી કરશે, મીસ્ટર જાડેજા સાહેબ. આ અમારો અધિકાર છે. એટલે બહુમતિના જોરે દબાવવાનું બંધ કરો. આત્મહત્યાના જે બનાવો બન્યા, એ પૈકી આ વર્ષમાં સામૂહિક આત્મહત્યાના કેટલા બનાવો બન્યા? બીજું આપના મારફતે જાણવા માગું છું કે આવા બનાવો જે નાના શહેરો અને તાલુકા મથકે બને છે, તેમાં નાના

નાના વેપારીઓ છે, ત્યાં ગેરકાયદેસર ઉંચા વ્યાજે ધિરાણ કરવાવાળાઓ મોટી સંખ્યામાં ફૂટી નીકળ્યા છે. એ લોકો જે છે એમાં પોલીસ અને સત્તાધારી પક્ષની સાંઠગાંઠ છે. સત્તાધારી પક્ષ, પોલીસ અને ઉંચા વ્યાજે પૈસા દિ ારવાવાળાની સાંઠગાંઠના કારણે આ ફરિયાદ કરવા જાય તો ફરિયાદ લેવાતી નથી અને આત્મહત્યા થાય છે એ વાત સાચી છે?

**અઘ્યક્ષશ્રી** : ભવાનભાઈ, મનહરભાઈ તમારા તરફ કેમ હાથ લંબાવે છે? મનહરભાઈ, તમે ભવાનભાઈને હાથ કેમ બતાવો છો?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અઘ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે જગદીશભાઈએ બહુ અગત્યનો પ્રશ્ન ઉભો કર્યો છે અને સમગ્ર ગૃહે એટેન્શનથી એનું ચિંતન કરવું જોઈએ. એમણે કહ્યું કે બળાત્કારની ઘટનાઓને રાજય સરકાર લાઈટલી લે છે. માનનીય અઘ્યક્ષશ્રી, આવું નથી. ૩૭૮ બળાત્કારની ઘટનાઓમાંથી ૩૬૮ લોકોને શોધી કાઢીને કોર્ટની સમક્ષ રજૂ કરી દેવામાં આવ્યા છે. ૧૦ જે બાકી છે એ પણ પાછલા મહિનાઓના છે. એટલે રાજય સરકાર ખૂબ ગંભીરતાથી આવા બનાવોને લે છે. કોઈપણ સ્ત્રી ઉપર બળાત્કાર થાય એને રાજય સરકાર જરાપણ હળવાશથી લેવાના મૂડમાં નથી. અને કોઈ આરોપી છૂટી ન જાય તે જોવા માગે છે. (અંતરાય) સાહેબ, મારો જવાબ તો પૂરો થવા દો. કોઈપણ ઘટનાને રાજય સરકાર લાઈટલી લેવા માગતી નથી. માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય જગદીશભાઈએ વ્યાજ-વટાવવાળી જે વાત કરી છે એ અંશતઃ સાચી છે. આ દુષણ વર્ષોથી ફૂલ્યું-ફાલ્યું હતું. એમાં આપણે ઘટાડો કરતા કરતા હજુ આજે પણ કયાંક આવી ઘટનાઓ ઘ્યાનમાં આવે છે. હું એમને એક આંકડો આપી દંઉ. વ્યાજ-વટાવના ભારણને લીધે ગયા વર્ષે જે આત્મહત્યાઓ થઈ છે તેમાં કેવળ ૧૨ લોકોએ આત્મહત્યા કરી છે. આ બાબતમાં ચાર્જશીટ દાખલ થઈ ગઈ છે અને ગુનેગારો પકડાય અને સજા થાય એની પૂરેપૂરી તજવીજ કરવામાં આવશે. પરંતુ ભવાનભાઈની નારાજગી જગદીશભાઈના ઘ્યાન ઉપર આવતી નથી. (અંતરાય) માનનીય અઘ્યક્ષશ્રી, જગદીશભાઈએ જે આરોપ મૂકયો એ ગંભીર પ્રકારનો છે અને પોલીસનું મોરલ તોડનારો છે, પરંતુ તેમ છતાંયે આ વાતમાં રાજય સરકાર જયારે માનનીય સભ્યશ્રી પ્રશ્ન ઉઠાવે છે ત્યારે તેને ગંભીરતાથી જ લેતી હોય છે. જગદીશભાઈએ કહ્યું કે પોલીસ પોતાના રૂપિયા વ્યાજે ફેરવે છે. આવી એકપણ ઘટના જો જગદીશભાઈ ઘ્યાન ઉપર મૂકશે તો ૨૪ કલાકમાં જ તપાસ પૂરી કરી પગલાં ભરવાની હું ખાતરી આપું છું.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય મંત્રીશ્રી ગૃહને ગેરમાર્ગે દોરે છે. આપ રેકર્ડ તપાસી શકો છો. માનનીય મંત્રીશ્રીની સાથે હરતા ફરતા લોકોની પણ વિગતો માનનીય મંત્રીશ્રી કહે છે તો આપવા તૈયાર છીએ અને આપીશું સાહેબ. તપાસ કરાવજો.

**શ્રી અમિત અ. શાહ** : મારી સાથે તો જગદીશભાઈ પણ ફરે છે.

### માળીયા બ્રાન્ચ કેનાલ માટે ઢાંકી ગામે ફીટ કરવામાં આવેલ પંપ

***૧૫૬૫૧ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે-

(૧) નર્મદા આધારિત માળીયા બ્રાન્ચ કેનાલમાં પાણી પંપીંગ કરવા માટે સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકાના ઢાંકી ગામે કેટલા પંપો ફીટ કરવામાં આવ્યા,
(૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલા પંપો ચાલુ કરવામાં આવ્યા છે,
(૩) બાકીના પંપો ચાલુ કરવાનું શું આયોજન છે,
(૪) ટોટલ મશીનરી પાછળ રાજય સરકારને કેટલો ખર્ચ થયેલ છે, અને
(૫) કુલ કેટલું ખર્ચ કરવાનું રાજય સરકારનું આયોજન છે?

**મુખ્યમંત્રીશ્રી (નર્મદા) :**

(૧) બે પમ્પ ફીટ કરવામાં આવ્યા છે, બાકીના ૧૪ પમ્પ ફીટ કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.
(૨) બે પંપ ચાલુ કરવામાં આવ્યા છે.
(૩) બાકીના ૧૪ પૈકી ૯ પંપ મે-૨૦૦૬ સુધીમાં અને પાંચ પંપ ડિસેમ્બર-૨૦૦૬ સુધીમાં ચાલુ કરવાનું આયોજન છે.
(૪) મશીનરી પાછળ રૂા. ૮૫.૭૧ કરોડનો ખર્ચ થયેલ છે.
(૫) ઢાંકી ગામે પમ્પીંગ સ્ટેશન પર રૂા. ૧૬૦.૨૫ કરોડનો ખર્ચ કરવાનું આયોજન છે.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : ઢાંકી પંપીંગ મશીનરી ચાલુ કરવામાં બે પંપ ચાલુ છે અને ૯ મે સુધીમાં બાકીના ચાલુ થવાના છે અને ૫ ડિસેમ્બર સુધીમાં થવાના છે. તો સમય મર્યાદામાં આ ચાલુ થાય છે કે કેમ? અને ચાલુ થયા પછી સુરેન્દ્રનગર જિલ્લામાં કયા તાલુકામાં કેટલો સિંચાઈનો લાભ મળવાનો છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : સમયસર પંપીંગ ચાલુ છે અને સમયસર જ કામગીરી પૂર્ણ થવાની છે. મઢી પંપીંગ સ્ટેશન ચાલુ થયા પછી સુરેન્દ્રનગર જિલ્લામાં હળવદ, લખતર,ધ્રાંગધ્રા, દસાડા અને પાટડીને લાભ મળશે અને કુલ ૩૪૩૬૬ પિયત હેકટરને લાભ મળશે અને ૫૩ ગામોને આ પિયતનો લાભ મળવાનો છે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ભૂકંપ અન્વયે કેન્દ્ર સરકાર તરફથી સરચાર્જની મળવાની બાકી રકમ

૧૫૩૦૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા)** : : **માનનીય મુખ્ય મંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને ભૂકંપના બે ટકા સરચાર્જની મળવાપાત્ર થતી રકમમાંથી કેટલી રકમ મળવાપાત્ર થતી હતી, | (૧) તાજેતરમાં લોકસભા પ્રશ્ન ક્રમાંક ૧૧૯-૨૦૦૬ તા. ૨૪-૦૨-૨૦૦૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા ગૃહમાં આપેલ જવાબ મુજબ ૨૦૦૦-૦૧માં કારગીલ યુધ્ધ, એન.સી.સી.એફ, અને ગુજરાત ભૂકંપને કારણે નાખેલ સરચાર્જ પેટે રૂા. ૨૧૮૭.૮૨ કરોડ મળેલ જે પૈકી ગુજરાત ભૂકંપ માટે કેટલી રકમ મળેલ છે જે જાણી શકાય તેમ નથી તેમ જવાબ આપેલ છે. જ્યારે ૨૦૦૧-૦૨ માટે ગુજરાત ભૂકંપ માટે ૨ ટકા સરચાર્જ પેટે રૂા. ૫૫૬.૮૯ કરોડ મળેલ છે. તેમ કેન્દ્ર સરકારે જવાબમાં જણાવેલ છે.<br>પરંતુ, રાજ્ય સભા પ્રશ્ન ક્રમાંક : ૩૬-૨૦૦૫ તા. ૦૧-૦૩-૨૦૦૫ના જવાબમાં કેન્દ્ર સરકારે જણાવ્યા મુજબ નાણાકીય વર્ષ ૨૦૦૦-૦૧ તથા વર્ષ ૨૦૦૧-૦૨ દરમ્યાન કેન્દ્ર સરકારને કુલ પ્રાપ્ત થયેલ આવકવેરાની રકમ અનુક્રમે રૂા. ૬૮૩૦૫ કરોડ તથા રૂા. ૬૯૧૯૮ કરોડ ધ્યાને લેતાં ૨ ટકા સરચાર્જના હિસાબે રાજ્ય સરકારના અંદાજ મુજબ રૂા. ૨૭૫૦.૦૬ કરોડની રકમ મળવાપાત્ર થાય છે. |
| (૨) તે અન્વયે તા. ૩૧/૧/૦૬ સુધીમાં કેન્દ્ર તરફથી ક્યારે ક્યારે કેટલી રકમ મળી, અને | (૨) તે અન્વયે તા. ૩૧-૦૧-૦૬ સુધીમાં કેન્દ્ર તરફથી વર્ષ ૨૦૦૦-૦૧માં રૂા. ૫૦૦ કરોડ જ્યારે વર્ષ ૨૦૦૧-૦૨માં રૂા. ૯૬૭.૩૭ કરોડ મળેલ છે. |
| (૩) હવે કેટલી રકમ મળવાની બાકી છે ? | (૩) લોકસભાના પ્રશ્ન ક્રમાંક ૧૧૯-૨૦૦૬ના તા. ૨૪-૦૨-૨૦૦૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા ગૃહમાં આપેલ જવાબ મુજબ એન.સી.સી.એફ. ના ધોરણ મુજબ ગુજરાત સરકારને આપવાની થતી પુરેપુરી રકમ છુટી કરવામાં આવેલ છે.<br>પરંતુ, ખંડ (૧)માં દર્શાવેલ કેન્દ્ર સરકારને વર્ષ ૨૦૦૦-૦૧ અને ૨૦૦૧-૦૨માં મળેલ કુલ આવકવેરાના આધારે કેન્દ્ર સરકાર પાસેથી સરચાર્જ હેઠળ હજુ રૂા. ૧૨૮૨.૬૯ કરોડ લેવાના થાય છે. |

-------------

### ભાવનગર જિલ્લામાં પ્રદુષણ ઓકતા વાહનો અને દંડની રકમ

૧૩૯૪૫ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૦૫ના વર્ષમાં ભાવનગર જિલ્લામાં પ્રદુષણ ઓકતા કેટલા વાહનો પકડાયા, અને | (૧) ૧૬૮. |
| (૨) તેમની સામે કેટલો દંડ વસુલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવી ? | (૨) રૂા. ૩૦૦ કોર્ટ દંડ અને રૂા. ૧,૭૫,૯૮૦ આર.ટી.ઓ. દંડ. |

**વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા શિક્ષિત બેરોજગારોને બેંક ધિરાણના લાભો આપવા બાબત**

**૧૪૦૮૧ શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે નાણાકીય વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કુલ કેટલા શિક્ષિત બેરોજગારોની અરજીઓ મંજુર કરી બેંક ધિરાણના લાભો આપવામાં આવ્યા છે, અને

**જવાબ**

(૧)

| અ.નં. | યોજના | વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેંકને ભલામણ થયેલ અરજીઓ | બેંક દ્વારા ધિરાણ મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૨૦૦૩-૦૪<br>૨૦૦૪-૦૫<br>૨૦૦૫-૦૬ (૩૧-૧૨-૦૫ સુધી) | ૭૭૪<br>૯૫૩<br>૮૨૬ | ૫૯૮<br>૬૬૨<br>૫૬૭ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૨૦૦૩-૦૪<br>૨૦૦૪-૦૫<br>૨૦૦૫-૦૬ (૩૧-૧૨-૦૫ સુધી) | ૬૧૯<br>૬૦૨<br>૪૪૭ | ૩૬૩<br>૪૪૫<br>૨૮૩ |

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓ હજુ આ લાભથી વંચીત છે ?

(૨) જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ ભલામણ કરેલ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ નીચે મુજબની ૩૨૫ અરજીઓ બેંકમાં પડતર છે.

| અ. નં. | યોજના | સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના | ૨૧૮ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૧૦૭ |
| | કુલ :- | ૩૨૫ |

-------------

**કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ**

**૧૪૨૧૧ શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૦૪-૨૦૦૫ દરમ્યાન કેટલો ખર્ચ કરવામાં આવેલ, અને

(૨) આ યોજના કેટલા સમયમાં શરૂ કરવા સરકાર વિચારે છે ?

**જવાબ**

(૧) રૂા. ૫૩.૨૮ લાખ.

(૨) વિસ્તૃત યોજનાકીય પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ બનાવવાની કામગીરી પૂર્ણ કરી યોજનાનું

બાંધકામ વર્ષ ૨૦૦૯માં શરૂ કરવાનું આયોજન છે.

-------------

**કેશોદ અને વંથલી તાલુકામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ**

**૧૫૬૮૨ શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેશોદ અને વંથલી તાલુકાના કેટલા ખેડૂતોની તત્કાળ વિજ જોડાણ માટેની અરજીઓ પી. જી.વી.સી.એલ.ને મળેલ છે, અને | (૧) કેશોદ તાલુકામાં ૬૪૭ અને વંથલી તાલુકામાં ૫૪૧ ખેડૂતોની અરજીઓ મળેલ છે. |
| (૨) આ અરજદારોને કેટલા સમયમાં કુવા ઉપર લાઈટીંગ ક્નેક્શન આપવાનું આયોજન છે ? | (૨) કેશોદ તાલુકામાં ૨૧૭ અને વંથલી તાલુકામાં ૧૬૫ ખેડૂતોને ક્નેક્શન આપી દીધેલ છે અને અનુક્મે ૯૯ તથા ૪૮ અરજીઓ રદ થયેલ છે. જ્યારે આ તાલુકાઓમાં અનુક્મે ૨ અને ૭ કેસોમાં વાંધાઓ હોઈ તે દુર થયેથી સત્વરે ક્નેક્શન આપવામાં આવશે અને બાકીના કેસોમાં તબક્કાવાર ક્નેક્શન આપવાનું આયોજન છે. |

-------------

**જામનગર જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

**૧૪૧૬૦ શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્મ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો જામનગર જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા કુલ૧૩૪૬ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૩૧૯ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

**ગોધરા આર.ટી.ઓ. કચેરીની આવક**

૧૪૧૫૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાહનવ્યવહાર ખાતાની ગોધરા આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આવક કેટલી થઈ, અને | (૧) ગોધરા આર.ટી.ઓ. કચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક<br>વર્ષ — આવક<br>૨૦૦૩ — રૂા. ૧૦,૩૧,૨૧,૦૦૦/-(દસ કરોડ એક્ત્રીસ લાખ એક્વીસ હજાર)<br>૨૦૦૪ — રૂા. ૧૧,૭૧,૩૭,૦૦૦/-(અગિયાર કરોડ ઈકોતેર લાખ સાડત્રીસ હજાર)<br>૨૦૦૫ — રૂા. ૧૩,૦૭,૨૮,૦૦૦/-(તેર કરોડ સાત લાખ અઠ્ઠાવીસ હજાર) |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે? | (૨) આવકમાં વધારો થયેલો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## હેલીકોપ્ટરનો ઉપયોગ અને થયેલ ખર્ચ

૧૫૭૦૫**શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન પ્રવાસ તથા સરકારી કામે હેલીકોપ્ટરનો મંત્રીઓ અને અધિકારીઓ દ્વારા ક્યારે ઉપયોગ થયો, અને

(૨) પ્રત્યેક ઉપયોગ વખતે કેટલું ખર્ચ થયું ?

**જવાબ**

(૧) અને (૨)

જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેન્દ્રીય અને રાજ્યના મંત્રીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓ દ્વારા હેલીકોપ્ટરમાં કરેલ પ્રવાસની વિગતો અને ખર્ચ આ સાથેના પત્રક-અ માં દર્શાવેલ છે.

**પત્રક--અ**

**હેલીકોપ્ટરમાં તા. ૦૧-૦૪-૨૦૦૩ થી તા. ૩૧-૦૧-૨૦૦૬ દરમ્યાન રાજ્યના અને કેન્દ્રના માનનીય મંત્રીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓએ કરેલ પ્રવાસની તારીખ અને પ્રત્યેક પ્રવાસનો ખર્ચ દર્શાવતું પત્રક :-**

| ક્રમ | તારીખ | પ્રત્યેક પ્રવાસ સમયે થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧ | ૧૦-૦૪-૨૦૦૩ | ૧૮૯૩૧ |
| ૨ | ૧૨-૦૪-થી ૧૩-૦૪-૨૦૦૩ | ૩૪૪૨૦ |
| ૩ | ૦૪-૦૫-૨૦૦૩ | ૨૩૨૩૩ |
| ૪ | ૦૫-૦૫-૨૦૦૩ | ૧૧૧૮૬ |
| ૫ | ૦૮-૦૫-૨૦૦૩ | ૨૭૫૩૬ |
| ૬ | ૧૧-૦૫-૨૦૦૩ | ૯૪૬૫ |
| ૭ | ૧૨-૦૫-૨૦૦૩ | ૪૨૧૬૪ |
| ૮ | ૨૨-૦૫-૨૦૦૩ | ૧૬૩૪૯ |
| ૯ | ૨૩-૦૫-૨૦૦૩ | ૨૧૫૧૨ |
| ૧૦ | ૦૬-૦૬-૨૦૦૩ | ૨૨૩૭૩ |
| ૧૧ | ૧૩-૦૬ થી ૧૫-૬--૨૦૦૩ | ૩૨૬૯૯ |
| ૧૨ | ૨૨-૦૬-૨૦૦૩ | ૨૧૫૧૨ |
| ૧૩ | ૨૭-૦૬ થી ૨૯-૬-૨૦૦૩ | ૨૧૫૧૨ |
| ૧૪ | ૧૨-૦૭-૨૦૦૩ | ૩૬૧૪૧ |
| ૧૫ | ૨૬-૦૭-૨૦૦૩ | ૨૩૨૩૩ |
| ૧૬ | ૧૪-૦૮-૨૦૦૩ | ૧૨૯૦૭ |
| ૧૭ | ૧૦-૧૦-૨૦૦૩ | ૧૨૦૪૭ |
| ૧૮ | ૧૫-૧૦-૨૦૦૩ | ૨૨૩૭૩ |
| ૧૯ | ૧૭-૧૦-૨૦૦૩ | ૨૧૫૧૨ |
| ૨૦ | ૨૨-૧૦-૨૦૦૩ | ૧૨૦૪૭ |
| ૨૧ | ૦૩-૧૧-૨૦૦૩ | ૨૬૬૭૫ |
| ૨૨ | ૦૬-૧૧-૨૦૦૩ | ૩૭૮૬૨ |
| ૨૩ | ૧૬-૧૧-૨૦૦૩ | ૧૪૬૨૮ |
| ૨૪ | ૦૨-૧૨-૨૦૦૩ | ૧૭૨૧૦ |
| ૨૫ | ૦૬-૧૨-૨૦૦૩ | ૧૩૭૬૮ |
| ૨૬ | ૧૨-૧૨ થી ૧૩-૧૨-૨૦૦૩ | ૪૫૬૦૬ |
| ૨૭ | ૧૯-૧૨-૨૦૦૩ | ૨૯૨૫૭ |
| ૨૮ | ૨૦-૧૨-૨૦૦૩ | ૧૩૭૬૮ |
| ૨૯ | ૨૬-૧૨-૨૦૦૩ | ૧૨૯૦૭ |
| ૩૦ | ૧૮-૦૧-૨૦૦૪ | ૨૭૫૩૬ |
| ૩૧ | ૨૦-૦૧-૨૦૦૪ | ૩૯૫૮૩ |
| ૩૨ | ૨૭-૦૧-૨૦૦૪ | ૩૨૬૯૯ |
| ૩૩ | ૦૧-૦૨-૨૦૦૪ | ૧૨૯૦૭ |
| ૩૪ | ૦૯-૦૨-૨૦૦૪ | ૧૭૨૧૦ |

| ક્રમ | તારીખ | પ્રત્યેક પ્રવાસ સમયે થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૩૫ | ૧૧-૦૨-૨૦૦૪ | ૧૦૩૨૬ |
| ૩૬ | ૧૪-૦૨-૨૦૦૪ | ૨૧૫૧૨ |
| ૩૭ | ૧૭-૦૨-૨૦૦૪ | ૨૦૬૫૨ |
| ૩૮ | ૧૮-૦૨-૨૦૦૪ | ૩૩૫૫૯ |
| ૩૯ | ૨૧-૦૨-૨૦૦૪ | ૭૭૪૪ |
| ૪૦ | ૨૨-૦૨-૨૦૦૪ | ૨૧૫૧૨ |
| ૪૧ | ૨૬-૦૨-૨૦૦૪ | ૧૫૪૮૯ |
| ૪૨ | ૧૩-૦૩-૨૦૦૪ | ૧૯૭૯૧ |
| ૪૩ | ૧૬-૦૩-૨૦૦૪ | ૧૨૦૪૭ |
| ૪૪ | ૧૮-૦૩-૨૦૦૪ | ૩૭૮૬૨ |
| ૪૫ | ૧૧-૦૫-૨૦૦૪ | ૧૬૪૬૫ |
| ૪૬ | ૩૦-૦૫-૨૦૦૪ | ૪૦૩૩૯ |
| ૪૭ | ૧૨-૦૬-૨૦૦૪ | ૨૦૫૮૧ |
| ૪૮ | ૧૪-૦૬-૨૦૦૪ | ૩૮૬૯૩ |
| ૪૯ | ૧૫-૦૬-૨૦૦૪ | ૧૨૩૪૯ |
| ૫૦ | ૧૬-૦૬-૨૦૦૪ | ૧૫૬૪૨ |
| ૫૧ | ૦૨-૦૭-૨૦૦૭ | ૧૩૯૯૫ |
| ૫૨ | ૦૪-૦૭-૨૦૦૪ | ૨૪૬૯૭ |
| ૫૩ | ૧૮-૦૭-૨૦૦૪ | ૩૦૪૬૦ |
| ૫૪ | ૨૪-૦૭-૨૦૦૪ | ૧૮૯૩૫ |
| ૫૫ | ૨૪-૦૭-૨૦૦૪ | ૧૨૩૪૯ |
| ૫૬ | ૦૪-૦૮-૨૦૦૪ | ૫૩૫૧૧ |
| ૫૭ | ૦૬-૦૮-૨૦૦૪ | ૨૯૬૩૭ |
| ૫૮ | ૦૭-૦૮-૨૦૦૪ | ૩૨૯૩૦ |
| ૫૯ | ૧૦-૦૮-૨૦૦૪ | ૧૮૯૩૫ |
| ૬૦ | ૧૧-૦૮-૨૦૦૪ | ૧૩૧૭૨ |
| ૬૧ | ૧૨-૦૮-૨૦૦૪ | ૧૪૮૧૨ |
| ૬૨ | ૧૪-૦૮-૨૦૦૪ | ૧૦૭૦૨ |
| ૬૩ | ૧૪-૦૮-૨૦૦૪ | ૨૫૫૨૧ |
| ૬૪ | ૧૫-૦૮-૨૦૦૪ | ૧૩૧૭૨ |
| ૬૫ | ૧૬-૦૮-૨૦૦૪ | ૧૮૧૧૧ |
| ૬૬ | ૧૭-૦૮-૨૦૦૪ | ૨૭૯૯૦ |
| ૬૭ | ૦૮-૦૯-૨૦૦૪ | ૧૮૯૩૫ |
| ૬૮ | ૧૩-૦૯-૨૦૦૪ | ૧૧૫૨૫ |
| ૭૦ | ૧૬-૦૯-૨૦૦૪ | ૯૮૭૯ |
| ૭૧ | ૧૯-૦૯-૨૦૦૪ | ૧૯૭૫૮ |
| ૭૨ | ૨૪-૦૯-૨૦૦૪ | ૪૬૧૦૨ |
| ૭૩ | ૨૫-૦૯-૨૦૦૪ | ૩૬૨૨૩ |
| ૭૪ | ૨૬-૦૯-૨૦૦૪ | ૨૩૦૫૧ |
| ૭૫ | ૩૦-૦૯-૨૦૦૪ | ૧૩૯૫૫ |
| ૭૬ | ૮-૧૧-૨૦૦૪ | ૧૯૭૫૮ |
| ૭૭ | ૯-૧૧-૨૦૦૪ | ૧૩૯૯૫ |
| ૭૮ | ૨૦-૧૧-૨૦૦૪ | ૩૭૦૪૬ |
| ૭૯ | ૨૮-૧૨-૨૦૦૪ | ૧૫૬૪૨ |
| ૮૦ | ૨-૦૧-૨૦૦૫ | ૧૩૯૯૫ |
| ૮૧ | ૪-૧-૨૦૦૫ | ૧૫૬૪૨ |
| ૮૨ | ૧૬-૦૧-૨૦૦૫ | ૩૪૫૭૬ |
| ૮૩ | ૧૯-૦૧-૨૦૦૫ | ૨૨૨૨૮ |
| ૮૪ | ૨૦-૦૧-૨૦૦૫ | ૯૮૭૯ |

| ક્રમ | તારીખ | પ્રત્યેક પ્રવાસ સમયે થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૮૫ | ૨૩-૦૧-૨૦૦૫ | ૧૧૫૨૫ |
| ૮૬ | ૨૫-૦૧-૦૫ થી ૨૬-૦૧-૦૫ | ૪૦૩૩૯ |
| ૮૭ | ૩૦-૦૧-૨૦૦૫ | ૯૦૫૬ |
| ૮૮ | ૦૧-૦૨-૨૦૦૫ | ૫૪૩૩૪ |
| ૮૯ | ૧૨-૦૨-૨૦૦૫ | ૧૪૮૧૮ |
| ૯૦ | ૨૭-૦૨-૨૦૦૫ | ૩૦૪૬૦ |
| ૯૧ | ૦૫-૦૩-૨૦૦૫ | ૧૮૯૩૫ |
| ૯૨ | ૦૩-૦૪-૨૦૦૫ | ૧૪૧૧૯ |
| ૯૩ | ૦૮-૦૪-૨૦૦૫ | ૨૬૪૭૨ |
| ૯૪ | ૧૪-૦૪-૨૦૦૫ | ૧૧૪૭૧ |
| ૯૫ | ૧૮-૦૪-૨૦૦૫ | ૧૫૦૦૧ |
| ૯૬ | ૨૧-૦૪-૨૦૦૫ | ૧૫૦૦૧ |
| ૯૭ | ૨૩-૪-૨૦૦૫ | ૨૭૩૫૫ |
| ૯૮ | ૨૪-૦૪-૨૦૦૫ | ૩૭૦૬૧ |
| ૯૯ | ૧૦-૦૫-૨૦૦૫ | ૧૨૩૫૪ |
| ૧૦૦ | ૧૨-૦૫-૨૦૦૫ | ૧૫૮૮૩ |
| ૧૦૧ | ૧૩-૦૫-૨૦૦૫ | ૩૦૮૮૫ |
| ૧૦૨ | ૨૨-૦૫-૨૦૦૫ | ૪૮૫૩૩ |
| ૧૦૩ | ૦૨-૦૬-૨૦૦૫ | ૨૭૩૫૫ |
| ૧૦૪ | ૧૩-૦૬-૨૦૦૫ | ૨૨૯૪૨ |
| ૧૦૫ | ૧૬-૦૬-૨૦૦૫ | ૨૧૧૭૮ |
| ૧૦૬ | ૧૭-૦૬-૨૦૦૫ | ૨૧૧૭૮ |
| ૧૦૭ | ૩૦-૦૬-૨૦૦૫ | ૩૦૮૮૫ |
| ૧૦૮ | ૦૧-૦૭-૨૦૦૫ | ૩૯૭૦૯ |
| ૧૦૯ | ૦૨-૦૭-૨૦૦૫ | ૧૮૫૩૧ |
| ૧૧૦ | ૦૩-૦૭-૨૦૦૫ | ૧૫૦૦૧ |
| ૧૧૧ | ૧૭-૦૭-૨૦૦૫ | ૧૫૮૮૩ |
| ૧૧૨ | ૦૭-૦૮-૨૦૦૫ | ૨૩૮૨૫ |
| ૧૧૩ | ૧૫-૦૮-૨૦૦૫ | ૯૭૦૭ |
| ૧૧૪ | ૨૦-૦૮-૨૦૦૫ | ૪૭૬૫૦ |
| ૧૧૫ | ૨૧-૦૮-૨૦૦૫ | ૧૬૭૬૬ |
| ૧૧૬ | ૨૩-૦૮-૨૦૦૫ | ૨૬૪૭ |
| | ૨૮-૦૮-૨૦૦૫ | ૨૨૯૪૩ |
| ૧૧૭ | ૨૯-૦૮-૨૦૦૫ | ૨૭૩૫૫ |
| ૧૧૮ | ૦૭-૦૯-૨૦૦૫ | ૨૨૦૬૦ |
| ૧૧૯ | ૦૮-૦૯-૨૦૦૫ | ૨૨૦૬૧ |
| ૧૨૦ | ૦૯-૦૯-૨૦૦૫ | ૪૧૪૭૪ |
| ૧૨૧ | ૧૦-૦૯-૨૦૦૫ થી ૧૧-૦૯-૨૦૦૫ | ૪૫૮૮૬ |
| ૧૨૨ | ૧૫-૦૯-૨૦૦૫ | ૪૫૦૦૩ |
| ૧૨૩ | ૨૨-૧૦-૨૦૦૫ થી ૨૩-૧૦-૨૦૦૫ | ૭૧૪૭૬ |
| ૧૨૪ | ૧૧-૧૧-૨૦૦૫ | ૩૫૨૯૭ |
| ૧૨૫ | ૨૫-૧૧-૨૦૦૫ | ૩૯૭૦૯ |
| ૧૨૬ | ૨૭-૧૧-૨૦૦૫ | ૨૨૯૪૩ |
| ૧૨૭ | ૦૧-૧૨-૨૦૦૫ | ૨૨૯૪૩ |
| ૧૨૮ | ૧૫-૧૨-૨૦૦૫ | ૧૦૫૮૯ |
| ૧૨૯ | ૧૬-૧૨-૨૦૦૫ | ૨૨૦૬૦ |
| ૧૩૦ | ૧૭-૧૨-૨૦૦૫ | ૨૯૧૨૦ |
| ૧૩૧ | ૧૮-૧૨-૨૦૦૫ | ૧૭૬૪૮ |
| ૧૩૨ | ૨૪-૧૨-૨૦૦૫ | ૩૯૭૦૯ |

| ક્રમ | તારીખ | પ્રત્યેક પ્રવાસ સમયે થયેલ ખર્ચ રૂપિયા |
|---|---|---|
| ૧૩૩ | ૦૩-૦૧-૨૦૦૬ | ૧૯૪૧૩ |
| ૧૩૪ | ૧૭-૦૧-૨૦૦૬ | ૩૪૪૧૪ |
| ૧૩૫ | ૨૧-૦૧-૨૦૦૬ | ૩૩૫૩૨ |
| ૧૩૬ | ૨૮-૦૧-૨૦૦૬ | ૧૫૮૮૩ |

------------

## રાજ્યમાં ગેરકાયદેસર થતું ખનીજ ખોદકામ

**૧૪૫૮૨ ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કુલ કેટલા કેસો પકડાયા,

(૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજ્ય સરકાર દ્વારા કઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ પ્રવૃતિને રોકવા માટે રાજ્ય સરકાર ભવિષ્યમાં શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) ૫૭૩ કેસો.

(૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ નીચે મુજબની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે.

(અ) માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ ૧૯૫૭ની કલમ ૨૩-એ(૧) હેઠળ ગેરકાયદેસર વહન અને ખોદકામ બંને મળી ૭૩૧૯ કેસોમાં સમાધાન પેટે રૂા. ૩,૧૩,૮૩,૯૧૭/-વસુલ કરવામાં આવેલ છે.

(બ) આ ઉપરાંત એમ.એમ.(ડી.આર.) એક્ટ ૧૯૫૭ની કલમ ૨૧(૫) હેઠળ ૧૪ કેસોમાં રૂા. ૩,૬૫,૧૮,૩૦૦/-ના દંડના હુક્મો કરવામાં આવેલ છે.

(ક) લેન્ડ રેવન્યુ કોડની કલમ ૩૯-એ હેઠળ ૪૭ કેસોમાં રૂા. ૩,૪૫,૩૩,૭૧૫/- ની ખનિજ કિંમત માટે મામલતદારશ્રીની કોર્ટમાં કેસ કરવામાં આવેલ છે.

(ડ) ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૭૯ હેઠળ ખનિજ ચોરી માટે ૧૮૦ કેસોમાં પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે.

(૩) રાજ્યમાં ખનિજોમાં બિનઅધિકૃત ખોદકામ, વહન અને સંગ્રહની પ્રવૃત્તિ અટકાવવા જીલ્લા ક્ચેરીના ક્ષેત્રિય અધિકારી/કર્મચારી તેમજ ખાતાની ફ્લાઈંગસ્કોડ દ્વારા સઘન તેમજ ઓચિંતુ ચેકીંગ કરી કાયદા અને નિયમોની જોગવાઈ હેઠળ દંડકીય/શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે છે.

ખનિજો સંબંધી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ ઉપર અસરકારક અંકુશ લાવવા એમ.એમ.(ડી.આર.)એક્ટ ૧૯૫૭ની કલમ ૨૩-સી હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તાની રૂએ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત મીનરલ (પ્રિવેન્શન ઓફ ઈલીગલ માઈનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેઝ) રૂલ્સ-૨૦૦૫, તા. ૨૬-૧૦-૨૦૦૫ થી પ્રસિધ્ધ કરી અમલમાં મુકેલ છે.

રાજ્યમાં ખનિજોની બિનઅધિકૃત પ્રવૃત્તિ સમીક્ષા માટે રાજ્યકક્ષાએ અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે સરકારશ્રીના તા. ૧૯-૦૯-૨૦૦૫ના ઠરાવથી ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. જેમાં

રાજ્યકક્ષાએ ત્રિમાસિક ધોરણે અને જિલ્લા કક્ષાએ માસિક ધોરણે સમીક્ષા કરવામાં આવે છે. ટાસ્ક ફોર્સમાં સંબંધિત વિભાગો અને ખાતાઓના પ્રતિનિધિઓ, તેમજ કેન્દ્ર સરકારના પ્રતિનિધિનો સમાવેશ કરવામાં આવે છે.

-------------

**ડીસા ચેક પોસ્ટની આવક**

૧૪૧૬૭ **શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહનવ્યવહાર ખાતાની ડીસા ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ ડીસા ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૨૯,૧૩,૭૦,૦૦૦/-(ઓગણત્રીસ કરોડ તેર લાખ સિતેર હજાર) |
| ૨૦૦૪ | રૂા. ૨૫,૩૩,૪૨,૦૦૦/-(પચીસ કરોડ તેત્રીસ લાખ બેંતાલીસ હજાર) |
| ૨૦૦૫ | રૂા. ૨૮,૩૮,૭૫,૦૦૦/-(અઠ્ઠાવીસ કરોડ આડત્રીસ લાખ પંચોતેર હજાર) |

(૨) વર્ષ ૨૦૦૩માં મહેસાણા-પાલનપુર રાજ્ય ધોરી માર્ગની સુધારણા સંદર્ભે સમારકામ ચાલતું હોઈ વધારે વાહનો ડીસા થઈને જવાથી વર્ષ ૨૦૦૩માં ડીસા ચેકપોસ્ટની આવકમાં વધારો થયો હતો. ત્યારબાદ મૂળ રસ્તે વાહનો જતાં આવક ઓછી થવા પામી હતી. પણ, વર્ષ ૨૦૦૪ કરતાં ૨૦૦૫ના વર્ષની આવક વધી છે.

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ જામનગર જીલ્લાના ગામો**

૧૫૨૫૮ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જામનગર જીલ્લામાં તાલુકાવાર કેટલા ગામો જ્યોતિ ગ્રામ થયેલ છે,

(૨) કેટલા ગામો બાકી છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા. ૩૧-૦૧-૦૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ૫૮૨ ગામો જ્યોતિગ્રામ થયેલ છે, જેની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકાનું નામ | જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા | બાકી રહેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ભાણવડ | ૪૩ | ૩૭ |
| ધ્રોલ | ૪૧ | ૦ |
| જામજોધપુર | ૫૨ | ૧૭ |
| જામનગર | ૯૩ | ૬ |
| જોડીયા | ૫૦ | ૧ |
| કાલાવાડ | ૯૬ | ૨ |
| કલ્યાણપુર | ૫૭ | ૮ |
| ખંભાલીયા | ૬૬ | ૧૬ |
| લાલપુર | ૫૧ | ૨૧ |
| ઓખામંડળ | ૩૩ | ૮ |
| **કુલ** | **૫૮૨** | **૧૧૬** |

(૩) બાકી રહેલ ગામોનો સમાવેશ ક્યારે કરવામાં આવશે? — (૩) શક્ય તેટલા વહેલા.

-------------

**નર્મદા જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૪૧૫૭ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, નર્મદા જીલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે? | (૨) ફરજ બજાવતા બધા જ ૪૮૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

**માંડલ પોલીસ સ્ટેશન હસ્તકના ગામોને વિરમગામ પોલીસ સ્ટેશન હેઠળ મૂકવા બાબત**

૧૪૫૪૬ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧/૦૬ની સ્થિતિએ કાલીયાણા-ડેડિયાસણ ઝૂંડ અને ધાકડી વિરમગામ તાલુકાના ગામો માંડલ પોલીસ સ્ટેશન હેઠળ છે આ ગામોની અન્ય ક્ચેરીઓ વિરમગામ તાલુકા મથકે હોઈ આ ગામોને વિરમગામ રૂરલ પોલીસ સ્ટેશન હેઠળ સમાવવા સરકારમાં દરખાસ્ત થયેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ દરખાસ્તને ક્યારે મંજૂરી આપવામાં આવશે ? | (૨) વિચારણા હેઠળ છે. |

-------------

**અમરેલી જિલ્લાના પોલીસ કર્મચારી /અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૪૧૫૮**ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા તો, અમરેલી જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/ અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા ૯૯૯ કર્મચારી/અધિકારીઓ પૈકી ૮૭૦ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

**રાજ્ય સરકારની જાહેરાત મુજબ ગોદાવરી ક્રિષ્ના તટમાંથી ગેસ મળવા અંગે**

૧૪૯૮૮ **શ્રી રાકેશ રાવ(માતર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારે કરેલી જાહેરાત મુજબ રાજ્યના પ્રયત્નોના કારણે ગોદાવરી ક્રિશ્નાના તટમાંથી ૨૦ ટ્રીલીયન ક્યુબીક ફીટ ગેસ મળી આવ્યો હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) હકિક્તમાં આંધ્રપ્રદેશના આ વિસ્તારમાં | (૨) પ્રાથમિક અંદાજો મુજબ ૨૦ ટ્રીલીયન |

રાજ્ય સરકાર દ્વારા કામ કરતી વ્યવસ્થાને કેટલા ટ્રીલીયન ક્યુબીક ફીટ ગેસ મળી આવ્યો છે?

ક્યુબીક ફીટ ગેસનો અનામત જથ્થો મળી આવેલ છે.

-------------

## રાજ્ય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું

૧૩૮૨૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્ય સરકારનું આંતરિક અને બાહ્ય દેવું કેટલું છે,

(૨) આ દેવું વધવાના કારણો શા છે, અને

(૩) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ ચાલુ નાણાકીય વર્ષમાં કેટલું વ્યાજ ચુકવવામાં આવ્યુ ?

**જવાબ**

(૧) અંદાજે રૂપિયા ૫૨૭૦૭.૧૮૪૮ કરોડ

(૨) રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી નાની બચતના રોકાણો સામે ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે. આ રકમ રાજ્ય સરકારે અનેક વખત રજુઆતો કરી હોવા છતાં ફરજિયાતપણે લેવી પડે છે. આ દેવામાં તેનો હીસ્સો રૂા. ૩૬૪૫૮.૭૬ કરોડ છે. આ ઉપરાંત રાજ્યની વિવિધ વિકાસ યોજનાઓ માટે લેવામાં આવતી લોનોના કારણોસર લોનમાં વધારો થયો છે.

(૩) ડિસેમ્બર-૦૫ સુધીમાં ચાલુ નાણાકીય વર્ષમાં અંદાજે રૂપિયા ૩૫૦૪.૩૪ કરોડના વ્યાજની ચુકવણી કરવામાં આવી છે.

-------------

## બનાસકાંઠા અને સાબરકાંઠામાંથી રાજસ્થાનથી કતલખાને લઈ જવાતા ગો-વંશ પકડવા અંગે

૧૫૬૪૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાતના સરહદી જિલ્લા બનાસકાંઠા તથા સાબરકાંઠામાંથી રાજસ્થાનથી લાવવામાં આવતા ગો-વંશને કતલખાનામાં લઈ જતા કેટલા વાહનો સન ૨૦૦૫ના વર્ષમાં પકડવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા વાહનો એકથી વધુ વાર ગુન્હામાં પકડાયા હતા,

(૩) પકડાયેલા ગુન્હાહિત વાહનોને જપ્ત કરવામાં આવ્યા છે કે કેમ, અને

(૪) ગો-વંશની ગેરકાયદે કતલખાને થતી હેરાફેરીના ગુન્હામાં પકડાતા ગુન્હાહિત વાહનો અંગે રાજ્ય સરકાર શી કડક કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

(૧) સન-૨૦૦૫માં, ગુજરાતના સરહદી જીલ્લા બનાસકાંઠા તથા સાબરકાંઠામાંથી રાજસ્થાનથી લાવવામાં આવતા ગો-વંશને કતલખાનામાં લઈ જતા, બનાસકાંઠામાં ૮ (આઠ) અને સાબરકાંઠામાં ૩૬ (છત્રીસ) એમ મળીને કુલ-૪૪ વાહનો પકડવામાં આવ્યા છે,

(૨) તે પૈકી બનાસકાંઠા જીલ્લામાં એકેય વાહન એકથી વધુ વાર ગુન્હામાં પકડાયેલ નથી. જ્યારે સાબરકાંઠા જીલ્લામાં ૧ (એક) વાહન એકથી વધુ વાર ગુન્હામાં પકડાયેલ છે.

(૩) હા, પકડાયેલ ગુનાહિત વાહનોને જપ્ત કરવામાં આવેલ.

(૪) ગો-વંશની ગેરકાયદે કતલખાને થતી હેરાફેરીના ગુન્હામાં પકડાતા ગુન્હાહીત વાહનો અંગે રાજ્ય સરકાર પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ અને મોટર વાહન અધિનિયમ-૧૯૮૮ મુજબની અમલવારી કરીને કડકમાં કડક કાર્યવાહી પોલીસતંત્ર કરે જ છે.

-------------

## છોટા ઉદેપુરની ચેક પોસ્ટની આવક

૧૪૧૬૩ **શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની છોટાઉદેપુર ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

**જવાબ**

(૧) છોટાઉદેપુર ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૭૨,૧૨,૦૦૦/- (બોતેર લાખ બાર |

હજાર)
૨૦૦૪ રૂા. ૨,૩૩,૨૯,૦૦૦/- (બે ક્રોડ તેત્રીસ લાખ
ઓગણત્રીસ હજાર)
૨૦૦૫ રૂા. ૧,૫૦,૮૭,૦૦૦/- (એક ક્રોડ પચાસ લાખ
સિત્યાસી હજાર)

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

(૨) વર્ષ ૨૦૦૪માં અતિવૃષ્ટિના કારણે મધ્યપ્રદેશમાં ઇંદોરથી ગુજરાતમાં પ્રવેશતો દાહોદ તરફનો હાઇવે પુલ તૂટી જવાથી ત્રણ માસ સુધી તમામ વાહનોની અવરજવર છોટાઉદેપુર થઇને મધ્યપ્રદેશના અલીરાજપુર થતી હતી તેના કારણે આવકમાં વધારો નોંધાયેલ છે. જ્યારે વર્ષ ૨૦૦૫માં પુનઃ વાહનોની અવરજવર દાહોદ તરફ શરૂ થતાં આવકમાં ઘટાડો નોંધાયો છે. મધ્યપ્રદેશ સરકાર દ્વારા તેઓની હદમાં છોટાઉદેપુર નજીક ચાંદપુર ખાતે નવી ચેકપોસ્ટ શરૂ કરવાના કારણે પણ આવકમાં ઘટાડો નોંધાયો છે.

-------------

## ઝાલોદ ચેક પોસ્ટની આવક

૧૪૧૬૫ **શ્રીમતી રમીલાબેન બે. બારા(ખેડબ્રહ્મા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની ઝાલોદ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ઝાલોદ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૧,૬૯,૬૮,૦૦૦/- (એક ક્રોડ ઓગણો- સીત્તેર લાખ અડસઠ હજાર) |
| ૨૦૦૪ | રૂા. ૨,૦૬,૯૯,૦૦૦/- (બે ક્રોડ છ લાખ નવાણું હજાર) |
| ૨૦૦૫ | રૂા. ૨,૦૬,૬૭,૦૦૦/- (બે ક્રોડ છ લાખ સડસઠ હજાર) |

(૨) ૨૦૦૫ના વર્ષ દરમ્યાન
(૧) નેશનલ પરમીટના ડિમાન્ડ ડ્રાફ્ટની આવક બંધ થવાથી,
(૨) અતિવૃષ્ટિના કારણે ટ્રાફીક્ની અવર જવરમાં ઘટાડો થવાથી, અને
(૩) રાજસ્થાનમાં ટ્રાન્સપોર્ટરોની હડતાલના કારણે આવકમાં ઘટાડો થવા પામેલ છે.

-------------

## અમીરગઢ ચેકપોસ્ટની આવક

૧૪૧૬૮ **શ્રી શિરીષકુમાર મ. શુકલ(ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહનવ્યવહાર ખાતાની અમીરગઢ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

**જવાબ**

(૧) અમીરગઢ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૨૫,૯૯,૨૮,૦૦૦/- (પચીસ ક્રોડ નવ્વાણું લાખ અઠ્ઠાવીસ હજાર) |

| | |
|---|---|
| | ૨૦૦૪ રૂા. ૨૮,૩૦,૮૩,૦૦૦/-(અઠ્ઠાવીસ કરોડ ત્રીસ લાખ ત્યાંસી હજાર)<br>૨૦૦૫ રૂા. ૩૨,૭૫,૫૮,૦૦૦/- (બત્રીસ કરોડ પંચોતેર લાખ અઠ્ઠાવન હજાર) |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ગાંધીનગરના એસ.આર.પી. ગૃપ-૧૨ના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૪૧૫૫ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઈ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી. ગૃપ-૧૨, ગાંધીનગરમાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા ૧૧૬૨ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૧૦૬ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી. |

-------------

**કર્મયોગી યોજના હેઠળ યોજાયેલ તાલીમો**

૧૩૯૭૦ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ "કર્મયોગી યોજના " હેઠળ રાજ્ય સરકાર દ્વારા કુલ કેટલી તાલીમો યોજવામાં આવી, | (૧) તા. ૨૭-૧-૨૦૦૬ સુધીમાં કુલ ૮,૬૧૮ તાલીમ વર્ગો યોજવામાં આવ્યાં. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો, | (૨) તા. ૩૧-૦૧-૨૦૦૬ સુધીમાં આ તાલીમ પાછળ રૂા. ૩,૭૪,૯૭,૬૫૦/-નો ખર્ચ થયેલ છે. |
| (૩) કુલ કેટલાં વહીવટી સૂચનો રાજ્ય સરકારને મળ્યાં હતા, અને | (૩) આ તાલીમ કર્મચારીઓમાં વિધેયાત્મક વલણ કેળવવા અંગેની છે. વહીવટી સૂચનો મેળવવા માટેનો આ કાર્યક્રમ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) તે પૈકી કેટલા અમલીકરણમાં મુકાયા ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરત જિલ્લામાં ખાણ-ખનીજની બાકી રોયલ્ટી**

૧૪૯૯૯ **શ્રી અનિલકુમાર મો. પટેલ(બારડોલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર ખાણ ખનીજની કેટલી રોયલ્ટી બાકી છે, | (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ સુરત જીલ્લામાં તાલુકાવાર રોયલ્ટીની બાકી રકમ નીચે મુજબ છે. |

| તાલુકા | બાકી રોયલ્ટી રૂપિયા |
|---|---|
| બારડોલી | ૩૫૫૯૫ |
| માંડવી | ૨૦૮૩૪૫ |
| ચોર્યાસી | ૧૧૦૮૮ |
| સોનગઢ | ૧૪૯૧૭૬ |
| માંગરોલ | ૧૦૭૪૫૧૧ |
| મહુવા | ૧૬૭૫૬૩ |
| વ્યારા | ૧૧૮૮૭ |

| | | |
|---|---|---|
| વ્યારા | | ૧૧૮૮૭ |
| વાલોડ | | ૯૯૦૬૨ |
| કામરેજ | | ૧૨૪૦૦ |
| | કુલ : | ૧૭૬૯૬૨૭ |

(૨) તે પૈકી માંડવી અને બારડોલી તાલુકામાં કેટલા ખાણ ખનીજ ધારકોની કેટલી રોયલ્ટી બાકી છે,

(૨) તે પૈકી માંડવી તાલુકામાં ૮ ખાણ ધારકો પાસે રૂા. ૨,૦૮,૩૪૫/- અને બારડોલી તાલુકામાં ૨ ખાણ ધારકો પાસે રૂા. ૩૫,૫૯૫/- રોયલ્ટી બાકી છે.

(૩) આ રોયલ્ટી કેટલા સમયથી બાકી છે, અને

(૩) આ રોયલ્ટી સને ૧૯૭૫-૭૬ના વર્ષથી બાકી છે. જેની વર્ષવાર વિગત નીચે પ્રમાણે છે.

| બારડોલી વર્ષ | બાકી રોયલ્ટી (રૂપિયામાં) | માંડવી વર્ષ | બાકી રોયલ્ટી (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧૯૭૫-૭૬ | ૬૯૦૦ | ૧૯૭૫-૭૬ | ૬૭૩૫ |
| ૧૯૭૬-૭૭ | ૩૧૬૨ | ૧૯૯૨-૯૩ | ૪૯૮૪ |
| ૧૯૭૭-૭૮ | ૨૨૫૦ | ૧૯૯૩-૯૪ | ૮૩૩૯૩ |
| ૧૯૭૮-૭૯ | ૩૫૨૫ | ૧૯૯૫-૯૬ | ૩૯૬૯૯ |
| ૧૯૭૯-૮૦ | ૫૫૭૧ | ૧૯૯૬-૯૭ | ૨૫૯૬૦ |
| ૧૯૮૧-૮૨ | ૧૨૫૫૮ | ૧૯૯૭-૯૮ | ૨૯૧૨૪ |
| ૧૯૮૩-૮૪ | ૧૬૨૯ | ૧૯૯૯-૨૦૦૦ | ૧૮૪૫૦ |
| કુલ | ૩૫૫૯૫ | | ૨૦૮૩૪૫ |

(૪) આ રોયલ્ટી વસૂલ કરવા સરકારશ્રીએ ક્યા પગલાં લીધા છે ?

(૪) આ રોયલ્ટી જમીન મહેસુલના બાકી તરીકે વસુલ કરવા જીલ્લા કલેકટરશ્રી, સુરત દ્વારા રીકવરી સર્ટીફીકેટ ઇશ્યુ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૨-૦૩ કે તે પહેલાના સમયગાળાના બાકી લેણા હોય અને એકમ અસ્તીત્વમાં ન હોય તેવા પટ્ટેદારો/ પરવાનેદારોને ૯ ટકાના વ્યાજના દરે તા. ૩૧-૩-૨૦૦૬ સુધી પોતાની બાકી કુલ રકમ ભરવા માટે એક યોજના જાહેર કરવામાં આવેલ છે.

-------------

## સોનગઢ ચેકપોસ્ટની આવક

૧૪૧૬૯ **શ્રી મહેશભાઈ સો. ભુરિયા(ભા.જ.પ.) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની સોનગઢ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને

**જવાબ**

(૧) સોનગઢ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂા. ૪૩,૬૬,૦૭,૦૦૦/- (તેંતાલીસ કરોડ છાસઠ લાખ સાત હજાર) |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| | ૨૦૦૪ રૂા. ૪૯,૯૨,૯૬,૦૦૦/-(ઓગણપચાસ કરોડ બાણું લાખ છન્નુ હજાર)<br>૨૦૦૫ રૂા. ૫૮,૯૫,૭૫,૦૦૦/- (અઠ્ઠાવન કરોડ પંચાણું લાખ પંચોતેર હજાર) |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## વડોદરા શહેરમાં નોંધાયેલ ખૂનના ગુના

૧૪૧૭૦ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૫માં વડોદરા શહેરમાં ખૂનના કેટલા ગુના નોંધાયેલ છે, અને | (૧) વર્ષ ૨૦૦૩ ૨૦૦૪ ૨૦૦૫<br>નોંધાયેલ ગુન્હા ૩૭ ૨૮ ૨૬ |
| (૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ? | (૨) શોધાયેલ ગુન્હા ૨૯ ૨૪ ૨૦ |

-------------

## રાજ્યમાં આઈ.ટી. ક્ષેત્રે થયેલ મૂડી રોકાણ

૧૫૦૦૯ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોધોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષોમાં રાજ્યમાં આઈ.ટી. ક્ષેત્રે કેટલી અને કઈ કંપનીઓએ કેટલું મૂડી રોકાણ કર્યુ, અને | (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષોમાં આઇ.ટી. ક્ષેત્રે એસ.ટી.પી.આઇ. ખાતે ૫૯ કંપનીઓએ નોંધણી કરાવેલ. જે પૈકી ૧૬ જેટલી કંપનીઓએ આઇ.ટી. પ્રોત્સાહન શાખામાં રાજ્યની ઇન્ફૉર્મેશન ટેક્નોલોજી પ્રોત્સાહન યોજના દ્વારા પ્રોત્સાહન મેળવવા સારૂં નોંધણી કરાવેલ. આ સાથે સામેલ પત્રક-અ મુજબની ૧૬ કંપનીઓ દ્વારા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ થયેલ રૂા. ૧૦૨૩.૦૫ લાખનું મૂડી રોકાણ નીચે મુજબ છે. |

| વર્ષ | કંપનીઓની સંખ્યા | મૂડી રોકાણ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૩-૨૦૦૪ | ૭ | ૧૬૯.૦૮ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૫ | ૬૦૬.૬૬ |
| ૧/૪/૦૫ થી ૩૧/૧/૦૬ સુધી | ૪ | ૨૪૭.૩૧ |
| કુલ : | ૧૬ | ૧૦૨૩.૦૫ |

| | |
|---|---|
| (૨) દરેક કંપનીના યુનિટો ક્યાં ક્યાં છે ? | (૨) કંપનીના યુનિટો મુખ્યત્વે અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત ખાતે આવેલ છે. |

**પત્રક-અ**

## તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષોમાં રાજ્યમાં આઇ.ટી. ક્ષેત્રે કંપનીઓ દ્વારા થયેલ મૂડી રોકાણનું પત્રક

| ક્રમ | કંપનીનું નામ | સ્થળ | રોકાણ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| | **વર્ષ ૨૦૦૩-૨૦૦૪** | | |
| ૧ | મે. દોશી એકાઉન્ટીંગ સ. પ્રા. લી. | વડોદરા | ૫૫.૬૭ |
| ૨ | મે. સેનકોમ ટેક્નોલોજીસ પ્રા. લી. | ગાંધીનગર | ૬.૮૦ |
| ૩ | મે. ઇફેક્ટીવ ટેલી સર્વીસીસ પ્રા. લી. | ગાંધીનગર | ૫૩.૭૫ |
| ૪ | રેડીક્સવેબ | અમદાવાદ | ૫.૮૧ |
| ૫ | લોજીક્સ સોલ્યુશન્સ | સુરત | ૭.૫૦ |
| ૬ | સ્ટીક્સ ઇન્ફોસોફ્ટ પ્રા. લી. | અમદાવાદ | ૩૧.૫૫ |
| ૭ | ઇથોસ ઇન્ફો સર્વીસીસ | વડોદરા | ૮.૦૦ |
| | કુલ : | | ૧૬૯.૦૮ |
| | **વર્ષ ૨૦૦૪--૨૦૦૫** | | |
| ૮ | ટેલીસ્ટ્રીટ ઇન્ફોસોફ્ટ પ્રા. લી. | અમદાવાદ | ૪.૫૦ |
| ૯ | નેપ્ચ્યુન ઇન્ફોસોફ્ટ પ્રા. લી. | વડોદરા | ૨૦.૭૬ |
| ૧૦ | સાયબરથીંક ઇન્ફોટેક પ્રા. લી. | અમદાવાદ | ૬૭.૭૩ |
| ૧૧ | એ.એમ.જી. બિઝનેશ સોલ્યુશન પ્રા. લી. | અમદાવાદ | ૨૫૬.૬૭ |
| ૧૨ | હાઇ-ટેક ઇન્ફોસોફ્ટ | અમદાવાદ | ૨૫૭.૦૦ |
| | કુલ : | | ૬૦૬.૬૬ |
| | **૧-૪-૨૦૦૫ થી ૩૧-૧-૨૦૦૬ સુધી** | | |
| ૧૩ | ઇ-ઇન્ફોચીપ્સ | અમદાવાદ | ૧૭૮.૨૦ |
| ૧૪ | ટીઆઇસીએસ ટેક્નોલોજીસ (ઇ) પ્રા. લી. | ગાંધીનગર | ૧૦.૦૦ |
| ૧૫ | અલફેરેઝ પ્રા. લી. | વડોદરા | ૫૬.૫૦ |
| ૧૬ | સનબેલ્ટ આઉટસોર્સીગ પ્રા. લી. | અમદાવાદ | ૨.૬૧ |
| | કુલ : | | ૨૪૭.૩૧ |
| | **કુલ મૂડી રોકાણ :** | | ૧૦૨૩.૦૫ |

## રાજ્યમાં બાળકોના અપહરણના બનાવો

૧૫૬૭૫ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જિલ્લા પ્રમાણે સ્કુલેથી તેમજ અન્ય જગ્યાએથી કેટલા બાળકોના અપહરણ થયાના કિસ્સા બન્યા,

(૨) અપહરણ થયેલ બાળકો પેકી કેટલા બાળકો પરત મળી આવ્યા હજુ કેટલા બિન પત્તે છે અને કેટલા બાળકોના ખૂન થયા, અને

(૩) બીન પત્તે જે બાળકો છે તેના પત્તો મેળવવા શી કાર્યવાહી કરવામાં આવી રહી છે ?

**જવાબ**

(૧) ૧૨૪.

(૨) અપહરણ થયેલ બાળકો પેકી ૯૮ બાળકો પરત મળી આવ્યા છે. હજુ ૧૯ બિન પત્તે છે અને ૭ બાળકોના ખૂન થયા છે.

(૩) બિનપત્તે બાળકોનો પત્તો મેળવવા ટી. વી. ચેનલ ઉપર તથા વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવી છે. આ ઉપરાંત તેમના વતનના સરનામે તથા સગા-સંબંધીઓના સરનામે અને પોલીસ તપાસમાં નીકળેલ સ્થળોએ સઘન તપાસ કરવામાં આવેલ છે.

-------------

## રાજ્યમાં ખનન યોજનાથી સ્થળાંતર થવાની શક્યતાવાળા ગામો

૧૫૬૭૮ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કુલ કેટલી ખાનગી અને સરકારી ખનન યોજનાઓ કાર્યરત

**જવાબ**

(૧) રાજ્યમાં ખનિજ ઉત્ખનનની કુલ ૬૨૭૯ લીઝો કાર્યરત છે.

છે,

(૨) આવી યોજનાઓથી કેટલા ગામો સ્થળાંતર થવાની શક્યતાવાળા છે, અને

(૨) ફક્ત બે ગામ સ્થળાંતર કરાવાની શક્યતા રહેલ છે.

(૩) પુનઃ વસવાટ માટે સરકારે શું આયોજન કર્યું છે ?

(૩) પટ્ટેદાર મે. જી.એમ.ડી.સી. દ્વારા પુનઃ વસન યોજના તેયાર કરવામાં આવેલ છે. આ યોજનાને કલેક્ટર/પંચાયતી રાજ સંસ્થા સાથે ચર્ચા વિચારણા કરી અમલમાં મુકવાનું આયોજન છે.

-------------

**વડોદરામાં બોગસ માર્કશીટ અને સર્ટીફીકેટ બનાવવાનું કૌભાંડ પકડવા અંગે**

૧૫૭૦૦ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા(અસારવા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તાજેતરમાં વડોદરામાં બોગસ માર્કશીટ અને સર્ટીફીકેટો બનાવવાનું કૌભાંડ પકડાયું છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શું છે, અને | (૨) વડોદરા શહેર ડી.સી.બી. પો. સ્ટે.ફ.ગુ.ર. નં. ૪/૦૬, ઇ.પી.કો. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૭૪, ૧૨૦-બી મુજબનો ગુનો તા. ૨૯-૧-૦૬ના રોજ રજીસ્ટર થયેલ છે. |
| (૩) આ કૌભાંડમાં કેટલા લોકો સંડાવાયેલા છે અને તેમની સામે શાં પગલાં લીધાં છે ? | (૩) ૩ આરોપી સંડોવાયેલ છે. ૨ આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરેલ છે. ૧ આરોપી નાસતો ફરતો હોઇ, તેને પકડવાની તજવીજ ચાલુ છે. |

-------------

**રાજ્યના જ્યોતિગ્રામ થયેલા જિલ્લાઓ**

૧૫૦૦ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યના ક્યા ક્યા જિલ્લાઓના કેટલા ગામો જ્યોતિગ્રામ થઈ ગયા છે, | (૧) રાજ્યમાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ૧૫૫૮૨ ગામો જ્યોતિગ્રામ થયેલ જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબની છે. |

| જિલ્લાનું નામ | જ્યોતિગ્રામ થયેલ ગામોની સંખ્યા |
| --- | --- |

| | | |
|---|---|---|
| અમદાવાદ | ૫૪૫ | |
| અમરેલી | | ૫૪૩ |
| આણંદ | | ૩૫૦ |
| બનાસકાંઠા | | ૧૨૨૪ |
| ભરૂચ | | ૪૮૧ |
| ભાવનગર | | ૬૬૦ |
| દાહોદ | | ૬૬૮ |
| ડાંગ | | ૩૦૬ |
| ગાંધીનગર | | ૨૯૧ |
| જામનગર | | ૫૮૨ |
| જુનાગઢ | | ૭૬૩ |
| ખેડા | | ૬૧૧ |
| .કચ્છ | | ૮૬૭ |
| મહેસાણા | | ૫૯૩ |
| નર્મદા | | ૨૬૧ |
| નવસારી | | ૩૧૦ |
| પંચમહાલ | | ૯૪૫ |
| પાટણ | | ૫૧૭ |
| પોરબંદર | | ૧૩૯ |
| રાજકોટ | | ૮૪૩ |
| સાબરકાંઠા | ૧૩૬૬ | |
| સુરત | | ૮૦૫ |
| સુરેન્દ્રનગર | | ૬૫૦ |
| વડોદરા | | ૮૮૮ |
| વલસાડ | | ૩૭૪ |
| કુલ : | | ૧૫૫૮૨ |

(૨) બાકીના જિલ્લાના ગામો કેટલા સમયમાં જ્યોતિગ્રામ બનશે, અને

(૨) શક્ય તેટલા વહેલા.

(૩) જ્યોતિગ્રામ બનેલા ગામોમાં કેટલા કલાક વીજળી પૂરી પાડવામાં આવી રહી છે ?

(૩) ૨૪ કલાક.

-------------

**રાજ્ય અને સુરત જિલ્લામાં જ્યોતિગ્રામ હેઠળ સમાવિષ્ટ ગામો**

**૧૫૬૭૧શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને કેટલા બાકી છે, અને

(૧) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ ૧૪૫૪૮ ગામોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને ૩૫૧૭ ગામો બાકી છે.

(૨) તે પૈકી સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને જ્યોતિગ્રામ હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે અને કેટલા ગામો બાકી છે ?

(૨) પત્રક મુજબ.

તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સુરત જિલ્લાની તાલુકાવાર જ્યોતિગ્રામ હેઠળ આવરી લેવાયેલ ગામોની તથા બાકી ગામોની માહિતી.

| અ.નં. | તાલુકા | સેન્સસ ૨૦૦૧ મુજબ વસ્તી ધરાવતાં કુલ | જ્યોતિગ્રામ બનેલ | બાકી રહેતાં |
|---|---|---|---|---|

| | | ગામો | ગામો. | ગામો. |
|---|---|---|---|---|
| ૧ | બારડોલી | ૮૨ | ૪૫ | ૩૭ |
| ૨ | ચોર્યાસી | ૬૨ | ૬૨ | -- |
| ૩ | કામરેજ | ૭૦ | ૫૧ | ૧૯ |
| ૪ | મહુવા | ૬૯ | ૨૫ | ૪૪ |
| ૫ | માંડવી | ૧૩૪ | ૧૮ | ૧૧૬ |
| ૬ | માંગરોલ | ૯૧ | ૫૮ | ૩૩ |
| ૭ | નિઝર | ૫૧ | ૧૦ | ૪૧ |
| ૮ | ઓલપાડ | ૧૦૪ | ૧૦૪ | -- |
| ૯ | પલસાણા | ૪૭ | ૪૧ | ૬ |
| ૧૦ | સોનગઢ | ૧૬૭ | ૧૦૭ | ૬૦ |
| ૧૧ | ઉચ્છલ | ૩૯ | ૧૦ | ૨૯ |
| ૧૨ | ઉંમરપાડા | ૬૩ | ૪૦ | ૨૩ |
| ૧૩ | વાલોડ | ૪૦ | ૧૮ | ૨૨ |
| ૧૪ | વ્યારા | ૧૪૮ | ૫૮ | ૯૦ |
| | કુલ.. | ૧૧૬૭ | ૬૪૭ | ૫૨૦ |

-------------

**રાજકોટ શહેરમાં નોંધાયેલ ખૂનના ગુના**

૧૪૧૭૧ **શ્રી કાંતિભાઈ ભા. તડવી(સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં રાજકોટ શહેરમાં ખૂનના કેટલા ગુના નોંધાયેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | નોંધાયેલા ગુના |
|---|---|
| ૨૦૦૩ | ૩૭ |
| ૨૦૦૪ | ૩૭ |
| ૨૦૦૫૨૪ | |
| કુલ | ૯૮ |

**પ્રશ્ન**

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુના શોધી કાઢવામાં આવેલ છે ?

**જવાબ**

(૨)

| વર્ષ | શોધાયેલા ગુનાઓ |
|---|---|
| ૨૦૦૩ | ૩૦ |
| ૨૦૦૪ | ૩૧ |
| ૨૦૦૫૨૨ | |
| કુલ | ૮૩ |

-------------

**જ્યોતિગ્રામ યોજના પાછળ થયેલ ખર્ચ**

૧૫૬૯૧ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

જ્યોતિગ્રામ યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં રાજ્ય સરકારે પોતાના ભંડોળમાંથી કુલ કેટલી રકમનો ખર્ચ કર્યો ?

**જવાબ**

જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજ્ય સરકારે પોતાના ભંડોળમાંથી સને ૨૦૦૪-૦૫માં રૂા. ૨૫૭૧૫ લાખ ગુજરાત ઉર્જા વિકાસ નિગમને ગ્રાન્ટ આપેલ હતી તે પેટે રૂા. ૨૪૬૯૫.૨૩ લાખ ખર્ચ કરેલ હતો તથા સને ૨૦૦૫-૦૬માં (તા. ૩૧-૧-૦૬ સુધી રૂા. ૧૯૧૪૪.૬૬ લાખ ગ્રાન્ટ આપેલ છે તેની સામે રૂા. ૫૦૧૨૧.૧૭ લાખનો ખર્ચ કરેલ છે.

-------------

**રાજ્યમાં વીજ ઉત્પાદન, માંગ અને ઘટ**

૧૫૬૬૯ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા(પાલીતાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ રાજ્યનું કુલ વીજ ઉત્પાદન કેટલું છે, | (૧) તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૫ની સ્થિતિએ દૈનિક ૧૬.૦૨ કરોડ યુનીટ વીજળીનું ઉત્પાદન હતું. |
| (૨) તેની સામે કુલ માંગ કેટલી છે, અને | (૨) ૩૧મી જાન્યુ. ૨૦૦૫ની સ્થિતિએ દૈનિક વીજમાંગ ૯૪૧૦ મે.વો. હતી. |
| (૩) જો ઘટ હોય તો ઘટ ક્યાંથી પૂરી કરવામાં આવે છે ? | (૩) વીજ ઉત્પાદન અને માંગમાં પડતી ઘટ રાજ્ય બહારના વીજ વેચાણકારો પાસેથી વીજળી ખરીદીને પૂરી કરવામાં આવે છે. |

-------------

**અમદાવાદ શહેરમાં પાઈપ લાઈન દ્વારા ગેસ આપવાની કામગીરી**

૧૫૦૦૧ **શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર):માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ)જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ઘરે ઘરે ગેસ પાઈપ લાઈન દ્વારા ગેસ પૂરો પાડવાની કાર્યવાહી જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે,<br>(૨) ક્યા ક્યા વિસ્તારોમાં કામ પૂર્ણ થયેલ છે, અને | (૧) અને (૨) અમદાવાદ શહેરના મણિનગર, વિસ્તારમાં ઘર વપરાશ માટે ગેસ પૂરો પાડવાનું શરૂ કરેલ છે. |
| (૩) બાકી રહેતા ક્યા ક્યા વિસ્તારોમાં ક્યારે કામો પૂર્ણ કરી ગેસ પૂરો પાડવામાં આવશે ? | (૩) બાકીના નીચે જણાવેલ વિસ્તારોમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ગેસ પૂરો પાડવાનું આયોજન છે. યુનિવર્સિટી વિસ્તાર, આઈ.આઈ.એમ., આંબાવાડી મેમનગર, પાલડી, વાસણા, સેટેલાઈટ વેજલપુર |

-------------

**ચીખલી તાલુકામાં પોલીસ સ્ટેશન માટે મકાનનું આયોજન**

૧૪૫૫૩ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ(ચીખલી) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં પોલીસ સ્ટેશન માટે નવા મકાનનું આયોજન કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ મંજૂર કરવામાં આવી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લાના ભૂકંપગ્રસ્ત ઓદ્યોગિક એકમની ચૂકવવાની બાકી સહાય**

૧૫૬૪૫ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ભૂકંપગ્રસ્ત ઓદ્યોગિક એકમોની મંજૂર થયેલ સહાયની કેટલા એકમોની કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને | (૧) ૧૮૩ એકમોને રૂા. ૭૫.૧૭ લાખની ચુકવણી કરવાની બાકી છે. |
| (૨) બાકી રહેતી રકમ સરકાર ક્યારે ચુકવવા માગે છે ? | (૨) ચુકવણીની પ્રક્રિયા ચાલુ છે તે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે. |

-------------

**વધઈ ચેકપોસ્ટની આવક**

૧૪૧૬૪ **પ્રો. વસુબેન ન. ત્રિવેદી(જામનગર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહનવ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન-વ્યવહાર ખાતાની વધઈ ચેકપોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઈ, અને | (૧) વધઈ ચેકપોસ્ટની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ કેલન્ડર વર્ષની થયેલ આવક. |

| વર્ષ | આવક | |
|---|---|---|
| ૨૦૦૩ | રૂા.૧,૪૭,૩૦,૦૦૦/- | (રૂપિયા એક કરોડ સુડતાલીસ લાખ ત્રીસ હજાર) |
| ૨૦૦૪ | રૂા.૧,૫૪,૭૫,૦૦૦/- | (રૂપિયા એક કરોડ ચોપન લાખ પંચોતેર હજાર) |
| ૨૦૦૫ | રૂા.૧,૯૬,૪૨,૦૦૦/- | (રૂપિયા એક કરોડ છન્નુ લાખ બેતાલીસ હજાર) |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ ધાડના ગુનાઓ**

૧૪૧૫૩**શ્રી કનુભાઇ મે. ભાલાળા (વિસાવદર) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ | | | |
|---|---|---|---|---|
| (૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં અમદાવાદ જિલ્લામાં ધાડના કેટલા ગુના નોંધાયેલ છે, અને | (૧) | સને ૨૦૦૩<br>૧૫ | ૨૦૦૪<br>૯ | ૨૦૦૫<br>૧૦ |
| (૨) તે પૈકી તા. ૩૧-૧-૦૫ની સ્થિતિએ વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ? | (૨) | સને ૨૦૦૩<br>૪ | ૨૦૦૪<br>૬ | ૨૦૦૫<br>૮ |

-------------

**રાજકોટ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ**

૧૫૬૫૬ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના માટે તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ થયેલ છે, તેમાંથી કેટલાને નાંણાં ભરવાનો અંદાજ અપાયેલ છે,<br>(૨) નાણા ભરપાઈ કરેલ કેટલા અરજદારોને ક્નેક્શન અપાયેલ છે, અને<br>(૩) બાકી રહેલ અરજદારોને ક્નેક્શન કેટલા સમયમાં આપવામાં આવનાર છે ? | (૧), (૨) અને (૩) શુન્ય, અરજીઓ મળેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ધોળકા અને કૃષ્ણા ગોદાવરી બેઝીનમાંથી મળેલ પેટ્રોલીયમનો જથ્થો**

૧૪૨૩૪**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ખનીજ તેલ સંશોધનમાં ધોળકા ખાતે અને કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં પેટ્રોલીયમ પેદાશનો જથ્થો મળ્યાનું ક્યારે જાહેર કરવામાં આવ્યું, | (૧) ધોળકા ખાતે સપ્ટેમ્બર-૨૦૦૪ અને કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં જુન-૨૦૦૫માં |

(૨) આ જાહેર થયા પછી ધોળકા ખાતેથી ખનીજ તેલ કેટલું મળી આવવાનો અંદાજ છે, અને તેમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલો જથ્થો પ્રાપ્ત થયો છે,

(૨) ૩૦ મિલિયન બેરલ ખનીજ તેલ મળવાનો અંદાજ છે. તા. ૩૦-૧-૦૬ સુધીમાં ૪૬૦૦૦ બેરલનું ઉત્પાદન થયેલ છે.

(૩) કૃષ્ણા ગોદાવરી બેઝીનમાં કુલ કેટલો જથ્થો પ્રાપ્ત થવાની ધારણા છે, અને

(૩) ૨૦ ટ્રિલિયન ક્યુબીક ફીટ ગેસનો અનામત જથ્થો પ્રાપ્ત થવાની ધારણા છે.

(૪) તેની પ્રાપ્તિની શરૂઆત ક્યારથી થવાનો અંદાજ છે ?

(૪) સને ૨૦૦૮ થી.

-------------

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના આદિવાસી ગામડાઓને સંપૂર્ણ ૨૪ કલાક થ્રી ફેઈઝ લાઈટ આપવા અંગે**

૧૫૬૯૭ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના કુલ કેટલા આદિવાસી ગામડાઓને સંપૂર્ણ ૨૪ કલાક થ્રી ફેઈઝ લાઈટ આપવામાં આવે છે,

(૨) બાકીના ગામોમાં ફક્ત ગામની સ્કુલ સુધી જ લાઈટ આપવાનું આયોજન છે કે તમામ ગામોના તમામ ઘરોને ૨૪ કલાક થ્રી ફેઈઝ લાઈટ આપવાની છે, અને

(૩) ક્યાં સુધી આપવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) ભિલોડા તાલુકાના તમામ ૧૬૪ ગામોને જ્યોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક થ્રી ફેઈઝ વીજપુરવઠો આપવામાં આવે છે.

(૨) અને (૩) કોઈ ગામ બાકી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નર્મદાની વલ્લભીપુર કેનાલમાંથી ખોડીયાર તથા ગોરીશંકર તળાવ ભરવા માટેની માગણી**

૧૫૬૮૫ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાની વલ્લભીપુર કેનાલમાંથી શિહોર તાલુકાનું ખોડિયાર તળાવ તથા ભાવનગરનું ગોરીશંકર સરોવર ભરવા માટેની માંગણી તા. ૧-૨-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે અંગે રાજ્ય સરકારે શું આયોજન કરેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વલ્લભીપુર શાખા નહેરનાં અંતીમ છેડાથી ખોડિયાર અને ગોરીશંકર તળાવ આશરે ૩૦ કી.મી.ના અંતરે નર્મદાના પિયત વિસ્તારની બહાર આવેલ છે. તેમજ આ બંને તળાવોના લેવલ વલ્લભીપુર શાખા નહેરના અંતીમ છેડા પરના લેવલ કરતાં આશરે ૩૩ મીટર જેટલા ઉંચા હોઈ, આ તળાવો ગ્રેવીટીથી ભરવા શક્ય જણાતા નથી.

-------------

**કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલ ઉપરના પુલના છેડાઓને ડામર કરવા બાબત**

૧૪૩૫૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કડી તાલુકામાં પસાર થતી નર્મદા કેનાલ ઉપરના પુલના છેડાઓ ડામર સપાટીથી ક્યારે જોડવામાં આવશે, અને

(૨) આ છેડાઓ ઉપરથી મેટલીંગ તેમજ ડામર સપાટી તૂટી જવાને કારણે ખાડાઓ પડેલ છે, તેનું

**જવાબ**

(૧) કુલ ૪૮ પૈકી બાકી રહેતા ચાર પૂલના છેડાઓ જુન-૨૦૦૬ સુધીમાં ડામર સપાટીથી જોડવામાં આવશે.

(૨) જે રસ્તાઓને મેટલ સપાટી હશે ત્યાં પડેલ ખાડાઓમાં જરૂરી મેટલકામ તથા ડામર સપાટી હશે

પેવર કામ ક્યારે કરવામાં આવશે ?

ત્યાં પડેલ ખાડાઓમાં જરૂરી ડામરકામ જુન-૨૦૦૬ સુધીમાં પૂરુ કરવાનું આયોજન છે.

-------------

## ઈજ્જુ શેખની ધરપકડ થવા બાબત

૧૫૬૫૯ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) ગુજરાતમાં અંધાધુંધી ફેલાવવા માટે વલસાડ અને પોરબંદરના સાગરકાંઠા ઉપર બહારથી હથિયારો લાવનાર ઈજ્જુ શેખની પોલીસે ધરપકડ કરી હોવાની હકીક્ત સાચી છે કે કેમ, | (૧) હા જી, |
| (૨) જો હા, તો આ આરોપી અન્ય ક્યા ક્યા ગુન્હામાં સંડોવાયેલ છે, | (૨) હથિયાર અને દારૂગોળાની હેરાફેરી તેમજ ત્રાસવાદ પ્રવૃત્તિના ગુનામાં સંડોવાયેલ છે. |
| (૩) તેણે ગુજરાતમાં કેટલા અને ક્યા ક્યા શસ્ત્રોની ગેરકાયદેસર આયાત કરેલ છે, અને | (૩) ૧૫૦ જેટલા અતિ આધુનિક હથિયારો જેમાં હેન્ડ ગ્રેનેડ, બોમ્બ તથા પિસ્તોલનો સમાવેશ થાય છે. |
| (૪) તેની સામે શાં પગલાં ભરવામાં આવ્યાં ? | (૪) આરોપીની ધરપકડ ર્ક્યા બાદ કાયદેસરની કાર્યવાહી ગતિમાં છે. |

-------------

## નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં ગેરકાયદે ચાલતાં વીડીયો થિયેટર

૧૪૯૮૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં કેટલા ગેરકાયદેસર વિડીયો થિયેટરો છેલ્લા એક વર્ષમાં પકડાયા, | (૧) એક પણ નહીં. |
| (૨) કાયદેસર ચાલતા વિડીયો થિયેટરો પૈકી કેટલા થિયેટરોના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા, અને તેના શું કારણો છે, અને | (૨) ૧૫ વિડીયો થિયેટરો. તેના કારણો નીચે મુજબ છે.<br>૧. વિડીયો પરવાનામાં જણાવેલ શરતોનું પાલન થતું ન હોવાના કારણે.<br>૨. વિડીયો પરવાનો મેળવતી વખતે આપવામાં આવેલ બાંહેધરી પરિપૂર્ણ ન થવાના કારણે.<br>૩. સિનેમેટોગ્રાફ એક્ટ, ૧૯૫૨ની જોગવાઈ ઓના ભંગ બદલ. |
| (૩) ભુતકાળમાં સસ્પેન્ડ કરવામાં આવેલ લાયસન્સવાળા કેટલા થિયેટરોને પુનઃ લાયસન્સ આપવામાં આવ્યા અને તેના કારણો શું છે ? | ૩. એક પણ કિસ્સામાં પુનઃલાયસન્સ આપવામાં આવેલ નથી. |

-------------

## રાજ્ય સરકારની કર મહેસૂલની આવક

૧૪૦૬૧**શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) જાન્યુઆરી, ૨૦૦૬ના અંતે ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષે રાજ્ય સરકારના મહેસૂલી કરની કેટલી આવકો થઈ, | (૧) જાન્યુઆરી-૨૦૦૬ના અંતે ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષે રાજ્ય સરકારના મહેસુલી કરની રૂપિયા ૧૪૪૯૯.૯૮ કરોડની આવક થઈ છે. |
| (૨) ક્યા ક્યા હેડ હેઠળ કેટલી આવકો પ્રાપ્ત થઈ, અને | (૨) જુદા જુદા હેડ હેઠળ પ્રાપ્ત થયેલ આવક્નું પત્રક આ સાથે સામેલ રાખેલ છે. |
| (૩) છેલ્લા એક નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ આ આવકોમાં કેટલી વધઘટ જોવા મળી છે ? | (૩) છેલ્લા એક નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ આવકોમાં રૂપિયા ૩૪૦૬.૫૧ કરોડનો વધારો જોવા મળેલ છે. |

**પત્રક**

રાજ્યની જાન્યુઆરી-૨૦૦૬ના અંતે મહેસુલી કરની આવક દર્શાવતું પત્રક

(રૂપિયા કરોડમાં)

| અ.નં. | વિગત | જાન્યુઆરી-૨૦૦૬ સુધી થયેલ આવક |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | કેન્દ્રિય કરવેરાની આવક | ૨૪૨૨.૪૦ |
| ૨ | વ્યવસાયવેરો | ૧૦૦.૫૯ |
| ૩ | જમીન મહેસુલ | ૨૮૩.૫૩ |
| ૪ | સ્ટેમ્પ અને નોંધણી ફી | ૯૧૦.૧૪ |
| ૫ | કૃષિ વિષયક જમીન સિવાયની સ્થાવર મિલક્ત પર કર | ૬.૯૩ |
| ૬ | રાજ્ય આબકારી કર | ૩૬.૨૬ |
| ૭ | વેચાણવેરો | ૮૫૭૧.૧૫ |
| ૮ | વાહનો પર કર | ૯૩૯.૮૧ |
| ૯ | માલ અને ઉતારૂઓ પર કર | ૪.૨૩ |
| ૧૦ | વીજળી પર કર અને શુલ્ક | ૧૦૬૭.૦૭ |
| ૧૧ | ચીજ વસ્તુઓ અને સેવાઓ પર અન્ય કર અને શુલ્ક | ૧૫૭.૮૭ |
| | **સરવાળો** | **૧૪૪૯૯.૯૮** |

-------------

**નવસારી જિલ્લામાં નોંધાયેલ ખૂનની કોશિષના ગુનાઓ**

૧૪૧૫૪ **શ્રી કાળુભાઇ હી. માલીવાડ(લુણાવાડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેલેન્ડર વર્ષ ૨૦૦૩, ૨૦૦૪ અને ૨૦૦૫માં નવસારી જિલ્લામાં ખૂનની કોશિશના કેટલા ગુના નોંધાયેલ છે, અને

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વર્ષવાર કેટલા ગુનાઓ શોધી કાઢવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| નોંધાયેલ ગુન્હા | ૭ | ૧ | ૩ |

(૨)

| વર્ષ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૫ |
|---|---|---|---|
| શોધાયેલ ગુન્હા | ૭ | ૧ | ૩ |

-------------

**રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવા માટે થયેલા એમ.ઓ.યુ.**

૧૫૬૪૯ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૪-૨૦૦૫, વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં ડિસેમ્બર -૦૫ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર ક્યા ઉદ્યોગો સ્થાપવા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૪-૦૫, વર્ષ ૨૦૦૫-૦૬માં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ૨૨૬ કંપનીઓએ નીચે જણાવેલ ક્ષેત્રમાં એમ.ઓ.યુ./જાહેરાતો કરેલ છે.

**એમ.ઓ.યુ./જાહેરાતો થયેલ ઉદ્યોગક્ષેત્રો**

(૧) કૃષિ આધારીત ઉદ્યોગો (૨)પાવર (૩) ઓઈલ અને ગેસ (૪) ઈમર્જીંગ ટેક્નોલોજી (ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયોટેક્નોલોજી (૫) પ્રવાસન (૬) શહેરી વિકાસને લગતા પ્રોજેક્ટો (૭) કેમીકલ્સ (૮) ટેક્ષટાઈલ અને એપેરલ (૯) બંદર આધારિત પ્રોજેક્ટો (૧૦) આંતરમાળખાકીય સુવિધાઓને લગતા (૧૧) એન્જીનીયરીંગ અને ઓટોમોબાઈલ્સ (૧૨) અન્યક્ષેત્રો જિલ્લાવાર વિગતો પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૨) તે પૈકી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા ઉદ્યોગો શરૂ થયા, અને

(૨) ઉપયુક્ત એમઓયુ/ જાહેરાતો પૈકીના રૂા. ૮૭૭૮૮ કરોડના ૧૬૧ પ્રોજેક્ટો અમલીકરણના વિવિધ તબક્કામાં છે અને અન્ય રૂા. ૭૭૮૭ કરોડના ૪૨ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલ છે.

(૩) કેટલા એમ.ઓ.યુ. રદ કરવામાં આવ્યા અને શાં કારણોસર ?

(૩) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ ૨૩ પ્રોજેક્ટો માટે હજુ સુધી પ્રમોટરો તરફથી કોઈ કાર્યવાહી હાથ ધરાયેલ નથી.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | જિલ્લાનું નામ | કરવામાં આવેલ એમ.ઓ.યુ./જાહેરાતો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રૂા. કરોડમાં |
| ૧ | અમદાવાદ | ૩૧ | ૩૪૮૧ |
| ૨ | અમરેલી | ૩ | ૩૧૦૪ |
| ૩ | આણંદ | ૪ | ૨૧૩૧ |
| ૪ | ભરૂચ | ૧૫ | ૧૩૨૦૧ |
| ૫ | ભાવનગર | ૫ | ૨૧૨૯ |
| ૬ | ગાંધીનગર | ૨૭ | ૧૧૧૫ |
| ૭ | ગોધરા | ૧ | ૩૦૦ |
| ૮ | જામનગર | ૬ | ૩૮ |
| ૯ | જુનાગઢ | ૨ | ૭૯ |
| ૧૦ | ખેડા | ૧ | ૧૦ |
| ૧૧ | કચ્છ | ૩૨ | ૨૧૨૧૧ |
| ૧૨ | મહેસાણા | ૭ | ૯૨૧ |
| ૧૩ | નર્મદા | ૧ | ૧૫ |
| ૧૪ | નવસારી | ૮ | ૩૦૪૯ |
| ૧૫ | પોરબંદર | ૩ | ૧૧ |
| ૧૬ | રાજકોટ | ૪ | ૭૯૨ |
| ૧૭ | સુરત | ૨૮ | ૨૬૭૯૬ |
| ૧૮ | સુરેન્દ્રનગર | ૨ | ૧૧૧ |
| ૧૯ | વડોદરા | ૮ | ૩૦૨ |
| ૨૦ | વલસાડ | ૯ | ૧૦૨૪૨ |
| ૨૧ | * પ્રોજેક્ટ એક કરતાં વધારે જિલ્લામાં | ૨૯ | ૧૭૨૨૨ |
| | કુલ... | ૨૨૬ | ૧,૦૬,૧૬૦ |

* આઈ.ઓ.સી.બીપીસીએલ, જીએસપીસીએલ, વગેરે કંપનીઓના પ્રોજેક્ટો એક કરતાં વધુ જિલ્લામાં સ્થપાવાના હોઈ તે પ્રોજેક્ટોને આ કેટેગરીમાં વર્ગીકૃત કરેલ છે.

-------------

**નર્મદા ડેમની ઊંચાઈ વધારવા અંગે**

૧૪૫૮૦ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા યોજનાથી ડુબાણમાં જતી જમીનો અને વિસ્થાપિતોના પ્રશ્ને ડેમની ઉંચાઈ વધારવાની મંજૂરી ન મળતાં રાજ્ય સરકારને આર્થિક બોજો વધતો જાય છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં સરકારે વ્યાજે લીધેલ રકમ અન્વયે વર્ષવાર કેટલી રકમનું વ્યાજ ખર્ચ નર્મદા યોજના અન્વયે કરવામાં આવ્યુ, અને

**જવાબ**

(૧) હા જી,

વિવિધ પરિબળોને કારણે યોજનાના અમલમાં વિલંબ થતો રહ્યો છે જેના કારણે ભાગીદાર રાજ્યો ઉપર ખર્ચનો વિશેષ બોજ આવતો રહ્યો છે અને લાભો પ્રાપ્ત કરવામાં પણ વિલંબ થઈ રહ્યો છે.

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં નર્મદા યોજના માટે બજારમાંથી ઉભા કરાયેલ નાણાં અન્વયે સરદાર સરોવર નર્મદા નિગમ ધ્વારા ચુકવાયેલ વ્યાજ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ચુકવાયેલ |
|---|---|---|

| નં. | | વ્યાજની રકમ (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૦૧-૦૧-૦૩ થી ૩૧-૧૨-૦૩ | ૭૧૭.૦૯ |
| ૨ | ૦૧-૦૧-૦૪ થી ૩૧-૧૨-૦૪ | ૯૪૪.૩૨ |
| ૩ | ૦૧-૦૧-૦૫ થી ૩૧-૧૨-૦૫ | ૭૬૬.૧૨ |
| | કુલ... | ૨૪૨૭.૫૩ કરોડ |

(૩) જો ના તો છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નર્મદા યોજના અન્વયે થયેલ ખર્ચ માટે કેટલી આવક તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં મેળવવામાં આવી ?

(૩) ભાગ-૧નો જવાબ હા જી છે અને પ્રોજેકટમાં થતો ખર્ચ મૂડીરોકાણ પેટે હોઈ ખર્ચ માટે આવક મેળવવાનો પ્રશ્ન નથી.

-------------

**રાજ્યમાં મોટા ઉદ્યોગોની સ્થાપના**

૧૪૦૧૭ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષમાં રાજ્યમાં કુલ કેટલા મોટા ઉદ્યોગોની સ્થાપના થઈ

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલા નવા મોટા ઉદ્યોગો કેટલી રકમના વધ્યા છે, અને

(૩) ચાલુ નાણાકીય વર્ષમાં હજુ કેટલા મોટા ઉદ્યોગ સ્થપાનાર છે, અને તે કેટલી રકમના છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૩-૦૪માં રાજ્યમાં કુલ ૫૨૧ મધ્યમ/મોટા પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલા /અમલીકરણ ના વિવિધ તબક્કા હેઠળ હતા,
વર્ષ ૨૦૦૪-૦૫માં રાજ્યમાં કુલ ૬૯૪ મધ્યમ/મોટા પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલા અથવા અમલીકરણના વિવિધ તબક્કા હેઠળ હતા.

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૫-૦૬માં તારીખ ૩૧-૧૨-૦૫ સુધીમાં કુલ રૂા. ૭૧,૮૦૫ કરોડના મૂડી રોકાણ સાથે ૬૩૭ નવા મધ્યમ/મોટા ઉદ્યોગો માટે દરખાસ્તો (એલઓઆઈ/એલઓપી/આઈઈએમ) મળેલ છે.

(૩) હાલ અમલીકરણ હેઠળના એકમો ઉત્પાદનમાં ગયેથી તેમાં થયેલ કુલ મૂડી રોકાણની વિગતો મેળવી શકાશે.

-------------

**પોલીસ દળમાં નવી ભરતી કરવા અંગે**

૧૫૬૬૩ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ દળને વધુ અસરકારક બનાવવા માટે રાજ્ય સરકાર જુદા જુદા સંવર્ગોમાં ભરતી કરવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યા ક્યા સંવર્ગમાં કેટલા કર્મચારીઓની ભરતી કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) હા જી,

(૨) જરૂરિયાત અને નીતિ નિયમો મુજબ.

-------------

**તત્કાલ વિજ જોડાણ માટેની અરજીઓ**

૧૪૩૦૬ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ તત્કાલ વિજ જોડાણ માટે ખેડૂતો પાસેથી છેલ્લા એક વર્ષમાં જિલ્લાવાર કેટલી અરજીઓ મળી,

(૨) કેટલાને તત્કાલ વિજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) બાકી રહેતા ખેડૂતોને ક્યારે તત્કાલ વિજ

**જવાબ**

(૧) કોઈ નહિ,

(૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જોડાણ આપવામાં આવશે ?

-------------

**રાજ્યમાં વસુલ કરવામાં આવેલ વિજ શુલ્ક અને ચૂક્વેલ સબસીડી**

૧૩૯૧૨ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા ઘર વપરાશના વિજ ગ્રાહકો, ઉદ્યોગો અને કૃષિ વિજ વપરાશકારો પાસેથી યુનિટ દીઠ કેટલો વિજ શુલ્ક વસુલ કરવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઘરવપરાશ, ઉદ્યોગ અને કૃષિ વિજ વપરાશકારો માટે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં સબસીડી પેટે કેટલી રકમ ચૂક્વાઇ ?

**જવાબ**

(૧) રાજ્યમાં ઘર વપરાશના વીજ ગ્રાહકો, ઉદ્યોગ અને કૃષિ વીજ વપરાશકાર પાસેથી વીજ કર યુનિટ દીઠ નહી પરંતુ એડવેલોરમ ટકાવારીના ધોરણે વસુલ કરવામાં આવે છે, જે નીચે મુજબ છે. :-

| ક્રમ | વિગત | વિજ શુલ્ક ટકાવારી |
|---|---|---|
| ૧ | રહેણાંક | ૧૫ / ૨૦ / ૩૫ |
| ૨ | ઉદ્યોગ | એલ.ટી.-૧૦ |
| | | એચ.ટી.-૧૫ |
| ૩ | કૃષિ | વીજ કર માફી |

(૨) તે અન્વયે ઘર વપરાશ, ઉદ્યોગ વીજ વપરાશ કારો માટે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં સબસીડી પેટે કોઈ રકમ ચુક્વાયેલ નથી. જ્યારે કૃષિ વીજ વપરાશકારો માટે સને ૨૦૦૪-૦૫મા રૂા. ૧૯૪૬.૪૭ ક્રોડ અને સને ૨૦૦૫-૦૬માં ડિસેમ્બર ૨૦૦૫ સુધીમાં રૂા. ૬૫૦.૪૮ ક્રોડ સબસીડી તરીકે ચુકવવામાં આવેલ છે. કૃષિ વિષયક સબસીડીની રકમની અંતિમ ચૂક્વણી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. પાસે બાકી રહેતી રકમ સરભર ર્ક્યા બાદ આખરી કરીને નાણાંકીય વર્ષના અંતમાં ચુક્વવામાં આવે છે.

-------------

**જુનાગઢ જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ**

૧૪૧૫૯ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને

(૨) જો હા તો, જુનાગઢ જિલ્લામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પૈકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા જી,

(૨) ફરજ બજાવતા ૧૫૫૮ કર્મચારી/અધિકારીઓ પૈકી ૧૪૭૪ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે.

**નર્મદા કેનાલના એપ્રોચ રસ્તાઓને પાકું પથ્થર પીચીંગ કરવા અંગે**

૧૫૦૧૨**શ્રી માલજીભાઈ દે. દેસાઈ(ચાણસ્મા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા મુખ્ય નહેર સાં. ૩૦૨. ૨૨૬ કિ.મી. થી ૩૩૨. ૭૫૯ કિ.મી.માં કુલ ૨૨ પૂલના રસ્તાઓનું ચોમાસાના સમયમાં ધોવાણ થાય છે, તો તે વાત સાચી છે, અને

(૨) જો હા, તો તે એપ્રોચ રસ્તાઓને સરકાર

**જવાબ**

(૧) ચોમાસા દરમ્યાન ભારે તિવ્રતાથી વરસાદ પડે તો એપ્રોચના માટીના પાળા ઉપર રેઈનકટ્સ પડે છે.

(૨) રસ્તાની અગત્યતા અને જરૂરીયાત ધ્યાનમાં

પાકું પથ્થર પીચીંગ કામ કરવા માંગે છે કે કેમ ?

લઈ એપ્રોચ રસ્તાઓના સંરક્ષણ માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

-------------

**અમદાવાદ શહેરમાં સંવર્ગવાર ખાલી પોલીસ મહેકમની જગ્યાઓ**

૧૫૨૦૮ **શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા(શહેર કોટડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ અમદાવાદ શહેરના જુદા જુદા સંવર્ગવાર પોલીસ મહેકમની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) આ જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નર - ૨
મદદનીશ પોલીસ કમિશ્નર- ૫
પોલીસ ઇન્સ્પેક્ટર - ૪
પોલીસ સબ ઇન્સ્પેક્ટર - ૨૮૭
એ.એસ.આઇ./હે.કો. - ૨૮૧
પોલીસ કોન્સ્ટેબલ - ૧૩૩૬

(૨) પત્રક સામેલ છે.

(૩) વહીવટી અનુકૂળતાએ.

**પ ત્ર ક**

ખાલી જગ્યાઓ

| અ. નં. | સંવર્ગ | ૬ માસ સુધીની | ૬ થી ૧૨ માસ સુધીની | ૧૨ થી બે વર્ષ સુધીની | બે વર્ષ ઉપરની |
|---|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત પોલીસ કમિશ્નર | - | ૨ | - | - |
| ૨ | મદદનીશ પોલીસ કમિશ્નર | ૫ | - | - | - |
| ૩ | પોલીસ ઇન્સ્પેક્ટર | ૩ | ૧ | - | - |
| ૪ | પોલીસ સબ ઇન્સ્પેક્ટર | ૩૨ | ૧૨૩ | ૧૧૭ | ૧૫ |
| ૫ | એ.એસ. આઇ./હે.કો. | ૧૦૮ | ૬૯ | ૪૭ | ૫૭ |
| ૬ | પોલીસ કોન્સ્ટેબલ | ૮૭૦ | ૨૦૪ | ૧૦૫ | ૧૫૭ |

-------------

**રાજ્યની ફોરેન્સીક લેબોરેટરીને કેન્દ્ર સરકાર દ્વારા "નેશનલ રીસોર્સ સેન્ટર"જાહેર કરવા અંગે**

૧૫૬૬૫ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને તેની ફોરેન્સીક સાયકોલોજીની નિપૂણતાને ધ્યાને લઇ કેન્દ્ર સરકારે ""નેશનલ રીસોર્સ સેન્ટર"" તરીકે જાહેર કરેલ હોવાની વિગત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યના ફોરેન્સીક સાયકોલોજી વિભાગને જાહેર કરેલ ""નેશનલ રીસોર્સ સેન્ટર"" નું મુખ્યકાર્ય સાયન્ટીફીક ઇન્ટ્રોગેશન પધ્ધતિ વિષે ન્યાયાલય/પોલીસ/ફોરેન્સીક સાયન્સના અધિકારીઓ જેવી તપાસ સંસ્થાઓને ન્યાયીક પુરાવા તરીકે જાણકારી આપવાનું છે. કેન્દ્ર સરકારે આ માટે રૂા.૩૮ લાખ મંજૂર કરેલ છે. આ સેન્ટર અન્ય રાજ્યોને આ પ્રકારની સવલતો પુરી પાડશે.

## નર્મદા અસરગ્રસ્તોના પુનઃ સ્થાપન માટે થયેલ ખર્ચ

૧૩૮૩૧**શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે નર્મદા અસરગ્રસ્તો માટે પુનઃ સ્થાપન નીતિના અમલીકરણ માટે તા.૩૧-૧-૦૬ સુધીમાં કુલ કેટલો ખર્ચ કર્યો, અને

(૨) આ નીતિના અમલીકરણ માટે હવે બાકી રહેલા પુનઃ વસનના કામ માટે કેટલી રકમની જરૂર રહેશે?

**જવાબ**

(૧) નર્મદા અસરગ્રસ્તો માટે પુનઃસ્થાપન નીતિના અમલીકરણ માટે તા.૩૧-૧-૨૦૦૬ સુધીમાં રૂ.૧૫૪૮.૧૭ કરોડનો ખર્ચ કરેલ છે.

(૨) પુનઃ વસન માટે ગુજરાતમાં આવનાર અસરગ્રસ્ત કુટુંબોની સંખ્યાના આધારે પુનઃ વસનના ખર્ચની ગણતરી થાય છે. આવનાર કુટુંબોની સંખ્યા અત્યારે ચોક્કસ ન હોઇ, ખર્ચનો અંદાજ આપી શકાય તેમ નથી.

-------------

## દાહોદ ચેક પોસ્ટની આવક

૧૪૧૬૬ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ વાહન વ્યવહાર ખાતાની દાહોદ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની આવક કેટલી થઇ, અને

(૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ?

**જવાબ**

(૧) દાહોદ ચેક પોસ્ટની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક.

| વર્ષ | આવક |
|---|---|
| ૨૦૦૩ | રૂ.૧૨,૪૩,૯૦,૦૦૦/- (બાર કરોડ તેંતાલીસ લાખ નેવું હજાર) |
| ૨૦૦૪ | રૂ.૧૨,૬૭,૯૫,૦૦૦/- (બાર કરોડ સડસઠ લાખ પંચાણું હજાર) |
| ૨૦૦૫ | રૂ.૧૩,૪૩,૫૧,૦૦૦/- (તેર કરોડ તેંતાલીસ લાખ એકાવન હજાર) |

(૨) આવકમાં વધારો થયેલો હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાગીય કંપનીઓમાં વિભાજન

૧૪૫૮૫ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ વીજળીની કેટલા યુનિટની ખોટ છે,

(૨) હાલમાં કઇ કઇ ખાનગી કંપનીઓ પાસેથી સરકાર કેટલા યુનિટ વીજળી ખરીદે છે, અને શું ભાવે પ્રતિયુનિટ છે, અને

(૩) આમ છતાં વિદ્યુતમાં કેટલી ખાદ્ય રહે છે ?

**જવાબ**

(૧) ૫૪૯ મે.વો. (૧૩૧.૭૬ લાખ યુનિટ)

(૨) સામેલ પત્રક મુજબ.

(૩) ઉપર ખંડ-૧ માં દર્શાવ્યા પ્રમાણે ૫૪૯ મે.વો.

**પ ત્ર ક**

ડિસેમ્બર-૨૦૦૫ દરમિયાન સરકાર/જીયુવીએનએલ દ્વારા ખાનગી કંપીનીઓ પાસેથી ખરીદ કરવામાં આવેલ વીજળી અને તેના પ્રતિ યુનિટ દર નીચે મુજબ છે.

| ક્રમ | વેચાણકારનું નામ | ખરીદેલ વીજળી મીલીયન યુનિટ | ભાવ/રૂા./ યુનિટ |
|---|---|---|---|
| ૧ | એસ્સાર | ૨૦૦ | ૨.૩૦ |
| ૨ | જીપેક | ૪૫૩ | ૨.૨૦ |
| ૩ | પીટીસીએલ | ૩ | ૩.૨૪ |
| ૪ | એ.ઇ.કંપની | ૯ | ૨.૨૧ |
| ૫ | વીન્ડ ફાર્મ | ૨ | ૧.૮૮ |
| ૬ | કેપ્ટીવ પાવર પ્લાન્ટ | ૩૬ | ૧.૯૨ |
| | કુલ : | ૭૦૩ | |

**વીજ ચોરી પકડવા સરકાર દ્વારા લેવાયેલ પગલાં**

૧૪૬૯૮ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વીજ ચોરી પકડવા માટે શું શું પગલાં હાથ ધર્યા, અને

(૨) રાજ્યમાં કેટલાં વીજ ગ્રાહકોને જિલ્લાવાર પકડવામાં આવ્યા, કેટલી રકમની વસુલાતો કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૧. અધિક પોલીસ મહાનિર્દેશક કક્ષાના આઇપીએસ અધિકારીની નિયામક (સલામતિ) અને મુખ્ય તકેદારી અધિકારી તરીકે નિમણૂંક કરેલ છે.

૨. હળવા દબાણના જોડાણોની ચકાસણી માટે ૬૩ ટુકડીઓ રચેલ છે જે પૈકી ૧૯ ટુકડીઓ નાયબ ઇજનેર કક્ષા અધિકારી અને ૪૪ ટુકડીઓ જુનીયર ઇજનેરના તાબા હેઠળ ગોઠવેલ છે. તેમજ ૧૧ તપાસ ટુકડીઓને ભારે દબાણના જોડાણોની ચકાસણી સોંપેલ છે.

૩. અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગર ખાતે વીજચોરી અને માલસામાન અંગેના ગુન્હાઓ માટે ખાસ પોલીસ સ્ટેશનો ઉભા કરેલ છે જે હાલ કાર્યરત છે.

૪. ઇલે. એકટ, ૨૦૦૩ની કલમ-૧૫૩ હેઠળ દરેક જિલ્લામાં કાયદાની કલમ-૧૩૫ થી ૧૩૯ માં જણાવેલ ગુનાઓના ઝડપી નિકાલ માટે ખાસ અદાલતોની સરકારે રચના કરેલ છે.

(૨) એપ્રિલ-૨૦૦૫ થી જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં રાજ્યમાં કુલ ૭૭૮૪૩ વીજ જોડાણોને, ચકાસણીના અંતે, વીજચોરી તથા અન્ય ગેરરીતિઓમાં પકડવામાં આવેલ છે. અને કુલ રકમ રૂા.૪૬૮૧.૯૯ લાખની વસુલાત કરવામાં આવેલ છે. આ અંગેની જિલ્લાવાર માહિતીનું પત્રક આ સાથે સામેલ છે.

**પ ત્ર ક**

એપ્રિલ-૨૦૦૫ થી જાન્યુઆરી-૨૦૦૬ સુધીમાં વીજચોરી તથા અન્ય ગેરરીતિમાં પકડાયેલ ગ્રાહકોની સંખ્યા તથા વસૂલાતની જિલ્લાવાર માહિતી.

| અ. નં. | જિલ્લાનું નામ | વીજચોરીના અન્ય ગેરરીતિમાં પકડાયેલ ગ્રાહકોની સંખ્યા | વસૂલ કરવામાં આવેલ વીજબીલની રકમ (રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૨૯૮ | ૩૦.૧૧ |
| ૨ | નવસારી | ૧૧૦ | ૫.૦૮ |
| ૩ | ડાંગ | ૩૯ | ૦.૫૫ |
| ૪ | સુરત | ૧૮૧૧ | ૧૦૧.૭૯ |
| ૫ | ભરૂચ | ૧૩૯૯ | ૧૧૫.૨૪ |
| ૬ | નર્મદા | ૫૫૩ | ૧૨.૫ |
| ૭ | વડોદરા | ૪૪૪૦ | ૩૨૪.૩૨ |
| ૮ | આણંદ | ૨૬૬૨ | ૭૪.૭૪ |
| ૯ | ખેડા | ૧૩૮૫ | ૫૧.૦૬ |
| ૧૦ | પંચમહાલ | ૧૩૪૭ | ૨૧.૫૫ |
| ૧૧ | દાહોદ | ૬૦૫ | ૧૨.૯૭ |
| ૧૨ | મહેસાણા | ૨૯૬૩ | ૧૪૬.૭૯ |
| ૧૩ | પાટણ | ૧૬૩૦ | ૧૧૨.૭૬ |
| ૧૪ | ગાંધીનગર | ૨૩૪૫ | ૧૧૦.૨૨ |
| ૧૫ | અમદાવાદ | ૩૮૧૩ | ૧૯૨.૦૯ |
| ૧૬ | સાબરકાંઠા | ૪૧૪૭ | ૧૧૨.૭૨ |
| ૧૭ | બનાસકાંઠા | ૪૮૮૫ | ૧૫૩.૬૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૮ | સુરેન્દ્રનગર | ૧૩૮૨ | ૪૯૮.૮૭ |
| ૧૯ | રાજકોટ | ૧૨૬૫૭ | ૧૦૨૬.૩૩ |
| ૨૦ | પોરબંદર | ૧૮૧૩ | ૧૮૫.૯૬ |
| ૨૧ | જુનાગઢ | ૧૨૪૧ | ૩૨૦.૪૧ |
| ૨૨ | જામનગર | ૪૩૩૯ | ૩૨૮.૦૬ |
| ૨૩ | ભૂજ | ૧૫૧૯૨ | ૧૭૬.૭૮ |
| ૨૪ | ભાવનગર | ૧૭૮૨ | ૩૬૧.૪૫ |
| ૨૫ | અમરેલી | ૫૦૦૫ | ૨૧૪.૯૭ |
| | **કુલ :** | ૭૭૮૪૩ | ૪૬૮૧.૯૯ |

-------------

**પાલીતાણા ખાતે વિદ્યુત બોર્ડના ઇજનેરોના વાર્ષિક અધિવેશનમાં મુખ્ય મંત્રીશ્રી દ્વારા પેકેજની જાહેરાત**

૧૩૮૭૬**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માનનીય મુખ્ય મંત્રીશ્રીએ નવેમ્બર-૨૦૦૫ માં પાલીતાણા ખાતે વિદ્યુત બોર્ડના ઇજનેરોના વાર્ષિક અધિવેશનમાં વીજ ઉર્જા ક્ષેત્રે પુનગઠીત નિગમ અને તેની કંપનીઓને કાર્યક્ષમ બનાવવા રૂા.૧૫,૦૦૦ કરોડના છ વર્ષિય પેકેજની જાહેરાત કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો કઇ કઇ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) જાહેરાતમાં નીચેની વિગતોનો સમાવેશ થાય છે.

(રૂા.કરોડમાં)

૧. રૂા.૬૭૫/- સી.પી.એસ.યુ.બોન્ડ પરનું વ્યાજ સરકારશ્રી ચૂકવશે.

૨. રૂા.૨૯૪/- રૂા.૬૨૩ કરોડની લોનનું શેર મૂડીમાં રૂપાંતર થવાથી વ્યાજની બચત થશે.

૩. રૂા.૮૫૨૯/- ખેતી વિષયક સબસીડી પેટે સરકારશ્રી ચૂકવશે.

૪. રૂા.૮૧૪/- સી.પી.એસ.યુ.બોન્ડની પરત ચૂકવણી સરકારશ્રી કરશે.

૫. રૂા.૩૫૪૦/- નફો કરતા જાહેર સાહસો પાવર ક્ષેત્રમાં મૂડી રોકાણ કરશે.

૬. રૂા.૧૫૦૦/- વીજ માળખું સુગઠિત કરવા મૂડીગત ગ્રાન્ટ સરકારશ્રી આપશે.

**કુલ રૂા.૧૫,૩૫૨/- કરોડ**

-------------

**ધંધુકા અને બરવાળા તાલુકાના ગામોના તળાવ વલ્લભીપુર બ્રાન્ચ કેનાલથી ભરવા બાબત**

૧૫૪૫૦ **શ્રી ભરતભાઈ પંડયા(ધંધૂકા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ ધંધુકાથી પસાર થાય છે. આ કેનાલમાંથી ધંધુકા તાલુકાના અને બરવાળા તાલુકાના કેટલા ગામોના તળાવ ભરવા સરકારે વિચારણા કરી છે ?

**જવાબ**

વલ્લભીપુર શાખા નહેરના પિયત વિસ્તારમાં આવેલ ધંધુકા તાલુકાના ૪૮ ગામોના તળાવ અને બરવાળા તાલુકાના ૧૧ ગામોના તળાવ પાણીની ઉપલબ્ધિ અનુસાર ભરવાનું આયોજન વિચારેલ છે.

-------------

**ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓને તાલીમ માટે વિદેશ પ્રવાસ**

૧૪૧૬૧ **શ્રી હર્ષદભાઈ ચુ. વસાવા(રાજપીપળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યની ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના કેટલા અધિકારીઓને

**જવાબ**

(૧) ત્રણ

છેલ્લા બે વર્ષમાં તાલીમ માટે વિદેશ મોકલવામાં આવ્યા,

(૨) આ તાલીમ કઇ બાબતને લગતી હતી, અને

(૨) ગુન્હાની તપાસ માટે અદ્યતન ટેક્નોલોજી ધરાવતા સાધનોની ઉપયોગીતા અને જાળવણીને લગતી.

(૩) આ તાલીમ પેટે રાજ્ય સરકારે કેટલો ખર્ચ કરેલ છે ?

(૩) કોઇ ખર્ચ કરેલ નથી.

-------------

**કચ્છમાં નર્મદા કેનાલનું કામ શરુ કરવા અંગે**

૧૫૦૦૭ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કચ્છમાં નર્મદા કેનાલનું કામ ક્યારે શરુ કરવામાં આવશે ?

**જવાબ**

કામ શરૂ કરવામાં આવેલ છે.

-------------

**ધારાસભ્યોને મોતની ધમકી ભર્યા ફોન અને રક્ષણ માટેની વ્યવસ્થા**

૧૫૬૮૮ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં રાજ્યના ક્યા ક્યા ચૂંટાયેલા ધારાસભ્યોને મોતની ધમકી ભર્યા ફોન મલ્યા અંગેની કેટલી ફરિયાદ સરકારના ધ્યાને આવી, અને

(૨) આ ધ્યાને આવેલ ફરિયાદ પછી રાજ્ય સરકારે ધારાસભ્યોના રક્ષણ માટે શું વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) છેલ્લા એક વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં માન. મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી તથા માન. ધારાસભ્યો સર્વ શ્રી છબીલભાઇ પટેલ, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી પરસોત્તમભાઇ સોલંકી, શ્રી હિરાભાઇ સોલંકી, શ્રીમતી રમીલાબેન દેસાઇ, શ્રી ભવાનભાઇ ભરવાડ, શ્રી જીતુભાઇ વાઘેલા અને શ્રી પ્રવિણભાઇ એમ. માકડીયાને મોતની ધમકી ભર્યા ટેલીફોનીક ફોન્સ મલ્યા અંગેની કુલ-૯ (નવ) ફરિયાદો સરકારના ધ્યાને આવી છે.

(૨) ફરિયાદો નોંધવામાં આવી છે તેમજ કેટલાક કિસ્સાઓમાં અટકાયતી પગલાં પણ ભરવામાં આવેલ છે. સુરક્ષા તંત્રને એલર્ટ કરી માન.ધારાસભ્યશ્રીઓને યોગ્ય રક્ષણ પુરૂ પાડવા અંગે જરૂરી સૂચનાઓ સરકાર કક્ષાએથી તથા પોલીસતંત્ર કક્ષાએથી આપવામાં આવી છે.

-------------

**ભાવનગર જિલ્લામાં વિવિધ ગુનાઓ અને પકડાયેલ આરોપીઆ**

૧૩૯૫૭ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં ચોરી, ખૂન, લૂંટ-ધાડ અને બળાત્કારના કુલ કેટલા કેસો પોલીસ દફતરે નોંધવામાં આવ્યા, અને

(૨) કેટલા આરોપીઓને પકડી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | | |
|---|---|---|
| ચોરી | - | ૧૧૧૬ |
| ખૂન | - | ૬૬ |
| લૂંટ | - | ૧૬૪ |
| ધાડ | - | ૩૦ |
| બળાત્કાર | - | ૧૪ |
| કુલ | - | ૧૩૯૦ |

(૨) ૧૪૮૦

-------------

## જિલ્લા વાઇઝ નવા વીજ સબસ્ટેશનોની સ્થાપના

૧૪૪૪૬ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા નવા વીજ સબસ્ટેશનો સ્થપાયેલ છે,

(૨) અને તે પૈકી તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા સબસ્ટેશનો ચાલુ કરવામાં આવેલ છે,

(૩) જુનાગઢ જિલ્લાના વેરાવળ, તાલાળા અને સુત્રાપાડા તાલુકામાં નવા વીજ સબસ્ટેશનો ઊભા કરવાની કેટલી રજૂઆત આવેલ છે, અને

(૪) જો હા, તો કેટલા સમયમાં નવા સબસ્ટેશનો મંજૂર થશે ?

**જવાબ**

(૧) ૩૭ સબસ્ટેશનો. જિલ્લાવાર સબસ્ટેશનોનું પત્રક સામેલ છે.

(૨) ઉના તાલુકામાં ૧ (એક) અને વિસાવદર તાલુકામાં ૧ (એક) સબસ્ટેશન ચાલુ કરવામાં આવેલ છે.

(૩) વેરાવળ તાલુકામાં સુપાસી/સિડોકર સુત્રાપાડામાં સીગસર અને તાલાળામાં જસાધાર ખાતે નવું વીજસ્ટેશન ઉભી કરવાની એમ કુલ ૩ (ત્રણ) રજૂઆત મળેલ છે.

(૪) આર્થિક તેમજ તાંત્રિક ચકાસણી હાથ ધરેલ છે. ત્યારબાદ આયોજનમાં સમાવેશ કરી શકાશે.

### પ ત્ર ક

જિલ્લાવાર તા.૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા વીજ સબ-સ્ટેશનો સ્થપાયેલાની માહિતી

| અ.નં. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સબ-સ્ટેશનનું નામ |
|---|---|---|---|
| ૧ | ડાંગ | આહવા | ૬૬ કે.વી સાપુતારા |
| ૨ | સુરત | બારડોલી | ૬૬ કે.વી કડોદ |
| ૩ | સુરત | પલસાણા | ૬૬ કે.વી જોલવા |
| ૪ | ભરૂચ | આમોદ | ૬૬ કે.વી. આમોદ |
| ૫ | વડોદરા | સંખેડા | ૬૬ કે.વી. કોસીન્દ્રા |
| ૬ | દાહોદ | દાહોદ | ૬૬ કે.વી. છાપરી |
| ૭ | આણંદ | ખંભાત | ૬૬ કે.વી. નેજા |
| ૮ | અમદાવાદ | દસક્રોઇ | ૬૬ કે.વી. કુહા |
| ૯ | ગાંધીનગર | કલોલ | ૬૬ કે.વી. વેડા |
| ૧૦ | ગાંધીનગર | કલોલ | ૬૬ કે.વી. મોટી આદરજ |
| ૧૧ | મહેસાણા | કડી | ૬૬ કે.વી. રંગપૂરડા |
| ૧૨ | મહેસાણા | વિસનગર | ૬૬ કે.વી. ભાલક |
| ૧૩ | મહેસાણા | ઉંઝા | ૬૬ કે.વી. દાસજ |
| ૧૪ | સાબરકાંઠા | હિંમતનગર | ૬૬ કે.વી. નીકોડા |
| ૧૫ | સાબરકાંઠા | મોડાસા | ૬૬ કે.વી. શીનાવડ |
| ૧૬ | સાબરકાંઠા | વિજયનગર | ૬૬ કે.વી. વિજયનગર |
| ૧૭ | બનાસકાંઠા | દીઓદર | ૬૬ કે.વી. રૈયા |
| ૧૮ | બનાસકાંઠા | ડીસા | ૬૬ કે.વી. જડીયાળી |
| ૧૯ | બનાસકાંઠા | દાંતીવાડા | ૬૬ કે.વી. જેગોલ |
| ૨૦ | બનાસકાંઠા | ડીસા | ૬૬ કે.વી. દેવસરી (જેનાલ) |
| ૨૧ | પાટણ | રાધનપુર | ૨૨૦ કે.વી. રાધનપુર |
| ૨૨ | પાટણ | ચાણસ્મા | ૬૬ કે.વી. ઝીલીયા (કશની) |
| ૨૩ | પાટણ | પાટણ | ૬૬ કે.વી. રાજપુર (પાટણ) |
| ૨૪ | સુરેન્દ્રનગર | ચોટીલા | ૬૬ કે.વી. તરણેતર |
| ૨૫ | સુરેન્દ્રનગર | વઢવાણ | ૬૬ કે.વી. વઢવાણ |
| ૨૬ | સુરેન્દ્રનગર | લખતર | ૨૨૦ કે.વી. ઢાકી |
| ૨૭ | જામનગર | ખંભાળીયા | ૬૬ કે.વી. ભાડથર |
| ૨૮ | જામનગર | જામનગર | ૬૬ કે.વી. મોટી બાણુગર |
| ૨૯ | જામનગર | લાલપુર | ૬૬ કે.વી. પીપલી |
| ૩૦ | જામનગર | કાલાવડ | ૬૬ કે.વી. નિકાવા |
| ૩૧ | ભાવનગર | બોટાદ | ૬૬ કે.વી. સમઢીયાલા (લાઠીદડ) |
| ૩૨ | અમરેલી | સાવરકુંડલા | ૬૬ કે.વી. આમરડી |
| ૩૩ | અમરેલી | બાબરા | ૬૬ કે.વી. કોટડા પીઠા |
| ૩૪ | અમરેલી | ખાંભા | ૬૬ કે.વી. મોટા સમઢીયાલા |
| ૩૫ | અમરેલી | ધારી | ૬૬ કે.વી. દલખાણીયા |
| ૩૬ | જુનાગઢ | ઉના | ૬૬ કે.વી. કેસરીયા |
| ૩૭ | જુનાગઢ | વિસાવદર | ૬૬ કે.વી. બરડીયા |

------------

**રાજ્યના પ્લેન/હેલીકોપ્ટરનો મંત્રીઓ દ્વારા ઉપયોગ**

૧૪૦૮૨**શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) રાજ્ય સરકાર દ્વારા વસાવાયેલ પ્લેન અને હેલીકોપ્ટરનો છેલ્લા એક નાણાંકીય વર્ષમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ઉડ્ડયનો મંત્રીશ્રી દીઠ કરવામાં આવ્યા, અને

(૧) **પ્રવાસન કરનાર**

| | **માન. મંત્રીશ્રી** | **વિમાન** | **હેલી-કોપ્ટર** | **કુલ** |
|---|---|---|---|---|
| ૧. | મા. મુખ્ય મંત્રીશ્રી | ૨૧ | ૩૭ | ૫૮ |
| ૨. | મા. મંત્રીશ્રી શિક્ષણ | ૧ | - | ૧ |
| ૩. | મા. મંત્રીશ્રી માર્ગ અને મકાન | - | ૧ | ૧ |
| ૪. | મા. રા.ક.મંત્રીશ્રી ગૃહ અને વાહનવ્યવહાર | ૧ | - | ૧ |
| | **કુલ** | **૨૩** | **૩૮** | **૬૧** |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) ૧૪,૨૩,૯૪૪

-------------

**અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કુટિર ઉદ્યોગ માટે લોન-સહાય**

૧૪૨૧૩**શ્રી બાલુભાઈ તંતી(ધારી) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી**(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં કુટિર ઉદ્યોગમાં કેટલા લાભાર્થીઓને બેંકો દ્વારા નાણાંકીય ૨૦૦૪-૦૫ દરમ્યાન લોન-સહાય આપવામાં આવી,

(૧)

| અ. નં. | યોજનાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૫૭૬ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૨૦૪ |
| | કુલ | ૭૮૦ |

(૨) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન આ હેતુ માટે કેટલી અરજીઓ આવેલ, અને

(૨)

| અ. નં. | યોજનાનું નામ | અરજીઓ-ની સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૧૧૮૩ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૪૬૩ |
| | કુલ | ૧૬૪૬ |

(૩) આવેલ અરજીઓમાંથી કેટલી અરજીઓ મંજૂર થઇ અને કેટલા લાભાર્થીને બેંક દ્વારા લોન આપવામાં આવી ?

(૩) આવેલ અરજીઓમાંથી નીચે પ્રમાણે અરજીઓ મંજુર થયેલ છે અને લોન આપવામાં આવેલ છે.

| અ. નં. | યોજનાનું નામ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના | ૫૭૬ |
| ૨ | વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના | ૨૦૪ |
| | કુલ | ૭૮૦ |

-------------

**જૂનાગઢ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ વણકર સહકારી મંડળીઓ**

૧૫૬૮૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા(કેશોદ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ જુનાગઢ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી વણકર ઉત્પાદક સહકારી મંડળીઓ નોંધાયેલ છે,

(૧) જુનાગઢ - ૧૩૮
સુરેન્દ્રનગર-૧૫૬

(૨) નોંધાયેલ પેકી કાર્યરત કેટલી મંડળીઓ છે, અને

(૩) આ વણકર ઉદ્યોગ તથા મંડળીઓના વિકાસ માટેની સરકારશ્રીની કોઇ યોજના હાથ પર છે ?

(૨) જુનાગઢ - ૨૫
સુરેન્દ્રનગર-૪૩

(૩) હા જી, નીચે મુજબ યોજનાઓ છે.

**અ - રાજ્ય સરકારની યોજનાઓ**

(૧) પેકેજ યોજના
(૨) તાલીમ યોજનાઓ
(૩) હાથશાળ સઘન વિકાસ યોજના

**બ- ભારત સરકારશ્રીની યોજનાઓ**

(૧) મહાત્માગાંધી બુનકર વીમા યોજના
(૨) હેલ્થ ઈન્સ્યોરન્સ સ્કીમ
(૩) થ્રીફ્ટ ફંડ યોજના
(૪) દીનદયાળ હાથકરઘા પ્રોત્સાહન યોજના
(૫) મીલગેટ પ્રાઈસ યોજના
(૬) વર્કશેડ કમ હાઉસીંગ સ્કીમ

-------------

## અમરેલી જિલ્લામાં એરપોર્ટ સ્થાપવા માટેની દરખાસ્ત

૧૫૭૦૪ **શ્રી હીરાભાઈ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં એરપોર્ટ સ્થાપવા માટેની કોઇ દરખાસ્ત રાજ્ય સરકાર સમક્ષ આવેલ છે કે કેમ, અને | (૧) એરપોર્ટ નહિ પરંતુ એરસ્ટ્રીપ વિકસાવવા માટેની દરખાસ્ત છે. |
| (૨) આ દરખાસ્ત પર હાલ કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી રહી છે ? | (૨) આ દરખાસ્ત કરનાર ખાનગી કંપની પાસેથી ફિઝીબીલીટી રીપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. |

-------------

## વડોદરાના એસ.આર.પી. ગૃપ-૧ ના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ

૧૪૧૪૯ **શ્રી શંકરભાઈ વી. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોલીસ વેલ્ફેરની ભાવનાને ધ્યાને લઇ રાજ્ય સરકારે પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની સંપૂર્ણ તપાસણીનો મહત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધરેલ હોવાની હકીક્ત ખરી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો એસ.આર.પી., ગૃપ-૧, વડોદરામાં કુલ કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓ તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ ફરજ બજાવે છે અને તે પેકી કેટલા પોલીસ કર્મચારી/અધિકારીઓની આરોગ્યની તપાસ કરવામાં આવી છે ? | (૨) ફરજ બજાવતા ૯૬૯ કર્મચારી/અધિકારીઓ પેકી ૯૩૨ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ કરવામાં આવી છે. |

-------------

## કચ્છ જિલ્લામાં નોંધાયેલ વાહન અકસ્માતના બનાવો

૧૪૭૪૯ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં પ્રત્યેક પોલીસ સ્ટેશનની હદમાં સને ૨૦૦૫ માં કેટલા વાહન અકસ્માતના બનાવો બન્યા, | (૧) ૧૭૧૧ |
| (૨) આ અકસ્માતના બનાવોમાં કેટલાના મૃત્યુ થયા, | (૨) ૨૮૬ |
| (૩) આ અકસ્માતના બનાવોમાં કેટલા આરોપીઓની સામે કાનુની કાર્યવાહી કરી, અને | (૩) ૧૫૫૩ |
| (૪) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા આરોપીઓને પકડવાના બાકી છે ? | (૪) ૩૭ |

-------------

**રાજ્યની માથાદીઠ આવક અને દેવું**

૧૫૦૧૯**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી(અમરેલી): માનનીય મુખ્ય મંત્રીશ્રી(નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા.૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૦૫ તથા ૨૦૦૫-૦૬ માં માથાદીઠ આવક કેટલી છે, અને | (૧) રાજ્યમાં તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ ૨૦૦૪-૦૫માં માથાદીઠ આવક ચાલુ ભાવે રૂ. ૨૮૩૫૫ તથા તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રૂ. ૩૧૯૮૬ હતી. |
| (૨) તે સામે માથાદીઠ દેવું કેટલું છે ? | (૨) તે સામે રાજ્યમાં માથાદીઠ દેવું ૨૦૦૪-૦૫ના વર્ષમાં રૂ. ૧૧૧૪૫ અને તારીખ ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ રૂ. ૧૧૯૦૬ હતું. |

-------------

**સીતાગઢ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન પુનઃ જીવીત કરવા બાબત**

૧૪૩૮૮**શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી(ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સીતાગઢ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન પુનઃ જીવીત કરવાની માંગણી થયેલ છે,<br>(૨) જો હા, તો કેટલા સમયમાં આ બંધ સબસ્ટેશન પુનઃ જીવીત કરવામાં આવશે, અને | (૧) અને (૨) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સીતાગઢ ગામે ૧૩૨/૧૧ કે.વી.નું સબસ્ટેશન ૧૯૯૩થી કાર્યરત છે. તેથી સીતાગઢ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન કરવાનો પ્રશ્ન નથી. |
| (૩) ક્યા ક્યા ગામોને વિજળીની સવલત મળશે? | (૩) ૧૩૨/૧૧ કે.વી. સીતાગઢ સબસ્ટેશન દ્વારા સાયલા, મૂળી, ચોટીલા તાલુકામાં આવેલ ગામોને વીજળીની સવલત પુરી પાડવામાં આવે છે. |

-------------

**ભરૂચ આર.ટી.ઓ. ક્ચેરીની આવક**

૧૪૧૫૧ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વાહન વ્યવહાર ખાતાની ભરૂચ આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આવક કેટલી થઇ, અને | (૧) ભરૂચ આર.ટી.ઓ. ક્ચેરીની છેલ્લા ત્રણ કેલેન્ડર વર્ષની તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ થયેલ આવક. |

| વર્ષ | આવક |
| --- | --- |
| ૨૦૦૩ | રૂા. ૧૯,૬૮,૭૮,૦૦૦/- (ઓગણીસ કરોડ અડસઠ લાખ ઈક્યોતેર હજાર) |
| ૨૦૦૪ | રૂા. ૨૧,૭૪,૨૮,૦૦૦/- (એકવીસ કરોડ ચુમ્મોતેર લાખ અઠ્ઠાવીસ હજાર) |
| ૨૦૦૫ | રૂા. ૨૩,૬૨,૬૫,૦૦૦/- (ત્રેવીસ કરોડ બાસઠ લાખ પાંસઠ હજાર) |

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૨) જો આવકમાં ઘટાડો થયેલ હોય તો તેના કારણો ક્યા ક્યા છે ? | (૨) આવકમાં વધારો થયેલો હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કલ્પસર યોજના માટે નાણાંની ફાળવણી ન થવા અંગે**

૧૫૭૦૬ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) કલ્પસર યોજના માટે રાજ્ય સરકારે વહીવટી વ્યવસ્થા કર્યા છતાં યોજનાની કામગીરી શરૂ કરવા સરકારે નાણાં ફાળવેલ નથી તે વાત સાચી, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેનાં શું કારણો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

## જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવિષ્ટ ગામડા

૧૪૫૮૩ **ડૉ. જીતેન્દ્રભાઈ બા. પટેલ(સાબરમતી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકારનું કેટલા ગામડાને જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાનું આયોજન હતું, અને

(૨) તે પૈકી રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામડાને જ્યોતિગ્રામ યોજના નીચે આવરી લીધાં ?

**જવાબ**

(૧) અને (૨) જ્યોતિગ્રામ યોજનાનું આયોજન નાણાંકીય વર્ષ મુજબ કરવામાં આવે છે. ૨૦૦૩-૦૪ દરમ્યાન ૨૫૦૦ ગામના આયોજન સામે ૨૫૧૬, ૨૦૦૪-૦૫માં ૬૦૦૦ ગામના આયોજન સામે ૬૨૦૩ ગામ આવરી લીધેલ છે. ૨૦૦૫-૦૬ દરમ્યાન ૯૩૩૬ ગામોની સામે તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ૫૮૨૯ ગામો આવરી લીધેલ છે, અને તા. ૧૯-૨-૨૦૦૬ સુધીમાં રાજ્યના કુલ ૧૮૦૬૫ ગામો પૈકી ૧૫૮૭૬ ગામોને આવરી લીધેલ છે, જિલ્લાવાર ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ યાદી પત્રકમાં સામેલ છે.

**જ્યોતિગ્રામ યોજના હેઠળ જીલ્લાવાર વીજળીકરણ થયેલ ગામોની માહિતી.**

| અ.નું. | જિલ્લાનું નામ | યોજનાની શરૂઆતથી ૩૧-૧૨-૨૦૦૫ સુધી જ્યોતિગ્રામ યોજના હેઠળ થયેલ ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫૪૫ |
| ૨. | અમરેલી | ૫૦૦ |
| ૩. | આણંદ | ૩૫૦ |
| ૪. | બનાસકાંઠા | ૧૨૨૩ |
| ૫. | ભરૂચ | ૪૧૭ |
| ૬. | ભાવનગર | ૬૧૬ |
| ૭. | દાહોદ | ૬૧૨ |
| ૮. | ડાંગ | ૩૦૫ |
| ૯. | ગાંધીનગર | ૨૯૧ |
| ૧૦. | જામનગર | ૫૫૬ |
| ૧૧. | જુનાગઢ | ૭૩૮ |
| ૧૨. | ખેડા | ૬૧૧ |
| ૧૩. | કચ્છ | ૮૬૭ |
| ૧૪. | મહેસાણા | ૫૯૩ |
| ૧૫. | નર્મદા | ૨૧૭ |
| ૧૬. | નવસારી | ૨૮૩ |
| ૧૭. | પંચમહાલ | ૭૧૧ |
| ૧૮. | પાટણ | ૫૧૭ |
| ૧૯. | પોરબંદર | ૧૩૭ |
| ૨૦. | રાજકોટ | ૭૧૪ |
| ૨૧. | સાબરકાંઠા | ૧૩૬૬ |
| ૨૨. | સુરત | ૬૪૭ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૬૦૭ |
| ૨૪. | વડોદરા | ૭૭૬ |
| ૨૫. | વલસાડ | ૩૪૯ |
| | **કુલ** | **૧૪૫૪૮** |

-------------

**વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ અંતર્ગત થયેલ એમ.ઓ.યુ.**

૧૫૨૫૯ **ડૉ. દિનેશ પરમાર (જામનગર (રુરલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ હેઠળ તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં કઇ કઇ કંપનીઓએ ક્યા ક્યા ક્ષેત્રમાં એમ.ઓ.યુ. કરેલ છે, | (૧) વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૫ હેઠળ તારીખ ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યમાં ૨૨૬ કંપનીઓએ નીચે જણાવેલ ક્ષેત્રમાં એમ.ઓ.યુ. /* જાહેરાતો કરેલ છે. જેની વિગત પરિશિષ્ટ-૧* ઉપર છે.<br>**ઉદ્યોગક્ષેત્રો**<br>(૧) કૃષિ આધારિત ઉદ્યોગો (૨) પાવર (૩) ઓઈલ અને ગેસ (૪) ઈમર્જીંગ ટેક્નોલોજી (ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અને બાયો ટેક્નોલોજી) (૫) પ્રવાસન (૬) શહેરી વિકાસને લગતા પ્રોજેકટો (૭) કેમીકલ્સ (૮) ટેક્ષટાઈલ અને એપેરલ (૯) બંદર આધારિત પ્રોજેકટો (૧૦) આંતર માળખાકીય સુવિધાઓને લગતા રેલ્વે (૧૧) એન્જીનીયરીંગ અને ઓટોમોબાઈલ્સ (૧૨) અન્ય ક્ષેત્રો. |
| (૨) આ એમ.ઓ.યુ. માં કેટલા કરોડ રૂપિયાના રોકાણ થયેલ છે, અને | (૨) કુલ રૂા. ૧,૦૬,૧૬૦ કરોડના મૂડીરોકાણની દરખાસ્તો મળેલ છે. જે પૈકી રૂા. ૮૭૭૮૮ કરોડના ૧૬૧ પ્રોજેકટો અમલીકરણના વિવિધ તબકકામાં છે અને રૂા. ૭૭૮૭ કરોડના ૪૨ પ્રોજેકટો ઉત્પાદનમાં આવેલ છે. |
| (૩) આ રોકાણોમાં સામાજિક પછાત વર્ગોના કલ્યાણ માટે કોઇ રોકાણ થયેલ છે કે કેમ ? | (૩) આ રોકાણોથી સીધી કે આડકતરી રીતે ઉભી થનાર રોજગારીથી તેમજ આંતર માળખાકીય સુવિધાઓમાં થતા સુધારાથી તેમજ આ રોકાણોથી થનાર ઉત્પાદન પરથી સરકારને મળનાર આવકના લીધે સામાજીક પછાત વર્ગોનું કલ્યાણ થઈ શકશે. |

( * પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------------

**જ્યોતિગ્રામ યોજના હેઠળ રેવન્યુ વિલેજને મળતો લાભ**

૧૪૪૭૩ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા(પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ રાજ્યના જિલ્લાવાર કેટલા રેવન્યુ વિલેજને લાભ આપવામાં આવેલ છે ? | તા. ૩૧-૧૨-૨૦૦૫ ની સ્થિતિએ જ્યોતિગ્રામ યોજના હેઠળ લાભ મળેલ ૧૪૫૪૮ ગામોની જિલ્લાવાર વિગતો સામેલ પત્રક મુજબ છે. તથા તારીખ ૧૯-૨-૨૦૦૬ ની સ્થિતિએ રાજ્યમાં ૧૫૮૭૬ ગામોને લાભ આપવામાં આવેલ છે. |

**પત્રક**

| જ્યોતિગ્રામ યોજના હેઠળ જિલ્લાવાર વીજળીકરણ થયેલ ગામોની માહિતી | | | |
|---|---|---|---|
| અનુ. નં. | જિલ્લાનું નામ | ગામની સંખ્યા | યોજનાની શરૂઆતથી ૩૧-૧૨-૨૦૦૫ સુધી જ્યોતિગ્રામ યોજના હેઠળ થયેલ ગામોની સંખ્યા |
| ૧ | અમદાવાદ | ૫૪૬ | ૫૪૫ |
| ૨ | અમરેલી | ૬૧૫ | ૫૦૦ |
| ૩ | આણંદ | ૩૫૦ | ૩૫૦ |
| ૪ | બનાસકાંઠા | ૧૨૪૩ | ૧૨૨૩ |
| ૫ | ભરૂચ | ૬૫૭ | ૪૧૭ |
| ૬ | ભાવનગર | ૭૯૦ | ૬૧૬ |
| ૭ | દાહોદ | ૬૯૩ | ૬૧૨ |
| ૮ | ડાંગ | ૩૧૧ | ૩૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ગાંધીનગર | ૨૯૧ | ૨૯૧ |
| ૧૦ | જામનગર | ૬૯૮ | ૫૫૬ |
| ૧૧ | જુનાગઢ | ૯૨૩ | ૭૩૮ |
| ૧૨ | ખેડા | ૬૧૨ | ૬૧૧ |
| ૧૩ | કચ્છ | ૮૮૬ | ૮૬૭ |
| ૧૪ | મહેસાણા | ૫૯૩ | ૫૯૩ |
| ૧૫ | નર્મદા | ૫૫૨ | ૨૧૭ |
| ૧૬ | નવસારી | ૩૭૪ | ૨૮૩ |
| ૧૭ | પંચમહાલ | ૧૨૦૧ | ૭૧૧ |
| ૧૮ | પાટણ | ૫૧૭ | ૫૧૭ |
| ૧૯ | પોરબંદર | ૧૮૨ | ૧૩૭ |
| ૨૦ | રાજકોટ | ૮૪૪ | ૭૧૪ |
| ૨૧ | સાબરકાંઠા | ૧૩૭૨ | ૧૩૬૬ |
| ૨૨ | સુરત | ૧૧૬૭ | ૬૪૭ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૬૫૦ | ૬૦૭ |
| ૨૪ | વડોદરા | ૧૫૪૮ | ૭૭૬ |
| ૨૫ | વલસાડ | ૪૫૦ | ૩૪૯ |
| | કુલ | ૧૮૦૬૫ | ૧૪૫૪૮ |

-------------

**નવી એસ.ટી. બસો ખરીદવા અંગે**

૧૫૬૬૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) એસ.ટી. નિગમની સેવાઓ વધુ અસરકારક અને વ્યાપક બને તે માટે રાજ્ય સરકાર નવી બસોની ખરીદી કરવા માગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને કેટલી બસો ખરીદ કરવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૦૫-૦૬માં ૨૦૦ સી.એન.જી.અને ૧૦૦૦ ડીઝલ બસો ખરીદ કરવા આયોજન કરેલ છે. જે પૈકી ૧૯૫ સી.એન.જી. અને ૨૫૭ ડીઝલ બસો સંચાલનમાં મુકી છે.

વર્ષ ૨૦૦૬-૦૭માં આશરે ૧૦૦૦ બસો ખરીદ કરવા આયોજન કરેલ છે.

-------------

**મહુવા તાલુકાના ખેડૂતોને ભૂંડ દ્વારા અતિશય ત્રાસ અંગે લીધેલા પગલાં**

૧૪૩૩૩ **ડૉ.કનુભાઇ કળસરિયા(મહુવા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના ગામડાઓમાં તાજેતરમાં ભૂંડનો અતિશય ત્રાસ અને ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકશાનની હકીક્ત સાચી છે,

(૨) બહારના ધંધાદારી તત્વો ભૂંડના બચ્ચાંઓને ગામડાઓમાં ઉતારી જાય છે અને એ રીતે ભૂંડના વંશનો ઉછેર ગામડામાં થયા પછી ક્તલખાને લઇ જાય છે તે સાચું છે, અને

(૩) જો હા, તો સરકાર આ માટે વિશેષ શાં પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) હા, જી.

(૩) સન ૨૦૦૫ના વર્ષમાં પોલીસ દ્વારા જિલ્લામાં જુદી જુદી જ્ગ્યાએ ભૂંડની હેરફેર કરતા ઈસમો સામે મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૬૦ હેઠળ કાયદેસર કાર્યવાહી કરી ૧૦૩ ભૂંડ જીવતા પકડવામાં આવેલ છે.

વધુમાં લોકદરબાર ગ્રામ પંચાયત અને પ્રેસ નોટ દ્વારા ભૂંડના ત્રાસ તેમજ ભૂંડે કરેલ નુકશાન અંગે રજૂઆત કરવા જાહેરાત કરેલ છે.

-------------

**રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણોની આવેલી દરખાસ્તો**

૧૩૮૨૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૫-૨૦૦૬ના નાણાંકીય વર્ષમાં ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં રાજ્યમાં ઓદ્યોગિક મૂડી રોકાણ માટેની કેટલી દરખાસ્તો મળી, | (૧) ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં ડિસેમ્બર-૨૦૦૫ સુધીમાં નવા ઉદ્યોગો માટે રૂા. ૭૧.૮૦૫ કરોડના રોકાણવાળી ૬૩૭ દરખાસ્તો (એલઓઆઈ + એલઓપી + આઈ ઈએમ) પ્રાપ્ત થયેલ છે.<br>--લઘુ ઉદ્યોગ નોંધણી મુજબ<br>--૬૭૧૭ (મૂડી રોકાણ રૂા. ૪૨૦.૪૫ કરોડ) |
| (૨) આ મૂડી રોકાણથી કેટલા જિલ્લાઓમાં ઉદ્યોગો ક્યારે શરુથશે ? | (૨) આ મૂડી રોકાણથી રાજ્યમાં ડાંગ સિવાયના સર્વે ૨૪ જિલ્લાઓમાં ઉદ્યોગો શરૂ થશે. આ ઉદ્યોગો સમયાંતરે શરૂ થશે. |

-------------

**અમદાવાદ તથા સુરત જેવા મોટા શહેરોમાંથી બિનવારસી ગાયોને કતલખાને જતી બચાવવા અંગે**

૧૫૬૪૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર(ભૂજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ તથા સુરત શહેરોમાં ફરતી બિનવારસી ગાયોને કતલખાનામાં જતી બચાવવા તથા તેના સંરક્ષણ માટે કોઇ આયોજન સરકારશ્રીએ કર્યુ છે કે કેમ, | (૧) અમદાવાદ તથા સુરત શહેરોમાં, ફરતી બિન વારસી ગાયોને કતલખાને જતી બચાવવા અંગેનો કોઈ ગુન્હો નોંધાયેલ નથી.<br>ગોવંશ પ્રાણીઓની ગેરકાયદે હેરાફેરી તથા કતલ અટકાવવા માટે શહેર પાલીસ દ્વારા પેટ્રોલીંગ અને નાકાબંધી ગોઠવવામાં આવે છે. સ્વેચ્છિક સંસ્થાઓ તરફથી આ પ્રકારની માહિતી પૂરી પાડવામાં આવે તો તેવા પ્રસંગે આરોપીની અટક કરી ગો વંશને બચાવીને તેને પાંજરાપોળ ખાતે મોકલવાની કાર્યવાહી કરવામાં આવે છે.<br>આવા કિસ્સામાં જવાબદાર વિરૂધ્ધ પ્રાણી ક્રૂરતા નિવારણ અધિનિયમ, ૧૯૬૦, મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ, ૧૯૫૪ અને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની સંબંધિત જોગવાઈઓ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે, અને | (૨) કોઈ ગુનો નોંધાયેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેના અમલની જવાબદારી કોને સોંપાઇ છે ? | (૩) બિનવારસી/રખડતા ઢોર પકડવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક ઢોર ત્રાસ અંકુશ વિભાગ હાલમાં કાર્યરત છે. ગૃહ વિભાગ દ્વારા પણ શહેર વિસ્તારમાં રખડતા ઢોર પકડવાની તથા પકડાયેલ ઢોરને પાંજરાપોળ ખાતે મોકલવાની કાર્યવાહી કરવામાં આવે છે. શહેર પોલીસ દ્વારા ઢોર ત્રાસ અંકુશ વિભાગને સ્થાનિક પોલીસ તથા એસ.આર.પી. અને મોબાઈલ વાહન સહિતનો પોલીસ બંદોબસ્ત આપવામાં આવે છે. |

-------------

**શિવરાજપુર ગામે આવેલ મેંગેનીઝની ખાણ ચાલુ કરવા અંગે**

૧૫૬૮૧ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર(હાલોલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં શિવરાજપુર ગામે આવેલ મેંગેનીઝની ખાણ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બંધ છે તે શરુ કરવા માંગો છો કે કેમ, અને | (૧) હા, જી. પંચમહાલ જિલ્લામાં હાલોલ તાલુકામાં શીવરાજપુર ખાતે મેંગેનીઝની ખાણ રાજ્ય સરકારના જાહેર સાહસ મે.જી.એમ.ડી.સી.લી. દ્વારા શરૂ કરવાની કાર્યવાહી હાથ ઉપર છે. |
| (૨) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) મે. ગુજરાત ખનીજ વિકાસ નિગમ લી. ને સરકારશ્રીના હુકમ નં. : એમ.સી.આર-૧૦૦૫-૧૮૭૪-છ, તા. ૨૫-૧૦-૦૫ના રોજ છ માસ માટે વર્ક પરમીટ મંજુર કરવામાં આવેલ છે. |

-------------

**શિહોર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ અને બાકી ગામો**

૧૫૬૯૫ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શિહોર તાલુકામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના નીચે વિજળી આપવામાં આવે છે, | (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ૬૮ ગામો તથા તા. ૨૨-૨-૦૬ સુધીમાં તમામ ૭૮ ગામોને જ્યોતિગ્રામ યોજનાનો લાભ આપવામાં આવેલ છે, |
| (૨) કેટલા ગામોમાં જ્યોતિગ્રામ યોજના નીચે જોડવાના બાકી છે, અને | (૨) શૂન્ય, |
| (૩) બાકી ગામોને કેટલા સમયમાં જ્યોતિગ્રામ યોજના નીચે વિજળી આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કલ્પસર યોજના અંગેનો ખર્ચ અને કામગીરી**

૧૫૦૧૦ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (કલ્પસર પ્રભાગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કલ્પસર યોજના અંતર્ગત પ્રાથમિક સર્વેક્ષણ પૂર્ણ થયા પછી વચગાળાના અહેવાલના અભ્યાસ અંગેની શી સ્થિતિ છે, | (૧) વિસ્તૃત યોજનાકીય અહેવાલ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. |
| (૨) બંને પ્રકારના સર્વેક્ષણ અને અભ્યાસ પાછળ કેટલો ખર્ચ થયો, અને | (૨) આવિક્ષણ અહેવાલ, પુર્વ શક્યતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસો પાછળ કુલ રૂા. ૧૮.૨૬ કરોડનો ખર્ચ થયેલ છે. તથા પુર્ણ શક્યતાદર્શી વિસ્તૃત યોજનાકીય અહેવાલ તેયાર કરવા માટેના ભુમિ સર્વેક્ષણ અને દરિયાઈ સર્વેક્ષણ પાછળ તા. ૩૧-૧-૦૬ સુધીમાં રૂા. ૫.૬૫ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૩) યોજના અંગેની શક્યતાઓની શી પરિસ્થિતિ છે ? | (૩) પુર્વ શક્યતાદર્શી અહેવાલ અને છ વિશિષ્ટ અભ્યાસોનું તારણ એ છે કે યોજના તાંત્રિક રીતે સક્ષમ છે. |

-------------

**જી.એસ.પી.સી. દ્વારા તેલના કુવાનું સારકામ**

૧૫૬૭૬ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્ય સરકારની ગુજરાત સ્ટેટ પેટ્રોલીયમ કોર્પોરેશન લી. દ્વારા તેલ અને ગેસના કેટલા કુવાનું શારકામ કરવામાં | (૧) જી.એસ.પી.સી દ્વારા ઓપરેટર અને નોન ઓપરેટર તરીકે તેલ અને ગેસના કુલ ૬૫ કુવાનું શારકામ કરવામાં આવ્યું. |

આવ્યું,

(૨) કેટલી સફળતા પ્રાપ્ત થઇ, અને

(૩) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ વાર્ષિક કેટલા ઘન મીટર ગેસનું ઉત્પાદન મેળવવામાં આવે છે ?

(૨) ૪૬ કુવામાં

(૩) ૧૪૧૬.૬ મિલિયન ક્યુબિક મીટર

-------------

## નર્મદા યોજનાની મુખ્ય કેનાલનું કામ

૧૫૬૭૯ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) નર્મદા યોજનાની મુખ્ય કેનાલ ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ કેટલી પૂર્ણ થઈ છે? | (૧) ૩૮૩.૩૯૦ કિ.મી. |
| (૨) બાકીની મુખ્ય કેનાલ કેટલા કિ.મી. લંબાઈની બનાવવાની બાકી છે ? | (૨) ૭૪.૯૨૮ કિ.મી. |
| (૩) આ કામ કેટલા સમયમાં પૂર્ણ થશે, અને | (૩) ડીસેમ્બર, ૨૦૦૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, પરંતુ રાજસ્થાન સરહદ સુધી પાણી જૂન-૨૦૦૬ સુધીમાં વહેવડાવવાનું આયોજન છે. |
| (૪) તેનો અંદાજીત ખર્ચ કેટલો થશે ? | (૪) રૂા. ૫૭૫ કરોડ. |

-------------

## સૂરત જિલ્લામાં વાહનોની નોંધણી

૧૫૬૭૩ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ(ઓલપાડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૪-૨૦૦૫ તથા ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ સૂરત જિલ્લામાં કેટલા વાહનોની નોંધણી થઈ અને કેટલી આવક થઈ, અને

(૨) તે પૈકી સૂરત શહેર અને બારડોલી ક્ચેરીમાં કેટલા વાહનોની નોંધણી થઈ અને કેટલી આવક થઈ ?

**જવાબ**

(૧)

| વર્ષ | નોંધાયેલ વાહનો | આવક (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧,૧૯,૫૬૯ | ૯૫૬૭.૪૧ |
| ૨૦૦૫-૦૬ | ૯૮,૪૩૯ | ૮૨૩૩.૯૧ |
| કુલ :- | ૨,૧૮,૦૦૮ | ૧૭૮૦૧.૩૨ |

(૨) સૂરત ક્ચેરી

| વર્ષ | નોંધાયેલ વાહનો | આવક (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧,૦૬,૬૭૨ | ૮૨૦૧.૫૯ |
| ૨૦૦૫-૦૬ | ૮૭,૭૧૧ | ૭૦૮૪.૪૪ |
| કુલ :- | ૧,૯૪,૩૮૩ | ૧૫૨૮૬.૦૩ |

બારડોલી ક્ચેરી

| વર્ષ | નોંધાયેલ વાહનો | આવક (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧૨,૮૯૭ | ૧૩૬૫.૮૨ |
| ૨૦૦૫-૦૬ | ૧૦,૭૨૮ | ૧૧૪૯.૪૭ |
| કુલ :- | ૨૩,૬૨૫ | ૨૫૧૫.૨૯ |

------------

## રાજ્યમાં બારમા નાણા પંચની ગ્રાન્ટની મળેલ રકમ અને થયેલ ખર્ચ

૧૫૬૯૨ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારને તા. ૩૧-જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ ૧૨ મા નાણા પંચની ગ્રાન્ટની કુલ કેટલી રકમો વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન મળી,

(૨) તે પૈકી રાજ્યના ક્યા ક્યા વિભાગમાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવેલ છે, અને

(૩) તે પૈકી કેટલી રકમો ખર્ચવામાં આવી ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારને તા. ૩૧-જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ ૧૨મા નાણા પંચની ગ્રાન્ટની કુલ રૂા. ૨૬૫૩.૧૫ કરોડની રકમ વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન મળેલ છે,

(૨) કેન્દ્રીય કરવેરાના રાજ્યના હિસ્સાની ફાળવણી વિભાગવાર થતી નથી. તે સિવાય અન્ય ગ્રાન્ટની રકમની વિભાગવાર નીચે મુજબની ફાળવણી કરવામાં આવેલ છે.

| વિભાગનું નામ | રકમ (રૂા. કરોડમાં) |
|---|---|
| પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૯૩.૧૦ |
| મહેસૂલ વિભાગ | ૯૨.૨૫ |
| શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | ૪૧.૪૦ |
| વન અને પર્યાવરણ વિભાગ | ૪.૦૦ |

(૩) બધી જ રકમ ખર્ચવામાં આવી છે.

-------------

## સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ કચેરીમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના અધિકારીઓની બદલી અંગે

૧૫૬૪૭ **શ્રી ધનરાજભાઈ કેલા(વઢવાણ)** : **માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ કચેરી હેઠળ વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના કેટલા અધિકારીઓ છે,

(૨) આ અધિકારીઓ કેટલા સમયથી એક જ જગ્યા ઉપર છે, અને

(૩) ક્યા કારણોસર તેમની બદલી કરાતી નથી?

**જવાબ**

(૧) વર્ગ-૧ ના ૦૫
વર્ગ-૨ ના ૦૭
વર્ગ-૩ ના ૩૧

(૨)

| વર્ગ | સમયગાળો | | | | |
|---|---|---|---|---|---|
| | ૬ માસ સુધીના | ૬ માસથી ૧વર્ષ સુધીના | ૧ વર્ષથી ૨વર્ષ સુધીના | ૨ વર્ષથી ૩વર્ષ સુધીના | ૩ વર્ષ ઉપરના |
| વર્ગ-૧ | -- | ૦૨ | ૦૧ | ૦૨ | -- |
| વર્ગ-૨ | ૦૨ | ૦૩ | ૦૨ | -- | -- |
| વર્ગ-૩ | ૧૪ | ૦૮ | ૦૫ | ૦૨ | ૦૨ |

(૩) વહીવટી અને જાહેર હિતને ધ્યાને લઈને બદલી કરવામાં આવે છે.

-------------

## રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો

૧૫૬૫૭ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા ગામો પૂર્ણ કરવામાં આવેલ છે,

(૨) બાકી રહેતાં ગામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના પાછળ કેટલું ખર્ચ થવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ સુધીમાં ૧૫૫૮૨ ગામો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ તા. ૧૯-૨-૨૦૦૬ સુધીમાં ૧૫૮૭૬ ગામોની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

(૨) બાકી રહેતા ૨૪૮૩ ગામોને તા. ૩૧-૩-૨૦૦૬ સુધીમાં પુરૂ કરવાનું આયોજન છે.

(૩) અંદાજે કુલ રૂા. ૧૧૬૩ કરોડ.

-------------

## રાજ્યમાં થયેલ વધારાની વીજળીનું ઉત્પાદન

૧૪૨૩૫ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા(રખિયાલ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નાણાકીય વર્ષ ૨૦૦૨-૦૩, ૨૦૦૩-૦૪ અને ૨૦૦૪-૦૫ દરમ્યાન રાજ્યમાં વધારાનું કેટલા મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવ્યું,

(૨) ડીસે. ૦૫ ની સ્થિતિએ રાજ્યમાં માંગ અને પુરવઠાની તુલનામાં કુલ કેટલા મે.વોટ વીજળીની ખાદ્ય છે,

(૩) માંગ અને પુરવઠા વચ્ચેની ખાદ્ય અને આગામી એક વર્ષની નવી માંગ મળીને કુલ કેટલા મે.વોટ વીજળીની માંગ થવા અંદાજ છે, અને

(૪) તે સામે કેટલા મેગાવોટ વીજળી ઉત્પાદન કરવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો

| | |
|---|---|
| ૨૦૦૨-૦૩ | -શૂન્ય |
| ૨૦૦૩-૦૪ | ૧૦૭ મે.વો. |
| ૨૦૦૪-૦૫ | ૨૦૭ મે.વો. |

(૨) ૮૭૧૯ મે.વો. વીજ માંગ
૮૧૭૦ મે.વો. વીજ પુરવઠો
૫૪૯ મે.વો. વીજ ખાદ્ય

(૩) મહત્તમ સમયની વીજ માંગ ૯૭૯૧ મે.વોટ થવા અંદાજ છે.

(૪) કુલ ૯૩૬૮ મે. વોટ ક્ષમતા થવા અંદાજ છે.

-------------

## વર્ગ-૧ માંથી વર્ગ-૧ માં પ્રમોશન માટે થયેલ ઠરાવ બાબત

૧૫૬૯૮**ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારે સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કર્મચારીઓના વર્ગ-૧ માંથી વર્ગ-૧માં પ્રમોશનો માટે કોઈ નવા પરિપત્રો બહાર પાડયા છે તે હકીક્ત સાચી છે, અને

(૨) એનો અમલ પ્રમોશન માટે પરિપત્ર બહાર પાડયા પછીના સી. આર. ધ્યાને લેવા માંગે છે કે પછી કર્મચારીઓના જુના સી. આર.માં પણ આ પરિપત્ર લાગુ પાડવા માંગે છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૯-૧૦-૦૫ના ઠરાવ મુજબ વર્ગ-૧ની જગ્યા ઉપરથી વર્ગ-૧ની ઉપલી જગ્યા પર બઢતી માટે તરત પહેલાંના આઠ વર્ષના ખાનગી અહેવાલ ધ્યાને લેવાના થાય છે.

-------------

**ભાવનગર જિલ્લામાં વેચાણ વેરામાંથી મુક્તિ મળેલ ન હોય તેવા યુનિટોને મુક્તિ આપવા અંગે**

૧૫૬૮૯ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વેચાણવેરા મુક્તિની માંગણી કરનાર પેકી ભાવનગર જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ મુક્તિ આપવામાં ન આવી હોય અગર અંશતઃ આપવામાં આવી હોય તેવા યુનિટો કેટલા છે, અને | (૧) ૮ એકમો |
| (૨) તે પેકી ગુજરાત હાઈકોર્ટમાં દાદ માંગનાર યુનિટો કેટલા? | (૨) ૩ એકમો |

-------------

**કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં પડેલા ગાબડાં**

૧૪૩૬૦ **શ્રી બળદેવજી ચં. ઠાકોર(કડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ગાબડાં પડવાથી ખેડૂતો અને આજુબાજુની જનતાને નુકશાન થવા અંગેની સરકારને કેટલી ફરિયાદો મળી, | (૧) બે |
| (૨) અસરગ્રસ્ત ખેડૂતો પેકી કેટલા ખેડૂતોને કેટલું વળતર ચુકવવામાં આવ્યું, | (૨) અસરગ્રસ્ત ખેડૂતોને થયેલ નુકશાનની સ્થળ ચકાસણી પૂર્ણ કરવામાં આવી છે. હવે નુકશાનનાં અંદાજો ચકાસવામાં આવી રહેલ છે જે પૂર્ણ થતાં ચુકવણું કરવામાં આવશે. |
| (૩) વળતર ચુકવવાનું કેટલું બાકી છે, વળતર બાકી રહેવાના કારણો શા છે, | (૩) ઉપર મુજબ |
| (૪) આ ગાબડાં નબળાં બાંધકામને કારણે પડેલ છે તે વાત સાચી છે, અને | (૪) કામની જરૂરિયાત પ્રમાણેનું બાંધકામ થયેલ ન હોવાથી ગાબડાં પડેલ હતાં. |
| (૫) જો હા, તો આ અંગે જવાબદાર સામે શા પગલાં ભર્યા? | (૫) તપાસના નિષ્કર્ષ પ્રમાણે જવાબદારો સામે શિસ્તવિષયક કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કામ કરનાર એજન્સીને તેમના હિસાબે અને જોખમે નિયત ધોરણ મુજબનું કામ કરી આપવા ફરજ પાડવામાં આવી છે. |

-------------

**વોન્ટેડ આરોપી હાજી ઈસ્માઈલ ઠાર થવા અંગે**

૧૫૬૬૦ **શ્રી ગણપતભાઈ વે. વસાવા(માંગરોળ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કુખ્યાત દાણચોર અને વોન્ટેડ આરોપી હાજી ઈસ્માઈલ તાજેતરમાં પોલીસ સાથેની ઝપાઝપીમાં ઠાર મરાયેલ હોવાની હકિકત ખરી છે કે કેમ, અને | (૧) હા, જી. |

(૨) જો હા, તો આ દાણચોર ક્યા ક્યા અને કેટલા ગુન્હામાં સંડોવાયેલ હતો?

(૨) ટાડા એકટ, એક્સપ્લોઝીવ એકટ, એક્સપ્લોઝીવ સબસ્ટન્સ એકટ અને હથિયાર ધારા વગેરે ગુનામાં સંડોવાયેલ હતો, કસ્ટમના દાણચોરીના પાંચ કેસોમાં, એનડીપીએસ એકટ, હેઠળના એક કેસમાં તથા ડી.સી.બી. બાન્દ્રા મુંબઈ આર્મ્સ એકટના એક કેસમાં આ દાણચોર વોન્ટેડ હતો.

-------------

**નર્મદા ડેમની ઊંચાઈ વધારવાની કામગીરી**

૧૪૯૮૬ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા ડેમના બાંધકામમાં ઊંચાઈ વધારવાની મંજૂરી છેલ્લે કઈ તારીખે મળી, અને કેટલી ઊંચાઈ વધારવાની મંજૂરી મળી, | (૧) તા : ૧૬-૩-૨૦૦૪<br>૧૦૦ મીટરથી ૧૧૦.૬૪ મીટર સુધી ઊંચાઈ વધારવાની. |
| (૨) ત્યારબાદ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી ઊંચાઈ વધારવાની કામગીરી પૂરી કરવામાં આવી, અને | (૨) ૧૧૦.૬૪ મીટર સુધી |
| (૩) હવે ક્યા પ્રકારની કામગીરી બાકી છે અને ક્યારે પૂરી કરવામાં આવશે? | (૩) હવે નીચે દર્શાવ્યા મુજબની કામગીરી કરવાની રહે છે.<br>(ક) ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટર સુધી ઊંચાઈ વધારવી,<br>(ખ) ૧૨૧.૯૨ મીટરના સ્તરે દરવાજા ગોઠવવા અને,<br>(ગ) ડેમની છલતીની ઉપરના પુલની કામગીરી નર્મદા કંટ્રોલ ઓથોરીટીની મંજૂરી મળેથી, ઉપરોક્ત કામગીરી મંજૂરી મુજબ પૂર્ણ કરવામાં આવશે. |

-------------

**રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી મળેલ અનુદાન**

૧૪૦૬૨ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(ભાદરણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી યોજના બહારનું અનુદાન, અન્ય આયોજન અનુદાન, ઉચ્ચક અનુદાન અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે કુલ કેટલી રકમો પ્રાપ્ત થઈ, | (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક નાણાકીય વર્ષમાં રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી યોજના બહારનું અનુદાન, અન્ય આયોજન અનુદાન, ઉચ્ચક અનુદાન અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે કુલ રૂા. ૫૧૨૮.૭૩ કરોડની રકમો પ્રાપ્ત થઈ, |
| (૨) આમાંથી વિદેશી લોનો કેટલી રકમની હતી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ લોનો કેટલી રકમના વ્યાજે લેવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાજ્યમાં આવેલ સાયન્સ સીટી**

૧૫૬૫૦ **શ્રી અમીત ચાવડા(બોરસદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજ્યમાં સાયન્સ સીટી ક્યા ક્યા સ્થળોએ બનાવેલ છે, અને કેટલા ખર્ચે | (૧) રાજ્યમાં સાયન્સ સીટી મોજે, ભાડજ, તા. દસક્રોઈ, જિ. અમદાવાદ ખાતે બનાવેલ છે. અત્યાર સુધીમાં કુલ રૂા. ૧૧૩.૯૭ કરોડનો ખર્ચ થયેલ છે. |
| (૨) સાયન્સ સીટી બનાવવાનો હેતુ શો છે, | (૨) મુખ્ય હેતુ વૈજ્ઞાનિક શિક્ષણ પૂરૂ પાડવાનો તથા સમાજમાં વિજ્ઞાનનો ફેલાવો કરવો અને સામાન્ય જનમાનસમાં વૈજ્ઞાનિક તર્ક બદ્ધ અભિગમ જાગૃત કરવાનો છે. |
| (૩) પ્રતિ વર્ષે તેની પાછળ કેટલો ખર્ચ થાય છે, | (૩) |

| નાણાકીય વર્ષ | ખર્ચ (રૂ. કરોડમાં) |
| --- | --- |
| ૧૯૯૯-૨૦૦૦ | ૦૦.૪૫ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૨૯.૦૦ |
| ૨૦૦૧-૨૦૦૨ | ૧૦.૦૦ |
| ૨૦૦૨-૨૦૦૩ | ૧૨.૬૦ |
| ૨૦૦૩-૨૦૦૪ | ૨૧.૫૭ |
| ૨૦૦૪-૨૦૦૫ | ૨૫.૦૦ |
| ૨૦૦૫-૨૦૦૬ | ૧૭.૦૦ |

(એપ્રિલ-૦૫ થી જાન્યુ.-૦૬ સુધી)

| | |
| --- | --- |
| (૪) તેમાં કેટલી પ્રવેશ ફી લેવામાં આવે છે, અને | (૪)તા. ૧-૨-૨૦૦૬થી પ્રતિ વ્યક્તિ રૂા. ૫/- પ્રવેશ ફી લેવામાં આવે છે. શાળાના વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પ્રવેશ ફી લેવામાં આવતી નથી. |
| (૫) ભવિષ્યમાં રાજ્યનાં અન્ય વિસ્તારોમાં સાયન્સ સીટી બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ? | (૫)હાલમાં આવું કોઈ આયોજન નથી. |

-------------

**વેચાણવેરાની વસુલાત અંગે**

૧૪૫૮૧ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રાજ્યના વ્યાપારી અને ઓદ્યોગિક ગૃહો પાસે સેલ્સટેક્ષની મોટી રકમોની વસુલાત બાકી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રૂા. પાંચ કરોડથી વધુ બાકીદારોની યાદી અને વસુલાત ન થવાનાં કારણો શું છે, અને | (૨) બાકીદારોની યાદી સામેલ પત્રક મુજબ. વસુલાત ન થવાના મુખ્ય કારણો નીચે મુજબ છે. સક્ષમ અધિકારીઓ, વેચાણવેરા પંચ અને હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે, ફડચામાં ગયેલ હોવાથી, બી.આઈ.એફ.આર., સીક ઈન્ડ.ના કેસમાં એ.એ.આઈ.એફ.આર.નો એવોર્ડ હોવાથી, સી.ડી.આર. પેકેજ હોવાથી જેવા કારણોસર. |
| (૩) જો ના, તો ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ વર્ષ ૨૦૦૫-૦૬માં આવા પાંચ કરોડથી વધુ રકમના બાકીદારો પૈકી કોની કોની પાસેથી કઈ તારીખે પૈસા જમા કરવામાં આવ્યા ? | (૩) પ્રશ્ન ખંડ-૧માં જણાવ્યા મુજબ રકમો બાકી હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પ ત્ર ક**

| ક્રમ | વેપારીનું નામ | ક્રમ | વેપારીનું નામ |
| --- | --- | --- | --- |

| ક્રમ | વેપારીનું નામ | ક્રમ | વેપારીનું નામ |
|---|---|---|---|
| ૧ | કોર હેલ્થકેર | ૩૬ | વર્લ્ડ ટ્રેડ ઈમ્પેક્ષ પ્રા.લી. |
| ૨ | નોવા પેટ્રોકેમ | ૩૭ | શ્રી નિવાસ પ્લેટસ એન્ડ સ્ટ્રક્ચર કું. પ્રા.લી. |
| ૩ | વોલ્ટાસ લીમીટેડ | ૩૮ | એ.પી.એસ. સ્ટાર |
| ૪ | સાંઈનાથ પ્રોટીન્સ | ૩૯ | ઓ.એન.જી.સી. |
| ૫ | ગ્રોમોર સોલવન્ટ | ૪૦ | જી.સી.ઈ.એલ. |
| ૬ | સ્ટીલ ઓથોરીટી ઓફ ઈન્ડીયા | ૪૧ | વાયકોમ ઈલેક્ટ્રોનીક્સ પ્રા.લી. |
| ૭ | પૂજન માર્કેટીંગ | ૪૨ | કીલબર્ન એન્જી. |
| ૮ | એમ્બીક એગ્રો ઓઈલ | ૪૩ | ઈન કોર્પોરેટેડ એન્જી. |
| ૯ | સ્વપ્નીલ પ્લાસ્ટીક | ૪૪ | સોલારસન ઈન્ડસ્ટ્રીઝ લી. |
| ૧૦ | મધુકાંત એક્ષપોર્ટ પ્રા.લી. | ૪૫ | ઈઝી સ્લાઈડ ફાસ્ટનર્સ |
| ૧૧ | મધુકાંત એગ્રોટેક પ્રા.લી. | ૪૬ | કેડીયા એગ્લોમેટેડ માર્બલ |
| ૧૨ | એન.કે. પ્રોટીન્સ | ૪૭ | કાંકરીયા પેપર મીલ |
| ૧૩ | ચલીસ ઈન્ડીયા | ૪૮ | સોમાણી સીમેન્ટ |
| ૧૪ | ભાગ્યોદય ઈન્ટરનેશનલ | ૪૯ | ભારત પેટ્રોકેમીકલ્સ કોર્પોરેશન |
| ૧૫ | ગુજરાત કમ્પોઝીટ લી. | ૫૦ | મોટોરોલા ઈન્ડ. લી. |
| ૧૬ | એસોસીએટ માર્કેટીંગ | ૫૧ | જલહાઈ પાવર પેટ્રોકેમ લી. |
| ૧૭ | પ્રમુખ એગ્રો ફુડ પ્રા.લી. | ૫૨ | સ્પા પેટ્રોલીયમ પ્રોડકટસ |
| ૧૮ | આકાશ એન્ટરપ્રાઈઝ | ૫૩ | મારૂતિ પેટ્રોકેમ લી. |
| ૧૯ | અંબીકા ખાદી ગ્રામોદ્યોગ સેવા સંઘ લી. | ૫૪ | આર.એસ.પેટ્રોકેમ |
| ૨૦ | રોશની ઈન્ડ. | ૫૫ | જોર્ડ એન્જીનીયરીંગ |
| ૨૧ | ધરણેન્દ્ર ઈન્ડ. | ૫૬ | અશ્વિન વનસ્પતિ ઈન્ડ. |
| ૨૨ | શક્તિ વિજય ઈન્ડ. | ૫૭ | પીમ પેટ્રોકેમ |
| ૨૩ | એટલાસ પેટ્રોકેમીકલ | ૫૮ | અજય કોરૂગેટેડ એન્ડ પ્લાસ્ટીક પ્રા.લી. |
| ૨૪ | મરડીયા કોપર ઈન્ડ. | ૫૯ | વલ્લભ ગ્લાસ વર્કસ |
| ૨૫ | મેટ્રોકેમ ઈન્ડ. | ૬૦ | હિન્દુસ્તાન કોકાકોલા બેવરેજીસ પ્રા.લી. |
| ૨૬ | હિન્દુસ્તાન લીવર | ૬૧ | યશ ઓર્ગેનીક્સ લી. |
| ૨૭ | કેનન ઓઈલ એન્ડ એક્ષપોર્ટ | ૬૨ | પર્લ પેરીફેરલ્સ |
| ૨૮ | ગુજરાત સ્મોલ ઈન્ડ. કોર્પો. | ૬૩ | જી.ઈ.લાઈટીંગ લી. |
| ૨૯ | અનીલ સ્ટાર્ચ | ૬૪ | જી.એ.સી.એલ. |
| ૩૦ | અરવિંદ મીલ્સ | ૬૫ | બિરલા કોપર |
| ૩૧ | પદ્માવતી ઈન્ડ. | ૬૬ | સર્ચકેમ ઈન્ડ. |
| ૩૨ | ગોકુલેશ સ્ટીલ | ૬૭ | પેટ્રોફીલ્સ કો.ઓ.લી. |
| ૩૩ | પ્રકૃતિ નરીયર્સ | ૬૮ | ઝવેરી પોલીમર્સ |
| ૩૪ | એપેક્ષ ઈલેકટ્રીકલ્સ લી. | ૬૯ | ડી.સી.એમ. શ્રી રામ આલ્કલીઝ એન્ડ કેમીકલ લી. |
| ૩૫ | પુંજ લોઈડ લી. | ૭૦ | ગ્રેનહીલ ફાર્મા લી. |
| ૭૧ | ઝવેરી પેટ્રોલીયમ પ્રા.લી. | ૧૦૭ | રાજહંસ વેજી. રીફા. પ્રા.લી. |
| ૭૨ | ઓર્ગેનીક્સ | ૧૦૮ | સ્કોલ ટેક્ષટાઈલ્સ |
| ૭૩ | ક્નોરીયા ડાઈકેમ લી. | ૧૦૯ | અંબર ટેક્ષ્યુરાઈઝર્સ (ઈ.ઓ.યુ.) |
| ૭૪ | પટેલ પેટ્રોકેમ | ૧૧૦ | ફોસ્ટર ટેક્ષટાઈલ્સ |
| ૭૫ | રોયલ ટી. કાં. | ૧૧૧ | બડવાઈઝર ટેક્ષટાઈલ્સ |
| ૭૬ | પારૂલ એન્ટરપ્રાઈઝ | ૧૧૨ | ગોલ્ડ લેબલ ટેક્ષ. |
| ૭૭ | મીરા ટ્રેડીંગ કાં. | ૧૧૩ | પીલ્સ કોર્પોરેશન |

| ક્રમ | વેપારીનું નામ | ક્રમ | વેપારીનું નામ |
|---|---|---|---|
| ૭૮ | કે.ટી.કેટ સિન્થ ઈન્ડ. | ૧૧૪ | સોલાર સીન્ડીકેટ |
| ૭૯ | સમ્કીત ટ્રેડર્સ | ૧૧૫ | એન.એચ.બી. બેરીંગ લી. |
| ૮૦ | ગોપાલ ટી ક્રું. | ૧૧૬ | આર.ડી.મેટલ |
| ૮૧ | રઘુવીર એજન્સી | ૧૧૭ | પેટ્રોલ ફ્યુઅલ (ઈ) લી. |
| ૮૨ | રામદેવજી ઓઈલ મીલ | ૧૧૮ | વિધિ ઈન્ડ. |
| ૮૩ | મીત ટ્રેડર્સ | ૧૧૯ | સોનાર પેટ્રોકેમ લી. |
| ૮૪ | રીશીતા એન્ટરપ્રાઈઝ | ૧૨૦ | ઈન્ડીયન ઓઈલ કોર્પો. |
| ૮૫ | ટાટા કેમીકલ્સ લી. | ૧૨૧ | ઓ.એનજી.સી. |
| ૮૬ | વી.કે.ઈન્ડ. | ૧૨૨ | એસ્સાર સ્ટીલ યુનિટ-૧ અને  ૨ |
| ૮૭ | પારસનાથ એન્ટરપ્રાઈઝ | ૧૨૩ | લાર્સન એન્ડ ટુબ્રો લી. |
| ૮૮ | અયપ્પા ટ્રેડલીંક | ૧૨૪ | બરોડા રેયોન |
| ૮૯ | એમ.પી.ગ્લાયકેમ | ૧૨૫ | રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ |
| ૯૦ | એમ.પી.ગ્લાયકેમ | ૧૨૬ | ગરવારે નાયલોન |
| ૯૧ | પંચશીલ એક્ઝીમ પ્રા.લી. | ૧૨૭ | મીતુ ફાર્મ |
| ૯૨ | રામદેવ લુમ્બર્સ | ૧૨૮ | ઉસ્મા સીલ્ક |
| ૯૩ | ભગવતી ઈમ્પેક્ષ | ૧૨૯ | હરીરાજ પેપર મીલ |
| ૯૪ | ભૂમિ પ્લાસ્ટ પ્રા.લી. | ૧૩૦ | ગુજરાત ટ્રેડીંગ ક્રું. |
| ૯૫ | શ્રી કૃષ્ણ ટ્રેડીંગ ક્રું. | ૧૩૧ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ લી. |
| ૯૬ | શ્રી કૃષ્ણ પેટ્રો ટેડર્સ | ૧૩૨ | લાર્સન ક્લર કેમ |
| ૯૭ | પી.એસ.એલ. હોલ્ટીંગ લી. | ૧૩૩ | જલધારા પંપ પ્રા.લી. |
| ૯૮ | બી.પી.સી.એલ. | ૧૩૪ | વિમલ ઓઈલ એન્ડ ફુડઝ |
| ૯૯ | આઈ.ઓ.સી.એલ. | ૧૩૫ | બાલારામ સીમેન્ટ |
| ૧૦૦ | એચ.પી.સી.એલ. | ૧૩૬ | આદિત્ય પોલીમર્સ |
| ૧૦૧ | સ્વામીનારાયણ સીલ્ક મીલ્સ | ૧૩૭ | સીમ્ફની કમ્ફર્ટસ |
| ૧૦૨ | પંક્તિ સીલ્ક મીલ્સ | ૧૩૮ | જય એગ્રો. |
| ૧૦૩ | જે.ડી. એન્ડ ક્રું. | ૧૩૯ | મીનલ ઓઈલ એન્ડ એગ્રો. |
| ૧૦૪ | રોશની એન્ટરપ્રાઈઝ | ૧૪૦ | એન.કે.ઈન્ડ. |
| ૧૦૫ | સ્વસ્તિક એન્ડ ક્રું, | ૧૪૧ | બિંદાલ પ્રોટીન્સ |
| ૧૦૬ | રોનક ઓઈલ મીલ | ૧૪૨ | વિરાટ શીપ બ્રેકીંગ |
| ૧૪૩ | ઉધ્યાની શીપ બ્રેકીંગ વર્કસ | ૧૫૪ | લાર્સન એન્ડ ટુબ્રો લી. |
| ૧૪૪ | એસ.એસ જેન લી. | ૧૫૫ | ગુજરાત હાઈટેક ઈન્ડ. |
| ૧૪૫ | બળદેવ શીપ બ્રેકીંગ | ૧૫૬ | ગુજરાત સિધ્ધિ સીમેન્ટ |
| ૧૪૬ | સોરાષ્ટ્ર એન્ટરપ્રાઈઝ | ૧૫૭ | સોરાષ્ટ્ર સીમેન્ટ લી. |
| ૧૪૭ | ક્વોલીટી સ્ટીલ સપ્લાયર્સ | ૧૫૮ | સોરાષ્ટ્ર કેમીકલ્સ લી. |
| ૧૪૮ | ત્રંબક શીપીંગ | ૧૫૯ | એચ.એમ.પી. સીમેન્ટ લી. |
| ૧૪૯ | મારૂતી કોર્પોરેશન | ૧૬૦ | મયુર ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૫૦ | પ્રશાંત ઈન્ડીયા લી. | ૧૬૧ | પ્રશાંત એન્ટરપ્રાઈઝ |
| ૧૫૧ | બી.જી. એક્સપ્લોરેશન | ૧૬૨ | ત્રિવેણી ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૫૨ | રસકમલ ફુડ એન્ડ ફુડસ પ્રા.લી. | ૧૬૩ | બાલમુકુંદ ઈન્ડસ્ટ્રીઝ |
| ૧૫૩ | અજય ઈન્ડસ્ટ્રીઝ | | |

-------------

## રાજ્યની વીજળી ઉત્પાદન ક્ષમતા

૧૪૦૧૮**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ(લીંબડી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં રાજ્યની વીજળી ઉત્પાદનની ક્ષમતા કેટલી હતી,

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં રાજ્યમાં કેટલી વધારે વીજળીની ક્ષમતા ઉભી કરાઇ છે, અને

(૩) ખરેખર વપરાશના પ્રમાણમાં વીજળી ઉપલબ્ધ છે કે કેમ ?

**જવાબ**

(૧) રાજ્યમાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં રાજ્યની સ્થાપિત વીજળી ઉત્પાદન ક્ષમતા ૮૮૯૦ મે.વો. હતી.

(૨) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬ માં ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ કુલ-૩૫૮ મે.વો. વીજળી ઉત્પાદન ક્ષમતા ઉભી કરાઇ છે.

(૩) ના, જી પરંતુ લોડ મેનેજમેન્ટ મારફત ગ્રાહકને મુશ્કેલી ન પડે તે સુનિતિ કરવામાં આવે છે.

-------------

## રાજ્યમાં એસ.આર.પી.ની નવી બટાલીયનો સ્થાપવા અંગે

૧૫૬૬૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા રાજ્ય અનામત પોલીસ દળ (એસ.આર.પી.) ની સ્ટ્રેન્થ વધારવા, વધારાની બટાલીયન સ્થાપવામાં આવી રહી હોવાની હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો રાજ્ય સરકાર આવી કેટલી બટાલીયનો કઇ જ્ગ્યાએ અને ક્યારે સ્થાપવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| નં. | બટાલીયનનું સ્થળ | સ્થાપના |
|---|---|---|
| ૧ | કેવડીયા કોલોની, જિ.નર્મદા | જુથ-૧૪ તરીકે હાલ શરૂ થઇ ગયેલ છે. |
| ૨ | ભુટોડી, જિ.દાહોદ | સને ૨૦૦૬-૦૭માં શરૂ કરવામાં આવનાર છે. |
| ૩ | ઓ.એન.જી.સી., વડોદરા. | |
| ૪ | મુડેટી જિ.સાબરકાંઠા | ઇન્ડીયા રીઝર્વ બટાલીયન તરીકે શરૂ કરવા વિચારણા હેઠળ છે. |

-------------

## આર.ટી.ઓ. ના નિવાસ સ્થાને પાડવામાં આવેલ દરોડા

૧૪૩૦૭ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા(જસદણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજ્યની ચેકપોસ્ટો ઉપર ફરજ બજાવતા આર.ટી.ઓ.ના નિવાસ સ્થાને દરોડા પાડી કેટલી વધારાની સંપતિ પકડી પાડવામાં આવી, અને

(૨) તે અન્વયે ક્યા ક્યા અધિકારી-કર્મચારી સામે ક્યા પ્રકારના પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા મોટર વાહન ખાતાની ચેકપોસ્ટો પર ફરજ બજાવતા મોટર વાહન નિરીક્ષક સંવર્ગના ૨ અધિકારીઓના નિવાસ સ્થાને દરોડાઓ પાડવામાં આવ્યા. આ દરોડાઓ દરમ્યાન કોઇ વાંધાજનક સંપતિ મળેલ નથી.

(૨) બંને મોટર વાહન નિરીક્ષકોની બદલી કરવામાં આવેલ છે, અને તે પૈકી એક અધિકારી સામે ખાતાકીય તપાસ હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

-------------

## રાજ્યનો વિકાસ દર

૧૩૯૧૩ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યનો વિકાસ દર કેટલો રહયો છે, | (૧) ""વર્ષ ૨૦૦૩-૦૪ માં હાંસલ થયેલ ૧૫.૧૨ ટકાનો ખુબ ઉંચો વિકાસ દર જાળવી રાખી તે ઉપરાંત છેલ્લા એક વર્ષમાં (૨૦૦૪-૦૫ માં) રાજ્યનો વિકાસ દર ૫.૧૫ ટકા રહયો છે."" |
| (૨) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા ક્યા સેકટરમાં વિકાસનો દર વધ્યો છે, અને | (૨) ""વર્ષ ૨૦૦૩-૦૪ માં કૃષિ અને સંલગ્ન ક્ષેત્ર તથા સેવા ક્ષેત્રમાં અને વર્ષ ૨૦૦૪-૦૫ માં ઉત્પાદન ક્ષેત્ર જેમાં ઉદ્યોગો, વિજળી-વાયુ અને બાંધકામનો સમાવેશ થાય છે તેમાં તથા સેવા ક્ષેત્ર જેમાં સંદેશા વ્યવહાર, બેકીંગ, વીમો તથા રીયલ એસ્ટેટનો સમાવેશ થાય છે. તેમાં રાજ્યનો વિકાસ દર વધ્યો છે."" |
| (૩) વર્ષ ૨૦૦૫-૦૬ ના અંતે કુલ કેટલો વિકાસનો દર રહેવાનો અંદાજ રાજ્ય સરકારે રાખ્યો છે? | (૩) ""વર્ષ ૨૦૦૪-૦૫ માં હાંસલ થયેલ વિકાસ દર ઉપરાંત વર્ષ ૨૦૦૫-૦૬ માં વિકાસ દર ૧૦.૯૫ ટકા રહેવાનો અંદાજ છે."" |

-------------

## આંતકવાદી ઘટનાઓ અટકાવવા માટે સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવા અંગે

૧૫૬૬૬ **શ્રી ઇશ્વરભાઇ ધ. મકવાણા(જોટાણા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આંતકવાદી ઘટનાઓ ના બને તે માટે તકેદારીના પગલાં રૂપે રાજ્ય સરકારે અધ્યતન તાલીમ અને સાધન સામગ્રી અને વાહનોથી સુસજ્જ એવા સ્પેશીયલ ઓપરેશન ગ્રુપની જિલ્લા/શહેરવાર રચના કરવાનો નિર્ણય કરેલ હોવાની હકીક્ત ખરી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગ્રુપની રચના ક્યાં થનાર છે, અને | (૨) અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ શહેર તથા તમામ જિલ્લાઓમાં. |
| (૩) તેની તાલીમ, શસ્ત્ર અને સાધન સામગ્રી અને વાહનોની શી વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે ? | (૩) સબંધિત અધિકારીઓને વ્યવસ્થા ગોઠવવા માટે સૂચના આપવામાં આવેલ છે. |

-------------

## રાજ્યમાં નવી જી.આઇ.ડી.સી. કાર્યરત થવા અંગે

૧૩૮૩૨ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૦૪ અને ૨૦૦૫ના વર્ષમાં જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ રાજ્યમાં નવી કેટલી જી.આઇ.ડી.સી. કઇ કઇ જગ્યાએ બનાવવામાં આવી, અને | (૧) ઉક્ત સમયગાળામાં રાજ્યમાં નવી ૧૯ વસાહતો નીચેના સ્થળે મંજૂર કરવામાં આવેલ છે.<br>૧. ભાટ કન્વેશન એન્ડ એકઝીબીશન સેન્ટર<br>૨. અમદાવાદ ઓટો એન્સીલીરી પાર્ક<br>૩. અમદાવાદ (બાયોફાર્મા હાઇટેક પાર્ક)<br>૪. મોરબી (ટેક્ષટાઇલ ઝોન)<br>૫. વાંકાનેર (વઘાસીયા) સીરામીક પાર્ક<br>૬. જેતપુર ટેક્ષટાઇલ પાર્ક (પીઠડીયા)<br>૭. રાજકોટ ઓટો એન્સીલરી પાર્ક<br>૮. અમદાવાદ ટેક્ષટાઇલ પાર્ક<br>૯. હજીરા (એસઇઝેડ) સ્પે.ઇકોનોમીક ઝોન<br>૧૦. સચીન એપેરલ પાર્ક (વિસ્તરણ)<br>૧૧. સચીન (વિસ્તરણ ટેક્ષટાઇલ પાર્ક) |

૧૨. વાપી ટેક્ષટાઇલ પાર્ક
૧૩. વાપી ટેક્ષટાઇલ પાર્ક (૨)
૧૪. ગાંધીનગર સ્પે.ઇકોનોમીક ઝોન
૧૫. અમદાવાદ હાઇટેક ટેક્ષટાઇલ વીવીંગ પાર્ક (કઠવાડા)
૧૬. વાપી ટ્રાન્સપોર્ટનગર
૧૭. વનાણા (પોરબંદર-૨)
૧૮. સુરત એપેરલ પાર્ક
૧૯. અમદાવાદ એપેરલ પાર્ક

(૨) કેટલી જી.આઇ.ડી.સી. ઓ કાર્યરત થઇ ?

(૨) ઉપર્યુક્ત પૈકી સુરત એપરલ પાર્ક કાર્યરત છે. અમદાવાદ એપરલ પાર્કમાં પાયાની સુવિધાઓ વિક્સીત થયેલ છે.

-------------

**ઇન્ફર્મેશન અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલ રોકાણ**

૧૪૫૯૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વર્ષ ૨૦૦૪-૦૫ માં ઇન્ફર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રમાં કેટલું મૂડી રોકાણ કરવામાં આવેલ છે, અને

(૨) કેટલાને રોજગારી મળી ?

**જવાબ**

(૧) અને (૨) : રાજ્યની આઇ.ટી. પ્રોત્સાહન નીતિ અંતર્ગત નોંધાયેલ કંપનીઓ દ્વારા વર્ષ ૨૦૦૪-૦૫ માં રૂ.૬૦૬.૬૬ લાખનું રોકાણ કરવામાં આવેલ છે અને તે મુજબ ૩૯૭ રોજગારી મળી.

-------------

**કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના હેઠળ રાજ્યને ફાળવેલ નાણા**

૧૪૫૮૬ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ(ખેરાલુ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે રાજ્ય સરકારને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષમાં કેટલા નાણા ફાળવાયેલ હતા, | (૧) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે રાજ્ય સરકારને કેલેન્ડર વર્ષ પ્રમાણે નાણા ફાળવવામાં આવતાં નથી. |
| (૨) આ ફાળવાયેલા નાણામાંથી તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલા નાણા સરકારને મળેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેમાંથી કેટલા નાણાનો ખર્ચ થયેલ છે, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) આ નાણા સમય મર્યાદામાં ન મળ્યા હોય અને સમય મર્યાદામાં ન ખર્ચાયા હોય તો તેના માટે જવાબદાર કોણ છે, અને | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૫) રાજ્ય સરકારે જવાબદારો સામે શું પગલાં ભર્યા ? | (૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**રાષ્ટ્રીય સામુદ્રિક સંસ્થાનની સ્થાપના**

૧૪૭૪૪ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે રાષ્ટ્રીય સામુદ્રિક સંસ્થાન શરુ કરવાની ક્યારે જાહેરાત કરી, | (૧) રાજ્ય સરકારે આવી જાહેરાત કરેલ નથી. |
| (૨) તે અંગે શું પ્રગતિ થઇ, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ સંસ્થાન વેરાવળમાં સ્થાપવા માંગો છો કે કેમ ? | |

-------------

## એસ.ટી. નિગમ પાસેથી વસુલ આવેલ પેસેન્જર ટેક્સની રકમ

૧૩૮૭૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન પાસેથી રાજ્ય સરકારે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના નાણાકીય વર્ષમાં તા.૩૧/૧૨/૦૫ સુધીમાં પેસેન્જર ટેક્સ પેટે કુલ કેટલી આવક મેળવી, અને

(૨) આ પેસેન્જર ટેક્સ મુસાફર દીઠ કેટલા ટકા લેવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષના ઉતારુ વેરા પેટે રૂા. ૧૫૫.૮૦ કરોડ રાજ્ય સરકારશ્રીની નિગમને મળવાપાત્ર સહાયમાંથી સરભર કરીને જમા કરવામાં આવેલ છે, જ્યારે ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧/૧૨/૨૦૦૫ સુધીમાં ઉતારુ વેરા પેટે કોઈ રકમ જમા કરાવવામાં આવી નથી. પરંતુ ત્યારબાદ તા.૭/૨/૨૦૦૬ના ઠરાવથી તા.૩૧/૦૮/૨૦૦૫ સુધીના રૂા.૭૦.૯૦ કરોડના ઉતારુ વેરાની રકમ સરભર કરવાના હુક્મો કરવામાં આવેલ છે.

(૨) શહેરી બસ સેવામાં ૧ ટકા લેખે તથા ગ્રામીણ બસ સેવામાં ૧૭.૫ ટકા લેખે.

-------------

## ગાંધીધામ આર.ટી.ઓ. ઓફિસ શરુ કરવાની મંજુરી અંગે

૧૫૦૦૮ **ડૉ. નીમાબેન બ. આચાર્ય(અંજાર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગાંધીધામમાં પૂર્ણ કક્ષાની આર.ટી.ઓ. ઓફિસ ખોલવા મંજુરી ક્યારે આપેલ છે,

(૨) ઓફિસ ક્યારે શરુ થશે, અને

(૩) ગાંધીધામ આર.ટી.ઓ. ઓફિસની ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ની તા. ૩૧/૧/૦૬ સુધીમાં વાર્ષિક આવક કેટલી ?

**જવાબ**

(૧) આવી કોઈ મંજૂરી આપવામાં આવેલ નથી.

(૨) ગાંધીધામમાં મોટર વાહન નિરીક્ષક્ની ક્ચેરીને સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની ક્ચેરીમાં અપગ્રેડ કરવાની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ છે.

(૩) ગાંધીધામ મોટર વાહન નિરીક્ષક્ની ક્ચેરીની વાર્ષિક આવક નીચે મુજબ છે.

| વર્ષ | આવક (રૂા. લાખમાં) |
|---|---|
| ૨૦૦૩૦૪ | રૂા. ૧૬૪૬.૧૨ |
| ૨૦૦૪૦૫ | રૂા. ૨૦૧૫.૦૨ |
| ૨૦૦૫૦૬ | રૂા. ૨૧૫૨.૯૨ |

(તા. ૩૧/૧/૦૬ સુધીમાં)

-------------

## રાજ્યના મલ્ટીપ્લેક્સ થિયેટરો પાસેથી વસુલ લેવાનો મનોરંજન કર

૧૫૬૮૯ **શ્રી ગોવાભાઈ હ. રબારી(ડીસા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (માહિતી) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યના ક્યા ક્યા મલ્ટીપ્લેક્સ થિયેટરો પાસેથી તા. ૩૧-૧-૦૬ સુધીમાં મનોરંજન કર વસુલ કરવાની કેટલી રકમ બાકી છે,

(૨) આવી બાકી રકમ વસુલ કરવા રાજ્ય સરકારે શી કાર્યવાહી કરી,

(૩) બાકી રકમ અંગે તા. ૩૧-૧-૦૬ સુધીમાં મનોરંજન કર પેટે કેટલી રકમ વસુલ કરવામાં આવી, અને

(૪) જે મલ્ટીપ્લેક્સ થિયેટરોએ હજુ સુધી આવી રકમ જમા ન કરાવી હોય તેમના લાયસન્સ

**જવાબ**

(૧) રાજ્યના ૧૭ મલ્ટીપ્લેક્સ થિયેટરો પાસેથી રૂા. ૭૭.૫૭ કરોડ. (સામેલ પત્રક મુજબ)

(૨) મલ્ટીપ્લેક્સ એસોસીયેશને વસુલાત સામે નામ. વડી અદાલતમાં પીટીશન દાખલ કરેલ હોઈ વસુલાતની કાર્યવાહી થઈ શકેલ નથી.

(૩) રૂા. ૫.૪૨ કરોડ.

(૪) હા, જી નામ. વડી અદાલતમાં વસુલાત સામે દાખલ થયેલ પીટીશનનાં નિર્ણયને આધીન

જપ્ત કરી મહેસૂલી રાહે વસુલાત સરકાર કરવા માંગે છે કે કેમ ? રહીને.

**પ ત્ર ક**

| ક્રમાંક | મલ્ટીપ્લેક્સ થિયેટરનું નામ | મનોરંજન કરની બાકી વસુલાત (રૂા. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સીટી ગોલ્ડ, બાપુનગર, અમદાવાદ | ૭.૯૨ |
| ૨ | મધુબન મુવી-ગો-૩-ગાંધીધામ | ૨.૬૬ |
| ૩ | વેલેન્ટાઈન-ચોર્યાસી, સુરત | ૯.૬૪ |
| ૪ | મોર્ડન ટોપ-૩-ભાવનગર | ૩.૪૦ |
| ૫ | મેહુલ-જામનગર | ૬.૬૬ |
| ૬ | દેવી-નરોડા, અમદાવાદ | ૪.૩૧ |
| ૭ | સીટી પલ્સ, સુરત | ૧.૪૭ |
| ૮ | રાજમંદિર-ડીસા | ૦.૪૭ |
| ૯ | ન્યુ સ્ટા, હિંમતનગર | ૦.૬૪ |
| ૧૦ | સીટી પલ્સ કાંકરીયા, અમદાવાદ | ૩.૩૯ |
| ૧૧ | દીપ-વડોદરા | ૧.૩૦ |
| ૧૨ | સીટી ગોલ્ડ, આશ્રમ રોડ, અમદાવાદ | ૯.૩૧ |
| ૧૩ | ફ્ન રીપબ્લીક- અમદાવાદ | ૬.૩૪ |
| ૧૪ | ચંદન-વડોદરા | ૨.૩૦ |
| ૧૫ | આઈનોક્ષ ઈલોરાપાર્ક,-વડોદરા | ૮.૬૪ |
| ૧૬ | વાઈડ એંગલ- અમદાવાદ | ૯.૦૬ |
| ૧૭ | હંજર-માંગરોલ-સુરત | ૦.૦૬ |
| | કુલ :- | ૭૭.૫૭ |

-------------

## ભાવનગર જિલ્લામાં વિજ ચોરીના બનાવો

૧૩૯૫૯ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ(ગઢડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમા વિજ ચોરીના બનાવો અન્વયે કેટલા પોલીસ કેસો કરવામાં આવ્યા, અને

(૨) જેમની સામે પોલીસ કેસ થયેલા હોય તેમની સામે પછીની કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) ૬૧૬.

(૨) ૨૭૫ કેસોમાં ચાર્જશીટ થયેલ છે જે કોર્ટમાં પડતર છે.

૩૪૧ કેસો તપાસ હેઠળ છે.

------------

## જુનાગઢ જિલ્લાની તાલુકાવાર તત્કાલ વિજ જોડાણની અરજીઓ

૧૪૪૪૭ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર(તલાલા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર તત્કાલ વિજ જોડાણની કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તે પૈકી કેટલા વિજ જોડાણો આપવામાં આવ્યા,

**જવાબ**

(૧) (૨) અને (૩) તા.૩૧/૧૨/૨૦૦૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તત્કાલ વિજ જોડાણની અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબની છે.

| તાલુકો | આવેલ | વિજ | પેન્ડીંગ |
|---|---|---|---|
| ભેસાણ | ૪૫૩ | ૧૪૦ | ૨૫૫ |

| | | | |
|---|---|---|---|
| ભેસાણ | ૪૫૩ | ૧૪૦ | ૨૫૫ |
| જુનાગઢ | ૪૧૧ | ૧૬૨ | ૧૬૯ |
| કેશોદ | ૬૪૭ | ૨૧૭ | ૩૩૧ |
| કોડીનાર | ૧૨૮૭ | ૧૪૫ | ૧૦૭૭ |
| માળીયા | ૯૩૯ | ૨૭૫ | ૪૫૭ |
| માણાવદર | ૭૭૬ | ૨૦૧ | ૪૯૦ |
| માંગરોળ | ૮૫૬ | ૨૮૪ | ૪૦૪ |
| મેંદરડા | ૩૫૨ | ૮૫ | ૧૭૪ |
| સુત્રાપાડા | ૪૪૧ | ૧૭૩ | ૧૮૧ |
| તાલાલા | ૬૩૩ | ૧૮૨ | ૨૫૨ |
| ઉના | ૬૯૧ | ૧૭૯ | ૪૧૦ |
| વંથલી | ૫૪૧ | ૧૬૫ | ૩૨૮ |
| વેરાવળ | ૪૬૪ | ૧૮૭ | ૧૭૭ |
| વિસાવદર | ૬૨૯ | ૧૯૬ | ૩૬૯ |
| **કુલ** | **૯૧૨૦** | **૨૫૯૧** | **૫૦૭૪** |

(૩) વિજ જોડાણ મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાઈઝ પેન્ડીંગ છે, અને

(૪) પડતર વિજ જોડાણોને તાલુકાવાર કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૪) અંદાજપત્રના નાણાં ભરાયેલ ૬૯ અરજીઓમાં વાંધા દુર થયેથી સત્વરે નિકાલ કરવામાં આવશે તથા ૧૪૫૫ અરજીઓ રદ થયેલ છે. બાકીની અરજીઓમાં તબક્કાવાર વિજ જોડાણો આપવાનું આયોજન છે.

------------

**કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા ખાનગી વાહનોની તપાસ**

૧૪૭૫૦ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ(મુંદ્રા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. દ્વારા ૨૦૦૩-૦૪ તથા ૨૦૦૪-૦૫ના નાણાકીય વર્ષ દરમ્યાન કુલ કેટલા ખાનગી વાહનોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) કેટલા વાહનો સામે કેસ કરવામાં આવ્યા, અને

(૩) દંડ પેટે કેટલી રકમ વસુલી ?

**જવાબ**

(૧) **વર્ષ** **વાહનોની સંખ્યા**

૨૦૦૩-૦૪ ૩૨૦૮૦

૨૦૦૪-૦૫ ૩૭૭૨૦

**કુલ :- ૬૯૭૮૨** ખાનગી વાહનોનું ચેકીંગ કરવામાં આવ્યું.

(૨) કુલ :-૧૭૨૭૯ વાહનો સામે કેસ કરવામાં આવ્યા.

(૩) કુલ રૂા. ૩,૦૮,૧૨,૦૮૦/-

------------

**સુરેન્દ્રનગર જિલ્લાના ધાંધલપુર અને લાખણકા ગામે ૬૬ કે.વી.નું વિજ સ્ટેશન**

૧૪૩૭૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા(ચોટીલા):માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ધાંધલપુર અને ચોટીલા તાલુકાના લાખણકા અને રાજપરા ગામે ૬૬ કે.વી.નું સ્ટેશન ઉભું કરવા સરકારની વિચારણા હેઠળ છે કે કેમ અને

(૨) જો હા, તો કેટલા સમયમાં કાર્યવાહી હાથ ધરવામાં આવશે ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ઉદ્યોગો માટે ફ્રી-ઝોન કરવા અંગે**

૧૫૬૫૨ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા(હળવદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે ફ્રી-ઝોન કરવા માટે સરકારનું આયોજન છે કે કેમ, | (૧) અને (૨) ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ ધ્વારા મોજે વઘાસિયા, તા. વાંકાનેર, ખાતે સિરામિક ઉદ્યોગો માટે અને રાજકોટ નજીક ઓટો એન્સીલરી પાર્ક સ્થાપવા વિચારણા ચાલુ છે. |
| (૨) જો હા, તો આ બન્ને જીલ્લામાંથી ક્યા તાલુકામાં ફ્રી ઝોન કરવાનું આયોજન છે, | |
| (૩) ફ્રી ઝોનમાંથી ઉદ્યોગોને શું ફાયદો થશે અને | (૩) ભારત સરકાર ધ્વારા એસ.ઈ.ઝેડ. એકટ અન્વયે જાહેર કરાયેલ સવલતો ઉપરાંત રાજ્ય સરકારના ગુજરાત સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન એકટ-૨૦૦૪થી જાહેર  કરેલ સવલતો ઉદ્યોગોને મળી શકશે. |
| (૪) આ આયોજન રાજ્ય સરકાર કેટલા સમયમાં કરવા માંગે છે ? | (૪) હાલ વિચારણા ચાલુ છે. |

-------------

**બંદરોના વિકાસ માટે સબસીડી આપવા અંગે**

૧૫૭૦૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી(દાંતા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બંદરોના વિકાસ માટે થતા મૂડી રોકાણ સામે રાજ્ય સરકારે સબસીડી આપવાનું નક્કી કર્યુ છે તે હકીક્ત સાચી છે, | (૧) ના જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેનાં શું કારણો છે ? | (૩) રાજ્ય સરકાર ધ્વારા સબસીડી આપવાની કોઈ યોજના જાહેર થયેલ નથી. પરંતુ, બંદરોના વિકાસને લગતી ""બુટ"" નીતિ અન્વયે બંદરીય આંતર માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે કરેલ ખાનગી મુડીરોકાણ સામે બંદર પર વહન થતા કાર્ગો અંગે ચુકવવાપાત્ર થતી વોટર ફ્રન્ટ રોયલ્ટીમાં ક્ન્સેશન આપવામાં આવે છે. |

-------------

**એસ. ટી. બસો સી. એન. જી. થી ચલાવવા અંગે**

૧૫૬૬૨ **શ્રી વજુભાઈ પ. ડોડિયા(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે એસ. ટી. નિગમની બસો સી. એન. જી. મારફ્ત ચલાવવાની યોજના બનાવી હોવાની વાતમાં તથ્ય છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો  હા, તો આ માટે શું આયોજન વિચારેલ છે ? | (૨) એસ. ટી. નિગમે આ માટે ૨૦૦ સી. એન. જી. બસોને સંચાલનમાં મુકવાનું આયોજન હાથ ધરેલ છે તે પેકી ૧૯૫ સી. એન. જી. બસો સંચાલનમાં મુકવામાં આવેલી છે. |

-------------

**સોનગઢ પોલીસ સ્ટેશન નીચે નોંધાયેલ વિવિધ ગુના**

૧૫૬૯૬ **શ્રી કેશુભાઈ હી. નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શિહોર તાલુકાના સોનગઢ પોલીસ સ્ટેશન | (૧) |

| ક્રમ | ગુન્હાઓનો પ્રકાર | નોંધાયેલ |
|---|---|---|

નીચે ખૂન, લૂંટ, બળાત્કાર અને અપહરણના કેટલા ગુના દાખલ થયેલ છે, અને

| | | ગુન્હા |
|---|---|---|
| ૧ | ખૂન | ૨ |
| ૨ | લૂંટ | ૩ |
| ૩ | બળાત્કાર | - |
| ૪ | અપહરણ | - |
| | કુલ | ૫ |

(૨) તે પૈકી કેટલા ગુન્હાઓમાં આરોપીઓ પકડાયા અને હજુ કેટલા આરોપીઓ પકડાયા નથી?

(૨) ૩ ગુન્હાઓમાં ૯ આરોપીઓ પકડાયા અને હજુ ૨ ગુન્હાઓ અનડીટેકટ હોવાથી આરોપીઓ પકડવાનો પ્રશ્ન નથી.

-------------

**અમદાવાદ શહેરમાં પાઇપ લાઇન દ્વારા ગેસ આપવા અંગે**

૧૫૦૧૧ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં ક્યા ક્યા રહેઠાણ વિસ્તાર તેમજ ઓદ્યોગિક વિસ્તારોમાં પાઇપ લાઇન દ્વારા ગેસ ઉપલબ્ધ કરાવાયો છે,

(૨) અમદાવાદના બાકી રહી ગયેલા વિસ્તારોને ક્યારે અને કેટલા તબક્કામાં ઉપલબ્ધ કરાવાશે, અને

(૩) કઇ કઇ એજન્સી દ્વારા કાર્ય ચાલુ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં મણીનગરના રહેઠાણ વિસ્તાર તથા જી.આઇ.ડી.સી. વટવા અને જી.આઇ.ડી.સી. નરોડાના ઓદ્યોગિક વિસ્તારોમાં પાઇપ લાઇન દ્વારા ગેસ ઉપલબ્ધ કરાવાયો છે.

(૨) બાકીના નીચે જણાવેલ વિસ્તારોમાં વર્ષ ૨૦૦૬-૦૭માં ગેસ પૂરો પાડવાનું આયોજન છે.
આઇ.આઈ.એમ, ગુજરાત યુનિવર્સિટી, મેમનગર, આંબાવાડી, પાલડી, વાસણા, સેટેલાઇટ, વેજલપુર, જી.આઇ.ડી.સી. ઓઢવ.

(૩) મે. ગુજરાત અદાણી એનર્જી લિ. દ્વારા અમદાવાદમાં કાર્ય ચાલુ છે.

-------------

**રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં વિવિધ ગુના**

૧૫૬૭૭ **શ્રી ટપુભાઈ લીંબાસિયા(રાજકોટ-૧) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખૂન, લૂંટ અને ચોરીના કેટલા બનાવો બનવા પામ્યા છે, અને

(૨) આ પૈકી કેટલા ખૂન, ચોરી અને લૂંટના ગુનાઓ હજુ અનડિટેકટેડ છે ?

**જવાબ**

(૧)

| ક્રમ | ગુનાનો પ્રકાર | નોંધાયેલ ગુના |
|---|---|---|
| ૧ | ખૂન | ૨૪ |
| ૨ | લૂંટ | ૩૧ |
| ૩ | ચોરી | ૯૮૯ |
| | કુલ | ૧૦૪૪ |

(૨)

| ક્રમ | ગુનાનો પ્રકાર | અનડીટેકટ ગુના |
|---|---|---|
| ૧ | ખૂન | ૦૨ |
| ૨ | લૂંટ | ૧૨ |
| ૩ | ચોરી | ૬૯૫ |
| | કુલ | ૭૦૯ |

-------------

**રાજ્યમાં ગુનાહિત પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી**

૧૫૬૮૦ **શ્રી જગદીશ ઠાકોર(દહેગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા પોલીસ કર્મચારી ગુનાહિત કાર્યોમાં સંડોવાયેલા માલુમ પડ્યા,

(૨) તેમાં ગંભીર પ્રકારના ગુન્હા કેટલા, અને

**જવાબ**

(૧) ૭૨૧

(૨) ૧૮૪

(૩) આવા કર્મચારીઓ સામે સરકારે શી કાર્યવાહી કરી ?

(૩) આવા કર્મચારીઓ સામે પુરાવા મળ્યેથી ગુન્હો દાખલ કરી કાયદાકીય કાર્યવાહી તથા ખાતાકીય તપાસની કાર્યવાહી કરવામાં આવી છે.

-------------

**જ્યોતિગ્રામ યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ અને ખર્ચ**

૧૫૬૯૩ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જ્યોતિગ્રામ યોજના અન્વયે સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં જાન્યુ-૦૬ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમની સહાયતા રાજ્ય સરકારને મળી, અને

(૨) મળેલ રકમ પેકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના નાણાકીય વર્ષમાં જાન્યુઆરી-૦૬ ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી કોઇ જ સહાયતા આપવામાં આવેલ નથી.

(૨) કેન્દ્ર સરકાર તરફથી કોઇ રકમની સહાયતા મળી ન હોઇ ખર્ચ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજકોટ જિલ્લામાં સીરામીક ઉદ્યોગને ફ્રી-ટ્રેડ ઝોનમાં સમાવવા અંગે**

૧૫૬૫૮ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા(ટંકારા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે સીરામીક ઉદ્યોગોને ફ્રી-ટ્રેડ ઝોનમાં સમાવવા માટેનું કોઇ આયોજન કરાયેલ છે કે કેમ,

(૨) જો હા, તો તારીખ : ૩૧-૧-૦૬ની સ્થિતિએ તે બાબતે શું કાર્યવાહી કરાયેલ છે, અને

(૩) કેટલા સમયમાં આ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) (૨) અને (૩)

મોજે વધાસિયા મુકામે પ્રોડક્ટસ સ્પેસીફીક સીરામીક સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન ઉભો કરવા ગુજરાત ઓદ્યોગિક વિકાસ નિગમ દ્વારા હાલ વિચારણા ચાલુ છે.

-------------

**સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલા ખૂનના ગુના**

૧૫૬૯૯ **ડૉ. અનિલ જોષીયારા(ભીલોડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખૂનના કેસો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં નોંધાયા,

**જવાબ**

| (૧) | નં. | તાલુકો | નોંધાયેલ ગુના |
|---|---|---|---|
| | ૧ | હિંમતનગર | ૧૧ |
| | ૨ | પ્રાંતિજ | ૫ |
| | ૩ | તલોદ | ૮ |
| | ૪ | ઇડર | ૧૩ |
| | | ૫ | વડાલી |
| ૨ | | | |
| | ૬ | ખેડબ્રહમા | ૧૪ |
| | ૭ | વિજયનગર | ૧૦ |
| | ૮ | ભિલોડા | ૨૧ |
| | ૯ | મોડાસા | ૫ |
| | ૧૦ | મેઘરજ | ૬ |
| | ૧૧ | માલપુર | ૨ |
| | ૧૨ | ધનસુરા | ૧ |
| | ૧૩ | બાયડ | ૫ |
| | | કુલ | ૧૦૩ |

(૨) આમાંથી કેટલા કેસો એક્સીડન્ટ ડેથમાં

(૨) આવા કોઇ કેસો નથી.

નિકળી ગયા, અને

(૩) એક્સીડન્ટ ડેથ વધુ પડતા કેસો નીકળવાના કારણો શાં છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં બંદર અધિકારીની ભરાયેલ અને ખાલી જગ્યાઓ**

૧૫૬૮૭ **શ્રી સુનીલ બા. ઓઝા(ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(બંદરો) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બંદર અધિકારીઓની જગ્યાનું સેટ અપ કેટલું છે, અને | (૧) ગુજરાત મેરીટાઇમ બોર્ડમાં બંદર અધિકારીની કુલ-૧૧ જગ્યાઓ મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલી છે અને કેટલી ખાલી છે ? | (૨) ૧૧ જગ્યાઓ પૈકી ૭ ભરાયેલ છે અને ૪ ખાલી છે. |

-------------

**રાજ્યને ગેસ ફાળવવા માટે કેન્દ્ર સમક્ષ માંગણી**

૧૪૯૮૭ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા(સુરત શહેર (ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભારત સરકાર પાસે ગુજરાત સરકાર તરફથી કેટલા ગેસની માંગણી કરવામાં આવી, | (૧) રાજ્ય સરકાર દ્વારા પીપાવાવ પાવર પ્રોજેક્ટ માટે ૩.૬૫ મિલિયન ક્યુબીક મીટર પ્રતિદિન ગેસની ફાળવણી કરવા ભારત સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ઉપરાંત જી.એસ.પી.સી.એ ભારત સરકારના ઉપક્રમો તેમજ પન્ના, મુક્તા અને તાપ્તીના જોઇન્ટ વેન્ચર પાસે ૯ મીલીયન ક્યુબીક મીટર ગેસની ફાળવણી કરવા રજૂઆત કરી છે. ગુજરાત સ્ટેટ ઇલે. કોર્પોરેશને ૦.૧૫ મીલીયન ક્યુબીક મીટર ગેસ ફાળવવા રજૂઆત કરેલ છે. |
| (૨) તે પૈકી કેટલી ફાળવણી થઇ, | (૨) જીએસપીસીને હાલના તબક્કે ૨.૭૫ મિલિયન ક્યુબીક મીટર પ્રતિદિન ગેસની ફાળવણી થયેલ છે. |
| (૩) જો ઓછી ફાળવણી થઇ તો, ઓછી ફાળવણી થવાના કારણો શું છે, અને | (૩) ભારત સરકારે ઓછી ફાળવણીના કારણો આપેલ નથી. |
| (૪) જરૂરીયાત મુજબ ગેસ મેળવવા શા પગલાં ભરવામાં આવનાર છે ? | (૪) જરૂરીયાત મુજબ ગેસ મેળવવા માટે ઉચ્ચ કક્ષાએ વારંવાર રજૂઆતો કરવામાં આવી રહેલ છે. |

-------------

**રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ ગામો**

૧૩૯૧૪ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં જિલ્લાવાર કુલ કેટલા ગામો જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લઇ કામો પૂર્ણ થયા, | (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ૧૪૫૪૮ ગામોમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કામો પૂર્ણ કરેલ જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબની છે. |

| જિલ્લાનું નામ | ગામોની સંખ્યા | કામો પૂર્ણ થયેલ |
|---|---|---|
| અમદાવાદ | ૫૪૬ | ૫૪૫ |
| અમરેલી | ૬૧૫ | ૫૦૦ |
| આણંદ | ૩૫૦ | ૩૫૦ |
| બનાસકાંઠા | ૧૨૪૩ | ૧૨૨૩ |
| ભરૂચ | ૬૫૭ | ૪૧૭ |
| ભાવનગર | ૭૯૦ | ૬૧૬ |
| દાહોદ | ૬૯૩ | ૬૧૨ |
| ડાંગ | ૩૧૧ | ૩૦૫ |
| ગાંધીનગર | ૨૯૧ | ૨૯૧ |
| જામનગર | ૬૯૮ | ૫૫૬ |
| જુનાગઢ | ૯૨૩ | ૭૩૮ |
| ખેડા | ૬૧૨ | ૬૧૧ |
| કચ્છ | ૮૮૬ | ૮૬૭ |

| | | |
|---|---|---|
| કચ્છ | ૮૮૬ | ૮૬૭ |
| મહેસાણા | ૫૯૩ | ૫૯૩ |
| નર્મદા | ૫૫૨ | ૨૧૭ |
| નવસારી | ૩૭૪ | ૨૮૩ |
| પંચમહાલ | ૧૨૦૧ | ૭૧૧ |
| પાટણ | ૫૧૭ | ૫૧૭ |
| પોરબંદર | ૧૮૨ | ૧૩૭ |
| રાજકોટ | ૮૪૪ | ૭૧૪ |
| સાબરકાંઠા | ૧૩૭૨ | ૧૩૬૬ |
| સુરત | ૧૧૬૭ | ૬૪૭ |
| સુરેન્દ્રનગર | ૬૫૦ | ૬૦૭ |
| વડોદરા | ૧૫૪૮ | ૭૭૬ |
| વલસાડ | ૪૫૦ | ૩૪૯ |
| કુલ... | ૧૮૦૬૫ | ૧૪૫૪૮ |

(૨) આ ગામોના પેટાપરા વિસ્તારને વિજળીકરણથી વંચિત રાખવામાં આવ્યા છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૩) જો હા, તો આ અંગે સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

(૨) અને (૩) ૧૮૦૬૫ ગામોના ૫૯૬૧ પેટા પરાઓમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ કામ પૂર્ણ કરવામાં આવેલ છે, જ્યારે બાકીના ૨૮૮૫ પેટા પરાઓમાં તબક્કાવાર કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**રાજ્યમાં આઇપીએસ અધિકારીઓની મંજૂર અને ભરાયેલ જ્યાઓ**

૧૩૮૩૩ **શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) :માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીની કુલ કેટલી જ્યાઓ મંજૂર થયેલ છે, અને ભરાયેલ છે, અને

(૨) આઇપીએસ ભરતી નિયમોના અનુસંધાને ભરતી/નોમીનેશન કે સીલેક્શનથી ભરવાની કેટલી જ્યાઓ ખાલી છે, અને તે ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ રાજ્યમાં આઇપીએસ અધિકારીઓની જ્યાઓ
મંજૂર થયેલ જ્યાઓ - ૧૬૧
ભરાયેલ જ્યાઓ - ૧૩૭

(૨) આઇ.પી.એસ.માં કુલ ૨૪ જ્યા ખાલી છે જેમાં સીધી ભરતીની ૧૬ અને નોમીનેશનથી ભરવાની ૮ જ્યાઓ ખાલી છે. ભારત સરકાર દ્વારા નિમણૂંક થયે આ જ્યાઓ ભરવામાં આવશે.

-------------

**મહેસાણા જિલ્લામાં ઓદ્યોગિક મૂડી રોકાણોની દરખાસ્ત**

૧૪૫૯૨ **શ્રી નારાયણભાઈ લ. પટેલ(ઉંઝા) :માનનીય મુખ્ય મંત્રીશ્રી**(ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં ઓદ્યોગિક મડીરોકાણ માટેની કેટલી દરખાસ્તો રાજ્ય સરકારને મળી છે, અને

(૨) દરખાસ્તો સંબંધે જાન્યુઆરી-૨૦૦૬ ની સ્થિતિએ શું પ્રગતિ થઈ છે ?

**જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં નાણીકીય વર્ષ ૨૦૦૪-૦૫ માં
-મધ્યમ અને મોટા ઉદ્યોગો તરફથી કુલ - ૧૧ દરખાસ્તો મળેલ છે.
-કાયમી લઘુ ઉદ્યોગ નોંધણીની કુલ ૪૩૩ અરજીઓ મળેલ છે.

(૨) ખંડ-૧ માં જણાવેલ વિગતે,
-મધ્યમ અને મોટા ઉદ્યોગોની દરખાસ્તો પૈકી ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ૯ પ્રોજેક્ટો ઉત્પાદનમાં આવેલ છે. ૧ પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ અને ૧ પ્રોજેક્ટ પડતો મુકાયેલ છે.
-કાયમી લઘુ ઉદ્યોગ નોંધણીની કુલ ૪૩૩ અરજીઓ પૈકી ૪૨૭ અરજીઓને કાયમી લઘુઉદ્યોગ નોંધણી નંબર આપવામાં આવેલ જેઓ જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ ઉત્પાદનમાં ગયેલ છે.

-------------

## જુનાગઢ જિલ્લામાં ગેરકાયદે થતું ખનીજ ખોદકામ

૧૪૭૪૫ **શ્રી જેસાભાઈ ભા. બારડ(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર રીતે ખનીજ ખોદાણના કેટલા કેસો પકડાયા, | (૧) ૬૭ કેસો |
| (૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની થતી ચોરીઓ સબબ રાજ્ય સરકાર દ્વારા કઇ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે, | (૨) ગેરકાયદેસર રીતે રોયલ્ટીની ચોરીઓ સબબ જિલ્લા કચેરીના અધિકારી/ક્ષેત્રિય કર્મચારીઓ દ્વારા તેમજ ખાતાની ફ્લાઇંગ સ્કવોર્ડની ટુકડીઓ દ્વારા સઘન અને ઓચિતું ચેકીંગ કરી છેલ્લા બે વર્ષમાં વિવિધ કાયદા હેઠળ નીચે જણાવેલ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી છે.<br>૧. ગેરકાયદેસર ખનિજ વહનના ૪૯૯ અને ખનિજ ખોદકામના ૩૧ કેસોમાં એમ.એમ. (ડી.આર.) એકટ, ૧૯૫૭ ની કમલ-૨૩એ (૧) હેઠળ રૂા. ૨૨,૧૯,૬૬૭/- દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે.<br>૨. એમ.એમ. (ડી એન્ડ આર) એકટ, ૧૯૫૭ના સેકશન-૨૧ (૫) હેઠળ ગેરકાયદેસર ખનિજ વહનનાં ૭ અને ખોદકામના ૨ કેસોમાં રૂા. ૧૬,૨૨,૯૯૦/- ના દંડના હુકમો કરવામાં આવેલ છે.<br>૩. ગેરકાયદેસર ખનિજ ખોદકામના ૨૫ કેસોમાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૩૯-એ હેઠળ કાર્યવાહી કરેલ છે.<br>૪. ગેરકાયદેસર ખનિજ ખોદકામના ૯ કેસોમાં ખનિજ ચોરી માટે આઇ.પી.સી.-૩૭૯ હેઠળ પોલીસ ફરિયાદ કરવામાં આવેલ છે. |
| (૩) આ સબબ આર્થિક દંડ કરાયો હોય તો કેટલો, અને | (૩) રૂા. ૩૮,૪૨,૬૫૭/- |
| (૪) આ પ્રવૃત્તિને રોકવા માટે રાજ્ય સરકાર ભવિષ્યમાં શું કાર્યવાહી કરવા માંગે છે ? | (૪) જિલ્લામાં આવી ગેરકાયદેસર ખનિજ ખોદકામની પ્રવૃત્તિ રોકવા સઘન અને ઓચિંતુ ચેકીંગ કરી કાયદા અને નિયમોની જોગવાઇ હેઠળ દંડકીય કાર્યવાહી કરવામાં આવે છે.<br>રાજ્યમાં ખનિજના ગેરકાયદેસર ખોદકામ, વહન અને સંગ્રહની પ્રવૃત્તિઓ ઉપર અસરકારક અંકુશ આવી શકે તે માટે એમ.એમ. (ડી.આર.)એકટ-૧૯૫૭ ની કલમ-૨૩ સી હેઠળ રાજ્ય સરકારને મળેલ સત્તાઓ અન્વયે ગુજરાત મીનરલ્સ (પ્રીવેન્શન ઓફ ઇલીગલ માઇનીંગ, ટ્રાન્સપોર્ટેશન એન્ડ સ્ટોરેજ) રૂલ્સ ૨૦૦૫, તા. ૨૬-૧૦-૨૦૦૫ થી અમલમાં મુકવામાં આવેલ છે. |

-------------

**ખાનગી વાહનો દ્વારા પેસેન્જરની હેરફેરથી રાજ્યને પેસેન્જર ટેક્સની થયેલ આવક**

૧૩૮૭૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર(મહુધા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (વાહન વ્યવહાર) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં ખાનગી વાહનો દ્વારા થતા પેસેન્જરની હેરફેરથી રાજ્ય સરકારને મુસાફર (પેસેન્જર) ટેક્સ પેટે કેટલી આવક થઇ ?

**જવાબ**

મુંબઇ મોટર વાહન વેરા અધિનિયમ હેઠળ કોન્ટ્રાકટ કેરેજ ટેક્સની આવક નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ માટે રૂા. ૧૧૨,૪૮,૭૩,૦૦૦/- અને વર્ષ ૨૦૦૫-૦૬ માટે (ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ) રૂા. ૮૬,૮૮,૪૩,૦૦૦/- એમ કુલ રૂા. ૧૯૯,૩૭,૧૬,૦૦૦/- ની આવક થઇ છે.

-------------

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

**પાકનું રક્ષણ કરતા ખેડૂતની હત્યા અંગે**

**શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૬૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)નું ધ્યાન દોરું છું અને તેમને તે સંબંધી નિવેદન કરવા માટે વિનંતી કરું છું.

"તાજેતરમાં પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારાઘરવા ગામમાં જીરાના પાકના રક્ષણ માટે ખેતરમાં રાતવાસો કરતા ખેડૂતની અજાણ્યા શખ્સોએ ઘાતકી હત્યા કરતાં જીરાના પાકના રક્ષણ માટે ખેતરમાં રાતવાસો કરતાં ખેડૂતોમાં ફેલાયેલ ભય, ગભરાટ અને અસલામતીની લાગણી દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં"

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ચાણસ્મા પોલીસ સ્ટેશન, જિલ્લો પાટણ, ફસ્ટ ગુના રજીસ્ટર નંબર-૩૮/૦૬ ઈન્ડિયન પીનલ કોડ કલમ ૩૦૨, ૩૪ તથા બી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના કામે મરણજનાર પટેલ કાન્તિભાઈ પ્રભુદાસ, ઉંમર વર્ષ ૫૫, રહે. ખારાઘરવા, તાલુકો ચાણસ્માવાળા તા. ૨૪-૨-૦૬ ના રોજ તેમજ તે અગાઉ છેલ્લી ત્રણ રાત્રીથી જીરાના પાકના રક્ષણ માટે ખારાઘરવા ગામની સીમમાં ખેતરે રાતવાસો કરવા ગયેલ હતા. બીજા દિવસે તા. ૨૫-૨-૦૬ ના સવારે નિત્યક્રમ મુજબ ઘરે પરત નહીં આવતાં તેમનાં પત્નીએ તપાસ કરાવતાં કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ અગમ્ય કારણસર શ્રી કાન્તિભાઈના માથામાં તથા હાથ તથા પગ તથા પેટની પાંસળીના ભાગે ગંભીર ઈજાઓ સાથે મૃત્યુ પામેલ હાલતમાં ખેતરમાં મળી આવેલ. જે બાબતે ચાણસ્મા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી બી.વી.ચૌહાણે તાત્કાલિક સ્થળ ઉપર જઈ ફરિયાદ લઈ લાશનું 'ઈન્કવેસ્ટ પંચનામુ' કરી સ્થાનિક જગ્યાએથી લોહીવાળી માટીના નમૂના તથા કુહાડી તથા ધોકાના બે ટૂકડા કબજે કરી 'ડોગ સ્કવોર્ડ' મારફતે સ્મેલ આપી ટ્રેક કરાવતાં, ડોગ "બ્લેકી" ગુન્હાવાળી જગ્યાએથી કાચા રસ્તે ખારાઘરવા ગામમાં મરણજનારના ઘર આગળ જઈ અટકી ગયેલ. આ લાશનું પોસ્ટમોર્ટમ "રેફરલ હોસ્પિટલ" લણવાના પેનલ ડોકટરશ્રીઓ મારફતે કરાવતાં, મોતનું કારણ શરીર ઉપર થયેલ ઈજાઓથી થયેલ હોવાનું સર્ટિફિકેટ આપેલ. આ ગુનાના કામે પોલીસ અધિક્ષકશ્રી તથા અન્ય અધિકારીઓએ ગુનાવાળી જગ્યાના તથા ખારાઘરવા ગામની મુલાકાત લેતાં ખેતરમાં જીરાના પાકને કોઈ નુકસાન કે જીરૂ ચૂંટેલ હોય તેવા કોઈ નિશાન મળી આવેલ નહીં. સ્થાનિક જગ્યાનું પોલીસ ફોટોગ્રાફરથી વિડિઓ શૂટિંગ પણ કરવામાં આવેલ છે. આ કામમાં સાહેદો તથા ચાણસ્મા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાની મોટી સીમ ચોરીઓમાં અગાઉ પકડાયેલ શકમંદ ઈસમો તથા અન્ય સાહેદોની ઝીણવટભરી પૂછપરછ કરી કુલ ૩૧ સાહેદો/શકદારોના નિવેદનો લેતાં ઝઘડા અંગેનું કોઈ ચોકકસ કારણ મળી આવેલ નથી. તા. ૨૭-૨-૦૬ થી આ તપાસ ચાણસ્મા પોલીસ ઈન્સપેકટર શ્રી વી.એમ.જાની રજા પરથી હાજર થતાં તરત જ સંભાળી લઈ તપાસ કરે છે.

ભવિષ્યમાં આવા બનાવ ન બને તે હેતુથી અને બનાવ બનતા અટકાવવા માટે ઘોડેસવાર પેટ્રોલિંગ, મોટર સાયકલ પેટ્રોલિંગ તેમજ મોબાઈલ પેટ્રોલિંગ સતત ચાલુ છે તેમજ સુણસર આઉટ પો.સ્ટે.ના પાલીસના માણસોને પણ સઘન પેટ્રોલિંગ કરવા સૂચના આપેલ છે તથા આ ગુનો તાત્કાલિક શોધી કાઢવા પોલીસ સ્ટેશનના તમામ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની ટીમ બનાવીને તથા ખાનગી બાતમીદારોને સ્પેશ્યલ કામગીરી સોંપવામાં આવેલ છે.

સીમમાં પાકના રક્ષણ માટે ચાણસ્મા તાલુકાના દાણોઘરડા ગામે ઘોડેશ્વાર પાર્ટી મૂકવામાં આવેલ છે તેમજ ખારાઘરવા ગામે પણ આ બનાવ બાદ પાક રક્ષણ માટે ઘોડેશ્વાર પાર્ટી મૂકવામાં આવેલ છે.

આ કામે મરણ જનાર પટેલ કાન્તિભાઈ પ્રભુદાસની આર્થિક પરિસ્થિતિ નબળી જણાઈ આવેલ છે. ગુનાવાળી જગ્યાએ આશરે એક એકર જીરાના વાવેતરમાંથી ફકત બે થી ત્રણ મણ જીરુ જેની કિંમત આશરે ૩૫૦૦/- ની ઉપજ થવાની શકયતા હતી. સ્થાનિક જગ્યાએ જીરાના પાકને ચોરી કરવાના ઈરાદે કોઈ જગ્યાએથી જીરૂ ચૂંટેલ જણાતું નથી કે ઝપાઝપી દરમ્યાન જીરાના પાકમાં કે જમીન પર દેખાતા નિશાના/ચિન્હો જણાયેલ નથી. તેથી આ બનાવમાં જીરાના પાકની ચોરી કરવાના હેતુથી ખેતરમાં પ્રવેશ કરી મારામારી કરી મોત નિપજાવેલું હોય તે શકયતા નહીંવત જણાય છે. મરનારનું મોત કોઈ અગમ્ય કારણસર મારામારી દરમ્યાન થયેલાનું જણાય છે. આ ગુનો શોધી કાઢવા, ગુનાને લગતા તમામ સાહેદો/શકદારોની ઝીણવટભરી તણાસ પોલસ ઈન્સપેકટર શ્રી વી.એમ.જાની ચલાવી રહેલ છે. તદ્ઉપરાંત આ ગુનાની તપાસ સઘન થઈ શકે તે હેતુસર તપાસ પોલીસ ઈન્સપેકટર, સ્થાનિક ગુન્હાશોધક શાખા, તે જિલ્લાના પોલીસ અધિકારીની દેખરેખ નીચે સોંપેલ છે તથા તેની મદદમાં સ્પેશ્યલ ઓપરેશન ગૃપની ટીમ રાખેલ છે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી,ગૃહ સમક્ષ ગયા વર્ષે પણ પાટણ જિલ્લામાં આવી ઘ ટનાઓ બાબતે ૧૧૬ ની નોટિસમાં નિવેદન કરવામાં આવ્યું હતું અને તાજેતરમાં સમી તાલુકાના તારોડા ગામમાં એક ખેતરમાં રખેવાળી કરતા વણકર ઈસમની પણ હત્યા થઈ હતી અને આ રીતે વારંવાર પાટણ જિલ્લામાં આ હત્યાની પરંપરા ચાલી રહી છે. તાજેતરમાં ખારાઘરવા ગામમાં શ્રી કાંતિભાઈ પટેલની તેમના ખેતરમાં જીરાના પાકના રક્ષણ કરવા ગયા હતા ત્યાં ખેતરમાં તેમની હત્યા થયેલ છે અને ત્યાં ભયનું વાતાવરણ ઉભું થયું છે. ત્યાં આવી રીતે સીમચોરીઓ થાય છે અને રખેવાળી માટે કોઈ જઈ શકતા નથી અને જાય તો એના જીવન મરણનો પ્રશ્ન ઉભો થઈ પડે છે, પરંતુ આ એક બહાદુર વ્યકતિ એના જીરાના પાકના રક્ષણ માટે રાતવાસો રહયા હતા અને પાંચ ઈસમોએ આવીને એમની ક્રૂર ઘાતકી હત્યા કરી નાંખી છે અને આમાં સામનો કરતાં એક વ્યકિતને એમાં વાગ્યું હતું તો એ વ્યકિતનું નામ આમાં આપવા છતાં પોલીસ એને પકડતી નથી. તો કયા કારણોસર એ વ્યકિતને પકડવામાં આવી નથી?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આજે વ્યકિતનું નામ આપવામાં આવ્યું છે એને નહીં પકડવાનો પ્રશ્ન ઉભો થતો નથી. એને પકડવા માટે ચાર ચાર વાર એટેમ્પ્ટ કરવામાં આવ્યો છે, પરંતુ એ વ્યકિત ફરાર થઈ ગયેલ છે અને એનાં સગાં વહાલાં અને અન્ય એના છૂપાવાની શકયતાવાળી જગ્યાઆની યાદી બનાવી ત્યાં રેડ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. ૬ જુદી જુદી ટૂકડીઓ બનાવીને એ વ્યકિતને પકડવા માટેની કડક કાર્યવાહી કરવામાં આવી છે.

માનનીય સભ્યશ્રીએ જે ભય ઉભો થયાની વાત કરી છે તો સ્વાભાવિક રીતે જ આવી ઘટના બને ત્યારે ભય ફેલાય, પરંતુ એ ભય દૂર કરવા માટે ઘોડેશ્વાર પોલીસ તાત્કાલિક મોકલવામાં આવેલ છે, મોટર સાયકલ પેટ્રોલિંગ ચાલુ કરવામાં આવ્યું છે, મોબાઈલ પેટ્રોલિંગના ત્રણ વાહનો આજુબાજુના ૧૪ ગામોમાં ફાળવવામાં આવેલ છે અને મોબાઈલ પ્રટ્રોલિંગ પણ આ ઘટનાના દિવસથી ચાલુ કરી દેવામાં આવ્યું છે અને હમણાં ગયા મહિને જ આ બનાવ બન્યો છે, પરંતુ સરકારને શ્રદ્ધા છે કે ટૂંક સમયમાં આ હત્યારાઓને શોધી કાઢવામાં પોલીસ સફળ થશે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે માનનીય મંત્રીશ્રીએ આપેલ નિવેદનમાં એમ જણાવેલ છે કે એમાં ચોરી કરવાના ઈરાદાથી આ ખૂન થયેલ નથી. તો આ વાત બરાબર છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સ્થળ ઉપરના પૂરાવા જોતાં એવું લાગે છે કારણ કે ખેતરમાં જે જીરુ હતું એની કિંમત ૫ થી ૭ હજારની આસપાસ થવા જાય છે અને ઝપાઝપીનાં એવાં પણ લક્ષણો જોવા મળ્યાં નથી કે જીરુ ફેંદાઈ ગયું હોય,પરંતુ હાલ કયા કારણસર આ ખૂન થયું એ કહેવું મારા માટે જરા અઘરું પડશે. ગુનેગારો પકડાય અને તપાસ પૂરી થાય એ પછી જ એના ઉપર પ્રકાશ ગૃહમાં પાડી શકું.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોરીના ઈરાદાથી ના ગયા હોય તો આ વ્યકિત આજસુધી કોઈની જોડે કોઈ કલંકિત બનાવમાં સંડોવાયેલ નથી. સામાન્ય ખેડૂત પરિવારનો આ દીકરો હતો. ચોરી કરવાનો ઈરાદો ના હોય તો શેના કારણે આ હુમલાખોરો ગયા હતા એ અમને સમજાતું નથી. તો માનનીય ગૃહમંત્રીશ્રી એ અમને સમજણ આપે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ચોરીની શકયતા નકારી શકાતી નથી, પરંતુ સ્થળ ઉપર પૂરાવા મળ્યા છે એ એવું કહે છે એવું મારું કહેવું છે. બધી જ શકયતાઓ ખુલ્લી રાખીને પોલીસ તપાસ કરી રહી છે અને ગુનેગારો પકડાય કે તુરત જ આનો ખૂનનો આશય ધ્યાન ઉપર આવશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ જાણવું છે કે પાટણ જિલ્લો સરહદી જિલ્લો છે અને એમાં ઘણી વખત બીજા જિલ્લામાંથી અધિકારીઓને પનિશમેન્ટ માટે સરહદી વિસ્તારો કચ્છ, પાટણ, બનાસકાંઠા વગેરે જિલ્લાઓમાં મૂકવામાં આવે છે. તેના કારણે તેમની કાર્યક્ષમતા હોતી નથી અને પનિશમેન્ટનો

કામમાં પણ પનિશમેન્ટનો ભાવ રહેતો હોય છે. એટલે છેવાડાના વિસ્તારમાં પનિશમેન્ટના કારણે કોઈ અધિકારી ન મૂકાય તો ગુનાઓ બનતા અટકાવી શકાશે. એટલે આ અંગે વિચારણા કરવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : કોઈ એપોઈન્ટમેન્ટ પનિશમેન્ટના આધારે થતી નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આ ખૂનના ગુનાઓ બને છે, આગળના પ્રશ્નમાં પણ હમણાં ચર્ચા થઈ, તો માત્ર ચોરી કરવા જાય છે અને ખેડૂત ખેતરમાં હોય છે અને આવા ખૂન કેસ બનતા હોય છે, તો માનનીય મંત્રીશ્રી આપના ખાતાને એવી સૂચના આપવા માગો છો કે આમાં ગંભીરતાથી લે, હું મારા ડીસા વિસ્તારનો ખૂબ ગંભીર આવો દાખલો આપું કે એક કેસ બન્યો, સવારે સાત વાગ્યે ઢોર ચારવા ગયો હતો અને એમની લાશ મળી, તો એ જગ્યાએ દોઢ વાગ્યે પોલીસ ગઈ, અને કેમ લાશ પડી છે તે જોવાનું છે એવું કહ્યું. તો ખૂન કેસથી વધારે ગંભીર બીજા કયા ગુના બની શકે? તો પણ તેની અંદર પણ ફરિયાદ નોંધાતા ત્રણ કલાક લાગે છે, એટલે આવા ખૂનના ગુના ઓછા લખવાનો લક્ષ્યાંક આપો છો કે કેમ? ખૂનના ગુનાના કેસ દાખલ કરતાં પહેલાં ઈન્સ્પેકટર સ્થળ ઉપર પહોંચી જવા જોઈએ તો મુદામાલ મળે, અને સગેવગે થઈ જાય પછી પોલીસ જાય તો કંઈ મળે નહીં. એટલે ખૂન કેસ જેવા કેસમાં કડક સૂચના આપીને ફોનથી મેસેજ મળે તો પણ ઈન્સ્પેકટર અને ડિપાર્ટમેન્ટના માણસોએ પહોંચી જવું જોઈએ તેવી સૂચના આપવા માગો છો કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, આવી સૂચના આપેલી જ છે, વારંવાર તેનું પુનરાવર્તન પણ કરવામાં આવે છે. અને તાજી કરવામાં આવે છે. એમ છતાં માનનીયસભ્યશ્રીએ જે ઘટનાની વાત કરી તેની વિગતો તપાસી લઈશ અને ચોકકસ એમાં કોઈ લીપાપોથી હશે તો ચૂસ્તતા આવે તેવાં પગલાં લઈશું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : આવો જ એક ખૂન કેસ સિધ્ધપુર તાલુકામાં આઠ મહિના પહેલા બન્યો, આ પાટણ જિલ્લાનો અને ખેડૂતનો જ બનાવ છે. ખેતરમાં રાતમાં આ બનાવ બન્યો, માનનીય મંત્રીશ્રીને પણ લખ્યું હતું અને એમણે પણ પાટણ લખ્યું હતું પણ આજ સુધી આરોપી પકડાયા નથી. તો પકડવા માગે છે કે કેમ?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ડીવીજયુઅલ બનાવની માહિતી અત્યારે મારી પાસે ન હોય, આ ૧૧૬ની નોટિસ હતી એટલે એ ઘટના પૂરતી જ સિમિત માહિતી હોય છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પેટ્રોલિયમ કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### ગુજરાત રાજય પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય પાવર કોરપોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### નાણા વિભાગની અધિસૂચનાઓ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણા મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું (ક) સન ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયેની-

(૧) તા. ૧૦-૧-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૧) જીએસટી-૨૦૦૬ - (એસ.૪૯)(૪૦૩)-ઠ,

(૨) તા. ૧૬-૯-૨૦૦૫ ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૨૫) જીએસઆર-૨૦૦૫-(૧૧૫)-ઠ,

(ખ) સન ૧૯૫૮ના મુંબઈ મોટર સ્પિરીટ વેચાણવેરા અધિનિયમ અન્વયેની તા. ૧૪-૨-૨૦૦૬ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૪)એમએસએ-૨૦૦૬-(એસ૩૬)(૬૦)-ઠ, અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# પૂરક *માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

**(પહેલો દિવસ)**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની, સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૪,૩૪,૦૬,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**પૂરક માંગણી ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

## ગૃહ વિભાગ

### પૂરક માગણી ક્રમાંક-૪૨

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા.૨૮,૯૧,૫૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક-૪૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૬ અને ૮રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૬ અને ૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી અનિલકુમાર મો.પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

## ઉદ્યોગ અને ખાણ વિભાગ

### પૂરક માગણી ક્રમાંક-૪૯

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગની સેવાને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂા. ૧,૪૫,૪૯,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક-૪૯ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૪૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી શીવજીભાઈ ક. આહીર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

## શિક્ષણ વિભાગ

### પૂરક માગણી ક્રમાંક-૮

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણની સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૨,૮૩,૬૪,૩૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૮ રજૂ કરું છું.

---

* પહેલા દિવસની પૂરક માગણીઓ રજૂ કરવામાં આવી તે પહેલા રાજય કક્ષાના નાણ મંત્રીશ્રીએ સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ માટેની પુરક માગણીઓની ગુજરાત વિધાનસભાએ વિચારણા કરવા બાબતની રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

**પૂરક માગણી ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક -૬૭**

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાની સેવાને લગતી નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની રૂ.૯૫,૦૯,૨૪,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક-૬૭ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક-૬૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ મં. વારલી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ (પહેલો દિવસ)ચર્ચા અનેમતદાન ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂા. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **સામાન્ય વહીવટ વિભાગ**<br>**માગણી નં.૩૨** | | |
| *૧. | ૨૦૫૨–સચિવાલય.....સેવાઓ<br>૦૯૦– સંલગ્ન કચેરીઓ<br>૦૨–સામાન્ય વહીવટ વિભાગ<br>રૂા. ૩,૧૫,૯૫,૦૦૦<br>પૂરક પત્રક પા. નં. ૫૮ | ૧૦૦ | ધારાસભ્યોએ લખેલ પત્રોની પહોંચ પાઠવવામાં તેમજ તેને લગતા જવાબ આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | ––"–– | ૧૦૦ | પરિપત્રોના કરવામાં આવતા ખોટા અર્થઘટનને કારણે લાંબા સમયથી પડતર હોય તેવા અનેક પ્રશ્નોનો નિકાલ કરવામાં થતો વિલંબ | શ્રી ગોવાભાઈ રબારી |
| ૩. | ૩૪૫૧–સચિવાલય......સેવાઓ<br>૧૦૨– જિલ્લા આયોજન તંત્ર<br>૦૧– પી.એલ.એમ.–૨<br>જિલ્લા...બનાવવું<br>રૂા. ૧૨,૪૩,૦૦૦<br>પૂરક પત્રક પા. નં. ૫૯ | ૧૦૦ | જિલ્લા કક્ષાએ આયોજન તંત્રની કથળતી જતી કામગીરીને કારણે પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| *૪. | ––"–– | ૧૦૦ | જિલ્લા આયોજન તંત્રના અધિકારીઓ / કર્મચારીઓની અનિયમિત હાજરી સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા | |
| | | **ગૃહ વિભાગ**<br>**માગણી નં.૪૨** | | |
| *૫. | ૨૦૫૫ – પોલીસ<br>૧૦૯ – જિલ્લા પોલીસ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓની અનિયમિત હાજરી અટકાવવામાં તેમજ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧ – જિલ્લા ..... ખુદ રૂા.૧૯,૮૪,૮૭,૦૦૦ પૂરક પત્રક પા.નં. ૭૮ | | સંવેદનશીલ જગ્યાઓ ઉપર સતત ચાંપતી નજર રાખવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૬. | ––"–– | ૧૦૦ | ધાડ – લૂંટ – બળાત્કારના વધતા જતા બનાવો રોકવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| *૭. | ––"–– | ૧૦૦ | પોલીસ તંત્રમાં વ્યાપેલ શિથિલતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૮. | ––"–– | ૧૦૦ | સાયબર કાફેના ઓઠા હેઠળ ચાલતી ગુનાઈત પ્રવૃદ્ઘિ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બલવંતસિંહ રાજપૂત |
| ૯. | –– " –– | ૧૦૦ | ખાનગી કંપનીઓ અને અન્ય વ્યકિતઓને અપાયેલા પોલીસ રક્ષણનાં નાણાં મેળવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી અનિલકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| **<u>ઉદ્યોગ અને ખાણ વિભાગ</u>**<br>**<u>માગણી નં.૪૯</u>** | | | | |
| **૧૦.** | ૨૮૫૧–ગ્રામ અને લઘુ ઉદ્યોગો ૧૦૨ – લઘુ ઉદ્યોગો (૦૬) – હુલ્લડ ..... સહાયકી રૂા. ૧૧,૦૫,૦૦૦ પૂરક પત્રક પા. નં. ૮૭–૮૮ | ૧૦૦ | કોમી રમખાણો દરમિયાન અસર પામેલ લઘુ ઉદ્યોગોને સહાયતા ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શિવજીભાઈ આહીર |
| ***૧૧.** | –– " –– | ૧૦૦ | કોમી રમખાણો દરમિયાન અસર પામેલા લઘુ ઉદ્યોગોને સહાયતા આપવામાં ચાલતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | |
| **૧૨.** | ૨૮૫૨– ઉદ્યોગો ૮૦ – સામાન્ય ૦૦૧ – નિર્દેશ અને વહીવટ (૦૧)– આઈ.એન.ડી.–૨ ઉદ્યોગ.......શાખા રૂા. ૯૬,૨૭,૦૦૦ પૂરક પત્રક પા.નં.૮૮ | ૧૦૦ | ઉદ્યોગ કમિશ્નરની કચેરી અને તેને સંલગ્ન કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જોધાજીઠાકોર |
| **૧૩.** | –– " –– | ૧૦૦ | ઉદ્યોગ કમિશ્નરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓ દ્વારા ઉદ્યોગકારોને પૂરતી માહિતી આપવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માધુભાઈ ભોયે |
| ***૧૪.** | ૨૮૫૨– ઉદ્યોગો ૮૦૦ – અન્ય ખર્ચ (૨૪)– આઈ.એન.ડી.–૫ | ૧૦૦ | ઔદ્યોગિક વિકાસ માટે પૂરતા પ્રોત્સાહક પ્રયત્નો કરવામાં તંત્રની ઉદાસીનતા | |

| | | | | |
|---|---|---|---|---|
| | ઔદ્યોગિક.....પ્રયત્નો<br>રૂા. ૧,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૮૮ | | | |
| *૧૫. | -- " -- | ૧૦૦ | ઔદ્યોગિક વિકાસ માટે પ્રોત્સાહક પ્રયત્નો કરવા છતાં ઉદ્યોગોને બંધ થઈ જતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા | |
| **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં.૮** | | | | |
| *૧૬. | ૨૨૦૨-સામાન્ય શિક્ષણ<br>૦૧-પ્રારંભિક શિક્ષણ<br>૧૦૬-શિક્ષકો.... સેવાઓ<br>(૦૬)-પ્રાથમિક....અનુદાન<br>રૂા.૨,૦૩,૦૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૨૧ | ૧૦૦ | પ્રાથમિક શાળામાં પ્રવેશ મેળવ્યા બાદ બાળકોને અધવચ્ચેથી અભ્યાસ છોડી જતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૭. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓમાં બાળકોને બેસવા માટેની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી માલજીભાઈ દેસાઈ |
| ૧૮. | --"-- | ૧૦૦ | પ્રાથમિક શિક્ષણ નિભાવ માટે પૂરતું અનુદાન આપવા છતાં પ્રાથમિક શિક્ષણની કથળતી જતી પરિસ્થિતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા |
| *૧૯. | --"-- | ૧૦૦ | શાળાઓના બિસ્માર ઓરડાઓની મરામત કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૨૦. | ૨૨૦૨- સમાન્ય શિક્ષણ<br>૦૩-યુનિવર્સિટી....શિક્ષણ<br>૧૦૨-યુનિવર્સિટીઓને સહાય<br>(૦૪)-ઈ.ડી.એમ.૩૪<br>યુનિવર્સિટીઓને અનુદાન<br>રૂા. ૭,૩૬,૫૭,૦૦૦<br>પૂરક પત્રક પા. નં. ૨૧ | ૧૦૦ | યુનિવર્સિટીઓને અપાતા અનુદાનનો અયોગ્ય અને બિન જરુરી ખર્ચાઓ કરવામાં થતો દૂરૂપયોગ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૧. | -- " -- | ૧૦૦ | યુનિવર્સિટીઓને સહાય આપવા છતાં તેના ધ્વારા અપાતા શિક્ષણની કથળતી જતી પરિસ્થિતિ રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર |
| **નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**<br>**માગણી નં. ૬૭** | | | | |
| ૨૨. | ૪૨૧૫-પાણી..... જોગવાઈ<br>૧૦૨-ગ્રામીણ...... પુરવઠો<br>ડબલ્યુ એસ.એસ.-૨<br>ત્વરીત..યોજના (મતપાત્ર)<br>રૂા. ૪,૧૯,૨૪,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૧૨૪ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ત્વરીત પાણી પુરવઠા યોજનાનો અમલ સમયસર કરાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી શંકરભાઈ વારલી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### પૂરક માગણીઓની ચર્ચાની મર્યાદા અંગે

**અધ્યક્ષશ્રી** : હું ગૃહ સમક્ષ એક જાહેરાત કરું છું. પૂરક માગણીઓ ઉપર સભાગૃહમાં ચર્ચા કરવા માટે બે દિવસ ફાળવવામાં આવ્યા છે. માનનીય સભ્યશ્રીઓએ ચર્ચાની મર્યાદાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આ અંગે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૩) પર માનનીય સભ્યશ્રીઓનું ધ્યાન દોરુ છું. આ જોગવાઈ મુજબ પૂરક માગણીઓ ઉપર ચર્ચા કરતી વખતે મૂળ અનુદાનો કે અનુદાનો પાછળની અંતર્ગત નીતિ પર ચર્ચા ન કરતાં જે બાબતોને લગતી પૂરક માગણીઓ હોય તે બાબતો પૂરતી જ ચર્ચા મર્યાદિત રાખવી જોઈએ. નવી સેવાઓ બાબતે ધ્યાન દોરવાનું કે એ અંગેની અનુસૂચિ માનનીય સભ્યશ્રીઓને પૂરી પાડવામાં આવી છે. નવી સેવાઓને લગતી માગણીઓના સંદર્ભમાં નીતિ વિષયક પ્રશ્નો ઊભા કરી શકાય નહિ. જે બાબત ઉપર સભાગૃહનો મત લેવાનો છે એ બાબત પૂરતી મર્યાદિત રાખવી જોઈએ. માનનીય સભ્યશ્રીઓ તેમના મંતવ્યો વખતે આ મર્યાદા ખાસ ધ્યાનમાં રાખશે તેવી આશા રાખું છું. હવે પૂરક માગણીઓ અને કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરક માગણી આ સભાગૃહમાં લાવ્યો છું. અનેક વિભાગોમાં વર્ષની અંદર જરૂર પ્રમાણે આપણે ખર્ચ કર્યો છે. શિક્ષણ હોય, ઉદ્યોગ હોય કે પીવાનું પાણી હોય આ બધા જ વિષયો રાજયના વિકાસ માટે ખૂબ અગત્યના વિષયો છે. શિક્ષણમાં ખાસ કરીને મધ્યાહ્ન ભોજનની વાત કરીએ તો આપણાં બાળકોને જે બપોરનું ભોજન આપવામાં આવે છે તેમાં વધારો કરવામાં આવ્યો છે. આપણે ઈચ્છીએ છીએ કે આપણાં બાળકો તંદુરસ્ત રહે અને તેને કારણે બાળકો સારું ભણતર મેળવી શકે. માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રમાણે પીવાનું પાણી હોય તો ગામડાંમાં પીવાના પાણી માટે ખર્ચ કર્યો છે. એ જ રીતે ઉદ્યોગોમાં સારું પ્રોત્સાહન આપવામાં આવે તો ઉદ્યોગોને કારણે રોજગારી મળી શકે, રોજગારીની તકો ઉભી થઈ શકે. આ રોજગારીની તકોને કારણે આવતા દિવસોમાં ગુજરાત દેશમાં સૌથી પ્રગતિશીલ રાજય બને અને આજની તારીખમાં જે પ્રમાણે આગળ વધી રહ્યું છે એ પ્રમાણે આગળ વધતું રહે. તો એ માટે જરૂરિયાત પ્રમાણે સપ્લીમેન્ટરી બજૅટ લાવ્યો છું. ઘણી ચર્ચા આવતા દિવસોમાં દરેક હેડ ઉપર કરવાની છે. મારે સભ્યશ્રીઓને એટલી વિનંતી કરવાની કે જે માગણીઓ લાવ્યો છું એ સર્વાનુમતે પસાર કરે, જે કંઈ માગણીઓ લાવ્યો છું તે જરૂર હતી એટલે પૂરક માગણીઓ લાવ્યો છું અને સંપૂર્ણ ખર્ચ એ પ્રમાણે કરવામાં આવ્યો છે. આમાં જે સભ્યશ્રીઓ કાપદરખાસ્તો લાવ્યા છે તે કાપદરખાસ્તો પણ તેઓ પાછી ખેંચી લે એવી મારી વિનંતી છે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એકવાર જ્યારે આપણે બજૅટ રજૂ કરતા હોઈએ છીએ ત્યારે સરકાર દ્વારા તમામ ક્ષેત્રે તમામ પાસા વિચારીને બજૅટમાં તમામ પ્રકારની જોગવાઈઓ કરવામાં આવતી હોય છે. આજે માનનીય નાણામંત્રીશ્રી વજુભાઈ વાળા સાહેબ છે નહીં, તેમણે જે બજૅટ રજૂ કર્યું હતું તે ૩૬,૪૬૫ કરોડ રૂપિયાનું બજૅટ હતું. તેમાં ૧૦૬ માગણીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ જે વધારાની માગણીઓ છે એ એટલી મોટી છે કે આપણને એમ થાય કે નાણાં વિભાગનું જે કામ છે, જે જુદા જુદા પાંચ વિષય છે તે પાંચેય વિષય ઉપર જે માગણીઓ લઈને આવ્યા છે ત્યારે ૩૪૧૮ કરોડ, ૯ લાખ, ૭૪ હજાર રૂપિયાની પૂરક માગણીઓનું પત્રક સામેલ કરેલ છે. આટલી મોટી રકમનો તફાવત થતો હોય, એક બજૅટ રજૂ થઈ ગયા પછી ૩૪૦૦ કરોડ રૂપિયાનો આપણને વધારો માગવાનો થાય ત્યારે મારે નાણાંમંત્રીશ્રીને એ કહેવું છે કે જો આ બજૅટમાં પહેલેથી જોગવાઈ કરવામાં આવી હોત અથવા કેન્દ્રમાંથી જે પૈસા આવવાના છે એ પૈસાની વાત જો કરવામાં આવી હોત તો મને લાગે છે કે બજૅટ વખતે આપણે ઘણું બધું કરી શક્યા હોત. પણ જે રીતે લાવવામાં આવ્યું છે તે રીતે ખાસ કરીને ગુજરાત સરકાર ઉપર આજે ચોખ્ખો બોજો છે. એ ૨૭૬૦ કરોડ, ૭૨ લાખ, ૩ હજારનો પડવાનો છે. આટલી મોટી રકમનો જ્યારે ગુજરાત સરકારને બોજો પડવાનો હોય અને આ બજૅટમાં ૭.૫૭ ટકાનો જે રીતે વધારો થયો છે એ જોતાં આ પૂરક માગણીઓ જે પ્રમાણે રજૂ કરી છે એ ઘણી

વધારે છે અને બિનજરૂરી ખોટો ખર્ચ કરવામાં આવ્યો છે. જે રીતનું આયોજન કરવામાં આવ્યું છે એ મારી દૃષ્ટિએ ઘણું બધું વધારે છે. હું એના ઉપર વિગતવાર ચર્ચા કરવા માટે ઉપસ્થિત થયો છું. પૂરક માગણીઓમાં ૮૦૦ કરોડ રૂપિયા મધ્ય પ્રદેશના વિસ્થાપિતોના પુનઃવસવાટ માટે આપવાની વાત કરવામાં આવી છે. ૫૩૧ કરોડ રૂપિયા નેશનલ કેલેમીટી રિલીફ ફંડ, ૩૧૭ કરોડ રૂપિયા ભારત સરકારની લોનનું વ્યાજ અને ૧૫૦ કરોડ રૂપિયા, નરોત્તમભાઈને લીલાલહેર છે. ચેકડેમ માટે, જયોતિગ્રામ યોજના માટે ૨૫૦ કરોડ રૂપિયા અને દેવાના વ્યાજની ચૂકવણી માટે ૨૦૦ કરોડ રૂપિયા. આમાં નાણાં મંત્રીશ્રીએ ફક્ત મધ્યાહન ભોજન યોજનાનો જ ઉલ્લેખ કર્યો છે, જેના માટે ૪૪ કરોડ અને ૪૧ લાખ રૂપિયા ( શ્રી સૌરભ પટેલ બેઠાં બેઠાં બોલતાં )

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે કાંઈ બોલવાનું જ નહીં? એવું હોય તો અમે બેસી જઈએ, પણ આ રીતે (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બોલવાની વાત નથી કરતા. એમની સમજ સહેજ અલગ છે, એ તરફ ધ્યાન દોરે છે. એવું નથી. પ્લીઝ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, એ વિષય ઉપર જ બોલું છું, પાંચ માંગણીઓ ઉપર જ બોલું છું. પહેલાં જેમ જેમ પૈસા આપ્યા એની વાત કરું છું.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પૉઈન્ટ ઑફ ઑર્ડરનો વિષય છે. આપ માગણીઓ વાંચો. નર્મદામાં ૮૦૦ કરોડ રૂપિયાની વાત નથી, જયોતિગ્રામ નથી આવતું. સ્પેસિફિક સબ્જેકટ ઉપર છે. તમે માગણીઓ ઉપર બોલો છો એટલે મેં જ્યારે આપનામાં રિમાર્કસ કરી એટલા પૂરતું જ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, એ વિષય ઉપર જ બોલે છે. પહેલાં ભૂમિકા બાંધ્યા પછી એમાં આ વિષય આવી જ જાય છે.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, ગોવાભાઈ,સ્પેસિફિક પાંચ માગણીઓ જ છે, એના ઉપર જ બોલો તો સારું. વિષય બહાર જાવ તો મજા નહીં આવે.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, ટોટલ પૈસા જે લઈને આવ્યા છે એમાં પહેલા દિવસે પાંચ મૂક્યા છે પછી સોમવારે બીજા મૂકવાના છે. હું કુલની વાત કરું છું. પછી બજૅટ ઉપર આવું છું. એકપણ વિષય ઉપર પાછળથી નહીં બોલું. ભલે આજે વિષય પર જ હોય પણ ટોટલ તો આ લઈને આવ્યા જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ ઉપરની માગણીઓમાં ૪ કરોડ ૩૪ લાખ રૂપિયાનો વધારો લઈને આવ્યા છે. પોલીસના મહેસૂલી ખર્ચમાં ૨૮ કરોડ અને ૯૨ લાખ રૂપિયાનો છે, ઉદ્યોગ અને ખાણ વિભાગમાં મહેસૂલી ખર્ચમાં ૧ કરોડ અને ૪૬ લાખ રૂપિયાનો વધારો છે, શિક્ષણના મહેસૂલી ખર્ચમાં ૨૮૩ કરોડ અને ૬૪ લાખ રૂપિયાનો વધારો છે. પાણી પુરવઠાના મૂડી ખર્ચમાં ૯૫ કરોડ ૯ લાખનો વધારો છે. એટલે કે એમાં ૧૭ ટકાનો વધારો છે. સામાન્ય બજૅટની અંદર જે પેન્ડીંગ કેસો છે એ પેન્ડીંગ કેસોની અંદર ૫૫ લાખ રૂપિયાનો વધારો જે અંદાજે બતાવ્યો હતો, એમાં આજે ૧૭ લાખ ૭૦ હજારનો વધારો કર્યો છે, એટલે કે ૩૨ ટકાનો એમાં વધારો કર્યો છે. મારે એ કહેવું છે કે આપણા જે પેન્ડિગ કેસો છે એ પૅન્ડિગ કેસોની આજની જે સંખ્યા છે દિનપ્રતિદિન એ સંખ્યામાં શું ઘટાડો થાય છે? આજે દિનપ્રતિદિન એમાં વધારો થાય છે અને છતાં આપણે ૩૨ ટકાથી વધુ જોગવાઈ કરી છે એ મને લાગે છે કે આજે કયા પ્રકારનો આપણે વહીવટ કરી રહ્યા છીએ? માનનીય અધ્યક્ષશ્રી, બીજી જે વાત છે, માનનીય મંત્રીશ્રીઓ, નાયબ મંત્રીશ્રીઓ, સંસદીય સચિવશ્રીઓનો જે ૩ કરોડ અને ૧૮લાખ રૂપિયાનો જે ખર્ચ હતો એની અંદર પણ ૩ કરોડ રૂપિયા સામાન્ય વહીવટમાં વધારે લાવ્યા છે. આજે માનનીય મંત્રીશ્રી માટે અને જે પ્રકારનું કામ થઈ રહ્યું છે એની અંદર પણ આટલો મોટો, ૨૧ ટકાથી વધારો મૂકયો છે. સામાન્ય વહીવટ વિભાગનો જે ૭ કરોડ ખર્ચ હતો, ૩ કરોડ અને ૧૬ લાખ રૂપિયા એની અંદર પણ વધારો આવ્યો છે એટલે ૪૦.૧૫ અને ૩ કરોડ રૂપિયા શેમાં વધારાના વાપર્યા એ બહુ મહત્વની વાત છે અને આ જે ૩ કરોડ રૂપિયા વધારાના વાપર્યા છે એ રાજકોટની અંદર જે રીતનું ફંકશન કરવામાં આવ્યું એનો જે ખર્ચ બતાવ્યો છે, ૩ કરોડ રૂપિયા એ સમજાતું નથી કે આપણે ગાંધીનગરની અંદર પણ ઉત્સવ કરી શકીએ પણ આ સરકાર એ ઉત્સવોની સરકાર છે અને ૩ કરોડ રૂપિયા રાજકોટ જઈને ૨૬મી જાન્યુઆરી હોય કે ૧૫મી ઓગસ્ટ હોય એ નિમિત્તે જે પ્રકારનો ખર્ચ કરવામાં આવ્યો છે, ત્રણ-ત્રણ કરોડ રૂપિયા ગરીબોની બીજી યોજનામાં કદાચ વાપર્યા હોત તો આપણને એમ લાગેત કે આ કારણ વાજબી છે પણ કંઈક ફંકશન કરવામાં આવે અને ૩ કરોડ રૂપિયાનો વધારો કરવામાં આવે ત્યારે આ સરકાર ઉત્સવો બંધ કરી આવા ખોટા ખર્ચા બંધ કરી અને સારા ખર્ચા અને સારી યોજનાઓ ઉપર ખર્ચવામાં આવે એવું આ તબકકે નાણામંત્રીશ્રીને કહેવું છે.

બીજું જે ખર્ચ થયો નિવાસી ગુજરાત ભવનનો એમાં પણ ૯.૩૩ ટકા વધારો છે આજે આટલી મોટી રકમનો ખર્ચ જયારે ગુજરાત ભવનની અંદર થતો હોય, અમે તો ગુજરાત ભવનમાં જતા હોઈએ છીએ, મારા ઘણા બધા મિત્રો જતા હોય છે. આજે ગુજરાત ભવનની જે પરિસ્થિતિ છે, ત્યાં આગળ જે સગવડો છે, આજે આપણને એમ થાય કે ૧ થી ૨૦ નંબરની જે રૂમો છે એ તો અવારનવાર બુકિંગ ક્ષેત્રે બંધ જ હોય છે. ગુજરાતીનું જે વાતાવરણ લાગવું જોઈએ એ વાતાવરણ કે પરિસ્થિતિ ત્યાં છે જ નહીં. ત્યાં જે સગવડો મળે

છે એનો જે જે મિત્રોને અનુભવ છે ગુજરાત ભવનનો, એની સ્થિતિમાં પણ સુધારો કરવામાં આવ્યો હોત ત્યાં આગળ ખરેખર સારી સગવડ મળેત, સારો સુધારો થાત તો મને ચોકકસ આનંદ થાત. ખાતાકીય તપાસ માટે ખાસ અધિકારી કચેરી એની અંદર પણ ૪ લાખ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને જિલ્લા આયોજન તંત્ર એની અંદર પણ ૨.૮૬નો વધારો કરવામાં આવ્યો છે. જિલ્લાનું જે ત્યાંનું જે આયોજન તંત્ર છે અને જે રીતની કામગીરી ત્યાં થઈ રહી છે, માત્ર ત્યાં કોની સત્તા ચાલે અને એ પ્રકારનું જે જિલ્લાનું આયોજન થાય એ પ્રકારનું ત્યાં આગળ થઈ રહ્યું છે ત્યાં પણ આની અંદર વધારો થાય છે. સામાન્ય વહીવટમાં જોતા દુ:ખદ બાબત એ થતી હોય છે કે જે પ્રોટોકોલનો નિયમ છે કે એક વખત એમ.એલ.એ. હોય અને ત્યાં આગળ જે મંત્રીશ્રીનો કે સરકારી કાર્યક્રમ થતો હોય ત્યાં આગળ જે એમ.એલ.એ.નું નામ આવવું જોઈએ, તમે ગમે તેટલી રજૂઆતો કરો પણ ગમે તે કારણસર એ અધિકારીઓ પોતાની મનમેળે, મને હમણાં જ ઉંઝાનો દાખલો આપવાનું મન થાય છે કે માનનીય ઉંઝાના ધારાસભ્ય હોય, જિલ્લા પંચાયતના પ્રમુખ હોય, સંસદસભ્યશ્રી હોય, મારો અડધો મત વિસ્તાર હોય અને છતાં બાકીના બધાનું નામ હોય, મામલતદાર કચેરીનું ઉદ્દઘાટન થતું હોય પણ છતાં ત્યાં આગળ આ રીતે ઈરાદાપૂર્વક બહાર રાખવામાં આવે છે. કિન્નાખોરી રાખીને જે પ્રકારનું કામ કરવામાં આવે છે સામાન્ય વહીવટ વિભાગમાં એ પણ ન કરવું જોઈએ અને આટલી બધી માગણીઓ જયારે સામાન્ય વહીવટ વિભાગની લઈને આવ્યા છે ત્યારે હું એની સામે સંમત થઈ શકતો નથી.

ગૃહની જે માગણી છે એમાં આજે ૪૧૭ કરોડ રૂપિયા એનો અંદાજ હતો એની અંદર ૧૯ કરોડનો આજે વધારો લઈને આવ્યા છે. જિલ્લા પોલીસ ખુદ એમાં ૭૦ લાખ રૂપિયા માત્ર અને માત્ર પોલીસ વિભાગના ઘોડા ખરીદવાની વાત બતાવી છે. આપણી પાસે જે ઘોડાઓ છે એમાં આજની તારીખે ખેતરમાં જે રીતે ખૂન થઈ રહ્યાં છે, જે જિલ્લા અને તાલુકા માટે અમે માગણીઓ કરીએ છીએ ત્યારે અમારી માગણીઓ સંતોષાતી નથી. એક બાજુ ૭૦ લાખના બીજા ઘોડા લેવાના હોય ત્યારે જે ઘોડા છે એનો સદ્દુપયોગ થાય એ જરૂરી છે. લૂંટ અને ચોરીઓના બનાવો થાય છે. અમારે ત્યાં કિસ્સો બન્યો હતો કે ૨૦ થી ૨૫ ચડ્ડી-બંડી ધારીઓ ૨૨ જણાને એકી સાથે સમગ્ર એક કિલોમિટરના વિસ્તારમાં લૂંટ ચલાવીને જતા રહ્યા, આટલા દિવસ થયા પણ હજુ સુધી પોલીસ કશું કરી શકી નથી. ત્રણ મહિના પહેલા એક પ્રસંગ બન્યો છે એ જ રીતે આપણા કર્મચારીઓના મોંઘવારી ભથ્થાની વાત થતી હોય ત્યારે ચોક્કસ દાખલો આપવાનું મન થાય કે ગૃહમંત્રીશ્રી કહેતા હતા કે પોલીસ વિભાગનું મોરલ ઊંચું આવે, એ મજબૂત રહે, ત્યારે દુ:ખ સાથે કહેવું છે કે દર વર્ષે ધીમે ધીમે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ બદલાતી જાય છે. તેના કારણે આજે ગુનાઓમાં વધારો થતો જાય છે. ગયા વર્ષ કરતાં ગુનાઓ વધ્યા છે, એના પછીના વર્ષે વધતા જાય છે. આમ, દિન પ્રતિદિન ગુનાઓ વધતા જાય છે. જ્યારે જવાબ આપવામાં આવે છે ત્યારે બીજા રાજયો સાથે મૂલ્યાંકન કરવામાં આવે છે. મારી વિનંતી છે કે ગુજરાતમાં ગુનાઓ કેવી રીતે ઓછા કરી શકાય એ જોવું જોઈએ. બીજા સાથે મૂલ્યાંકન કરીને શું સાબિત કરવા માગો છો? આપણે ત્યાં જે સ્થિતિ છે એમાં વધારો થાય અને બધું ચાલતું રહે? બીજા રાજયમાં જે પરિસ્થિતિ હોય એ પણ ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધરે એ જરૂરી છે. મને કહેતાં દુ:ખ થાય છે કે મારા મત વિસ્તારના ત્રણ બનાવો એવા છે કે, મને લાગે છે કે પોલીસ વિભાગમાં પણ આજે પી.આઈ. એવા મૂકવામાં આવે છે કે કોઈએ ફરિયાદ કરવા જવું હોય તો પી.આઈ.ને ફોન કરીને પૂછવું પડે છે. ત્યાર પછી બે-ત્રણ કલાક બેસી રહે પછી જ ફરિયાદ લેવામાં આવે. આ તંત્ર ગૃહમંત્રીશ્રી ચલાવે છે કે બીજા લોકો ચલાવે છે? બીજાના હૂકમો ચાલતા હોય એવી સ્થિતિ છે. સિદ્ધપુરમાં ત્રણ ખૂનના બનાવો હોય, ચોરી અને લૂંટના બનાવો હોય અને એનો ઉકેલ આવતો ન હોય અને આવો વધારો આવે ત્યારે એ દુ:ખદ બાબત છે.

પોલીસ કર્મચારીઓને આપવામાં આવેલ મોંઘવારી ભથ્થાનો વધારો એ ૫૯ ટકા વધારો છે. ૩.૫૦ કરોડ છે એની સામે ૨.૦૮ કરોડનો વધારો આવ્યો છે. ખાનગી સિક્યોરિટી પ્રમાણે લોકોને જે ભથ્થા આપતા હોય એમાં આટલો મોટો વધારો કઈ રીતે થયો એ સમજી શકાય તેમ નથી. રાજય અનામત પોલીસ દળમાં મોંઘ ્વારી ભથ્થાનો વધારો ૧૪૧ કરોડ હતો એમાં ૬.૭૮ કરોડ રૂપિયાનો વધારો લાવવામાં આવ્યો છે. સાયન્સ વિભાગમાં ૨૮ લાખનો વધારો લાવ્યા છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ એમાં ૧૦ લાખનો વધારો કરવામાં આવ્યો છે. હાઈ વે ઉપર જે પોલીસ ફરતી હોય છે એનું મુખ્યત્વે કામ અને જવાબદારી એ છે કે ટ્રાફિક જામ ન થાય, હાઈ વે ઉપર કોઈ બનાવ બને ત્યારે લોકોને જરૂરી સુવિધા કઈ રીતે પ્રાપ્ત થાય એ જોવાનું હોય છે. આપણે હાઈ વે ઉપર જોતા હોઈએ છીએ કે લગભગ હાઈ વે પોલીસ જે કામ કરી રહી છે, જે સિસ્ટમથી કામ કરી રહી છે, ગાડીઓને ઊભી રાખી જે પ્રકારનો ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે ત્યારે લોકોને જરૂરી સુવિધા પ્રાપ્ત થાય એ માટે ગૃહમંત્રીશ્રીએ એના ઉપર કાળજી લેવી જોઈએ. વિભાગને સૂચના આપવી જોઈએ કે અકસ્માત થયો હોય તો એક-બે કલાક સુધી ત્યાં પડ્યા રહેવું પડે છે. ટ્રાફિક પોલીસ કયાંય હોય છે. આપણા પૈસા ખર્ચાતા હોય ત્યારે એને સુવિધા મળવી જોઈએ. રાજયમાં ૧-૫ અને ૩૧-૬ સુધી આટલા ખૂન, લૂંટ અને ચોરીઓ થઈ હતી. સમયના અભાવે આંકડા આપતો નથી. મારે એટલું જ કહેવું છે કે ગૃહ વિભાગ આટલી મોટી માગણી લઈને આવ્યો છે ત્યારે જે વિષયો ઉપર ધ્યાન દોરવું જોઈએ એ બાબતે ચોક્કસ ગૃહમંત્રીશ્રી મારી વાત સાથે સંમત થાય અને કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુધરે એવું કામ થાય અને જે વાતાવરણ ઊભું

થયું છે એમાં સુધારો લાવે એવી વિનંતી છે. હમણાં નરોત્તમકાકા કહેતા હતા કે નર્મદા, જળસંપત્તિ, કલ્પસર અને પાણી પુરવઠા વિભાગ,

હું માગણી પરની જ વાત કરતો હતો. કેન્દ્રની જળધારા પાણી પુરવઠા યોજના ૨૦૦૫-૦૬ ના બજૅટમાં એકપણ રૂપિયાની જોગવાઈ ના કરવામાં આવી અને પૂરક માગણીની અંદર ૪ કરોડ ૧૯ લાખ રૂપિયાનો આપણે વધારો લાવ્યા છીએ. (અંતરાય) વડીલ આપને પરફેકટ કહીશ કે આટલા બધા જ્યારે કેન્દ્રએ આપ્યા પછી ઉમેરો થતો હોય તો આગોતરું ધ્યાન રાખ્યું હોત અને આગોતરું આયોજન કર્યુ હોત તો મને એમ થાત કે અત્યારે પૂરક માગણીમાં આટલો મોટો ખર્ચ લઈને આવવું પડ્યું એ કદાચ ના લાવવું પડ્યું હોત અને પાણી પુરવઠા અને સ્થાનિક સંસ્થા નગરપાલિકાના વગેરેનો જીવનધારા નિગમમાં નાણા ફરતા હતા. ૯૦ કરોડ રૂપિયાનો પહેલા જે ૨૫ લાખ રૂપિયા અંદાજ હતો તેની સામે ૯૦ કરોડ ૯૦ લાખના આટલા મોટા વધારા સાથે જે લોનનું વ્યાજ ચૂકવવાનું કદાચ ખર્ચ એમને બેક ઈફેકટ છે એની સરકારને મળવાની લોન પાછલી મુદત પૂરી કરવા માટે જો આટલો મોટો વધારો મૂક્યો હતો તો મને લાગે છે કે આ યોજનાનો બજૅટની અંદર ચોક્કસ આયોજન કરી શક્યા હોત.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે ઉદ્યોગ વિભાગ છે, એમાં પણ ૧ થી ૬ માગણીઓ જુદા જુદા હેડોએ લઈને આવ્યા છે. કુટિર ઉદ્યોગ સહકારી મંડળીના નિયામક માટે ગાડી ખરીદવા ૧૦૦૦ કરોડ રૂપિયા ખાલી આમાં જોગવાઈ કરી છે. હુલ્લડો માટે મારે ખાસ વાત કરવી હતી કે ૨૫ લાખ રૂપિયાની જે જોગવાઈ છે એમાં ૧૧ લાખ રૂપિયા વધારો કર્યો. ગયા વર્ષે એક કરોડ જેટલા ખર્ચ્યા હતા. જે લોકોને ખરેખર હુલ્લડની અંદર નુકસાન થયું છે દુકાનથી માંડીને વસ્તુમાં અને રાજ્ય સરકાર જ્યારે આ પૈસા આપવાની હોય ત્યારે ઝડપથી લોકોને મળે અને એના કેસો પડતર ના રહે. એકવાર બજૅટમાં જોગવાઈ થાય તો તમામ લોકોને કદાચ સત્વરે પૈસા મળી જાય એ જરૂરી હોય છે. (અંતરાય) ભગવાન કરે કોઈ હુલ્લડ ના થાય અને એવું પોષાય પણ નહિ. ઉદ્યોગની શાખામાં જે કર્મચારીઓ સ્વૈચ્છિક નિવૃત્તિની જાહેરાત માટે ૯૬ લાખ રૂપિયાનો વધારો લાવ્યા છે. ઉદ્યોગ વિકાસ પ્રોત્સાહન, જિલ્લા કચેરી બાંધવા માટે ૧૨ કરોડ રૂપિયા, ૨૫ કરોડ હતા એટલે ૪૮ ટકા વધારો આની અંદર લાવ્યા છે. સાહેબ, અનિલભાઈ નવા નવા મકાનો બાંધે પણ બેરોજગારોનો જે પ્રશ્ન છે એ નાણાથી ઉદ્યોગ કચેરી ન બને તો પાછળથી બનશે. કદાચ આટલા બધા પૈસા ફાળવતા હોય તો ત્યાં આગળ આવી યોજના થાય, એ નાણામાંથી લોકોને સારી રીતે પ્રોત્સાહન મળે અને સારા ઉદ્યોગો થાય અને ગુજરાતનો વિકાસ થાય એ તરફ હું ધ્યાન દોરું છું.

છેલ્લે શિક્ષણ વિભાગની અંદર પણ જે રીતે વધારો લઈને આવ્યા છે. શિક્ષણ વિભાગની અંદર પણ બિનસરકારી કાયદા કર્મચારીઓ માટે શિક્ષક ભવિષ્યના વ્યાજનો ખર્ચ વધારો બે કરોડ રૂપિયા આવ્યો છે. યુનિવર્સિટી કર્મચારી ભવિષ્યનું વ્યાજ રૂા.૫૨ લાખનો વધારો લઈને આવ્યા છે. પેન્શન યોજના પંચાયત અને નિવૃત્તિ ગેચ્યુઈટી, પંચાયત માધ્યમિક શિક્ષણ યોજના લઈને આવ્યા છે. પંચાયત, માધ્યમિક શિક્ષણ કુટુંબ પેન્શન, પ્રાથમિક નિભાવ અનુદાન માટે ૨૦૩ કરોડ રૂપિયા (અંતરાય) શિક્ષક માટેની બાબતમાં નહિ બોલું એટલે બહેનને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બહેનને મારી એજ વિનંતી છે કે, શિક્ષકો માટેની જે રીતનું શિક્ષણનું સ્તર દિન-પ્રતિદિન ખરેખર ગામડાઓમાં અને એકવીસમી સદીમાં ખરેખર જવું હશે, પાંચ-સાત વર્ષ પછી જ્યારે કૉમ્પ્યુટર યુગમાં જ્યારે બધું મળવાનું હશે ત્યારે ચોક્કસ શિક્ષણ એ આપણા માટે બહુ જરૂરી બની જશે અને ગામડાઓમાં આજે પણ જે સ્થિતિ છે કે ડ્રો-બેકનો જે પ્રશ્ન બન્યો છે અને ચોક્કસ સરકાર એમાં જે રીતે કામ કરે છે પણ એમાં વધુને વધુ શિક્ષકોને જવાબદારી આપવામાં આવે અને એ શિક્ષકો વાલીઓ સાથેનું સંગઠન કરીને જે લોકો સ્વૈચ્છિક રાજકીય રીતે જે આમાં સંડોવાયેલા છે એવા લોકોને આપણે જોડે રાખીને જે ડ્રો-બેકનો પ્રશ્ન બન્યો છે એ ઓછો બને અને જ્યારે આટલી મોટી માગણી લઈને આવ્યા છે ત્યારે ચોક્કસ બહેન સમજશે કે શિક્ષણ ક્ષેત્રનું કેટલું મહત્ત્વ છે એ આ મને એ બધી માગણીઓ કદાચ પહેલાં પણ મૂકી શક્યા હોત પણ એમણે પાછળથી જે મૂકી છે અને આ શિક્ષણ માટેનું મધ્યાહન ભોજન કેન્દ્રના ફાળે જે પૈસાની વાત થતી હતી, ૩૬ લાખ બાળકોને જે ભોજન પૂરું પાડવાની જે વાત થતી હતી, જ્યારે શ્રી માધવસિંહ સોલંકી સાહેબના મગજમાં જ્યારે આ વિચાર આવ્યો ત્યારે મને ચોક્કસ ખ્યાલ છે કે, આજે પણ એક ગામમાંથી વિદ્યાર્થી શિક્ષણમાં જવા પાછળનો મેઈન હેતુ જમવાનું મળે છે એના વાલીને એમ થાય અને એના કારણે શિક્ષણનો દર ધીમે ધીમે જે વધતો રહ્યો એમાં પણ સારું ભોજ પીરસાય અને સારી કવોલિટી જળવાય એવી આ પ્રસંગે હું વિનંતી કરું છું અને તમામ જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એ પૂરક માગણીઓમાં માનનીય મંત્રીશ્રીને એટલી વિનંતી કરીશ કે આ બજૅટમાં મૂકયું હોત તો સારું હતું પણ આ બધા જે ખર્ચાઓ જે પ્રમાણે કરવામાં આવ્યા છે માટે આપની આ પૂરક માગણીઓ સાથે હું સંમત થતો નથી.

**ડૉ. દિનેશ પરમાર (જામનગર (રૂરલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે પૂરક માગણીઓ માટેના ખર્ચની બાબત લઈને આવ્યા છે ત્યારે મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઈપણ નાણા મંત્રીશ્રીની ક્ષમતા એની બુદ્ધિમત્તાનું ધોરણ અને એની આવડતની પારાશીશી એ જે બજૅટ રજૂ કરે છે એ બજૅટમાં વધારે પડતો ખર્ચ ભવિષ્યમાં નથી આવવાનો એની બધી ગણતરી કરી અને બજૅટ રજૂ કરે છે, એને ગણવામાં આવે છે પરંતુ અહીંયા તો કરોડો નહીં પણ અબજો રૂપિયાનો વધારાના ખર્ચા માટેની મંજૂરી માટે સરકાર આવી છે ત્યારે અફસોસ અને દુ:ખ એ બાબતનું થાય છે કે, શું એ લોકોએ ભાવી આયોજન નથી કર્યુ, એ બધા વિચારો એની ગણતરીમાં નહતા, આ બધું એના ધ્યાન બહાર હતું, શું ચીલાચાલું અધિકારીઓ જે રજૂ કરે એ બજૅટની વાતો મૂકી દેવાની ? જે સરકારની નીતિ હોય, સરકારની જે પોલિટિકલ વીલ હોય એ પ્રમાણેના નવા જે આયોજન કરવા માગતા હોય એનું ભવિષ્યનું આયોજન એ લોકોના મગજમાં નહતું? કે જેમ તુક્કા સૂઝે એ તુક્કા પ્રમાણે વચ્ચે વચ્ચે ખર્ચો કર્યે રાખવાનો ? આ રીતે જો તંત્ર ચાલતું હશે તો કોઈ દિવસ ગુજરાતને આર્થિક રીતે જે દિશામાં આપણે લઈ જવા માગીએ છીએ એ દિશામાં જશે નહી.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની માગણી નંબર:૩૨માં ૪૩૪ લાખ અને ૬ હજારની માગણી એ ધારાસભા સમક્ષ મૂકી છે. આ પૈકી ૧૩૪ લાખ ૬ હજાર, માહિતી મેળવવાના અધિકાર એકમ માટેના ખર્ચ માટે આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આટલા વર્ષો પછી પણ આ દેશમાં સાચા અર્થમાં લોકશાહી પ્રસ્થાપિત થવા માટેની જે દિશામાં કાર્ય થઈ રહ્યું છે, ભારત સરકારે માહિતી માટેના અધિકાર માટે જે કાયદો બનાવ્યો અને એના અનુસંધાને ગુજરાત સરકારે જે કાર્ય કરવું પડ્યું છે એ ચોક્કસ આવકારદાયક છે પણ હું અપેક્ષા રાખું છું કે, સમયસર એ પ્રમાણેની માહિતીના જવાબો મળે છે કે કેમ, એ જોવા પ્રયત્ન કરજો કે તંત્ર જેમ ભૂતકાળમાં ચાલતું હતું એજ દિશામાં ચાલતું હોય અને આવા જો ખર્ચાઓ કરવાના હોય તો એમાં અમારી સંમતિ નથી. કારણ કે, હમણાં જ, તાજેતરમાં જામનગર આયુર્વેદ યુનિવર્સિટીની અંદર જે ભ્રષ્ટાચાર ચાલતો હતો એની માહિતી મેળવવા પ્રયત્ન **અધ્યક્ષશ્રી** : આ કયાં આવે છે ? પ્લીઝ.

**ડૉ. દિનેશ પરમાર** : માહિતી મેળવવાની બાબત છે.

**અધ્યક્ષશ્રી** .: નો, પ્લીઝ.

**ડૉ. દિનેશ પરમાર** : માહિતી મેળવવાના અધિકારમાં જે કાંઈ તકલીફ પડે છે એમાં દાખલો આપવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : નો.

**ડૉ. દિનેશ પરમાર** : જો તંત્ર સુધરવાનું જ ન હોય તો અને હું જે કહેવા માગું છું એનું ધ્યાન પણ મારે ન દોરવું ? તો કશો વાંધો નથી.

**અધ્યક્ષશ્રી** . : જેટલી વાર ઊભા થાઓ ત્યારે પ્રશ્નો ઊભા ન કરો, પ્લીઝ.

**ડૉ. દિનેશ પરમાર** :મારે જે વાત કરવી છે એનું દૃષ્ટાંત આપું છું.

**અધ્યક્ષશ્રી** : નો.

**ડૉ. દિનેશ પરમાર** : તો આ લોકો સુધરશે કેમ? આ લોકોને સુધારવા માગીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : નો.

**ડૉ. દિનેશ પરમાર** : ૩૦૦ લાખ રૂપિયા પ્રજાસત્તાક દિનની ઉજવણી માટે.માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સંસ્કૃતિ અને ગુજરાતની તાસિર એ રહી છે કે ગુજરાત એટલે ઉત્સવોનો દેશ અને ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે એટલે સરકાર ઉત્સવોમાં ભાગ લે તો જ ઉત્સવ ઊજવાશે એવું નથી. ઉત્સવો વર્ષોથી ઊજવાતા આવ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ ૫૦૦૦ વર્ષ પહેલા થયો હતો. પણ આજની તારીખમાં પણ ત્રણ ત્રણ દિવસ સુધી જન્માષ્ટમી ઊજવાતી હોય ત્યાં સરકારનો રોલ કયાં આવ્યો? અત્યાર સુધી ઉજવણી ઊજવાતી હતી માત્ર એમાં સરકારીકરણ થઈ ગયું હોય અને આ યોજનામાં સરકારીકરણ થવાનું હોય પક્ષની કે પાર્ટીની પ્રસિદ્ધિ માટે ખર્ચ કરવામાં આવતો હોય અથવા તો એને પોલિટિકલ તખ્તો બનાવવાના પ્રયત્ન કરવામાં આવતા હોય તો હરગિજ એને મંજૂરી આપી શકાય નહીં. કારણકે સ્વાતંત્ર દિવસ આખા દેશમાં ઊજવાઈ રહ્યો છે. ગુજરાત માટે એમાં  નવી નવાઈ નથી. બેફામ ખર્ચ ઉપર લગામ લાવવી જોઈએ. સરકારી કન્ટ્રોલ હોવો જોઈએ. આ રીતે ચલાવી શકાય નહીં. ગૃહ વિભાગની માગણી ૪૨ લાવ્યા છે ત્યારે મારે કહેવું છે કે સદર ૨૦૫૫ પોલીસ માટે  ૧૯૮૪૮૭૦૦૦ ની માગણી ૬૭૮૬૫૦૦૦ની માગણી, ૨૦૮૦૨૦૦૦ની માગણી શાના માટે? અશ્વની ખરીદી માટે? અશ્વ ખરીદે કે બીજા કોઈ જનાવર ખરીદે એમાં વાંધો હોઈ શકે નહીં. તંત્ર સુદ્રઢ બનતું હોય તો કોઈ મુશ્કેલી નથી પણ હાલમાં જે અશ્વ છે એની પૂરેપૂરી કાળજી લેવામાં આવે છે? એના પેટમાં પૂરેપૂરો માલસામાન જાય છે એની દેખરેખ રાખવાવાળા કેવી રીતે વર્તી રહ્યા છે. ઘોડો દૂબળો થઈને ગધેડા જેવો ન થઈ જાય.  એને સાચવવાવાળો ઘોડા જેવો ન થઈ જાય એ જોવાની જવાબદારી પણ સરકારની છે. મોટા ભાગે કચેરી ખર્ચમાં વધારો થવાથી એવું છે. જો આ સરકાર કચેરી ખર્ચ ઉપર વધારાના પૈસા આપ્યા કરશે તો, કરકસરયુકત વહીવટ નહીં આપે તો ગુજરાતની દશા કફોડી થવાની છે. અધિકારીઓ ઉપર ખોટા ખર્ચ ઉપર બેલગામ ખર્ચ ઉપર નિયંત્રણ ન રાખી શકો તો વધારાના પૈસા લાવવા માટે પ્રયત્ન કરવો પડે. ગુજરાતને આપણે કઈ દિશામાં  લઈ જવા માગીએ છીએ? કચેરીના વધારાના ખર્ચ માટે આ સરકારે કાંઈ આયોજન કર્યું

છે? કરકસરયુકત પગલાં લેવા માટે આયોજન કર્યું છે? વધારાના ખર્ચ બેફામ રીતે માગણી પ્રમાણે મંજૂર કર્યા છે અને આપણે મૂક સાક્ષી થઈને ચલાવી લઈશું તો રેવન્યુ આવક કરતા ખર્ચ એટલા માટે વધી જશે કે વિકાસના કોઈ કાર્યો નહીં થાય. વિકાસની દિશામાં ગુજરાતને લઈ જવું હશે, ગુજરાત વેપારીઓનો દેશ છે. વેપારી હંમેશા વિચાર કરે કે કેટલો નફો થશે અને કેટલું નુકસાન. આવક કેટલી થશે અને જાવક કેટલી થશે. જાવક ઉપર નિયંત્રણ મૂકી શકાય તેમ છે કે કેમ? કચેરીના બેફામ ખર્ચા ઉપર જે વધારાની માગણી લાવ્યા છે એમાં કયારેય સંમત થઈ શકાય તેમ નથી.

ગૃહ ખાતાની માગણી લાવ્યા છે ત્યારે એમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરેપૂરા પ્રયત્નો કરવામાં આવે. ખૂન, લૂંટ, ચોરી, બળાત્કાર, ધાડ, આત્મહત્યા, અપહરણ, અસલામતીનું વાતાવરણ ઊભું થયું છે અને જે રીતે પોલીસ ઉપરથી વિશ્વાસ ઉઠી જાય એવું વર્તન થઈ રહ્યું છે એમાં સરકાર સક્રિય થાય, જાગૃત બને. એસ.આર.પી. ઉપર ભરોસો રાખવો પડે છે. એસ.આર.પી.ની દશા પોલીસ જેવી થઈ ગઈ છે. લોકો લશ્કર ઉપર ભરોસો રાખવો પડે છે. આ સરકારનું પ્રતિબિંબ ઉભું કરવા માગું છું. પોલીસની વિશ્વસનીયતા જળવાઈ રહે એના માટે તમારે સક્રિય પગલાં લેવા પડશે. પોલીસનું મોરલ ડાઉન ન થાય એ માટે સક્રિય પગલાં લેવા પડશે. સરકારની પોલિટિકલ દખલગીરી પોલીસતંત્ર ઉપર ન હોવી જોઈએ. લોકો અસલામતીનો અનુભવ ન કરે, સુરક્ષાનો અનુભવ કરે, સલામતીનો અનુભવ કરે, આતંકવાદનું વાતાવરણ ઊભું ન થાય એ જોવાની જવાબદારી સરકારની છે. ૧૦લાખ નેશનલ હાઈવે ઉપર પેટ્રોલીંગની સેવા આપવા માટે પણ અત્યાર સુધીનો મારો અનુભવ છે કે રોડ ઉપરથી પસાર થતા હોઈએ ત્યારે એટલો બધો ટ્રાફિક જામ થઈ જાય હું તપાસ કરું તો કહે આગળના ભાગમાં અધિકારીઓ હપતા ઉઘરાવવાનું કામ કરે છે એટલે આવું થાય છે. જાહેર પ્રજા નીકળતી હોય, એની હાજરીમાં જો પોલીસ પૈસાની લેતીદેતી કરતી હોય અને હપ્તા ઉઘરાવવાનું કામ કરતી હોય અને પેટ્રોલિંગના નામે અથવા ચેકપોસ્ટના નામે જો લોકોને લૂંટવા માટેનું કામ કરતી હોય. કાગળ કયાં છે? લાઈસન્સ કયાં છે, આનું આ નથી, તે નથી, પાછળની લાઈટ નથી, આગળની લાઈટની અંદર લીલો પટ્ટો કર્યો નથી. આમ કરીને લોકોને પરેશાન કરીને પોલીસ તંત્ર પૈસા પડાવવાનું કામ કરતી હોય અને એના માટે નેશનલ હાઈવે ઉપર પેટ્રોલિંગ કરવા માટે મને એવું જાણવા મળ્યું છે કે નેશનલ હાઈવે ઉપર પેટ્રોલિંગ કરવા માટે જે પોલીસવાળાએ જવું હોય, એના માટે પૈસા દેવા પડતા હોય છે, એના માટે લિસ્ટ લાંબુ બનતું હોય છે, એની પ્રાયોરિટી નક્કી થતી હોય છે, કારણ કે ત્યાં માલ મળતો હોય છે. સરકારે આ બાબતની અંદર સક્રિય થઈ, કન્ટ્રોલ કરવા પ્રયત્ન કરવો પડશે. પોલીસને સાચા અર્થની અંદર સાથી બનાવવો હશે, પોલીસને સાચા અર્થમાં સહાયક બનાવવો હશે તો પોલીસની અંદર રહેલી બદીને દૂર કરવા પ્રયત્ન કરવો પડશે. પોલીસની ઇમેજ સુધારવા પ્રયત્ન કરવો પડશે. હમણાં હમણાં મેં વિદેશની પોલીસ બાબતે સાંભળવા પ્રયત્ન કર્યો, ત્યારે સમાજ સેવાથી પણ ચડી જાય એ રીતનું કાર્ય વિદેશની પોલીસો કરી રહી છે. તમે ઘરે ન હોય, તાળું હોય અને ઘરની અંદર કોઈ અઘટિત બનાવ બને તો તમને જાણ કરવા સુધીનું કામ પોલીસ કરે છે, જ્યારે અહીંયા તોં અકસ્માત થતો હોય એના ઉપરથી ઘરેણાં ચોરી લેવાનું કામ જો પોલીસ કરતી હોય તો એના માટે આપણે આપણા તંત્રને સુધારવા માટે એનું મોરલ અપ કરવા માટે અને સાથે સાથે શિક્ષણ આપવા માટે અને સારી રીતના સહાયક બની શકે. એવી પોલીસ ઊભી કરવા માટેનો પ્રયત્ન કરવો પડશે. ૧૦ લાખ રૂપિયા, વિભાગ માટે રાજય વાહન વ્યવહાર શરૂ કરવાની નવી સેવા માટે આપવામાં આવ્યા છે. આ જે વાહનોના પેટ્રોલનો ધુમાડો કરવામાં આવે છે, એની અંદર કન્ટ્રોલ કરવો જોઈએ. એ લોકો જો આ વાહનોનો ઉપયોગ પ્રજાના કલ્યાણ માટે કરતા હોય તો અમારી પૂરેપૂરી સંમતિ છે, અમારો પૂરેપૂરો સહયોગ છે.

શિક્ષણ વિભાગની માગણીઓ લઈને આવ્યા છે. મારે કહેવું છે કે ૨,૮૩,૬૪,૩૪,૦૦૦. કેવડી મોટી રકમ, આયોજનની અંદર ખામી હોય તો આવડી મોટી રકમ પાછળથી ઉમેરવા માટેની જરૂર પડે. મારે કહેવું છે કે શિક્ષણ વિભાગની અંદર, હાઈસ્કૂલની અંદર જ્યાં અનામત પ્રથાની અંદર રૉસ્ટર પૉઈન્ટ અને અનુસૂચિત જાતિ માટે અને આદિવાસી જાતિ માટે પ્રથમ નંબરે અને ત્રીજા નંબરે હતો એ મનસ્વી રીતે ફેરફાર કરી અને આદિવાસી માટે સાતમાં નંબરનો અને શિડ્યુલ કાસ્ટ માટે ૧૪ માં નંબરનો કરી નાખ્યો. પરિસ્થિતિ એ થઈ કે જે હાઈસ્કૂલની અંદર ૧૦ થી ૧૨ શિક્ષકો હોય, ૧૨ થી વધારે શિક્ષકો ન હોય તો કોઈપણ હાઈસ્કૂલની અંદર કોઈ શિડ્યુલ કાસ્ટને આની અંદર અનામતનો લાભ મળે નહિ. એની ભરતી થઈ શકે નહિ, તો અમુક માત્ર મુઠ્ઠીભર મૂડીવાદી લોકોના હાથની અંદર જ આ દેશના શિક્ષણને સોંપી દેવું છે? અનામતની અંદર રહેવાવાળા લોકોનો અધિકાર નથી. આ રાજ્યના ખજાના ઉપર એનો પણ હક્ક નથી અને એમના લોકોને એના અધિકાર પ્રમાણે નોકરી મળવી જોઈએ એવી અપેક્ષા હોવી જોઈએ એ પૂર્ણ નહિ કરવાની? આપણે માત્ર પોલિટિકલ વીલથી ઈરાદાપૂર્વક રૉસ્ટરનો પૉઈન્ટ ૧૪ માં નંબરેથી લઈ જઈ એક પણ અનુસૂચિત જાતિના શિક્ષક ભરતી ન થઈ શકે એનો જો કારસો રચવામાં આવતો હોય તો શિક્ષણ વિભાગને અબજો રૂપિયાનો ખર્ચ કરવા માટેનો અધિકાર કઈ રીતે સુપરત કરી દેવો? મધ્યાહન ભોજનની અંદર ૪૪,૪૦,૭૫,૦૦૦ રૂપિયા ભારત સરકારની ગ્રાન્ટ આવી, એ આપણે પાછા દેવા પડ્યા. મારે પૂછવું છે કે મધ્યાહન ભોજનની અંદર આ સન્માનનીય ગૃહના સભ્યોને સંતોષ છે ખરો? કેમ નથી, કારણ કે એની અંદર ભ્રષ્ટાચાર ચાલે છે, કારણ કે

એની અંદર કોઈ નેતૃત્વ નથી અને મનસ્વી રીતે વર્તવાવાળા લોકો મધ્યાહન ભોજનની અંદર વર્તન કરતા હોય તો આપણે કોઈ દિવસ ચલાવી લેવું ન જોઈએ અને માનનીય માધવસિંહ સોલંકીએ મધ્યાહન ભોજન દાખલ કર્યુ. ભારતીય જનતા પાર્ટીના લોકો ટીકા કરતા હતા, વિરોધ કરતા હતા. પાછળથી જાણવા મળ્યું કે આ વિરોધ શા માટે હતો. સોશ્યોલોજી ડિપાર્ટમૅન્ટ ઑફ સુરતના અધિકારીઓને જવાબદારી સોંપીને તપાસ કરવામાં આવી કે મધ્યાહન ભોજન નિષ્ફળ કેમ ગયું? તો નિષ્ફળ એટલા માટે ગયું કે હરિજન અને આદિવાસી છોકરા સવર્ણના છોકરા સાથે બેસી અને એકી સાથે ભોજન કરવા લાગ્યા છે, એટલે ઉંચનીચનો ભેદભાવ હોય, સારા નરસાનો ભેદભાવ રહેતો નથી, મટી જાય છે, માટે એને નિષ્ફળ કરવામાં આવી. એ ઉપરાંત બીજો પ્રશ્ન કહેવામાં આવ્યો કે સરપંચે એમ કહ્યું કે આ હરિજન, આદિવાસીના છોકરાઓ ભણી જશે તો અમારા ખેતરમાં મજૂરી કોણ કરશે, ખેતી કરવા કોણ આવશે? આ જ મનોવૃત્તિ હોય તો એ મનોવૃત્તિમાંથી બહાર આવવું પડશે.

**અધ્યક્ષશ્રી**: સમાજ ઉપર વિપરીત અસર થાય તેવી વાત ન કરવી જોઈએ.

**ડૉ. દિનેશ પરમાર** : સમાજમાં જે ચાલી રહ્યું છે, એનો ચિતાર રજૂ કરું છું

**અધ્યક્ષશ્રી** : નો, નો.

**ડૉ. દિનેશ પરમાર** : એની ચિંતા કરવા માટે આપણે બધા ભેગા થઈએ છીએ. જો આની પણ ચિંતા ન કરીએ અને ચીલાચાલુ વાતને ચાલુ રાખવાનો પ્રયત્ન કરવો હોય અને મારું મોંઢું બંધ કરવું હોય તો મને વાંધો નથી અને આ બાબતની અંદર મધ્યાહન ભોજન જ્યારે આ દેશે સ્વીકાર્યુ છે અને જ્યારે સમગ્ર હિન્દુસ્તાનની અંદર મધ્યાહન ભોજન ચાલી રહ્યું છે ત્યારે આ ગુજરાતની અંદર કુપોષણનો ભોગ બનેલા અને કુપોષણ એવો રૂપાળો શબ્દ આપવામાં આવ્યો છે, અરે, હું તો એને ભૂખમરાથી પીડાતા લોકો કહું છું. આ ભૂખમરાનો ભોગ બનેલા ૧/૩ વિદ્યાર્થીઓને આપે જો એના મગજને તેજ બનાવવું હશે, શારીરિક રીતે સક્ષમ બનાવવા હશે, ગુજરાતના ભાવિ નાગરિક, ગુજરાતની ધુરા સંભાળવા માટે સક્ષમ અને લાયક બનાવવા પ્રયત્ન કરવો હશે તો આ મધ્યાહન ભોજન યોજનાની અંદર પૂરેપૂરું ધ્યાન આપી અને તેમાં ખર્ચમાં થોડો વધારો કરવાની કદાચ જરૂર પડે પણ તે બરાબર બાળકના પેટમાં જવું જોઈએ, બીજા લોકોના પેટમાં જાય એવી પરિસ્થિતિ પેદા કરવી હોય તો તેવા મધ્યાહન ભોજનના ખર્ચની અંદર પણ અમે સહયોગ આપી શકીએ નહીં. પ્રાથમિક શિક્ષકોના પગાર ભથ્થા અને નિભાવ ગ્રાન્ટ વધારવા માટે ૨૦૩ કરોડ રૂપિયા.

માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ બાબતમાં એક વાત કરવી છે. ઉદ્યોગ અને ખાણ વિભાગની અંદર આ સરકાર આવ્યા પછી સંપૂર્ણપણે નિયંત્રણ ઊઠવી ગયા હોય તેવો મને અહેસાસ થઈ રહ્યો છે. મનસ્વી રીતે ગમે ત્યાં આપણી ખનીજ સંપત્તિની લૂંટ થઈ રહી છે. લોકો તેને બેફામ રીતે લઈ લે છે અને જ્યારે પકડાય છે ત્યારે તેની રોયલ્ટી ભરી દેવામાં આવે છે. જામનગરની અંદર બોકસાઈટની ખાણો છે. જેટલી લીઝ છે તેની સામે તે લોકો દ્વારા બીજી જગ્યાએ જંગલ ખાતાનો ભાગ હોય ત્યાં ખોદાતું હોય છે. કરોડો, અબજો રૂપિયાની ખનીજ સંપત્તિનું ખોદાણ થઈ એકસપોર્ટ થઈ અને વિદેશ થતી રહે ત્યાં સુધી શું તંત્રને ખબર નથી પડતી? આ તંત્ર અને તેની અંદર ખાણ વિભાગના અધિકારીઓ સામેલ છે તેઓના હપ્તા ચાલે છે, પોલીસના હપ્તા ચાલે છે અને બીજા ત્યાંના મામલતદાર કક્ષાના અધિકારીઓના પણ હપ્તા ચાલે છે એટલે બોકસાઈટની અંદર જે જગ્યાએ ખાણો હોય તે જગ્યાએ હલકી કવોલિટીનો બોકસાઈટ હોય તો ઉત્તમ કવોલિટીનો બોકસાઈટ જયાં મળતો હોય ત્યાં ઉત્ખનન થઈ રહ્યું છે. તેની ઉપર કોઈ જાતનું નિયંત્રણ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છની અંદર ધોબાણા ગામે કાળા ડુંગર નામનો મોટો ડુંગર છે. તે ડુંગર જંગલ ખાતા હસ્તકનો છે. તેમા જંગલ ખાતાના કાયદાઓ નેવે મૂકી અને જે આપણી સરહદ ઉપર જે મોટો હાઈવે બની રહ્યો છે તે હાઈવે ઉપર આંતરરાષ્ટ્રીય કક્ષાની કંપનીઓ જ્યારે કોન્ટ્રાકટર તરીકે કામ કરી રહી છે અને આ કંપનીઓ ખુદ માથે રહી ત્યાં રૉયલ્ટીની ચોરી કરાવી કાળા ડુંગર ઉપરથી પથ્થરો કાઢી જવાનું કામ કરી રહી છે અને તેની અંદર જ્યારે રજૂઆત કરવામાં આવે ગામના સરપંચ તરફથી કે આ ખોટું થઈ રહ્યું છે ત્યારે તે ગામના સરપંચના નામે તે લોકોને પકડ્યા ખરા પણ પકડીને દસ કરોડ રૂપિયા રૉયલ્ટીની ચોરીના પૈસા વસૂલ કર્યા. કલ્પના કરી શકો છો કે દસ કરોડ રૂપિયાની જો રૉયલ્ટીની ચોરીના પૈસા વસૂલ કર્યા હોય તો આ લોકોને પાસા નીચે પકડવામાં આવતા નથી, સરપંચ જે ફરિયાદ કરે છે તેને પાસા નીચે પકડવામાં આવે છે. ડ્રાયવર હોય તો તેને પાસા નીચે પકડવામાં આવે છે. નાનો માણસ હોય તો તેને પાસા નીચે પકડવામાં આવે છે પણ આ મોટા મોટા અજગરોને કેમ બાકી રાખી દેવામાં આવે છે? કેમ તે લોકો સાથે સાંઠગાંઠ કરી અને આ જાતનું કાર્ય કરવામાં આવે છે? રજૂઆત કરવાવાળા માણસને જો પાસામાં પકડી અને બંધ કરી દેવાનો પ્રયત્ન કરવામાં આવતો હોય અને બેફામ લૂંટ આ રાજયની ખનીજ સંપત્તિની જો કરવામાં આવતી હોય તો હરગિઝ આ તંત્રને જે રીતે ૧,૪૫,૪૯,૦૦૦/- આ લૂંટ કરવાવાળા લોકોને આટલા પૈસા આપવાના? આ રીતે લૂંટ ચલાવવાવાળા લોકોને સહયોગ આપવાવાળા લોકોને આ પૈસા આપવાના છીએ, તેના માટે આપણે આ ગૃહની અંદર ભેગા થયા છીએ? એટલું જ કહેવું છે કે આવી રીતે મૂડીવાદીઓ સાથે સાંઠગાંઠ કરી અને તે રીતે તંત્ર ચાલી રહ્યું છે અને તે રીતે નિરંકુશ બની રહ્યા છે તેની ઉપર અંકુશ નાંખવા માટેનું આયોજન સરકાર પાસે છે

કે કેમ? પૈસા આપવામાં કોઈપણ જાતનો વાંધો નથી, તંત્ર સુધરવું જોઈએ. તંત્રની ગુણવત્તા સુધરવી જોઈએ અને તંત્રની અંદર ચાલતા બેફામ ભ્રષ્ટાચારને દૂર કરવા માટેના પ્રયત્નો કરવા જોઈએ અથવા તો આના માટેના કમિટમૅન્ટ જોઈએ. આવું મને કયાંય દેખાતું નથી તેથી આમાં હું સહયોગ આપી શકું તેમ નથી.

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી આજે જે સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ અને નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેના ઉપર મારી વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગ તરફથી જે માગણી આવી ૪ કરોડ ૩૪ લાખની તેમાં ત્રણ કરોડની માગણી તો રાજકોટમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી માટેની છે. આપના મારફતે નાણાં મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું છે કે આ પૂરક માગણી લાવો, ગૃહ મંજૂર કરે આ પરંપરા પ્રક્રિયા સ્વાભાવિક છે.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે, સભાગૃહ ૧૧.૦૦ કલાકે ફરી મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ-૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાસત્તાક દિને ઉત્સવ માટે ત્રણ કરોડ રૂપિયાની માગણી નવી સેવાઓમાં મૂકવામાં આવી છે. ઉત્સવો ઉજવવા માટે બેજટમાં જોગવાઈ કરી હોત તો એ વખતે પોતે પોતાનો વિચાર રજૂ કરી શક્યા હોત, આ પ્રકારના ઉત્સવો માટે રાજયની તિજોરીમાંથી ત્રણ કરોડ રૂપિયા આ રીતે જાય, એ ઉપરાંત ત્યાંના જુદા જુદા વિભાગોએ પૈસાના ઉઘરાણાં સંસ્થાઓ પાસે કે વેપારીઓ પાસે કે વ્યકિતઓ પાસે કર્યા છે કે કેમ એની પણ તપાસ જરૂરી છે. આવા ઉત્સવો થાયને એટલે સ્થાનિક તંત્રનો ઉત્સાહ વધી જાય છે અને ઉઘરાણાં શરૂ થઈ જાય છે અને કેટલાક વિભાગોમાં, મામલતદાર કચેરી, કલેક્ટર કચેરી, નાગરિક પુરવઠા ખાતું એમનો ઉત્સાહ વિશેષ હોય છે અને એમણે આ ઉઘરાણાં કર્યા છે કે કેમ ? અને જો ઉઘરાણાં કર્યા હોય તો આ ઉત્સવ પાછળ કેટલો ખર્ચ થયો છે? હમણાં માનનીય સભ્યશ્રી દિનેશભાઈએ કહ્યું કે, આપણા ઉત્સવો પરંપરાગત રીતે ઊજવાતા હોય છે અને એ ઉત્સવો માટે લોકો સ્વયંભૂ રીતે મળતા હોય છે આવા ઉત્સવોમાં આ રાજય સરકાર આ પ્રકારના અજુગતા ખર્ચ કરે અને માનનીય ગૃહ પાસે માગણી કરે, આ અજૂગતુ બનવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી મેળવવાનો અધિકાર છે એ અંગે યુપીએ સરકારે જે અધિકાર માટેનો કાયદો પસાર કર્યો છે એમાં સ્પષ્ટતા પણ કરી છે જેથી કરીને પહેલાં એમ કહેવામાં આવતું કે, આની અંદર અમુક પ્રકારની માહિતી મળશે પણ હવે તો સંપૂર્ણ માહિતી મેળવે, એ માટે આ દેશનો નાગરિક હકકદાર બને છે ત્યારે માહિતી આપવાની પ્રક્રિયા કદાચ આવતા દિવસોમાં ઉપયોગી બનશે, માત્ર દંડનાત્મક રીતે પણ રાજયની આવકમાં અને કેન્દ્રની આવક વધારવામાં ઉપયોગી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની જે માગણી આવી છે ૫૫૧ કરોડની મૂળ જોગવાઈની અંદર ૨૮ કરોડની વધારાની માગણી આવી છે પણ એમાં એક રાષ્ટ્રિય માનવ અધિકાર આયોગ, નવી દિલ્હીએ એક લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ મહંમદ નવાજી ટેન્ટવાળાના વારસદારોને કર્યો છે. આ ગૃહ વિભાગ મારફતે અહીંયા માગણી આવી છે એટલે આ કયા સંજોગોમાં રાષ્ટ્રિય માનવ અધિકાર પંચ પાસે જવું પડ્યું, આપણા ત્યાં સામાન્ય વહીવટ વિભાગ અને મહેસૂલ ખાતું છેને, એમાં આ પ્રકારના વળતર આપે છે, ગૃહ વિભાગે વળતર શા માટે આપ્યું એની કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી.

માનનીય અધ્યક્ષશ્રી, કુટિર ઉદ્યોગ માટેની આયુકત માટે એક નવી ગાડી ખરીદવા માટેની માગણી પણ પૂરક બજૅટમાં લાવવામાં આવી છે. કુટિર ઉદ્યોગના જે ભૂકંપના અસરગ્રસ્તો છે, વણકરો છે એમના માટે કેન્દ્ર સરકારે હાથશાળો આપીને અને રાજય સરકારે દશ હજાર રૂપિયા પૂરક રીતે ચૂકવવાના હતા એમાં મને જાણવા મળ્યું છે કે, હું ગયો હતો નવી દિલ્હીના ગ્રામોદ્યોગના હાટમાં, સુરતના એક હાટમાં ત્યારે આ ગુજરાતના કારીગરો પાસેથી મને જાણવા મળ્યું કે આ રકમ અમને હજી સુધી મળી નથી અને તપાસ કરતાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીએ અને મેનેજરે એમ કહ્યું કે આ રકમ અમારે આપવાની થાય છે. એ વખતે ગ્રાન્ટ નહોતી એટલે નહોતી આપી, લાંબો સમય થઈ ગયો છે એટલે હવે એ ચૂકવવાની રહેતી નથી. તો આવી કોઈ માગણી લઈને આવ્યા હોત તો પૂરક બજૅટમાં અમે આવકારત પણ કુટિર ઉદ્યોગના આયુકત માટે નવી ગાડી લેવા માટે પૂરક બજૅટમાં માગણી કરવામાં આવી છે. ગુજરાત રાજય નિકાસ નિગમના કર્મચારીઓને સ્વૈચ્છિક નિવૃત્તિની યોજના માટે એક કરોડ દશ લાખ રૂપિયાની જરૂરત પેટે ૯૬ લાખ રૂપિયાની માગણી કરવામાં આવી છે, આ નિગમનું તો વેચાણ કરવામાં આવ્યું છે, પ્રાઇવેટાઇઝેશનની રીતે, ત્યારે આ સ્વૈચ્છિક નિવૃત્તિનો બોજો આપણે શા માટે લીધો, આ નિગમ કેટલામાં આપ્યું? એની જગ્યાની, એની મોકાની જગ્યાની શું કિંમત હતી.મોકાની જગ્યા, આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર એની નિકાસ માટેની જગ્યાની આજે કેટલી કિંમત

થાય? પણ એ પાણીના મૂલે આપી દેવાયું પણ કર્મચારીઓનો બોજો આપણે માથે આવ્યો અને પૂરક બજેટમાં એના માટેની માગણી લાવવામાં આવી એ ખૂબ ચિંતાનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટેક્ષટાઈલ ઉદ્યોગના વિકાસ માટે ૨૯ કરોડ ૭૦ લાખની જોગવાઈમાંથી ૧કરોડ ૩૯ લાખ રૂપિયા માગવામાં આવ્યા છે. સમજી શકાય છે કે આ રાજયના પ્રતિનિધિ તરીકે માનનીય કાશીરામ રાણા પણ કેન્દ્રમાં ટેક્ષટાઈલ મંત્રી હતા અને હાલ શ્રી શંકરસિંહજી વાઘેલા ટેક્ષટાઈલ મંત્રી છે અને રાજયના એપરલ પાર્ક વગેરે માટે આ બજેટમાં કેન્દ્રના નાણામંત્રીશ્રીએ રાજયોમાં વધુમાં વધુ એપરલ પાર્ક થતા હોય એ ગુજરાતમાં થનાર છે અને એના માટે તાલીમ માટે આઈ.ટી.આઈ.માં તાલીમ કોર્ષ કરવાના છે એના માટે મશીનરી આપવાની થાય છે એના માટે ઉદ્યોગ વિભાગ તરફથી આ માગણી આવી છે. આઈ.ટી.આઈ. વિભાગ છે એ જુદો રોજગાર વિભાગમાં આવે છે, પરંતુ તેમ છતાં આ રાજયના યુવાનોને તાલીમ મળે અને એપરલ પાર્કમાં રોજગારીની તકો વધે અને ગુજરાતની સાર્થકતા દેખાય એ ખૂબ જરૂરી છે. આ ખાતાના બજેટમાં સતત ત્રીજા બજેટમાં ટેક્ષટાઈલ વિભાગ માટે કેન્દ્રીય બજેટમાં ખાસ જોગવાઈ કરવામાં આવી છે. આપણો એક વખતનો સુવર્ણ યુગ ટેક્ષટાઈલ, કાપડ ઉદ્યોગનો હતો એના તરફ ફરીથી આપણે જઈએ એ માટે કેન્દ્ર સરકારનો સહયોગ છે, એને અનુરૂપ આ માગણી આવેલ છે એમાં ખાસ કરીને ૧ કરોડ ૩૯ લાખની માગણી આવેલ છે એનો સાચી દિશામાં ઉપયોગ થાય એ તરફ હું માનનીય નાણામંત્રીશ્રીનું આપના મારફત ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા વિભાગ તરફથી ૯૦ કરોડ રૂપિયાની લોન 'સારી નાણાકીય પરિસ્થિતિના કારણે' પરત ચૂકવવા માટેની માગણી લઈને માનનીય નાણામંત્રીશ્રી આવ્યા છે. મારું કહેવું છે કે, 'સારી નાણાકીય પરિસ્થિતિ' હોય તો પાણી પુરવઠા બોર્ડના એમના બાકી રહેલા કામો માટે આ રૂપિયાનો ઉપયોગ કરવા દોને. માનનીય અધ્યક્ષશ્રી, મેં નામદાર રાજયપાલશ્રીના પ્રવચન વખતે પણ કહેલું કે, રાજયમાં લાંબી પાઈપ લાઈન નાંખી દીધી પણ એના આર્ટિરિઝના કામો બાકી છે એના કારણે ગામો જોડાયા નથી. કચ્છમાં ૮૮૬ ગામોમાંથી ૨૦૫ ગામોને પાણી અપાયું છે, ૨૦૦ ગામોને પાણીની યોજના આપવાના કામો ચાલુ છે અને ૪૦૦ ગામોની યોજના હજુ નકકી કરવાની જ બાકી છે. આ વધારાના પૈસા એમના માટે રાખોને. બેંકની જે લોનો આવેલ છે અને આપણી ઉપર વ્યાજનું ભારણ વધતું જાય છે એ વાચ સાચી છે પરંતુ કેપિટલ ખર્ચમાં જો ખર્ચ થાય અને એના માટેનું ભારણ વધતું હોય તો એમાં કશો વાંધો હોઈ શકે નહીં પણ નોન પ્લાન પાછળનો ખર્ચ વધતો જાય છે. શિક્ષણ ખાતાની માગણી આવી છે એમાં તો મહેસૂલી ખર્ચ માટેની માગણી આવી છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ પાણી પુરવઠા માટે હું મારી ચિંતા વ્યકત કરું છું કે, પાણી પુરવઠા બોર્ડ અને ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીએ એની પાઈપ લાઈન નાંખી અને એના માટે ખર્ચ કર્યો છે. નર્મદા નિગમ પછી કોઈનો પણ વધુમાં વધુ કેપિટલ ખર્ચ હોય તો એ પાણી પુરવઠા બોર્ડનો છે. માટે થોડાક કામો બાકી રહેલા છે એને કારણે આપણે પાણી આપી શકતા નથી અને આવક પણ મેળવી શકતા નથી. જે જગ્યાએ બલ્ક લાઈન નાંખી છે એ લાઈનોમાં પૂરતું પાણી આવે તો ઉદ્યોગો પાસેથી આપણને પાણીનો દર ઉંચો મળવાનો છે, શહેરો પાસેથી પણ ઉંચો મળવાનો છે પણ ગ્રામ્ય વિસ્તાર પાસેથી ખાસ વળતર નહીં મળે કારણ કે, એમને ત્રણ રૂપિયે એક હજાર લિટર પાણી આપીએ એમાં આપણો વીજ ખર્ચ પણ માંડ નીકળશે. પરંતુ આ વધારાના પાણીના ઉદ્યોગો પાસેથી રૂપિયા પંદર પ્રતિ એક હજાર લિટરના ભાવે જે લેવાય છે એ અમે ઓછાં કરવાની વાત કરીએ છીએ તો અત્યારના દરે જો લેવામાં આવે તો માત્ર કચ્છની અંદરથી વરસે ત્રીસ કરોડ કરતાં પણ વધુ રકમની ઉપજ થઈ શકે તેમ છે અને એ પાણી પુરવઠા બોર્ડ મેળવી અને આ સિત્તેર કરોડ રૂપિયા ભરે તો આપણે સમજીએ એનું વાજબીપણું પરંતુ રાજ્યની તિજોરીમાંથી આ સિત્તેર કરોડ રૂપિયા, આપણી પાસે ખૂબ સારી નાણાકીય સગવડ છે, એ જો હોય તો એ જરૂરિયાતમંદોને વિકર સેકશનને સમયસર શા માટે આપવામાં આવતા નથી એવો મારો સીધો સવાલ છે. મેં અગાઉ ઉદ્યોગ વિભાગને આ પૂરક માગણીઓ માટે કહ્યું કે હાથશાળના પાંચસો કારીગરોને પચાસ લાખ રૂપિયા ત્રણ વર્ષથી ચૂકવવાના બાકી છે એ વખતે ગ્રાન્ટ નહોતી અને હવે અત્યારે એમ કહે છે કે બહુ લાંબો સમય થઈ ગયો છે, કારીગરોએ સરકાર તરફથી પૈસા મળવાના છે એટલે બીજા ક્યાંકથી ઉધાર લીધા છે એનું ઉંચુ વ્યાજ એમને ચૂકવવું પડે છે તો એ કારીગરોને આપવા માટે દસ હજાર રૂપિયા જેવી રકમ એક એક કારીગરને આપવાની સરકારની જે બાંહેધરી હતી, જાહેરાત હતી એનું પાલન શા માટે થતું નથી જો આપણી પાસે રેલમછેલ હોય નાણાંની અને માનનીય નાણામંત્રીશ્રી ખૂબ હકારાત્મક અભિગમના છે માટે અને ઉદ્યોગ મંત્રીશ્રી પણ એજ વિચારના છે ત્યારે આ પૂરક માગણી ઉપરાંત આવતા વખતે બજેટની અંદર આ જોગવાઈ ના હોય તો અત્યારથી એની તૈયારી કરીને પૈસા ચૂકવી દે કારણકે આપણી પાસે તો પૈસા ન હોય તો આકસ્મિક ફંડમાંથી આપણે પૈસા ચૂકવી છીએ અને પછી ગૃહ પાસે એની નિયમિતતા કરવા માટે આવીએ છીએ અને ગૃહ કરી પણ દે છે. અત્યારસુધીમાં કોઈ એવી માગણીઓને ગૃહે રિજેક્ટ કરી નથી કારણકે આ હિસાબનો પ્રકાર છે. મેં શરૂઆતમાં જ કહ્યું કે પૂરક માગણીઓ લઈને આવે ગૃહ એનું વાજબીપણું જોઈને એના ઉપર સૂચન હોય તો એ કરીને આપણે એને મંજૂર કરતા હોઈએ છીએ. ખર્ચ કરવો પડે તો કરવો પડે, પરંતુ આવું જે ખર્ચ કરવામાં આવ્યું હોય એના તરફ ધ્યાન દોરવું ખૂબ જરૂરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને શિક્ષણ વિભાગની અંદર જે મધ્યાહ્ન ભોજન માટે કહેવામાં આવ્યું એમાં સૌથી પહેલાં મધ્યાહ્ન ભોજન ગુજરાતમાં આવ્યું ત્યારે આ સન્માનનીય ગૃહમાં હું સભ્ય હતો અને ત્યારે તામીલનાડુની અંદર આપણે એનો અભ્યાસ કરવા માટે એ વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીજી અને પ્લાનિંગ સેક્રેટરી શ્રી વી.આર.એસ. કૌલગી ગયેલા અને ત્યારે એનું તારણ કાઢીને આવેલા કે ત્યાં એક ગામડાની અંદર વિધવા બહેન અને એની દીકરી એ રસોડું ચલાવે અને ગરમાગરમ ઈડલી અને એવી કોઈ વસ્તુ પોષક આહાર એ બાળકોને આપે. આપણે ત્યાં એ મધ્યાહ્ન ભોજન યોજનાનું અમલીકરણ કર્યુ પણ આ મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકોની ખૂબ મોટી ફોજ અને એના માટે પડાપડી થાય, એની અંદર બળીયાના બે ભાગ જેવુ થાય, મધ્યાહ્ન ભોજન યોજના માટે આપણે રેવન્યુ ડિપાર્ટમેન્ટ તરફથી ડેપ્યુટી કલેકટરની નિમણૂંક થાય છે અને એની પસંદગી કરવામાં આવે છે એનું મોનીટરીંગ કરવામાં આવે છે. એની અંદર બહેનોની પસંદગી સંચાલિકા તરીકે કરવા માટે, એને પ્રાયોરિટિ આપવા માટેના ધોરણો આપણે નક્કી કર્યા છે ખરા? એનું જે સંચાલન વિભાગ તરફથી થાય છે હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું એની અંદર આપ ખાસ ધ્યાન આપો અને મધ્યાહ્ન ભોજનનું સંચાલન વ્યવસ્થિત રીતે થાય, બાળકોને પોષક આહાર મળે પૂરતા પ્રમાણમાં મળે અને એના માટે બહેનો જો સંચાલન કરતા હોય તો એ વધુ સારી રીતે કરી શકે. મારે આપના મારફતે એક વાત એ કહેવાની છે કે આ પૂરક માગણીઓમાં જેનું વાજબીપણું છે એને અમે આવકારીએ છીએ, પરંતુ કેટલીક બાબતો જે છે એના માટેની સ્પષ્ટતા પણ મેં માગેલી છે એ સ્પષ્ટતા પણ માનનીય નાણામંત્રીશ્રી કરશે એવી અપેક્ષા રાખું છું ધન્યવાદ.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા (જામજોધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે મુખ્યમંત્રીશ્રી માગણી ક્રમાંક:૩૨, ૪૨, અને ૪૯ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૮ અને માનનીય નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ મંત્રીશ્રી માગણી ક્રમાંક: ૬૭ લઈને આવ્યા છે, હું તેને સમર્થન કરવા માટે ઉભો થયો છું.

પાણી પુરવઠા વિભાગ દ્વારા સમગ્ર રાજયની અંદર પીવાના પાણી માટેનું જે કામ થયેલું છે તે કામ આપણે સૌએ પ્રત્યક્ષ નીહાળ્યું છે. જામનગર જિલ્લાની અંદર માનનીય દિનેશભાઈ આપણે સૌ સાથે કામ કરી રહયા છીએ ત્યારે આપનું ધ્યાન દોરવું છે કે અત્યાર સુધીમાં જામનગર જિલ્લાની અંદર મોટાભાગના ગામોની અંદર પીવાના પાણીની સમસ્યા હતી. મોટાભાગના ગામોની અંદર ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવામાં આવતું હતું તેના માટે આપણે સૌ સાક્ષી છીએ અને મોટાભાગના ગામોની અંદર ટેન્કર દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવતું હતું અને મંજૂર થયેલ ટેન્કરમાંથી ગામડાં સુધી અને ગામડાનાં લોકો સુધી પીવાનું પાણી પૂરું પડાતું હતું તેના પણ આપણે સૌ સાક્ષી છીએ. તે બાબતમાં રાજય સરકારે પીવાના પાણીની ગંભીરતાને ધ્યાનમાં લઈને રાજયનીં ૮૨૧૫ ગામ અને ૧૪૫ શહેરને પીવાનું પૂરતું અને શુધ્ધ પાણી મળી શકે તેને માટે નર્મદા આધારિત પાણી પુરવઠા યોજના અમલમાં મૂકવામાં આવી જેના પરિણામે સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, અમરેલી જિલ્લાના અનેક ગામોને આજે પીવાનું પૂરતું અને શુધ્ધ પાણી પાણી પુરવઠા વિભાગ દ્વારા આપવામાં આવી રહયું છે જયારે ચાલુ વર્ષના પ્રોજેકટની અંદર જામનગર જિલ્લાના ૭૫૧ ગામને પીવાનું પાણી પૂરું પાડવા માટેનું આયોજન પાણી પુરવઠા વિભાગના મંત્રી દ્વારા કરવામાં આવ્યું છે અને જેનું કામ રાત દિવસ ચાલી રહયું છે અને તે કદાચ દિનેશભાઈ પરમારના ધ્યાન ઉપર આવ્યું ના હોય તો હું તેમને યાદ દેવડાવું કે જામનગર જિલ્લાને ચાલુ વર્ષની અંદર બલ્ક લાઈન દ્વારા જે કામ ચાલી રહયું છે તે કાલાવડથી માંડીને જામજોધપુર, ભાણવડ, ભાણવડથી માંડીને કલ્યાણપુર અને કલ્યાણપુરથી માંડીને દ્વારકા સુધી પાણી પહોંચાડવાનું આયોજન છે અને બીજે ભાગે લાલપુરથી ખંભાળીયા સુધી તે પાણીની પાઈપ લાઈનનું કામ આજે ચોવીસ કલાક ચાલી રહયું છે અને કદાચ દિનેશભાઈએ જોયું નહીં હોય તો કદાચ જામજોધપુરથી આ વખતે જામનગર જતા હોય ત્યારે વાયા ધોરાજી અને જામજોધપુર કરશે તો મને એમ લાગે છે કે લગભગ રસ્તા ઉપર કામ ચાલી રહયું છે તે ધ્યાન ઉપર આવશે. કદાચ મને એમ લાગે છે કે દિનેશભાઈએ કાળા ચશ્મા પહેરેલાં હોવાને કારણે તેમને ખરેખર વાસ્તવિક ધરતી ઉપર જે કામ થઈ રહયાં છે તે કામ કદાચ તેમણે જોયા નહીં હોય એટલું જ નહીં, દિનેશભાઈને યાદ દેવડાવવું છે કે આઝાદીના ૫૮ વર્ષની અંદર જામનગર જિલ્લાની અંદર જળ સંચયની પ્રવૃત્તિ માટે ૫૦ વર્ષની અંદર ૩૭૫ ચેક ડેમો બન્યા હતા તેની સામે સરદાર પટેલ સહભાગી યોજના અંતર્ગત એક વર્ષની અંદર ૪૮૭૫ ચેક ડેમો બનાવવામાં આવ્યાં છે, જેના પરિણામે પાણીના સંગ્રહના કારણે તેના તળ ઉંચા આવ્યા છે તે પણ મારે યાદ દેવડાવવું છે. જેના પરિણામે ગ્રામિણ વિસ્તારની અંદર પીવાના પાણીની જે મુશ્કેલી હતી તે આ પાણીના સંગ્રહના કારણે દૂર થઈ છે તે મારે માનનીય દિનેશભાઈને યાદ અપાવવું છે.

**અધ્યક્ષશ્રી** : યાદ ના અપાવશો, આ જે ખર્ચના આંકડાઓ છે, તેના માટે યાદ અપાવો. માગણી છે, તેના અંગેની વાત કરો.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ દિનેશભાઈ દર વખતે ઉભા થઈને કહેતા હોય છે તેથી મારે તેમને કંઈક કહેવું જોઈએ.

**અધ્યક્ષશ્રી :** દિનેશભાઈની જેમ આપણે નહીં કરવાનું.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું સૂર એટલા માટે પૂરાવું છું કે આપણે સૌ જાણીએ છીએ કે પ્રાથમિક શિક્ષણ વિભાગની અંદર ૧૯૯૮-૯૯થી જે શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ અમલમાં મૂકાયો અને જેનાં પરિણામે ગ્રામિણ વિસ્તાર અને ઉંડાણનાં વિસ્તારોની અંદર જે સો ટકા પ્રવેશોત્સવ મેળવી શકે, સો ટકા નામાંકન થઈ શકે અને સો ટકા સ્થાયીકરણ થઈ શકે તેનાં માટે શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેના પરિણામે ૧૯૯૯-૨૦૦૦ની અંદર ૧,૪૦,૫૮૩ બાળકોએ શાળા પ્રવેશ મેળવ્યો. ૨૦૦૦-૨૦૦૧ની અંદર ૩,૧૮,૩૦૫ નવા બાળકોએ પ્રવેશ મેળવ્યો. ૨૦૦૧-૨૦૦૨માં ૩,૩૫,૦૦૦ નવા બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. ૨૦૦૨-૦૩માં ૩ લાખ ૫૦ હજાર બાળકોએ પ્રવેશ મેળવ્યો છે. કન્યા કેળવણી રથયાત્રા દ્વારા સમગ્ર રાજયમાં ૨૦ ટકાથી ઓછી સાક્ષરતાવાળા તાલુકા પસંદ કરવામાં આવ્યા છે. એવા ૨૮૨ તાલુકા પસંદ કરી ઓછી સાક્ષરતાવાળા ૨૧૮૦ ગામો પસંદ કરી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને શિક્ષણમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ રાજયના તમામ મંત્રીશ્રી, તમામ અધિકારી મિત્રો, આઈ.એ.એસ.અધિકારીઓ, ધારાસભ્યશ્રીઓ અને સંસદસભ્યશ્રીઓની ટીમ બનાવીને આવા ઉંડાણના વિસ્તારોમાં જઈને કન્યા કેળવણીનું કામ વધે એને માટેના ભગીરથ પ્રયાસો કર્યા અને તેના પરિણામો આપણને ખૂબ સારા મળ્યા છે. એટલું જ નહીં, આવી કન્યા કેળવણી રથયાત્રા દરમ્યાન રાજયના જુદા જુદા દાતાઓ તરફથી લગભગ ૫૩.૮૪ કરોડ રૂપિયાનું દાન, આર્થિક સહાય રાજયના શિક્ષણ વિભાગને મળ્યું છે. જેને પરિણામે ઉંડાણની શૈક્ષણિક સંસ્થાઓમાં લગભગ ૨૩૫૧૮૫ બાળકોએ ધોરણ ૧ માં પ્રવેશ મેળવ્યો છે. ૧,૧૬,૩૫૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે.

**અધ્યક્ષશ્રી** : આ માગણી શા માટે વાજબી છે, એની વાત કરો. જે માગણીઓ આજે લઈને આવ્યા છે તે શા માટે વાજબી છે, એની વાત કરો અને તેને ટેકો આપો છો કે કેમ? એ કહો.

**શ્રી ચીમનલાલ ધ. સાપરિયા** : બલવંતસિંહ અને બાબુભાઈ બોલતા હતા ત્યારે આ માગણીઓની અંદર પાણી પુરવઠા વિભાગની સ્થિતિ સારી છે અને એને કારણે ૧૦૦ કરોડ રૂપિયા જેવી રકમ જે ભરપાઈ કરી છે, એમાં એમને એટલું યાદ અપાવવા માગું છું કે એલ.આઈ.સી.માંથી ૧૬.૫૨ કરોડ રૂપિયાની લોન જે ૧૦.૪ ટકાના દરે મેળવી હતી, એ લોનની રકમની ચૂકવણી ૨૦-૨-૨૦૦૪ ના રોજ ૮.૪ ટકાના દરે ભરપાઈ કરી છે. જેને પરિણામે રાજયના પાણી પુરવઠા વિભાગનો કરકસરયુકત વહીવટ થયો છે. એના માટે મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આવી જ રીતે મારા પૂર્વ વકતા બાબુભાઈ અને બલવંતસિંહ બોલતા હતા કે ગુજરાતમાં ગાંધીનગરમાં પ્રજાસત્તાક દિવસ અને ૧૫ મી ઓગષ્ટની ઉજવણી અને પહેલી મેની ઉજવણીના કાર્યક્રમ થતા હતા તેને જિલ્લા મથકે કરવાનો રાજય સરકારનો અભિગમ છે તેને લીધે આ રાષ્ટ્રીય ઉત્સવમાં પ્રજા સુધી ઉજવણી પહોંચી છે. આ કાર્યક્રમ સફળ થયા છે. બીજું કે ૩ કરોડનો એની પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે, તે માત્ર ઉત્સવ પાછળ નથી, પરંતુ રાજકોટના વિકાસ માટે આ ખર્ચ કરવામાં આવ્યો છે. આ પ્રયોગથી નવી પેઢીને રાષ્ટ્રવાદની વાત જિલ્લા સુધી પહોંચી છે એ પણ આપણે જોવું જોઈએ અને જાણવું જોઈએ. મારા એક મિત્ર આ કાર્યક્રમમાં હાજર હતા અને તેમણે પ્રત્યક્ષ નિહાળ્યું છે. વિશેષ વાત નહીં કરતા આજની માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન આપી વિરમું છું.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજય કક્ષાના નાણામંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક ૩૨, ૪૨, ૪૯, ૮ અને ૬૭ લઈને આવ્યા છે, એના ઉપર હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું.

મારી પહેલા અમારા માનનીય દંડકશ્રીએ પૂરક માગણી વિશે આંકડા સાથે આપની સમક્ષ વાત મૂકી છે. એની વિશેષ વાત નહીં કરતાં પૂરક માગણી નંબર ૩૨ ની સામાન્ય વહીવટની વાત કરીશ. હમણા મારા પહેલાના પૂર્વ વકતા માનનીય ચીમનભાઈ બોલતા હતા, ત્યારે મારે પ્રજાસત્તાક દિનની ઉજવણી જે રાજકોટ ખાતે કરવામાં આવી, એની એક બે વાત હું એમના ધ્યાને મૂકવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો હું રાજકોટ જિલ્લાનો જ છું એટલા માટે તેમના ધ્યાન ઉપર એ વાત મૂકું છું કે ૩ કરોડ રૂપિયા જેવો ખર્ચ આ પ્રજાસત્તાક દિનની ઉજવણી પાછળ કરવામાં આવ્યો છે. સારી વાત છે કે સૌને ધ્યાનમાં રાખીને જિલ્લા અને રાજયના વિકાસની ત્યાં વાતો થઈ હોત તો મને પણ ખૂબ આનંદ થાત, પરંતુ ત્યાં મોટાભાગના જે કાર્યક્રમો થયા અને એમાં જે આમંત્રણ કાર્ડ તૈયાર થયાં હતાં એ પણ પોલિટીકલ હતાં. પાર્ટીના ધારાસભ્યોને અને મંત્રીશ્રીઓને ધ્યાનમાં રાખીને ત્યાંનાં આમંત્રણ કાર્ડ એ રીતે તૈયાર કરવામાં આવ્યાં હતાં, એકાદ બે વિભાગો સિવાય. જિલ્લાના ધારાસભ્યોનું એ આમંત્રણ કાર્ડમાં નામ પણ નહોતું કારણ કે એમની પાર્ટી જુદી હતી, એકાદ બે વિભાગને બાદ કરતાં. માનનીય અધ્યક્ષશ્રી, આવડી મોટી રકમનો જયારે ખર્ચ થતો હતો ત્યારે સ્વાભાવિક છે કે જિલ્લામાં વિકાસનાં કામો થાય અને રાજયના વિકાસની વાતો થાય અને સ્વાભાવિક છે કે એમાં કોઈ જ વાંધો હોઈ શકે નહીં, પરંતુ એની સાથે જયારે આટલી મોટી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે એની સામે ત્યાંના ઘણા વેપારીઓ અને ઉદ્યોગકારો મને મળ્યા હતા તેમણે મને વાત કરી છે

એ આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું. આટલો મોટો ખર્ચ જો રાજયના નાણા વિભાગ મારફતે થતો હોય તો સામે નાના વેપારીઓ પાસેથી અને ઉદ્યોગકારો કે જે પહોંચી શકે એવા હોય એમની પાસેથી તો બરાબર છે કે આપી શકે, પરંતુ પહોંચી ના શકે એવા હોય એ બધાની પાસેથી પણ યેનકેન પ્રકારે તેમને દબાવીને તેમની પાસેથી પૈસા લેવામાં આવ્યા છે અને આ ઉત્સવ પાછળ એ રીતે ખર્ચ કરવામાં આવ્યો છે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જયારે આટલો મોટો ખર્ચ રાજયની નાણા વિભાગની તિજોરીમાંથી થતો હોય તો આવા નાના વેપારીઓ અને ઉદ્યોગકારો પાસેથી કે જે ના પહોંચી શકે તેવા હોય તેમની પાસેથી પણ શામાટે આ પૈસા લઈને આ ખર્ચ કરવાનું કારણ શું હતું અને તેમની પાસેથી આ પૈસા લીધા પછી પણ એ દિવસના પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે જે કોઈ રસ્તા ઉપર આપણે પસાર થઈએ તો મોટા મોટા પોસ્ટરો અને બેનર્સ એકાદ બે વ્યકિતની પ્રસિદ્ધિ હોય એ રીતે આ પ્રજાસત્તાક દિન ઉજવવામાં આવ્યો છે. તો આટલો મોટો ખર્ચ જો રાજયની તિજોરી ઉપર પડતો હોય ત્યારે પાછલા બારણેથી આવડી મોટી રકમ નાના ઉદ્યોગકારો પાસેથી લેવી, નાના વેપારીઓ પાસેથી લેવી એમાં શું તથ્ય હોઈ શકે?

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી એક વાત કરવી છે કે ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર જે રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ, ૨૦૦૫ છે એના ભાગરૂપે જે આપણે ખર્ચ કરવાનો છે એ ૧ કરોડ ૩૪ લાખ રૂપિયા જેટલો ખર્ચ કરવાના છીએ. આ એકટ કયારથી અમલમાં આવ્યો એના માટેની તેની વિશેષ માહિતી તાલુકા કક્ષા સુધી પહોંચવી જોઈએ એ આજે પણ તાલુકા કક્ષા સુધી જે શિક્ષિત માણસો છે એમના સુધી પણ એ માહિતી પહોંચી નથી અને આટલો મોટો ખર્ચ કરવાનો છે. કઈ માહિતી, કઈ જગ્યાએથી કેવી રીતે મળી શકશે એની વિગતો પણ ત્યાં આજે તાલુકા કક્ષાએ મૂકાતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એક વાત એ પણ ધ્યાન ઉપર મૂકવી છે કે નવા મંત્રીમંડળનું વિસ્તરણ થયું, એનો પગાર ખર્ચ, એના પ્રવાસ ભથ્થાંનો ખર્ચ થાય છે. એ તો સમજયા કે લોકોનાં કામ પાછળ જવું પડે એટલે પ્રવાસ ભથ્થાં પાછળ તો ખર્ચ થાય એ સ્વાભાવિક છે, પરંતુ એક વાત એ કહેવી છે કે આ જે મંત્રીમંડળનું વિસ્તરણ કરવામાં આવ્યું અને એમાં કેટલાક મંત્રીશ્રીઓનો સમાવેશ કરવામાં આવ્યો એ સારી વાત છે, પરંતુ એમાં એકાદ બે મંત્રીશ્રીઓ માનનીય ગોરધનભાઈ, મારા સાથી ધારાસભ્યશ્રી માનનીય મહેન્દ્રભાઈ, શ્રી બેચરભાઈ ભાદાણી અને ધારાસભ્યશ્રી કરસનભાઈ પટેલનો સમાવેશ કર્યો હોત તો વધારે સારું થાત...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય કુંવરજીભાઈ, આમાં કયાં માગણી આવી?

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : તેમને કયાંક અસંતોષ છે (અંતરાય) તો તેમને પણ લીધા હોત તો સારું હતું. હું તમારું નામ તો ભૂલી ગયો મોહનભાઈ, માનનીય મોહનભાઈ પણ અમારા જિલ્લામાંથી આવે છે, એમનો પણ સમાવેશ કર્યો હોત તો સંતોષ થઈ જાત. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગ અંગેની એક બે વાત પણ મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર મૂકવી છે. આમાં ૭૦ લાખ જેવી રકમ ઘોડા ખરીદવા પાછળ ખર્ચ કરવાનો છે. મારે એક વાત આપના ધ્યાન ઉપર એ મૂકવાની છે કે આવડો મોટો ખર્ચ જયારે ઘોડા ખરીદવા પાછળ કરવાનો છે ત્યારે તેની નીભાવણી પાછળ ખર્ચ થવાનો છે તે કોના ઉપર પડવાનો છે? હું એક ઉદારણ આપવા માગું છું કે ઘણી વખત કયાંક કોઈ બનાવ બને ત્યારે ઘોડે-સવાર પોલીસ ત્યાં મૂકવાની થતી હોય છે તે વખતે પોલીસ વાળા ત્રણ કે ચાર ઘોડાઓ લઈને જે ગામમાં રોકાતા હોય ચાર, પાંચ કે દસ દિવસ રોકાય, ત્યારે તે સમયે એમનો બધો જ ખર્ચ ગામની પ્રજા ઉપર પડતો હોય છે. ખેડૂતો ઉપર પડતો હોય છે. ઘોડાઓને ચારો ચારવાનો, અને પોલીસવાળાને જમવાનો અને બીજો બધો ખર્ચ ખેડૂતો ઉપર પડે છે, એટલે એ અંગે આમાં વિચાર્યુ હોત તો સારું થાત. (અંતરાય) આ હમણાંથી વધારે શરૂ થયું છે.

**અધ્યક્ષશ્રી**: સામ સામે વાત નહીં કરો.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પછી આ ઘોડા બેફામ થઈ જશે, આ ગૃહ વિભાગની વાત ચાલે છે ત્યારે મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર એ વાત પણ મૂકવી છે કે આમાં વાહન વ્યવહાર શાખા માટે દસ લાખની પૂરક માગણી અંગેનો આમાં ઉલ્લેખ થયો છે ત્યારે હાઈવે ઉપર આ પોલીસ મૂકવામાં આવે છે તે શું કરે છે? એ જે ગાડી હાઈવે ઉપર હોય તે સવારમાં નકકી કરેલું હોય કે વહેલી સવારમાં અમુક નિશ્ચિત નકકી કરેલ જગ્યાએ ઉભા રહી અને સીમ્બોલ વાળા કાર્ડ સાથે હાઈવે ઉપર જાય છે, અને એક પોસ્ટ ઉપરથી તે ગાડીને કાર્ડ આપે એટલે પછી બે ત્રણ હાઈવે ઉપરથી જયાંથી પસાર થાય તો તેમને પછી કયાંય હપતા ન આપવા પડે, અને એક મહિના સુધી આ ચલાવવામાં આવે છે, આવું વ્યવસ્થિત રીતે ચાલે છે. આ કાર્ડ સાથે મેં સંકલનની મિટીંગમાં રાજકોટ ખાતે ફરિયાદ પણ કરેલી પણ તે કાર્ડનું પણ કોઈ પરિણામ આવ્યું નહીં અને સરકારમાં લખ્યું તો તેનું પણ કોઈ પરિણામ આવ્યું નથી. એટલે આવડો મોટો ખર્ચ કરવાનો છે ત્યારે ટ્રાફિક પોલીસ છે તેના ઉપર પણ કોઈક કાર્યવાહી થાય અને હાઈવે ઉપર આવી વ્યવસ્થા ન કરે તેના માટે પગલાં લેવા જોઈએ.

મારે શિક્ષણ વિભાગની પણ વાત કરવી છે. અને ધ્યાન ઉપર મૂકવું છે કે મધ્યાહન ભોજન યોજના માટે ૪૪ કરોડ ૪૦ લાખ જેવી રકમનો ઉલ્લેખ પૂરક માગણીઓમાં આવ્યો છે, ગ્રામ્ય વિસ્તારો માટે હું બહુ સ્પષ્ટ કહેવા માગું છું કે મધ્યાહન ભોજન યોજના જે ચાલી રહી છે એમાં જે રકમ ફાળવવામાં આવે છે તેમાંથી

૬૦ ટકા રકમ જ ભોજનના ખર્ચમાં વપરાય છે અને બાળકો સુધી પહોંચે છે. બાકીની ૪૦ ટકા રકમ રસ્તામાં બીજા આનું બપોરનું ભોજન કરી જાય છે, એમાં ડેપ્યુટી કલેકટરથી શરૂ કરીને મામલતદાર કક્ષાના અધિકારી અને ત્યાંથી શરૂ કરીને સંચાલકો હોય તે બધામાં ૪૦ ટકા રકમ ચવાઈ જાય છે. એટલે પછી મધ્યાહન ભોજનમાં જે ગુણવત્તા જળવાવી જોઈએ તે જળવાતી નથી. ખૂબ જ હલકા પ્રકારની ગુણવત્તાવાળું ખાવા લાયક ન હોય તેવું ભોજન નાના બાળકોને આપવામાં આવે છે. આપણે એવી વાત કરીએ છીએ કે બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે અને પૌષ્ટિક આહાર મળે તે હેતુથી આ યોજના દાખલ કરી છે. બીજું શાળાએ વધારે બાળકો આવતા થાય એટલા માટે આપણે આ યોજના ચલાવીએ છીએ. મેં ગામડાંમાં જોયું છે કે હલકી કક્ષાની ગુણવત્તાવાળું અને ખાવા લાયક ન હોય તેવું ભોજન બાળકોને અપાય છે. તેથી મંત્રીશ્રીના ધ્યાન ઉપર હું એ વાત મૂકવા માગું છું. અને આનું રેન્ડમ ચેકિંગ થાય અને હલકી ગુણવત્તાવાળું ભોજન આપતા હોય તેવા સંચાલક મંડળમાં કામ કરતાં સંચાલકો હોય તેના ઉપર અને મામલતદાર અને ડેપ્યુટી કલેકટર કક્ષા સુધી પગલાં લેવાવા જોઈએ, બીજું શિક્ષણ વિભાગના કર્મચારીઓને મોંઘવારીની વાત હોય, મોંઘવારી ભથ્થું, પગાર પેશગી, નિવૃત્તિની પેશગી આપવાની વાત હોય તે સારું છે, પણ આજે શિક્ષણ વિભાગમાં રાજય સરકાર તરફથી ખૂબ ઓછા પગાર આપીને ખૂબ મોટા પાયે શોષણ થાય છે. એટલા માટે કે વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવે છે તેને ૨૫૦૦ રૂપિયા પગાર આપવામાં આવે છે, જે ખાસ કરીને પટાવાળાને સહાયક તરીકે લેવામાં આવે છે તેમને ૧૫૦૦ રૂપિયા જ પગાર આપવામાં આવે છે. આજે ૧૫૦૦ રૂપિયામાંથી ૬૦૦ રૂપિયા તો મકાનના ભાડામાં જ જતા રહે છે, તેથી એમાં પણ વિચારવું જોઈએ. એને ધ્યાનમાં લઈને આ પૂરક માગણીઓ લઈને આવ્યા હોત તો ચોક્કસ સમર્થન આપત.

શિક્ષણ વિભાગમાં બિન શૈક્ષણિક કર્મચારીઓ છે એમનું શોષણ અટકે અને એમનો પગાર આ મોંઘ ્વારીના પ્રમાણમાં વધવો જોઈએ એ વાત લઈને જો આવ્યા હોત તો ચોક્કસ હું પૂરક માગણીઓને સમર્થન કરત. શિક્ષણ વિભાગની અંદર આવડી મોટી પૂરક માગણી લઈને આવ્યા છે એમાં મેં કહ્યું એ મુજબની વાત લઈને આવ્યા હોત તો ચોક્કસ સમર્થન આપત.

પહેલા રાજય સરકાર તરફથી સ્વનિર્ભર શાળાઓને નોન ગ્રાન્ટેડ તરીકે મંજૂરી આપી દીધી. ચાલુ વરસની વાત કરું તો નોન ગ્રાન્ટેડ શાળાની મંજૂરી આપ્યા પછી કેટલીક માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડની મંજૂરી આપવામાં આવી છે. આની પહેલાનો આંકડો ૫૮ છે જેમાં સેકન્ડરી અને હાયર સેકન્ડરી શાળાઓ કે જે નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ કરી દીધી. એ જ રીતે બીજી નવ કોલેજો નોન ગ્રાન્ટેડ હતી એને પાછળથી ગ્રાન્ટેડ કરી દીધી છે. આવું પાછલા બારણેથી થવાનું શરૂ કર્યું છે. એ પછી પૂરક માગણીઓ લઈને આવ્યા હોય એને કોઈ દિવસ માફ કરી શકાય નહિ અને સમર્થન પણ આપી શકાય નહિ. જો તમારે ગ્રાન્ટેડ શાળાની મંજૂરી આપવી જ હોય તો પહેલેથી જ આપવી જોઈએ અને બજેટની અંદર જોગવાઈ કરીને આવવું જોઈએ. અહીંયા તો પહેલા નોન ગ્રાન્ટેડ તરીકે મંજૂરી આપવામાં આવશે અને પછી ગ્રાન્ટવાળી કરી દેશે. આ રીતે પોતાના હોય એને સાચવી લેવાની વૃત્તિ હોય ત્યારે જો પૂરક માગણીઓ લઈને આવે એને સમર્થન કરી શકાય નહિ.

મારે ઉદ્યોગને લગતી વાત કરવી છે. શિક્ષિત બેરોજગારો હોય એને કુટિર ઉદ્યોગની લોન આપવાની વાત છે. જિલ્લા કક્ષાએ અનેક અરજીઓ પેન્ડિંગ છે. શિક્ષિત બેરોજગારો હોય એને ધ્યાનમાં લઈને લોન સહાય મળે અને એ પગભર થાય એવી કાર્યવાહી જિલ્લા કક્ષાએથી થવી જોઈએ એ જોઈએ એટલા પ્રમાણમાં થતી નથી.

પાણી પુરવઠાની એક વાત અહીંયા રજૂ કરવા માગું છું. સ્વજલ ધારા યોજના નીચે ગ્રામ્ય વિસ્તારમાં શુદ્ધ અને સારું પાણી મળી રહે એના માટેની ભારત સરકારની યોજના છે. આ યોજનાની અંદર રાજય સરકારે તો ખૂબ જ ઓછો ફાળો આપવાનો હોય છે. તેમ છતાં પાણી પુરવઠા બોર્ડની અંદર અનેક મારા પત્રો પેન્ડિંગ છે. મેં વારંવાર આ બાબતની રજૂઆતો કરી છે, અનેકવાર એનો ઉલ્લેખ કર્યો છે કે સ્વજલ ધારા યોજનાનો અમલ થાય, ગામડાંની અંદર સ્વજલ ધારાની શરૂઆત થાય અને એનો લાભ ગ્રામ્ય વિસ્તારની પ્રજાને મળે એના માટે અનેક પત્રો પાણી પુરવઠા બોર્ડમાં પડયા છે. મારા તાલુકામાં ચાલુ વરસે ફક્ત બે ગામોનો જ આ યોજના નીચે સમાવેશ થયો છે. આ યોજનાના મોટા ભાગના પૈસા કેન્દ્ર સરકાર આપે છે, એનું અમલીકરણ પાણી પુરવઠા બોર્ડે કરવાનું છે. આની જે સમયસર કાર્યવાહી થવી જોઈએ એ થતી નથી એના કારણે ગામડાંમાં આંતરિક પીવાના પાણીનો સ્વજલ ધારા યોજનાનો લાભ છે એ ગામડાં સુધી પહોંચતો નથી. એટલા માટે કહેવા માગું છું કે પાણી પુરવઠા વિભાગની કામ કરવાની દાનત ખોરી અથવા નહિ હોવાને કારણે સ્વજલ ધારાનું સમયસર અમલીકરણ થતું નથી. ભારત સરકાર આના માટે ઘણી મોટી રકમ આપે છે તેમ છતાં કામ થતું નથી એટલે હું જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને સમર્થન આપી શકતો નથી. આ સ્વજલ ધારા યોજના માટે બજેટમાં જોગવાઈ થાય અને ગામડાંના લોકોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે એના માટે રાજય સરકારનો પૂરતો હિસ્સો મળે તેવી કાર્યવાહી થાય તે જરૂરી છે. પરંતુ આ તબક્કે હું પૂરક માગણીના સંદર્ભમાં સંમત થઈ શકતો નથી.

**શ્રી પ્રહલાદભાઈ મો. પટેલ (વિસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંક ૩૨, ૪૨, ૪૯, ૮ અને ૬૭ લઈને આવ્યા છે એને હું સમર્થન આપું છું.

શિક્ષણ વિભાગની અંદર છેલ્લા ચાર વર્ષથી એકધારો શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ કરવાને કારણે ગામડાંમાં જાગૃતિ ઊભી થઈ છે. આને લીધે ગામડાંની આજુબાજુ જે ખેતરો આવેલા છે એ ખેતરોમાં રહેતા ખેડૂતો છે એનું પાંચ વર્ષનું બાળક હોય એને ફરજિયાત સાત ધોરણ સુધી ભણાવવું એવું આ રાજય સરકારે નક્કી કર્યુ છે. એમાં માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય શિક્ષણ મંત્રીશ્રી આનંદીબહેન પટેલને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. શાળામાં ફરજિયાત ભણાવવાના લીધે સમાજની અંદર ભણતર બાબતના જે પ્રશ્નો ઊભા થયા છે, ભણ્યા વગરના બાળકો રહી જાય છે. તે સાત ધોરણ સુધી ભણી શકે તેના માટે આ યોજના કરી છે. તેમાં શાળા પ્રવેશોત્સવમાં મારા વિસ્તારમાં ત્રણ દિવસ સુધી ૧૫ ગામોની અંદર દરેક ફળિયે રાઉન્ડ માર્યો હોય તેમાં ધાર્મિક પ્રવૃત્તિ જેટલો ઉત્સવ પ્રવેશ ઉત્સવમાં થાય છે. એટલા માટે બાળકોના વાલીઓને અને મજૂરી કરતા મા-બાપ પોતાના બાળકોને શાળામાં મૂકવા આવે છે. તેના કારણે બાળક ધોરણ ૧થી ૭ સુધીનું શિક્ષણ ફરજિયાત પ્રાપ્ત કરે છે. માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની જે માગણી લઈને આવ્યા છે તેને સમર્થન આપું છું. ગામડાંમાં એટલી બધી આંગણવાડીઓ બની ગઈ છે કે તેના કારણે ગુજરાતમાં ભણતરમાં અગાઉ કરતાં દ ણા ફેરફારો થયા છે. ગુજરાત શિક્ષણના ક્ષેત્રમાં ખૂબ આગળ વધી રહ્યું છે. તેના માટે માનનીય મંત્રીશ્રી જે પ્રયત્નો કરી રહ્યા છે તેને ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠાની બાબતમાં જણાવું કે ઉત્તર ગુજરાતમાં ૮૦૦થી ૧૦૦૦ ફૂટના અંતરે ટ્યૂબવેલ બનાવે પછી બે વર્ષમાં બંધ થઈ જાય. જ્યાં જ્યાં ટ્યૂબવેલ બન્યા છે ત્યાં આ પરિસ્થિતિ છે. દ રોઈ પાણી પુરવઠા આધારિત યોજના બનાવી છે તેમાં ૫૬૨ ગામડાં અને ૭ શહેરોમાં પાણી પુરવઠાની યોજનાનું પાણી આવે છે તેના કારણે જે ફાયદો થાય છે, પીવાનું શુદ્ધ પાણી મળે છે. આખા વિસ્તારમાં જો દ રોઈ યોજના ન બનાવવામાં આવી હોત તો કદાચ મહેસાણા જિલ્લાને મહેસાણા છોડીને બહાર રહેવું પડે, એવી પરિસ્થિતિમાં પાણી પુરવઠા યોજના કરીને મારા વિસ્તારમાં ૧૦૦ ટકા પાણી મળી રહે છે. પાણી પુરવઠાની બીજી યોજનામાં મારા વિસ્તારની ૯૮ લાખ રુપિયાની ત્રણ યોજનાઓ પડતર પડી છે. એ પણ મંજૂર કરવા માટે માનનીય મંત્રીશ્રીને જણાવું છું કે આ વખતે પાણી પુરવઠાની યોજના મંજૂર થાય તો મારા વિસ્તારના ૧૦૦ ટકા ગામડાંમાં ૧૦૦ ટકા પાણી મળી રહે એ માટેના પ્રયત્નો થાય અને કામ ચાલુ થાય એ જરૂરી છે. માનનીય મંત્રીશ્રી આ જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે માગણી નં. ૩૨, ૪૨, ૪૯, ૮ અને ૬૭ લાવ્યા છે તેમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા ઉભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જ્યારે આ માગણી લઈને આવ્યા છે ત્યારે ખરેખર રાજયના બજૅટની અંદર જે જોગવાઈઓ થવી જોઈએ એ જોગવાઈઓ કરતાં પણ વધારાનો ખર્ચ કરવા માટે જ્યારે માનનીય નાણાંમંત્રીશ્રી આ પૂરક માગણીઓ લઈને આવ્યા છે. રાજયની દૃષ્ટિએ વિચારીએ તો શિક્ષણ, પાણી પુરવઠા, પોલીસ ખાતું કે અન્ય વિભાગો છે તેમાં જે બજૅટમાં જોગવાઈ કરવામાં આવી છે તે ઉપરાંત વધારાનો બોજો રાજયની પ્રજા ઉપર પડે છે. વહીવટની બાબતમાં કહું તો જ્યાં સુધી આ સરકાર વહીવટની બાબતોમાં પૂરતી કાળજી ન રાખે ત્યાં સુધી જિલ્લા, તાલુકા કે રાજયની કચેરીઓમાં ખોટા ખર્ચાઓ થાય છે એ ખોટા ખર્ચાઓ માટે મને લાગે છે કે આ સરકાર આમ તો નં.૧ કહેવાય છે. પણ છતાં મારી દૃષ્ટિએ હું માનું છું ત્યાં સુધી વહીવટી બાબતોમાં જિલ્લાઓ, તાલુકાઓ કે રાજયની અંદર વહીવટી તંત્ર ઉપર જે કાબુ રહેવો જોઈએ એ મને લાગે છે કે આ સરકારે છૂટ આપી દીધી છે. તેના કારણે આ બોજો ગુજરાત ઉપર પડી રહ્યો છે અને પૂરક માગણીઓ લાવવી પડે છે.

પાણી પુરવઠાની વાત કરું તો મુરબ્બી નરોત્તમભાઈ નથી પણ કહે છે કે આજે ગુજરાતમાં પાણી-પાણી કરી દીધું છે. ગામડાઓમાં પાણી પાણી કરી દીધા, અભિનંદનને પાત્ર છે. વાત કરવામાં ઘણી સારી છે. આપણે ગામડાઓમાં, ઝૂંપડાઓમાં, ફળિયાઓમાં પાણી મળે છે કે કેમ? એનો પહેલાં અભ્યાસ કરવો જોઈએ. આજે જ્યાં જુઓ ત્યાં ચેકડેમો બન્યા છે, બોરી બંધ બન્યા છે, પાઈપલાઈનો નાંખી છે, બોર અને હેન્ડપંપો તો ગણાય નહીં એટલા. છતાં ગામડાઓમાં કે ફળિયાઓમાં જઈએ અને જોઈએ ત્યારે જે બહેનો છે, લોકો છે એ એમ કહે છે કે, આ બોર કરી ગયા પણ બે મહિનામાં જ બગડી ગયો. એ જ રીતે ગામડાઓમાં પાણી પુરવઠાની જૂથ યોજનાઓ છે એ રેકર્ડ ઉપર છે, ખર્ચ થયો છે પણ મારી દૃષ્ટિએ, મારે આપના દ્વારા સરકારને વિનંતી કરવી છે કે, જે યોજનાઓ ગામડાઓની કે શહેરોની બનાવી હોય એની ઉપર પૂરેપૂરી કાળજી રાખીને એ કાર્યરત રહે એનું ધ્યાન રાખવું જોઈએ. એ લોકોને પાણી પૂરું મળે છે કે કેમ? ટાંકી છે કે કેમ? પાઈપલાઈન છે કે કેમ? એ પણ પછીથી નિરીક્ષણ થતું નથી, એ બાબતે હું ધ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ચેકડેમો, સંગ્રહ તળાવો કર્યા છે. એ જ રીતે મહારાષ્ટ્ર સરકારે પણ આપણા કરતાં ઓછા ખર્ચે ગ્રામ તળાવો બનાવ્યા છે અને એની અંદર ૨૪ કલાક, બારેમાસ એકધારું પાણી રહે છે અને

ખેડૂતોને જોઈતું પાણી મળી રહે છે. આજે સૌરાષ્ટ્રમાં કે, મધ્ય ગુજરાતમાં તળાવો બનાવ્યા છે, સંગ્રહ તળાવો થયા હશે એ ફોટા ઉપર જોઈએ છીએ ત્યારે દેખાય છે.

**અધ્યક્ષશ્રી** : બજૅટ ઉપર બોલો છો કે માગણીઓ ઉપર?

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માગણીઓ ઉપર જ બોલું છું. દક્ષિણ ગુજરાતની અંદર ડુંગરાળ વિસ્તારો છે, પહાડી વિસ્તારો છે. એમાં સંગ્રહ તળાવો બનાવ્યા છે, ચેકડેમો બન્યા છે. ટેકનીકલી એની ઉપર ગ્રાઉટીંગ કરવામાં આવે, વ્યવસ્થિત રીતે આયોજન કરવામાં આવે અને વધારે ગ્રાન્ટ સરકાર માગે તો અમે સહમત થઈ શકીએ.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ મંત્રીશ્રી અત્યારે નથી. પણ મારે શિક્ષણની બાબતમાં આપના દ્વારા વિનંતી કરવી છે. શિક્ષણમાં આમ તો ઘણી યાત્રાઓ નીકળી, દેખાવો થાય. એની સામે વાંધો ન હોઈ શકે. જે જિલ્લાની અંદર, તાલુકાની અંદર પ્રાથમિક શાળાઓની જરૂરત છે એ થવી જોઈએ. જિલ્લાઓની અંદર પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીની જગ્યા ખાલી છે અને તેનો ચાર્જ માધ્યમિક જિલ્લા શિક્ષણાધિકારીને આપ્યો છે એ બે જગ્યાનો ચાર્જ સંભાળે છે. આ જગ્યા ભરાવી જોઈએ. જિલ્લા પંચાયતમાં શાસનાધિકારીની જગ્યાઓ ખાલી છે, શિક્ષકોની જગ્યાઓ ખાલી છે અને આપણે કેળવણીની વાતો કરીએ છીએ એ બરાબર નથી. શિક્ષણ માટે દરેકને ભૂખ હોય એ સ્વાભાવિક છે. શિક્ષણ ઉપર કંટ્રોલ હોવો જોઈએ, શિક્ષણ ઉપર ભાર હોવો જોઈએ એ મને લાગે છે ત્યાં સુધી નથી. ગામડાઓની અંદર શિક્ષણ સુધારવું હોય તો આ સરકારે વહિવટી બાબતોમાં અને જિલ્લા તાલુકાઓમાં જે રીતે અંકુશ રાખીને વહીવટ કરવો જોઈએ એ થતો નથી અને રાજકારણમાં જાય છે. રાજકારણમાં કેટલીક જગ્યાએ મારે દાખલો આપવો જોઈએ કે અમારા આદિવાસીઓમાં એમ કહેવત છે કે કાં તો પારકાના કે પોતાના, હું પારકાનો. હું વિરોધ પક્ષનો છું એટલે અને એ સામે પોતાના એટલે એ લોકોના માણસો એમ કહે, એક સામાન્ય કાર્યકર્તા કહે તો ત્યાં આગળ જઈ અને ત્યાં અધિકારીઓને દબડાવે, વિકાસની દૃષ્ટિએ જોઈએ શિક્ષણ હોય, પાણી પુરવઠો હોય કે કોઈપણ કામ હોય ત્યારે રાજયની દૃષ્ટિએ હું આપના દ્વારા આ સરકારને વિનંતી કરીશ કે આવું ઓરમાયું મન ન રાખે સાહેબ, એવા ઘણા મારી પાસે દાખલાઓ છે કે જ્યારે માનનીય મંત્રીશ્રીઓ આવે, કોઈપણ કાર્યક્રમ હોય, મારા જિલ્લાની વાત નથી કરતો પણ દરેક જિલ્લાની અંદર, તાલુકાની અંદર જ્યારે કલેકટરને સૂચના આપવામાં આવે કે આપણો કાર્યકર્તા હોય એને બોલાવવાનો, જિલ્લા પંચાયતનો હોય કે ધારાસભ્ય હોય, માનનીય આઈ. કે. જાડેજા સાહેબ તો ચોકકસ બોલાવે છે, પણ આજે એ મંત્રી નથી પણ મારે ત્યાં ૫૬ લાખ રૂપિયાનું રસ્તાનું ખાતમુહૂર્ત થયું, મારો મત વિસ્તાર વાંસદા તાલુકો અને ત્યાં કાર્ડ છપાયા અને કાર્ડ છપાયા એમાં મારું નામ નહીં. મારી જિલ્લા પંચાયતનું નામ નહીં. આજે આપના દ્વારા દાખલારૂપે આપું છું કે આ સરકારનું વલણ બદલે, સર્વાંગી વિકાસ માટે એક થાય તો અમે પણ તમને સપોર્ટ આપવા તૈયાર છીએ પણ આ જાતના વિચારો છે એની ઉપર મારા સૂચનો છે એની નોંધ લેવાય એવી આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

**પ્રો. વસુબેન ન. ત્રિવેદી (જામનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ ઉપરની જે વાત લઈને આવ્યા છે, માગણી નંબર: ૩૨, ૪૨, ૪૯, ૮, ૬૭, એની ઉપર હું મારી વાત રજૂ કરું છું. સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ ઉપરની પૂરક માગણીઓ છે એને હું મારું સમર્થન આપું છું.

મારે કહેવાનું છે કે ગુજરાતનો વિકાસ ગયા વર્ષે જે થયો, આ વર્ષે જે બજેટ બન્યું અને બજેટની અંદર પણ કંઈક વધુ સારું કરી શકાય એના માટે પૂરક માગણીઓ ઉપર મેં વિચાર કર્યો છે અને એના ઉપર હું મારી પોતાની વાત રજૂ કરું છું. અગાઉના સાથી સભ્યોએ ઘણી વાત કરી, પૉઝિટીવ અને નૅગેટિવ વાત થઈ કે કેળવણીની વાત થતી હતી ત્યારે મારે એ કહેવાનું કે રાજયની સરકાર કોઈપણ હોય, કોઈપણ રાજયનો વિકાસનો પાયો એનું શિક્ષણ છે અને શિક્ષિત સમાજ હોય તો રાજયના આ વિકાસને કે રાજયને કોઈ જે દિશામાં લઈ જવું હોય એ દિશામાં લઈ જવા માટે કોઈ અટકાવી ન શકે અને એટલા માટે જ કેળવણીના મૂલ્યને સમજીને, કન્યા કેળવણી, પ્રાથમિક શિક્ષણ, ઉચ્ચ અને ટૅક્નીકલ શિક્ષણ, અપંગ, નિરક્ષરનું શિક્ષણ આ વિષય ઉપર ભાર મૂકયો છે. મારે એ કહેવું જોઈએ કે ગયા વર્ષે જે કર્યુ જેમ કે ૧૩ શહેરી ઝુંપડપટ્ટીમાં નેશનલ પ્રોગ્રામ ફોર ગર્લ્સ એટ એલીમેંટ્રી લેવલ હાથ ધર્યો છે. ૧૮ જિલ્લાના પછાત વિસ્તારોમાં ૩૦ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો શરૂ કર્યા છે. ઉચ્ચ શિક્ષણ માટે ૭૪૭ સરકારી અને બિનસરકારી સંસ્થાઓને કાર્યરત કરી શકયા છીએ. ૩૭,૪૦૦ જેટલી આંગણવાડીઓ કાર્યરત છે અને ૨૭ લાખ જેટલા બાળકોને એનો લાભ મળશે. એનાથી વિશેષ ભૃણહત્યા ન થાય અને એના માટે સમગ્ર ગુજરાત રાજયની અંદર એક આંદોલન ઉભું કરી શકયા છીએ અને સમગ્ર દેશ અને દુનિયાએ આ આંદોલન ઉપર નજર માંડી છે. આ વિકાસને જો આગળ વધારવો હોય તો એના માટે મને લાગે છે કે જે પૂરક માગણીઓ છે તેને મંજૂર કરવી જોઈએ. રાજય પ્રજાના કલ્યાણ માટે સંસ્કૃતિની શિખામણ પ્રમાણે આગળ વધી રહ્યું છે. ૧૦૦ ટકા સાક્ષરતાનો દર હાંસલ કરવા માટેનું એક અભિયાન શરુ કર્યું છે. ગૃહમાં ગઈ વખતે જંગલોમાં નેસડામાં આવેલી સ્કૂલોના બાળકોને પ્રવેશોત્સવ માટે

લઈ જવાના હતા. મારે પણ ત્યાં જવાનું થયું હતું. એ બાળકો પહેલી વખત સ્કૂલ જોતા હતા અને આવા બાળકોની રાજય સરકારે ચિંતા કરી છે ત્યારે આ નેસડામાં રહેતા બાળકો ભણીને કદાચ આ રાજ્યની ધૂરા સંભાળે. શિક્ષિત હશે તો સારું કામ કરી શકશે. પ્રજાકીય પુરુષાર્થ પ્રાપ્ત કર્યો છે એમાં કશું ખોટું થયું નથી. હમણા કોઈ કહેતું હતું કે ઉદ્યોગપતિઓ પાસેથી પૈસા લીધા. પ્રજાકીય પુરુષાર્થ કરીને કામો થાય, જન ભાગીદારીથી કામો થાય તો એમાં લોક કલ્યાણની જ વાત થઈ છે. શૈક્ષણિક સંસ્થાના પી.ટી.સી.ના ૨૨,૯૮૭, બી.એડના ૭૧૯, સી.પી.એડ, એ.ટી.ડી.ના ૨૨૨૨, આંગણવાડી એન.એસ.એસ.ના ૮૬૦ લોકોએ આ કામગીરી કરી છે. ઈન્ટેલની મદદથી માસ્ટર્સ ટ્રેનર્સ તરીકે ૧૦ દિવસ સુધી ૭૭૦ લોકોને તાલીમ આપી. એ લોકો દ્વારા ૭૧૭૦ શિક્ષકોને તાલીમ આપવામાં આવી. ઘણું કર્યું છે પણ ઘણું કરવાનું હજી બાકી છે ત્યારે મને લાગે છે કે માત્ર ટીકાત્મક તરફ ન જતા કંઈક કરવાની ધગશ આપણે રાખવી જોઈએ. હમણા ઉદ્યોગોના વિકાસની વાત થતી હતી. મારું રહેવાનું દિગ્વિજય મિલમાં છે. આ રાજ્યના યુવાનોની બેરોજગારીની વાતો થતી હતી. દિનેશભાઈ, તમારા વિસ્તારમાં આ મિલ છે. આ મિલમાં કામદારોની ભરતી કરવાની હતી. આઈ.ટી.આઈ. ફીટર માટેની જાહેરાત આખા રાજ્યના છાપાઓમાં કરવામાં આવી હતી અને આઈ.ટી.આઈ. ફીટર આપણે ત્યાં મળ્યા નથી. માત્ર ૪૦ લોકોએ અરજી કરી અને ૧૬ લોકો ઈન્ટર્વ્યુમાં આવ્યા અને ૧૬ લોકોને જ નોકરી મળી. એટલે ઉદ્યોગના વિકાસની સાથોસાથ આ ઉદ્યોગોમાં કેવા તજજ્ઞો જોઈશે, કેવા વિદ્યાર્થીઓને આપણે એજ્યુકેટ કરવા પડશે એની ચિંતા રાજય સરકારે કરી છે. એને અનુકૂળ યુનિવર્સિટીઓ, સેલ્ફ ફાઈનાન્સ કૉલેજો કરી છે અને મારા જેવી અનેક મા પોતાનું બાળક જ્યારે વિદેશ ભણવા જાય ત્યારે પત્ર કે ફોન ન આવે ત્યારે ચિંતા કરીને ઊંઘી શકતી ન હતી. એવી અનેક મા ની શાંતિ કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. ગઈ વખતના આંકડા જોઈશું તો ખબર પડશે કે આપણા રાજ્યના વિદ્યાર્થીઓ ઑસ્ટ્રેલિયા, રશિયા, અમેરિકા કે કેનેડા જવાના બદલે આપણા ગુજરાતમાં વિદેશના વિદ્યાર્થીઓ પણ શિક્ષણ લેવા આવ્યા હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે. મારા શહેરમાં આયુર્વેદિક યુનિવર્સિટી છે. ૧૩ દેશોના વિદ્યાર્થીઓ ત્યાં આવે છે અને દેશની કેટલીય યુનિવર્સિટીઓ સાથે આપણે ત્યાં શિક્ષણ લેવા માટે આવે એના માટેના એમ.ઓ.યુ. સાઈન થયા છે. આ ગુજરાતનો વિકાસ એ નાનોસુનો વિકાસ નથી. હમણાં એક સભ્યશ્રી કહેતા હતા કે શબ્દોની માયાજાળ. આ માયાજાળ નથી. આ દસ્તાવેજ લેખિત આપ્યા છે. કદાચ આ બુકલેટ બધાએ વાંચી હોય તો પછી એને માયાજાળ ન કહેવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાંસ્કૃતિક પર્વની ઉજવણીઓ થઈ, રાજકોટમાં થઈ, જામનગરમાં ૨૬મી જાન્યુઆરીએ ઉજવણી થઈ. દિનેશભાઈ, આપણે સાથે હતા. આ ૨૬મી જાન્યુઆરી જામનગરમાં જ્યારે ઉજવાઈ ન હતી ત્યારે માત્ર સ્કૂલમાં સામાન્ય ઉજવણી કરી અમે શિક્ષકો રજાનો આનંદ માણતા હતા. બે વર્ષથી જામનગર શહેરમાં ૨૬મી જાન્યુઆરીનું આખું વાતાવરણ જ બન્યું છે. પર્વ એક વર્ષ ઉજવાયું પરંતુ એના પછી જે સાંસ્કૃતિક વાતાવરણ ઊભું થયું છે એના કારણે મારા શહેરના લોકોમાં મને લાગે છે કે, સમગ્ર ગુજરાતના લોકોમાં હશે કે લોકોમાં પોતાના રાજ્ય માટે, પોતાના દેશ માટે એક સ્વાભિમાન ઊભું થયું છે. સમગ્ર વિશ્વની નજર ભારતની સંસ્કૃતિ ઉપર છે. આ દેશ વિશ્વ ગુરુ બની શકે તેવી ક્ષમતા ધરાવે છે. આટલી નાની વાતનો ઉલ્લેખ થઈ શકતો નથી એટલા માટે વિશ્વ ગુરુ બનવામાં અડચણો ઊભી થઈ રહી છે. કાલે હું છાપું જોતી હતી. રાજઘાટ ઉપર સ્નીફર ડોગને ફેરવવામાં આવતો હતો. જ્યાં આપણી સંસ્કૃતિ છે ત્યાં આપણે ચપ્પલ પહેરીને ફરતા નથી ત્યાં કૂતરા ફરતા જોવા મળે છે. જો સાંસ્કૃતિક પર્વની ઉજવણી દિલ્હીમાં ઉજવવામાં આવે તો કદાચ આવું ન બને. મારે વિશેષ કાંઈ કહેવાનું નથી.

ગુજરાત રાજ્યની સરકાર એકેએક દિશાની અંદર આગળ વધી રહી છે ત્યારે આવી પૂરક માગણીઓને મંજૂર કરવી જ જોઈએ. જળ વિભાગમાં નર્મદાની વાત થતી હતી ત્યારે મારે એ કહેવું જોઈએ કે આ સરકારને બહેનોના આશીર્વાદ મળ્યા છે અને તેના કારણે અમારે શહેર, જિલ્લામાંથી કોઈએ છોડીને જવું નથી પડ્યું. અનેક કુદરતી પરિસ્થિતિનો અમે સામનો કર્યો છે, છતાં પણ વખતો વખત ટ્રેઈનથી પાણી આપવાનું કામ કર્યું છે અને જ્યાં ટ્રેઈન નથી પહોંચી ત્યાં અત્યારે હું જોઉં છું કે ટેંકરની સંખ્યા પણ ઘટી ગઈ છે. મને લાગે છે કે માનવીની પાયાની જરૂરિયાત શિક્ષણ અને પાણી પાયાની જરૂરિયાત છે ત્યારે આવી વાત પર કોઈ પૂરક માગણી મૂકી હોય તો એમાં આપણે હા જ કરવી જોઈએ. કોઈપણ રાજ્યનો વહીવટ આપણે સારો કરવો હોય તો વહીવટી તંત્રને સુવિધા ના આપવાથી વહીવટ એમાં સુદ્રઢ ના બની શકે. આપણે પણ એ.સી. ઑફિસમાં બેઠા હોઈએ તો કામની ક્ષમતા વધી જતી હોય છે એટલે વહીવટી સુધારણા માટેનો જે કાંઈ ખર્ચ માટે પૂરક માગણી કરી છે તેના વિષે પણ વિચાર કરવો જોઈએ.

પોલીસતંત્રની વાત થઈ. બહુ મોટી અપેક્ષા પોલીસતંત્રની પર રહી છે ત્યારે મારા સાથી પક્ષ વિરોધપક્ષના સાથીઓ પોલીસતંત્ર પાસે અપેક્ષા રાખે છે, પરંતુ તેના પર ખર્ચ કરવાની પૂરક માગણી લઈને આવીએ ત્યારે એની ટીકા કરવી, આ કેવો ન્યાય છે? સાહેબ, મને એમ કહેતા હતા કે બહેન સાચું બોલજો. હું જીવા પર અસત્ય બોલતી નથી. પરંતુ જે સાચી વાત હોય તે સ્વીકારવી પડે. વિરોધપક્ષ જરૂર વિરોધ કરે, થોડો પૉઝિટીવ વિરોધ કરે. હમણાં બહાર બેઠા દિનેશભાઈ અને મારા સભ્યો અલગ વાત કરે અને અહીંયા અલગ

વાત કરે. એટલે આવું ના કરે, એટલે આ પૂરક માગણીઓ જે કરેલ છે, એમાં થોડું પૉઝિટીવ કરજો. આપણે બધા સાથે મળીને આ ગુજરાત રાજ્યની સરકારને એક મોડેલ રાજ્ય બનાવીએ અને સમગ્ર દેશની અંદર મોડેલ રાજ્ય તરીકે કરવા આપણે કાંઈ બનાવીશું તો એમાં તમારા બધાનો સહયોગ રહેશે અને અમે કદી એવું બીજાને નહિ કહીએ કે તમારો સહયોગ નથી.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આ જે સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, ઉદ્યોગ-ખાણ, શિક્ષણ, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠાની પૂરક માગણી લઈને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમાં મારે આ પૂરક માગણીમાં મૂળ બજેટ, પૂરક માગણી, પુર્નવિનિયોગ અને બધી જ પ્રક્રિયા પછી સરન્ડર કરવાની ભૂમિકા. માનનીય અધ્યક્ષશ્રી, બજૅટ એ ગુજરાતનું એક વિકાસલક્ષી બજૅટ બને છે ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે જ્યારે બજૅટ બનાવીએ છીએ ત્યારે એમાં બે-ત્રણ-ચાર મહિનાથી તમામ વિભાગો તૈયારી કરે અને રાત-દિવસ એક કરીને તમામ વિભાગો નીચે સુધી શું શું જરૂરિયાત છે, કયાં શું જરૂરી છે, કઈ જગ્યાએ શું જરૂરી છે તેની સમીક્ષા અને મિટિંગો કરે છે અને તેના આધારે બજૅટ રજૂ થાય છે. મારે આ બધા જ સભ્યશ્રીઓ વાત કરતા હતા તેનાથી કાંઈ જુદી વાત એ કરવી છે કે બજૅટ એ મહત્ત્વનું છે. વસુબહેન કહેતા હતા કે આંકડાકીય રમત નહિ, પણ દસ્તાવેજ છે, ગુજરાતના વિકાસની મહત્ત્વની ભૂમિકા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા વર્ષોથી એક પ્રકિયા શરૂ થઈ કે બજૅટ એક બાજુ રહે અને પૂરક માગણી એનાથી ૧૦ ગણી વધીને આવે. પૂરક માગણી વિકાસ માટે આવે એ આનંદની વાત છે, એમાં ના પણ પાડી ના શકાય, પણ પૂરક માગણીની અંદર પણ પ્લાન, નૉન-પ્લાન અમુક રકમની અમુક વાત તો નિશ્ચિત હોય છે. આ જે જે માગણીઓ લઈને પગાર-ભથ્થા, પેશગી, નિવૃત્તિ આ કોઈ રાતોરાત આંકડા બદલાતા નથી. તમામ વિભાગોની અંદર મારે નાણા મંત્રીશ્રીને કહેવું છે કે કેટલા વિભાગમાં, કેટલા લોકો નિવૃત્તિ થવાના છે, કેટલું ભથ્થું વધવાનું છે એ બજૅટ પહેલા આપણને ખબર નથી હોતી? બજૅટ પછી પૂરક માગણી લાવવાનું કારણ શું? એનો જવાબ પણ માનનીય નાણામંત્રીશ્રી આપે. પૂરક માગણી શેના માટે હોય? આકસ્મિક પરિસ્થિતિ સર્જાય, કોઈ ઈમરજન્સી વિકાસલક્ષી યોજના કરવી પડે. શું પગાર-ભથ્થા માટે, કચેરીનો વિકાસ બહુ સરસ વાત છે. કચેરી સારી કરવી જોઈએ અને એ વાત સાચી પણ કચેરીનો વિકાસ કરવા માટે મૂળ બજૅટમાં ના લાવી શકાય?

માનનીય અધ્યક્ષશ્રી, મારે બહુ સ્પષ્ટ વાત કરવી છે આપના દ્વારા માનનીય નાણા મંત્રીશ્રીને કે જો આવું ને આવું ચાલ્યા કરશે તો માનનીય નાણા મંત્રીશ્રી બજૅટ એક બાજુ રહેશે, પૂરક માગણીઓ બીજી બાજુ રહેશે અને છેલ્લે તમે જોશો પૂરક માગણીઓ પુનઃ વિનિયોગ કર્યા પછી કેટલા વિભાગની કેટલી યોજનાઓમાં રકમો સરન્ડર કરી છે? આજે આપ જે માગણીઓ લઈને આવ્યા એના આધારે મારે કહેવું છે કે, કેટલું ભારણ પડશે આપણા ઉપર? ૨૦૦૫ અને ૨૦૦૬ માટે ૩૪૧૮ કરોડ ૯ લાખ ૭૪ હજારની પૂરક માગણી વિધાનસભા સમક્ષ મૂકવામાં આવી, નાણા મંત્રીશ્રીએ ૨૦૦૫-૦૬ માટે ૩૬.૪૦૦ કરોડ રૂપિયાનું બજૅટ રજૂ કર્યુ અને ઉપરાંત કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ અને અન્ય યોજનાઓ ધ્યાને લેતા અને એ માગણીઓને કારણે રૂપિયા ૭૬૦ કરોડ ૭૨ લાખ ૩ હજારનું ચોખ્ખું ભારણ ચાલુ વર્ષના બજૅટમાં રહેશે. કુલ બજૅટ સુધારેલા અંદાજ સાથે ૨૯,૨૨૪ કરોડ જેટલું થશે જેનો નાણા મંત્રીશ્રીએ નિર્દેશ આપ્યો અને પૂરક ખર્ચના કારણે રાજયના બજૅટમાં ૭.૫૫નો ખર્ચ પડવાનો અથવા વધારો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગના સચિવશ્રીઓ, સેક્રેટરીશ્રીઓ આ બજૅટ દરમિયાન નાણા મંત્રીશ્રી સાથે પણ વારંવાર મિટિંગો થાય છે, આજ મિટિંગ પોતાના વિભાગના મુખ્ય વડા મિનિસ્ટર હોય એની સાથે પણ મિટિંગ થાય છે ત્યારે આ બજૅટમાં કેમ આ વાત નથી આવતી? કેન્દ્ર પુરસ્કૃત યોજના, કેન્દ્ર આપણને પૂછે છે કે આટલી આટલી યોજના આપણે કરવાની છે તો એના માટે ભાગે આવતો ફાળો શા માટે પહેલેથી શા માટે બજૅટમાં મૂકવામાં આવતો નથી? એ મૂકવામાં નથી આવતો એટલે પૂરક માગણી કરવી પડે છે, આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવાની જરૂર છે. વિકાસ થાય, ગુજરાતનો વિકાસ એ આપણા સૌની સ્પષ્ટ વાત છે પરંતુ અધિકારીઓને મન પડે એવો વહીવટ કરવાનો, અધિકારીને મન પડે એવી રીતે બજૅટ મૂકવાનું અને બજૅટ મૂકયા પછી મુખ્ય બજૅટથી એક બાજુએ રહીને નવી નવી સ્કીમોનો સમાવેશ થાય અને મુખ્ય બજૅટ એમ ને એમ પડ્યું રહે અને પછી આપણે પૂરક વખતે મંજૂર કરી દઈએ એટલે એ યોજના પણ મંજૂર થાય. મારે પૂછવું છે કે, બજૅટ શું કામ બનાવીએ છીએ ? એટલા માટે બનાવીએ છીએ કે, આપણે આખા વર્ષ દરમિયાન શું કામગીરી અને પ્રવૃત્તિ કરવાના છીએ અને એ વખતે જો બજૅટ જેટલી જ પૂરક માગણીઓ આવતી હોય તો નાણા મંત્રીશ્રી અને આપણા સૌ માટે આ ચિંતાનો વિષય છે. મારે કહેવું છે કે, પ્રજાસત્તાકનો ત્રણ કરોડનો ખર્ચો ? ખર્ચ સામે મને વાંધો નથી, ભલે કરો પણ મારે એક વાત કહેવી છે કે, મહોત્સવો ઉજવવાનું આપણી સરકારે નક્કી કર્યુ છે, મહોત્સવો આપણે ઉજવીએ છીએ ત્યારે મારી સ્પષ્ટ વિનંતી છે કે, મહોત્સવો ઉજવવા સરકાર બજૅટમાં શું કામ રકમ ફાળવતી નથી? શું કામ સ્પષ્ટ નથી કહેતી બજૅટમાં કે મહોત્સવો નિમિત્તે આટલા

લાખ રૂપિયાનો, આટલા કરોડ રૂપિયાનો ખર્ચ કરવાના છીએ. આપણે કશું જ કરવાનું નહીં અને મહોત્સવના નામે ઉઘરાણા, અધિકારીઓ ઉપર પ્રૅશર, અધિકારીઓ ઉપર દબાણો અને પછી ખર્ચ વધે એટલે પૂરક માગણીમાં આવવાનું ? ખર્ચ સામે વાંધો નથી પણ બજૅટમાં લાવો, કેમ લાવવામાં આવતું નથી એનું નાણા મંત્રીશ્રીને પૂછવું છે? માનનીય અધ્યક્ષશ્રી, વધારાનો ખર્ચ આ બધાનો કરે ? મૂળ બજૅટમાં, મારે એટલે નાણા મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, મૂળ બજૅટ કેટલું ? મૂળ બજૅટનો મુખ્ય આશય અને એનું હેડ લેવલ, કેટલું કામ અને પૂરક માગણીના ભારણને કારણે મૂળ બજૅટમાં કોઈ કામ અને વિકાસની યોજનામાં ઘટાડો થયો એની પણ વાત કરવી જોઈએ. મારે આગળ વધીને વાત કરવી છે ગૃહ વિભાગની, ગૃહ વિભાગમાં ઘોડાની ખરીદી, જરૂરથી કરીએ, કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે, રક્ષણ માટે પણ મારે પૂછવું છે કે, બજૅટમાં ૭૦ લાખ પોલીસ વિભાગ માટે અને ઘોડાની ખરીદીની જ્યારે વાત આવી એ પૂરક માગણીમાં કેમ આવી ? અંદાજ નહતો ? ગુજરાતની કાયદો અને વ્યવસ્થા માટે શું શું જોઈશે એની માગણી ગૃહ વિભાગ પાસે નહતી? ગૃહ વિભાગના સચિવશ્રી પાસે નહતી ? રાતોરાત આ ઘોડાઓ ખરીદવાની વાત કેમ ઊભી થાય છે, મને સમજાતું નથી ખરીદીનું, પણ મૂળ બજૅટ અને પૂરક બજૅટ વચ્ચેનો તફાવત છે એને બંધ કરવાની સરકારને જરૂર છે. પેટ્રોલીંગમાં અગાઉના સભ્યશ્રીએ ઘણી બધી વાતો કરી છે. પેટ્રોલીંગ પાછળ ખર્ચ થાય એ ખર્ચ વ્યવસ્થિત થાય, પેટ્રોલીંગને કારણે લોકોને રાહત મળે, ગરીબ અને મધ્યમ વર્ગના માણસો સારી રીતે અવરજવર કરી શકે. શકય છે આપણા દેશના પોલીસ વેરો ઉઘરાવતા હોય, એમ કહે તું ગાડી આગળ ઉભી રાખજે આપણે જોઈએ છીએ. ત્યારે પેટ્રોલીંગ કેવું હોય, પેટ્રોલીંગ એવું હોવું જોઈએ કે પ્લાન, ડીસીપ્લીન, નિયમાનુસાર વાપરો. પેટ્રોલીંગ માટે ૧૦ નહીં બજૅટમાં ૫૦ લાખનો વધારો કરો. જે જોઈએ એ લઈ જાવ પણ જેના હેતુ માટે લઈ જાવ છો તે હેતુ સ્પષ્ટ કરો. જે હેતુ માટે વાપરો છો એ કમ્પ્લીટલી પ્રજા સુધી પહોંચે એ માટે વિચારો. ઉદ્યોગમાં ખાણ, ખનિજ, કુટિર ઉદ્યોગની કચેરી માટે બે પ્રક્રિયા શરૂ થઈ. મોટા ઉદ્યોગો અને નાના ઉદ્યોગોની અંદર જિલ્લા ઉદ્યોગ કુટિર એ નાના લઘુ ઉદ્યોગ માટે કુટિર છે અને એની કચેરી બનાવવાની વાત છે. ઉદ્યોગ મંત્રીશ્રી ખૂબ હોંશિયાર છે. નાણામંત્રીશ્રીને મારે કહેવું છે ઉદ્યોગ કચેરી સારી બનાવો, અધિકારી સારી રીતે એમાં બેસે એવી બનાવો પણ ઉદ્યોગ કચેરી, કચેરી નહીં પણ નાના લોકો, ગરીબ લોકો માટે મંદિર બનવું જોઈએ. નહીં કે અધિકારી, અધિકારીની પત્ની, એના બાળકો માટે મોટર લવાય. શાકભાજી લેવા ગાડી જાય, એના બાળકોને મૂકવા ગાડી જાય. કારણકે અધિકારીની ગાડી છે. ઉદ્યોગ કેન્દ્રની અંદર લોન લેવા આવેલો એક નાનો માણસ ૨૫-૨૫ ધક્કા ખાય એને લોન ન મળે. લોન લેવાની વાત આવે ત્યારે હપતાની વાત થાય. આમાં કાંઈ વિચારો કે આપણે સારું કાંઈક આપી શકીએ પણ સારું આપતા પહેલા જેના માટે આપીએ છીએ એનું શું? ગાડી લઈએ પણ એ ગાડી લોકો માટે વપરાય એ વાતનું ધ્યાન દોરવું જોઈએ. મધ્યાન ભોજનની વાત, પૈસા કેન્દ્ર સરકારને પાછા આપવા પડયા. શું કામ પાછા આપવા પડયા? પગાર, ભથ્થા,પેશગી, મજૂરી, ધંધા લગભગ આમાં હું બુક વાંચતી હતી સ્પષ્ટીકરણ યાદી એમાં બને ત્યાં સુધી પેન્શનરોની સંખ્યા પ્રાથમિક શિક્ષકોનો પગાર, ખાનગી કોલેજ, ઉચ્ચ શિક્ષણ આ બધું નોન પ્લાનનું છે. ત્યારે મારે આપના દ્વારા નોન પ્લાન પૂરતું કહેવું છે કે નોન પ્લાનનો સ્પષ્ટ ઉલ્લેખ હોય છે. સ્પષ્ટ હેડ હોય છે. પૂરક માગણીમાં એ ન આવે. પાણી પુરવઠામાં વધુ વ્યાજની લોન લીધી હતી એટલે સરેન્ડર કરી. બોર્ડ પાસે વધુ પૈસા આવ્યા એટલે સરેન્ડર કરી. પાણી પુરવઠા મંત્રીશ્રી એમ કહે કે સંપૂર્ણ ગ્રાન્ટ અમારી પાસે છે. આ બધી જ યોજનાઓ ગુજરાતમાં બની ગઈ છે. તો સરેન્ડર કરી હોત તો આનંદ થાત. પણ પાણી પુરવઠાની લોન સરેન્ડર કરવાની જરૂર નહોતી. હજારો ગામડા વસુબેન, મારી સાથે આવો. આજે પણ ટેન્કરથી પાણી આપીએ છીએ. ગામડાંની બહેનો બેડા લઈને જાય છે. શહેરની વાત જુદી છે. ગામડાંની પરિસ્થિતિ એ જ છે. આ લોનને પાછી આપવાને બદલે વિકાસમાં વાપરી હોત તો પરિણામ સારું આવ્યું હોત. ફરી બજેટમાં પૂરક માગણી વચ્ચે તફાવત ઓછો થાય અને મુળ બજેટમાં તમામ વિકાસલક્ષી યોજના આવે અને આવેલા બજેટની વિકાસલક્ષી યોજનાઓ પૂરી થાય. નહીં કે આડીઅવળી યોજના વચ્ચે જે આવે કોઈની લાગવગથી એ ચાલુ  થઈ જાય અને પૂરી થાય એના કરતાં મુળ બજેટ વપરાય. આવી વાત સાથે પૂરક બજેટમાં મારો સહકાર આપી શકતી નથી.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઈને આવ્યા છે એને મારું સમર્થન આપું છું. માગણી ક્રમાંકઃ ૩૨, ૪૨, ૪૯, ૮, ૬૮ તો પૂરક માગણી કયારે લાવવી પડે? આજે હું એમ કહું છું કે વિરોધપક્ષના સભ્યશ્રીઓ બોલતા હતા કે આ વાત સાથે સંમત નથી. એમ કહે છે પણ રાજયના વિકાસ માટે, રાજયના આયોજન માટે જે કાંઈ ખર્ચ વપરાયો છે. એક જ દાખલો દેવો છે. ૮૦-૨૦ ની યોજના માટે જે તે વખતે આયોજન કરવામાં આવ્યું.  આ ગુજરાતના લોકોની જન ભાગીદારીની એટલી લાગણી આવી કે જેના કારણે આપણે એને પૂરક માગણીમાં લેવી પડી.  આજે ૮૦-૨૦ ની યોજનામાં ગામે ગામ એટલી અરજી આવી કલ્પના નહોતી કે આટલો સાથ-સહકાર મળશે.  કલ્પના બહારનો ગુજરાતની જનતાનો સહકાર મળ્યો, ત્યારે આ પૂરક માગણી લાવવી પડે. હું તો એમ કહું છું કે ૨૬ મી જાન્યુઆરી હોય કે ૧૫મી ઓગસ્ટ હોય કે પછી ગુજરાતનો જન્મ દિવસ હોય, એમાં ૩ કરોડ શુકામ? ૧૦ કરોડ વાપરીએ કે આ

ગુજરાતના ગુજરાતીઓ માટેનો ગૌરવનો દિવસ છે. આપણા ગૌરવના દિવસે ગુજરાતની અંદર હેલી ન ઉઠે? બહેને ટેન્કરની વાત કરી. તેમણે વસુબહેનને એમ કહ્યું કે, આવો મારી સાથે કેટલાં ગામડામાં ટેન્કર જાય છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી અને ત્યાર પહેલાનાં ગામડાના ટેન્કરનો ઈતિહાસ જાણ્યો હોત તો આજે ચંદ્રિકાબેન બોલ્યા ન હોત. ઈતિહાસ જાણ્યો હોત તો બોલ્યા ન હોત. વર્ષો પહેલાં મને ખબર છે કે અમારા ભુગર્ભના તળમાં એકલું પાણી હોવા છતાં કેમ ટેન્કર ચલાવવામાં આવતાં હતાં? હળવદ તાલુકો હોય કે ધ્રાંગધ્રા તાલુકો હોય એકલું પાણી છે, છતાં ટેન્કર ચલાવવામાં આવે, એનાં કારણો શાં? દિનેશભાઈ વાત કરતા હતા, ત્યારે મારે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો હતો. આ રાજ્યના મુખ્યમંત્રી જ્યારે એમ કહેતા હોય કે મારા ૫ કરોડ ગુજરાતીઓ, ગુજરાત મારું, ગુજરાતની અંદર વસતો સમાજ એ મારો, એવી વાત કરતા હોય. આ ગૃહના તમામ સભ્યો જે ચૂંટાઈને આવે છે, એ દરેક સમાજના સહકારથી આવે છે, જ્યારે દિનેશભાઈએ જેટલું પ્રવચન કર્યુ, એમણે સમાજ ઉપર કર્યુ, એ સમાજ પણ મારા વિસ્તારમાં મારી સાથે જોડાયેલ છે અને એના અમે હમદર્દી પણ છીએ. કહેવાનો આશય એ છે કે આપણે બધા ૫ કરોડ ગુજરાતીઓના સહકારથી અહીયા બેઠા છીએ. દરેક સમાજને શિક્ષણ મળે, દરેક સમાજને સુવિધા મળે અને દરેક સમાજ માટે આપણે અહીયા બેઠા છીએ, ત્યારે એમ કહે છે કે કોઈપણ વ્યક્તિ જ્યારે સમાજ આધારિત ગૃહની અંદર વાત કરે એ મારી દ્રષ્ટિએ ઉચિત નથી, જ્યારે રાજયના મુખ્યમંત્રી એમ કહેતા હોય કે ૫ કરોડ અમારા ગુજરાતીઓએ ગુજરાતનું આજે દેશમાં, વિદેશમાં ગૌરવ અપાવ્યું છે, ત્યારે આપણે બધા સભ્યો દરેક સમાજનું પ્રતિનિધિત્વ કરીએ છીએ, દરેક સમાજની ચિંતા કરીએ છીએ, ત્યારે આપણે બધા સાથે મળીને એની ચિંતા કરવી જોઈએ. આજે એમ કહીએ છીએ કે શિક્ષણ વિભાગ છે. જેમ ટેન્કરની વાત કરી એમ શિક્ષણ વિભાગ જોઈ લઈએ. શિક્ષણ વિભાગે છેલ્લા ૩ વર્ષમાં, ૫ વર્ષમાં જે પ્રગતિ આ રાજ્યમાં કરી છે એ આપણે બધા જાણીએ છીએ. શિક્ષણ વિભાગે કેટલી પ્રગતિ કરી એ આપણે બધા જાણીએ છીએ. આજે નર્મદા યોજના હોય, પાણી પુરવઠાની યોજના હોય, આજે ગામે ગામ પાઈપલાઈન જાય છે. ગામે ગામ પાણી દોઢ વર્ષમાં પહોંચી જવાનું છે. જે સરકાર ગતિથી કામ કરી રહેલ છે, એમાં પૂરક માગણી આવે, એ માગણીઓને આપ જોઈ લો કે કયાંય ખોટો ખર્ચ છે? ૨૫ વર્ષથી ૭૦ લાખના ઘોડા યાદ કર કર કરે, અહીયા ઘોડાનો ખર્ચ આવે, અહીયા ઘોડાનો ખર્ચ આવે. છબીલભાઈને મેં કહ્યું તમારે ગધેડા લેવાના અને અમે ઘોડા લઈશું. આ બધી રાજ્યની પરંપરા છે અને ગૌરવ સાથે અને આ પૂરક માગણી મંત્રીશ્રી લઈને આવ્યા છે અને હું કહું છું કે આની કરતા પણ દોઢી લાવવી પડે, સાહેબ આ રાજ્યમાં કામની ગતિમાં કોઈપણ જગ્યાએ ઓટ ન આવવી જોઈએ, તે સાથે આ માગણીને સમર્થન આપી બેસું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી સામાન્ય વહીવટ વિભાગ, ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ અને નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની જે માગણીઓ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે જે બજૅટ રજૂ થયું હતું તે લગભગ ૩૬,૪૬૪ કરોડ રૂપિયા અને આયોજનમાં ૧૧,૦૦૦ કરોડ રૂપિયાનું બજૅટ રજૂ થયું હતું ત્યારે ગૃહના તમામ સભ્યશ્રીઓએ તાળીઓથી વધાવી લીધેલ અને તમામ સભ્યશ્રીઓ એમ કહેતા હતા કે હવે મોટું બજૅટ આવ્યું છે એટલે સારામાં સારો વિકાસ થશે. એટલે નવું પૂરક બજૅટ લઈને નહીં આવવું પડે. પણ આજે પરિસ્થિતિ એ છે કે તે પણ હું કહી દઉં કે પૂરક બજૅટ લઈને આવવું પડે ત્યારે કદાચ કોઈ યોજનામાં થોડાઘણા પૈસા ખૂટતા હોય તો વધારાનું થોડું બજૅટ લાવવું પડે. પણ નવી સેવાઓ પૂરક બજૅટમાં લાવવી પડે એટલે અને તે પણ ઓછી નહીં ૩૪૧૮ કરોડ ૯ લાખ અને ૭૪ હજારની. અગાઉના જમાનામાં પહેલાં વિધાનસભા બેસતી ત્યારે આટલું આખા વર્ષનું બજૅટ હતું. આટલું મોટું પૂરક બજૅટ લઈને આવ્યા છે ત્યારે મારે સામાન્ય વહીવટ વિભાગની જ વાત કરવાની. ૪ કરોડ ૩૪ લાખ ૬ હજારનું જે બજૅટ લઈને આવ્યા છે તેમાં માહિતી મેળવવાનો જે અધિકાર છે, જે રાઈટ ટુ ઈન્ફર્મેશન કાયદો છે તે સચિવાલય લેવલે સીમિત ન રહે અને ગામડાઓના લેવલે, તાલુકા કક્ષાએ લોકોને તેની માહિતી મળવી જોઈએ. ત્યાં કંઈક ખર્ચ કરવામાં આવે તો લેખે લાગશે. માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે પ્રજાસત્તાક દિને ૩ કરોડ નહિ પણ ૧૦ કરોડ ખર્ચ કરવામાં આવે તો પણ વાંધો નહીં. બહુ જ સારી વાત છે. કારણકે પ્રજાના હાથમાં સત્તા આવી એટલે પ્રજાસત્તાક આપણે એટલા માટે ઉજવીએ છીએ. પ્રજાના હાથમાં જ્યારે સત્તા આવી, આટલો વહીવટ સારો હોય અને જ્યારે બાળક જન્મે છે ત્યારે માથે ૧૬ હજાર રૂપિયાનું દેવું લઈને જન્મે છે અને હજી પણ આપણે ખર્ચ કરવાનો હોય તો મને એમ લાગે છે કે પ્રજા દેવાના ડુંગરોમાં ડૂબી જશે. એમાં જે સભ્યશ્રી વાત કરતા હતા કે ૩૦૦ લાખ રૂપિયા તો નાણામંત્રીશ્રી બજૅટમાં લઈને આવ્યા છે તેના સિવાય નાના વેપારીઓ એમની પાસે એટલું બધું દબાણ, અધિકારીઓનું દબાણ, કલેકટર ઑફિસનું દબાણ કોઈપણ રીતે કારણકે માનનીય વજુભાઈનો વિસ્તાર હતો. રાજકોટ એમનું શહેર એટલે કોઈપણ રીતે આ વિસ્તારમાંથી પૈસા ઊભા થવા જોઈએ અને તેના માટે સારામાં સારા બધી જગ્યાએ મોટા મોટા હોર્ડિંગ્સ તે ફકતને ફકત એક પ્રસિદ્ધિ માટે જ ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં દરેક જગ્યાએ આવીને આવી

ઉજવણી કરવામાં આવે છે, ખર્ચ કરવામાં આવે છે. માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે એમાં જરા કાપ મૂકાય અને આપણે વિકાસ માટે નોન પ્રોડકટીવ ખર્ચમાં કાપ મૂકવો જોઈએ એમ મને લાગે છે.

ગૃહ વિભાગમાં વિદેશી ફાળાની દેખરેખ માટેની જગ્યા ઉભી કરવા માટે ૨.૨૬ હજારનો ખર્ચ કરવામાં આવ્યો છે. તે આ બજૅટમાં લાવી શક્યા હોત. તે સિવાય ઘોડાની ખરીદીની વાત કરી. નેશનલ હાઈવે પેટ્રોલિંગ માટે દસ લાખની વાત કરી. મંત્રીશ્રીઓના નવા વાહનો માટે ૮૭ લાખની વાતી કરી, આબકારી કમિશ્નરશ્રીની કચેરી માટે ૨૦ નવા વાહનો આ બધુ બજૅટમાં લાવી શક્યા હોત. હાઈવે પેટ્રોલિંગની વાત ચાલે છે પણ અમે કાંઠા વિસ્તારના માણસો છીએ, રાજસ્થાનની બોર્ડર પરથી આવીએ છીએ અને જે કંઈ પેટ્રોલિંગ થાય છે તે ફકતને ફકત ત્યાંથી દારૂની ટ્રકો ગુજરાતમાં આવે તેના માટે પેટ્રોલિંગ થાય છે. નહીં કે ત્યાંના બીજા જે લોકો ગુંડાગીરી કરતાં પકડાય. આ સરકારના અધિકારી જે પકડે છે તે ફકત કોઈ ગુજરાતમાંથી ત્યાં ગયો હોય અને એક બાટલી લીધી હોય પછી પીધી હોય અને અડધી બચી ગઈ તે ડેકીમાં લઈ આવે તેને જરૂર પકડે છે. કોઈની મજાલ નથી કે આખી ટ્રક પકડે. ત્યાંથી બોર્ડરમાંથી તે જિલ્લાને પાર કરાવવાનું કામ પેટ્રોલિંગ કરનાર અધિકારી કરતા હોય છે. મારે ગૃહ મંત્રીશ્રીને વિનંતી કરવાની કે ગાડીઓ, જીપો ભરીને ત્યાંથી માણસો જાય છે ત્યારે એટલા બધા અકસ્માત થાય છે કે ગાડી કે જીપ દેખાતી નથી. એટલા બધા ભર્યા હોય છે કે ગાડી કે જીપ પણ દેખાતી નથી. જીપોવાળાને પૂછીએ છીએ કે તમે આટલા બધા માણસો કેમ ભર્યા છે?

**અધ્યક્ષશ્રી**: આમાં પૂરક માગણીમાં અધિકારીની વાત ન આવે. ડોકટર આપ સિનિયર સભ્ય છો. આમાં અધિકારીની વાત ન આવે.

**ડૉ. અનિલ જોષીયારા:** માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ અને ખાણ માટે પણ વાત કરું તો હમણાં માનનીય બાબુભાઈએ વાત કરી કે આ જે વી.આર.એસ. લેનારા આ જે કર્મચારીઓ છે. ગુજરાત રાજય વિકાસ નિગમના જે કર્મચારીઓ છે, આ નિગમ તો અદાણીગૃપે લઈ લીધું છે તો આ ખર્ચો આપણે શા માટે વેઠવો જોઈએ, એ ખર્ચ અદાણીગૃપવાળા ઉપર આ વી. આર. એસ. નો એક કરોડ, દશ લાખ અને પંચોતેર હજારનો નાખવો જોઈએ આ તો આપણા ઉપર ભારણ પડી રહ્યું છે. જિલ્લા કચેરી ઉદ્યોગ કેન્દ્રો છે એનું આધુનિકીકરણ કરવામાં આવે, બહુ સારી વાત છે, એ કરવું જોઈએ પણ હમણાં જ એક પ્રશ્ન પ્રશ્નોત્તરીમાં હતો કે એક જિલ્લાના એક હજાર છોકરાઓને લોન લેવી હતી પણ એ લોન એમને મળી નથી તો આવા જે છોકરાઓ છે, જે બેરોજગાર છે અને રોજગારી માટે માગણી કરી રહ્યા છે એમને લોન આપવી જોઈએ, આ આધુનિકીકરણ જરૂર કરો પણ સાથે સાથે આ જે બેરોજગારો છે એમના માટે પણ કંઈકને કંઈક કરવું જોઈએ.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ માટે બહુ સારુ બજૅટ ગઈ વખતે લઈને આવ્યા હતા, ૩૯૮૬ કરોડ, ૧૬ લાખ અને ૯૯ હજારનું ખૂબ સારું બજૅટ હતું અને અમને પણ એમ હતું કે. હવે ગામડાંમાં શિક્ષણ સુધરશે પણ અમારી એ ચિંતા એમને એમ રહી છે. ગામડાંમાં એક વર્ગમાં એક, બે અને ત્રણ ધોરણના બાળકો ભણે છે, સરકાર આ નિયમોમાં કોઈ ફેરફાર કરવા માગતી નથી, ૬૭ બાળકો હોય તો જ એક શિક્ષક મળે છે, મારે માનનીય શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, એ તો બરોબર નથી, શિક્ષણ આજના જમાનામાં સુધારવું હશે તો એક ધોરણે એક શિક્ષક મૂકવો પડશે, આ નહીં કરો તો ત્યાં સુધી શિક્ષણ સુધરશે નહીં.

પાણી પુરવઠાની વાત કરું તો સુજલામ સુફલામની યોજના લાવ્યા અને ૪૨૩૭ કરોડની બજૅટમાં લાવ્યા હતા છતાંય આજે અમારા પછાત વિસ્તારોમાં આજે કોઈ યોજના નથી, અમે એમ કહીએ છીએ કે પીવાના પાણી માટે કાયમી ઉકેલ લાવો, સિંચાઈ તો મળવાની નથી ત્યારે અમારા તળાવો તો કમસેકમ ભરો એ પણ નથી ભરવામાં આવતાં અને હેન્ડપંપ આધારિત જે વ્યવસ્થા છે એમાં તો હેન્ડપંપ દ્વારા પાણી નીકળતું નથી કારણ કે પાણીના તળ નીચા ગયા છે એટલે બીજી કોઈ યોજના બનાવો. નવી માગણી આ પૂરક બજૅટમાં લાવ્યા છો ૯૦ કરોડ જેટલી પણ આ પછાત વિસ્તારો માટે આવું કોઈ આયોજન થતું નથી માટે આજે જે પૂરક માગણીઓ લઈને આવ્યા છો એમાં હું સહમત થઈ શકતો નથી.

**અધ્યક્ષશ્રી** : આ ચર્ચાના અંતે મારે ગૃહમાં એક વાત કરવી છે કે, એક ગેરસમજ હોય તેવું લાગે છે, જે કુલ માગણીઓ લગભગ ૧૦૬ છે. એમાં પૂરક માગણીઓ ૭૦ છે અને નવી સેવાને લગતી ૩૭ માગણીઓ છે, આ નવી સેવાઓ તદ્દન નવી નથી પણ અંદાજ સમિતિએ એક રિપોર્ટ આપેલો છે. મને ખબર છે ત્યાં સુધી ૨૫ લાખ કરતાં વધારે જેમાં પૂરક માગણી હોય એને નવી સેવાઓ ગણવામાં આવે છે, એટલી માહિતી મારે આ ગૃહને આપવાની હતી.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર સામાન્ય વહીવટ વિભાગ,ગૃહ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, શિક્ષણ વિભાગ અને નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પૂરક માગણીઓ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લઈને આવ્યા છે એમાં માનનીય જયંતીભાઈ કહેતા હતા કે કોઈપણ સરકાર હોય એ દર વર્ષે પૂરક માગણીઓ લાવતી હોય છે, સાચી વાત છે પણ વિરોધ પક્ષ તરીકે જમ ચાળીસ વર્ષ સુધી તમે અમને રસ્તો બતાવતા હતા, આ ન કરી હોત તો પૈસા બચ્યા હોત, અમે અત્યારે સબળ વિરોધ પક્ષ તરીકે અમારી જવાબદારી તરીકે તમે કેટલીક રકમ બચાવી હોત તો આ પૂરક

માગણી ન આવી હોત અને બચેલ રકમનો ચાલુ વર્ષના બજૅટમાં ઉપયોગ કરીને પ્રજાના વિકાસના કામો કરી શક્યા હોત .

મારે સૌથી પહેલાં શિક્ષણ વિભાગની વાત કરવી છે. શિક્ષણ વિભાગમાં મધ્યાહ્ન ભોજન યોજના માટે પૂરક માગણી લાવ્યા છો એક બાજુ મધ્યાહ્ન ભોજન યોજનાને બીજો ઓપ આપીને સરકાર પોતાના ખાતે ઉધારવા માગે છે ત્યારે આ તો વર્ષોથી એસ્ટાબ્લીશમેન્ટ થયેલી યોજના છે. ખાસ કરીને ગુજરાતમાં બક્ષીપંચ, આદિવાસી અને પછાત વિસ્તારોમાં જ્યારે ડ્રોપઆઉટનો રેશિયો વધારે હતો, ધોરણ એક થી સાતમાંથી વિદ્યાર્થીઓ શાળા છોડીને ચાલ્યા જતા હતા. હોટલમાં કર્મચારી તરીકે એ ધંધો કરતા હતા, ક્યાંક ભેંસો ચરાવવા જતા હતા, ક્યાંક ખેતી કરવા લાગી જતા હતા તો ક્યાંક પશુપાલન ચલાવતા હતા અને ભણતા ન હતા, એટલા માટે કે ફકત એમને બે ટાઈમ જમવાનું મળતું ન હતું ત્યારે શ્રી માધવસિંહ સોલંકીની સરકારે ગુજરાતના આવા વિદ્યાર્થીઓ હતા એ જમવાના કારણે શાળા છોડીને ન જાય એના માટે આ યોજના ચાલુ કરી હતી. જ્યારે જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારે મારે દુ:ખ સાથે કહેવું છે કે મધ્યાહન ભોજન યોજના એમને ખૂંચે છે શું? પણ શ્રી માધવસિંહ સોલંકીની સરકારે આ યોજના ચાલુ કરી છે એને કારણે એ યશ એમને નથી મળતો એ એમને રંજ છે. એટલે કોઈ કોઈ વર્ષે બંધ પણ કરી છે. પણ સારી વાત છે કે, આ વખતે એમાં ખર્ચ કરવાની વાત લઈને આવ્યા છે. જ્યારે આ યોજના શરૂ કરી ત્યારે ગુજરાતમાં ધોરણ ૧ થી ૫ નો ડ્રોપ આઉટ રેશિયો ૨૪ ટકા હતો અને ધોરણ ૫ થી ૭ નો ડ્રોપ આઉટ રેશિયો ૩૪ ટકા હતો. બાળકો શાળા છોડીને જતા રહેતા હતા. પરંતુ શ્રી માધવસિંહ સોલંકીની સરકારે જ્યારથી મધ્યાહન ભોજન યોજના ચાલુ કરી ત્યારથી ક્રમશ:: આ ડ્રોપ આઉટ રેશિયો ઘટતો ગયો અને એના સારા પરિણામો એ આવ્યા કે સુપ્રીમ કોર્ટે બીજા રાજયોમાં પણ મધ્યાહન ભોજન યોજના ગુજરાત પૅટર્ન ઉપર ચાલુ કરવી જોઈએ, તામિલનાડુની પૅટર્ન ઉપર ચાલુ કરવી જોઈએ એવો આદેશ કર્યો અને એ મધ્યાહન ભોજન યોજના ચાલુ જે રાજયોમાં ન કરવામાં આવે તો એમાં આયોજન પંચ એની ગ્રાન્ટમાં કાપ કરશે એવો આદેશ બહાર પાડયો. અને આજે સમગ્ર દેશમાં મધ્યાહન ભોજન યોજના ચાલુ કરવાના પગલાં લેવાય રહ્યાં છે. આજે આ ડ્રોપ આઉટ રેશિયો આને કારણે ઘટતો ઘટતો ૩૪ ટકાથી ૧૨ ટકા સુધી આવ્યો અને ધોરણ ૫ થી ૭ માં ૮ ટકા સુધી આવ્યો ત્યારે સફાળી બે વર્ષ પહેલા આ સરકાર જાગી કે બહુ મોટો યશ શ્રી માધવસિંહ સોલંકીની સરકારને મળી જશે, એટલે પ્રવેશ ઉત્સવ નામનો એક ઉત્સવ કાઢયો. પહેલા દિવસે પ્રવેશનો ઉત્સવ. તમામ શાળાઓમાં પ્રવેશ ઉત્સવ કરવામાં આવ્યો અને એની પાછળ એક એક શાળા દીઠ ૧૦-૧૦ થી ૨૦-૨૦ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો. આમાંય અમને વાંધો નથી. પ્રવેશ ઉત્સવ કરવામાં આવે અને એ પ્રવેશ ઉત્સવના નામે બાળકો દાખલ થાય એમાંય વાંધો નથી પણ આ સમગ્ર યશ છે એ પોતાના ખાતે ઉધારવામાં આવે કે આ ડ્રોપ આઉટ રેશિયો અમે આવ્યા એથી ઘટી ગયો અને પછી એનો ઉત્સવ મનાવવામાં આવે અને ગામે ગામે ઢંઢેરો પીટીને ખર્ચ કરવામાં આવે ત્યાં અમારો વાંધો છે. એ ન કર્યું હોત તો મધ્યાહન ભોજન યોજનામાં પૂરક માગણી લઈને આવવું ન પડયું હોત. મારે અભિનંદન આપવા છે શ્રી શંકરસિંહજી વાઘેલાની સરકારને એટલા માટે કે જ્યારે મુખ્યમંત્રી તરીકે બાપુ બેઠા તો હું જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારી તરીકે એક વર્ષ સુધી સેવા આપતો હતો અને મહેસાણા જિલ્લામાં સમી, હારિજ કે વડનગર જેવા વિસ્તારોમાં શિક્ષકોની ખૂબ ઘટ રહેતી હતી એટલે એક યોજના મૂકી શ્રી શંકરસિંહજી વાઘેલા સમક્ષ અને માનનીય શંકરસિંહજીએ બાલ ગુરુ યોજના દાખલ કરી અને એક સાથે ૧૮૨ તાલુકામાં જાહેરાત પાડી હતી એ વખતે કે જે પી.ટી.સી., ડી.ટી.સી. કે એ.સી.ડી. જે લોકો થઈને બેઠા છે એવા એક લાખ લોકો બેકાર બેઠા છે એ લોકોની ભરતી કરવાની જાહેરાત બહાર પાડવામાં આવી, તાલુકાવાર જાહેરાત બહાર પાડવામાં આવી અને એના અનુસંધાને ભરતી પણ થઈ. બાલ ગુરુ યોજના દાખલ થઈ એનો અમલ શરૂ થયો એટલે વધ-ઘટના પ્રશ્નો ઓછા થવા માંડયા. પછી સરકારમાં વધ-ઘટ થઈ અને એ સરકારને બદલે શ્રી કેશુભાઈની સરકાર આવી. આ યોજના બહુ સારી હતી એટલે બંધ કરી શકાય એમ ન હતી એટલે નામ બદલી નાંખ્યું બાલ ગુરુને બદલે વિદ્યા સહાયક કરી નાંખ્યું. વિદ્યા સહાયક કર્યું એનો વાંધો નથી, નામ બદલી નાંખ્યું એનો વાંધો નથી પણ આ રાજયમાં અઢી લાખ શિક્ષકોની ભરતી થયેલી છે, જિલ્લાવાર ૧૦ હજાર શિક્ષકો દરેક જિલ્લામાં છે એટલે ૨૫ જિલ્લાઓમાં અઢી લાખ શિક્ષકો પ્રાથમિક શિક્ષણનું કાર્ય કરે છે એમાંથી દર વર્ષે ૧૦ થી ૧૨ હજાર શિક્ષકો નિવૃત્ત ૧૯૬૦ થી થાય છે અને દર વર્ષે ૧૦ થી ૧૨ હજાર શિક્ષકોની ભરતી ૧૯૬૦ થી થાય છે. એમાં કાંઈ નવાઈ નથી કરતા. પણ તેઓ કહે છે કે, આ વિદ્યા સહાયકની અમે ૮૦ હજારની ભરતી કરી આઠ વર્ષમાં. પણ ૧૦ X ૮ એટલે ૮૦ હજાર આમેય થાય, વિદ્યા સહાયકો ન હોય તો પણ થાય. પણ આ યોજના અમે આપી એટલે આ ભરતી થઈ એવું ધારે એમાં વાંધો નથી પણ વિદ્યા સહાયકોની ભરતી કરી એટલે શિક્ષકોની વધ-ઘટ ઘટાડી દીધી એવું કહીને મંત્રીશ્રી એના ઉત્સવો યોજયા કરે અને ખર્ચ કરે છે એની સામે અમારો વાંધો છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય સભ્યશ્રી, પ્લીઝ, આપ પૂરક માગણી ઉપર બોલો.

**ડૉ. સી. જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત પડતી મૂકીશ કારણ કે ઘણાંને આ વાત ખૂંચે છે. હવે મારે જળ સંપતિ વિભાગની વાત કરવી છે માનનીય મંત્રીશ્રી જળ સંપતિ વિભાગમાં જે માગણી લઈને

આવ્યા છે એમાં મારે કહેવું છે કે જળ સંપતિ વિભાગમાં જે તારાંકિત પ્રશ્ન હતો એના જવાબમાં આપે નર્મદા યોજનાની વાત કરી છે, કલ્પસર યોજનાની વાત કરી છે. મારે ફકત કલ્પસર યોજનાની વાત કરવી છે. ૧૯૮૮માં કલ્પસર યોજના માનનીય કેશુભાઈનું સ્વપ્ન હતું એના અનુસંધાને સરકારે મૂકી પણ શ્રી કેશુભાઈએ મૂકી છે એટલે ગમે તેમ કરીને પાછી ઠેલ્યે રાખો કારણ કે યશ શ્રી કેશુભાઈને મળશે. ૧૯૮૮ થી ૨૦૦૬ ની સાલ આવી ૧૭ કે ૧૮ વર્ષ વિતી ગયા પણ આ ૧૮ વર્ષમાં ફકત પ્રિ-ફિઝિબિલિટી રિપોર્ટ જે ત્રણ કે ચાર વર્ષમાં તૈયાર થઈ જાય એના ૧૮ વર્ષ તમે કાઢી નાંખ્યા. હમણાં ગઈકાલે કોઈ ધારાસભ્યશ્રી એમ કહેતા હતા કે ૧૯૬૦માં શિલારોપણની વિધિ કરી અને નર્મદા યોજનાની શરૂઆત ૧૯૭૬માં થઈ, કેટલાય લિટિગેશન આવ્યા હતા, વિશ્વ બેન્ક અને વર્લ્ડના અનેક દેશના લોકો એનો વિરોધ કરી રહ્યા હતા. પર્યાવરણ માટે વિરોધ કરતા હતા તમારે તો કોઈનો વિરોધ નથી, અમે સપોર્ટ કરીએ છીએ કલ્પસર યોજનાનો. રાજ્યોનો કે પર્યાવરણવાદીઓનો કોઈનો વિરોધ નથી તોય અઢાર વર્ષથી તમે પ્રિ-ફિજિબિલિટી રિપૉર્ટ તૈયાર કરીને બેઠા છો અને કાર્ય કરતા નથી અને ચેક ડેમ બનાવ્યા, તળાવો ઊંડા કર્યા મેં એમાં જોયું તળાવો ઊંડા કર્યા એ તારાંકિત પ્રશ્નમાં કહ્યું છે કે, ૩ હજાર તળાવો ઊંડા કર્યા એટલે અમને એ વાતનો આનંદ છે. ગુજરાત રાજયમાં પંદર હજાર તળાવો કોંગ્રેસની સરકારે બનાવ્યા હતા. પાકી દીવાલના બનાવ્યા હતા એમાં તમે ખાલી ઊંડા કરવાનું કામ કર્યુ છે તો પણ આટલો જશ લો છો અને ગાગરમાં સાગર અને પાણી લાવ્યા તાણી, પ્રસંગો બંધ કરો, ઉત્સવો બંધ કરો એટલું જ મારે કહેવું છે. સિદ્ધપુર ખાતે ત્રિવેણીનો મહાસંગમ થયો અને પાણી નાંખવામાં આવ્યા ગઈકાલે એની બહુ ચર્ચા થઈ છે પણ મને જે જાણવા મળ્યું છે એ તપાસ કરવા જેવો વિષય છે કે જ્યારે પાણી નાંખવામાં આવે ત્યારે મા કુંવારકા અને મા સરસ્વતી એનો પટ છેને એ રેતાળ હતો એટલે પાણી ઊતરી ગયા હતા ત્યારે માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખબર ન પડે એટલા માટે બહુ મુશ્કેલીમાં મૂકાયા હતા અધિકારીઓ એ વખતે અને એ અધિકારીઓને થયું કે આ પાણી તો ઊતરી જાય છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી તો પાંચ લાખ માણસો ભેગા કરવાના છે. પાણી હશે નહિ તો થશે શું? તો અધિકારીઓની ટીમ બેઠી હતી તમને ધ્યાનમાં હોય કે ન હોય મને એક માહિતી છે આપણે એની ખાતરી કરવી છે. એક મીટરનો ખાડો ખોદીને સરસ્વતીના પેટાળમાં અરધો અરધો કિલોમીટરની લંબાઈ સુધી પ્લાસ્ટિક પાથરવામાં આવ્યું અને પછી એના પર માટી નાંખવામાં આવી અને પછી પાણી નાંખવામાં આવ્યું એટલે પાણી ઊતરી ન જાય, આવી બાબત હોય તો ખૂબ ગંભીર બાબત છે એની તપાસ થવી જોઈએ માં સરસ્વતીના હ્રદય ઉપર જો પ્લાસ્ટિક નાંખવામાં આવે તો મા સરસ્વતીના પટ પર કે નદીના રેતાળ પર જે વ્યકિત પ્લાસ્ટિક પાથરે એ તમારા અને મારા હ્રદય પર શું પાથરશે એ ચિંતાનો વિષય છે અને આ પ્લાસ્ટિકનો મોટો પટ તૈયાર કર્યો એની વાત મારે કહેવી છે.. (સમયસૂચક ઘંટડી)

**અધ્યક્ષશ્રી** : આપનું પ્રવચન પૂરું થાય છે. સી.જે. ની કલ્પનાશક્તિ સારી છે. એમની કલ્પનાશક્તિ સારી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહની અંદર હું પૂરક જે માગણીઓ લઈને આવેલ છું તે બદલ ઘણી બધી ટીકા વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી કરવામાં આવી. સભ્યશ્રીઓએ કહ્યું કે, ૩૪૧૮ કરોડ રૂપિયાની પૂરક માગણી લઈને આવ્યા છે. સભ્યશ્રીઓએ આ ગૃહને જાણકારી આપી કે બજેટ બનાવતા આવડતું નથી. હું ટૂંકમાં જ એ સાથી સભ્યશ્રીઓને પૂછવા માગું છું કે આ જે ૩૪૧૮ કરોડ રૂપિયાની અમે જે પૂરક માગણી લઈને આવ્યા છીએ એમાં જે માગણીઓ પાછળ ખર્ચ થયો છે એમાં આપ સંમત નથી એમ આપ કહો છો. મારે આપને પૂછવું છે કે, આમાં મોટાભાગનો હિસ્સો ૮૦૦ કરોડ રૂપિયાનો હિસ્સો નર્મદા યોજના માટેનો છે. મધ્યપ્રદેશના રિહેબિલિટેશન માટેનું આ ફંડ છે, જ્યારે બજેટ બનાવવામાં આવ્યું હતું ત્યારે આ ૮૦૦ કરોડ રૂપિયાનો એ વખતે વિષય ન હતો શું આના માટે આપ સંમત નથી? શું નર્મદાનું પાણી આપણા ખેડૂતોને ખેતરમાં પહોંચાડવા માટે આપ સંમત નથી? આ એટલે આપવામાં આવ્યા કે આપણી નર્મદા યોજનાનું કામ ફુલસ્પીડથી ચાલુ થાય અને ૮૦૦ કરોડ નહિ પણ આવતી વખતે ૨૮૦૦ કરોડની સપ્લીમેન્ટરી ડિમાન્ડ લાવવી પડશેને તો પણ અમે લાવીશું. ખેડૂતોને પાણી પહોંચાડવા માટે જે કંઈ ખર્ચ કરવાનો થાય નર્મદા યોજના પૂરેપૂરી સંપૂર્ણપણે પૂરી કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે. ૩૪૧૮ કરોડ રૂપિયાની જે ટીકા કરવામાં આવી છે એનો જવાબ હું આપું છું. આજની માગણીઓ પર હું પછી આવું છું. ૩૪૧૮ કરોડ રૂપિયાની વિરોધપક્ષના દરેક સભ્યશ્રીઓએ ટીકા કરી છે, બીજું એન.સી.એફ. અને સી.આર. એફ. માટે ૫૩૦ કરોડ રૂપિયાની વાત, શું આપણને ખબર હતી કે આટલો બધો વરસાદ પડવાનો છે? શું આપણને ખબર હતી કે આટલું બધું નુકસાન થવાનું છે? (અંતરાય) અરે પણ એ સપ્લીમેન્ટરી ડિમાન્ડમાં (અંતરાય) આપ નાણાં મંત્રી રહી ચૂક્યા છો. ૩૪૧૮ કરોડ રૂપિયાની સપ્લીમેન્ટરી ડિમાન્ડમાં છે..(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, આપ આ બાજુ જોઈને વાત કરો,

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપનું રક્ષણ જોઈએ છીએ.

**અધ્યક્ષશ્રી** : તમે આ બાજુ જોઈને વાત કરો, મારું આપને રક્ષણ છે.

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું ૩૪૧૮ કરોડની જ વાત કરું છું એની જે આપે ટીકા કરી છે મારે એમને પૂછવું છે કે ૧૫૦ કરોડના ચેક ડેમ લોકભાગીદારીમાં વધારે આવ્યા એ કોના માટે છે એ પાણીના તળ ઊંચા લાવવા માટે છે. શું નરોત્તમભાઈએ એટલી સારી તેમના વિભાગે કામગીરી કરી અને તેનાથી વધારે લોકોએ ભાગીદારી કરી ૧૫૦ કરોડ રૂપિયાનો ખર્ચો વધારે થયો. તો શું આપ સ્વીકારતા નથી ? કમનસીબ છે. જ્યોતિ ગ્રામ યોજના માટે એક વખત એવો હતો કે આ સભાગૃહની અંદર કહેતા હતા કે આ જ્યોતિ ગ્રામ યોજના એક સ્વપ્ન છે. જ્યોતિ ગ્રામ યોજના થવાની નથી તેને માટે ૨૫૦ કરોડ વધારે ફાળવ્યા છે અને ગામડાંઓનું લક્ષ્યાંક કરતાં વધારે થયું છે શું આના ઉપર વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ટીકા કરવી છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, એક વખત ૩૪૦૦ કરોડની માગણીની અંદર કોઈ ટીકા કોઈ માનનીય સભ્યશ્રીએ કરી તેના માટે આવ્યું તો એ કર્યુ તો પછી એ ચર્ચામાં...

**શ્રી સૌરભ પટેલ** : તમે ટીકા પાછી લઈ લો છોને ? હું બંધ કરી દઉં. તમે જો ટીકા પાછી લઈ લો કે ૩૪૧૮ કરોડ ફાળવ્યા છે તેમ કહી દો તો હું એક શબ્દ બોલવા તૈયાર નથી પણ તમે ટીકા કરો અને બીજી બાજુ જવાબ ના આપો આવું કઈ જાતનું ચાલે. મારે ખાલી વિભાગની વાત કરી લઉં. હું તમને કહું એવી વાતો કરવામાં આવી અહીંયા કે શિક્ષણ ખાતું ચાલતું જ નથી. આ સભ્યશ્રીઓને, મને યાદ છે કે આજની તારીખમાં તમે ખાલી શિક્ષણ વિભાગમાં જૂઓને તો મારે અભિનંદન આપવા જોઈએ ૫૬ હજાર નવા ઓરડા પાંચ વર્ષમાં કર્યા અને તે ઉપરાંત વિદ્યા સહાયકોની ભરતી તો કેટલી મોટી વિદ્યા-સહાયકોની ભરતી. ૮૨ હજાર વિદ્યા સહાયકોની ભરતી કરી અને તેમાં મહિલાઓ ૪૯,૨૮૮ અને કહે છે શિક્ષણ ખાડે ગયું છે. આ કઈ જાતનો ન્યાય છે ? મારે તો ટૂંકમાં કહેવું છે. શિક્ષણની વાત કરું તો સૌથી અગત્યનું શું હોય. એક વખત આખા જ્યારે દેશની અંદર બેસીએને ત્યારે આપણને શરમ આવતી હતી કે આપણું આટલું પાછળ છે. ૨૦૦૦-૨૦૦૧માં એક થી પાંચમાં ડ્રોપ આઉટ રેશિયો ૨૦.૫૦ હતો. તે ૨૦૦૫-૦૬માં ૫.૧૩ થયો. હવે આનાથી વધારે સારું પરિણામ કયુ કહેવાય. આનાથી વધારે સારું પરિણામ દેશની અંદર એકેય રાજયની અંદર આટલું સારું પરિણામ નહીં હોય પણ આપણાં વિરોધપક્ષના સભ્યશ્રીઓને આ નથી ગમતું. તેને શું છે અભણ રહે તો જ તેમને ગમે. અભણ માણસો પાસે આટલા વર્ષો (.અંતરાય) ખાણ ખનિજ વિભાગની આવક પાછળ ટીકા કરવામાં આવી કે ખાણ ખનિજ વિભાગમાં બહુ મોટી ચોરી થાય છે. ખાલી હું આપને કહું કે ૨૦૦૨-૦૩માં ૧૭૨ કરોડની આવક હતી તે ૨૦૦૪-૦૫ ૨૩૮ કરોડની આવક થઈ અને આ સાલ ૨૩૦ કરોડે પહોંચી ગઈ છે અને હજુ બે મહિના બાકી છે. હવે બોલો આમાં વધારો થયો કે ઘટાડો થયો ? ચોરી પકડવાની વાત કરું ૨૦૦૨-૦૩માં ૪૮૦૮ કેસો પકડવામાં આવ્યા હતા અને ૨૧૦ કરોડની વસૂલાત કરવામાં આવી હતી. ૨૦૦૫-૦૬માં ૬૫૦૮ કેસો પકડ્યા ૩૫૨ કરોડની આવક આવી...અંતરાય... મીનરલ દીઠ વાત કરી રહ્યો છું. ખાણ ખનિજની વાત કરી રહ્યો છું. આજની તારીખમાં ફાયનાન્સીયલ પ્લાન એક્સ્પેન્ડીચર અને નોન પ્લાન એક્સ્પેન્ડીચરની વાત કરી. સીંકીંગ ફંડસીંકીંગ ફંડ આપણે પહેલાં ચાલુ કર્યુ ૧૯૯ કરોડ સપ્લીમેન્ટરી ડિમાન્ડની અંદર સીંકીંગ ફંડના છે. કોના માટે? કે ભાઈ, ૧૪મા, ૧૫મા અને ૧૬ની અંદર જ્યારે દેવું ચૂકવવામાં આવે તો એ વખતે આપણે આ સીંકીંગ ફંડ સિક્યોરિટી રિઝર્વ ફંડમાં મૂકવી જોઈએ. આનાથી વધારે ફાયનાન્સીયલ ડિસિપ્લીન શું કહેવાય ? હું આપને ચોક્કસ કહું કે આ સીંકીંગ ફંડ બનાવવાનો હેતુ એક જ છે કે આવતા દિવસોની સરકારની અંદર જ્યારે આપણે સરકાર બહારથી જે દેવું કરીએ છીએ તે દેવા માટે તે લોકોને ચોક્કસપણે સિકયુરીટી મળે તેના માટે આ સીંકીંગ ફંડ કરવામાં આવ્યું છે.

પાણી પુરવઠા માટે તો ઓહોહોહો, કેટલી બધી ટીકા કરી? અમારા મંત્રીશ્રી નરોત્તમભાઈએ ૯૦ કરોડ રૂપિયા ઉંચા વ્યાજના લીધા હોય, તમે કોઈ દેશી માણસને જઈને પૂછો કે ઉંચા વ્યાજના દરે લીધા હોય તો પાછા આપવા ગમે કે નહીં? છેલ્લા ૫ વર્ષમાં કોંગ્રેસના ઉંચા વ્યાજે લીધેલા, એ અમે પાછા આપ આપ જ કરીએ છીએ. આ જ કારણે ૯૦ કરોડ રૂપિયા પાણી પુરવઠાના ઉંચા વ્યાજની લોન પાછી આપી. સપ્લીમેન્ટરી ડીમાન્ડમાં એ મૂકી તો ખોટું શું કર્યુ? આપ વિચાર તો કરો, આ યોજનાઓ એટલી કરી કે એક જમાનામાં ૪ હજાર ગામડાઓને ટેન્કરથી પાણી જતું. આજે માત્ર ૧૨૫ ગામોને. હું તમને કહું, સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે મારા ખર્ચે આ બધાને મારા બોટાદ વિસ્તારમાં બહેનોને મળવા લઈ જાંઉ કે પાણીના ટેન્કર બંધ થયા કે નહીં? ટેન્કરોમાં કેટલો ભ્રષ્ટાચાર હતો? (અંતરાય) તમારા વખતમાં સીમેન્ટ કોંક્રીટની પાઈપ મૂકીને ગયા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે પાણી પુરવઠા મંત્રીશ્રીએ તો હું આપને કહું, અમારે અઢારે અઢાર હજાર ગામોને પાણી આપવું છે. આજે નહીં, તો નર્મદા અને સુજલામ્ સુફલામ્નું પાણી અઢારે અઢાર હજાર ગામડાને મળે, એ માટે માનનીય મંત્રીશ્રીને જેટલા પૈસા જોઈએ એ અમે આપીશું.

સામાન્ય વહીવટની વાત કરી. રાઈટ ટુ ઈન્ફરમેશનની વાત કરી. રાઈટ ટુ ઈન્ફરમેશનનો એકટ કેન્દ્રનો આવ્યો. એ અમે સ્વીકાર્યો. હવે હું એમ કહું કે એના માટે સુવિધા ઉભી કરવી પડે કે નહીં? એના માટે સેલ બનાવવું પડે કે નહીં? એના માટે સપ્લીમેન્ટરી ડીમાન્ડમાં પૈસા મૂકીએ તો વાંધો આવે છે. હવે કયાં કોને પહોંચી વળવું? આમાં ખોટું શું છે? કેન્દ્ર કાયદો લાવે અને એનું અમલીકરણ આપણે કર્યુ અને ખર્ચ નહીં મૂકવાનો? આ બધા સભ્યોએ ૨૬ મી જાન્યુઆરી માટે ૩ કરોડનો ખર્ચ, ૩ કરોડનો ખર્ચ અનેક વખત બધા

બોલી ગયા. એકેય સભ્યશ્રીએ અભ્યાસ કર્યો હોત ને કે કોને આપવામાં આવ્યા છે, તો આ બધા પ્રશ્નો હલ થઈ ગયા હોત. પણ, કમનસીબી એ છે કે અભ્યાસ કર્યા વગર બોલવું .

**અધ્યક્ષશ્રી** : બધાને ટેવ છે.

**શ્રી સૌરભ પટેલ** : એટલે હું માહિતી આપું છું કે (સતત અંતરાય) સાહેબ, આ સાંભળતા નથી. ૩ કરોડ રૂપિયામાં ૧ કરોડ રાજકોટ મ્યુનિસિપલ કોરપોરેશનના વિકાસ માટે છે. ૧ કરોડ રૂપિયા રાજકોટની નગરપાલિકાઓ જે છે એના માટે છે અને ૧ કરોડ રૂપિયા જિલ્લા માટે છે. હવે આ વિકાસના પૈસા ન જોઈતા હોય તો ત્યાં જઈને કહે કે અમારી નગરપાલિકાઓને નથી જોઈતા. રાજકોટના ધારાસભ્યો લખીને આપે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : તો ઉજવણીનો ખર્ચ કયાંથી કાઢયો?

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : ગૃહને ગેરમાર્ગે દોરે છે. એકબાજુ આમ કહે છે અને બીજી બાજુ બીજી વાત કરે છે. (અંતરાય) અમારો અધિકાર છે. સાચી વાત કરે.

**શ્રી સૌરભ પટેલ** : સાચી માહિતી મળી ગઈ ને હવે? માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની વાત કરું.

**અધ્યક્ષશ્રી** : ૨ મિનિટમાં પૂરું કરો.

**શ્રી સૌરભ પટેલ** : એક જ મિનિટમાં. પણ, આ લોકો બેસે તો કહું ને. માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ વિભાગની વાત કરું, તો ગૃહ વિભાગની અંદર ઘોડાઓની વાત કરી. ઘોડાઓ.. (અંતરાય)

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા** : ઉજવણીનો ખર્ચ કયાંથી કાઢયો?

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : એક સિનિયર મંત્રીશ્રી થઈને ગૃહને ગેરમાર્ગે દોરવાની વાત કરે.

**શ્રી સૌરભ પટેલ** માનનીય અધ્યક્ષશ્રી, આ ઘોડાઓ પાછળ એટલા માટે ખર્ચ કરવામાં આવે છે કે ખેડૂતોને તેમના પાકનું રક્ષણ મળી રહે. એના માટે ગૃહ વિભાગને જેટલા પૈસા જોઈએ એટલા આપીશું. આ ૭૦ લાખ રૂપિયા એમને જોઈએ છે એનું કારણ એ છે કે ખેડૂતો મહેનત કરે છે, ૩૬૫ દિવસ મહેનત કરીને પાક તૈયાર કરે અને એ પાક કોઈ બગાડી નાંખે નહીં, એનું રક્ષણ કરવા માટે આ ઘોડા જોઈએ છે અને એ દ ાોડાઓના ખર્ચમાં યાદ કરો કે કોંગ્રેસના મંત્રીશ્રીએ રાજીનામું આપ્યું હતું. તમે તો આંખ વગરના ઘોડાઓ ખરીદ્યા હતા, પરંતુ અમે તો આંખ સાથેના ઘોડા ખરીદ્યા છે. આટલા મારા વકતવ્ય સાથે મારું વકતવ્ય પૂરું કરું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય બલવંતસિંહભાઈ, તમે કાપ દરખાસ્તો પાછી ખેંચી લેવા માગો છો?

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૪૮ ટકા વિકાસલક્ષી અને ૫૨ ટકા બિન વિકાસલક્ષી ખર્ચ હોય તો અમે કેવી રીતે એને ટેકો આપી શકીએ અને એટલા માટે અમે આને ટેકો આપતા નથી.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨, ૩, ૬, ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૭, ૧૮, ૨૧ અને ૨૨ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંકઃ ૩૨, ૪૨, ૪૯, ૮ અને ૬૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ બપોરના ૧૨-૫૨ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા ૭મી માર્ચ,૨૦૦૫ ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**સોમવાર, તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૧૫, ૧૯૨૭ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**માનનીય અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### વિરમગામ મહાત્મા ગાંધી હૉસ્પિટલમાં એમ્બ્યુલન્સની સંખ્યા

*૧૫૭૫૯ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ વિરમગામ મહાત્મા ગાંધી હૉસ્પિટલમાં એમ્બ્યુલન્સ કેટલી છે?
(૨) કેટલી ચાલુ છે,
(૩) શબવાહિની કેટલી છે, અને
(૪) કેટલી ચાલુ છે?

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી :**

(૧) એક
(૨) એક
(૩) એક પણ નહીં
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી વજુભાઈ પ. ડોડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનનીય મંત્રીશ્રી અને સરકાર ખૂબ જ અભિનંદનીય છે. એટલા માટે કે વિરમગામને રેફરલ હૉસ્પિટલ આપી. રિનોવેશન કરી નવું મકાન સાધનોથી સજ્જ હૉસ્પિટલ બની. પણ વાયા વિરમગામ એક મધ્યસ્થ સ્થળ જેવું છે અને આજુબાજુ ઘણા અકસ્માતો થતા હોય છે. એટલા માટે નવી બે એમ્બ્યુલન્સ વાનો મળે અને એક સબવાહિની મળે તો સારું. મારી આ માગણી માનનીય મંત્રીશ્રી આપના દ્વારા પૂરી કરશે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની વાત સાચી છે કે એક એમ્બ્યુલન્સ છે અને એક એમ્બ્યુલન્સ મ્યુનિસિપાલિટી હતી ત્યારે જૂની હતી અને એ સરકારને સોંપાઈ નથી. પરંતુ વિરમગામ એક અકસ્માતગ્રસ્ત સ્થળ હોવાના કારણે એક એમ્બ્યુલન્સ ઓછી પડે છે એવી એમની વાત સાચી હોવાથી આ મહિનાના અંત સુધીમાં એક વધારાની એમ્બ્યુલન્સ એમને ફાળવવામાં આવશે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજય સરકાર જ્યારે કુદરતી આપત્તિ અને તાત્કાલિક સેવાના સમયે તાત્કાલિક સેવા મળી રહે એવો અભિગમ અપનાવે છે તો સ્થળ ઉપર જ એકદમ સજ્જ એમ્બ્યુલન્સ મળી રહે એવી વ્યવસ્થા કરવા માગે છે કે કેમ? આઈ.સી.યુ. ઓન વ્હીલ્સની વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય સભ્યશ્રીની એ વાત સાચી છે કે અત્યાર સુધી એમ્બ્યુલન્સની સેવા એટલે એમ્બ્યુલન્સ જાય અને દર્દીને લઈ આવે એવી હતી. રાજય સરકારે ડિઝાસ્ટર મેનેઝમેન્ટને એક વૈજ્ઞાનિક અભિગમ તરીકે લીધું છે ત્યારે તેના આરોગ્ય વિભાગે ૧૩ જેટલી એમ્બ્યુલન્સ આપત્તિગ્રસ્ત પરિસ્થિતિ પેદા થાય ત્યારે રેલ્વે દુર્ઘટના, ધોરીમાર્ગનો અકસ્માત બને ત્યારે અને તાત્કાલિક સારવારની જરૂર પડે ત્યારે "આઈ.સી.યુ.ઓન વ્હીલ્સનો" પહેલો પ્રયોગ ગુજરાતમાં કર્યો છે અને ૧૩ એમ્બ્યુલન્સ લીધી છે. એક ગાંધીનગરમાં, એક હિંમતનગરમાં, ગોધરામાં, સુરેન્દ્રનગરમાં, મોરબીમાં, જુનાગઢમાં, સોલા, પાલનપુર, ભરુચ, બે અમદાવાદ, એસ.એસ.જી. વડોદરા અને એક રાજકોટ એમ કરીને કુલ ૧૩ લીધી છે. આ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ છે એની અંદર જે સાધનો મૂકવામાં આવ્યા છે એ ડીફીબીલેટર, પલ્સ ઓકસીમીટર, ટ્રાન્સપોર્ટ વેન્ટીલેટર, ગ્લુકોમીટર, ઓકસીજન સિલિન્ડર, સીસ્સીકેશન કીટ, ટ્રોમા બોન્ડ પેક, સ્પાઈનલ બોર્ડ, સકશન મશીન, એર વે સેટ, આઈ.વી. સેટ, કેથેટર સેટ, ટુનીકેટ સેટ, અને ઓક્સિજન માસ્ક આ જાતના પ્રયોગની શરૂઆત કરી છે અને એનો બહુ સારો રિસ્પોન્સ મળ્યો છે. પરિણામે હવે પછી આને વધારે આગળ લઈ જવાનો રાજય સરકાર વિચાર કરે છે.

**શ્રી મહેન્દ્ર શાં. ત્રિવેદી** : વિરમગામ હૉસ્પિટલનો સવાલ છે એમાં લખ્યું છે કે એક એમ્બ્યુલન્સ છે અને હમણાં માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે એક નવી પણ આપશે. આ હૉસ્પિટલમાં કુલ કેટલા વાહનો છે અને કેટલા ડ્રાઈવર છે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

**શ્રી અશોક ભટ્ટ** : એક વાહન હતું અને એક ડ્રાઈવર છે. બીજી આપીશું એટલે એની સાથે ડ્રાઈવર ફીકસ પગારમાં લેવાની સત્તા આપવામાં આવશે.

**શ્રી બલદેવજી ચં. ઠાકોર** : હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે રાજ્યમાં સી.એચ.સી. હૉસ્પિટલો આવેલી છે એના અંદર એમ્બ્યુલન્સો આપવામાં આવે છે. મોટા ભાગની એમ્બ્યુલન્સમાં ડ્રાઈવર આપવામાં આવતા નથી એ વાત સાચી છે કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : ડ્રાઈવર માટે બે વસ્તુ છે. મંજૂર થયેલ ખાલી જગ્યા છે ત્યાં વૈકલ્પિક રીતે આંતરિક વ્યવસ્થા તરીકે દૈનિક પગારથી ડ્રાઈવરની વ્યવસ્થા કરવાની સત્તા અધિક્ષક અને આર.ડી.ડી.ને આપવામાં આવી છે.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સની વાત કરવામાં આવી એ ખરેખર ખૂબ જ જરૂરી છે અને કચ્છ જિલ્લો કે જયાંથી મેડિકલ ફેસિલિટી માટે પેશન્ટ કાયમ બહાર મોકલવા પડતા હોય છે. ટ્રાન્સપોર્ટનો ધંધો વધારે હોવાના કારણે ટ્રાફિકના કારણે અકસ્માતના કેસો બનતા હોય છે. તેવા સંજોગોમાં કચ્છ જિલ્લામાં આ સગવડ તાત્કાલિક આપવા માગે છે કે કેમ? બીજું કે આ આઈ.સી.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સમાં મેડિકલ સ્ટાફ કયો કયો રાખવામાં આવ્યો છે એ પણ હું જાણવા માગું છું.

**શ્રી અશોક ભટ્ટ** : આ પ્રશ્ન વિરમગામ પૂરતો છે. આઈ.સી.યુ. ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સ એ એમનું સૂચન છે અને હવે પછીના તબક્કામાં વિચારીશું.

**શ્રી ભવાનભાઈ જી. ભરવાડ** : માનનીય અધ્યક્ષશ્રી, વિરમગામમાં જે નાનીમોટી ખામીઓ છે અને તે એકસીડન્ટ ઝોન છે તેમ અમદાવાદ-રાજકોટ વચ્ચેઈનો ઝોન પણ એકસીડન્ટ ઝોન છે ત્યાં માનનીય અશોકભાઈએ ઈમરજન્સી ડૉકટર સાથે વાહન રાખેલ તેમાં પાંચ વર્ષથી ડૉકટર છે નહિ તો ડૉકટરને રાખવા માગો છો કે કેમ? બીજું, ૨૧૨ બેડની હૉસ્પિટલ ૧૧ કરોડના ખર્ચે જેમ્સ એન્ડ જ્વેલરીવાળાએ બનાવી છે

એમાં બે ડૉકટરો નથી, બ્લડ બૅન્ક ચાલુ નથી અને ૧૮ કરોડ રૂપિયાના સાધનો એ પણ આજની તારીખે ડેડ પ્રોપર્ટીમાં પડ્યા રહે છે. ધરતીકંપ વખતે ઈન્ડોનેશિયા અને બર્મિંગહામથી જે સગવડ આવી છે તો એને ફરીથી ચાલુ કરવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ મારફત માનનીય સભ્યશ્રીને જણાવા માગું છું કે આવી પરિસ્થિતિ હોય તો એમણે જુદો પ્રશ્ન જ લીંબડી હૉસ્પિટલ અંગેનો પૂછશે તો હું જવાબ આપીશ.

**શ્રીમતી રમીલાબેન બ. બારા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ટ્રોમાકેરનો ઉલ્લેખ કર્યો તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ટ્રોમાકેર શું છે? અને આરોગ્યક્ષેત્રે એ શી કાર્યવાહી કરે છે અને એમાં ક્યા શહેરોને આ ટ્રોમાકેરની સુવિધા પ્રાપ્ત થાય છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રોમાકેરનો પ્રશ્ન નથી. મારો પ્રશ્ન એમ્બ્યુલન્સ વિષે હતો અને એમાં જે સગવડ છે એ માનનીય માયાબેનનો પ્રશ્ન હતો એ આધુનિકરણનો હતો અને એમાં આધુનિકરણ તબક્કો અપનાવ્યો છે. એ ટ્રોમાકેર માટે બીજો પ્રશ્ન પૂછશે તો હું એનો જવાબ આપીશ.

## અમદાવાદ શહેરમાં નિકોલ ખાતે કેમિકલ્સયુકત પાણીના નિકાલ અંગે

***૧૫૦૨૨ ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) અમદાવાદ શહેરમાં નિકોલ ખાતે અવારનવાર કેમિકલ્સયુક્ત પાણી રસ્તા પર આવી જાય છે એ હકીક્ત સરકાર જાણે છે,

(૨) જો હા, તો કારણો શાં છે, અને

(૩) રોકવા માટે સરકારે શું કાર્યવાહી કરી છે ?

**પર્યાવરણ મંત્રીશ્રી :**

(૧) હા, જી.

(૨) નરોડા, વટવા, ઓઢવ ઓદ્યોગિક વસાહતના ઓદ્યોગિક એકમોના ગંદાપાણીના નિકાલ અર્થે નામદાર હાઈકોર્ટના આદેશ મુજબ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ધ્વારા મેગા પાઈપલાઈન બનાવવામાં આવેલ છે. નિકોલ અને આસપાસના રહેણાંક વિસ્તારની સોસાયટીઓના ઘરગથ્થુ પાણીના નિકાલ માટે જરૂરી ગટર વ્યવસ્થાના અભાવે મેગા પાઈપલાઈનમાં બિન-અધિકૃત જોડાણોને કારણે ક્યારેક પીક અવર્સ (ચરમસીમા સમય) દરમ્યાન મેગા પાઈપલાઈનમાં તેની વહન ક્ષમતા કરતાં વધુ ગંદા પાણીના વહન થવાને કારણે મેન-હોલમાંથી ગંદુપાણી ઉભરાય છે અને નિકોલ વિસ્તાર રકાબી પ્રકારનો તેમજ આજુબાજુના વિસ્તારથી નિચાણમાં હોવાથી આ પાણી રસ્તા પર આવી જાય છે.

(૩) ૧) આ વિસ્તારની સોસાયટીઓ ધ્વારા થયેલ બિન-અધિકૃત જોડાણો દૂર કરવા માટે ઓડા ધ્વારા આપવામાં આવેલ નોટીસ સંદર્ભે ના. ગુજરાત હાઈકોર્ટમાંથી બિલ્ડર્સ / રહીશો ધ્વારા

સ્ટે મેળવવામાં આવેલ છે. આ બાબતે આગળની કાર્યવાહી ના. હાઈકોર્ટના આદેશ મુજબ કરવાની રહે છે.

૨) અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ધ્વારા મેગા પાઈપલાઈનના નિયમિત મોનીટરીંગ તથા જાળવણી બાબતે અલાયદી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

૩) નરોડા ઓદ્યોગિક વસાહતમાંથી ઉદ્‌ભવતા ગંદાપાણીનાં નિકાલનું સ્ટેગરીંગ કરવામાં આવેલ છે તેમજ નરોડા-નિકોલ નગરપાલિકા ધ્વારા પીવાનું પાણી પણ અલગ-અલગ વિસ્તારમાં અલગ-અલગ સમયે આપવામાં આવે છે.

૪) નિકોલ વિસ્તારની ડ્રેનેજ લાઈનનું મેગા પાઈપ લાઈન સાથેનું જોડાણ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ધ્વારા દૂર કરી નિકોલ નગરપાલિકા ધ્વારા અગાઉ નાંખવામાં આવેલ પમ્પીંગ સ્ટેશન તરફ જતી પાઈપલાઈનમાં કરવામાં આવેલ છે અને પમ્પીંગ અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ધ્વારા કરવામાં આવે છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની** : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદમાં નિકોલ વિસ્તારમાં કૅમીકલવાળું પાણી રસ્તા પર અવારનવાર આવી જાય છે. ચોમાસામાં આ પરિસ્થિતિ ઊભી થાય એ સમજી શકાય પણ હમણાં ડિસૅમ્બર અને જાન્યુઆરીમાં ચોમાસું ન હોવા છતાં કૅમીકલવાળું પાણી રસ્તા પર એકથી દોઢ ફૂટ પાણી ભરાઈ જતું હતું. માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે- મેગા પાઈપલાઈનમાં ડોમેસ્ટિક રહેણાંક વિસ્તારની સોસાયટીનું ઘરગથ્થુ પાણી નીકળે એ પણ એમાં જોડી દેવામાં આવ્યું છે અને એના કારણે આ પરિસ્થિતિ ઊભી થઈ છે. આ જે મેગા પાઈપલાઈન હતી એ હાઈકોર્ટના ડાયરેકશનના આધારે ઊભા કરેલા વેસ્ટ માટે જ નાંખવી એવું ડાયરેકશન હતું ત્યારે આ જ્યારે ઈન્ડસ્ટ્રીયલ વેસ્ટમાં આ ડોમેસ્ટીક પાણી જાય છે અને રસ્તા પર આવી જાય છે ત્યારે તે પાણીના સેમ્પલનું ટેસ્ટીંગ કરવામાં આવે છે કે કેમ? અને અત્યારે નાના નાના ઉદ્યોગોને નોટિસ આપીને બંધ કર્યા છે. જ્યારે મોટા ઉદ્યોગો ઈ-એસિડ અને કે-એસિડનું ઉત્પાદન કરે છે. એ યુનિટોના પ્રોડક્શનનું પાણી પણ આમાં જાય છે તો એની પર કોઈ પગલા લેવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ઔદ્યોગિક વસાહતોનું પાણી, આ મેગા પાઈપલાઈન ૨૭ કિલોમિટર ૩૨ કરોડના ખર્ચે તૈયાર થઈ છે, પણ નિકોલની લગભગ ૩૯ જેટલી સોસાયટીઓ છે એનું ગેરકાયદેસર જોડાણ એની અંદર આપી દીધેલ છે. એ સોસાયટીના લોકો કોર્ટમાં જઈને સ્ટે લાવ્યા છે. આપણે બીજા પણ ઉપાયો એની સામે કર્યા છે અને વખતોવખત એના સેમ્પલ લેવામાં આવેલ છે અને એવા યુનિટોને અમે કલોઝર પણ આપ્યું છે અને આમેય નિકોલ વિસ્તાર છે એ રકાબી આકારના, લો લેવલનો વિસ્તાર છે એટલે એ પાણી જ્યારે વધારે ભરાય છે ત્યારે આવો પ્રશ્ન ઊભો થાય છે, નિકોલ વિસ્તાર ૧૮૦૦૦ની વસ્તીવાળો છે, એ અમદાવાદ મહાનગરપાલિકાએ નિકોલની જે ગટર આગળ ચાલતી હતી એમાં જોડી દીધું છે એટલે હાલ પ્રશ્ન પૂરો છે અને પીવાના પાણીનું પણ સ્ટેગરીંગ કર્યુ છે અને મેગા પાઈપલાઈનમાં સ્ટેગરીંગ લાવવાથી આ પ્રશ્ન હલ થાય છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ અમદાવાદ શહેરમાં નિકોલની આજુબાજુના પ્રદુષિત પાણીના કારણે ત્યાં રહેતા લોકોના નાના નાના બાળકોના પગે ચાંદા પડી જાય અને ત્યાં બોરમાંથી આ જે પાણી નીકળે છે એ કલરવાળું પાણી છે એ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના જે એના નક્કી કરેલા ધારા-ધોરણો છે. બી.ઓ.ડી., સી.ઓ.ડી. કે ટી.ડી.એસ. એના કરતા કેટલી વધારે માત્રાવાળું છે. બીજુ આ સોસાયટીવાળાએ ખાળકૂવા કરવા જોઈતા હતા પણ ખાળકૂવા ન કર્યા અને આના અંદર કનેકશન કર્યા એને કારણે આ પ્રશ્ન ઊભો થયો. એની સામે પગલાં લઈ આ ઘટનાનું કાયમી નિરાકરણ કરવા માટે મંત્રીશ્રીએ શું પ્રયત્ન કરવા માગે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જે સેમ્પલ લેવાયા છે એમાં મંદિરની બાજુમાં તળાવ હતું એમાંથી સેમ્પલ લેવાયા છે. બી.ઓ.ડી. ૩૦ જોઈતું હતું એની સામે ૧૯ હતું, સી.ઔ.ડી. ૨૫૦ ની સામે ૧૫૩ હતું. સસ્પેન્ડેન્ડ સોલીડ ૧૦૦ ની સામે ૪૪ હતું એટલે એની માત્રા ઓછી હતી. પણ જે બીજા વિસ્તારમાંથી લીધુ છે એમાં માત્રા વધારે છે. બી.ઓ.ડી. ૩૦ ની સામે ૨૪૦, સી.ઓ.ડી. ૨૫૦ ની સામે ૫૮૩ અને સસ્પેન્ડેડ સોલીડ ૧૦૦ ના બદલે ૧૯૨ છે. એના માટે બોર્ડના ચેરમેન જુદાજુદા અધિકારીઓને બોલાવીને સૂચના પણ આપી છે એની સાથે સંયુકત શુદ્ધિકરણ પ્લાન્ટ છે એને આપણે કોઈ નોટિસ કે કલોઝર આપી શકતા નથી પરંતુ એને નિર્દેશ આપી શકીએ છીએ. આ રીતે નિર્દેશન આપીએ છીએ અને એમનો પ્લાન્ટ અપગ્રેડ કરવા સૂચના આપી છે.

**શ્રી મનહરલાલ મ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન અમદાવાદ શહેર પૂરતો જ છે, પરંતુ અમદાવાદ જિલ્લામાં આવેલ મેઘવણે ઈન્ડસ્ટ્રીઝ સાણંદ પાસે છે એનું કેમિકલયુકત પાણી સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકાના બજાણાની સીમની અંદર ટેન્કરથી ઠાલવવામાં આવે છે. તો મંત્રીશ્રી આ બાબતે કોઈ યોગ્ય નિર્ણય કરવા માગે છે કે કેમ? બંધ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આના માટે જુદી નોટિસ આપે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પહેલીવાર નિકોલમાં ગંદુ પાણી ભરાવાની વાતની સરકારને કયારે જાણ થઈ અને આવી રીતે ખારી કટ કેનાલને લગભગ શહેરની મધ્યમમાં નિકોલ પાસેથી સાડા તેર કિલોમીટર જેટલી લાંબી પસાર થાય છે જેમાં ગંદા કેમિકલયુકત પાણી અને નહેરનુ પાણી ભેગુ થવાથી સોસાયટીમાં કનેકશન કરવાથી આ પાણી સોસાયટીમાં ઘુસી જાય છે. આ રોકવા માટે સરકારે શું પ્રયત્ન કર્યા છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નિકોલનું પાણી પહેલા ખારીકટમાં જતું હતું પણ હવે અમદાવાદ મહાનગરપાલિકા પાઈપલાઈનમાં જોડી દીધું છે. એટલે આવો કોઈ પ્રશ્ન થતો નથી.

**શ્રી જીતેન્દ્રકુમાર ઉ. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નિકોલ પાસે અવારનવાર કેમિકલયુકત પાણી ભરાવાને કારણે ભૂતકાળમાં કોઈ આવો ગંભીર બનાવ બન્યો હતો કે કેમ? રાજય સરકાર દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા ઔડાને આર્થિક મદદ કરી હતી કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ગેરકાયદેસર જોડાણ અને ચોમાસામાં વરસાદનું પાણી આવતું હતું એ વખતે આવી પરિસ્થિતિ ઉભી થઈ હતી પણ અત્યારે એવું નથી. લાંબાગાળા માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ૮૦કરોડનો ડ્રેનેજ પ્રોજેકટ શરૂ કરવામાં આવ્યો છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, જે મોટા યુનિટો, અમુક યુનિટોને કલોઝર આપવામાં આવે છે પણ એ ટેમ્પરરી બંધ છે. કાયમી ઉકેલ નથી. કાયમી પાણી છોડે છે. ખારી કટ કેનાલના પાણીથી ઘણા ગામો તારાજ થઈ ગયા છે. આ કાયમી ઉકેલ માટે કોઈ યોજના બનાવવા માગો છો કે કેમ? બીજું હાઈકોર્ટ દ્વારા મેગા પાઈપલાઈન ૨૭ કિલોમીટર નાખવાનું કહ્યું એ પ્રોજૅકટ કયાં સુધી પહોંચ્યો છે અને કયાં સુધી છેડો આવે છે? આ બાબતમાં  શું પ્રગતિ થઈ છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આગળ કહ્યું તે પ્રમાણે જે યુનિટ આ રીતે પ્રદૂષણ કરતા હોય એને નોટિસ આપી છે. પછી કલોઝર મુકાય અન્ડર ટેકીંગ આપ્યા પછી ફરીથી ઉદ્યોગ ચાલુ કરવા માટે પરમિશન આપવી પડે આવી મુશ્કેલી હલ કરવા માટે ૮૦કરોડના પ્રોજૅકટની શરૂઆત થઈ છે.

## દવાઓની ચકાસણી અન્વયે બ્લેક લિસ્ટમાં મૂકેલ દવાની કંપનીઓ

***૧૪૬૧૫ શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે:-

(૧) કેન્દ્રીય ઔષધ ભંડાર દ્વારા રેઈટ કોન્ટ્રાકટથી સરકારી દવાખાનાઓમાં પૂરી પાડવામાં આવેલ દવાઓની લેબોરેટરી ચકાસણી બાદ હલકી કક્ષાની દવાઓ જણાઈ હોય તેવી કેટલી કંપનીઓ તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જણાઈ,

(૨) કેટલી અને કઈ કઈ કંપનીઓ પાસેથી આવી દવાઓની કિંમત વસુલાઈ કે બદલામાં અન્ય દવા ખરીદાઈ અને,

(૩) કઈ કઈ કંપનીઓને 'બ્લેક લિસ્ટ' કરવામાં આવી છે?

**આરોગ્ય મંત્રીશ્રી:**

(૧) ૯૪ કંપનીઓ.

(૨) (અ) આ સાથે સામેલ *પત્રક મુજબ ૩૨ કંપનીઓ પાસેથી કુલ રૂ.૪૦,૮૫,૫૧૭/- કિંમતની દવાઓનું રીપ્લેસમેન્ટ મેળવ્યું.

(૩) (બ) આ સાથે સામેલ *પત્રક મુજબ ૭૫ કંપનીઓ પાસેથી રૂ.૧,૭૪,૮૪,૦૪૩/- ની વસુલાત કરી.

(૪) આ સાથેના સામેલ પત્રક મુજબ ૫૫ કંપનીઓને સંબંધિત આઈટમો માટે 'બ્લેક લિસ્ટ' કરવામાં આવી છે. **(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)**

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : એક તબીબ તરીકે આનંદ અને સંતોષની લાગણી અનુભવું છું કે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા ગુણવત્તા સાથે કોઈ સમાધાન થયેલ નથી, કારણ કે જવાબની અંદર કહ્યું છે કે ૩૨ કંપનીઓ જોડેથી ૪૦ લાખથી વધારે ૪૧ લાખ જેટલું રિપ્લેસમેન્ટ લીધું અને ૭૫ કંપનીઓ જોડેથી પોણા બે કરોડની વસૂલાત કરવામાં આવી.  સાથે સાથે જે કંપનીઓને બ્લેકલિસ્ટ કરવામાં આવી, જે કંપનીઓએ સારો માલ ન આપ્યો, એવી ૫૫ બ્લેકલિસ્ટ કરી, તો આવી ઘટનાઓ બનતી હોય ત્યારે મંત્રીશ્રીને પૂછવું છે કે દવાઓ બે પ્રકારની મળતી હોય છે.  લૂઝ પૅકીંગમાં અને સ્ટ્રીપ પૅકીંગમાં. મારે પૂછવું છે કે પહેલા કઈ રીતે ખરીદવામાં આવતી હતી.  અત્યારે સરકારની નીતિ લૂઝ પૅકિંગની કે સ્ટ્રીપ પૅકિંગની છે.  બીજો પ્રશ્ન લૂઝ પૅકિંગની અંદર દવાઓ ખૂબ સસ્તી મળતી હોય છે. સ્ટ્રીપમાં થોડી મોંઘી હોય છે.  મંત્રીશ્રી પાસેથી પૂછવું છે કે લૂઝ પૅકિંગની અંદર દવાઓ અને અત્યારે સ્ટ્રીપ પૅકીંગમાં ખરીદી કરીએ છીએ એના ભાવમાં કેટલો ફેરફાર છે. ત્રીજો પ્રશ્ન આટલી બધી વસૂલાત ૩ વર્ષમાં થતી હોય તો ભૂતકાળમાં આવી વસૂલાત કેટલા પ્રમાણમાં થતી હતી અને કેવી થતી હતી?

**શ્રી અશોક ભટ્ટ** : રાજ્ય સરકારે જે ઔષધ ખરીદી નીતિ અપનાવી, એના પરિણામે રાજ્ય સરકારની અંદર છેલ્લા પ્રશ્નનો પહેલા જવાબ આપું કે ૧૯૯૦-૯૧ ની અંદર જે રીકવરી અને રિપ્લેસમેન્ટના આંકડા આપ્યા છે. રેશિયો કાઢીએ તો ૦.૭૩ ટકાનો હતો એ વધીને ૩ વર્ષની અંદર ૨.૫૧ ટકા, ૨૦૦૨-૨૦૦૩ માં ૫.૨૬ ટકા અને ૩.૯૮ ટકા રીકવરી રિપ્લેસમેન્ટ રેશિયો થયેલ છે. આંકડા બતાવ્યા છે, એને આગળની ખરીદીની જોડે આગલા વર્ષની ૧૯૯૦-૯૧ માં ખરીદીની અંદર જોઈએ તો આ વાત દેખાય છે. રાજ્ય સરકારની કડક નીતિના કારણે આટલી બધી રીકવરી થઈ રહી છે, એના પરિણામે છે. બીજો પ્રશ્નના જવાબમાં પહેલા જે ખરીદી થતી હતી, તે વચેટિયાઓ દ્વારા થતી હતી, એના પરિણામે હવે જે નિર્ણય લેવાયો છે એ ઉત્પાદક પાસેથી જ ખરીદવી અને ઉત્પાદક પાસેથી ખરીદવાના કારણે રાજ્ય સરકારની જે Amoxcilin કેપ્સ્યુલ છે, ૨૫૦ ગ્રામની જે પહેલા પોલી પેકમાં, લૂઝ બૅગમાં આવતી હતી એ સ્ટ્રીપ પેકમાં આવવા મંડી. ૧૧૦૦ રૂપિયાની ૧૦૦૦ આવતી હતી એ ૬૦૯ + ૫ ટકા ટેક્સ એ જી.એસ.ટી. ૫ ટકા હતો, એટલે આટલી થઈ. કલોરીન ટેબલેટ ૧૦૦ ના ૬.૩૦ પૈસા હતા, એ ૨.૭૦ પૈ. થયા. ઈબુપ્રોફેન ટેબ્લેટ છે, એ પહેલા ૨૬૮ રૂપિયે ખરીદાતી હતી હજાર ટેબ્લેટ જે અત્યારે ૨૩૪ રૂપિયે ખરીદાય છે. જે રીતે આપણે સ્ટ્રીપ પેક માગ્યું, એના પરિણામે ખરીદીની અંદર જોઈએ એટલો વપરાશ થયો. બીજી પોલી બૅગમાં આવતી હતી, એ ગણવાની અંદર હજાર લખેલ હોય ત્યારે માત્ર ૮૦૦ આવતી, ૭૦૦ આવતી, પણ સ્ટ્રીપ પૅકિંગના કારણે આ પ્રકારની ગેરરીતિ હતી, તે ઓછી થઈ, જેથી અપ્રમાણસર દવાઓના પ્રમાણ ઉપર ખૂબ મોટું ચૅકિંગ કર્યુ. ત્રીજો પ્રશ્ન હતો એમાં રાજ્યના ડ્રગ કન્ટ્રોલ ડિપાર્ટમેન્ટે સૌથી મોટું કામ એ કર્યુ છે કે શિડ્યુલ-એમ જેને કહેવાય છે, એટલે ગુડ મેન્યુફેકચરિંગ પ્રૅક્ટિસ હેઠળ બધા જ ઔષધ ઉત્પાદકોને આમાં આવરી લેવામાં આવ્યા છે.

**ડૉ. સી. જે. ચાવડા** : જે કંપનીઓએ હલકી ગુણવત્તાવાળી દવાઓ આપી અને માનવજાત સાથે ચેડાં કર્યાં અને બ્લેકલિસ્ટ કરી છે, પણ અધિકારીઓ સામે કોઈ પગલાં લીધાં કે કેમ? આવી હલકી ગુણવત્તાવાળી કંપનીઓ સામે પોલીસ ફરિયાદ કરી કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત છે કે આપણે ત્યાં અપ્રમાણસર દવાઓ જેણે આપી સૌથી પહેલાં તેનું રેન્ડમ ચેકીંગ કરવામાં આવ્યું અને તેઓનો જે આપણી પાસે માલ હતો તે આપણે પાછો આપ્યો. રીપ્લેસ કરાવી લીધો હવે બીજી વાત કરી કે જે લોકોએ અપ્રમાણસર દવાઓ આપી તેને તે ઔષધિ માટે ત્રણ વર્ષ માટે ડીબાર કરવામાં આવ્યા છે અને જે ડ્રગ કંટ્રોલ ડિપાર્ટમૅન્ટ આ જે કંપનીઓનું ઈન્સપેકશન કરે છે તેની શરતોની અંદર તેમની સામે આગવા પગલાંથી ફોજદારી રાહે પગલાં ભરવાનું સરકાર નક્કી કરે છે.

**શ્રી રણજિતસંહ ન. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે દવાઓની જે કવોલિટી અને કોન્ટીટી એક જ પ્રકારની હોવા છતાં જુદી જુદી કંપનીઓ ભાવફેર લે છે તો તે બાબત સરકારના ધ્યાન પર આવી છે કે કેમ? અને જો ધ્યાન પર આવી હોય તો આ અંગે શું કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગે ડ્રગ્સ કંટ્રોલ પ્રાઈસ એકટ પ્રમાણે લાગુ પડે છે અને કેન્દ્ર સરકાર આ અંગે પગલાં ભરે છે અને આપણે કેન્દ્ર સરકારને તે અંગેની જાણ કરીએ છીએ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ૯૪ કંપનીઓ આવી હલકી દવાના ટેસ્ટમાં પકડાઈ છે, જવાબમાં લખ્યું છે ૩૨ અને ૭૫ એમ. એમાં અમુકમાં વસૂલાત કરી અને ૫૫ ને બ્લૅક લિસ્ટમાં મૂકી છે. પાછું પત્રક સચિવશ્રીને ત્યાં મળશે. એટલે આ પ્રશ્નમાં અસ્પષ્ટતા દેખાય છે કે ૯૪ કંપનીઓમાં જે રીતે ગેરરીતિમાં પકડાઈ છે તેમાં ૩૨ કંપનીઓ અને ૭૫ કંપનીઓ. તેમાં આપણે ૩૨ કંપનીઓ પાસેથી વસૂલાત કરી છે. દવાના બદલામાં રીપ્લેસમેન્ટ કર્યુ છે. ૫૫ કંપનીઓને આપણે બ્લૅક લિસ્ટમાં મૂકી છે. તો જુદા જુદા ધોરણો કરવાનું કારણ શું? કારણકે લૅબૉરૅટરીની અંદર જેણે ખરાબ કર્યુ છે એમને રીપ્લેશમેન્ટ નહી તેને શિક્ષા શું કરી. તે દવા જે મરીજે ખાધી હશે તેને નુકસાન થયું હશે તે ભરપાઈ કોણ કરવાનું? જીવનું જોખમ થયું કે ગમે તેવી દવાથી મૃત્યું થયું તો આવા જીવન સાથે ચેડાં કર્યા છે તેના માટે શું શિક્ષા કરવા માગો છો?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત છે કે આ પ્રમાણસર દવાઓની વાત છે. આ અપ્રમાણસર દવાઓને કારણે..

**અધ્યક્ષશ્રી :** જવાબ સાંભળો, પ્લીઝ, જવાબ સાંભળો પછી.

**શ્રી અશોક ભટ્ટ** :જે સપ્લાય કરનારી કંપનીઓ હોય તેને જરા પણ ચલાવી લેવા માગતા નથી. એટલે આવી અપ્રમાણસર દવાઓ આપનારાની સામે જે પગલાં લેવાય છે તે પગલાંની અંદર એક જ કંપની હોય તો તેની સામે બે પગલા લેવાય છે કેટલાકની પાસેથી રૂપિયા વસૂલ કરવામાં આવે છે અને કેટલાકમાં રીપ્લેશમેન્ટ કરવામાં આવે છે. ૫૫ કંપનીઓ આ જે ૯૪ પૈકીની છે તેને સામાન્ય ભાષાની અંદર આપણે બ્લૅક લિસ્ટ કરવામાં આવે છે તેવો શબ્દ વાપરીએ છીએ. પણ અમે ડીબાર શબ્દ વાપરીએ છીએ કે જેને ટેન્ડર પદ્ધતિમાંથી બાકાત રાખીએ છીએ. બાકીની જે કંપનીઓ છે તેની સામે પગલાં ભરવા સરકાર વિચારી રહી છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, લૅબૉરૅટરીના રિપૉર્ટ અલગ અલગ છે. લૅબૉરૅટરી સરખી વ્યાખ્યા બતાવે છે ૯૪ માં તો ૫૫ ને બ્લૅક લિસ્ટમાં કેમ? પત્રક સચિવશ્રીને ત્યાં પડયું છે તો કઈ કંપની ખરાબ છે તેની શી ખબર પડે? અમારી જાણમાં હોય તો રજૂ કરી શકીએ કે આટલી ખરાબ કંપની છે.

**અધ્યક્ષશ્રી** : આપને ત્યાંથી મળી જશે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, લૅબૉરૅટરીમાં સરખી ગેરરીતિ દેખાય તો ૫૫ બ્લૅક લિસ્ટમાં અને બીજી રિકવરી કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, અલગ અલગ કંપનીઓની અંદર અલગ અલગ પ્રકારની દવાઓમાં સામાન્ય રીતે કેટલાકની અંદર કન્ટેઈન ઓછું હોય.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં જોવા જવાનું?

**અધ્યક્ષશ્રી** : હું બહેનનો જવાબ આપી દઉં. કોઈપણ જવાબ ચાર પાનાથી વધારે હોય તો બુકમાં આપણે છાપતા નથી. એટલા માટે સચિવશ્રીને ત્યાં પત્રક મૂકાયું છે. આપ જોઈ લેજો. નિયમ છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, કંપનીના નામ જ જોઈએ છે. કંપનીના નામ આપે.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૫ કંપનીઓના નામ સચિવશ્રીના કાર્યાલયની અંદર છે.

**અધ્યક્ષશ્રી** : વિધાનસભાના સચિવશ્રીને ત્યાં મૂકેલા છે. બીજે કયાંય નહીં.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના સચિવશ્રીને ત્યાં મૂકેલા છે એટલે ટેબલ ઉપર મૂકવાનો પ્રશ્ન રહેતો નથી.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, તો પછી અમે કંપનીઓનો પ્રશ્ન કેવી રીતે પૂછી શકીએ?

**અધ્યક્ષશ્રી** : મેં વાત કરી, ચાર પાના કરતાં વધારે છાપકામ હોય તો એ...(અંતરાય)..

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમણે કંપનીઓના નામ પૂછ્યા તો એ કંપનીઓના નામ આપેલાં છે.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, જે રિકવરી કરી છે અને બ્લેકલિસ્ટમાં મૂકી હોય એ કંપનીઓ...

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૫૫ કંપનીઓના નામ પ્રશ્ન સાથે મૂકેલ છે પત્રક વિધાનસભા સચિવાલયના સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ગંભીર પ્રશ્ન છે અને એને આ રીતે હળવાશથી લેવામાં આવે એ બરાબર નથી.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, અમે સહેજ પણ હળવાશથી લેતા નથી. આ સરકાર.

**અધ્યક્ષશ્રી** : જુઓ, એક મિનિટ, વિધાનસભાના સચિવની કચેરીમાં જે પત્રક મૂક્યા હોય એ વિધાનસભા ગૃહની કાર્યવાહીનો ભાગ બને છે અને મારા પહેલાંના જે સ્પીકર છે એમણે આ અંગે પણ માર્ગદર્શન આપેલું છે, ચાર પાના કરતાં વધારે કોઈ પત્રક હોય તો વિધાનસભાના સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવે છે. તો એ આપે જોઈ લેવા.

## રાજયની અદાલતોમાં વધુ ન્યાયાધીશોની નિમણૂક અંગે

***૧૫૭૩૫ શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય ન્યાય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ગુજરાત રાજયમાં ડિસૅમ્બર, ૨૦૦૫ની સ્થિતિએ કેટલી સેશન્સ કોર્ટો આવેલી છે ?

(૨) કેસોના ભરાવાના કારણે રાજય સરકાર જુદા જુદા ક્ષેત્રે કામ કરતી અદાલતોમાં વધુ ન્યાયધીશોની નિમણૂક કરવા માગે છે કે કેમ, અને

(૩) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ આવી ખાલી જગ્યાઓ કેટલી છે ?

**ન્યાય મંત્રીશ્રી :**

(૧) ૨૨૫.

(૨) રાજયની વડી અદાલતના તાબા હેઠળની અદાલતોમાં ન્યાયધીશોની નિમણૂક માટેની ભરતી પ્રક્રિયા નામદાર વડી અદાલત દ્વારા થાય છે. આ પ્રક્રિયા પૂરી થયેથી નામદાર વડી અદાલત નિમણૂકની ભલામણ કરેથી રાજય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવશે.

(૩) ૪૮.

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્વારા જાણવા માગું છું કે, આ ૪૮ જગ્યાઓ ક્યારથી ખાલી છે અને આ ૪૮ જગ્યાઓ ખાલી રહેવાના કારણે કેસોનો જો ભરાવો થતો હોય તો એ માટે સરકાર શું વ્યવસ્થા કરે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ન્યાયાધીશોની જગ્યાઓ ભરવાની આખી જે કાર્યવાહી છે એ રાજયની નામદાર ગુજરાત હાઈકોર્ટ કરે છે અને રાજય સરકારે ગુજરાત હાઈકોર્ટ સાથે રહીને પ્રયત્નો કર્યા છે અને ગુજરાત હાઈકોર્ટે આ જગ્યાઓ ભરવા માટેના પ્રયત્નો કર્યા છે એના કારણે કેસોના નિકાલ ઉપર સારી અસર થઈ છે, દાખલા તરીકે હું કહું તો ૨૦૦૩માં રાજયની અંદર ૧,૦૨,૪૪૨ કેસોનો નિકાલ થતો હતો એ ૨૦૦૪માં ૧,૯૪,૮૭૬ કેસોનો નિકાલ થયો છે અને ૨૦૦૫નો આંકડો જોઈએ તો ૧૩,૬૪,૮૪૧ થયો એટલે જેમ જેમ જગ્યાઓ ભરાતી ગઈ એને પરિણામે કેસોના નિકાલની ગતિ વધતી ગઈ છે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં અકસ્માતના કલેઈમના કેસો મોટા પ્રમાણમાં પેન્ડિંગ પડ્યા છે, એવા કેસો બારથી પંદર વર્ષ સુધી ચાલતા ના હોવાના કારણે કલેઈમની ચૂકવણી લેનાર લોકોનું મૃત્યુ પણ થઈ જતું હોય છે, તો આવા કેસોનો નિકાલ કરવા માટે અલગ ટ્રિબ્યુનલની રચના કરી અને નવી કોર્ટો ઊભી કરવા માગે છે કે કેમ ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ અંગેનું ટ્રિબ્યુનલ ઊભું કરવા માટે પણ હાઈકોર્ટ વિચારી રહી છે અને હાઈકોર્ટે ત્રણેક ટ્રિબ્યુનલની વિચારણા કરે છે, આવનારા દિવસોમાં એ આવશે પરંતુ એના પહેલાં ગુજરાત હાઈકોર્ટે અને ખાસ કરીને ગુજરાત આખા દેશમાં ફાસ્ટ ટ્રેક કોર્ટો ૧૬૬ શરૂ કરી અને આ ૧૬૬ કોર્ટોએ બાકીના ગંભીર પ્રકારના ફોજદારી કેસોનો નિકાલ થાય એટલે કે ગુજરાત હાઈકોર્ટે મોટર એકસીડેન્ટ વ્હીકલના વળતર કેસો પણ એ ફાસ્ટ ટ્રેક કોર્ટોને આપવાનું શરૂ કર્યું છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ત્યાં મહુવામાં જોઈન્ટ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજની જે જગ્યા ભરેલી છે, પરંતુ એમ છતાં જરૂરી સત્તાઓના અભાવે સેશન્સ કેસોને માટે સો કિલોમીટર દૂર ભાવનગર આવવું પડે છે તો આ જજશ્રી છે એમને જરૂરી સત્તાઓ માનનીય મંત્રીશ્રી અથવા તો વિભાગ દ્વારા આપવા માગો છો કે કેમ?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એમનો પત્ર મને મળ્યો છે અને એ પત્ર ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમુર્તિશ્રીને મોકલી આપેલો છે અને એમના વિચારાધીન છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, સેશન્સ કોર્ટોની ૨૨૫ જેટલી જગ્યાઓ ખાલી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, આ પૈકી જુનાગઢ જિલ્લામાં કેટલી જગ્યાઓ ખાલી છે અને હાઈકોર્ટ સાથે પરામર્શ કરી ન્યાય માગતા લોકોને સત્વરે ન્યાય મળે એ માટે કેટલા વખતમાં વ્યવસ્થા કરવા માગે છે?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૨૫નો આંકડો છે એ તો કોર્ટોનો આંકડો છે એટલી જગ્યાઓ ખાલી નથી, જગ્યાઓ ખાલી છે એ તો આજની તારીખે માત્ર ૪૯ ખાલી છે, માનનીય સભ્યશ્રીએ જુનાગઢ જિલ્લાના અલગ આંકડાની વાત કરી તો એ અંગે જુદી નોટિસ આપીશે તો એ આંકડો આપવામાં આવશે, અત્યારે દરેક જિલ્લાની વિગતો આપી દઉં તો રાજયમાં ટોટલ પરિસ્થિતિ એવી છે કે, સીટી સિવિલ કોર્યમાં ૩૦માંથી ૨૧ અત્યારે કાર્યરત છે, જજ ફૅમિલી કોર્ટમાં ૪માંથી ૩ જગ્યાઓ અત્યારે ખાલી છે, ડિસ્ટ્રિકટ જજ, એડિશનલ ડિસ્ટ્રિકટ જજ ૬૩માંથી ૫૭ જગ્યાઓ ભરાયેલ છે, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આજની તારીખમાં ૧૬૬માંથી ૧૪૭ કાર્યરત છે અને ૧૯ કાર્યરત નથી એ અટલા માટે કે, સુપ્રીમ કોર્ટમાં એક કેસ ચાલી રહ્યો છે એના કારણે આ જગ્યાઓ પછીથી ભરવામાં આવશે. વર્ષોથી સભ્ય, ઔદ્યોગિક અદાલત એ જગ્યાઓ ખૂબ ખાલી રહેતી હતી એ હાઈકોર્ટે ૧૭માંથી ૧૫ ભરી દીધી છે અને એના કરતા પણ વધારે સારું કામ થયું છે એ નીચેઈના લેવલ ઉપર એક પણ જગ્યા ખાલી નથી. સિવિલ જજની જગ્યાઓ ૨૬૨ છે એમાંથી ૨૬૧ ભરાઈ ગઈ છે. જજ, સ્મોલ-કોઝ કોર્ટ, અમદાવાદ ૧૪માંથી ૧૨ ભરેલ છે. સિવિલ જજીસ અને જે.એમ.એફ.સી. એ પણ આપણી તાલુકાની કોર્ટો છે એમાં ૨૯૯માંથી ૨૯૦ જગ્યાઓ ભરાઈ ગઈ છે. સૌથી પહેલી વાર આ વર્ષમાં મજૂર અદાલત એ ૪૪માંથી ૪૪ ભરાયેલ છે આમ ૯૦૬માંથી ૮૫૭ ભરાયેલ છે અને ૪૯ જગ્યાઓ ખાલી છે અને હાઈકોર્ટે જેમ આ જગ્યાઓ ખાલી રહેતા ૩૦૦ જજોની નિમણૂક માટેની કાર્યવાહી ફરી શરૂ કરી છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાતની જે અદાલતો છે એમાં અનુસૂચિત જાતિની બેકલોગની જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા થઈ છે પણ આજ સુધી એની ભરતી કરવામાં આવી નથી તો કયા કારણોસર કરવામાં નથી આવી?

**અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, હાઈકોર્ટની બધી ભરતીની પ્રક્રિયા હાઈકોર્ટ દ્વારા થાય છે અને હાઈકોર્ટ એના નિયમ દ્વારા ભરતી કરશે.

**શ્રી ધનસુખભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ૪૯ જગ્યાઓ ખાલી છે એમાં સુરતમાં કેટલી જગ્યાઓ ખાલી છે અને કેટલા સમયથી ખાલી છે અને કયાં સુધીમાં ભરવા માગો છો?

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, બઢતીની પ્રક્રિયા એટલી ઝડપથી ચાલતી હોય છે એમાં સુરતની અલગ માહિતી જોઈતી હશે તો હું માનનીય સભ્યશ્રીને જુદી હાઈકોર્ટ પાસેથી મંગાવીને આપી દઈશ.

### કલોલ તાલુકામાં ખેતીના પાકને થતા નુકસાન અન્વયે તારની વાડ બનાવવા મળેલ અરજીઓ

***૧૫૫૬૨ ડૉ. અતુલ કે.પટેલ (કલોલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીલ ગાય અને ભૂંડના ત્રાસથી ખેતીના પાકને બચાવવા માટે તારની વાડ બનાવવામાં ગ્રાન્ટ આપવામાં આવે છે તેમાં કલોલ તાલુકાની કેટલી અરજીઓ આવેલ છે,

(૨) તેમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) કેટલી અરજીઓને મંજૂરી મળેલ નથી, શા માટે?

**વન મંત્રીશ્રી:**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નીલ ગાયના ત્રાસથી ખેતીના પાકને બચાવવા માટે તારની વાડ બનાવવા માટે કલોલ તાલુકાની ૧૯ અરજીઓ મળેલ છે.

(૨) મળેલ અરજીઓ પૈકી ત્રણ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

(૩) ૧૬ અરજીઓને નાણાકીય ઉપલબ્ધતા ન હોવાના કારણોસર મંજૂરી મળેલ નથી.

**ડૉ. અતુલ કે.પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વન્ય પ્રાણીઓથી ખેતીના પાકને થતું નુકસાન અટકાવવા રાજય સરકારની કોઈ યોજના છે કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે નીલ ગાયને પકડવા કોઈ નક્કર યોજના બનાવી છે કે કેમ? અને કેટલા સમયમાં યોજના અમલમાં મૂકશો?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, વન્ય પ્રાણી રક્ષણ માટે કાંટાની તારની વાડ બનાવવા માટે રાજય સરકાર તરફથી ૫૦ ટકા પૈસા આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીઓ સાથે આ પ્રશ્ને ચર્ચા કરી છે અને આપણા બધાને માટે આ ચિંતાનો વિષય છે અને ગમે એટલું બજૅટ ફાળવીએ તો પણ આ બજૅટથી પહોંચી નહીં શકાય. જે કોઈ નીલ ગાય છે એ નીલ ગાય એટલી મજબૂત છે કે, ગમે તેવી વાડ તોડીને પણ ખેતરમાં પહોંચી જતી હોય છે એટલા માટે કૃષિ મંત્રીશ્રીના નેજા હેઠળ ૬ જેટલી મિટિંગો કરી છે અને ૩ મિટિંગોમાં તો અમે ધારાસભ્યશ્રીઓને સાથે રાખીને એમાં કેટલાક સજેશનો પણ લીધા છે અને આ નીલ ગાયને પકડવા માટે નેટ પણ લાવ્યા છીએ અને ગામડાના લોકોના સહકારથી નીલ ગાયને પકડવાના પ્રયત્નો કરીએ છીએ પણ પકડાતી નથી.

**શ્રી કનુભાઈ મે. ભલાળા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, ૧૯ અરજીઓ આવી હતી એમાંથી માત્ર ૩ નો જ નિકાલ થયો છે નાણાના આભાવે એમ માનનીય મંત્રીશ્રીએ કહ્યું, અને એના કારણે કાંટાની વાડ થઈ શકતી નથી તો બજૅટમાં આના માટે વધારે નાણાં ફાળવવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ અરજીઓ મંજૂર કરી છે એમાં પણ ૮૪ હજાર રૂપિયા જેવો ખર્ચ કરેલ છે. છેલ્લા વર્ષે ૨૦ લાખ રૂપિયા હતા એમાં હવે ૫૦ લાખ રૂપિયા જેટલું આયોજન કરેલ છે.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ગેરકાનૂની રીતે લઠ્ઠો પીને મરી જાય એના માટે સરકાર પૈસાની ચૂકવણી કરતી હોય છે ત્યારે ખેડૂતોના પોતાના ઘેર દીકરા-દીકરીના લગ્ન કરવાના હોય ત્યારે ખેડૂતના ખેતરમાં આગલા દિવસે આ નીલ ગાય ઘૂસી જાય અને નીલ ગાય આખો બધો ખેતરનો પાક ખાઈ જતી હોય છે તો એના માટે ખેડૂતોને જે નુકસાન થાય છે એ સરકાર ભરપાઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે,

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ નીલ ગાય રાજય સરકાર કરતાં પણ વધારે મજબૂત છે પછી ફરિયાદ કોને કરવી? મારે તો એટલી જ વાત કરવી છે કે આ ખૂબજ ગંભીર પ્રશ્ન છે. રાજય સરકાર એના માટે જરૂરી તમામ પગલાં લે કારણકે આના કારણે ખેડૂતોને પારાવાર મુશ્કેલી થાય છે. કાં તો એના કોઈ ઝોન બનાવી એક એરિયામાં એવી રીતે મૂકે કે જેથી કરીને પ્રશ્ન કંઈક હલ થાય, આ તો સમગ્ર વિસ્તારમાં કયા ટાઇમે કયું ટોળું ક્યાં જશે એની કોઈ કલ્પના થતી નથી અને રાત દિવસ, ચોવીસે કલાક ખેડૂતોને એના માટે જાગવું પડે છે એના માટે જરૂરી પગલાં લેવાય અને જરૂરી ચર્ચા વિચારણા થાય કારણકે આ તારવાળી વાતો અને વાડ વાળી વાતો છેલ્લાં બે વર્ષથી ચાલે છે એટલે આ માટે જરૂરી ઠોસ કદમ લેવાય તેવી મારી નમ્ર વિનંતી છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : એમનું આ સૂચન છે પણ ધારાસભ્યશ્રીઓ પાસેથી આવા સૂચનો મેળવીને અમે એના માટે પ્રયત્ન કરીએ છીએ. બે જગ્યાએ અમે વાડા બનાવવાની શરૂઆત પણ કરી છે. ૧૦૦ જેટલી નીલ ગાય રાખીને આખું એનું મેઈન્ટેનન્સ થાય એ રીતે પણ બે વાડા એક રાજકોટમાં અને બીજો બનાસકાંઠામાં અમે શરૂ કરેલ છે.

**શ્રી ધનરાજભાઈ કેલા** : આ નીલ ગાય કે ઘૂડખરની સમસ્યા કોઈ એક જિલ્લા તાલુકા પૂરતી નથી, આખા ગુજરાત રાજ્યની આ સમસ્યા છે, એના માટે માનનીય મંત્રીશ્રીએ કહ્યું તેમ ચાર પાંચ મિટિંગો થઈ એ

વાત પણ સાચી છે પણ મિટિંગો થયા પછી એનો અમલ શું કરવો એના માટે અલગ અલગ સજેશનો થયાં છે પણ આ એટલો બધો ગંભીર પ્રશ્ન છે દર વખતે આ પ્રશ્ન વિધાનસભામાં આવે છે. આ છેલ્લાં પાંચ છ વર્ષમાં ત્રણ ચાર વખત મેં મૂવ કર્યો છે આ પ્રશ્ન. પણ એનું કોઈ નક્કર પરિણામ આવતું નથી. આ પ્રશ્નને ખૂબ ગંભીરતાથી સમજી, કારણકે આના કારણે એટલું બધું નુકસાન ખેડૂતોને થાય છે કે મોઢે આવેલો કોળિયો ખેડૂતના મોઢામાંથી ઝુંટવાઈ જાય અને ખેડૂત બિચારો બાપડો થઈ જાય, ખેડૂતે જે કંઈ લોન લીધી હોય કે વ્યાજે પૈસા લીધા હોય એ પણ એ પોતે ભરપાઈ કરી શકતા નથી. આ બહુ ગંભીર પ્રશ્ન છે એના માટે સરકારશ્રીએ અગાઉ કહ્યું તેમ અગત્યના તાત્કાલિક પગલાં લેવા જોઈએ જેથી કરીને એનું નિરાકરણ આવે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને આ વખતે અમે રજૂઆત કરી છે કે બજેટમાં આ દશ જિલ્લાનો પ્રશ્ન છે એમાં કંઈક વિશેષ રકમની ફાળવણી થાય, પણ એના માટે મને એમ લાગે છે કે આવું કંઈ થયું નથી, ખરેખર હજી પણ સમય છે. બજેટમાં વધારે રકમની ફાળવણી કરીને ખેડૂતોને સહાય મળે અને એના માટે અલગ અલગ સજેશનો થયા છે. માનનીય કૃષિમંત્રીશ્રી હાજર હતા, માનનીય વન મંત્રીશ્રી પણ હાજર હતા અમે એમને પણ કહ્યું છે એટલે એનું કંઈક નક્કર પરિણામ આવે એવું અમે ઇચ્છીએ છીએ તો એવું કંઈ કરવા માગો છો કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : પ્રશ્ન બહુ ગંભીર છે. સરકાર ખૂબ ગંભીરતાથી પગલાં ભરી રહી છે, જે મેં કહ્યું તેમ વાડ બનાવવાની વાત એ પછી પચાસ ટકા ખેડૂતને આપી દેવાની વાત આ ઉપરાંત અમે ખેતરમાં દવા છાંટવાના પ્રયોગો કરીએ છીએ જેથી એની સ્મેલને કારણે નીલ ગાયો નજીક આવે નહિ પરંતુ ચાર પાંચ દિવસમાં એની સ્મેલ નીકળી જાય છે એ પછી ફરીથી આ પ્રશ્નો ઊભા થાય છે. છતાં ધારાસભ્યશ્રીઓ પાસેથી સૂચનો મેળવીને ઘટતું કરવા માટે સરકાર ચોક્કસ આ માટે પ્રયત્નશીલ છે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, સમસ્ત ગુજરાતનો પ્રશ્ન છે. આપણને લાગેવળગે છે ત્યાંસુધી ખૂબ ગંભીર પ્રશ્ન છે. સરકારે પણ વાડ બનાવવાની, તાર બનાવવાની વાત કરી, બજેટમાં પુષ્કળ રકમ આપીએ તો પણ આ પ્રશ્ન હલ થતો નથી, એની તમામ ચર્ચા વિચારણાને અંતે તાર કર્યા છે પણ એને કારણે પણ કોઈ નક્કર પરિણામ આવેલ નથી, એમાં પણ નીલ ગાયો જતી રહે છે છેલ્લે એક મિટિંગ કરી ત્યારે મુખ્ય સચિવશ્રી એ મિટિંગમાં હાજર હતા પણ મારે સીધું કહેવું છે કે, આ નીલ ગાયને કારણે ત્રાસ થાય છે, આ ઉપરાંત ખેડૂતોના ખેતરમાં ગયેલી આ નીલ ગાય જ્યારે એની બિમારીને કારણે કે અન્ય કોઈ કારણથી મરી જાય છે ત્યારે જ્યાં મરી ગઈ હોય ત્યાં ખેડૂત પર એફ.આઈ.આર. ફાડવામાં આવે છે અને ખેડૂતોને અનેક પ્રકારે હેરાન કરવામાં આવે છે તો એમાં મુખ્યસચિવશ્રીને પણ આ સૂચન કરેલ છે, છેલ્લી મિટિંગ પછી આ સૂચનના આધારે માનનીય મંત્રીશ્રી કંઈ કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, બહેનશ્રી એવો કોઈ પ્રશ્ન ઉભો થયેલો હોય તો ચોક્કસ કહે અમે ઉપાય કરીશું. નીલગાયને જ્યારે જ્યારે પકડવાના પ્રયત્ન થયા છે તે વખતે ગઈકાલની વાત કરું તો ખેડા જિલ્લાની અંદર ગામના ૩૦૦ લોકો સાથે અમારા અધિકારીઓએ તેને પકડવા માટેના પ્રયત્ન કર્યા છતાં પકડાઈ નથી. અમે અનેક વખત પ્રયત્નો કર્યા છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી મંગુભાઈ, આ પહેલો દિવસ એવો છે કે ગૃહમાં સર્વાનુમતે, એકમતે બધા સભ્યશ્રીઓની લાગણી છે કે આ ગંભીર પ્રશ્ન છે અને તેનો ઉકેલ લાવવો જોઈએ. આવતા વખતે આ પ્રશ્ન ગૃહમાં ના આવે એવો ઉકેલ લાવવા વિનંતી

## મેઘરજ ખાતે આરોગ્યની ખાલી જગાઓ

***૧૫૭૨૭ શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) મેઘરજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સર્જન તથા અન્ય તબીબી સ્ટાફની તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ક્યારે ભરવામાં આવશે ?

**આરોગ્ય મંત્રીશ્રી** :

| | | | |
|---|---|---|---|
| (૧) | સંવર્ગ | જગ્યા | કયારથી ખાલી |
| | અધિક્ષક વર્ગ.૧ | ૧ | તા.૧૫-૨-૦૨ |
| | તબીબી અધિકારી વર્ગ.૨ | ૧ | તા. ૬-૪-૦૫ |
| | કુલ | ૨ | |

(૨) સત્વરે.

**શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માંગુ છું કે, મેઘરજ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં અધિક્ષક વર્ગની જગ્યા ૧૫-૨-૦૨થી જે જગ્યા ખાલી છે તેનો સમય ચાર

વર્ષનો થયો છે અને તબીબી અધિકારી વર્ગ.૨ની જગ્યા ૬-૪-૨૦૦૫થી ખાલી છે જેનો સમય ૧૧ માસ જેટલો થયો છે છતાં પણ મને માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે સત્વરે આ જગ્યા ભરવામાં આવશે. તો સત્વરેની વ્યાખ્યા શું થાય તે જાણવા માંગુ છું ? બીજું માનનીય મંત્રીશ્રીને પૂછવા માંગુ છું કે આ કયા સમય-મર્યાદામાં ભરવા માગો છો તેની ખાતરી આપવા માગે છે કે નહીં તે હું જાણવા માંગુ છું.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અત્યારે ટેલિફોન કરીને પૂછી લે જગ્યા ભરાઈ ગઈ છે.

**અધ્યક્ષશ્રી** : વેરીગુડ, નેકસ્ટ.

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી સર્વે નંબરો

***૧૫૭૨૦ શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા (હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્ર નગર જિલ્લામાં સરકાર ખાતે ચાલતા ખાનગી સર્વે નંબરો કેટલા,

(૨) જો હા, તો આવા સર્વે નંબરોનો નિકાલ કરવા માટે સરકારને કોઈ દરખાસ્ત મળી છે કે કેમ, અને

(૩) જો હા, તો નિકાલ કરવા માટે રાજય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ ?

**મહેસૂલ મંત્રીશ્રી :**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં કોઈ ખાનગી સર્વે નંબરો સરકારના ખાતે ચાલતા નથી.

(૨) ખાનગી સર્વે નંબરો સરકારના ખાતે ચાલતા ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારશ્રી ખાતે ચાલતા ખાનગી સર્વે નંબરો ડૂબ જમીન તરીકે ઓળખાય છે તો આવા સર્વે નંબરો જે છે તેનો નિકાલ કરવા માટે અને તાલુકાવાઈઝ કેટલાં સર્વે નંબરો છે અને ગયા વખતના બજેટમાં આ સર્વે નંબરનો નિકાલ કરવા માટે અલગ શેટઅપની જોગવાઈ મંજૂર કરવામાં આવી હતી તો આ જોગવાઈ મુજબ સુરેન્દ્રનગર જિલ્લામાં આ સર્વે નંબરનો નિકાલ કરવા માટે અલગ શેટઅપની જોગવાઈ મુજબ ક્યારે આ નિમણૂક કરવા માગો છો ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૯૫૫માં રેકોર્ડ ઓફ રાઈટના આધારે જે તે વખતે પ્રોમોલગેશન થયું તે વખતે સુરેન્દ્રનગર જિલ્લાની લગભગ ૧૯૯૭ સર્વે નંબર અને ટોટલ ક્ષેત્રફળ ૯૪૪૪.૦૫ એકર આ ઘણા વર્ષો જૂનો પ્રશ્ન છે. બીજા ધારાસભ્યશ્રીઓએ અવાર-નવાર આ પ્રશ્ન પૂછયો છે માનનીય ધારાસભ્યશ્રી જયંતિભાઈએ પણ બે-ત્રણ વખત પ્રશ્ન પૂછયો છે. આ પ્રશ્નનું નિરાકરણ લાવવા માટે ગયા બજેટની અંદર ૨૦૦૬ની અંદર એક આરટીએસની ટીમ બનાવી છે આઠ સભ્યોની. આ પ્રક્રિયા ખૂબ જ ખર્ચાળ અને સમય માગી લે એવી પ્રક્રિયા છે. જમીન મહેસૂલ કાયદાની ૩૭(૨) નીચે આવો નિકાલ થાય અને સરકારી તેણે જે જમીન પ્રમોલગેશન વખતે જે થઈ છે તેનો નિકાલ ઝડપથી થાય તેને માટે અમે બજેટમાં પણ જોગવાઈ કરી છે. ધારાસભ્યશ્રીને હું ખાતરી આપું છું કે ઘણા વર્ષોથી આ પેન્ડિંગ પ્રશ્ન છે. વહેલામાં વહેલી તકે આનો સરવે થાય અને આ જેટલા પ્રશ્નો પેન્ડિંગ છે, એનો નિકાલ કરવાની અમે કાર્યવાહી કરીશું.

**શ્રી જયંતિલાલ ૨ા. કવાડિયા** : જિલ્લામાં અલગ સેટઅપ મુજબ આમાં જોગવાઈ થાય છે, તો કેટલા સમયમાં આ અલગ સેટઅપ મંજૂર કરીને આ જિલ્લામાં ખરેખર આ કાર્યવાહી કરવા માગે છે?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સેટઅપ મંજૂર કર્યુ છે. ગયે વખતે જ બજેટમાં મેં ક્હ્યું તેમ ૧ મામલતદાર, ૫ નાયબ મામલતદાર, ૧ કલાર્ક કમ ટાઈપીસ્ટ, પટાવાળા એમ કરીને ૮ લોકોનું મહેકમ મંજૂર કર્યુ છે અને કામગીરી ઝડપથી થાય એવા આદેશો આપ્યા છે. વહેલામાં વહેલી તકે આ જિલ્લાના પ્રશ્નો હલ થાય એવી જોગવાઈ કરવામાં આવશે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રમોલ્ગેશન થયું એ પહેલા જે ખેડૂતો છે એ હકકદાર અને વારસદાર હતા, પરંતુ એ વખતે એમને પોતાને આનું જ્ઞાન ન હોવાને કારણે એમણે પ્રમોલ્ગેશનમાં એનો સમાવેશ કરાવેલ નથી, એને કારણે મૂળ માલિક જે પોતે ખેડે છે. હકીકતમાં પ્રમોલ્ગેશન પહેલા જે વારસદાર હતા એમના ખાતે તાત્કાલિક કરવામાં આવે એવા હુકમો કરવા માગે છે કે કેમ?

**શ્રી કૌશિકભાઈ જ. પટેલ** : ૩૭(૨) નીચે જે પ્રક્રિયા કરવા માગીએ છીએ, એમાં એ લોકો પોતાના માલિકી દસ્તાવેજ લઈને આવે કે આ અમારી છે, તો ૩૭(૨) નીચે ઝડપથી નિકાલ થાય એનું અમે આયોજન કર્યુ છે.

## રાજયમાં જંગલની જમીન આદિવાસીઓને આપવાની પડતર અરજીઓ

***૧૩૯૨૪ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં ૧૯૮૦ થી જંગલમાં રહેતા આદિવાસીઓને જંગલની જમીન આપવાની કેટલી અરજીઓ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પડતરમાં છે, અને

(૨) આવી પડતર અરજીઓનો સત્વરે નિકાલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી?

**વનમંત્રીશ્રી:**

(૧) ભારત સરકારની સૂચનાઓ મુજબ તા.૨૪-૧૦-૮૦ પછી જંગલમાં રહેતા આદિવાસીઓને જંગલની જમીન આપવાની થતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે ૧૯૮૦ સુધી જંગલની જમીન ભારત સરકારની સૂચનાઓ મુજબ તા. ૨૪/૧૦/૮૦ પછી જંગલમાં રહેતા આદિવાસીઓને જંગલની જમીન આપવાની થતી નથી. મારે એ જાણવું છે કે ૧૯૮૦ ની અંદર જી.આર.થયો તે વખતે ૧૯૯૨ માં રાજપીપળામાં ૩૬ હજાર જેટલા આદિવાસીઓને જંગલની જમીન આપી અને ત્યારપછી બાકી રહેલી જમીન પરામર્શ સમિતિમાં, માનનીય મંત્રીશ્રીએ આદિજાતિ પરિષદની અંદર અવારનવાર જવાબ આપ્યા છે અને એના પ્રોસિડિંગ્સ પણ છે. તો બાકી રહેલી અરજીઓનો નિકાલ અને ભારત સરકારને કયારે ભલામણ કરશે? ભારત સરકારે અત્યારે જી.આર.કર્યો છે કે ૧૯૮૦ સુધી જે આદિવાસીઓ ખેડતા હોય, તેવા આદિવાસીઓને અઢી એકર સુધીની જમીન ગ્રામ પંચાયત દ્વારા ભલામણ કરીને રાજય સરકારે ભલામણ કરીને કેન્દ્ર સરકારને આપવાની, આ બાબતે મંત્રીશ્રીને રજૂઆત કરી ત્યારે આ જવાબ આપ્યો છે, આનાથી હું માનું છું કે ગુજરાતના જંગલમાં રહેતા આદિવાસીઓને અસંતોષ છે. જેથી માનનીય મંત્રીશ્રી મને સાચો જવાબ આપે અને આ બાબતે રાજય સરકાર કેન્દ્ર સરકારને ભલામણ કરે, એમને અધિકાર ન હોય તો ભારત સરકારને ભલામણ કરીને જમીન આપવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : ૧૯૯૨માં રાજપીપળાની વાત થઈ છે એ ૧૯૮૦ પહેલાની જે સનદો આપેલી છે, એ સનદોના ભાગરૂપે આપેલી છે. ૩૪,૪૪૧ જેટલી અરજીઓ હતી, એમાંથી ૩૪૨૪૮ જેટલા આદિવાસીઓને જંગલની જમીન આપી છે, અને ત્યારપછી બાકી રહેતા જે છે, એમાં ૨/૧૨/૨૦૦૫ ના રોજ ૩૩૫૫ જેટલી અરજીઓ કેન્દ્ર સરકારને મોકલી છે. આના ઉપરાંત અત્યારે જે કેન્દ્ર સરકારની ગાઈડલાઈન બની છે, એને આધારે ગ્રામ પંચાયત સમિતિ, તાલુકા પંચાયત સમિતિ અને જિલ્લા સમિતિ, આ જુદા જુદા ગામ લેવલે, તાલુકા લેવલે અને જિલ્લા લેવલે આવા જે કોઈ ઈસમો હશે, એ રજૂઆત કરશે તો એ આધારે જિલ્લામાંથી આવેલી છેલ્લી અરજીઓ કેન્દ્રને મોકલવા અમારી તૈયારી છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : મારા બીજા પ્રશ્નમાં જવાબ છે કે આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે એમણે કહ્યું કે ભારત સરકારને મોકલી છે, ૩ હજાર ઉપરની અરજીઓ, તો અત્યારે જે ભારત સરકારે જે આ જી.આર. બહાર પાડયો છે, એ આખા રાજયના તમામ આદિવાસીઓ કે બિન આદિવાસીઓ, કે જંગલમાં વસતા આદિવાસીઓની ગ્રામ પંચાયત થ્રૃ કેટલીક અરજીઓ અને અગાઉની સરકારે કલેકટર થ્રૃ એક સમિતિ બનાવવામાં આવી, એ સમિતિમાં કલેકટર, જંગલ વિભાગ અને ધારાસભ્યો સાથેની એક સમિતિ બનાવી અને એ ભલામણ કરીને રાજય સરકારને મોકલવાની હતી એમાં કેટલી અરજીઓ આવી એ મારે જાણવું છે.

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : એમાં જે પ્રશ્ન ક્રમાંક ૨ નો જવાબ આપ્યો છે કે "પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.' એ ૧૯૮૦ પછીની માનનીય સભ્યશ્રીએ વાત કરી છે એટલે એવો જવાબ આપ્યો છે. ૧૯૮૦ પહેલાંના લોકોને જમીન આપવાની વાત છે એટલે બીજો પ્રશ્ન એ રીતે જવાબ આપ્યો છે. મેં જે પડતર અરજીઓની વાત કરી છે એમાં અગાઉ તા. ૩૦-૪-૯૫ સુધીમાં અરજીઓની સંખ્યા હતી અને ૧૧૫૧ અને બીજી અરજીઓ હતી એ ૨૨૩૬ એમ કુલ મળીને ૩૩૫૫ અરજીઓ છે. કેન્દ્ર સરકારને અમે ૨૦૦૫ માં મોકલાવી છે.

## જૂનાગઢ જિલ્લાના ગીર જંગલોમાં સિંહ અને દીપડાનાં મૃત્યુ

***૧૩૮૪૩** શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) **:** માનનીય વનમંત્રીશ્રી **જણાવવા કૃપા કરશે કે:-**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લાના ગીરના જંગલોમાં સિંહ અને દીપડાના કેટલા મૃત્યુના બનાવો નોંધાયા, અને

(૨) સિંહ અને દીપડાના મૃત્યુના આ બનાવો. અટકાવવા અંગે સરકારે શાં પગલાં લીધાં?

**વનમંત્રીશ્રી:**

(૧) સિંહ ૧૦ - દીપડા ૧

(૨) લીધેલ પગલાં-

(૧) વન ખાતાના ક્ષેત્રિય કર્મચારીઓ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ જંગલ સરહદની આજુબાજુના વિસ્તારમાં વન્ય પ્રાણીનાં સંરક્ષણ માટે સતત ફેરણું કરવામાં આવે છે.

(૨) ક્ષેત્રિય ફેરણા દરમ્યાન અથવા મળેલ મહિતીના આધારે બિમાર વન્ય પ્રાણી કે અન્ય કોઈ માનવ સર્જીત કે કુદરતી આપત્તિમાં મુશ્કેલીમાં મૂકાયેલા વન્ય પ્રાણીઓને બચાવની કામગીરી કરવામાં આવે છે અને બિમાર વન્ય પ્રાણીની તજજ્ઞ પશુ ચિકિત્સક દ્વારા સારવાર કરવામાં આવે છે.

(૩) વન્ય પ્રાણીના સંરક્ષણ અને સંવર્ધન માટે વૈજ્ઞાનિક ઢબે સંશોધનની કામગીરી કરવામાં આવે છે અને જરૂરિયાત પ્રમાણે થયેલ સંશોધન મુજબ વ્યવસ્થાપનની કામગીરી કરવામાં આવે છે.

(૪) જંગલ ભાગ અંદર આવેલ ખુલ્લા અસુરક્ષિત કૂવા/કુટિયાને સુરક્ષિત કરવાની કાર્યવાહી કરવામાં આવી છે.

(૫) વન્ય પ્રાણી ગેરધારેણે શિકાર કે હત્યાના બનાવો અટકાવવા માટે સતત પેટ્રોલિંગ કરવામાં આવે છે. વન્ય પ્રાણી (સંરક્ષણ) ધારા ૧૯૭૨ અંતર્ગત વન્ય પ્રાણીઓને સંરક્ષિત જાહેર કરવામાં આવેલ છે.

(૬) પ્રાકૃતિક શિક્ષણ શિબિર તેમજ ઈકો ટુરિઝમ દ્વારા લોકજાગૃત્તિના કામો કરી લોકસહકાર મેળવવામાં આવે છે.

શ્રી પુંજાભાઈ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પહેલા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ગુજરાતના જંગલોમાં ૧૦ સિંહોનાં અને ૧૧ દીપડાનાં મૃત્યુ થયેલ છે. તો માનનીય અધ્યક્ષશ્રી, આ સિંહ એ આપણા ગુજરાતનું ગૌરવ છે, એ ગુજરાતની ઓળખ છે અને એ ગુજરાતની ઓળખ છે ત્યારે આ જે સિંહોનાં મૃત્યુ થાય છે એ એક ચિંતા ઉપજાવનારો પ્રશ્ન છે. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જે સિંહો અને દીપડાનાં મૃત્યુ થયાં છે એ કયા કારણોસર થયાં છે અને જુદી જુદી રીતે આ મૃત્યુ ન થાય એ અટકાવવા માટેની જે વિગતો માનનીય મંત્રીશ્રી આપી છે. તો આટલી બધી કામગીરી કરવા છતાં પણ આ મૃત્યુ થાય છે તો વિશેષ આ મૃત્યુ થવામાં કોઈ પ્રક્રિયામાં કોઈ ચેઈન્જીંગ કરી આવાં મૃત્યુ થતાં હોય તો સઘન રીતે એનું સંશોધન કરીને એ મૃત્યુ થતાં અટકાવવા માટે રાજય સરકાર કોઈ પગલાં ભરવા માગે છે કે કેમ?

શ્રી મંગુભાઈ છ. પટેલ : માનનય અધ્યક્ષશ્રી, આ સૃષ્ટિમાં જીવન અને મૃત્યુનો ક્રમ છે, જે જન્મે છે એનું મૃત્યુ નિશ્ચિત જ છે. એટલે આ પ્રક્રિયા તો થવાની જ છે. આ જે મૃત્યુ થયાં છે એ વૃધ્ધાવસ્થાથી અને બિમારીથી પણ મૃત્યુ થાય છે, અકસ્માતથી પણ મૃત્યુ થાય છે, કુદરતી રીતે પણ મૃત્યુ થાય છે, આંતરિક લડાઈઓ એકબીજા વચ્ચે થવાથી પણ મૃત્યુ થાય છે, કૂવામાં પડી જવાથી પણ મૃત્યુ થાય છે અને અચાનક પાણીની રેલ આવવાથી પણ મૃત્યુ થતાં હોય છે.

શ્રી છબીલભાઈ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે આ વર્ષને પર્યટન વર્ષ તરીકે ઉજવીએ છીએ ત્યારે કચ્છમાં એવી સારી રખાલો છે તો આ સિંહોને કચ્છમાં આ ત્રણ રખાલો સારી છે એમાં શિફ્ટ કરીને એમનામાં ઓચિંતો રાગચાળો ફાટી ના નીકળે અને આ સિંહો સલામત રહે એટલા માટે એમને શિફ્ટ કરીને આ ટુરિઝમને બીજી જગ્યાએ કરવા માગે છે કે કેમ?

શ્રી મંગુભાઈ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે.

શ્રી પ્રવિણભાઈ છ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ જવાબ આપ્યા પ્રમાણે ૧૦ સિંહ અને ૧૧ દિપડાનાં મરણ થયાં છે. તો આ સિંહોની અને દીપડાની કુલ કેટલી સંખ્યા છે?

શ્રી મંગુભાઈ છ. પટેલ : ગુજરાતમાં કુલ ૩૫૯ જેટલા સિંહ છે અને ૯૯૯ દીપડાની સંખ્યા છે.

શ્રી પરેશભાઈ ધી. ધાનાણી : માનીય મંત્રીશ્રીએ હમણાં જ તેમના જવાબમાં જણાવ્યું છે કે જન્મ અને મૃત્યુ એ નિશ્ચિત જ છે, પરંતુ અમે તો ગીરના પાડોશી છીએ ત્યારે હું તેમને પ્રછવા માગું છું કે ગીરની અંદરથી બહાર પ્રાકૃતિક રીતે અત્યારે સિંહો સ્થળાંતર કરી રહયા છે. સ્થાનિક ગીરમાં એમને જે પોષણ મળવું જોઈએ એ મળતું નથી, એને પોતાનું પેટ ભરવા માટે કિલોમીટરના કિલોમીટર સ્થળાંતર કરીને અમરેલી તાલુકાના ચાંદગઢની સીમમાં સિંહો આવી ગયા છે. માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે પ્રાકૃતિક રીતે સિંહો સ્થળાંતર કરીને પોતાની જગ્યા પસંદ કરે છે તેવી જગ્યાઓને અભ્યારણ્ય તરીકે જાહેર કરવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભ્યશ્રીનું સૂચન છે. પણ ઘણીવાર અભ્યારણ જાહેર કરવામાં પણ માનવ જાતને એટલું નુકસાન થાય છે એટલે એવા નિર્ણયો લેતા પહેલા ખૂબ વિચાર કરવો પડે છે.

**શ્રી બાલુભાઈ તંતી** : ગિર પૂર્વ વન વિભાગ એ મારા મત ક્ષેત્રમાં આવે છે, ત્યારે આ સિંહોના સંરક્ષણ માટે અને સંવર્ધન માટે વન વિભાગ અને એમના અધિકારીઓની તકલીફ હું સારી રીતે જાણું છું. આ વન વિભાગના અધિકારીઓ જીવના જોખમે ઘણી વખત એમને સારવાર આપતા હોય છે. એટલા માટે એમને અદ્યતન સાધનો આપવાની પણ જરૂર છે. આવા સમયે સિંહની ડોકે પટ્ટો બાંધીને સિંહો અત્યારે કયા ક્ષેત્રમાં વિચરી રહ્યા છે અને એમને ખોરાકની ભૂખ છે કે કેમ તેની માહિતી અધિકારીઓને મળી રહે તે માટે એમને આવા અદ્યતન સાધનો આપવા માગે છે કે કેમ?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આવા સિંહો જે જે વિસ્તારમાં ફરતા હોય ત્યાં અમારા અધિકારીઓ ફરેણું ફરતા હોય છે, અને તેમને જુદા જુદા સાધનો આપવામાં આવેલા છે.

**ડૉ. સી. જે. ચાવડા** : વન્ય પ્રાણી સંરંક્ષણ ધારો ૧૯૭૨ અન્વયે શિકાર કરતાં, કે ચામડું ચોરતા કે નખ ઉતારતા કોઈ વ્યકિતીઓ પકડાયા હોય તેવા કેસો જુનાગઢ જિલ્લામાં કરવામાં આવ્યા છે કે કેમ? અને કરવામાં આવ્યા હોય તો કોની કોની સામે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જુનાગઢનો આ પ્રશ્ન છે અને અકસ્માત અને કુદરતી મોત જ થયા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે સિંહો એક જ જગ્યાએ રોકાવાથી તેના ઉપર કાયમી રોગચાળાનો અને બીજા પ્રકારનો ભય રહેતો હોય છે, એટલે રાજય સરકારે અગાઉના વર્ષોમાં એક યોજના અલ્ટરનેટીવ હોમ ફોર લાયન્સ વિચારેલી, અને બરડા સેન્ચ્યુરી જે પોરબંદર અને જામનગર વચ્ચે છે તેમાં કેટલાક સમયથી આ પ્રોજેકટ ચાલે છે, તો આ પ્રોજેકટને ગતિ આપી અને આ અલ્ટરનેટીવ હોમ ફોર લાયન્સ ડેવલપમેન્ટ કયાં સુધીમાં પૂર્ણ કરવા માટે છે અને સિંહોને કયારે આ યોજના પ્રમાણે ત્યાં વસાવવા માગે છે?

**શ્રી મંગુભાઈ છ. પટેલ** : જે તે સમયે વિસ્તાર વધારવામાં આવે છે અને એ રીતે મીતીયાળા વિસ્તાર પણ વધારવામાં આવ્યો છે.

## રાજયમાં બેરોજગારોનો રેશિયો

***૧૫૦૩૦ શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : **માનનીય રોજગાર મંત્રીશ્રી(રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) રાજયમાં તા. ૩૧મી જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ વર્ષ : ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન ગ્રામીણ તથા શહેરી વિસ્તારોમાં બેરોજગારનું પ્રમાણ કેટલું છે, અને
(૨) તેના નિવારણ માટે રાજય સરકાર દ્વારા શું શું પગલાં ભરવામાં આવ્યાં?

**રોજગાર મંત્રીશ્રી (રાજયકક્ષા) :**

(૧)

| વર્ષ ૨૦૦૩-૦૪ | વર્ષ૨૦૪-૦૫ | વર્ષ ૨૦૦૫-૦૬ (૩૧-૧-૦૬ અંતીત) |
|---|---|---|
| (અ) ગ્રામીણ ૫૫૩૯૪૪ | ૫૨૧૨૪૮ | ૪૯૫૮૦૬ |
| (બ) શહેરી ૪૧૦૦૬૨ | ૩૭૮૮૯૦ | ૩૬૦૫૪૫ |

(૨) ઔદ્યોગિક વિસ્તારમાં ભરતીમેળા, લશ્કરી ભરતી મેળા, સ્વરોજગાર શિબિરો, શાળા કોલેજોમાં કેરિયર કોર્નર ચલાવવામાં આવે છે, અને બેરોજગારોની વિગતો વેબસાઈટ ઉપર મૂકવામાં આવે છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને એટલું પૂછવા માગું છું કે ગયા વર્ષે વસતિના પ્રમાણમાં ગ્રામીણ બેરોજગારોની અને શહેરી બેરોજગારોની જે ટકાવારી હતી તેની સરખામણીમાં આ વર્ષે ગ્રામીણ અને શહેરી બેરોજગારોની ટકાવારી કેટલી છે?

**શ્રી મુળુભાઈ હ. બેરા** : છેલ્લા ૩ વર્ષથી રોજગારી આપવામાં ગુજરાત આખા દેશમાં નંબર વન છે અને ચાલુ વર્ષે પણ આપણું ગુજરાત સમગ્ર દેશમાં રોજગારી આપવામાં નંબર વન રહેશે.

**અધ્યક્ષશ્રી** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો
# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**બોરસદ ખાતે જમીન ફાળવણીની મળેલ અરજીઓ**

૧૫૫૬૫ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) આણંદ જિલ્લામાં બોરસદ મુકામે તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સીડ ફાર્મની કેટલી જમીન આવેલ છે,

(૨) ક્યા વિભાગ - સંસ્થાઓ દ્વારા તેમાંથી જમીન ફાળવવા માંગણી કરવામાં આવેલ અને કોને જમીન ક્યારે ફાળવવામાં આવેલ છે, અને

(૩) વિશ્રામગૃહ માટે જમીન ફાળવવા કોના-કોના દ્વારા અરજીઓ મળેલ છે ?

**જવાબ**

(૧) હે. ૨૦-૪૮-૮૪-પ્ર.આરે

(૨) શ્રી અક્ષર પુરૂષોતમ સંસ્થા દ્વારા માંગણી કરવામા આવેલ અને તા. ૩-૧-૨૦૦૦ થી આ સંસ્થાને ફાળવવામા આવેલ છે.

(૩) કોઈ અરજી મળેલ નથી.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં લોક અદાલત**

૧૪૩૯૦ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલી લોક અદાલત ભરાઇ,

(૨) કેટલા કેસો રજુ થયા, ક્યા ક્યા પ્રકારના, અને

(૩) તે પેકી કેટલાનો નિકાલ થયો અને કેટલા બાકી રહ્યા ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૮૧ લોક અદાલતો ભરાઈ.

(૨) નીચે દર્શાવેલ વિગતે લોક અદાલતમાં કેસો રજુ થયા.

| પ્રકાર | સંખ્યા |
|---|---|
| સિવીલ | ૩૨૦૭ |
| ફોજદારી | ૫૭૬૬ |
| મોટરવાહન | ૪૬૬ |
| પ્રિ. લિટેગેશન | ૧૫૩૯૫ |
| કુલઃ- | ૨૪૮૩૪ |

(૩) વિગતે લોક અદાલતમાં નિકાલ થયેલ અને બાકી કેસોની સંખ્યા નીચે મુજબ છે.

| પ્રકાર | નિકાલ થયેલ કેસોની સંખ્યા | બાકી રહેલ કેસોની સંખ્યા |
|---|---|---|
| સિવીલ | ૧૧૪૨ | ૨૦૬૫ |
| ફોજદારી | ૨૨૬૨ | ૩૫૦૪ |
| મોટરવાહન અકસ્માત | ૧૦૪ | ૩૬૨ |
| પ્રિ. લીટીગેશન | ૪૪૯૩ | ૧૦૯૦૨ |
| કુલ :- | ૮૦૦૧ | ૧૬૮૩૩ |

-------------

## કચ્છ જિલ્લામાં યોજાયેલ લોક અદાલતની અને નિકાલ કરેલ કેસોની સંખ્યા

૧૪૭૫૬ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૪ અને ૨૦૦૫માં કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) આ લોક અદાલતમાં કુલ કેટલા દિવાની તથા ફોજદારી કેસો રજૂ કરવામાં આવ્યા, અને

(૩) કુલ કેટલા કેસોનો તાલુકાવાર નિકાલ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લામાં તાલુકાવાર ૨૦૦૪ અને ૨૦૦૫માં નીચે દર્શાવ્યા પ્રમાણે લોક અદાલતોનું આયોજન કરવામાં આવેલ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષવાર યોજાયેલ લોક અદાલતોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૪ | ૨૦૦૫ | કુલ |
| ૧. | ભુજ | ૭ | ૭ | ૧૪ |
| ૨. | અંજાર | ૮ | ૭ | ૧૫ |
| ૩. | ગાંધીધામ | ૧૩ | ૧૭ | ૩૦ |
| ૪. | ભચાઉ | ૪ | ૬ | ૧૦ |
| ૫. | રાપર | ૬ | ૩ | ૦૯ |
| ૬. | માંડવી | ૪ | ૬ | ૧૦ |
| ૭. | મુન્દ્રા | ૪ | ૪ | ૦૮ |
| ૮. | નખત્રણા | ૮ | ૬ | ૧૪ |
| ૯. | નલીયા | ૭ | ૩ | ૧૦ |
| | કુલ | ૬૧ | ૫૯ | ૧૨૦ |

(૨) આ લોક અદાલતમાં નીચે દર્શાવ્યા મુજબ દિવાની અને ફોજદારી કેસો રજૂ કરવામાં આવ્યા.

| વિગત | રજુ કરેલા કેસો | | |
|---|---|---|---|
| | વર્ષ ૨૦૦૪ | ૨૦૦૫ | કુલ |
| દિવાની | ૬૮૦ | ૫૭૫ | ૧૨૫૫ |
| ફોજદારી | ૪૯૧ | ૫૩૪ | ૧૦૨૫ |
| | ૧૧૭૧ | ૧૧૦૯ | ૨૨૮૦ |

(૨) આ લોક અદાલતોમાં તાલુકાવાર નીચે દર્શાવ્યા મુજબના કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

| ક્રમ | તાલુકાનું નામ | નિકાલ થયેલ કેસોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૦૪ | ૨૦૦૫ | કુલ |
| ૧. | ભુજ | ૭૩ | ૬૨ | ૧૩૫ |
| ૨. | અંજાર | ૮૭ | ૧૦૦ | ૧૮૭ |
| ૩. | ગાંધીધામ | ૪૨૯ | ૩૭૮ | ૮૦૭ |
| ૪. | ભચાઉ | ૬૦ | ૧૦૩ | ૧૬૩ |
| ૫. | રાપર | ૨૨ | ૨૭ | ૪૯ |
| ૬. | માંડવી | ૫૨ | ૧૧૪ | ૧૬૬ |
| ૭. | મુન્દ્રા | ૨૨ | ૧૬ | ૩૮ |
| ૮. | નખત્રાણા | ૭૫ | ૧૦૧ | ૧૭૬ |
| ૯. | નલીયા | ૨૮ | ૫ | ૩૩ |
| | કુલ | ૮૪૮ | ૯૦૬ | ૧૭૫૪ |

-------------

**હાલોલ તાલુકાના આદિવાસી વિસ્તારમાં આયોજનના કામ અંગે ફેરફાર**

૧૫૭૩૯ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) :માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના ટ્રાયબલ સબ પ્લાન હેઠળ મળવાપાત્ર ગ્રાન્ટમાંથી હાલોલ તાલુકા આદિજાતિ સમિતિએ જે આયોજન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષ માટે કરેલ તેમાં તાલુકા આદિજાતિ સમિતિના અધ્યક્ષ દ્વારા ફેરફાર કરી નાખેલ છે તેવી ફરીયાદ સરકારને મળેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ અંગે શું કાર્યવાહી કરી, અને | (૨) ફરીયાદની તપાસ કરાવતાં પ્રાયોજના વહીવટદારશ્રીને કાળજી રાખવા તાકીદ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા સમયમાં નિર્ણય લેવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભરૂચ જિલ્લાની રોજગાર વિનિમય કચેરી દ્વારા અપાયેલ નિમણૂંક**

૧૫૭૪૮ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લાની રોજગાર કચેરીમાં કેટલા બેરોજગાર ઉમેદવારોની નોંધણી થયેલ છે, | (૧) ૨૫,૧૫૨. |
| (૨) આ પૈકી સરકારી નોકરી માટે છેલ્લા બે વર્ષમાં કેટલા ઉમેદવારની ભલામણ કરવામાં આવી, અને | (૨) ૩૨૨૭. |
| (૩) કેટલા ઉમેદવારોને સરકારી નોકરી આપવામાં આવી? | (૩) ૭૯૯. |

-------------

**માળીયા-મેંદરડા અને બીલખા તાલુકાના આરોગ્ય કેન્દ્રોમાં એમ્બ્યુલન્સવાનોની ફાળવણી**

૧૫૭૪૪ **શ્રી ભીખાભાઇ ગ.જોષી (માળીયા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લાના માળીયા-મેંદરડા અને બીલખા તાલુકામાં સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી એમ્બ્યુલન્સવાનો છે, અને | (૧) સામુહિક આરોગ્યએમ્બ્યુલન્સની<br>કેન્દ્રનું નામ — સંખ્યા<br>૧. માળીયા-હાટીના — ૧<br>૨. મેંદરડા — ૨<br>૩. બિલખા — ૧ |
| (૨) તે પૈકી કેટલી એમ્બ્યુલન્સોના કી.મી. પુરા થઇ ગયા છે, અને | (૨) એકપણના નહીં. |
| (૩) નવી એમ્બ્યુલન્સ ફાળવવા સરકારે શી કાર્યવાહી કરી ? | (૩) ઉપર (૨)ની હકીકતે નવી એમ્બ્યુલન્સ ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

------------

**સિવીલ હૉસ્પિટલ સુરત ખાતે વાહનો અને સાધનોની ખરીદી અને ખર્ચ**

૧૫૦૩૧ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા સુરત શહેર (ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત સિવીલ માટે તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ક્યા ક્યા સાધનો, વાહનો ખરીદવામાં આવેલ છે, | (૧) નીચે મુજબના સાધનો, વાહનો ખરીદવામાં આવેલ છે.<br><br>**સાધનો**<br>ઇ.સી.જી. મશીન - ૧૪<br>માઇનોર ઓપરેશન ટેબલ- ૯<br>શેડોલેસ લેમ્પ - ૩<br>બાયનોક્યુલર માઇક્રોસ્કોપ- ૧૨<br>મોબાઇલ શેડોલેસ લાઇટ- ૫<br>**વાહનો**<br>નર્સીંગ સ્કુલ બસ - ૧<br>બ્લડ બેન્ક વાન - ૧ |
| (૨) આ માટે કુલ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૨) વર્ષ ૨૦૦૩-૦૪ રૂા. ૧,૦૪,૪૦૯/-<br>વર્ષ ૨૦૦૪-૦૫ રૂા. ૧૩,૧૩,૯૦૫/-<br>વર્ષ ૨૦૦૫-૦૬ રૂા. ૬,૬૭,૯૭૨/- |
| (૩) આ પેકી ક્યા ક્યા સાધનો નવા વાહનો વપરાશ વિના પડતર રહેલ છે શા માટે, અને | (૩) એક પણ નહીં. |
| (૪) તે અંગે હવે શું કાર્યવાહી કરવા માગો છો ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ અંગે આવક મર્યાદા**

૧૫૭૬૦ **શ્રી મહેશભાઈ છો. વસાવા દેડિયાપાડા) :** માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અનુસુચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયમાં પ્રવેશ માટેની વર્તમાન આવક મર્યાદા કેટલી છે, | (૧) સરકારી છાત્રાલયોમાં પ્રવેશ માટે અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે આવક મર્યાદા રૂા. ૧.૦૦ લાખ છે અને વિદ્યાર્થીનીઓ માટે આવક મર્યાદાનું ધોરણ નથી. |
| (૨) આવી આવક મર્યાદા કેટલા વર્ષથી ચાલુ છે, અને | (૨) આ આવક મર્યાદા તા. ૧૩-૧-૨૦૦૬થી અમલમાં છે. |
| (૩) વધેલી મોંઘવારી પ્રમાણે છાત્રાલય પ્રવેશ માટેની આવક મર્યાદામાં સરકારે ફેરફાર કરવા કોઇ આયોજન કર્યુ છે કે કેમ ? | (૩) આવક મર્યાદા તા. ૧૩-૧-૨૦૦૬થી સુધારેલ હોઇ પ્રશ્ન રહેતો નથી. |

-------------

**સરકારી વકીલોની ભરતી**

૧૪૦૧૯ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ લીંબડી) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સરકારી વકીલોની ભરતીમાં છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષોમાં તા.૩૧-૧-૦૬ સુધીમાં જિલ્લાવાર કેટલી ભરતી થઇ છે ? | (૧) વર્ષ ૨૦૦૩-૦૪માં ૪૩<br>(૨) વર્ષ ૨૦૦૪-૦૫ શૂન્ય<br>(૩) વર્ષ ૨૦૦૫-૦૬ શૂન્ય |

વર્ષ ૨૦૦૩-૨૦૦૪ની
ભરતીની જિલ્લાવાર વિગતો સાથેના
પરિશિષ્ટ મુજબ છે.

**પરિશિષ્ટ**

| ક્રમાંક | જિલ્લાનું નામ | ભરતી કરવામાં આવેલ જગ્યાઓ |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૫ |
| ૨ | અમરેલી | ૨ |
| ૩ | આણંદ | ૧ |
| ૪ | ખેડા | ૩ |
| ૫ | બનાસકાંઠા | ૧ |
| ૬ | ભરૂચ | ૧ |
| ૭ | ભાવનગર | ૫ |
| ૮ | દાહોદ | ૦ |
| ૯ | ડાંગ | ૦ |
| ૧૦ | ગાંધીનગર | ૧ |
| ૧૧ | જામનગર | ૩ |
| ૧૨ | જુનાગઢ | ૪ |
| ૧૩ | કચ્છ | ૧ |
| ૧૪ | મહેસાણા | ૦ |
| ૧૫ | નવસારી | ૦ |
| ૧૬ | પંચમહાલ | ૨ |
| ૧૭ | પાટણ | ૦ |
| ૧૮ | પોરબંદર | ૧ |
| ૧૯ | રાજકોટ | ૩ |
| ૨૦ | નર્મદા | ૧ |
| ૨૧ | સાબરકાંઠા | ૧ |
| ૨૨ | સૂરત | ૨ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૨ |
| ૨૪ | વડોદરા | ૩ |
| ૨૫ | વલસાડ | ૧ |
| | કુલ : | ૪૩ |

-----------

**અમરેલી જિલ્લામાં મહેસૂલ હસ્તકની ખાલી જગ્યાઓ**

૧૪૨૧૪ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં મહેસૂલ વિભાગમાં હાલ વર્ગ-૨, વર્ગ-૩ તથા વર્ગ-૪ની તાલુકા પ્રમાણે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) આ જગ્યા ભરવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) અમરેલી જિલ્લામાં મહેસૂલ વિભાગમાં હાલ વર્ગ-૨ની કોઈ નહીં. વર્ગ-૩ની ૮૫ અને વર્ગ-૪ ની ૨૧ જગ્યાઓ તાલુકા પ્રમાણે આ સાથેના પત્રક "અ", "બ" અને "ક" માં દર્શાવ્યા મુજબ ખાલી છે.

(૨) નિયમાનુસારની કાર્યવાહી કરી, આ જગ્યાઓ ભરવામાં આવશે.

## પત્રક : અ

## કલેક્ટર ક્ચેરી, અમરેલી હસ્તક્ની તાલુકાઓની મહેસૂલી ક્ચેરીઓમાં વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જ્ગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | ક્ચેરીનું નામ | ખાલી જ્ગ્યાનો સંવર્ગ | | | | ક્યારથી ખાલી છે તેની વિગત | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વર્ગ-૩ના મામ. સંવર્ગ | | વર્ગ-૩ ક્લાર્ક સંવર્ગ | | વર્ગ-૩ ટાઈપીસ્ટ સંવર્ગ | | વર્ગ-૩ ડ્રાઈવર સંવર્ગ | | વર્ગ-૪ પટાવાળા સંવર્ગ | |
| | | | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
| ૧ | અમરેલી | પ્રાંત ક્ચેરી, અમરેલી | | | ૩ | ૨/૦૪ થી | - | | | | ૧ | ૮/૦૦થી |
| | | મામ. ક્ચેરી, અમરેલી | ૧ | ૧૧/૦૫ થી | ૬ | ૬/૦૪ થી ૮/૦૫ સુધીમાં | ૧ | ૩/૦૫ થી | | | | |
| ૨ | રાજુલા | મદદ. ક્ચેરી રાજુલા | | | ૩ | ૮/૯૯ થી ૪/૦૫ સુધીમાં | | | | | ૧ | ૮/૯૯ થી |
| | | મામ. ક્ચેરી, રાજુલા | ૨ | ૧૧/૦૫ થી | ૫ | ૧/૯૯ થી ૮/૦૫ | ૧ | ૯/૦૫ થી | | | ૨ | ૯/૦૩ થી |
| ૩ | લાઠી | મામ. ક્ચેરી, લાઠી | | | ૭ | ૯/૯૮ થી ૮/૦૫ સુધી | ૧ | ૮/૦૪ થી ૧ | ૧ | ૯/૦૪ થી | ૧ | ૨/૦૪ |
| ૪ | લીલીયા | મામ. ક્ચેરી, લીલીયા | | | ૬ | ૭/૦૧ થી /૦૫ | | | | | ૨ | ૭/૦૧ થી ૨/૦૪ |
| ૫ | વડીયા | મામ. ક્ચેરી, વડીયા | ૧ | ૧૧/૦૫ થી | ૭ | ૧૧/૯૫ થી ૨/૦૪ સુધીમાં | | | | | ૧ | ૪/૦૦ થી |
| ૬ | ખાંભા | મામ. ક્ચેરી, ખાંભા | - | | ૫ | ૮/૦૨ થી ૮/૦૫ સુધીમાં | ૧ | ૨/૦૪ | | | ૨ | ૮/૦૩ થી |
| ૭ | જા"બાદ | મામ. ક્ચેરી, જાફરાબાદ | | | ૫ | ૮/૮૪ થી ૧૧/૦૫ સુધીમાં | ૧ | ૧/૦૫ થી | | | ૨ | ૨/૯૯ થી ૧૨/૦૧ |
| ૮ | ધારી | મામ. ક્ચેરી, ધારી | ૧ | ૧૧/૦૫ | ૩ | ૬/૦૪ થી | ૧ | ૧૨/૦૫ થી | | | ૧ | ૩/૦૩ થી |
| ૯ | સાવરકુંડલા | મામ. ક્ચેરી, સાવરકુંડલા | ૨ | ૧૧/૦૫ | ૫ | ૩/૦૨ થી ૧૧/૦૫ સુધીમાં | ૧ | ૬/૦૪ થી | | | ૨ | ૮/૦૨ થી ૨/૦૪ |
| ૧૦ | બાબરા | મામ. ક્ચેરી, બાબરા | ૧ | ૧૧/૦૫ થી | ૭ | ૧/૯૮ થી ૧૧/૦૫ સુધીમાં | ૧ | ૮/૦૫ થી | | | ૨ | ૮/૦૩ થી ૫/૦૪ થી |
| ૧૧ | બગસરા | મામ. ક્ચેરી, બગસરા | | | ૧ | ૫/૦૫ સુધીમાં | | | | | ૧ | ૫/૦૫ થી |
| | | કુલ : | ૮ | | ૬૩ | | ૮ | | ૧ | | ૧૮ | |

## પ ત્ર ક - બ

## જમીન દફ્તર ખાતા અમરેલી જિલ્લામાં વર્ગ-૩ અને વર્ગ-૪ ની ખાલી જ્ગ્યાઓની માહિતી દર્શાવતું પત્ર.

| અનુ.નં. | તાલુકાનું નામ | ક્ચેરીનું નામ | જ્ગ્યાનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે? |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | સીટી સર્વે ક્ચેરી | સર્વેયર | ૧ | ૨૫-૮-૦૫ |
| ૨ | સાવરકુંડલા | સીટી સર્વે ક્ચેરી | સર્વેયર | ૧ | ૧-૧-૯૭ |
| | કુલ : | | | ૨ | |

## પ ત્ર ક - ક

## અમરેલી જિલ્લાની સબ રજીસ્ટ્રાર ક્ચેરીઓની વર્ગ-૩ અને વર્ગ-૪ની ખાલી જ્ગ્યાઓની માહિતી દર્શાવતું પત્રક.

| અનુ.નં. | તાલુકાનું નામ | ક્ચેરીનું નામ | જ્ગ્યાનું નામ | ખાલી જ્ગ્યાની સંખ્યા | ક્યારથી ખાલી છે ? |
|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | સબ રજીસ્ટ્રાર ક્ચેરી, અમરેલી | કારકુન<br>પટાવાળા | ૧<br>૧ | તા.૧૭-૭-૯૨ થી<br>તા.૧-૪-૯૭ થી |
| ૨ | વડીયા | સબ રજીસ્ટ્રાર ક્ચેરી, વડીયા | કારકુન<br>પટાવાળા | ૧<br>૧ | તા.૨૫-૧૧-૯૯ થી<br>તા.૧-૪-૯૮ થી |
| ૩ | ધારી | સબ રજીસ્ટ્રાર ક્ચેરી, | કારકુન | ૧ | તા.૨૪-૪-૯૦ થી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | ધારી | | | |
| ૪ | લાઠી | સબ રજીસ્ટ્રાર કચેરી, લાઠી | પટાવાળા | ૧ | તા.૨૬-૮-૯૬ થી |
| | | કુલ : | કારકુન<br>પટાવાળા | ૩<br>૩ | |

----------

**રાજ્યના આદિવાસી ખેડૂતોને જમીનની સનદ આપવા અંગે**

૧૪૨૩૬ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગુજરાત રાજ્યમાં છેલ્લા ૩ વર્ષમાં કેટલા આદિવાસી ખેડૂતોને ખેડૂત હક્ક આપીને કુલ કેટલા હેક્ટર જમીન સોંપવામાં આવી,

(૨) ૨૦૦૦ થી ૨૦૦૨ સુધીમાં ૩ વર્ષમાં કુલ કેટલા ખેડૂતોને આ પ્રકારની જમીન રાજ્યમાં સનદ સાથે આપવામાં આવી, અને

(૩) ડીસે.૦૫ના અંતમાં કુલ કેટલા ખેડૂતોની આવા પ્રકારની અરજી કે તેની કામગીરી પડતર છે, તેનો કેટલા સમયમાં નિકાલ થશે ?

**જવાબ**

(૧) ગુજરાત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ આદિવાસી ખેડૂતને ખેડૂત હક્ક આપીને જમીન સોંપવામાં આવેલ નથી.

(૨) ૩૪,૪૪૧ વ્યક્તિઓને ખેડાણો નિયમબધ્ધ કરી આપવામાં આવેલ છે.

(૩) ૩૩૫૫ વ્યક્તિઓની દરખાસ્ત તા. ૨-૧૨-૦૫ના પત્રથી કેન્દ્ર સરકારને મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે.

-------------

**વલસાડ અને નવસારી જિલ્લામાં નવા પ્લાન્ટેશનોની સંખ્યા અને કરેલ ખર્ચ**

૧૫૦૨૧ **શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી તથા વલસાડ જિલ્લામાં વન ખાતા દ્વારા કેટલા નવા પ્લાન્ટેશનો ઉછેરવામાં આવ્યા,

(૨) તમામ પ્લાન્ટેશનો ઉપર વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) કેટલા રોપાઓ જીવંત છે ?

**જવાબ**

(૧) વન ખાતા દ્વારા કુલ ૪૭૯ પ્લાન્ટેશનો ઉછેરવામાં આવ્યા.

| વર્ષ | નવા પ્લાન્ટેશનોની સંખ્યા | | |
|---|---|---|---|
| | વલસાડ | નવસારી | કુલ |
| ૦૪-૦૫ | ૧૪૮ | ૯૦ | ૨૩૮ |
| ૦૫-૦૬ | ૧૫૧ | ૯૦ | ૨૪૧ |

(૨) કુલ રૂા. ૪૨૨.૩૩ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | | |
|---|---|---|---|
| | વલસાડ | નવસારી | કુલ |
| ૦૪-૦૫ | ૨૩૦.૭૭ | ૫૭.૩૧ | ૨૮૮.૦૮ |
| ૦૫-૦૬ | ૯૬.૨૩ | ૩૮.૦૨ | ૧૩૪.૨૫ |

(૩) કુલ ૨૪.૯૭ લાખ રોપા જીવંત છે.

| વર્ષ | વલસાડ | નવસારી | કુલ |
|---|---|---|---|
| ૦૪-૦૫ | ૧૧.૪૪ | ૩.૨૨ | ૧૪.૬૬ |
| ૦૫-૦૬ | ૬.૮૯ | ૩.૪૨ | ૧૦.૩૧ |

------------

**બનાસકાંઠા વન ખાતાના અધિકારીઓ સામે મળેલ ફરિયાદ અને કાર્યવાહી બાબત**

૧૫૭૫૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના રાઉન્ડ ફોરેસ્ટ આફિસરો સામે આદિવાસીઓ તરફથી મુખ્ય વન સંરક્ષકને કેટલી ફરિયાદો મળી, અને | (૧) ૩ (ત્રણ) ફરિયાદ મળેલ છે. |
| (૨) આ ફરિયાદ સંબંધે થયેલ કાર્યવાહીની વિગતો શું છે ? | (૨) ત્રણ ફરિયાદ પૈકી એક ફરિયાદમાં તથ્ય જણાતાં પાલનપુર રેન્જની હાથીદરા રાઉન્ડના સંબંધિત રાઉન્ડ ફોરેસ્ટર કસૂરવાર જણાતાં તેઓને તા. ૨૪-૧-૦૫ના રોજ આરોપનામું બજાવેલ છે. |

-------------

**કડી તાલુકામાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્તોને સહાય**

૧૪૩૬૨ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગત ચોમાસા દરમિયાન થયેલી અતિવૃષ્ટિને કારણે કડી તાલુકાના કેટલા અસરગ્રસ્તોને કેટલી સહાય ચૂક્વવામાં આવી, | (૧) ૫૫૬૨ અસરગ્રસ્તોને કુલ રૂા. ૧૬,૦૩,૦૬૫/-ની સહાય ચુક્વવામાં આવી. |
| (૨) અતિવૃષ્ટિને કારણે થતા નુકશાનના કાયમી ઉકેલ માટે પગલા ભરવા સરકારનું શું આયોજન છે, અને | (૨) અતિવૃષ્ટિના કારણે યથાપ્રસંગે જરૂરી આયોજન કરી પગલાં ભરવામાં આવે છે. |
| (૩) આપતિ વ્યવસ્થા અંગે તાલુકા કક્ષાએ તેમજ જિલ્લા કક્ષાએ કુલ કેટલી બેઠકો તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થઇ ? | (૩) જિલ્લા કક્ષાએ - ૧૨<br>કડી તાલુકામાં - ૦૪ |

-------------

**રાજ્યમાં ગર્ભ પરિક્ષણ અંગે તબીબો સામે પગલાં**

૧૪૯૨૭ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગર્ભ પરીક્ષણ રોક્વાની વેધાનિક વ્યવસ્થા પછી કેટલા તબીબો સામે રાજ્યમાં ડીસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં કાર્યવાહી કરવામાં આવી છે, અને | (૧) રાજ્યમાં ગર્ભ પરીક્ષણ રોક્વાની વેધાનિક વ્યવસ્થા પછી છેલ્લા ૩ વર્ષમાં ૫૬ તબીબો સામે ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ કાર્યવાહી કરવામાં આવી છે. |
| (૨) કેટલા તબીબો સામે કેસો દાખલ કરવામાં આવ્યા અને કેટલા તબીબોને સજાઓ કરવામાં આવી છે? | (૨) રાજ્યમાં છેલ્લા ૩ વર્ષમાં ૩૫ તબીબો સામે કોર્ટ કેસો દાખલ કરવામાં આવ્યા છે. કોઈ કોર્ટ કેસનો ચૂકાદો હજુ સુધી આવેલ નથી. બધા કોર્ટ કેસો ન્યાયાલયમાં પડતર છે. |

-------------

**ભાવનગર હોસ્પિટલમાં સેટઅપ મુજબ ખાલી જગાઓ**

૧૫૭૪૦ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૦૫નીસ્થિતિએ ભાવનગરની સરકારી જનરલ હોસ્પિટલમાં મંજૂર થયા મુજબના સેટઅપ પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૧) મંજૂર થયેલ સેટઅપ પૈકી ૧૦૬ જગ્યા ખાલી છે. |

(૨) આ જગ્યાઓ ભરવાનું રાજ્ય સરકારનું શું આયોજન છે ?

(૨) આ જગ્યાઓ ભરવા અંગે વિવિધ કક્ષાએ કાર્યવાહી ગતીમાં છે.

-------------

**રાજકોટ જિલ્લામાં નીલ ગાયોના ત્રાસ અંગે**

૧૪૯૭૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા)** : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં નીલ ગાયોના ત્રાસમાંથી ખેડૂતોને મુક્ત કરાવવા સરકાર દ્વારા તાલુકાવાર શું પગલા લેવામાં આવ્યા છે,

(૨) ગત ૨૦૦૫ની સાલમાં નીલ ગાયના ત્રાસની કેટલી ફરીયાદો સરકારને મળી હતી અને તેમાંથી કેટલી ફરીયાદોનો નિકાલ કરાયો, અને

(૩) કાયમી ધોરણે નીલ ગાયના ત્રાસનો અંત લાવવા સરકાર શું વિચારી રહી છે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૦૫-૦૬ દરમ્યાન રાજકોટ જિલ્લાનાં જુદા જુદા ૬ (છ) તાલુકાનાં ૯ ગામોમાં ૧૪૫ ખેડૂતોના ખેતરની ફરતે ૨૬૧૬૦ રનીંગ મીટરમાં કુલ રૂા. ૧૩.૦૮ લાખના ખર્ચે કાંટાળા તારની વાડ ઉભી કરી ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા પગલાં લેવામાં આવેલ છે.

(૨) સને ૨૦૦૫ની સાલમાં ૭ અરજીઓ મળેલ છે જેનો નિકાલ બાકી છે.

(૩) સરકાર ધ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

૧. ખેડૂત પોતાના ખેતરમાં તારની વાડ બનાવે તો વર્ષ ૨૦૦૫-૦૬ થી સરકારશ્રીના નિયમોનુસાર ૫૦ ટકા રકમ સહાય તરીકે આપવામાં આવે છે.
૨. અમરેલી, જામનગર અને પાટણ જિલ્લામાં રોઝને પકડવાના અખતરા કરવામાં આવેલા છે અને હાલ પણ પ્રય ચાલુ છે.
૩. બનાસકાંઠા જિલ્લાના દીયોદર તાલુકાના લવાણા ગામ તથા રાજકોટ જિલ્લાના જશદણ તાલુકાના ભડલા ગામમાં રોઝ જેવા પ્રાણીઓ માટે વાડા બનાવવાની કામગીરી પ્રગતિમાં છે.
૪. રોઝ ખેતીના પાકમાં નુકશાન કરે ત્યારે સુગ પેદા કરે તેવા જેવિક નિયંત્રણની દવા ખેતીનાં પાકમાં છાંટી રોઝને દુર રાખવાનાં પ્રયો કરવામાં આવી રહયા છે.

-------------

**રાજ્યના જિલ્લાઓમાં રોગી કલ્યાણ સમિતિઓની રચના અને સત્તાઓ**

૧૪૨૫૮ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર)** : **માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ રાજ્યમાં ક્યા ક્યા જિલ્લાઓમાં રોગી કલ્યાણ સમિતિઓ રચવામાં આવી છે, કેટલી હોસ્પિટલોમાં,

(૨) આ સમિતિઓની સત્તા શું છે, અને

**જવાબ**

(૧) રાજ્યની બધી જિલ્લા હોસ્પિટલોમાં રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવી છે.

(૨) આ સમિતિઓ હોસ્પિટલોના સર્વાંગી વિકાસ કરવા, સેવાઓની ગુણવત્તાનું સ્તર સુધારી દર્દીઓને વધુ તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવા વિવિધ સ્ત્રોતો દ્વારા આર્થિક સહયોગ પ્રાપ્ત કરવો, હોસ્પિટલને લગતા નાના મોટા રીપેરીંગ કામો કરાવવા, જરૂરિયાત પ્રમાણે સાધનોની ખરીદી તથા યુઝર્સ ચાર્જીસ દાખલ કરી તે પેટે થતી આવક દર્દીઓના કલ્યાણ માટે વાપરી શકેછે.

(૩) આ સમિતિઓ દ્વારા છેલ્લાં બે વર્ષમાં હોસ્પિટલો દ્વારા દર્દીઓને મળતી સારવાર માટે શું શું પગલાં લેવામાં આવ્યા ?

(૩) આ સમિતિઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં દર્દીઓને તમામ પ્રકારની સારવાર માટેના જરૂરી અદ્યતન સાધનો વસાવવા, નિષ્ણાંત તજજ્ઞોની ઘટ હોય ત્યાં આઉટ સોર્સીંગથી તજજ્ઞ સેવાઓ ઉપલબ્ધ કરવી અને હોસ્પિટલના મકાનોને જરૂરિયાત પ્રમાણે રીનોવેટ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

-------------

**કેન્સરના દર્દીઓની સંખ્યામાં થતા વધારા અંગે**

૧૪૬૦૧ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્સરના કેટલા દર્દીઓ સરકારના રેકર્ડ ઉપર નોંધાયેલ છે,

(૨) અગાઉના વર્ષની સરખામણીમાં ઉપરોક્ત સમયગાળા દરમ્યાન કેન્સરના દર્દીઓની સંખ્યામાં વધારો થયેલ હોવાનું સરકારના ધ્યાન ઉપર આવેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો આ બાબતે રોગ અટકાયત પગલાં લેવા અંગે અને જન જાગૃતિ કેળવવા સરકારનું શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૧૪૪૮૩.

(૨) હા.

(૩) કેન્સરના રોગ અંગે જનજાગૃતિ અર્થે નીચે પ્રમાણેના પગલાં લેવામાં આવે છે.

(૧) અમદાવાદમાં વાસણા વિસ્તારમાં કોમ્યુનીટી ઓનકોલોજી સેન્ટર સ્થાપેલ છે. જેમાં નિયમિત રૂપે કેન્સર અંગેની શારીરિક તપાસ કરવામાં આવે છે.કેન્સર અંગેનું કાયમી પ્રદર્શન છે.

(૨) કેન્સર માટે કારણરૂપ કુટેવો અંગે જનજાગૃતિ કેળવી વ્યસનમુક્તિ માટેના કાર્યક્રમો યોજવામાં આવે છે. ટી.વી., રેડિયો અને અન્ય પ્રસારણ માધ્યમોના ઉપયોગથી પણ જનજાગૃતિના કાર્યક્રમો ઉપરાંત રક્ષાબંધન નિમિત્તે રાખડી ઉપર સંદેશ અને ઉત્તરાયણ વખતે પતંગોના માધ્યમથી સંદેશો આપવામાં આવે છે.

(૩) કેન્સર વિજયદિન નિમિત્તે રેલી અને જાહેર પરિસંવાદ યોજવામાં આવે છે.

(૪) શહેરી વિસ્તાર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ જુદી જુદી સંસ્થાઓની મદદથી કેન્સર નિદાન કેમ્પ, પ્રદર્શન અને લોકજાગૃતિ માટેના જાહેર વક્તવ્યોનું આયોજન કરવામાં આવે છે.

(૫) જિલ્લામાં કેન્સર નિયંત્રણના ભાગરૂપે અમદાવાદ, ખેડા અને ગાંધીનગર જિલ્લા માટે ભારત સરકારને રૂા. ૦.૯૦ લાખની દરખાસ્ત રજૂ કરેલ છે.

-------------

**રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસની લોન અંગે**

૧૫૭૫૩ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : **માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસૂચિત જનજાતિના કેટલા વિદ્યાર્થીઓએ વિદેશ અભ્યાસ માટે લોન સહાય માંગી હતી,

**જવાબ**

(૧) બે (૨)

(૨) કેટલા વિદ્યાર્થીઓને કેટલી લોન સહાય ક્યારે ક્યારે આપવામાં આવી હતી,

(૨) છેલ્લા એક વર્ષમાં આવેલ અરજીઓ પૈકી કોઇ વિધાર્થીને લોન સહાય આપવામાં આવી નથી.

(૩) આ લોન સહાય આપવામાં કોઇ વિલંબ થયો હતો કે કેમ, અને

(૩) ના, જી. બે અરજદારો પૈકી એક અરજદાર નિયમાનુસાર લોન મેળવવાને પાત્રતા ધરાવતા નથી તથા અન્ય અરજદારની દરખાસ્ત અધુરી હોવાથી તેની વિગતો મંગાવવામાં આવી રહી છે.

(૪) જો હા, તો તેના કારણો શું છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કચ્છ જિલ્લાની હૉસ્પિટલમાં વિવિધ વિભાગોના નિષ્ણાત ડૉક્ટરોના અભાવે વિભાગ બંધ કરવા અંગે**

૧૫૦૩૭ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાની હોસ્પિટલોમાં વિવિધ વિભાગોમાં નિષ્ણાંત ડૉકટરોની ખાલી જગ્યાના કારણે વિભાગો જ બંધ કરી દેવામાં આવ્યા છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ સ્થિતિ નિવારવા અને નિષ્ણાંત ડૉકટરોની નિમણૂંક કરવા શું આયોજન કરવામાં આવ્યું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં નિમણૂંકો કરવામાં આવશે ? | (૩) હોસ્પિટલો ખાતેની તજજ્ઞોની ખાલી જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી સત્વરે ભરવામાં આવશે. |

-------------

**રાજકોટ જિલ્લામાં સરકારી જમીનની રકમ અંગે**

૧૪૩૧૨ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લા/શહેરમાં ક્યા સર્વે નંબરની, ક્યા સ્થળે આવેલી કેટલી સરકારી જમીન, કેટલી રકમ વસુલ કરી ખાનગી માલિકીની ઠેરવી ? | સરકારી જમીન રકમ લઈ ખાનગી ઠેરવવાની કોઈ જોગવાઈ નથી. પરંતુ કિંમત વસુલ લઈને જમીન ફાળવવાની જોગવાઈ છે જે માહિતી પત્રક*-૧ માં દર્શાવેલ છે. ***(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)** |

-------------

**વાપી કામદાર વિમા યોજનાની હૉસ્પિટલને ફાળવેલ ગ્રાન્ટ**

૧૪૦૮૪ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી(મોટાપોંઢા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લામાં વાપી કામદાર વીમા યોજના હોસ્પિટલમાં સને ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ ના વર્ષમાં તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી ગ્રાન્ટ ફાળવી, અને | (૧) સને ૨૦૦૪-૦૫માં રૂા. ૭૫,૦૬,૩૦૦/- અને સને ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા. ૪૬,૯૯,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) કેન્દ્ર સરકારે કેટલી ગ્રાન્ટ ફાળવી ? | (૨) કેન્દ્ર સરકારે કોઇ ગ્રાન્ટ ફાળવેલ નથી. |

-------------

**રાજકોટ જિલ્લામાં બિન ખેતીના અધિકારો પુનઃ તાલુકા કક્ષાએ આપવા અંગે**

૧૫૭૨૪ **શ્રી મોહનભાઈ ક. કુંડારીયા (ટંકારા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) રાજકોટ જિલ્લામાં બીન ખેતીના અધિકારો જે તાલુકા પંચાયતને અપાયેલ હતા, તે અધિકાર હાલ જિલ્લા પંચાયત પાસે છે તો તે | (૧) ના, જી. |

અધિકાર પુન : તાલુકા કક્ષાએ આપવા માંગો છો, અને

(૨) જો હા, તો ક્યાં સુધીમાં ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અને ખર્ચ**

૧૬૨૮૫ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના હેઠળ અને ૨૦૦૪-૦૫ના વર્ષમાં કેટલા હેક્ટર જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું,

(૨) વનીકરણમાં કેટલા વિસ્તારો આવરી લેવામાં આવ્યા છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જીલ્લામાં સામાજીક વનીકરણ યોજના હેઠળ સને ૨૦૦૪-૦૫ ના વર્ષમાં ૨૦૦ હેક્ટર જમીનમાં વનીકરણ કરવામાં આવ્યું.

(૨) આ વનીકરણમાં ૫૭ (સત્તાવન) જેટલા સ્થળો/વિસ્તારો આવરી લેવામાં આવ્યા.

(૩) તેની પાછળ કુલ રૂા. ૨૩,૬૮,૩૨૩/- નો ખર્ચ કરવામાં આવ્યો.

-------------

**વલસાડ જિલ્લામાં ખાનગી ટ્રસ્ટ સંચાલીત આશ્રમશાળા અને છાત્રાલયની તપાસ**

૧૪૫૬૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આદિજાતી કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા ૧ વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ પ્રર્વતમાન નિયમો અનુસાર ખાનગી ટ્રસ્ટ સંચાલીત કુલ કેટલી આશ્રમશાળા તથા છાત્રાલયની તપાસણી કરવામાં આવી,

(૨) તે પૈકી કેટલા કિસ્સાઓમાં અનિયમિતતાઓ ધ્યાને આવી, અને

(૩) જવાબદારો સામે શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | આશ્રમશાળા | છાત્રાલય |
|---|---|---|
| ધરમપુર | ૨૧ | ૨૭ |
| કપરાડા | ૨૦ | ૧૭ |
| પારડી | ૦૪ | ૦૬ |
| ઉમરગામ | ૦૩ | ૧૦ |
| વલસાડ | ૦૨ | ૧૦ |
| | કુલ :-૫૦ | ૭૦ |

(૨)

| તાલુકાનું નામ | આશ્રમશાળા | છાત્રાલય |
|---|---|---|
| ધરમપુર | ૦૪ | -- |
| કપરાડા | ૦૬ | ૦૨ |
| પારડી | ૦૧ | ૦૨ |
| ઉમરગામ | -- | -- |
| વલસાડ | ૦૧ | ૦૫ |
| | કુલ :- ૧૨ | ૦૯ |

(૩) ૧ સંચાલક સંસ્થાઓને નોટીસ આપવામાં આવી છે.
૨ આશ્રમશાળા અને છાત્રાલયોની હંગામી ધોરણે ગ્રાન્ટ અટકાવેલ છે.
૩ સામાન્ય પ્રકારની ક્ષતિઓ માટે તાકીદ કરવામાં આવી છે.

-------------

**માજી ધારાસભ્યશ્રીઓને સહાયતા માટે ભંડોળની રકમ અંગે**

૧૩૯૧૫ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વિધાનસભા ગૃહમાં થયેલ ચર્ચા મુજબ માજી ધારાસભ્યોને યોગ્ય સહાયતા મળે તે માટે ભંડોળ એકઠું કરવા અન્વયે તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલું ભંડોળ જમા થયેલ છે ?

**જવાબ**

આવી કોઇ યોજના અમલમાં ન હોઇ ભંડોળ એકઠું કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતનું ગામતળ વધારવાની માગણી**

૧૫૫૭૭ **શ્રી ટપુભાઈ લીંબાસિયા (રાજકોટ-૧) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષ દરમ્યાન તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રાજકોટ જિલ્લાની કેટલી ગ્રામ પંચાયતોએ ગામતળ વધારવાની માંગણી કરેલ છે, અને

(૨) આ માગણી પૈકી કેટલી ગ્રામ પંચાયતોની માંગણી મંજૂર કરવામાં આવી, કેટલી માંગણી નામંજૂર કરવામાં આવી ?

**જવાબ**

(૧) ૮૬

(૨) મંજૂર- ૨૫
નામંજૂર- ૨૩

-------------

**વડોદરા અને દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં આરોગ્ય હસ્તકની ખાલી જગ્યાઓ**

૧૫૭૧૯ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા-દાહોદ જિલ્લાના ટ્રાયબલ વિસ્તારોના પ્રાથમિક આરોગ્ય અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની કેટલી જગ્યાઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ખાલી છે,

**જવાબ**

(૧) વડોદરા-દાહોદ જિલ્લાના ટ્રાયબલ વિસ્તારોના પ્રાથમિક આરોગ્ય અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં તારીખઃ- ૩૧-૧-૦૬ની સ્થિતિએ ડૉકટરોની ખાલી જગ્યાની વિગતો નીચે મુજબ છે.

વડોદરા જિલ્લો

| કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | કુલ |
|---|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | - | ૫ | ૫ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૩ | ૨ | ૫ |
| કુલ | ૩ | ૭ | ૧૦ |

દાહોદ જિલ્લો

| કેન્દ્રનું નામ | વર્ગ-૧ | વર્ગ-૨ | કુલ |
|---|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | - | ૧૧ | ૧૧ |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૦ | ૬ | ૧૬ |
| કુલ | ૧૦ | ૧૭ | ૨૭ |

(૨) ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે, અને

(૩) કેટલા સમયમાં જગ્યાઓ ભરવા માંગો છો ?

(૨) અને (૩) વર્ગ-૧ની સંવર્ગની અધિક્ષકની અને તબીબી અધિકારી, વર્ગ-૨,ની ખાલી જગ્યાઓ ભરવા અંગે દર મંગળવારે કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગરની તેમજ વિભાગીય નાયબ નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓની કચેરી ખાતે વોક-ઇન-ઇન્ટરવ્યુનું તેમ જ ઓપન ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તેમાં યોગ્ય લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ રાજ્યની મેડીકલ કોલેજોમાંથી કરારબધ્ધ તબીબી સ્નાતકો ઉપલબ્ધ થયેથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે પસંદ થયેલા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તુરત જ.

-------------

**બારડોલી તાલુકાના કડોદ ગામે રહેણાંકના બાંધકામ દૂર કરવા અંગે**

૧૫૦૪૦ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) બારડોલી તાલુકાના કડોદ ગામે મઢી રોડ ઉપર આવેલ સર્વિસ સ્ટેશનની આજુબાજુની જગ્યાનો ૯૯ વર્ષનો પટ્ટો પૂરો થયો હોવા બાબતની હકીકત સરકારના ધ્યાને છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) તો આ જમીન ભાડાપટે રાખનારે વેચાણ કરી દીધી હોય, ત્યાં કોમર્શીયલ અને રહેણાંક બાંધકામ ગેરકાયદે થઈ ગયા હોય એને દૂર કરવા માંગે છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ જમીન ઉપરના ગેરકાયદે બાંધકામો ક્યાં સુધીમાં દૂર કરાવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં કામદારોને ચૂકવવાની બાકી સહાય**

૧૪૫૯૬ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં મુન્દ્રા, અંજાર, ગાંધીધામમાં ઓદ્યોગિક એકમોમાં અકસ્માતથી ઘાયલ તેમજ મૃત્યુ પામેલ કામદારોને કે કામદારના પરિવાર જનોને રાહત કે વળતરની રકમ હજી ચુકવાઈ નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યા ક્યા એકમોમાં કેટલા કામદારો અકસ્માતથી ઈજા પામ્યા અને કેટલાનું મૃત્યુ થયું, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ઘાયલ કે મૃત્યુ પામનાર કામદારો કે પરિવાર જનોને અકસ્માત વીમા યોજના ધ્વારા ચુકવણું થયું હોય તો વિગત શી છે, અને | (૩) સરકારની શ્રમિક સુરક્ષા યોજના સંગઠીત કામદારોને લાગુ પડતી નથી. |
| (૪) જો ના, તો આ સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ક્યારે ક્યારે રકમ ચુકવાઈ ?

**અખંડ આનંદ આયુર્વેદિક કોલેજના સ્થળાંતર અને મકાન બનાવવા અંગે**

૧૪૬૦૫ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અખંડ આનંદ આયુર્વેદિક કોલેજ અમદાવાદનું સરકાર સ્થાળાંતર કરવા માંગે છે, | (૧) ના, જી. |
| (૨) સરકારે તેના આ નિર્ણયમાં વિદ્યાર્થીઓના ઉપવાસ આંદોલન પછી પીછેહઠ કરેલ છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો નિર્ણય ફેરફાર કરવામાં ક્યાં કારણો જવાબદાર છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ક્ષતિગ્રસ્ત આ કોલેજના મકાનની મરામત સરકાર ક્યારે કરવા માંગે છે ? | (૪) કામગીરી હાથ ધરી છે. |

-------------

**રાજ્યમાં વન્ય પ્રાણીઓની સંખ્યા અને નોંધાયેલ ગુન્હા**

૧૫૭૩૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ દરમ્યાન સિંહ અને વાઘના શિકારના કેટલા ગુન્હા નોંધાયેલ છે, અને | (૧) સિંહના શિકારનો ૧ (એક) ગુન્હો નોંધાયેલ છે જ્યારે વાઘ રાજ્યમાં અસ્તિત્વ ધરાવતા નથી. |
| (૨) તા. ૧-૧-૨૦૦૫ થી તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં વાઘ-સિંહના કુદરતી રીતે મરણ પામેલની સંખ્યા કેટલી ? | (૨) ૨૨ (બાવીસ) સિંહોનાં કુદરતી રીતે મૃત્યુ થયેલ. જ્યારે વાઘ રાજ્યમાં અસ્તિત્વ ધરાવતા ન હોવાથી તે અંગેની માહિતી આપવાની રહેતી નથી. |

-------------

**જુનાગઢ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અપગ્રેડ કરવા અંગે**

૧૫૭૦૮ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સરકારની સામુહિક આરોગ્ય કેન્દ્રોને અપગ્રેડ કરવાની કોઈ યોજના છે, અને | (૧) સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અલગ અલગ પ્રકારની તજજ્ઞ સેવાઓ સુદૃઢ કરવા સૈધ્ધાતિક નિર્ણય લેવાયેલ છે. |
| (૨) જો હા, તો જુનાગઢ જિલ્લામાં ક્યા ક્યા સામુહિક આરોગ્ય કેન્દ્રો ક્યાં સુધીમાં અપગ્રેડ કરવાનું આયોજન છે ? | (૨) જુનાગઢ જિલ્લાના ઉના, માણાવદર, કેશોદ તથા માંગરોળ સામૂહિક આરોગ્ય કેન્દ્રનો તેમાં સમાવેશ થાય છે. |

-------------

**માંડલ વિસ્તારમાં ખેતીના રક્ષણ માટે તારની વાડ બનાવવા અંગે**

૧૪૭૫૫ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) માંડલ તાલુકામાં નીલ ગાય, રોઝથી ખેતીવાડીના રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે જિલ્લા કક્ષાએ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવેલ છે, | (૧: કોઈ અરજી મળેલ નથી. |
| (૨) આમાંથી કેટલી અરજીઓ મંજુર કરેલ છે | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

તેમાં કેટલી અરજીઓમાં સહાય ચૂકવેલ છે કે કેમ, અને

(૩) બાકીની અરજીઓ માટે શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**રાજ્યમાં સિંહોની સંખ્યા**

૧૫૩૮૨**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં સિંહોની સંખ્યા છેલ્લી ગણતરી પ્રમાણે કેટલી છે, અને

(૨) કેટલા કિસ્સામાં જંગલમાં અકસ્માત કે શિકારથી સિંહો સન ૨૦૦૫માં મૃત્યુ પામ્યા ?

**જવાબ**

(૧) ૩૫૯

(૨) ૬ (છ)

-------------

**ભૂજ તાલુકાના ખાવડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

૧૫૭૧૧ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ તાલુકાના ખાવડા ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા ક્યા સ્ટાફની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગ્યાઓ

| સંવર્ગ | ખાલી જગા | કેટલા સમયથી ખાલી |
|---|---|---|
| વર્ગ-૧ | ૧ | તા. ૨૫-૬-૯૯ |
| વર્ગ-૨ | ૨ | તા. ૬-૧-૦૪ થી તા. ૨૭-૧૦-૦૪ દરમ્યાન |
| વર્ગ-૩ | ૯ | તા. ૨૫-૬-૯૯ થી તા. ૩૦-૧૨-૦૫ દરમ્યાન |
| વર્ગ-૪ | ૬ | તા. ૨૫-૬-૯૯ થી તા. ૨૫-૧૦-૦૪ દરમ્યાન |

(૨) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન કરેલ છે, અને

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ તથા લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી જગાઓ ભરવા આયોજન છે.

(૩) આ તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

(૩) ઉપર (૨) ની હકીકતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સિવીલ હોસ્પિટલોમાં દર્દીઓને રાહત મેળવવા અન્વયે મામલતદારના આવકના દાખલા રજૂ કરવા અંગે**

૧૪૬૦૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકારી હોસ્પિટલો જેવી કે સિવીલ હોસ્પિટલ અમદાવાદ જેવામાં ગરીબ દર્દીઓને રાહત માટે રજૂઆતો કરતાં બી.પી.એલ. કાર્ડની સરકાર ધ્વારા અપેક્ષા રાખવામાં આવે છે,

(૨) આ નીતિમાં ફેરફાર કરી મામલતદાર કે સમકક્ષ અધિકારીના આવકના દાખલાના આધારે રાહત મળે તેવી વ્યવસ્થા કરવા અરજીઓ મળેલ છે, અને

(૩) સરકાર આ અંગે શું કરવા માંગે છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ના, જી.

(૩) જે લોકો પાસે બી.પી.એલ. કાર્ડ ન હોય તેવા ગરીબ દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવાની સત્તા તબીબી અધિક્ષકશ્રીને સોંપેલ છે. તદ્‌અનુસાર તબીબી અધિક્ષકશ્રી તેમની વિવેક બુધ્ધિને આધિન આવા દર્દીઓને વિના મૂલ્યે સારવાર પુરી પાડે છે.

-------------

**ભરૂચ જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવવા અંગે**

૧૩૯૭૫ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ તાલુકાદીઠ નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવવાના કુલ કેટલા કિસ્સાઓ બાકી છે, અને | (૧) એક પણ નહીં. |
| (૨) આ કાર્યવાહી કેટલા સમયમાં પુર્ણ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ફોટોકોપીના મુળ દસ્તાવેજ પરત કરવા અંગે**

૧૫૭૪૩ **શ્રી દોલતભાઈ પરમાર(વડગામ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારમાં જાન્યુઆરી-૨૦૦૬ અંતિત ફોટોકોપી માટે કુલ કેટલા દસ્તાવેજો કેટલા સમયથી પડતર છે, | (૧) ૧૭,૪૬,૪૮૨ દસ્તાવેજો સને ૨૦૦૦થી ફોટો કોપી માટે પડતર છે. |
| (૨) પડતર રહેવાના કારણો શું છે, અને | (૨) રાજ્યમાં નોંધણી અર્થે વર્ષ દરમ્યાન ૩.૫ લાખથી ૪ લાખ દસ્તાવેજોની કુલ સાઇડો ૩૫ થી ૪૦ લાખ જેટલી હોય છે. જ્યારે વર્ષ દરમ્યાન ડોક્યુમેન્ટ સ્ટોરેજ એન્ડ રીટ્રાઇવલ સીસ્ટમ દ્વારા વાર્ષિક ૨ લાખ જેટલી સાઇડોનું ઉત્પાદન થાય છે. આમ, કામગીરીમાં ઉત્તરોત્તર વધારો થતા અને કામગીરીના પ્રમાણમાં હાલની સીસ્ટમ હેઠળ ઉત્પાદન મર્યાદિત થવાને કારણે. |
| (૩) મુળ દસ્તાવેજો કેટલા સમયમાં પરત કરવામાં આવશે ? | (૩) મુળ દસ્તાવેજો પરત કરવાના બાકી ન હોય પરત કરવાનો પ્રશ્ન રહેતો થતો નથી. |

-------------

**કાયદાપંચ ધ્વારા કાયદામાં સુધારા, નાબૂદ તેમજ ફેરફાર કરવા અંગેની ભલામણ**

૧૪૭૫૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય વૈદ્યાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય કાયદાપંચ ધ્વારા કેટલા કાયદાઓ નાબુદ કરવાની સુધારા કરવાની અને ફેરફાર કરવાની ભલામણો કરવામાં આવી, | (૧) (અ) ૧ કાયદો નાબુદ કરવાની ભલામણ<br>(બ) ૧૪ કાયદાઓમાં સુધારા કરવાની ભલામણ<br>(ક) ૨ કાયદા નવા ઘડવાની ભલામણ |
| (૨) તે અંગે સરકારે શું નિર્ણય કર્યો, અને | (૨) (અ) ૧ કાયદો બોમ્બે મોલાસીસ (કંટ્રોલ) અધિનિયમ, ૧૯૫૬ સરકારે ચાલુ રાખવા નિર્ણય કરેલ છે.<br>(બ) જે ૧૪ કાયદાઓમાં સુધારો કરવા ભલામણ કરી છે, તે પૈકી ૪ કાયદાઓમાં ભલામણ મુજબ કાર્યવાહી પૂર્ણ કરેલ છે અને<br>(ક) નવા કાયદાઓ ઘડવા બાબત :-<br>(૧) લગ્નોની ફરજીયાત નોંધણી અંગેનો |

| | |
|---|---|
| | કાયદો વિધાનસભાના ચાલુ સત્ર દરમ્યાન દાખલ કરવા કાર્યવાહી થઇ રહી છે. |
| | (૨) મુંબઇ પોલીસ એક્ટની જગ્યાએ ગુજરાત પોલીસ એક્ટ બનાવવા બાબતનો કાયદો પણ સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ છે. |
| (૩) જો આ અંગે નિર્ણય ન કર્યો હોય તો ભવિષ્યમાં સરકારનું શું આયોજન છે ? | (૩) કાયદા પંચની ભલામણો મુજબ બાકી રહેલા ૧૦ કાયદાઓ અંગે સંબંધિત વિભાગોના પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે. |

-------------

**મધ્યસ્થ ઓષધ ભંડાર ધ્વારા ખરીદ થતી દવાના નમૂનાના પરીક્ષણ અંગે**

૧૫૦૨૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મધ્યસ્થ ઓષધ ભંડાર તંત્ર ધ્વારા ખરીદાતી દવાઓના કેટલા નમૂનાઓ પરીક્ષણ માટે લેવામાં આવેલા, | (૧) ૯૬૭ નમૂના. |
| (૨) તપાસ દરમ્યાન કેટલા નમૂના પ્રમાણસર ન હતા, અને | (૨) ૧૦૪ નમૂનાઓ પ્રમાણસર ન હતા. |
| (૩) કેટલી કંપનીઓ સામે શાં પગલાં લેવાયા ? | (૩) (અ) ૧૨ કંપનીઓ પાસેથી રૂા. ૧૬,૯૮,૬૦૪ની કિંમતની દવાઓનું રીપ્લેસમેન્ટ મેળવ્યું.<br>(બ) ૨૮ કંપનીઓ પાસેથી રીપ્લેસમેન્ટ ન મળતા રૂા. ૩૮,૦૬,૦૫૬ ની વસુલાતની કામગીરી કરી.<br>(ક) ૧૭ કંપનીઓને સંબંધિત આઇટમો માટે કાળી યાદીમાં મુકવામાં આવી. |

-------------

**કલોલ તાલુકાના ધમાસણા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા અંગે**

૧૫૭૨૬ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કલોલ તાલુકાના ધમાસણા ગામનું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ બંધ હાલતમાં છે, અને | (૧) ધમાસણા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નહી પરંતુ પેટા આરોગ્ય કેન્દ્ર છે અને તે ચાલુ છે. |
| (૨) જો હા, તો તે કેટલા સમયમાં ચાલુ કરવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

## સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી વકીલોની ખાલી જગ્યાઓ

૧૪૩૯૧ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય ન્યાયતંત્ર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા સરકારી વકીલોની જગ્યા ખાલી છે, | (૧) સુરેન્દ્રનગર ફાસ્ટ ટ્રેક કોર્ટમાં - ૧ મસવ/એડી. પીપી<br>ધાંગધ્રા ખાતે ફક્ત મદદનીશ સરકારી વકીલ - ૧<br>એ.પી.પી. - ૨<br>સરકારી વકીલની ખાલી જગા કુલ : ૪ |
| (૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે, અને | (૨) ફાસ્ટ ટ્રેક કોર્ટમાં મસવ/એડી.પીપીની નિમણૂંક્ના હુકમો તા. ૧-૩-૦૬ના રોજ કરવામાં આવેલ છે.<br>ધાંગધ્રા ખાતે ફક્ત મદદનીશ સરકારી વકીલની જગા પર નિમણૂંક અંગેના હુકમો તા. ૧-૩-૦૬ના રોજ કરવામાં આવેલ છે.<br>એ.પી.પી.ની ૨ (બે) જગા ભરવા અંગે ભરતી નિયમો સુધારા હેઠળ હોઇ આનુસંગિક કાર્યવાહી પૂર્ણ થયેથી. |
| (૩) જગ્યા ન ભરવાના ક્યા કારણો છે ? | (૩) એ.પી.પી.ની-૨ ખાલી જગા વહીવટી પ્રક્રીયાના કારણે ભરી શકાઇ નથી. |

-------------

## નવસારી જિલ્લામાં લાકડાની ચોરીના બનાવો

૧૩૯૨૫ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં લાકડા ચોરીના કેટલા બનાવો જંગલ વિભાગમાં નોંધાયા, | (૧) દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં લાકડા ચોરીના ૪૫૨૫ બનાવો જંગલ વિભાગમાં નોંધાયા. |
| (૨) કેટલા વાહનો પકડાયા, અને | (૨) કુલ - ૧૪૫ વાહનો પકડાયા. |
| (૩) આ પકડાયેલ લાકડાની બજાર કિંમત કેટલી છે? | (૩) આ પકડાયેલ લાકડાની બજાર કિંમત રૂપિયા ૩,૪૫,૬૫,૨૨૦/- છે. |

-------------

## કચ્છ જિલ્લામાં સ્વેચ્છિક સંસ્થાઓને જમીન ફાળવણીની પડતર અરજીઓ

૧૪૭૫૭ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લા કલેકટર ધ્વારા સ્વેચ્છિક સંસ્થાને જમીન મળવા અંગે તાલુકાવાર કેટલી દરખાસ્તો આવેલ,

**જવાબ**

(૧) ૮૫

| ક્રમ | તાલુકો | પડતર અરજીઓ |
| --- | --- | --- |
| (૧) | ભુજ | ૨૭ |
| (૨) | મુંદ્રા | ૦૪ |
| (૩) | માંડવી | ૦૬ |
| (૪) | લખપત | ૦૮ |
| (૫) | રાપર | ૦૬ |
| (૬) | નખત્રાણા | ૦૭ |
| (૭) | ભચાઉ | ૦૩ |
| (૮) | અબડાસા | ૦૯ |

| | | |
|---|---|---|
| (૯) | અંજાર | ૧૨ |
| (૧૦) | ગાંધીધામ | ૦૩ |

(૨) સરકાર કક્ષાએ કેટલી અરજીઓ તાલુકાવાર પડતર છે,

(૨) ૧૭

| ક્રમતાલુકો | | પડતર અરજીઓ |
|---|---|---|
| (૧) | ભુજ | ૦૯ |
| (૨) | મુંદરા | ૦૧ |
| (૩) | માંડવી | ૦૧ |
| (૪) | લખપત | ૦૧ |
| (૫) | રાપર | ૦૪ |
| (૬) | નખત્રાણા | ૦૧ |
| (૭) | ભચાઉ | ૦૦ |
| (૮) | અબડાસા | ૦૦ |
| (૯) | અંજાર | ૦૦ |
| (૧૦) | ગાંધીધામ | ૦૦ |

(૩) આ અરજીઓ પડતર રહેવાના કારણો શું છે, અને

(૩) ચકાસણી હેઠળ છે.

(૪) આ અરજીઓનો ક્યારે નિકાલ કરવામાં આવશે ?

(૪) શક્ય તેટલી ઝડપથી.

-------------

## ઉના તાલુકામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ

૧૩૮૪૪ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ અન્ય સરકારી દવાખાનાઓમાં તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગાઓ

| | સંવર્ગ | ખાલી જગા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૧ | ૨ | તા. ૧-૮-૦૪ થી |
| | વર્ગ-૨ | ૧ | તા. ૧૭-૩-૦૫થી |
| | વર્ગ-૩ | ૯ | તા. ૩-૨-૮૮થી તા. ૧-૮-૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૪ | તા. ૪-૧-૦૧ થી તા. ૧-૧૧-૦૪ દરમ્યાન |
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૨ | ૩ | ૨-૦૪ થી ૧૦-૦૫ દરમ્યાન |
| | વર્ગ-૩ | ૧૭ | ૩-૦૧ થી ૯-૦૫ દરમ્યાન |
| | વર્ગ-૪ | ૨૦ | ૩-૮૯ થી ૯-૦૫ દરમ્યાન |
| ફરતુ દવાખાનુ | વર્ગ-૨ | ૧ | ૩-૦૪ થી |
| | વર્ગ-૩ | ૨ | ૯-૮૮, ૭-૦૧ |
| પેટા આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૩ | ૪૧ | ૮-૯૪ થી ૧૨-૦૫ દરમ્યાન |
| આયુર્વેદ દવાખાના | વર્ગ-૪ | ૨ | ઘણાં લાંબા સમયથી |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) સરકારશ્રીની પ્રવર્તમાન નીતિ, કાર્યભારણ અને લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી

બનતી ત્વરાએ.
પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર તથા આયુર્વેદ દવાખાનાની વર્ગ-૩ અને વર્ગ-૪ની જગાઓ ભરવા સબંધિત જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**સુરત શહેર અને જિલ્લામાં નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવા અંગે**

૧૫૦૩૨ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સુરત શહેરમાં તથા જિલ્લામાં નવી શરતની જમીનને જુની શરતમાં ફેરવવા માટેના પિમીયમમાં છેલ્લા બે વર્ષમાં કેટલો વધારો કરવામાં આવ્યો, | (૧) કોઈ વધારો કરવામાં આવેલ નથી. |
| (૨) પ્રિમીયમ વધારવા પાછળનું કારણ શું છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) પ્રિમીયમ વધારવાની કેટલી વધારાની આવક થઈ ? | |

-------------

**ગીર વન વિભાગ ધ્વારા જળસંચય યોજના અન્વયે બનાવેલ ચેકડેમ**

૧૪૨૧૫ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ધારી પૂર્વ ગીર વન વિભાગ ધ્વારા સરકારની જળસંચય યોજના અંતર્ગત ૮૦-૨૦ યોજનામાં વન વિભાગમાં કેટલા ચેકડેમ બનાવ્યા, | (૧) ગીર (પૂર્વ) વન વિભાગ, ધારી દ્વારા સરકારશ્રીની જળસંચય યોજના અંતર્ગત ૮૦/૨૦ યોજનામાં કોઈ ચેકડેમ બનાવવામાં આવેલ નથી. |
| (૨) વન વિભાગ ધ્વારા પોતાના ખાતાના કેટલા ચેકડેમ બનાવ્યા અને સરકારની જળસંચય યોજના અંતર્ગત કેટલા ચેકડેમ બનાવ્યા, અને | (૨) ગીર (પૂર્વ) વન વિભાગ, ધારી દ્વારા વિવિધ યોજના હેઠળ સને ૨૦૦૦-૦૧ થી ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં ૭૯ ચેકડેમ બનાવવામાં આવેલ છે. સરકારશ્રીની જળસંચય યોજના અંતર્ગત ૮૦/૨૦ ની યોજનામાં કોઈ ચેકડેમ બનાવવામાં આવેલ નથી. |
| (૩) વન વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થા ચેકડેમ બનાવે તેવી પરમીશન આપવા માંગે છે કે કેમ ? | (૩) ના, જી. |

-------------

**કડી તાલુકામાં શ્રમ કાયદાઓના ભંગ થવા અંગે**

૧૪૩૬૩ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કડી તાલુકાના કેટલા ઓદ્યોગિક એકમો વિરૂધ્ધ શ્રમ કાયદાઓના ભંગ અંગેની ફરીયાદો સરકારને મળી, | (૧) ૧૨૭ |
| (૨) સરકારે શું પગલાં ભર્યા, કેટલા ક્યા ક્યા એક્મો ક્સુરવાર જણાયા, | (૨) (અ) ફરીયાદીઓએ ફરીયાદ પાછી ખેંચી ... ૧૧<br>(બ) ફરીયાદીએ જણાવેલ શ્રમ કાયદાની ક્ષતિઓની પૂર્તતા કરેલ કેસો ૬૮ |

(ક) ક્સુરવાર જણાયેલ એક્મો સામે ફોજદારી કેસો કરવામાં આવ્યા

૪૮
(પત્રક સામેલ છે)-----------
કુલ.. ૧૨૭

(૩) શ્રમિકોને વળતર ચુક્વવા સંબંધી ક્યા એક્મની કેટલી મિલક્ત ટાંચમાં લેવામાં આવી, અને

(૩) એક પણ નહીં.

(૪) ટાંચમાં લીધેલ મિલક્તની હરાજી કરી સરકાર શ્રમિકોને નાણા ચુક્વવા માગે છે કે કેમ ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

પત્રક

| ક્રમ | ક્સુરવાર ઓદ્યોગિક એક્મનું નામ |
|---|---|
| ૧ | કેયલ સિન્ટેક્ષ લી. કડી |
| ૨ | કેયલ સિન્ટેક્ષ લી. કડીના કોન્ટ્રાકટર ઉમા સ્ક્રિન |
| ૩ | કેયલ સિન્ટેક્ષ લી. કડીના કોન્ટ્રાકટર અપ્પાજી |
| ૪ | એન. કે. પ્રોટીન્સ, કડી |
| ૫ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્ર્કટર ચતુર્વેદી |
| ૬ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્ર્કટર ઈમરાન એન્ટરપ્રાઈઝ |
| ૭ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્રાકટર રમેશભાઈ |
| ૮ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્રાકટર શંકરભાઈ ચોધરી |
| ૯ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્રાકટર અર્જુનસિંહ |
| ૧૦ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્રાકટર રાજેશ કે. પટેલ |
| ૧૧ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્રાકટર અંબાલાલ પટેલ |
| ૧૨ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્રાકટર અમૃત ડબગર |
| ૧૩ | એન. કે. પ્રોટીન્સ, કડી ના કોન્ટ્ર્કટર દેસાઈ ભીખાભાઈ |
| ૧૪ | રાજા ઓઈલ મીલ, કડી |
| ૧૫ | કેડીલા ફાર્મા. કડીના કોન્ટ્રાકટર પરફેકટ સીક્યુરીટી સર્વીસીસ |
| ૧૬ | કેડીલા ફાર્મા. કડીના કોન્ટ્રાકટર ફેનલ સીક્યુરીટી |
| ૧૭ | એમ્ટ્રેક્ષ હીટાચી હોમ, કરણનગરના કોન્ટ્રાકટર સુરભી કેટરર્સ |
| ૧૮ | એમ્ટ્રેક્ષ હીટાચી હોમ, કરણનગરના કોન્ટ્રાકટર કે.કે. એન્ટરપ્રાઈઝ |
| ૧૯ | એમ્ટ્રેક્ષ હીટાચી હોમ, કરણનગરના કોન્ટ્રાકટર શિવશક્તિ |
| ૨૦ | એમ્ટ્રેક્ષ હીટાચી હોમ, કરણનગરના કોન્ટ્રાકટર આર. કે. પટેલ |
| ૨૧ | એમ્ટ્રેક્ષ હીટાચી હોમ, કરણનગરના કોન્ટ્રાકટર ટોપ ડીટેકટીવ |
| ૨૨ | એમ્ટ્રેક્ષ હીટાચી હોમ, કરણનગરના કોન્ટ્રાકટર રેડીયન્ટ અન્ટરપ્રાઈઝ |
| ૨૩ | ટ્રોઈકા ફાર્મા લી. થોળ ના કોન્ટ્રાકટર પરફેકટ સીક્યુરીટી |
| ૨૪ | ટ્રોઈકા ફાર્મા લી. થોળ ના કોન્ટ્રાકટર રાજ એન્ટરપ્રાઈઝ |

| | |
|---|---|
| ૨૫ | સન્ડેક (ઈન્ડિયા) લી. રાજપુર તા. કડીના કોન્ટ્રાક્ટર સેન્ટ્રલ સીક્યુરીટી |
| ૨૬ | સન્ડેક (ઈન્ડિયા) લી. રાજપુર તા. કડીના કોન્ટ્રાક્ટર ગોપીનાથ |
| ૨૭ | સન્ડેક (ઈન્ડિયા) લી. રાજપુર તા. કડીના કોન્ટ્રાક્ટર રામદેવ એન્ટરપ્રાઈઝ |
| ૨૮ | રેઈનબો પેપર્સ લી. રાજપુરના કોન્ટ્રાક્ટર સુપર સીક્યુરીટી |
| ૨૯ | રેઈનબો પેપર્સ લી. રાજપુરના કોન્ટ્રાક્ટર સુભાષ નેહરા |
| ૩૦ | રેઈનબો પેપર્સ લી. રાજપુરના કોન્ટ્રાક્ટર રંગલાલ પાંડે |
| ૩૧ | કેન્ટ્રાક્ટર વાલજી પુના એન્ડ કંપની, નર્મદા નહેર કડી |
| ૩૨ | ઈન્ટરક્લીન ઈન્ટરમીડીએટ લી. કડી |
| ૩૩ | ડેરીડેન લી. કડી |
| ૩૪ | અમુલ ડેકા લાઈટ લી. કોન્ટ્રાક્ટર શ્રી સિંઘ |
| ૩૫ | અમુલ ડેકા લાઈટ લી. કોન્ટ્રાક્ટર જેઠાલાલ |
| ૩૬ | સુઝુકી સીન્થેટીક લી. અણખોલ |
| ૩૭ | જય ભવાની ગ્લાસ વર્કસ, કડી |
| ૩૮ | પ્રેસી મેટલ કાસ્ટ પ્રા. લી. કડી |
| ૩૯ | નર્મદા કેનાલ કોન્ટ્રાકટર પાર્થ એસોસીએટેડ, કડી |
| ૪૦ | હાયનુપ ફુડ એન્ડ ઓઈલ પ્રા.લી. કડી |
| ૪૧ | એશિયન ટયુબ્સ લી. અણખોલ તા. કડી |
| ૪૨ | રાજા ઈન્ડસ્ટ્રીઝ નંદાસણ રોડ, કડી |
| ૪૩ | ટ્રોયકા ફાર્માસ્યુટીકલ્સ લી. થોળ |
| ૪૪ | રેઈનબો પેપર્સ લી. રાજપુર |
| ૪૫ | કે.એલ. સિન્થેક્સ લી. ઇન્દ્રાડ |
| ૪૬ | રનવેલ પીક્યાર્ડ પ્રા.લી. કડી |
| ૪૭ | અકીક ટાઈલ્સ પ્રા. લી. મુ. નંદાસણ, તા. કડી |
| ૪૮ | ક્રીસ્ટલ ગ્લેઝ પ્રા.લી. તા. કડી |

--------------------

**માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ની જગાની નાબુદી તેમજ આધુનિક સાધનોની વ્યવસ્થા અંગે**

૧૫૦૩૬ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ફેબ્રુઆરી-૨૦૦૫ની સ્થિતિએ માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ના અધિકારીની જગ્યા નાબુદ કરી તાલુકાના લોકોને ખાનગી તબીબો પાસે સારવાર માટે જવુ પડે તેવી સ્થિતિ ઉભી થઇ હોવાની હકીક્ત ખરી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો સામુહિક આરોગ્ય કેન્દ્રમાં માત્ર એકજ તબીબના આધારે સમગ્ર તાલુકામાં મુશ્કેલી પડતી હોવાની અને બીજા ડૉક્ટરો મુકવાની વારંવાર રજૂઆતો છતાં ગ્રામ્ય વિસ્તારના લોકોની અગવડતા દૂર કરવા શું આયોજન હાથ ધરાયું છે, | (૨) માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી, વર્ગ-૨ની મંજુર ત્રણ જગા ભરાયેલ છે. |

અને

(૩) માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મૂળભૂત વ્યવસ્થાઓનો અભાવ હોવાથી આધુનિક સાધનોથી સુસજ્જ કરવા વિભાગે કોઇ એકશન પ્લાન બનાવેલ છે ?

(૩) માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં મૂળભુત વ્યવસ્થાઓ ઉપલબ્ધ છે.

-------------

**ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષા યોજના અન્વયે મળેલ વીમાની અરજીઓના નિકાલ અંગે**

૧૫૭૪૨ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૦૪-૨૦૦૫ તથા સન ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાંથી વીમાના લાભો મેળવવાની કેટલી અરજીઓ મળી;

(૨) તે પૈકી કેટલી અરજીઓને લાભો આપવામાં આવ્યા અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૩) ના મંજૂર કરવામાં આવેલી અરજીઓના કારણો શાં છે ?

**જવાબ**

| (૧) વર્ષ | મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૦૪-૨૦૦૫ | ૧૨૬ |
| ૨૦૦૫-૨૦૦૬ (૩૧-૧-૨૦૦૬ સુધી) | ૮૪ |

| | |
|---|---|
| (૨) લાભ આપવામાં આવ્યા :- | ૩૯ |
| ના મંજુર :- | ૬૦ |

(૩) નામંજુર કરવામાં આવેલી અરજીઓ અંગેના કારણો નીચે મુજબ છે.

૧. શ્રમિક નથી.
૨. અધૂરા દસ્તાવેજ
૩. ભારવાહક વાહનમાં મુસાફરી (દાવા માટે સર્વોચ્ચ અદાલતનાં હુકમ મુજબ હક્કદાર નથી.)
૪. ટ્રાફિક નિયમનો ભંગ
૫. કુદરતી અવસાન- આપઘાત
૬. શ્રમિક્ની વ્યાખ્યામાં આવતાં નથી.
૭. અસહકાર અને તથ્યોની ગેર રજુઆત.
૮. અક્સ્માત સાબિત થઈ શક્તું નથી.
૯. માનસિક અસ્વસ્થતા.
૧૦. ગેર રજુઆત અને તથ્યોની વિસંગતાને કારણે અક્સ્માત સાબિત થઈ શક્તો નથી.
૧૧. અક્સ્માત દર્શાવતા કારણોનાં દસ્તાવેજો રજુ કરેલા નથી.

-------------

**રાજ્યમાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ અન્વયે ઝડપાયેલા ડૉક્ટરો**

૧૫૦૨૬ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ભ્રૃણ હત્યાના મામલે કોઇ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે કે કેમ,

(૨) રાજ્યના ક્યા ક્યા જીલ્લાઓમાંથી ગેરકાયદે ગર્ભ પરીક્ષણ કરતા કેટલા તબીબો સન ૨૦૦૫માં ઝડપાયા,

(૩) કેટલા ઝડપાયેલાં તબીબો સામે કેસ કરવામાં આવ્યા, અને

(૪) કેટલા સોનોગ્રાફી મશીન જપ્ત કરવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રાજ્યમાં સન ૨૦૦૫ ના વર્ષ દરમિયાન એક પણ તબીબ ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતાં ઝડપાયાં નથી.

(૩) એક પણ તબીબી ઝડપાયાં નથી. તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સને ૨૦૦૫ ના વર્ષમાં એક પણ સોનોગ્રાફી મશીન જપ્ત કરવામાં આવેલ નથી. પરંતુ

પી.એન.ડી.ટી. કાયદાની જોગવાઈઓના ભંગ બદલ સ્થળ પર ૪૬ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવેલ છે.

-------------

**દાંતીવાડા તાલુકાના મુખ્યમથકે નવીન સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા અંગે**

૧૪૫૯૯ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) દાંતીવાડા તાલુકાના મુખ્ય મથક ખાતે નવીન સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવાની કેટલી અરજીઓ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને | (૧) ૨ (બે) |
| (૨) તે અંગે સરકાર દ્વારા કરેલ અથવા કરવા ધારેલ કાર્યવાહીની વિગતો શી છે ? | (૨) વસ્તીના ધોરણે સામુહિક આરોગ્ય કેન્દ્ર મળવાપાત્ર નથી, પરંતુ નવા સામુહિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા કરવા સમયે આવા તાલુકા અંગે વિચારણા કરવામાં આવશે. |

-------------

**ભિલોડા અને શામળાજીના આરોગ્ય કેન્દ્રોના સાધનો અન્ય જ્ગ્યાએ ખસેડવા અંગે**

૧૫૭૫૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યની હોસ્પિટલોમાં ઓરેટ પ્રોજેકટના સાધનોનું મેઈન્ટેનન્સનું કામ કઈ કંપનીને આપેલ છે. | (૧) રેડીયોલોજીને લગતા સાધનોનું મેઈન્ટેનન્સ કામ ફીલીપ્સ ઇલેકટ્રોનીક્સ ઈન્ડીયા લીમીટેડને આપવામાં આવેલ છે. |
| (૨) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા કોટેજ હોસ્પિટલ અને શામળાજી સામુહિક આરોગ્ય ખાતે આવા કેટલા સાધનો છે, | (૨) ઓરેટ પ્રોજેક્ટ હેઠળ કુલ ૯૫ સાધનો આપેલ છે. |
| (૩) આવા સાધનો તા. ૩૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અન્ય જ્ગ્યાએ ખસેડવામાં આવેલ છે કે કેમ, અને | (૩) હા, |
| (૪) જો હા, તો તેના કારણો શાં છે ? | (૪) ભિલોડા ખાતે ફીટલ ડોપ્લરનો વપરાશ ન થતો હોઈ થરા ખાતે જરૂરિયાત હોઈ તબદીલ કરેલ છે. |

-------------

**કચ્છ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની નોંધણી અને રોજગારી**

૧૫૦૩૯ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય રોજગાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા શિક્ષિત બેરોજગાર લોકોની નોંધણી કરવામાં આવી, | (૧) ૭૪૭૮ |
| (૨) તે પેકી કેટલા બેરોજગારોને સરકારી, અર્ધસરકારી અને ખાનગી ઉદ્યોગોમાં રોજગારી મળી, અને | (૨) સરકારી / અર્ધસરકારી / ખાનગી ઉદ્યોગો<br>૪૪ / ૦ / ૦ |
| (૩) તે પેકી કેટલા બેરોજગારો અનુસૂચિત જાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હતા ? | (૩) અનુસૂચિત જાતિ / સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ |

| | | |
|---|---|---|
| વર્ગના હતા ? | ૫ | ૧૯ |

-------------

**ગીર અભ્યારણના વિકાસ અંગે કરેલ ખર્ચ**

૧૪૩૧૪ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન હિંગોળગઢ ખાતેના ગીર અભ્યારણના વિકાસ માટે કેટલી રકમનો ખર્ચ કરવાનું આયોજન કરેલ, અને | (૧) હિંગોળગઢ ખાતે ગીર અભ્યારણનો કોઈ ભાગ આવેલ નથી. જેથી તેના વિકાસ માટે આયોજનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ક્યા ક્યા કામો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કપરાડા તાલુકામાં ૭/૧૨ ના હક્કપત્રક મેળવવા હાડમારીઓ**

૧૪૦૮૬ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ખેડૂતોને કોમ્પ્યુટરાઈઝ સાતબારના હક્કપત્રક મેળવવા માટે ભારે હાડમારીઓ વેઠવી પડે છે તેવી કેટલી ફરિયાદ તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને | (૧) સરકારને તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કોઈ ફરીયાદ મળેલ નથી. |
| (૨) મામલતદાર ક્ચેરીમાં વારંવાર કોમ્પ્યુટર મશીનો બગડી જાય છે જેથી સમયસર હક્કપત્રક મલતા નથી તે અન્વયે સરકારે શી વ્યવસ્થા કરી છે ? | (૨) મામલતદાર ક્ચેરી, કપરાડા ખાતે ઈ-ધરા કેન્દ્ર શરુ થયું ત્યારથી ફક્ત એક વાર કોમ્પ્યુટર મશીન બંધ રહેલ, જે બીજે દિવસે રીપેર કરી નક્લો આપવાની કામગીરી શરુ કરવામાં આવેલ. અત્યારે પણ નિયમિત હક્કપત્રક, ૭/૧૨ અને ૮-અની નક્લો આપવામાં આવે છે. |

-------------

**સુરેન્દ્રનગર શહેરની ગાંધી હોસ્પિટલમાં ખાલી જ્ગાઓ**

૧૬૨૮૬ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) :માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરેન્દ્રનગર શહેરની ગાંધી હોસ્પિટલમાં સેટ અપ પ્રમાણે તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલી જ્ગ્યાઓ ખાલી છે,

જવાબ (૧)

| સંવર્ગ | ખાલી જ્ગ્યા |
|---|---|
| વર્ગ-૧ | ૬ |
| વર્ગ-૩ | ૧૧ |
| વર્ગ-૪ | ૧૧ |
| કુલ : | ૨૮ |

(૨) કેટલા સમયથી, અને

જવાબ (૨) ૩ જ્ગ્યા - ૧૯૯૯ થી જ્યારે અન્ય ૨૫ જ્ગ્યાઓ તા. ૨૬-૩-૦૧ થી તા. ૧-૨-૦૬ દરમ્યાન

(૩) ખાલી જ્ગ્યાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે?

જવાબ (૩) સત્વરે

-------------

**પારડી તાલુકાના આદિવાસીઓની જમીનના કબજા પરત કરવા અંગે**

૧૪૬૦૨ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકાના | (૧) હા, જી. |

ગામોમાં આદિવાસીઓની જમીન સાહુકારો યેનકેન પ્રકારે નજીવી કિંમતે લઇ દસ્તાવેજો કરી જમીનનો કબજો લઈ લે છે, તે સરકાર જાણે છે કે કેમ, અને

(૨) જો હા, તો આવી જમીનો અભણ આદિવાસીઓને પરત અપાવવા માટે કાનુની જોગવાઈ કરવા માંગે છે કે કેમ ?

(૨) કાનુની જોગવાઈ અસ્તિત્વમાં જ હોઈ પ્રશ્ન નથી.

**માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં જમા રકમ અને ચૂકવણી**

૧૩૯૧૬ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં સને ૨૦૦૪-૦૫, ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી રકમ જમા થઈ, અને

(૨) આ જમા થયેલ રકમ પેકી વર્ષવાર કેટલી રકમ રાહત પેટે ચૂકવાઈ ?

**જવાબ**

(૧)

| ૨૦૦૪-૦૫ | ૨૦૦૫-૦૬ |
|---|---|
| ૩૮,૧૮,૬૬,૫૨૮ | ૪૧,૫૭,૩૩,૪૦૪ |

(૨)

| | |
|---|---|
| ૧૮,૬૩,૧૧,૦૪૬ | ૨૯,૫૨,૩૮,૨૭૬ |

-------------

**બારડોલી અને માંડવી તાલુકામાં ગુજરાત પેટર્ન અન્વયે મંજૂર થયેલ કામ અને ખર્ચની વિગત**

૧૫૦૪૧ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં ટ્રાયબલ સબપ્લાન અને ગુજરાત પેર્ટન હેઠળ ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલું નાણાકીય આયોજન થયુ અને કેટલો ખર્ચ થયો,

**જવાબ**

(૧) ટ્રાયબલ સબપ્લાન હેઠળ સંપૂર્ણ તાલુકાવાર આયોજન કરવામાં આવતું નથી. પરંતુ સુરત જિલ્લાના બારડોલી અને માંડવી તાલુકામાં સને ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં ટ્રાયબલ સબપ્લાન હેઠળ ગુજરાત પેટર્ન માટે અંક્તિ કરેલ રકમનું નાણાંકીય આયોજન અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

(રૂપિયા લાખમાં)

| વર્ષ | તાલુકા | મંડળમાં મંજુર થયેલ આયોજન | થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૨૦૦૩-૦૪ | માંડવી | ૬૯૬.૪૨ | ૪૭૪.૪૨ |
| | બારડોલી | ૨૪૮.૫૨ | ૨૭૬.૨૬ |
| ૨૦૦૪-૦૫ | માંડવી | ૮૯૯.૬૬ | ૫૦૦.૦૭ |
| | બારડોલી | ૪૦૧.૮૨ | ૨૮૮.૭૦ |
| ૨૦૦૫-૦૬ | માંડવી | ૭૪૧.૫૩ | ૪૦૭.૫૫ (ડિસ-૦૫ અંતિત) |
| | બારડોલી | ૩૪૦.૨૧ | ૧૬૫.૫૪ (ડિસ-૦૫ અંતિત) |

(૨) તે પેકીના ક્યા ગામે કેટલી રકમનું કામ મંજૂર થયુ અને ક્યું કામ પૂર્ણ થયું, અને

(૩) અધૂરું રહેલ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ગુજરાત પેટર્ન હેઠળ મંજુર થયેલ કામોની ગામવાર વિગતોનું પત્રક સામેલ છે.

(૩) ૧. સને ૨૦૦૩-૦૪ના વર્ષના બારડોલી/માંડવી તાલુકાના કામો પૂર્ણ થયેલ છે.

૨. વર્ષ ૨૦૦૪-૦૫ના વર્ષમાં અને ૨૦૦૫-૦૬ ના વર્ષના બારડોલી અને માંડવી તાલુકાના બાકી કામો નિયત થયેલ સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવશે.

**પત્રક**

**સુરત જીલ્લાના માંડવી અને બારડોલી તાલુકાના ગામોમાં ગુજરાત પેટર્ન હેઠળ સને ૨૦૦૩-૦૪, ૨૦૦૪-૦૫ તેમજ ૨૦૦૫-૦૬ દરમ્યાન સદર/યોજનાવાર મંજૂર થયેલ કામો અને ખર્ચની વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વર્ષ | તાલુકાનું નામ | કામો હાથ ધરેલ ગામોની સંખ્યા | કુલ સદરો/યોજનાઓ | લાભાર્થીની સંખ્યા | મંજુર થયેલ કામોની રકમ (રૂા. લાખમાં) | થયેલ ખર્ચ (રૂા. લાખમાં) | કામોની સ્થિતિ | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | પૂર્ણ | પ્રગતિમાં |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | ૨૦૦૩-૦૪ | માંડવી | ૬૩ | ૨૦ | ૩૦૯૦ | ૪૭૪.૪૨ | ૪૭૪.૪૨ | પૂર્ણ | - |
| | | બારડોલી | ૩૯ | ૧૭ | ૧૪૯૭ | ૨૭૬.૨૬ | ૨૭૬.૨૬ | પૂર્ણ | - |
| ૨ | ૨૦૦૪-૦૫ | માંડવી | ૭૪ | ૨૨ | ૨૮૭૯ | ૫૦૦.૦૭ | ૫૦૦.૦૭ | ૧૯ સદરો હેઠળ | ૩ સદરો હેઠળ |
| | | બારડોલી | ૪૬ | ૨૨ | ૦૯૫૩ | ૨૮૮.૭૦ | ૨૮૮.૭૦ | ૨૦ સદરો હેઠળ | ૨ સદરો હેઠળ |
| ૩ | ૨૦૦૫-૦૬ | માંડવી | ૮૧ | ૨૦ | ૩૪૮૭ | ૪૦૭.૫૫ | ૪૦૭.૫૫ | ૩ સદરો હેઠળ | ૧૭ સદરો હેઠળ |
| | | બારડોલી | ૬૨ | ૧૫ | ૦૮૫૦ | ૧૬૫.૫૪ | ૧૬૫.૫૪ | ૨ સદરો હેઠળ | ૧૩ સદરો હેઠળ |

-------------

## કચ્છ જિલ્લાની પાંજરાપોળને મળતી સબસીડી

૧૪૫૯૭ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લાની પાંજરાપોળને અપાનાર સબસીડીની રકમમાંથી કેન્દ્ર સરકાર ધ્વારા અપાયેલ ખાસ સહાયની રકમ કાપી લેવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો પશુદીઠ નકકી કરાયેલ સબસીડીની રકમ પેકી કઈ કઈ પાજરાપોળની કેટલી રકમ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ગત ત્રણ વર્ષમાં કાપી લેવામાં આવી છે, અને

(૩) જો ના, તો ૨૦૦૩ના અછત પૂરી થવાની તારીખ સુધીમાં કચ્છ જિલ્લાની પાંજરાપોળને કેટલા ઢોર સામે ચુકવવાની થતી સબસીડીની કેટલી રકમ સામે કઈ તારીખે કેટ કેટલું ચુકવણું કર્યુ ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા અપાયેલ ખાસ સહાયની કોઇ રકમ કાપી લેવાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) સામેલ પત્રક-અ મુજબ.

-------------

## કચ્છ જિલ્લાની પાંજરાપોળને મળતી સબસીડી

**પત્રક - અ**

| ક્રમ | તાલુકાનું | પાંજરાપોળ / ગોશાળાનું | પ્રતિ ઢોરના રૂા. | કેન્દ્ર સરકાર / રાજ્ય | ચુકવણાની | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|

| | નામ | નામ | ૧૦/- પ્રમાણે નિયમાનુસાર ચુકવવા પાત્ર રકમ | સરકાર તરફથી ચુકવવામાં આવેલ સહાયની રકમ | તારીખ | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ભૂજ | મોટી રૂદ્રાણી પાંજરાપોળ, રૂદ્રમાતા | ૨૦૭૭૨૯૦ | ૨૦૭૭૨૯૦ | ૧૦-૭-૦૩ | |
| ૨ | | યદુનંદન ગોશાળા, સુમરાસર શેખ | ૭૪૪૦૦૦ | ૭૪૪૦૦૦ | ૨૨-૧૦-૦૩ | |
| ૩ | | ઢોરી પાંજરાપોળ ગોશાળા, ઢોરી | ૮૩૨૯૪૦ | ૮૩૨૯૪૦ | ૬-૯-૦૩ | |
| ૪ | | કોટાય ગોશાળા, કોટાય | ૨૪૯૩૭૦ | ૨૪૯૩૭૦ | ૨૩-૭-૦૩ | |
| ૫ | | મેકરણદાદા ગોશાળા, ધ્રંગ | ૧૧૫૭૪૦ | ૧૧૫૭૪૦ | ૩-૭-૦૩ | |
| ૬ | | હરિક્રિષ્ણ નિરાધાર ગોરક્ષણ, નારાણપર | ૨૫૫૮૯૦ | ૨૫૫૮૯૦ | ૯-૭-૦૩ | |
| ૭ | | માધાપર ગોરક્ષણ ટ્રસ્ટ, માધાપર | ૨૧૧૮૮૦ | ૨૧૧૮૮૦ | ૩-૭-૦૩ | |
| ૮ | | મેઘપર ગોરક્ષણ ટ્રસ્ટ, મેઘપર | ૭૨૫૦૦ | ૭૨૫૦૦ | ૧૫-૭-૦૩ | |
| ૯ | | માનકુવા ગોરક્ષણ સંસ્થા, માનકુવા | ૧૩૧૪૪૦ | ૧૩૧૪૪૦ | ૧૬-૯-૦૩ | |
| ૧૦ | | ગોડપર લેવા પટેલ પાંજરાપોળ | ૯૬૬૪૦ | ૯૬૬૪૦ | ૪-૯-૦૩ | |
| ૧૧ | | લોડાઇ પાંજરાપોળ/ગોશાળા, લોડાઇ | ૭૨૯૦૦ | ૭૨૯૦૦ | ૧૬-૯-૦૩ | |
| ૧૨ | | સુખપર ગોરક્ષણ સંસ્થા, સુખપર | ૬૯૮૮૦ | ૬૯૮૮૦ | ૧૯-૭-૦૩ | |
| ૧૩ | | માલધારી ગોશાળા/પાંજરાપોળ ચેરીટેબલ ટ્રસ્ટ, સુમરાસર શેખ | ૫૮૪૪૦૦ | ૫૮૪૪૦૦ | ૨૦-૯-૦૫ | |
| ૧૪ | મુંદરા | લુણી પાંજરાપોળ | ૩૨૭૦૨૦ | ૩૨૭૦૨૦ | ૧૧-૫-૦૩ | |
| ૧૫ | | રતાડીયા પાંજરાપોળ | ૪૪૪૭૮૦ | ૪૪૪૭૮૦ | ૧૧-૫-૦૩ | |
| ૧૬ | | ભુજપુર પાંજરાપોળ | ૧૨૭૨૪૯૦ | ૧૨૭૨૪૯૦ | ૧૧-૫-૦૩ | |
| ૧૭ | | પ્રાગપર પાંજરાપોળ | ૭૬૧૫૪૦ | ૭૬૧૫૪૦ | ૧૧-૫-૦૩ | |
| ૧૮ | | ગુંદાલા પાંજરાપોળ | ૨૨૩૮૪૦ | ૨૨૩૮૪૦ | ૧૧-૫-૦૩ | |
| ૧૯ | | વડાલા પાંજરાપોળ | ૫૬૫૩૨૦ | ૫૬૫૩૨૦ | ૧૧-૫-૦૩ | |
| ૨૦ | | મુંદરા પાંજરાપોળ | ૧૨૨૫૪૯૦ | ૧૨૨૫૪૯૦ | ૧૧-૫-૦૩ | |
| ૨૧ | | મોટા કાંડાગરા પાંજરાપોળ | ૩૧૫૪૧૦ | ૩૧૫૪૧૦ | ૧૧-૫-૦૩ | |
| ૨૨ | અંજાર | દાદામદાદા પ્રેરિત પાંજરાપોળ, માથક | ૨૧૩૯૦૦ | ૨૧૩૯૦૦ | ૧૭-૫-૦૩ | |
| ૨૩ | | ખેડોઇ ગોશાળા પાંજરાપોળ | ૧૦૩૨૫૦ | ૧૦૩૨૫૦ | ૧૭-૫-૦૩ | |
| ૨૪ | | નગાવલાડીયા ગોશાળા | ૯૬૧૦૦ | ૯૬૧૦૦ | ૧૭-૫-૦૩ | |
| ૨૫ | ભચાઉ | લાકડીયા પાંજરાપોળ, લાકડીયા | ૫૮૧૯૭૭૦ | ૫૮૧૯૭૭૦ | ૨૨-૫-૦૩ | |
| ૨૬ | | અધોઇ પાંજરાપોળ | ૯૮૪૯૦૨૦ | ૯૮૪૯૦૨૦ | ૨૨-૫-૦૩ | |
| ૨૭ | | મનફરા પાંજરાપોળ | ૭૦૩૬૫૫૦ | ૭૦૩૬૫૫૦ | ૨૨-૫-૦૩ | |
| ૨૮ | | વોંધ પાંજરાપોળ | ૨૨૩૩૦૪૦ | ૨૨૩૩૦૪૦ | ૨૨-૫-૦૩ | |
| ૨૯ | રાપર | વરરુ ગોશાળા, રાપર | ૨૫૨૯૬૦ | ૨૫૨૯૬૦ | ૨૪-૫-૦૩ | |
| ૩૦ | | ત્રંબો પાંજરાપોળ | | | | હિંગળાજ ટ્રસ્ટની ત્રંબો પાંજરાપોળને રૂા. ૩૭૦૮૪૫/- નો ડી.ડી. ગેરરીતીને કારણે આપવામાં આવેલ નથી. |
| ૩૧ | | મમાયમોરા ગોશાળા | ૩૨૭૨૫૦ | ૩૨૭૨૫૦ | ૨૪-૫-૦૩ | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૨ | | રવેચી ગોશાળા | ૧૨૦૪૧૧૦ | ૧૨૦૪૧૧૦ | ૨૪-૫-૦૩ | |
| ૩૩ | | પદમપર ગોશાળા | ૫૮૫૭૦૦ | ૫૮૫૭૦૦ | ૨૪-૫-૦૩ | |
| ૩૪ | | જીવદયા મંડળ, રાપર ત્રંબોવિડી વિસ્તાર ડાભુંડાં પાંજરાપોળ | ૧૩૦૭૬૨૦ ૧૪૩૪૧૧૦ | ૧૩૭૬૨૦ ૧૪૩૪૧૧૦ | ૨૪-૫-૦૩ | |
| ૩૫ | | આડેસર પાંજરાપોળ | ૩૫૨૧૬૦ | ૩૫૨૧૬૦ | ૨૪-૫-૦૩ | |
| ૩૬ | નલીયા | પાંજરાપોળ, ગોશાળા ચેરીટેબલ ટ્રસ્ટ, નલીયા | ૭૯૦૫૦ | ૭૯૦૫૦ | ૧૫-૬-૦૩ | |
| ૩૭ | | કચ્છ ભાનુશાલી સંત ઓવધરામ, રાતા તળાવ | ૨૪૨૩૨૦ | ૨૪૨૩૨૦ | ૧૫-૬-૦૩ | |
| ૩૮ | | સાંધાણ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગોશાળા | ૭૦૨૨૦ | ૭૦૨૨૦ | ૧૫-૬-૦૩ | |
| ૩૯ | | જખૌ પાંજરાપોળ | ૭૩૧૩૦ | ૭૩૧૩૦ | ૧૫-૬-૦૩ | |
| ૪૦ | | તેરા પાંજરાપોળ | ૭૮૯૦૦ | ૭૮૯૦૦ | ૧૫-૬-૦૩ | |
| ૪૧ | | કોઠારા પાંજરાપોળ | ૧૦૭૨૮૦ | ૧૦૭૨૮૦ | ૧૫-૬-૦૩ | |
| ૪૨ | | રાજેન્દ્રબાગ પાંજરાપોળ ટ્રસ્ટ, ભેદી | ૮૭૪૮૦ | ૮૭૪૮૦ | ૧૫-૬-૦૩ | |
| ૪૩ | | સુથરી પાંજરાપોળ | ૧૪૮૦૪૦ | ૧૪૮૦૪૦ | ૧૫-૬-૦૩ | |
| ૪૪ | નખત્રાણા | નખત્રાણા ગોસેવા કેન્દ્ર | ૮૦૭૩૧૦ | ૮૦૭૩૧૦ | ૧૬-૫-૦૩ | |
| ૪૫ | | નખત્રાણા પાટીદાર સેવા સંઘ, મથલ | ૬૪૭૫૬૦ | ૬૪૭૫૬૦ | ૧૬-૫-૦૩ | |
| ૪૬ | દયાપાર | સર્વ સેવા પારાયણ ટ્રસ્ટ, કેયારી | ૧૫૬૫૩૬૦ | ૧૫૬૫૩૬૦ | ૧૬-૬-૦૩ | |
| ૪૭ | | અન્ન ક્ષેત્ર નારાયણ સરોવર ટ્રસ્ટ | ૩૬૩૭૭૦ | ૩૬૩૭૭૦ | ૧૬-૬-૦૩ | |
| ૪૮ | માંડવી | બિદડા પાંજરાપોળ બિદડા | ૯૭૯૫૮૦ | ૯૭૯૫૮૦ | ૧૮-૬-૦૩ | |
| ૪૯ | | દુર્ગાપર પાજરાપોળ | ૧૪૧૫૧૦ | ૧૪૧૫૧૦ | ૧૮-૬-૦૩ | |
| ૫૦ | | આશાપુરા માતાજી ગોશાળા નાના રતાડીયા | ૬૨૦૦૦ | ૬૨૦૦૦ | ૧૮-૬-૦૩ | |
| ૫૧ | | માંડવી પાંજરાપોળ, માંડવી | ૧૩૭૨૬૦૦ | ૧૩૭૨૬૦૦ | ૧૮-૬-૦૩ | |
| | | કુલ :- | | | | |

## આરોગ્ય કેન્દ્રો ખાનગી સંસ્થાઓને સોંપવા અંગે

૧૪૬૦૬ **શ્રીમતી રમીલાબેન ર. દેસાઈ (ખેરાલુ) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલ પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોની આરોગ્ય સેવાઓને સરકાર ખાનગી સંસ્થાઓને સોંપવા માગે છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આવી આરોગ્યની સેવાઓ ભૂતકાળમાં કોઈ ખાનગી સંસ્થાઓને સોંપવામાં આવેલ છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) આવી આરોગ્યની સેવાઓને ખાનગી સંસ્થાઓને ન સોંપવા અંગે કોઈ ભલામણો મળેલ છે કે કેમ ? | (૩) હા, જી. |

## સુરત જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવા માટે મળેલ અરજીઓની સંખ્યા

૧૫૭૩૧**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં અને શહેરમાં તા. ૧-૧-૦૪ થી તા. ૩૧-૧૨-૦૪ તથા ૧-૧-૦૫ થી ૩૧-૧૨-૦૫ સુધીમાં નવી શરતમાંથી જૂની શરત માટેના તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | તા.૧-૧-૦૪થી તા. ૩૧-૧૨-૦૪ સુધીમાં આવેલ અરજીઓ | તા.૧-૧-૦૫થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં આવેલ અરજીઓ |
|---|---|---|
| સીટી | ૦૦ | ૦૦ |
| ચોર્યાસી | ૪૯ | ૩૬ |
| પલસાણા | ૦૮ | ૦૮ |
| કામરેજ | ૮૩ | ૯૦ |
| ઓલપાડ | ૮૮ | ૪૫ |
| માંડવી | ૫૧ | ૧૧૧ |
| માંગરોળ | ૧૨ | ૧૩ |
| ઉમરપાડા | ૦૦ | ૮૪ |
| મહુવા | ૩૧૭ | ૦૭ |
| વાલોડ | ૭૧ | ૦૩ |
| વ્યારા | ૨૧૪ | ૨૮ |
| બારડોલી | ૫૯૦ | ૧૬ |
| સોનગઢ | ૮૩૯ | ૦૦ |
| ઉચ્છલ | ૦૬ | ૦૩ |
| નિઝર | ૨૯ | ૧૦ |
| કુલ : | ૨૩૫૭ | ૪૫૪ |

(૨) તે પેકી કેટલી અરજીઓનો તાલુકાવાર નિકાલ કરવામાં આવેલ છે ?

(૨)

| તાલુકાનું નામ | નિકાલ કરેલ અરજીઓ | |
|---|---|---|
| | ૨૦૦૪ | ૨૦૦૫ |
| સીટી | ૦૦ | ૦૦ |
| ચોર્યાસી | ૪૮ | ૩૬ |
| પલસાણા | ૦૬ | ૦૮ |
| કામરેજ | ૮૩ | ૯૦ |
| ઓલપાડ | ૮૮ | ૪૫ |
| માંડવી | ૫૧ | ૧૧૧ |
| માંગરોળ | ૧૨ | ૧૩ |
| ઉમરપાડા | ૦૦ | ૫૪ |
| મહુવા | ૨૦૨ | ૦૭ |
| વાલોડ | ૬૦ | ૦૩ |
| વ્યારા | ૧૯૦ | ૨૮ |
| બારડોલી | ૨૧૪ | ૧૬ |
| સોનગઢ | ૩૯૪ | ૦૦ |
| ઉચ્છલ | ૦૬ | ૦૩ |
| નિઝર | ૧૩ | ૧૦ |
| કુલ : | ૧૩૬૭ | ૪૨૪ |

----------

## સરકારી દવાખાનાઓમાં ખાનગી ડૉક્ટરોની સેવાઓની છૂટ આપવા અંગે

૧૫૭૫૧ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાજેતરમાં રાજ્ય સરકારે સરકારી દવાખાના અને હોસ્પિટલોમાં ખાનગી ડૉક્ટરોની સેવા લેવાનો અને સરકારી નોકરી કરતા ડૉક્ટરોને ખાનગી પ્રેક્ટીસ કરવાની છૂટ આપવાનો નિર્ણય કર્યો છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો તેની વિગતો શું છે અને તેનો અમલ ક્યારથી કરવામાં આવનાર છે ?

**જવાબ**

(૧) સરકારી દવાખાના અને હોસ્પિટલોમાં તજજ્ઞ ડોકટરોની સેવાઓ નિઃશુલ્ક સમયદાનથી, માનદ્ વેતનથી ફીક્સ પગારથી તથા પાર્ટટાઈમના ધોરણે લેવામાં આવે છે.

સરકારી નોકરી કરતાં ડોકટરોને ખાનગી પ્રેક્ટીસ કરવાની છૂટ આપવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## ભૂજ ખાતેની હોસ્પિટલમાં ખાલી જગાઓ

૧૫૭૧૩ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભૂજ ખાતેની જી.કે.જનરલ હોસ્પિટલમાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ કઇ કઇ જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ભરવા માટે સરકારે શાં પગલાં લીધાં છે ?

**જવાબ**

(૧)

| ક્ર | જગ્યાનું નામ | જગ્યા |
|---|---|---|
| ૧ | ફીઝીશીયન વર્ગ-૧ | ૧ |
| ૨ | ઓર્થોપેડીક સર્જન વર્ગ-૧ | ૧ |
| ૩ | રેડીયોલોજીસ્ટ વર્ગ-૧ | ૧ |
| ૪ | બાયોકેમીસ્ટ વર્ગ-૨ | ૧ |
| ૫ | સીનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૧ |
| ૬ | જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ | ૩ |
| ૭ | લેબ.ટેક્નીશીયન વર્ગ-૩ | ૨ |
| ૮ | એક્સ-રે ટેક્નીશીયન વર્ગ-૩ | ૩ |
| ૯ | મેન્ટલ હેલ્થ વર્કર વર્ગ-૩ | ૧ |
| ૧૦ | ઈ.સી.જી. ટેક્નીશીયન વર્ગ-૩ | ૧ |
| ૧૧ | મેશ્યોર વર્ગ-૩ | ૧ |
| ૧૨ | ફીઝીયોથેરાપીસ્ટ વર્ગ-૩ | ૪ |
| ૧૩ | હેડ નર્સ વર્ગ-૩ | ૫ |
| ૧૪ | સ્ટાફ નર્સ વર્ગ-૩ | ૮ |
| ૧૫ | એક્સ રે આસીસ્ટન્ટ વર્ગ-૩ | ૧ |

(૨) તજજ્ઞોની જગા ભરવા માટે દર મંગળવારે વોક-ઈન-ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે. તેમજ પી.જી. બોન્ડેડ ઉમેદવારના લીસ્ટમાંથી નિમણુંક આપવામાં આવે છે. હેડ નર્સની ખાલી જગા બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ છે. અન્ય ખાલી જગાઓ ભરવા જી.કે. જનરલ હોસ્પીટલ સોસાયટી દ્વારા અવારનવાર દૈનિક પેપરમાં જાહેરાત આપીને ઈન્ટરવ્યુ ગોઠવવામાં આવે છે.

-------------

## મહેસાણા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની ખાલી જગાઓ

૧૪૬૧૧ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૨૦૦૫ અંતિત મહેસાણા જિલ્લાના કેટલા આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોની

**જવાબ**

(૧) ડિસેમ્બર ૨૦૦૫ અંતિત મહેસાણા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ડોકટરોની ખાલી જગ્યાઓની વિગતો

જગાઓ ખાલી છે, અને

નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગનું નામ | ખાલી જગ્યાની સંખ્યા | આરોગ્ય કેન્દ્રનું નામ | આરોગ્ય કેન્દ્રની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૧ | ૭ | સામુહિકઆરોગ્ય કેન્દ્ર | ૩ |
| ૨ | વર્ગ-૨ | ૨ | સામુહિકઆરોગ્ય કેન્દ્ર | ૨ |
| | | ૭ | પ્રાથમિકઆરોગ્ય કેન્દ્ર | ૭ |

(૨) સરકાર આ જગ્યાઓ ક્યારે ભરવા માંગે છે ?

(૨) અધિક્ષક વર્ગ-૧ તથા તબીબી અધિકારી, વર્ગ-૨ની ખાલી જગ્યાઓ ભરવા દર મંગળવારે કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગર તેમજ વિભાગીય નાયબ નિયામકશ્રી આરોગ્ય અને તબીબી સેવાઓની કચેરી ખાતે વોક-ઈન-ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તેમજ રાજ્ય હસ્તકની તબીબી કોલેજોમાંથી કરારબધ્ધ તબીબી સ્નાતક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફત પસંદ થયેલ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તુરત જ.

-------------

## ભરૂચ જિલ્લામાં જમીન બિન ખેતીમાં ફેરવવા કિસ્સાઓ

૧૩૯૭૬ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા કિસ્સાઓમાં બિન ખેતીના હેતુ માટે જમીન ખેતીમાંથી બિન ખેતીમાં ફેરવવામાં આવી ?

**જવાબ**

૬૬ કિસ્સામાં

-------------

## બિન નિવાસી ગુજરાતીઓના હિતાર્થે મંત્રીમંડળનો પ્રવાસ

૧૪૭૫૨ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય બિન-નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બિન-નિવાસી ગુજરાતીઓના હિતાર્થે તાજેતરમાં રાજ્ય મંત્રીમંડળની પરિષદના સભ્યોએ પ્રવાસ ખેડયો હતો તે હકીક્ત સાચી છે,

(૨) આ પ્રવાસની ફલસ્વરૂપે શું ભલામણો કરવામાં આવી છે, અને

(૩) તેના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી રહેલ છે ?

**જવાબ**

(૧) હા

(૨) આ પ્રવાસ દરમ્યાન રેલ્વે, નાગરિક ઉડ્ડયન વાહન વ્યવહાર પ્રવાસન આંતર રાજ્ય મુસાફરી દરમ્યાન સલામતી વ્યવસ્થા માર્ગ વ્યવહાર વિગેરે અંગેની રજુઆતો/ભલામણો મળી છે.

(૩) ભલામણોના અમલીકરણ માટે ઉચિત કાર્યવાહી હાથ ધરવા સંબંધિતોને જણાવવામાં આવ્યું છે.

-------------

**ડાંગ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

૧૩૯૨૬ **શ્રી માધુભાઈ જે. ભોયે(ડાંગ-વાંસદા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલી જ્ગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) સંવર્ગવાર ખાલી જગાઓ.

| | સંવર્ગનું નામ | ખાલી જ્ગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૨ | ૧ | તા. ૨૩-૧-૦૬ |
| | વર્ગ-૩ | ૧૩ | તા. ૧-૪-૮૯ થી તા. ૧-૯-૦૫ દરમ્યાન તા. ૧-૪-૯૬થી તા. ૧-૧૧-૯૯ |
| | વર્ગ-૪ | ૨ | |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | વર્ગ-૧ | ૧ | તા. ૧૬-૪-૦૧ |
| | વર્ગ-૨ | ૦ | -- |
| | વર્ગ-૩ | ૭ | તા. ૧૬-૪-૦૧ |
| | વર્ગ-૪ | ૧૦ | તા. ૧૬-૪-૦૧ |

(૨) આ ખાલી જ્ગ્યાઓ ભરવા સરકારે શું કાર્યવાહી કરી ?

(૨) (૧) વર્ગ-૧ તથા વર્ગ-૨ની જ્ગ્યાઓ નિયમિત તેમજ એડહોક ધોરણે ભરવા ઉપરાંત વોક-ઈન-ઈન્ટરવ્યુથી ભરવા પ્રયત્ન ર્ક્યા.

(૨) વર્ગ-૩ તથા વર્ગ-૪ ની જ્ગ્યાઓ ભરવા કાર્યવાહી ગતિમાં છે.

(૩) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની વર્ગ-૩ અને વર્ગ-૪ ની જ્ગ્યાઓ ભરવા સબંધિત જીલ્લા પંચાયત ધ્વારા કાર્યવાહી કરવામાં આવે છે.

-------------

**કચ્છ જિલ્લામાં માજી સેનિકોને ફાળવેલ જમીનના કબજા અંગે**

૧૪૭૫૮ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સરકારના નિયમ મુજબ કલેકટરશ્રીએ ભલામણ કરેલ કેટલી જમીનની અરજીઓ મંજૂર કરી તેના પ્રત્યક્ષ કબજા માજી સેનિકોને આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૩) ૩ (ત્રણ)

(૨) જે સેનિકોને જમીનનો કબજો આપવામાં આવ્યો હોય તે માજી સેનિકો ક્યા ક્યા તાલુકાના છે, તેમજ તેમને કેટલી જમીન આપવામાં આવી ?

(૨)

| તાલુકો-જિલ્લો | ક્ષેત્રફળ |
|---|---|
| ૧. તા. તળાજા જી. ભાવનગર | ૧૦૦ ચો.મી. |
| ૨. તા. માળિયામિયાણા જી. રાજકોટ | ૨૦૦ ચો.મી. |
| ૩. તા. મોરબી જી. રાજકોટ | ૧૦૦ ચો.મી. |

-------------

**જુનાગઢ જિલ્લાની ફોજદારી કોર્ટમાં પડતર કેસો**

૧૩૮૪૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય ન્યાયતંત્ર (કાયદા) મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં આવેલ ફોજદારી કોર્ટોમાં તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા કેસોનો ભરાવો થયેલ છે,

(૨) તે પૈકી કેટલા કેસો ત્રણ વર્ષ કે તેથી વધુ વર્ષના પડતરમાં છે, અને

(૩) આવા કેસોનો ઝડપી નિકાલ લાવવા સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) (અ) એપેલેટ કોર્ટ--૧૪૦૭ કેસો
(બ) તાબાની કોર્ટો--૯૯૩૬૩ કેસો
કુલ : ૧૦૦૭૭૦ કેસો

(૨) પડતર કેસોની સંખ્યા

| | ૩ વર્ષ | ૩ વર્ષથી વધુ વર્ષ | |
|---|---|---|---|
| (અ) એપેલેટ કોર્ટ | ૮૯૩ | ૫૧૪ | કેસો |
| (બ) તાબાની કોર્ટો | ૪૭૫૮૦ | ૫૧૭૮૩ | કેસો |
| કુલ : | ૪૮૪૭૩ | ૫૨૨૯૭ | કેસો |
| | કુલ : ૧૦૦૭૭૦ | | |

(૩) (૧) પડતર કેસોના નિકાલ અંગેની કાર્યવાહી ગુજરાત હાઇકોર્ટ કરે છે.

(૨) ફાસ્ટ ટ્રેક કોર્ટોની સ્થાપના, ન્યાયમૂર્તિઓની ખાલી જગ્યાઓ ભરવા સહીતના લોક અદાલતો દ્વારા પડતર કેસોના ઝડપી નીકાલ માટેના પગલાં ગુજરાત હાઇકોર્ટે ભર્યા છે.

-------------

## ધારી બગસરા તાલુકામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ

૧૪૨૧૬ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ધારી-બગસરા તાલુકામાં પ્રાથમિક અને સામુહિક કેન્દ્રોમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) મંજૂર થયેલ મહેકમ પૈકી કેટલી ખાલી જગાઓ છે, અને

(૩) આ જગાઓ સરકાર ક્યારે ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) કોઇ નવું સંવર્ગવાર મહેકમ મંજુર થયેલ નથી.

(૨) ઉપરની હકીકતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉપરની હકીકતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

## કડી તાલુકામાં કાળીયારના મરણ અને આશ્રયસ્થાનો

૧૪૩૬૪ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગત ચોમાસા દરમિયાન થયેલ અતિવૃષ્ટિ તેમજ નર્મદા કેનાલમાં પડેલ ગાબડાને કારણે વહી ગયેલા પાણીમાં કડી તાલુકામાં કેટલા કાળીયારના મરણ થયા,

(૨) અતિવૃષ્ટિને કારણે થતા કાળીયારના મરણ અટકાવવા કાળીયારને સુરક્ષિત આશ્રય સ્થાનો ઉભા કરવા સરકારે શું પગલાં ભર્યા,

(૩) કાળીયારની ગણતરી છેલ્લે કડી તાલુકામાં ક્યારે કરવામાં આવી, અને

(૪) કેટલા કાળીયાર તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ કડી તાલુકામાં છે ?

**જવાબ**

(૧) કાળીયારના મરણ થયેલ નથી.

(૨) જુદા જુદા ૬ સ્થળોએ માટીના પાળા કરી આશ્રય સ્થાન બનાવવામાં આવેલ છે.

(૩) કાળીયારની વસ્તીનો અંદાજ કડી તાલુકામાં મે-૨૦૦૫માં કરવામાં આવેલ હતો.

(૪) માહે મે-૨૦૦૫ની વસ્તી અંદાજમાં કુલ ૬૬૧૦ કાળીયાર કડી તાલુકામાં જણાયેલ હતા.

-------------

**રાજકોટ સ્ટેમ્પ ડ્યુટીની કચેરીમાં અધિકારીની ખાલી જગાએ નિમણૂંક**

૧૫૦૨૭ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ સ્ટેમ્પ ડયુટી કચેરીમાં તા.૩૧-૧-૦૬ ની સ્થિતિએ છેલ્લા ઘણા સમયથી કાયમી અધિકારીની જગ્યા કયા કારણસર ખાલી છે,

(૨) વહેલામાં વહેલી આ જગ્યા ક્યારે ભરવામાં આવશે, અને

(૩) જગ્યા ખાલી હોવાને લીધે અરજદારોને પારાવાર મુશ્કેલી પડી રહી છે તે બાબત સરકારના ધ્યાન પર છે કે કેમ ?

**જવાબ**

(૧) નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી (ગ્રામ્ય)ની જગ્યા વહીવટી કારણોસર ખાલી છે.

(૨) શક્ય તેટલી વહેલામાં વહેલી તકે ભરવામાં આવશે.

(૩) ના જી.

-------------

**પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલના સંચાલન અંગે**

૧૪૬૦૦ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલનું સંચાલન ખાનગી ટ્રસ્ટ/સ્વૈચ્છિક સંસ્થાને સુપ્રત કરવા અંગે સરકારને છેલ્લા તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ બે વર્ષમાં કેટલી અરજીઓ મળી, કોના તરફથી,

(૨) ઉપરોક્ત બાબતે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) આ બાબત હાલમાં ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) એક અરજી,
વોકાર્ડ હોસ્પિટલ લીમીટેડ તરફથી.

(૨) દરખાસ્તની વિગતો ચકાસવામાં આવી રહી છે.

(૩) ચકાસણી હેઠળ છે.

-------------

**સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉકટરોની ઘટ**

૧૫૭૫૫ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્ર અને સિવિલ હોસ્પિટલોમાં વર્ગ પ્રમાણે ડૉકટરોની તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલી ઘટ છે કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ ડૉકટરોની ઘટ નીચે મુજબ છે.

| કેન્દ્રનું નામ | વર્ગ-૧ | કેટલા સમયથી | વર્ગ-૨ | કેટલા સમયથી |
|---|---|---|---|---|
| પ્રથમિક આરોગ્ય કેન્દ્ર | - | - | ૭ | તા.૯-૮-૦૫થી તા.૩૦-૧-૦૬ના સમયગાળા દરમ્યાનથી |
| સામુહિક આરોગ્ય કેન્દ્ર | ૧૦ | ૨-૫-૯૨થી ૨૧-૧૦-૦૫ના સમયગાળા દરમ્યાનથી | ૮ | તા.૧૭-૧-૦૫થી તા.૨૧-૧-૦૬ના સમયગાળા દરમ્યાનથી |
| સિવિલ હોસ્પિટલ | - | - | - | - |

(૨) આ ઘટ પૂર્ણ કરવા સરકારનું શું આયોજન છે?

(૨) અધિક્ષક, વર્ગ-૧ અને તબીબી અધિકારી, વર્ગ-૨ની ખાલી જગ્યા ભરવા અંગે દર મંગળવારે

કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય), ગાંધીનગરની તેમજ વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી ખાતે વોક-ઇન-ઇન્ટરવ્યુનું આયોજન કરવામાં આવે છે. તેમાં યોગ્ય લાયકાત ધરાવતાં ઇચ્છુક ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તેમજ રાજ્યની મેડીકલ કોલેજોમાંથી કરારબધ્ધ તબીબી સ્નાતકો ઉપલબ્ધ થયેથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે પસંદ થયેલ ઉમેદવારો ઉપલબ્ધ થયેથી તુરત જ.

-------------

**રાજકોટ જિલ્લામાં ગામતળ નીમ કરવાના પ્રકરણો**

૧૪૩૨૮ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ એક વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ગામતળ નીમ કરવાના કેટલા પ્રકરણો રજૂ થયા,

(૨) તે પૈકીના જસદણ તાલુકાના કેટલા ગામના ગામ તળના પ્રકરણોની અપ-સેટ પ્રમાણે પ્રાઇસ નક્કી કરી ગામને ગામતળ સોંપવામાં આવ્યા, અને

(૩) બાકીનાને કેટલા સમયમાં પૂર્ણ કાર્યવાહી કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પત્રક-૧ મુજબ.

(૨) ત્રણ.

(૩) બનતી ત્વરાએ.

પત્રક-૧

| ક્રમ | તાલુકો | રજુ થયેલ પ્રકરણોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજકોટ શહેર | -- |
| ૨ | લોધીકા | -- |
| ૩ | રાજકોટ તાલુકો | ૧૭ |
| ૪ | જસદણ | ૯ |
| ૫ | કોટડા-સાંગાણી | ૧ |
| ૬ | મોરબી | ૬ |
| ૭ | ટંકારા | ૪ |
| ૮ | વાંકાનેર | -- |
| ૯ | માળીયા-મીયાણા | -- |
| ૧૦ | પડધરી | -- |
| ૧૧ | ગોંડલ | ૮ |
| ૧૨ | જેતપુર | ૪ |
| ૧૩ | ધોરાજી | ૩ |
| ૧૪ | જામકંડોરણા | ૪ |
| ૧૫ | ઉપલેટા | -- |

-------------

**વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગાઓ**

૧૪૬૦૩ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧)

| ક્રમ | સંવર્ગ | જગ્યા | ક્યારથી ખાલી |
|---|---|---|---|
| ૧ | રેડીયોલોજીસ્ટ | ૧ | ૧૯૯૮ થી |
| ૨ | ફીઝીશીયન | ૧ | તા. ૨૩-૬-૦૩ |
| ૩ | તબીબી અધિકારી | ૨ | તા. ૨૫-૭-૦૫ |
| ૪ | જુનીયર ક્લાર્ક | ૧ | તા. ૨૮-૫-૦૫ |
| ૫ | એક્સરે આસી. | ૧ | તા.૨૯-૧૨-૦૪ |
| ૬ | લેબ. ટેક્નીશીયન | ૧ | તા. ૧૫-૩-૦૫ |
| ૭ | જુ. ફાર્માસીસ્ટ | ૧ | તા. ૨૮-૪-૦૫ |
| ૮ | એલ.એચ.વી. | ૧ | તા. ૧-૧-૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૮ | એલ.એચ.વી. | ૧ | તા. ૧-૧-૦૨ |
| ૯ | ફીઝીયોથેરાપીસ્ટ | ૧ | તા.૨૩-૩-૨૦૦૦ |
| ૧૦ | વોર્ડ બોય | ૧ | તા. ૨-૧૨-૦૨ |

(૨) ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા આયોજન છે ?

(૨) સત્વરે.

-------------

**ખેડા અને આણંદ કલેકટર કચેરીમાં તુમાર નિકાલ ઝુંબેશ**

૧૩૯૧૭ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા અને આણંદ કલેકટર કચેરીમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલા મહેસૂલ તુમારોનો ભરાવો થયેલ છે, અને

(૨) તુમાર નિકાલ ઝુંબેશ અન્વયે સત્વરે કાર્યવાહી હાથ ધરવા શી વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) કલેકટરશ્રી, ખેડાની કચેરીમાં વર્ષ : ૨૦૦૪માં ૨૪૬૬ અને વર્ષ : ૨૦૦૫માં ૫૩૨૬ તથા કલેકટરશ્રી, આણંદની કચેરીમાં વર્ષ : ૨૦૦૪માં ૩૬૬૪ અને વર્ષ : ૨૦૦૫માં ૩૯૧૪ તુમારોનો ભરાવો થયેલ છે.

(૨) કલેકટરશ્રી, ખેડાની કચેરીમાં વર્ષ : ૨૦૦૪માં ૨૨૫૪ તુમારોનો અને ૨૦૦૫માં ૪૪૬૩ તુમારોનો નિકાલ કરવામાં આવેલ છે. કલેકટરશ્રી, આણંદની કચેરીમાં વર્ષ : ૨૦૦૪ માં ૩૩૪૧ અને વર્ષ : ૨૦૦૫માં ૩૬૬૧ તુમારોનો નિકાલ કરવામાં આવેલ છે.

બાકી રહેતા તુમારોનો તાત્કાલિક નિકાલ કરવા માટે નાયબ કલેકટરશ્રી તથા મામલતદારશ્રીઓને ગામે મુકામ કરી પ્રકરણે ખૂટતા સાધનિક કાગળો મેળવી તેમની હકુમત હેઠળના તુમારોનો તાત્કાલિક નિકાલ કરવા લેખિત સૂચના આપેલ છે. અને કલેકટરશ્રી તથા સરકારશ્રીના અધિકારના બાકી રહેતા તુમારોનો તમામ સાધનિક કાગળો મેળવી પૂર્તતા કરી નિકાલ માટે કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. ૩૧મી જૂન અને ૩૧મી ડિસેમ્બરના રોજ બાકી તુમારોની ગણતરી કરવામાં આવે છે અને આ તુમારોને સેન્સસ રજિસ્ટરમાં ચઢાવી અગ્રતાક્રમે નિકાલ કરવામાં આવે છે.

આ બાકી તુમારોના નિકાલ અંગે દર માસે મહેસૂલી અધિકારીઓની બેઠકમાં સમીક્ષા કરવામાં આવે છે. તુમારો અગ્રતાક્રમે નિકાલ કરવા રીવ્યુ કરવામાં આવે છે.

૩૦મી જૂને ગણતરી કરેલા તુમારોનું ૩૧મી ડિસેમ્બર સુધીમાં નિકાલ કરવાનું ધોરણ રાખવામાં આવે છે અને બાકી રહેતા તુમારોને ૩૧મી ડિસેમ્બરે ગણતરીમાં લેવામાં આવે છે અને તેને ૩૦મી જૂન સુધીમાં નિકાલનું ધોરણ રાખવામાં આવે છે. આમ દર માસે બાકી તુમારની ગણતરી કરવામાં આવે છે અને તેનો છ માસમાં નિકાલ કરવાનું ધોરણ રાખવામાં આવે છે.

-------------

## બારડોલી તાલુકામાં ઓછું ગોચર

૧૫૦૪૨ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી)** : **માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના બારડોલી તાલુકામાં ૧૦૦ પ્રાણી દીઠ ૪૦ એકર જમીન ગોચર રાખવાના નિયત ધોરણ કરતાં ઓછું ગોચર હોય તેવા ક્યા ક્યા ગામો જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) નિયત ધોરણ કરતા ઓછું ગોચર હોવાના શાં કારણો છે, | (૨) જમીન ઉપલબ્ધ ન હોવાથી તેમજ ઢોરોની સંખ્યા વધુ હોવાથી. |
| (૩) જે ગામોમાં ગોચર જમીન ઓછી છે તે ગામે વેકલ્પિક જમીન ફાળવવાની વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ, અને | (૩) ગોચર નીમ કરવાની કલેકટરને કાયદાકીય સત્તા મળેલ છે, જે વ્યવસ્થાના ભાગરૂપ છે. |
| (૪) આ કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૪) સરકારી જમીન ગોચર માટે ઉપલબ્ધ થયેથી કલેકટરશ્રી દ્વારા ગોચર નીમ કરવાની કાર્યવાહી કરવાની રહે છે. |

### બારડોલી તાલુકાના ગામો કે જેમાં નિયત ધોરણ કરતાં ઓછું ગોચર છે તે વિગત દર્શાવતું પત્રક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મોતા | ૩૧ | અકોટી | ૬૧ | માણેકપોર |
| ૨ | મોવાછી | ૩૨ | ઓરગામ | ૬૨ | સેજવાડ |
| ૩ | ઈશનપોર | ૩૩ | જુનવાણી | ૬૩ | મોટી ભટલાવ |
| ૪ | ભરમપોર | ૩૪ | ભેસુદલા | ૬૪ | કણાઈ |
| ૫ | મોટી ફળોદ | ૩૫ | બાલ્દા | ૬૫ | બાબલા |
| ૬ | વાઘેચ-ફડોદ | ૩૬ | વાંસકુઈ | ૬૬ | સરભોણ |
| ૭ | ભામેયા | ૩૭ | નાની ભટલાવ | ૬૭ | ભુવાસણ |
| ૮ | ઉછરેલ | ૩૮ | સુરાલી | ૬૮ | નોગામા |
| ૯ | હરીપુરા | ૩૯ | મઢી | ૬૯ | પારડીવાઘા |
| ૧૦ | મીયાવાડી | ૪૦ | માંગરોલીયા | ૭૦ | છીત્રા |
| ૧૧ | અસાડ | ૪૧ | ટીમ્બરવા | ૭૧ | કુવાડીયા |
| ૧૨ | રજવાડ | ૪૨ | ધામડોદ-લુંભા | ૭૨ | ખરડ |
| ૧૩ | નસુરા | ૪૩ | રાજપુરા-લુંભા | ૭૩ | વાઘેચ-સરભોણ |
| ૧૪ | વઢવાણિયા | ૪૪ | તેન | ૭૪ | તરભોણ |
| ૧૫ | સીંગોદ | ૪૫ | નાંદીડા | ૭૫ | નિઝર |
| ૧૬ | બામણી | ૪૬ | ઉતારા | ૭૬ | વડોલી |
| ૧૭ | સમથાણ | ૪૭ | વધાવા | ૭૭ | અંચેલી |
| ૧૮ | કટાળી | ૪૮ | કરચકા | ૭૮ | ઝાંખરડા |
| ૧૯ | પારડી-કડોદ | ૪૯ | ઉવા | ૭૯ | વાંકાનેર |
| ૨૦ | રૂવા | ૫૦ | તાજપોર ખુર્દ | ૮૦ | પારડી-વાલોડ |
| ૨૧ | ખોજ | ૫૧ | આફવા | ૮૧ | અલ્લુ |
| ૨૨ | વરાડ | ૫૨ | ઈસરોલી | ૮૨ | બારડોલી |
| ૨૩ | ખરવાસા | ૫૩ | તાજપોર-બુજરંગ | ૮૩ | કડોદ |
| ૨૪ | ઉમરાખ | ૫૪ | નિણત | | |
| ૨૫ | બાબેન | ૫૫ | પથરાડીયા | | |
| ૨૬ | અસ્તાન | ૫૬ | ગોજી | | |
| ૨૭ | પણદા | ૫૭ | બમરોલી | | |
| ૨૮ | રાયમ | ૫૮ | સારોથી | | |
| ૨૯ | સાંકરી | ૫૯ | ફીકવાડ | | |
| ૩૦ | પલસોદ | ૬૦ | હીડોલીયા | | |

-------------

**અમદાવાદ શહેરના અસારવા વિસ્તારની જમીન ગરીબોના વસવાટ માટે ફાળવવા કરેલ આયોજન**

૧૫૭૫૨ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં અસારવા વિધાનસભા વિસ્તારમાં હાલમાં કેટલી સરકારી જમીન ક્યા ક્યા સર્વે નંબરોની ખુલ્લી દબાણ વગરની છે, | (૧) સ.નં. ૧૨૫, ટી.પી. ૧૦, ફા. પ્લોટ-૧૮૪ ની ૩૪૨૩ ચો.મી. |
| (૨) સરકારે આ ખુલ્લી સરકારી જમીન ક્યા ઉપયોગ માટે રાખી છે, | (૨) કોર્પોરેશનના મંજૂર થયેલ રીવાઈઝડ નકશા અનુસાર આ જમીન ગાર્ડન અને ઓપન સ્પેશ માટે રીઝર્વેશનમાં આવે છે. |
| (૩) આવી ખુલ્લી સરકારી જમીન શહેરી ગરીબોને વસવાટ માટે આપવાનું સરકાર વિચારે છે કે કેમ, અને | (૩) ખંડ-(૨) ની વિગતે હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) જો હા, તો ક્યારે ? | (૪) ખંડ-(૨)ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ભરૂચ જિલ્લાના ટંકારીયા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની દરખાસ્ત**

૧૩૯૭૭ **શ્રીમતી રશીદા ઈ. પટેલ(વાગરા) : માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના ટંકારીયા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવા રાજ્ય સરકારને દરખાસ્ત ક્યારે મળી, અને | (૧) તા. ૨૫-૩-૦૪ના રોજ. |
| (૨) મળેલ દરખાસ્ત પછી રાજ્ય સરકારે શો નિર્ણય લીધો ? | (૨) વસ્તીના ધોરણે હવે કોઈ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખૂટતુ ન હોઈ, નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સ્થાપવાની સર્વગ્રાહી વિચારણા કરવા સમયે આવા તાલુકા અંગે વિચારણા કરવામાં આવશે. |

**લો યુનિવર્સિટી દ્વારા અભ્યાસક્રમના અમલીકરણ**

૧૪૭૫૩ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નવી સ્થાપેલી લો યુનિવર્સિટી દ્વારા ધોરણ-૧૨ પછી ગુજરાતના જ વિદ્યાર્થીઓ માટે સંકલિત પાંચ વર્ષનો અભ્યાસક્રમ શરુ કરવાનું કોઇ આયોજન છે ખરુ | (૧) જી ના, હાલમાં નથી. |
| (૨) જો હા, તો તે શું છે, | (૨) પ્રશ્ન લાગુ પડતો નથી. |
| (૩) જો ના, તો કેમ નહીં, | (૩) રાજ્યમાં નવી સ્થપાયેલી લો યુનિવર્સિટી, રાષ્ટ્રીય કક્ષાની લો યુનિવર્સિટી છે અને તેમાં દેશભરના કેન્દ્રો ખાતે, પ્રવેશ પરીક્ષા લઈ, મેરીટ યાદી બનાવી પ્રવેશ આપવામાં આવે છે. મૂળ ગુજરાતના વતની વિદ્યાર્થીઓ માટે ૧૦ ટકા બેઠકો અનામત રાખવામાં આવે છે. |
| (૪) રાજ્યની અન્ય યુનિવર્સિટીમાં કાયદા વિદ્યાશાખાઓમાં નવી સ્થપાયેલી લો યુનિવર્સિટીના ધોરણે પાંચ વર્ષનો સંકલિત ધોરણ-૧૨ પછીનો અભ્યાસક્રમ અમલી બનાવવા માટે સરકારનું આયોજન છે ખરું અને | (૪) અને (૫) જે તે યુનિવર્સિટી, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાએ સૂચવેલા અભ્યાસક્રમો પૈકી, તેની સ્થાનિક જરૂરીયાત અનુસાર પસંદગી કરી, પોતાને સંલગ્ન કોલેજોને તેવા અભ્યાસક્રમ ચલાવવાની મંજૂરી/જોડાણ આપે છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ આ પ્રકારનો અભ્યાસક્રમ શરૂ કરવા વિચારે છે. |
| (૫) તે જ રીતે રાજ્યની તમામ યુનિવર્સિટીમાં એક જ પ્રકારનો અભ્યાસક્રમ અમલી બનાવવા માટે સરકાર વિચારે છે ખરી ? | |

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો

### બેનરજી સમિતિના પ્રેસ ઈન્ટર્વ્યૂ બાદ ઊભી થયેલી પરિસ્થિતિ અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઝીરો અવર્સમાં ગૃહ મંત્રીશ્રી સમક્ષ મુદ્દો ઉપસ્થિત કરવા માગું છું. માનનીય ગૃહ મંત્રીશ્રીએ મને પરવાનગી આપી છે. (અંતરાય)

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહ મંત્રીશ્રી સમક્ષ હું ઝીરો અવર્સમાં પ્રશ્ન ઉપસ્થિત કરવા માગું છું.

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, તમે પરવાનગી આપેલી છે?

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મેં સભ્યશ્રીઓને પરવાનગી આપેલી છે. (અંતરાય-ઘોંઘાટ)

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં માનનીય મંત્રીશ્રીને પૂછયું હતું અને તેમણે મને અનુમતિ આપેલી છે.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા):** માનનીય અધ્યક્ષશ્રી, મુદ્દો એવો છે કે ગુજરાતમાં બેનરજી સમિતિના પ્રેસ ઈન્ટર્વ્યૂ પછી જે ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે, એમણે પ્રેસ ઈન્ટર્વ્યૂમાં કહ્યું કે ગોધરાકાંડમાં લાગેલી આગે એ ષડ્યંત્ર નહોતું પરંતુ અકસ્માત હતો. આ સન્માનનીય ગૃહમાં માનનીય ગૃહમંત્રીશ્રી પાસેથી માહિતી માગવી છે કે ગોધરામાં સાબરમતી એકસપ્રેસ એસ-૬માં ૫૭ રામભકતો જીવતા ભડથું થઈ ગયા જેની ચીચીયારીઓ આજે પણ સંભળાય છે. તો માનનીય ગૃહમંત્રીશ્રી આ ઘટનાની વિગતો આપે અને સરકાર પાસે ષડ્યંત્ર હતું તો આ બાબતના પુરાવા હોય તો સભાગૃહ સમક્ષ મૂકી આ ઘટનાને સંલગ્ન ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીનો રિપોર્ટ શું છે અને પ્રશ્ન એ ઊભો થાય છે કે એકબાજુ નાણાવટી પંચની રચના પછી બેનરજી સમિતિની રચના શકય છે ખરી?

**ડૉ. નીમાબેન બી. આચાર્ય** : મારુ એટલું નિવેદન છે કે જે બેનરજી સમિતિનો રિપોર્ટ આપવામાં આવ્યો છે એ બાબતમાં વિરોધાભાસ પ્રવર્તી રહ્યો છે ત્યારે એ વસ્તુ પર પ્રકાશ પાડવામાં આવે અને સર્વ સભ્યશ્રીઓને આ બાબતથી વાકેફ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

### ઝીરો અવર્સ અંગે

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા (વિરોધપક્ષના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. જ્યાં સુધી ૧૧૬ની નોટિસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઝીરો અવર્સ આવે નહિ.

બીજો મુદ્દો એ છે કે આપણે ત્યાં કમિશન ઓફ ઈન્કવાયરી એકટ હેઠળ જે અહેવાલો આવે છે. એ અહેવાલોની ચર્ચા એ અહેવાલો રજૂ કરતી વખતે કરવાની હોય છે. જ્યારે કોર્ટને લગતો મુદ્દો છે તો કોર્ટની અંદર જે પુરાવા આપેલા છે એની ચર્ચા જો અહીંયા કરવાની હોય તો અને એ પ્રણાલિકા પાડવાની હોય તો આજથી પાડીએ મને કોઈ વાંધો નથી. એટલે કમિશન ઓફ ઈન્કવાયરી એકટ નીચેની વાતો છે. મારા સાથી સભ્યશ્રીઓ એમના મિત્રો લોકસભામાં બેસે છે. લોકસભામાં રજૂ થાય ત્યારે એમનો અવાજ રજૂ કરી શકશે. જો આ પ્રણાલિકા પાડવાની હોય કે કોર્ટોની અંદર પુરાવા રજૂ થયા છે, એની ચર્ચા અહીંયા કરવાની હોય, એવી પ્રણાલિકાને આપ મંજૂરી આપતા હોય કે આજથી આપણે પાડવાની છે તો એના માટેની ચર્ચા કરવાની તૈયારી નથી એવું નથી અમારી તૈયારી છે, એ પ્રણાલિકા બીજા બધા કેસોની અંદર માત્ર કોર્ટમાં છે, આ બાબત કેસની અંદર છે કે કોર્ટની અંદરની બાબત છે, કોઈ ઈન્કવાયરીની અંદર છે એને આપણે રોકી શકીશું નહિ. જે બેનરજી કમિશનની વાત થયેલ છે એનો રિપોર્ટ હજી લોકસભામાં ટેબલ થયેલ નથી અને એની માહિતી છે એ ટેબલ થાય, એની ચર્ચા થઈ જાય પછી અહીંયા ચર્ચા કરવી જોઈએ. છતાં પણ મારા સાથી મિત્રો એની ચર્ચાની ઇચ્છા ધરાવતા હોય તો અમે આવા મુદ્દા ઉઠાવીશું.

ઝીરો અવર્સના મુદ્દામાં તો તાત્કાલિક બનેલ બનાવ હોય, રાજયની અંદર ચિંતાજનક ઘટના થઈ હોય, કોઈનું ખૂન થયું હોય, કોઈનો જાન જોખમમાં હોય ત્યારે ઉઠાવી શકાય. એની આવી રીતે રાજકીય ચર્ચા માટે દૂરુપયોગ થતો હોય તો એને રોકવો જોઈએ, રાજકીય ચર્ચા કરવાની મંજૂરી અહીંયા એક વખત અપાશે, તો અમારો પણ અધિકાર છે, અમને પણ રક્ષણ આપવું જોઈએ. હમણાં સુરેન્દ્રનગરની અંદર ગેરકાયદેસર ખાણ ખોદતા પાંચ માણસો મરી ગયા છે, એની ચિંતા કોઈ કરતું નથી. રાજકીય ચર્ચા કરવા માટે ગૃહનો સમય બગાડવામાં આવે છે. અમને પણ એવી બાબતની ચર્ચા કરવા મંજૂરી આપવી જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતોમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા વિરોધપક્ષના નેતાશ્રીને જણાવવા માગું છું કે શૂન્ય કાળ બે રીતે લવાય છે. એક પ્રશ્નોત્તરી પૂરી થયા પછી અને તાકીદની જાહેર અગત્યની બાબતની ચર્ચા પહેલા લવાય છે. શૂન્ય કાળ માટે કોઈ નિયમ નથી પરંતુ પ્રણાલિકા તરીકે સ્વીકાર્ય છે. મંત્રીશ્રી હા પાડે તો માનનીય સભ્યશ્રી રજૂ કરી શકે છે. આમાં બે માનનીય સભ્યશ્રીઓને આ બાબત તાત્કાલિક લાગી હતી. તાકીદની લાગતી હતી અને તેના વિશે પરિસ્થિતિમાં રાજય સરકારનો શું અભિગમ છે એ જાણવા બે સભ્યશ્રીઓ નીમાબેન આચાર્ય અને પ્રદિપસિંહે મંત્રીશ્રીને પૂછ્યું અને મંત્રીશ્રીએ હા પાડી અને આપને જણાવ્યું છે. આપના દ્વારા મારે વિરોધપક્ષના નેતાશ્રીને એ જણાવવું છે કે બેનરજી કમિશનની જે રચના છે એ કમિશન ઑફ ઈન્કવાયરી એકટ નીચે નથી થઈ, એ તો રેલવે ડિપાર્ટમૅન્ટની એક સમિતિ છે. જેનો જવાબ માનનીય ગૃહમંત્રીશ્રી આપશે. આ કોર્ટ પણ નથી. એટલે એમણે જે બે મુદ્દા ઉભા કર્યા કે કમિશન ઑફ ઈન્કવાયરી એકટ નીચે અને કોર્ટ છે. આ કોર્ટની અંદર રજૂ થયેલી વાત પણ રહેતી નથી અને તાત્કાલિક બની છે. રાજયમાં આ સભાગૃહના સભ્યોને લાગે કે આ પ્રશ્ન તાકીદનો પ્રશ્ન છે અને જો મંત્રીશ્રી સંમતિ આપે તો તેને શૂન્યકાળમાં ઉપસ્થિત કરી શકાય અને આવી ચર્ચાઓને રાજકીય ચર્ચાઓ કહેવાય નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ગૃહને ગેરમાર્ગે દોરે છે. આ કમિશન ઑફ ઈન્કવાયરી એકટ હેઠળ નીમાયેલું કમિશન હતું અને(અંતરાય) તેમણે ગૃહની માફી માગવી જોઈએ. ગૃહને ગેરમાર્ગે દોરવાનો અધિકાર નથી. આવી રીતે ગૃહને ગેરમાર્ગે દોરી શકાય નહીં અને ઝીરો અવર્સનો આવી રીતે દૂરુપયોગ થાય નહીં. ઝીરો અવર્સમાં અમારી પાસે દરરોજ આવા મુદ્દાઓ આવે છે. આપે તેમાં રક્ષણ આપવું જોઈએ. આ ખોટી પ્રણાલિકાઓ પડે છે.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સંસદીય કાર્યમંત્રીશ્રીએ ઉલ્લેખ તો કર્યો જ કે આ બેનરજી કમિટી એ હાઈ લેવલ કમિટી છે. કમિશન નથી. એ ઉપરાંત બન્ને સભ્યશ્રીઓએ જે પ્રશ્ન ઉભો કર્યો છે તેની તરફ પણ મારે આપશ્રીનું રુલીંગ આપતાં પહેલાં એટલું ધ્યાન દોરવું છે, માનનીય પ્રદિપસિંહ જાડેજાએ જે પ્રશ્ન પૂછયો તેમાં તેમણે એવું પૂછયું છે કે જસ્ટિસ બેનરજીએ જે પ્રેસ લીધી છે અને પ્રેસથી જે વાત ઉત્પન્ન થઈ છે એ બાબતમાં ચર્ચા કરવી છે. કમિટીના રિપૉર્ટ બાબતમાં ચર્ચા નથી કરવી અને જો કમિટી એ જ રીતે કામ કરવું હોય તો સંસદના ટેબલ પર મૂકતાં પહેલાં પ્રેસ લેવાની કોઈ જરૂર નહોતી અને જો પહેલાં પ્રેસ લેવાતી હોય તો આ ગૃહના સભ્યશ્રીઓનો અધિકાર છે કે પ્રેસની અંદર જે વિગતો બહાર પાડી છે તેની પર સરકારની ચોખવટ માગે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે ગુજરાતની દૃષ્ટિએ એટલા માટે જરૂરી છે કે જ્યારે બેનરજી કમિટી છે, જ્યારે કમિશન ઑફ ઈન્કવાયરીનો રિપૉર્ટ સંસદમાં પેશ કરવાની જરૂર રહે તેમાં ચર્ચા ન થઈ શકે. પરંતુ જ્યારે ગુજરાતની પ્રજાને પ્રેસ દ્વારા આખા દેશમાં એક ગંભીર પ્રકારની બાબત એક કમિટી દ્વારા લોકસભામાં મૂકતાં પહેલાં જ્યારે જાહેર જનતાના માધ્યમનો ઉપયોગ કરીને કરવામાં આવે ત્યારે ભલે આપણી શૂન્ય કાળની વૈધાનિક બાબતોમાં નિયમોમાં જોગવાઈ ન હોય પણ આ બાબત ગુજરાતને સ્પર્શતી હોઈ ચર્ચા થવી આવશ્યક છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી જાડેજાએ તેમનો મુદ્દો ઉપસ્થિત કર્યો, હું બરાબર સાંભળતો હતો. તેમણે મુદ્દો ઉપસ્થિત કરવા સ્પષ્ટ રીતે એવી વાત કરી કે નાણાવટી કમિશન અસ્તિત્વમાં છે ત્યારે બેનરજી પંચની રચના એ કાયદેસર ગણાય કે કેમ? માનનીય અધ્યક્ષશ્રી, બેનરજી પંચ છે એ કમિશન ઑફ ઈન્કવાયરી એકટ નીચે કેન્દ્ર સરકારની(અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ વાંચી જજો. આપ રૅકર્ડ જોયા પછી જે કંઈ નિર્ણય આપશો એ માન્ય છે. પણ બહુ સ્પષ્ટ વસ્તુ છે કે કેન્દ્ર સરકારે કમિશન ઑફ ઈન્કવાયરી એકટ નીચે બેનરજી પંચની રેલવે વિભાગ મારફત જે સ્થાપના કરી છે તેને આ સભાગૃહ સમક્ષ પડકારી શકાય નહીં. એ રાજકીય બાબત છે. એટલે આ ઉપસ્થિત કરેલો મુદ્દો રદ કરવો જોઈએ.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ એમ કહ્યું કે હું ગૃહને ગેરમાર્ગે દોરું છું. મારે તેમના અજ્ઞાનને છતું થાય તેવા પ્રયત્નો નહોતા કરવા. બેનરજી સમિતિનો અહેવાલ છે એ કમિશન ઑફ ઈન્કવાયરી એકટ નીચે રચાયેલ સમિતિ નથી. એ સ્પષ્ટ છે અને મેં જે કહ્યું છે તેને હું વળગી

રહું છું. એટલા માટે સમિતિનો અહેવાલ છે, એ કમિશન ઑફ ઈન્કવાયરી એકટ નીચે નથી, એ સ્પષ્ટતા કરવી હતી. મને એમ હતું કે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને એટલી તો ખબર હશે કે, એમની સરકારે રચેલી આ સમિતિ છે.

**શ્રી વજુભાઈ વાળા** : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાશ્રીએ જે રજૂઆત કરવી હોય એ એક સામટી રજૂઆત કરે આ તો એક એક વ્યકિત બોલે એનો જવાબ આપે છે, દરેક વખતે એમણે બોલવાનું? એ કોઈ રીતે સાંખી નહીં શકાય, નિર્ણય આપે લેવાનો છે. આ કમિશન છે કે કમિટી? એ સીધી સંસદીય બાબતની વાત છે. કોઈ કમિટીનો રિપૉર્ટ હોય, એ કોઈ રીતે સબજયુડીશ થતો નથી. એટલું ગૃહમંત્રીશ્રી પોતાની જવાબદારીથી જવાબ આપવા તૈયાર હોય ત્યારે ગૃહને શું વાંધો હોઈ શકે? ગુજરાતની પ્રજા જાણવા માગે છે કે આમાં હકીકત શું છે? એમાં બીવાની શું જરૂર છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો પ્રાથમિક વાત એ છે કે, અત્યાર સુધીની જે પ્રણાલિકા છે અને શૂન્ય કાળની અંદર આ પ્રકારની પ્રણાલિકાથી રાજકીય ચર્ચા કરવા માટે થઈને આ ગૃહનો પ્લૅટફૉર્મ તરીકે ઉપયોગ કરવાનો હોય તો અમને પણ અધિકાર છે. આ રાજકીય જ છે, રાજકીય સિવાય બીજું શું છે? રાજકીય ચર્ચા, (અંતરાય) ગુજરાતની અંદર અનેક ખૂનો થાય છે.

**અધ્યક્ષશ્રી** : હું હવે મારો નિર્ણય આપું છું. બેસો બધા, પ્લીઝ. હવે હું પૉઈન્ટ ઑફ ઑર્ડર ઉપર નિર્ણય આપું છું. પ્લીઝ, આ પૉઈન્ટ ઑફ ઑર્ડર રહેતો નથી, આ અંગેનો વિગતવાર નિર્ણય હું થોડા દિવસોમાં આપીશ.

**શ્રી અમિત અ. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ તો હું એક વાત બહુ સ્પષ્ટતાથી આ ગૃહમાં કરવા માગું છું. હવે જવાબ આપવા દેવો જોઈએ. (વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા વેલમાં ગયા. અને થોડીવાર બાદ ડો.નીમાબેન આચાર્ય સિવાયના વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં હાજર રહેલા વિરોધપક્ષના તમામ સભ્યોશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહ છોડી ગયા.)

# અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી ઉપસ્થિત કરવામાં આવેલ અગત્યનો મુદ્દો (ક્રમશઃ)

### બેનરજી સમિતિનો પ્રેસ ઈન્ટર્વ્યૂ બાદ ઊભી થયેલી પરિસ્થિતિ અંગે

**શ્રી અમિત અ. શાહ (રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી માનનીય સભ્ય ડૉ. નીમાબેન અને માનનીય સભ્યશ્રી પ્રદિપસિંહજીએ શૂન્યકાળની અંદર જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં મારે સૌથી પહેલાં એક સ્પષ્ટતા ગૃહના રેકર્ડ ઉપર મૂકવી છે કે મારો આ કોઈપણ જવાબ કોઈ કમિશન કે કમિટીના રિપોર્ટની સામે નથી. જસ્ટીસ બેનરજીએ કમિટીનો રિપોર્ટ રેલ્વે મંત્રાલયને સોંપતી વખતે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. એ પ્રેસ કોન્ફરન્સની અંદર જે મુદ્દા ઉપસ્થિત કર્યા હતા એ મુદ્દાથી ગુજરાતની જનતામાં બહુ મોટું કન્ફયુઝન સર્જાયું છે એની સ્પષ્ટતા માગવા માટે માનનીય પ્રદિપસિંહજી અને નીમાબેને જે પ્રશ્ન ઉપસ્થિત કર્યા છે એનો જવાબ આપવા માટે હું ઉભો થયો છું. હું આ ગૃહને બહુ જવાબદારીપૂર્વક અને સ્પષ્ટતાપૂર્વક જણાવવા માગું છું કે કોઈની તપાસ ગમે તે કહેતી હોય જે એસ.૬ના ડબ્બામાં આગ લાગી હતી, ગોધરા રેલ્વે સ્ટેશનની બહાર એ કાવતરું હતું, કાવતરાનો ભાગ હતો અને ષડયંત્ર હતું. પોલીસ પાસે પૂરેપૂરા પુરાવા છે કે આ ષડયંત્ર હતું અને ષડયંત્ર તહેત ૫૯ નિર્દોષ કારસેવકોને જીવતા ભૂંજી નાખવામાં આવ્યા હતા જેની અંદર ૨૨ બહેનો હતી અને ૮ નાનકડા ઉંમરના બાળુડાંઓ હતાં. ૨૨ બહેનો અને ૮ બાળકો સહિત ૫૯ લોકોની હત્યા એ કાવતરું ઘડીને કરવામાં આવી હતી. આ રાજકીય વાત નથી. રાજય સરકાર બહુ સ્પષ્ટપણે માને છે કે આવા કાવતરા કરવાવાળાને નશ્યત થવી જોઈએ અને કોઈપણ પ્રકારના રસ્તાઓથી કમિટીની રચના કરે, તપાસો નીમે, જે કરવું હોય એ કરે એ રસ્તાઓથી જો આ કાવતરાખોરોને બચાવવાની કોઈ કામગીરી કરતું હશે તો રાજય સરકાર એનો મક્કમ જવાબ ગૃહમાં પણ આપશે, ગૃહની બહાર પણ આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું સિલસિલાબંધ વિગત આ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. ૨૬મીએ રાત્રે રજાક કુરકુર નામના એક શખ્સના ગેસ્ટ હાઉસની અંદર જે ગેસ્ટ હાઉસનું નામ અમન ગેસ્ટ હાઉસ હતું, ત્યાં એક મિટિંગ થઈ અને એ મિટિંગની અંદર આ આવતી કાલે એસ.૬ ડબ્બાની અંદર જે કારસેવકો આવવાના છે એ એસ.૬ના ડબ્બાને સળગાવી નાખવાનું કાવતરું ઘડવામાં આવ્યુ હતું અને એના માટે ૧૪૦ લીટર પેટ્રોલ કાળાભાઈના પેટ્રોલપંપ ઉપરથી ખરીદવામાં આવ્યું હતું. જો કાવતરું ના કરવું હોય તો રાત્રે ૧૪૦ લીટર પેટ્રોલ કેરબાની અંદર શું કામ ખરીદવું પડે? એ કાવતરું જ હતું એટલે ખરીદવું પડયું હતું. રાતના ૧-૩૦ વાગે એમાંનો એક કાવતરાખોર સલીમ પાનવાલા રેલ્વે સ્ટેશન ઉપર પૂછવા ગયો કે આ સાબરમતી એકસ્પ્રેસ

આવવાની છે એ સમયસર આવવાની છે કે મોડી આવવાની છે? ત્યાં એને ખબર પડી કે ૨-૫૫ કલાકે રાત્રે જે સાબરમતી એકસ્પ્રેસ આવે છે એ મોડી છે એટલે ફરી વખત ત્યાં આગળ ભેગા થયા અને ૬-૦૦ વાગે ભેગા થવાનું નક્કી કર્યુ અને ત્યાર બાદ ફરી વખત સવારે ૬-૦૦ વાગે ભેગા થવા રેલવે સ્ટેશન ઉપર જ્યારે ટ્રેન આવી ત્યારે સલીમ પાનવાલાએ પ્લેટફોર્મ ઉપર માણસો ભેગા કર્યા અને ૪ બોગીમાંથી ચેઈન પુલીંગ કરીને ટ્રેન ઉભી રાખી અને ટ્રેન ઉભી રાખવાનું રિહર્સલ કર્યુ, કયાંક વેકયુમથી ટ્રેન ઉભી રહેવાની સિસ્ટમ તો ફેલ નથીને? એ ચકાસણી કરવા માટે રેલવે સ્ટેશન ઉપર ટ્રેન ફરી વખત ઉભી રાખી. થોડી મીનીટ ટ્રેન ઉભી રહી રવાના થઈ. ત્યાં સુધીમાં ટેમ્પો લઈને ટેમ્પોની અંદર પેટ્રોલ મૂકી અમન ગેસ્ટ હાઉસથી લોકો સિગ્નલ ફળિયા પાસે પહોંચી ગયા. આટલી વહેલી સવારે ૧હજાર લોકોનું ટોળું શસ્ત્ર લઈ, પથ્થરો લઈ, પેટ્રોલ લઈ શેના માટે ભેગા થાય? જો કાવતરું ન હોય તો સવારના ૭-૦૦ વાગે હજાર લોકોને શા માટે ભેગું થવું પડે? આટલા બધા પથ્થરો કયાંથી આવ્યા? આટલું બધું પેટ્રોલ કયાંથી આવ્યું? આગલા દિવસના ઘડાયેલા કાવતરાનો એક ભાગ હતો. માણસોને વહેલા ઉઠાડવા, ભેગા કરવા, ટ્રેનના સમયે જ સિગ્નલ ફળિયા આગળ માણસો ભેગા થાય, પથ્થરમારો કરવા માટે, પથ્થરો ભેગા થયા, પેટ્રોલ છાંટવા માટે પેટ્રોલના કેરબા આવ્યા અને પછી જે લોકો ટ્રેનની અંદર ચડી ગયા હતા. ગોધરા સ્ટેશનમાંથી એમણે જ ચેઈન પુલીંગ કર્યુ હતું અને એ ચેઈન પુલીંગ પણ અંદરથી નથી કર્યુ, કારણ કે જો અંદરથી કરવા જાય તો ખબર પડે, ડબ્બાની વચ્ચે જે વેકયુમ રીલીઝ કરવાની ચાવી હોય છે એ ચાવીથી આ ટ્રેનને ઉભી રાખવામાં આવી હતી. આ તો રેકર્ડ ઉપર સાબિત થઈ ગયું છે કે ૨ ડબ્બાની વચ્ચે ચાવી હોય એ ચાવીથી વેકયુમ રીલીઝ કરવામાં આવ્યું હતું અને ટ્રેન ઉભી રહી હતી. કાવતરું ન હોય અને જો કોઈ પેસેન્જરે આ ટ્રેઈન ઊભી રાખવી હોય તો તેની બે ડબ્બા વચ્ચે જવાની આવડત પણ ન હોય અને જરૂર પણ ન પડે. એ ટ્રેઈનની ચેઈન ખેંચીને ટ્રેઈન ઊભી રાખે. ટ્રેઈન ઊભી રહી, ભયંકર પથ્થરમારો થયો અને પથ્થરમારો થતાં સાથે અંદરના લોકો બહાર ન જઈ શકે એવું ભયનું વાતાવરણ ઊભું કર્યું. નીચે ઉતરે તો પથ્થરમારો થાય અને ન ઉતરે તો આગમાં ભૂંજાઈ જાય. આવી ઓકવર્ડ પોજીશનમાં પેસેન્જરોને મૂક્યા અને જેવી ટ્રેઈન ઊભી રહી, એસ.૬ અને એસ.૭ની વચ્ચે જે વેસ્ટીબ્યુલ હોય છે એને કાપીને આ લોકો અંદર દાખલ થયા. બેનરજી કમિશનના અધ્યક્ષશ્રીએ પ્રેસને કહ્યું કે આગ અંદરથી લાગી હતી. એમણે શબ્દોની રમત કરી છે. આગ અંદરથી લાગી નથી, આગ અંદરથી લગાડવામાં આવી છે. એસ-૬ અને એસ.-૭ ની વચ્ચેઈનું જે વેસ્ટીબ્યુલ હતું એમાં એસ.૭ના ડબ્બાનું વેસ્ટીબ્યુલ રેકઝીનનું હતું એને કાપીને આ ગુનેગારો અંદર ગયા અને એસ.૭ ના ડબ્બામાં ગયા. ૬૦ થી ૭૦ લિટર કરતા વધારે પેટ્રોલ, વધારે એટલા માટે કહું છું કે ચોક્કસ અત્યારે માપવાનું શક્ય ન બને પણ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીએ જે રિપોર્ટ આપ્યો છે એ રિપોર્ટથી ફલિત થાય છે કે ૬૦-૭૦ લિટરથી વધુ પેટ્રોલ ત્યાં રેડવામાં આવ્યું અને આગ લગાડવામાં આવી અને આગ લગાડ્યા પછી પેસેન્જરો બહાર ન નીકળી શકે એટલા માટે દરવાજો અંદરથી લોક કરતા ગયા. હું બરાબર મારો શબ્દપ્રયોગ કરું છું કે આગ લાગ્યા પછી દરવાજો અંદરથી લોક થયેલ હતો. જેથી અંદરથી પણ પેસેન્જર દરવાજા સુધી પહોંચી ન શકે અને પહોંચીને સીધે સીધા કૂદીને બહાર ન નીકળી શકે. એક દરવાજો ખુલ્લો રહી ગયો હતો એમાંથી વધારાના પેસેન્જરો કૂદીને બહાર નીકળ્યા. જે પેસેન્જરો બહાર ન નીકળી શક્યા તે ધુમાડાથી ગૂંગળાઈને અથવા આગથી મોતને શરણ થયા. આ કાવતરાની થિયરીને અત્યારે મેં ગૃહ સમક્ષ મૂકી છે. આ થિયરીને જુદી જુદી જામીન અરજીઓ વખતે પોટાની સ્પેશિયલ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટની જુદી જુદી ત્રણ બેંચોએ માન્યતા આપી છે અને ગુનેગારોની જામીન અરજીને રિજેક્ટ કરી છે. આ કોઈ કપોળ કલ્પિત વાત નથી. પુરાવા આધારિત વાત છે અને આની પ્રાથમિક ચર્ચા, આની પ્રાથમિક સુનાવણી અને આની પ્રાથમિક સિદ્ધતા ત્રણેય કોર્ટોમાં થઈ છે. પોટાની સ્પેશિયલ કોર્ટમાં થઈ છે, હાઈકોર્ટમાં થઈ છે અને સુપ્રીમ કોર્ટમાં પણ બે જુદી જુદી અરજીઓ કુલ ચાર ન્યાયધીશોએ આ વાતને પ્રાથમિક માન્યતા આપી છે અને બધી અરજીઓ રિજેકટ થઈ છે. આવા વખતે કમિશનર બેનરજીએ જ આ રિપોર્ટ પ્રેસમાં જાહેર કર્યો છે એ રિપોર્ટની હકીકતો સાથે કમસે કમ ગુજરાતનો ગૃહ વિભાગ સહમત નથી. ૨૭મી તારીખે આ ઘટના બની એ ઘટનામાં તરત જ સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેને આની તપાસ સોંપવામાં આવી હતી. કુલ ૧૩૪ આરોપીઓ આઈડેન્ટીફાઈ થયા હતા એમાંથી ૧૧૩ આરોપીઓ પકડાયા છે. ૧૧૩ ઉપર પોટા લગાડ્યો છે. ૨૧ ફરાર છે. આ પૈકી ૧૨ આરોપીઓએ કાયદાની કલમ ૧૬૪ની જોગવાઈ છે એમાં ખુલ્લી કોર્ટમાં ન્યાયધીશની સામે કબૂલાત કરવાની હોય છે, નિવેદનો આપવાના હોય છે. કુલ ૧૧૩ પૈકી ૧૨ લોકોએ ખુલ્લી કોર્ટમાં કબૂલાતમાં નિવેદન આપ્યું છે કે અમે જાબીર બીન યામીન, શોકત ફારુખ, સલીમ જરદા, મોહમ્મદ જાકીર ઉર્ફે બાબુ પાતળીયા, આ ચાર તો જે અમન ગેસ્ટ હાઉસમાં બેઠેલા લોકો હતા એ પૈકીના આ લોકો હતા એમણે કોર્ટમાં ગુનો કબૂલ્યો છે તેમ છતાં વિરોધ પક્ષના લોકો સંમત થતા નથી કે ગુનો આ લોકોએ કર્યો છે. આરોપીઓ ગુનો કબૂલ કરી લે છે પણ કોંગ્રેસના મિત્રો કબૂલ કરતા નથી કે આ ગુનો એમણે કર્યો છે. મને ખબર પડતી નથી આ કોને બચાવવા માગે છે? ૫૯-૫૯ નિર્દોષ લોકોના જાન ગયા એમના હત્યારાને બચાવવા નીકળ્યા છે. એનો મુખ્ય આરોપી સલીમ બદામ પાકિસ્તાન ભાગી ગયો અને એનાથી સિદ્ધ થાય છે કે પાકિસ્તાનથી આ કાવતરાને સમર્થન અને માર્ગદર્શન મળતું હતું. જ્યાં સુધી માનનીય સભ્યશ્રીએ ફોરેન્સિક

સાયન્સ લેબોરેટરીનો આમાં ઉલ્લેખ કર્યો છે, ગુજરાતની એફ.એસ.એલ સમગ્ર દેશમાં જાણીતી છે. સમગ્ર દેશમાં કોઈ કેસ ન ઉકેલાતા હોય તો ગુજરાતની એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવે છે. અનેક પ્રકારના વિભાગોએ દેશમાં પોતાની વિદ્વતા સિદ્ધ કરેલ છે. F.S.L.એ ૨૮/૨ ના દિવસે જ આની મુલાકાત લીધી હતી, જેમાંથી ૩૬ સેમ્પલો લીધા હતા, એમાંથી ૨૯ સેમ્પલોની અંદર પેટ્રોલ Identify થયું છે, એમાંથી સિદ્ધ થાય છે કે પેટ્રોલ ઢોળીને આ ડબાને આગ લગાડવામાં આવી હતી. ૩ કેરબા પણ ત્યાંથી મળી આવ્યાં છે, જેની અંદર પેટ્રોલ ભરવામાં આવ્યું હતું તેના પરથી પેટ્રોલ મળ્યું છે અને નીચે ફલોરિંગની જ્યારે ડબાની ચકાસણી કરવામાં આવી ત્યારે નીચે flooring completely બળી ગયું હતું. એના પરથી જમીન દેખાય એવી સ્થિતિ થઈ હતી. એનો અર્થ એ થાય કે એ ડબાના તળ પર પેટ્રોલ ઢોળવામાં આવ્યું હતું અને ત્યાંથી આગ લગાડવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અકસ્માતની વાત કરવામાં આવી છે. અકસ્માત થયો હોય તો એકજ વિકલ્પ રહે છે શોટ સરકિટનો. કોઈ જગ્યાએથી શોટ સરકિટના પુરાવા મળ્યા નથી આની પણ સંપૂર્ણ તપાસ ગુજરાત પોલીસે પૂરી કરી છે અને ૧લી મે ૨૦૦૨ ના રોજ એક ડબા પર જુદા જુદા પ્રકારના પ્રયોગો કરી F.S.L.એ આ બધી જ વસ્તુઓનું સમર્થન કર્યુ છે અને કોર્ટ 'એસ.૬'નો દરવાજો જે vestibule વચેઈનો દરવાજો છે, પણ બહારની બાજુનું દબાણથી તૂટીને ખૂલ્યું છે, આવા પુરાવા પણ F.S.L.એ રજૂ કર્યા છે. Vestibule પણ ફાટેલી મળી છે એટલે એનાથી સિદ્ધ થાય છે કે vestibule ફાડીને 'એસ.૬'માં પ્રવેશ્યા છે અને 'એસ.૬'ને લક્ષ્યાંક બનાવીને આ જઘન્ય કૃત્ય કરવામાં આવ્યું છે. એટલા માટે મારા મનમાં કોઈ શંકા નથી કે આ કાવતરું હતું અને આ કાવતરાની વાતને પૂરેપૂરું સમર્થન મળે છે. આ જેવી ઘટના થઈ, ગુજરાત સરકારે આ ઘટનાને લાઈટલી નથી લીધી. તુરત જ ૬/૩/૨૦૦૨ નાં રોજ ૨૭મી એ ઘટના થઈ. ૬/૩ ના દિવસે કે.જી.શાહ કમિશનની નિમણૂક થઈ. ૨૧/૫ ના એની અંદર નાણાવટી સાહેબ સુપ્રમીકોર્ટના રિટાયર જજ છે એમને મૂકવામાં આવ્યાં હતા અને આ નાણાવટી સાહેબની પસંદગી ગુજરાત સરકારે નથી કરી. ગુજરાત સરકારે ભારત સરકારને કહ્યું, ભારત સરકારે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશનું consultation કર્યુ અને consultation કર્યા પછી સુપ્રીમકોર્ટે જે નામ આપ્યું છે જસ્ટીસ નાણાવટી એમને અમે નાણાવટી કમિશન તરીકે એની સ્થાપના કરી અને ત્યાંથી આગળ અમે ખાલી પારદર્શિતાની વાતો નથી કરતા, અમે પારદર્શિતામાં માનીએ પણ છીએ. એક હોબાળો કેટલાક લોકોએ, કેટલાક એન.જી.ઓ.એ, કેટલાક રાજકીય પક્ષોએ ઊભો કર્યો કે કમિશનની રચના તો થઈ ગઈ. કમિશન તપાસ તો કરે છે પણ કમિશનના દાયરાની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રી અને જે તે વખતના મંત્રીઓ અને રાજકીય પક્ષનો સમાવેશ નથી થયો, એ જેવી વાત પ્રેસ કટિંગના માધ્યમથી માનનીય મુખ્યમંત્રીશ્રીના ધ્યાને પહોંચી, એમણે ઉચ્ચ કક્ષાએ મિટિંગ બોલાવીને ૨૦/૭/૨૦૦૪ ના રોજ આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતાની જાતને કમિશનના દાયરામાં મૂકી અને આ આખા ભારતમાં પહેલી ઘટના છે કે કોઈ વ્યકિતએ પોતાની સામે તપાસ કરવા માટે કમિશનને મંજૂરી આપી હોય, આનાથી મોટી પારદર્શિતાનું કોઈ ઉદાહરણ ના હોઈ શકે? આનાથી કોઈ મોટા મોરલનું ઉદાહરણ ના હોઈ શકે? છતાં પણ રાજકીય આક્ષેપો જેને કરવાના છે એ રાજકીય આક્ષેપો કરે. ડિસેમ્બર-૨૦૦૫ સુધી, ૩૦ જૂન ૨૦૦૬ સુધી કમિશને જેટલો સમય માગ્યો એટલો સમય આ સરકારે વધારી આપ્યો છે. કુલ ૪૧૨૬૯ અરજીઓ આ કમિશન જોડે આવી અને આ બધી અરજીઓની તપાસ કમિશને કરી છે. સામાન્યતઃ ક્રોસ તપાસની મંજૂરી આપવી કે ના આપવી એ કમિશનને વિવેકાધીન હોય છે. છતાંય આ નાણાવટી કમિશને cross-examination ની મંજૂરી આપી છે અને ૧૦૧૬ લોકોના cross-examination થયા છે. ૧૪૫ દિવસ સુધી, મોડી સાંજ સુધી hearing થયા છે. એન.જી.ઓ અને સારાય પક્ષના જે કોઈ હોય એ બધા પક્ષોને વકીલો રાખવાની છુટ આપવામાં આવી અને વકીલોને પૂરતી ક્રોસ તપાસ કરવા દેવામાં આવી છે. આટલું થવા છતાંય જેવી કેન્દ્રની અંદર યુપીએની ગવર્નમેન્ટ આવી અને કેટલીક ચૂંટણી માથા પર હતી. એમને એમ લાગતું હતું કે ગુજરાતમાં તો સુપડા સાફ થઈ ગયા છે. પરંતુ આનો કાંઈક રાજકીય ઉપયોગ કરીએ તો બીજે કયાંક ફાયદો થાય. એટલે ૪/૯/૨૦૦૦ના રોજ પેલું કમિશન નીમાયા પછી લગભગ અઢી વર્ષ પછી એક નવી કમિટીની રેલવે મંત્રાલયે રચના કરી, જેને આપણે બેનરજી કમિટી તરીકે ઓળખીએ છીએ. Commission of Inquiry Actની અંદર બહુ સ્પષ્ટ જોગવાઈ છે. એ જોગવાઈ મુજબ કોઈક એક ઘટના માટે અથવા કોઈક એક વાત માટે કોઈપણ સરકારે કમિશન નીમ્યું હોય તો તેની તપાસ બીજું કોઈ કમિશન કે કમિટીના માધ્યમથી ના થઈ શકે. આમ છતાં આ લોકોએ રાજકીય ફાયદો મેળવવા માટે આ સમિતિની રચના કરી છે અને બેનરજી સમિતિએ પોતાનું કામ સુપેરે કર્યું. મારે કોઈ ટીકાટિપ્પણ કરવી નથી પણ એમણે જે વચગાળાનો રિપોર્ટ આપ્યો છે એ વચગાળાના રિપોર્ટના સમય તરફ ગૃહના સભ્યશ્રીઓ અને ગુજરાતની જનતાનું ધ્યાન દોરું છું. આ રિપોર્ટ કયારે આવ્યો બિહારની ચૂંટણી જાહેર થઈ એના બીજા દિવસે આ વચગાળાનો રિપોર્ટ આપવાનું મુરત કર્યું. બિહારની ચૂંટણી જાહેર થઈ એના બીજા દિવસે આ રિપોર્ટ ફાઈનલ કયારે આપ્યો? પાંચ રાજયોની ચૂંટણી જાહેર થઈ એના બીજા દિવસે. બંને મુહૂર્ત એવા સુંદર શોધ્યા છે કે સમિતિનો પોતાનો આશય સમિતિએ પોતે સિદ્ધ કર્યો છે. સમિતિએ જે રિપોર્ટ આપ્યો એની અંદર રેલ્વે મંત્રાલયે પોતે પુરાવા રજૂ કર્યા છે. એ એમણે ધ્યાનમાં લીધા નથી. જે પેસેન્જર મૃત્યુ પામ્યા એમના સગાંવહાલાંઓએ રેલવે ટ્રિબ્યુનલ સમક્ષ વળતર માટે દાવો કર્યો. રેલ્વે ટ્રિબ્યુનલ જે હાઈકોર્ટ

કક્ષાના જજ ચલાવે છે. હાઈકોર્ટનો દરજજો પ્રાપ્ત છે. એ રેલ્વે ટ્રિબ્યુનલે ચૂકાદામાં કહ્યું છે કે આ ષડયંત્ર છે. એટલે ષડયંત્ર ગણીને આ પ્રકારનું વળતર આપ્યું છે. એ પણ બેનરજી કમિટીએ ધ્યાનમાં લીધું નથી. રેલ્વેના ડિવીઝનલ મેનેજર શ્રી મુડગીલનો અહેવાલ હતો. એમણે ભારત સરકારને અહેવાલ મોકલ્યો. ડી.આર.એમ. હતા કે આ ઘટના અકસ્માત નથી, ષડયંત્ર છે. તોફાનીઓએ આગ લગાડી હતી એને પણ બેનરજી સમિતિએ ધ્યાનમાં લીધું નથી.

ભારતમાં રેલ્વે ચાલુ થઈ ત્યારથી બધા જ અકસ્માતોની નોધ થયેલી છે. રેલ્વેની સ્થાપનાથી અત્યાર સુધીની એકસીડેન્શીયલ ફાયરની ઘટનામાં એક માણસથી વધારે મૃત્યુ થયું નથી. આ એવો કેવો અકસ્માત થયો કે ૫૯ લોકો જીવતા બળીને ભડથું થઈ ગયા? રેલ્વેમાં અકસ્માતથી આગ એટલા માટે ન લાગે કારણકે જે રેલ્વે મંત્રાલયનો પોતાનો એક વિભાગ છે. આર.એન્ડ ડી.નો વિભાગ છે એ કહે છે કે રેલ્વેના ડબ્બામાં જે મટિરિયલ વપરાય છે એ સ્વયં અગ્નિશામક હોય છે. કોઈપણ ઘટનાથી નાની મોટી આગ લાગે તો એની અંદર પોતે પોતાની આગ બુઝાવવાની તાકાત હોય છે. આગ પેટ્રોલ નાખીને લગાડવામાં ન આવે ત્યાં સુધી રેલ્વેનો ડબ્બો સળગી ન શકે એવું એમનું તારણ છે. જસ્ટીસ બેનરજી સમિતિના કહેવા પ્રમાણે ટોકસીક ગેસથી વ્યકિતઓ મરી છે. રેલવેએ આપણી એફ.એસ.એલ.ને પ્રમાણપત્ર આપ્યું છે કે ટોકસીક ગેસ ઉત્પન થાય એવું કોઈ મટિરિયલ અમે રેલવેના ડબાની રચના વખતે વાપરતા નથી તેથી ટોકસીક ગેસ ઉભો થવાનો પ્રશ્ન નથી. બેનરજી સમિતિની જયારે સ્થાપના થઈ ત્યારે એમણે એવું કહયું કે આ કેન્દ્ર સરકારે સમિતિ નિમેલી છે. એટલે સેન્ટ્રલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી કલકત્તાની વિઝીટ કરાવી અને એમણે સેમ્પલ કલેકટ કર્યા એમાં આપણને વાંધો ન હોઈ શકે એમણે સેમ્પલ ભેગા કર્યા એમાં પણ આપણને વાંધો ન હોઈ શકે પણ ના તો કોઈ સેન્ટ્રલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ કોઈ રિપોર્ટ આપ્યો છે કે ન તો એમણે રિપોર્ટ માગ્યો છે. ના એ રિપોર્ટની રાહ જોઈ છે, એ રિપોર્ટની રાહ જોતા નથી. અમારો રિપોર્ટ સ્વીકારતા નથી. એ રિપોર્ટને રેકર્ડ ઉપર મૂકતા નથી અને જાતે દલાતરવાડીની જેમ નકકી કરે છે કે આ આગ અકસ્માતથી લાગી હતી કે ટેકનિકલ પુરાવા એમની પાસે નથી. Methyethyle Isocyanide ગેસનો ઉલ્લેખ કરેલો છે. કદાચ આવી શકયતા છે એવો જે ઉલ્લેખ કર્યો છેMethyle Isocyanide ગેસ હોય તો ભોપાલમાં લીક થયેલ ગેસ હતો. માણસ કેટલી સેકન્ડની અંદર મૃત્યુને શરણ થઈ જાય. આગથી માણસે મરવું પણ ન પડે અને ડબામાંથી એક પણ માણસ જીવતો ભાગી ન શકે. એટલે આ બધું સ્વયંસિદ્ધ છે કે આ અકસ્માત નહોતો આ રાજકીય કારણસર સ્થપાયેલી સમિતિએ રાજકીય રીતે તારણો આપ્યા છે. તારણ આપતી વખતે વૈજ્ઞાનિક પુરાવા ઉભા કર્યા નથી. પૂરવા આપણા છે એને માન્ય કર્યા નથી. રેલ્વે ટ્રિબ્યુનલ રેલ્વેની ઓથોરીટીએ જે વાત કરી, જે રેકર્ડ ઉપર મૂકયું છે એ વાતને પણ એ લોકો સ્વીકારવા માગતા નથી. પોટા કોર્ટ, હાઈકોર્ટ, સુપ્રીમ કોર્ટ આ ત્રણેય કોર્ટ જે પ્રાયમાફેસી ષડતંત્ર કેસને માન્યતા આપી છે એ માન્યતાને એ લોકો પણ સ્વીકારવા માગતા નથી. રાજકીય રીતે રિપૉર્ટ લોકસભામાં રજૂ થયા પહેલા પ્રેસ કૉન્ફરન્સ કરી રિપૉર્ટની જાહેરાત કરી દીધી અને હું બીજી વાત તરફ આખા ગૃહનું ધ્યાન દોરવા માગું છું કે આ કમિટીની રચના જ્યારે નાણાવટી કમિશન સુનાવણી કરતું હોય એ વખતે થઈ શકે કે ના થઈ શકે? આવો કાયદાનો મુદ્દો ગુજરાતની વડી અદાલત સમક્ષ ઉપસ્થિત કર્યો. આ વડી અદાલતે એટલેંથ ચર્ચા કરી. જેમાં ભારત સરકાર, રેલ્વે મંત્રાલય, ગુજરાત સરકાર જે વ્યકિતએ મુદત કરી હતી તેના વકીલો આ બધાએ જુદી જુદી રીતની દલીલો અદાલત સમક્ષ મૂકી અને અદાલતે એક ઈન્ટરીમ સ્ટે આપ્યો કે આ કમિટી કોઈપણ રિપૉર્ટ આપે તો એ રિપૉર્ટ ઉપર કોઈ પગલાં ભરવાં નહિ અને ફાઈનલ હિયરિંગ માટે ૭મી તારીખે આ મેટર એટલે કે આવતીકાલે આ મેટર હતી. ૭મી તારીખે આ મેટર હતી અને ૬ઠ્ઠી તારીખે એમણે રિપૉર્ટ આપી ગુજરાત હાઈકોર્ટની પણ અવજ્ઞા કરી છે. ૭મી એ જજમૅન્ટ આપવાનું હતું. ૬ઠ્ઠી તારીખે રિપૉર્ટ આપવાનું કોઈ ઔચિત્ય નહોતું. એવી શું ઉતાવળ હતી. ૪ દિવસમાં એવું શું થઈ જવાનું હતું. આજે આ જ વ્યક્તિ હાઈકોર્ટ સમક્ષ ઘા નાખી ફરીવાર કોર્ટની જે ભાવના હતી એ ભાવનાથી વિરુદ્ધ થઈને આ જજમૅન્ટ આપવામાં આવ્યું હતું. હાઈકોર્ટે આ વાતને માન્ય રાખી છે અને રેલવેના વકીલને કડક સૂચના આપી છે કે આ રિપોર્ટ ઉપર કોઈ કાર્યવાહી ન કરવી, એનો કોઈપણ અમલ ન કરવો અને હવે જો કોઈપણ ભૂલ થશે તો રેલ્વે મંત્રાલયના વકીલની વ્યક્તિગત જવાબદારી નક્કી કરી જાણ કરવાની જવાબદારી પણ રેલ્વે મંત્રાલયના વકીલની કરી, એટલા માટે હું આ સમગ્ર ગૃહ અને ગૃહના માધ્યમથી ગુજરાતની પ્રજાને જણાવવા માગું છું કે આ ષડયંત્ર હતું. કોઈ અકસ્માત નહોતો. ષડયંત્ર કરી ૫૯ નિર્દોષ નાગરિકોને મારી નાખ્યા હોય અને એને છોડાવવા માટે જો કોઈપણ પ્રકારનો પ્રયત્ન થતો હોય તો નીંદનીય હોય, ૫૮ માણસોના મૃત્યુ ઉપર રાજનીતિ કોઈને ન શોભે, એની તપાસ સારી રીતે થતી હોય, કમિશન કરતું હોય, કોર્ટ કરતી હોય, પ્રૉસિક્યુશન કરતું હોય અને વચ્ચે કમિટી નીમી દેવાની? રાજકીય રીતે કમિટી નીમવાની? કમિટીએ રાજકીય રીતે રિપૉર્ટ આપવાનો? રિપૉર્ટ પણ એ રીતે આપવાનો કે જેથી આરોપીઓને મદદ થાય.

ગુજરાતની અંદર આ ઘટના છે, એ ઘટનાનું પબ્લિક સેન્ટીમેન્ટ છે. ગુજરાતની પ્રજા ન્યાય માગી રહી છે, એટલા માટે અમો એવું ચોક્કસ માનીએ છીએ, ગુજરાત સરકાર માને છે કે દરેક પ્રકારના આ ષડયંત્રની સામે મક્કમતાથી લડવામાં આવશે અને ગોધરાના આરોપીઓને સજા કરાવાનો પ્રોસિકયુશન સંપૂર્ણ

પ્રયત્ન કરે. ચૂંટણીઓ હારી જાય, એટલે પછી આ પ્રકારના જુદા જુદા મુદાઓ ઊભા કરી ગૃહની અંદર આવવાની વાત છે. આ મુદા ઉપર જે તે વખતે ગુજરાત સરકારનું રાજીનામું માગ્યું હતું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક મોરલ સ્પિરિટ બતાવીને, કોર્ટનો ચુકાદો તો ઘણા ટાઇમ પછી આવતો હોય છે. ગુજરાતની પ્રજાને નક્કી કરવા દો કે વાંક કોનો છે? આ સ્પિરિટથી ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ રાજીનામું આપ્યું હતું, એ પછી ચૂંટણીઓ થઈ, એમાં એમને વિરોધ પક્ષમાં બેસાડ્યા, તો પણ સમજતા નથી કે ગુજરાતની પ્રજા શું માને છે, શું ઇચ્છે છે? ગુજરાતની પ્રજા પણ અમે જે ભાવના વ્યક્ત કરી હતી, એની સાથે સંમત છે. મારી આ ગૃહના સર્વે સભ્યશ્રીને એક વિનંતી છે કે પોતપોતાના વિસ્તારની અંદર આ સમગ્ર ઘટનાની સાચી હકીકત ગુજરાતની જનતાને જણાવે અને હમણાં વિરોધ પક્ષના નેતાની ખુરશી ઉપર બેસી અર્જુનભાઈ મને ઉપદેશ આપતા હતા કે આનો રાજકીય ઉપયોગ ન થવો જોઈએ. ગૃહની અંદર મને ઉપદેશ આપતા હતા. બેનરજી કમિશને જેવો રિપૉર્ટ આપ્યો, વિગતો જાણ્યા વગર કૂદી પડ્યા આ અકસ્માત હતો અને ગુજરાત સરકાર રાજીનામું આપે. પ્રેસ લીધી. વિરોધપક્ષના નેતાએ પોતે પ્રેસ લીધી અને ગૃહની અંદર મને ઉપદેશ આપ્યો છે કે આને રાજકીય મુદો ન બનાવવો જોઈએ. માનનીય અર્જુનભાઈ રાજકીય મુદો અમે નથી બનાવતા. અમે ખુલ્લી છાતીએ ચર્ચા કરવા માટે તૈયાર હતા. દરેક વસ્તુનો જવાબ આપવા માટે તૈયાર હતા, પણ તમે જવાબ આપી શકો તેવી સ્થિતિમાં નથી, એટલે ગૃહ છોડીને જતા રહ્યા છો.

એટલા માટે વોકઆઉટ કરીને ચાલ્યા ગયા છે કે ગોધરાના આરોપીઓને બચાવવાનું ષડયંત્ર કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા થઈ રહ્યું એટલે જવાબ આપી શકે એવી સ્થિતિમાં નથી એટલા માટે ગૃહમાંથી બહાર ગયા છે. તેમણે પણ ચર્ચામાં ભાગ લીધો હોત અને કદાચ અમારી ભૂલ હોય અને અમે કંઈક ખોટું કર્યુ હોય તો પ્રશ્નો ઊભા કરી શકતા હતા. જવાબ આપવા માટે મેં પહેલેથી જ સંમતિ બતાવી છે. હું તો બે સભ્યશ્રીઓનો આભાર માનું છું કે એમણે આ વાત ઉભી કરી. ગુજરાતની જનતાને સાચી વાતની ખબર પડે તેના માટેના એક માધ્યમને ઊભું કર્યુ છે. ગૃહના સૌ સભ્યશ્રીઓને પણ જેટલું ગંભીર પ્રકારનું ષડયંત્ર હતું તેની જાણકારી મળી છે. હું બંને સભ્યશ્રીઓનો હ્રદયપૂર્વકનો આભાર માનું છું. અર્જુનભાઈને પણ કહું છું કે ભવિષ્યમાં આવું કંઈ હોય તો ગુજરાતના મુદા પર કમસેકમ એક થાય. ગુજરાતના લોકોની ભાવનાઓ માટે કમસેકમ એક થાય અને ગોધરાના આરોપીઓને સજા કરાવવામાં અમારી સાથે રહે તેવી વિનંતી કરી મારી વાત પૂરી કરું છું.

# તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

### માછીમાર ભાઈઓને ઉઠાવી જવા અંગે

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)** : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૧૧૬ અન્વયે નીચે જણાવેલ તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

"તાજેતરમાં ગુજરાતની આશરે ૨૦ જેટલી બોટો અને ૨૦૦ કરતાં પણ વધારે માછીમાર ભાઈઓને પાકિસ્તાન મરીન સિક્યોરિટી એજન્સી ઉઠાવી ગયેલ છે. આના કારણે સમગ્ર કાંઠા વિસ્તારમાં ચિંતાનું મોજું ફરી વળેલ છે અને માછીમાર ભાઈઓમાં બેકારી અને ભયનું વાતાવરણ ફેલાયેલ છે જે નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા/Mi#> (મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, આ માછીમારો અને બોટો છોડાવવાની બાબત એ ટોચ અગ્રતાની બાબત છે. કારણ કે આ બાબત દરિયાઈ મત્સ્યોદ્યોગ ક્ષેત્રના ૩ લાખ માછીમારોને સબંધિત છે. આ માટે રાજય સરકાર દ્વારા ભારત સરકારના વિદેશ મંત્રાલયના સબંધિત અધિકારીશ્રી સાથે સતત સંપર્ક જાળવવામાં આવે છે અને જે બોટો અને માછીમાર પકડાય છે તેની વિગતો વિદેશ મંત્રાલયને મોકલી આપવામાં આવે છે. જે તે મંત્રાલય દ્વારા પાકિસ્તાન સરકારશ્રીને પાકિસ્તાન ખાતેની ભારતીય એલચી કચેરી મારફત રજૂ કરવામાં આવે છે. રાજય સરકારના સબંધિત મંત્રીશ્રીઓ કક્ષાએથી ભારત સરકારના સબંધિત મંત્રીશ્રીઓને પત્રો લખી આ બાબત ટોચ અગ્રતાએ હલ કરવા વિનંતી કરવામાં આવે છે. આ પ્રક્રિયા સતત ચાલુ છે.

એટલું જ નહીં પણ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજયના માનનીય સાંસદોની એક સંકલન બેઠક તા. ૧૭-૧૧-૨૫-૦૦૫ ના રોજ બોલાવવામાં આવેલ તેમાં પણ આ બાબત ચર્ચા સ્થાને લેવામાં આવેલ અને માનનીય સંસદસભ્યોને પણ આ મુદો ટોચ અગ્રતા આપીને ભારત સરકારમાં વિવિધ કક્ષાએ રજૂઆતો કરી વહેલી તકે ઉકેલ લાવવા પણ વિનંતી કરવામાં આવેલ.

આ બાબત આંતરરાષ્ટ્રીય અને ડીપ્લોમેટીક મેટર હોવાથી રાજય સરકાર ભારત સરકારશ્રી સાથે સતત સંપર્કમાં છે. આ માછીમારોને સળગતા પ્રશ્નો અંગે રાજય સરકાર ચિંતિત છે અને તેમને મુકત કરાવવા તમામ કક્ષાએથી સઘન પ્રયત્નો હાથ ધરેલા છે અને ધરી રહેલ છે. આ પ્રયત્નોના પરિણામે છેલ્લા એક વર્ષમાં ભારત સરકારના સહયોગથી ૧૧૪૨ માછીમારોને મુકત કરાવી શકયા છે.

માછીમાર પકડાઈ ગયા બાદ તેમના કુટુંબને મદદરૂપ થવાના હેતુસર તેઓના કુટુંબને ૫૦/- પ્રતિદિન લેખે જયાં સુધી તે પાકિસ્તાનની જેલમાં રહે ત્યાં સુધી આર્થિક સહાય ગુજરાત સરકાર દ્વારા ચૂકવવામાં આવે છે. જેથી તેમના કુટુંબના ભરણ પોષણનો પ્રશ્ન હળવો થાય અને બેકારીનું વાતાવરણ ફેલાતું અટકે.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે નિવેદન કર્યુ છે તે નિવેદનનો મેં અભ્યાસ કર્યો છે. કેન્દ્ર સરકારને રજૂઆત કરવાની વાત પણ કરી છે. આપણા સૌના માટે ચિંતાનો વિષય છે. ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો દરિયા કિનારો આપણો પોતાનો જ છે. આપણા જે સાગરખેડૂઓ છે તેમાં બે ભાગ છે. એક બોટના માલિક છે અને બીજા માછીમારો છે તે ગરીબ, નાના, મધ્યમ વર્ગના પરિવારો છે. તો મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે આપણે પ્રયત્નો કરીએ છીએ, સંયુકત પ્રયત્નો કરીએ છીએ અને આ પ્રશ્ન કોઈ એક દિવસ એક બનાવનો નથી. વારંવાર બનતા બનાવો છે અને સ્વાભાવિક છે કે બે દેશોની સરહદની પરિસ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકાર પણ આવવાની છે એટલે પૂછવું છે કે કેન્દ્ર સરકારે જે દસ પોલીસ સ્ટેશનો મંજૂરી માટે આપ્યા હતા તેમાં એક જખૌ અને હરસદ હતા. આ બંને પોલીસ સ્ટેશનો અને જે દસ પોલીસ સ્ટેશનો છે તે કયારે કાર્યરત કરવા માગે છે અને બીજું માંગરોળ, વેરાવળ અને પોરબંદર મારા મત વિસ્તારમાં છે. ત્યારે મારે પૂછવું છે કે પેટ્રોલિંગ તો જોઈન્ટ પેટ્રોલિંગ કરી શકાય ખરું? કેન્દ્ર સરકારને રજૂઆત કરીએ છીએ, વિનંતી કરીએ છીએ તેમાં આપણને કોઈ વાંધો નથી. આપણે ભેગા મળીને કેન્દ્ર સરકારને આપણા ગુજરાતની પ્રજા, આપણા જે માછીમારો છે અને જે પરિસ્થિતિ છે તેના માટે આપણે સઘન પ્રયત્નો કરીને માત્ર કેન્દ્ર સરકાર નહીં પણ સઘન પ્રયત્નો કરીને ગરીબ પરિવારોના લોકો જે માછીમારી કરી રહયા છે તેને બચાવવા માટે આપણે શું કરવા માગીએ છીએ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી એકદમ વ્યાજબી છે. સરકાર તે સાથે સંમત છે. છેલ્લા ૨૦૦૫ના વર્ષમાં જ રાજય સરકારે એક ફરજ સમજીને ૧૪ વખત કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી છે અને જાન્યુઆરી ૨૦૦૫ થી આજસુધીમાં ૭ વાર એમ કુલ ૨૧ વાર આ મુદ્દ ા ઉપર રાજય સરકાર વતી રજૂઆત કરવામાં આવી છે. પત્રો દ્વારા જે તે સમયે માનનીય નટવરસિંહ વિદેશમંત્રી હતા ત્યારે હું વ્યકિતગત રીતે મળ્યો હતો. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ વ્યકિતગત વડાપ્રધાનશ્રીને રૂબરૂ મળીને વિનંતી કરી છે. જયારે જયારે છાપા દ્વારા સમાચાર મળે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે રાજદ્વારી વાટાઘાટો અધિકારી લેવલે કરવાના સમાચાર મળે ત્યારે પણ આપણે રજૂઆત કરી છે. પહેલી તારીખે આ જ્યારે આંદોલનના સમાચાર મળ્યા એ દિવસે જ મેં કેન્દ્રના માનનીય મંત્રીશ્રીને કાગળ લખી અને રાજયસભા અને લોકસભાના કોંગ્રેસ અને ભાજપના તમામ સભ્યશ્રીઓને રજૂઆત કરી છે અને મને કહેતાં આનંદ થાય છે કે આવતી કાલે માનનીય વડાપ્રધાનશ્રીને પણ ગુજરાતના કોંગ્રેસના અને ભાજપના રાજ્યસભા અને લોકસભાના તમામ સભ્યશ્રીઓએ વડાપ્રધાનશ્રીને મળવાનો સમય માગ્યો છે. ગઈકાલે મને એક કાર્યક્રમમાં માનનીય રાજેન્દ્રસિંહજી મળ્યા હતા, એમણે મને કહ્યું છે કે અમે બધા જ મળવાના છીએ અને મળીને એનો ઉકેલ આવશે એવી મને ચોક્કસ આશા છે. બે પોલીસ સ્ટેશનોની જે વાત કરવામાં આવી છે એ તાત્કાલિક કાર્યાન્વિત કરવાની કાર્યવાહી ચાલુ છે અને આ પ્રશ્ન વહેલામાં વહેલીતકે ઉકેલાય અને આપણે એક સૂચન પણ કર્યુ છે કે ભારત અને શ્રીલંકા વચ્ચે જેવી રીતે કરાર થયા છે કે દર ત્રણ મહિને એની સમીક્ષા થાય એ સમીક્ષા ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ કેમ ન થાય? અને એ સમીક્ષા થાય તો પકડાયેલા માછીમારોનું આદાનપ્રધાન થાય. આપણે પણ છોડી શકીએ અને એ પણ છોડી શકે, એટલે પાકિસ્તાન સાથે પણ આ કરાર થાય એ માટેના રાજય સરકારના સઘન પ્રયત્નો ચાલુ છે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું એ પ્રમાણે આ માછીમારો માટેનો ચિંતાનો વિષય છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું. દર વખતે વારંવાર આ સવાલ ગૃહમાં ચર્ચામાં આવે છે, માછીમારોને છોડાવવા માટે રાજય સરકાર અને ભારત સરકાર બંને ચિંતિત છે અને પ્રયત્નો દ્વારા ૧૧૪૨ માછીમારોને મુકત કરાવવામાં આવ્યા છે પણ જે છૂટીને આવે છે એ પ્રમાણે પાછા બીજા પકડાઈ પણ જાય છે છે, અને છાછવારે એક બનતા આવતા પ્રસંગો થઈ ગયા છે. ત્યારે સવાલ એ છે કે, માછીમારોને મુકત કરવાની સાથોસાથ જે આવકનું સાધન છે એ ખાસ કરીને બોટ છે કે જે બોટ ૧૨ થી ૨૦ લાખ સુધીની હોય છે અને એ બોટ પણ એ લોકો લઈ જાય છે એવી બોટો અત્યાર સુધીમાં ૨૮૨ બોટો છે અને હજુ સુધી એ પાકિસ્તાનના કબ્જામાં છે. એના કારણે અહીના જે બોટના માલિકો છે એમનું આ આજીવિકાનું સાધન જે છે એ એમની પાસેથી ઝૂંવાઈ જાય છે અને તેથી બીજી બોટ કરવા માટે આર્થિક રીતે ઘણો ખર્ચ કરવો પડે છે ત્યારે એક ખાસ કરીને આવી બોટોને મુકત કરાવવા માટેના પ્રયત્નો પણ સઘન રીતે રાજય સરકારે ભારત સરકાર સાથે રહીને કરવા જોઈએ અને એમાં પરિણામ આવે એ પ્રકારે

આગળ વધવું જોઈએ એ એક વાત અને બીજી વાત એ છે કે, માછીમાર પકડાઈ ગયા બાદ એમના કુટુંબને સહાયરૂપ થવા માટે પ્રતિદિન લેખે ૫૦ રૂપિયા ચૂકવવાની યોજના છે પણ અત્યાર સુધી જે માછીમારો પાકિસ્તાનની જેલમાં છે એમના કુટુંબને આ ૫૦ રૂપિયા પ્રતિદિન લેખે ચૂકવાઈ ગયા છે કે કેમ અને જો એ ન ચૂકવાયા હોય તો તાત્કાલિક અસરથી એટલે કે દિવસ આઠમાં રાજય સરકાર ચૂકવી આપવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જેટલી પણ રજૂઆતો થઈ છે એ માત્ર માછીમારો માટે થઈ છે એવું નથી, એમને બોટો સહિત છોડવા જોઈએ એવી જ રજૂઆતો થઈ છે એકલા માછીમારોને છોડવા માટેની રજૂઆતો થઈ નથી એટલે માનનીય સભ્યશ્રીને હું જણાવું કે, બોટ સહિત જ છોડે કારણ કે પંદર- અઢાર લાખ રૂપિયાની બોટ હોય છે, માછીમાર એકલો ઘરે પાછો આવે ત્યારે ફરી પાછી એની પાસે આર્થિક વ્યવસ્થા ન હોય જેથી કરીને એનો વ્યવસાય ચાલતો નથી એટલે બોટ સાથે છોડવા માટેના આપણે પ્રયત્નો કર્યા છે અને રાજય સરકાર કરે છે અત્યાર સુધી માત્ર ૪૯ માછીમારોને ચૂકવવાની જે વાત છે એ ઓળખપત્રોની પ્રક્રિયા ચાલુ છે એ વહલામાં વહેલીતકે બાકી બધા લોકોને ઓગણપચાસ- ઓગણપચાસ લોકોને ૫૦ લેખે ચૂકવવાનું કામ પૂરું કરી દેવામાં આવશે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ ફીશરમેન અને બોટ ઉપાડી જવાની દ ટનાઓ વારંવાર જ્યારે ફીશીંગની સીજન ચાલતી હોય છે એ વખતે થતી હોય છે અને એમાં સૌથી વધારે બોટ અને ફીશરમેન મારા મત વિસ્તારમાંથી પકડાય છે અને એને કારણે જે એ બોટમાં જે ફિશરમેન હોય છે એને અને એના પરિવારજનો ઉપર આપત્તિ તો આવે જ છે, પરંતુ એમની સાથે સાથે જે બોટોના માલિકો છે એ બોટોના માલિકોને સૌથી વધારે સહન કરવાનો વારો આવે છે કારણ કે એના ઉપર ઘણાં બધા પરિવારો નભતા હોય છે અને એ કરજવાન થઈ ગયેલા હોય છે એના કારણે એમને ખૂબ જ મુશ્કેલી હોય છે. અને હમણાં જે પાકિસ્તાન સરકારે ત્રણ ચાર વર્ષથી જક્કી વલણ અપનાવ્યું છે એ વલણ એ પ્રકારનું છે કે, બોટના ખલાસી હોય છે એ તો એકચેન્જના આધારે જ્યારે સરકારના પ્રતિનિધિઓ મળતા હોય છે ત્યારે નક્કી થયા મુજબ સંમતિ આપે છે એને લીધે બોટના ખલાસીઓ હોય છે એને ૬ મહિને, ૮ મહિને કે વર્ષે મુક્તિ મળે છે પણ હવે, જે જક્કી વલણ અપનાવ્યું છે એને કારણે એ બોટ છોડતા નથી અને એના કારણે ખૂબ મોટી ચિંતા ઊભી થઈ છે. માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે શ્રીલંકામાં ઔપચારિક સમજૂતી છે એ કાગળ ઉપરની સમજૂતી નથી દર અમુક સમયે, ઈન્ટરવેલ ઉપર બન્નેના અધિકારીઓ મળે અને બોટોનું એકચેન્જ કરે અને બન્ને દેશો એક બીજાની બોટો અને ફિશરમેનનોને એક બીજાના દેશને સોંપી આપે છે. આપણી દરિયાઈ સરહદ છે એ ત્રણ ચાર દેશો સાથે છે એમાં બાંગલાદેશ છે, શ્રીલંકા છે અને બીજા આરબ કન્ટ્રીઝ સાથે ક્યાંક ક્યાંક આપણો ઈકોનૉમિક ઝોન અડે છે પણ કોઈ સાથે આવા સિવિયર પ્રશ્નો ઊભા થતા નથી. આપણને પાકિસ્તાને બોટો નહીં આપવાનું જે વલણ અખત્યાર કર્યું છે એને કારણે ચિંતા ઊભી થઈ છે. રાજય સરકારે આ બાબતમાં પ્રયત્નો કર્યા હશે, અમે પણ એના માટે પ્રયત્નોમાં છીએ અને હું પણ વડા પ્રધાનશ્રીને આ બાબતમાં ઓછામાં ઓછા ૫ વખત મળ્યો છું. ત્રણ વખત આ જે ફિશરમેનોનું ડેલિગેશન છે એને લઈને પણ ગયો છું, ધારાસભ્યશ્રીઓને લઈને ગયો છું. માનનીય મંત્રીશ્રીએ વાત કરી એ પ્રમાણે આપણા સંસદ સભ્યશ્રીઓ પણ માનનીય વડા પ્રધાનશ્રીને મળવાના છે. આ બાબત પાકિસ્તાનની છે તે એમનું જક્કી વલણ બોટની બાબતમાં ફેરફાર કરવા ઈચ્છતું નથી એના કારણે ખૂબ ચિંતાની લાગણી ઉભી થઈ છે.

બીજી માહિતી પણ હું માનનીય ગૃહને આપના દ્વારા આપવા માગું છું. બન્ને દેશોના ફિશરમેનોનું મહામંડળ છે, ગુજરાતનું, ભારતનું અને પાકિસ્તાનના ફિશરમેનોનું મહામંડળ છે એ આ બાબતમાં ખૂબ આતુર છે કે આ બાબત આપણી વચ્ચે યોગ્ય સમજૂતી થાય. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું અને પૂછવા પણ માગું છું કે, આપણે પણ ભારત સરકાર કહીને અને ગુજરાત સરકારે પણ સામેલ થઈને આપણા ફિશરમેનોનું મહામંડળ છે એના પ્રતિનિધિઓ ત્યાં જાય અને ત્યાંના પ્રતિનિધિઓ અહીંયા આવે, એક વાતાવરણ ઊભું કરે કે આ બન્ને દેશો વચ્ચેનો પ્રશ્ન છે એમાં આપણા નિદોર્ષ ફિશરમેનો છે એ હેરાન-પરેશાન ન થાય. બીજું આપના મારફત એ પૂછવા માગું છું કે, આ બોટોના માલિકો છે એને માટે જે રાહત નક્કી થઈ છે એની બોટ પકડાય જાય એના પછી એ ખૂબ ઓછી છે કેમ કે, આ બોટ છે એ ૨૦-૨૫-૩૦ કે ૪૦ લાખ રૂપિયા સુધીની બોટ હોય છે એ જવાથી એનું આખું જીવન બરબાર થઈ જાય ત્યાં સુધીનું એને નુકસાન થાય છે. આવી ૨૮૫ બોટો હાલ પાકિસ્તાનના કબજામાં છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે આ રાહત પૅકૅજ છે એ નવું બનાવી એના માટે કોઈ મદદ કરવા માગો છો કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ મને માહિતી મળી કે, માનનીય મુખ્યમંત્રીશ્રી પણ માનનીય વડા પ્રધાનશ્રીને આજે જ પત્ર લખી રહ્યા છે. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીને મારી વિનંતી છે કે, આપના નેતાને, આવતી કાલે જયારે વડાપ્રધાનશ્રી સમય આપવાના છે ત્યારે આ સઘળી બાબત આપણા સૌની બાબત છે પક્ષીય બાબત નથી તો આપ જરા વધારે પ્રયત્નો કરીને, આમાં રાજય સરકાર તો બધા પ્રયત્નો કરી રહી છે અને અત્યાર સુધીમાં ૨૧ પત્રો પણ લખ્યા છે, પાંચ વખત મુલાકત પણ કરીને માનનીય

મુખ્યમંત્રીશ્રીએ જાતે મળીને વિનંતી કરી છે, હું પણ જાતે મળ્યો છું. બીજું જે પૅકેજની વાત કરી છે એ સૂચન છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, દર વરસે બહુ મોટી સંખ્યાની અંદર આ પાકિસ્તાન મરીન સિક્યોરિટીવાળા મારા વિસ્તારમાંથી જ કારણકે આખા સમગ્ર રાજયમાંથી અને દેશના અન્ય બીજા રાજયોમાંથી પણ માછીમારી માટે જખૌ બંદર ઉપર બહુ મોટી સંખ્યાની અંદર બોટો આવે છે ત્યાં અમુક હદ છોડીને સમુદ્રની અંદર આંતરરાષ્ટ્રીય સીમા આવે છે. અમુક જગ્યાએથી જ્યાં માછલીઓ મોટા પ્રમાણમાં મળે છે એનાથી થોડુંક આગળ જવાથી ત્યાં પછી પાકિસ્તાનની હદ આવી જાય છે. એમાં ત્યાં કોઈ એવા નિશાન ન હોવાના કારણે ત્યાં કોઈ એની નેવીગેશનની વ્યવસ્થા ન હોવાના કારણે માછીમારોને ખ્યાલ આવતો નથી કે આપણે ભારતની હદમાં છીએ કે પાકિસ્તાનની હદમાં? તો એના માટે પણ રાજય સરકાર કે કેન્દ્ર સરકાર જેની જવાબદારી હોય એ એના માટે એના બોયા મૂકવાની કોઈ વ્યવસ્થા કરવા માગે છે કે કેમ?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર વતી કેન્દ્ર સરકારમાં માનનીય સભ્યશ્રી જે વાત કરે છે એ માછીમારોને જ્યારે આઈ.બી.એલ. ક્રોસ કરે એ પહેલાં એની જાણકારી એને મળે એના માટે થઈને રાજય સરકાર વતી કોસ્ટ ગાર્ડ મારફતે એમને સૂચના તો આપવામાં આવે છે, પરંતુ હવે ભવિષ્યમાં કૃષિ મહોત્સવમાં આ એક આખા ભાગને વ્યવસ્થિત રીતે લઈને જરૂર પડે એની તાલીમ આપવાનું પણ રાજયના કૃષિ વિભાગે વિચાર્યુ છે.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૦ દરિયાઇ પોલીસ સ્ટેશનો મંજૂર થયાં છે અને બીજા કોસ્ટ ગાર્ડ અને રાજયનું પોલીસ ડિપાર્ટમૅન્ટ એના જોઈન્ટ પેટ્રોલીંગની જે બાબત છે એના માટેની આપણને સહાય પણ મળી છે તો આ બન્ને બાબતો એ ક્યારે શરૂ કરવા માગે છે?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : આ કામગીરી ચાલુ જ છે.

**શ્રી રાકેશ રાવ** : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, જે રીતે પાકિસ્તાનની હદમાં જતી રહેતી આપણી બોટો પાકિસ્તાન મરીનના લોકો કબજે કરી લે છે એજ રીતે આપણા તરફથી પણ જે પાકિસ્તાનના લોકો આપણી હદમાં આવી જાય છે એમની બોટો આપણે કબજે કરી લઈએ છીએ તો એવી કોઈ સ્કીમ બની શકે કે આવી કબજે કરેલી બોટો આવા લોકોને આપી શકાય?

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, આ એમનું સૂચન છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન મારા મત વિસ્તારનો નહિ પણ હું જે વિસ્તારમાં રહુ છું એ વિસ્તારના મોટાભાગના લોકો આ માછીમારી ઉદ્યોગના ધંધા સાથે સંકળાયેલા છે. વેરાવળ, માંગરોળ, પોરબંદર આ વિસ્તારના માછીમાર ભાઈઓને કાયમી સતાવતી આ સમસ્યા છે. માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી કે આવતીકાલે કોંગ્રેસ અને ભારતીય જનતા પાર્ટીના તમામ સંસદ સભ્યશ્રીઓને પણ પ્રધાનમંત્રીશ્રીએ મુલાકાત આપી છે. સૌથી મોટો દરિયા કિનારો ધરાવતા ગુજરાત રાજયને મોટા પ્રમાણમાં વિદેશ હૂંડિયામણ રળી આપતો દરિયા કિનારાના ફિશરમેન માટેની એકમાત્ર આજીવિકાનો આ ઉદ્યોગ છે જ્યારે એક બોટ કોઈ પકડાતી હોય છે ત્યારે એ બોટની અંદર કામ કરનાર પાંચ સાત કુટુંબના મોભીઓ એ પાકિસ્તાનની જેલમાં જાય છે એને કારણે પાંચ સાત કુટુંબના બધા માણસો નિરાધાર હાલતમાં મૂકાઈ જાય છે અને પાકિસ્તાનના કબજામાં રહેલી બોટોને પાકિસ્તાનના સત્તાવાળા મીસયુઝ કરીને એ જ્યારે એમને પરત સોંપવામાં આવે છે ત્યારે આ બોટો એવી ખરાબ સ્થિતિની હોય છે કે ફરીથી એ ઉપયોગમાં પણ લઈ શકાતી નથી ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હું સરકારશ્રી પાસેથી એ જાણવા માગું છું અને વિરોધપક્ષના નેતાશ્રીએ એ વાત કરી છે ત્યારે આમાં યુ.પી.એ. સરકારની અંદર પોતાની વગનો પણ ઉપયોગ કરીને અને રાજય સરકારે જ્યારે કેન્દ્ર સરકારમાં બે - ત્રણ ચાર વખત પત્રો લખીને કેન્દ્ર સરકારનું ધ્યાન દોર્યુ છે ત્યારે કેન્દ્ર સરકારે એની કોઈ કાયમી વ્યવસ્થા કરે કે જ્યારે પણ આવા માછીમારો પકડાય ત્યારે એની ઈન્કવાયરી ચોક્કસ સમય મર્યાદાની અંદર કરીને એ માછીમારોને પરત કરે અને એમની બોટોનો તાત્કાલિક ધોરણે નિકાલ કરી દે કે જેથી કરીને માછીમાર ભાઈઓની આજીવિકાને કોઈ નુકસાન ન થાય એવો પ્રયાસ કરવામાં આવે તો કેવું રહે આ એક બાબત અને બીજી બાબત હું માનનીય મંત્રીશ્રીને એ કહેવા માગું છું કે, હવે તો ફક્ત બોટો જ લઈ લેવાનો પ્રશ્ન નથી રહ્યો. ગઈ તારીખ ૧૩-૨-૦૬ના રોજ માંગરોળની વીઆરએલ નં.૧૦૦૮૨ ઔડી નામની બોટ ઉપર પાકિસ્તાનની મરીન સિક્યુરીટીના લોકોએ ગોળીબાર કરીને શાંતિલાલ મંગળ નામના ખલાસીનું મૃત્યું પણ તેમાં થયું છે ત્યારે ફકત હવે આ સવાલ આ માછીમાર ભાઈઓને જાનની પણ સલામતી નથી રહી તો આવા સંજોગોની અંદર તે લોકો જેલની અંદર હોય, પાકિસ્તાન જેલમાં હોય તેને આપણે દૈનિક ૫૦ રૂપિયા ભથ્થું આપીએ છીએ. તો જેમનું મૃત્યું થયું છે એવા લોકોને આપણે કંઈ મદદ કરવા માગીએ છીએ કે કેમ ? અને આનો વહેલામાં વહેલી તકે કોઈ ઉકેલ આવે અને માછીમાર ભાઈઓનું જીવન સલામત બને તે દિશાનાં રાજય સરકાર કેવાં પગલાં ભરવા માગે છે તે હું જાણવા માંગુ છું.

**શ્રી ભુપેન્દ્રસિંહ મ. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, જેમનું મૃત્યું થયું છે તે ખલાસી શાંતિલાલ તે કેન્દ્રશાસિત પ્રદેશના હતા એટલે આપણે તેમને જ કહેવાનું છે. ગૃહની હું આ જે લાગણી છે એ દિલ્હીમાં જે આપણા એમ.પી.છે તેમને હું કહેવાનો છું. આપના દ્વારા માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને પણ વિનંતી છે કે, આ જે ચર્ચા થઈ છે તેની લાગણી શબ્દ સહ ઉપર દિલ્હીમાં જે આવતીકાલે મળવા જવાના છે તે લોકોને કહેવામાં આવે તો થોડી અસર વધે એવું મને લાગે છે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### ગુજરાત સરકારના નાણાકીય હિસાબો

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષના નાણાકીય હિસાબો (અંગ્રેજી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષના વિનિયોગ હિસાબો ( અંગ્રેજી )

(ગ) ભારતના કૉમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૦૪-૨૦૦૫ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલી પ્રાપ્તિ) (અંગ્રેજી અને ગુજરાતી ) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### સન ૨૦૦૫ના માહિતી અધિકાર બાબતના અધિનિયમ અન્વયેની અધિસૂચના

**સચિવશ્રી :** માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૫ના માહિતી અધિકાર બાબતના અધિનિયમ અન્વયે ગુજરાત વિધાનસભા સચિવાલયની તા.૧૧-૧૧-૨૦૦૫ની અધિસૂચના ક્રમાંક: જીએલએસ/૬૯૧/મ/૧(૭૭)/૧૨૩૮૭ સભાગૃહના સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### "શરમ" શબ્દ દૂર કરવા અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે કે, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ તાકીદની જાહેર અગત્યની બાબત પરની ચર્ચા દરમ્યાન, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ સરકાર માટે "શરમ આવવી હોય તો તેઓશ્રીને આવે" તથા "એની શરમ સરકારને આવવી જોઈએ" આવા શબ્દોનું ઉચ્ચારણ કરેલ. "શરમ" શબ્દ વપરાશના સંદર્ભમાં આખા વાકયો અશોભનીય હોવાથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૩૬(૧) અને (૨) અન્વયે શરમ સાથે જોડાયેલા શબ્દોવાળા વાકયો ગૃહની કાર્યવાહીમાંથી હું રદ કરું છું.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ)

### આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
### પૂરક માગણી ક્રમાંક: ૩૮

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂા. ૩૪,૮૯,૮૭,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક: ૩૮ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી શંકરભાઈ દે. વાઘેલા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૧ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક:૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક:૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક:૫ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક: ૭૦**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂપિયા ૨,૪૫,૭૫,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૭૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદફારુક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૬ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક:૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી બલદેવજી ચં. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક:૭ રજૂ કરવામાં આવી.**

**ડૉ. અનિલ જોષીયારા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક:૮ રજૂ કરવામાં આવી.**

**મહેસૂલ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક: ૭૮**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટ સેવાને લગતી મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૬,૪૦,૨૯,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક ૭૮ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક ૭૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જગદીશ ઠાકોર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઈ ગો. વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઈ કો. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૨ રજૂ કરવામાં આવી.**

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક: ૯૨**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સામાજિક સુરક્ષા અને કલ્યાણ સેવાને લગતી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૭,૧૨,૧૭,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧,૦૦૦ ની પૂરક માગણી ક્રમાંક: ૯૨ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૯૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૫ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**પૂરક માગણી ક્રમાંક: ૧૦૫**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળવિકાસ વિભાગની સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૨,૦૫,૦૦૦ની પૂરક માગણી ક્રમાંક: ૧૦૫ રજૂ કરું છું.

**પૂરક માગણી ક્રમાંક: ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરું છું

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧૮ રજૂ કરવામાં આવી.**

## સન ૨૦૦૫–૨૦૦૬ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર, તા.૬–૩–૨૦૦૬ (બીજો અને છેલ્લો દિવસ) ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ<br>માગણી નં. ૩૮** | | |
| ૧. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૧–શહેરી.....એલોપેથી<br>૦૦૧– નિર્દેશન અને વહીવટ<br>રૂ.૪,૯૪,૨૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૬૮ | ૧૦૦ | હોસ્પિટલોમાં બંધ હાલતમાં રહેલી અદ્યતન મશીનરીઓ ત્વરીત ચાલુ કરાવી તેનો લાભ ગરીબ દર્દીઓને આપવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી શંકરભાઈ વાઘેલા |
| ૨. | ૨૨૧૦–તબીબી અને જાહેર આરોગ્ય<br>૦૨–તબીબી .....નિયામક<br>૧૧૦–ઈસ્પીતાલ અને દવાખાના<br>૦૧– સિવિલ .... વહીવટ<br>રૂ. ૯,૬૮,૧૫,૦૦૦<br>પૂરક પત્રક પા. નં ૬૮ | ૧૦૦ | હોસ્પિટલોમાં બહાર ગામના દર્દીઓના સગાવહાલાઓને પૂરતી સવલતો આપવામાં તંત્રની ઉદાસીનતા | ડૉ. અનિલ જોષીયારા |
| ૩. | –– " –– | ૧૦૦ | હોસ્પિટલોમાં ડૉકટરો તથા સ્ટાફની અનિયમિત હાજરી દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| *૪. | –– " –– | ૧૦૦ | સિવીલ હોસ્પિટલોમાં દર્દીઓને સ્વચ્છ પથારીઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૫. | ૨૨૧૦– તબીબી અને જાહેરઆરોગ્ય<br>૦૪– ગ્રામીણ ....પધ્ધતિઓ<br>૧૦૧– આર્યુવેદ<br>૦૧– તબીબી .......દવાખાના<br>રૂ. ૭૧,૫૦,૦૦૦<br>પૂરક પત્રક પા. નં. ૬૮–૬૯ | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં આર્યુવેદ દવાખાનાઓમાં જરૂરી દવાઓ સમયસર પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બાબુભાઈ શાહ |
| | | **પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>માગણી નં. ૭૦** | | |
| ૬. | ૨૫૧૫–અન્ય... કાર્યક્રમો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧– પંચાયતોની ચૂંટણી<br>(ક)–તાલુકા/જિલ્લા પંચાયતોની ચૂંટણી<br>રૂ.૧,૧૦,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૩૫–૧૩૬ | ૧૦૦ | તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં ચાલતી વ્યાપક ગેરરીતિ અટકાવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી મોહંમદ ફારુક શેખ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭. | ૨૫૧૫–અન્ય... કાર્યક્રમો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>૦૧– પંચાયતોની ચૂંટણી<br>(ક)–તાલુકા/જિલ્લા પંચાયતોની ચૂંટણી<br>રૂા.૧,૧૦,૭૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં.૧૩૫–૧૩૬ | ૧૦૦ | તાલુકા/જિલ્લા પંચાયતોની ચૂંટણીની કામગીરીમાં ફરજ બજાવતાં કર્મચારીઓને અપાતી ધાક–ધમકીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી બળદેવજી ઠાકોર |
| ૮. | –– " –– | ૧૦૦ | તાલુકા/ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ઈલેકટ્રોનિક મશીનનો નિર્દશન કાર્યક્રમ પ્રજાજનોને સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા | ર્ડા. અનિલ જોષીયારા |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૮** | | |
| ૯. | ૨૦૫૩–જિલ્લા વહીવટ<br>૦૯૪ – અન્ય કર્મચારી વર્ગ<br>રૂા.૬,૪૦,૨૯,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૧૫૧–૧૫૨ | ૧૦૦ | પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી જગદીશ ઠાકોર |
| ૧૦. | –– " –– | ૧૦૦ | કલેકટર હસ્તકની કચેરીઓમાં પ્રજાજનોને પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પરેશભાઈ વસાવા |
| ૧૧. | –– " –– | ૧૦૦ | તાબાની કચેરીઓના અધિકારીઓ / કર્મચારીઓની અનિયમિત હાજરી સામે પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી લક્ષ્મણભાઈ પટેલ |
| ૧૨. | –– " –– | ૧૦૦ | પ્રાન્ત અધિકારીઓ / મામલતદારો સ્થળ તપાસ માટે અઠવાડિયામાં એક જ દિવસ મુકરર કરી સતત કાર્યાલયમાં ફરજ ઉપર હાજર રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી છનાભાઈ ચૌધરી |
| | | **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**<br>**માગણી નં. ૯૨** | | |
| ૧૩. | ૨૨૨૫ – અનુસૂચિત...કલ્યાણ<br>૨૭૭ – શિક્ષણ<br>૦૬–બીસીકે–૮૧–એસ.એસ.સી ....શિષ્યવૃદ્ધિ<br>રૂા.૧,૯૦,૦૦,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૧૯૬–૧૯૭ | ૧૦૦ | પછાત વર્ગના વિદ્યાર્થીઓને એસ.એસ.સી. પછી રાજય શિષ્યવૃદ્ધિ મેળવવામાં પડતી હાડમારી નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પ્રવિણભાઈ મારૂ |
| ૧૪. | ૨૨૨૫ – અનુસૂચિત...કલ્યાણ<br>૨૮૩ – આવાસન<br>૦૧–બીસીકે–૧૧૯– વ્યકિતગત.... સહાય<br>રૂા.૩,૨૫,૮૨,૦૦૦<br>પૂરક પત્રક પા.નં. ૧૯૬–૧૯૭ | ૧૦૦ | પછાત વર્ગના ઈસમોને વ્યકિતગત ધોરણે આવાસન માટે પૂરતી નાણાકીય સહાય આપવામાં તંત્રની ઉદાસીનતા | શ્રી બાબુભાઈ શાહ |
| ૧૫. | –– " –– | ૧૦૦ | પછાતવર્ગના ઈસમોને વ્યકિતગત ધોરણે આવાસન માટે આર્થિક સહાય આપવામાં ચાલતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી પુંજાભાઈ વંશ |
| *૧૬. | –– " –– | ૧૦૦ | પછાત વર્ગના ઈસમોને વ્યકિતગત ધોરણે આવાસન માટે નાણાકીય સહાય આપવામાં થતો વિલંબ નિવારવા તંત્રની ઉદાસીનતા | |
| | | **મહિલા અને બાળ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૧૦૫** | | |
| ૧૭. | ૨૨૫૧–સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>(૦૧) મહિલા...વિભાગ<br>રૂા.૧૨,૦૫,૦૦૦ | ૧૦૦ | વિધવા અને ત્યકતાઓને સહાય મળી રહે તે માટે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | ર્ડા. ચંદ્રિકાબેન ચુડાસમા |

| | | | | |
|---|---|---|---|---|
| | પૂરક પત્રક પા.નં.૨૩૫ | | | |
| ૧૮. | --" -- | ૧૦૦ | મહિલાઓના વિકાસ માટે જરૂરી કાર્યક્રમો ઘડવામાં આવતી ઉદાસીનતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ભારતીબેન પટેલ |
| *૧૯. | --" -- | ૧૦૦ | મહિલાઓ અને બાળકોના કાર્યો માટે પૂરતી નાણાકીય જોગવાઈ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઈ નથી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### ગિલોટીન અંગે

**અધ્યક્ષશ્રી** : મારે એક જાહેરાત કરવાની છે. પૂરક માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે આજે બીજો અને છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની આ બેઠકનો સમય બપોરના ૧૨.૦૦ થી સાંજના ૫.૧૫ સુધીનો છે. આથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪ ના પેટા નિયમ ૪ મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના ૧ કલાક પહેલાં એટલે કે સાંજના ૪.૧૫ વાગ્યે પૂરક માગણીઓ ઉપરની સઘળી ચર્ચા પૂરી કરવાની થાય અને જે પૂરક માગણી ચાલતી હશે તે અને બાકીની બીજી બધી પૂરક માગણીઓ સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે.

# પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) (ક્રમશઃ)

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૦૫-૦૬ ની આરોગ્ય, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ, મહેસૂલ, સામાજિક ન્યાય અને અધિકારીતા અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે, એમાં મારા મંતવ્યો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તબીબી અને જાહેર આરોગ્યની બાબતો માટે રૂપિયા ૩૪,૮૯,૮૭,૦૦૦ની માગણી આ સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતની અંદર આજે આરોગ્યનું ખાનગીકરણ થઈ રહ્યું હોય એવી પરિસ્થિતિ નિર્માણ થવા છતાં સન્માનનીય ગૃહ સમક્ષ આટલી મોટી પૂરક માગણી આરોગ્ય વિભાગ દ્વારા લાવવામાં આવી છે. પૂરક માગણીનો અભ્યાસ કરતા ધ્યાનમાં આવ્યું કે દવાઓની ખરીદી માટે થઈને પણ આ પૂરક માગણીમાં નાણાની જોગવાઈ કરવામાં આવી છે. આરોગ્યની સેવાઓ એ લોકોની પાયાની જરૂરિયાત છે. આજે રાજયની અંદર હોસ્પિટલોમાં હડકવાની એક રસી પણ ઉપલબ્ધ ન હોય અને રાજય સરકાર પૂરક માગણીમાં દવાઓની ખરીદી માટે ડિમાન્ડ લઈને આવેલ છે. આજના જ પ્રશ્નોત્તરી કાળની અંદર એક મુદ્દો સમગ્ર સન્માનનીય ગૃહની સમક્ષ ધ્યાન ઉપર આવ્યો કે આરોગ્ય વિભાગ દ્વારા જે ખરીદી થાય છે, એમાં હલકી ગુણવત્તાની દવાઓ રાજય સરકાર દ્વારા ખરીદાયેલી અને લેબોરેટરીમાં ચકાસતાં ૯૪ જેટલી કંપનીઓની દવાઓ હલકી ગુણવત્તાની પ્રાપ્ત થઈ છે.

આરોગ્ય વિભાગ દ્વારા રોગી કલ્યાણ સમિતિની રચના કરવામાં આવી છે. સમગ્ર રાજયમાં આ રોગી કલ્યાણ સમિતિ મારફત ટ્રસ્ટ અને સોસાયટી એકટ નીચે એક એન.જી.ઓ.ની રૂએ કામ કરવાનો રાજય સરકારે અભિગમ દાખવ્યો છે એનાથી એવું લાગે છે કે સરકાર પોતાની જે પ્રાથમિક જવાબદારી છે લોકોને આરોગ્યપ્રદ જીવન આપવાની જવાબદારી છે. એમાંથી મોં ફેરવી રહી હોય એમ લાગે છે. ત્યારે હું માનનીય આરોગ્ય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ રાજયમાં આજે કેટલાંય દવાખાનાંઓમાં ડોકટરોની ઉપલબ્ધિ ન હોવાના કારણે લોકોને દેશી ઓસડીયાંનો ઉપયોગ કરવો પડે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ છે. દરેક પ્રશ્નમાં જયારે ડોકટરોની ભરતીની વાત કરવામાં આવે તો સરકાર દ્વારા એમ કહેવામાં આવે છે કે સત્વરે ભરવામાં આવશે. તો આપની મારફતે માનનીય આરોગ્ય મંત્રીશ્રીને કહેવા માગું છું કે દરેક ડોકટરની પાછળ સરકાર દ્વારા એક કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવે છે ત્યારે આ રાજયને અને આ દેશને એક ડોકટર ઉપલબ્ધ થાય છે અને માત્ર ને માત્ર ૭૫ હજાર રૂપિયાના બોન્ડ તેમની પાસેથી લઈને તેમને સરકારી સેવા આપવામાંથી મુકિત આપીએ છીએ. આ જે ૭૫ હજાર રૂપિયાનાં બોન્ડ લઈને સરકારી સેવામાંથી મુકિત આપવાની જોગવાઈ છે એમાં ફરજીયાતપણે તેમણે પાંચ વર્ષ સુધી રાજયની સરકારી હોસ્પિટલો કે સી.એચ.સી. કે પી.એચ.સી.માં

ચોકકસ સેવા આપવી પડશે એ પછી જ તેમને ખાનગી ડોકટર તરીકે પ્રેકિટસ કરવાની સનદ ઉપલબ્ધ થાય એવી જોગવાઈ કરવા માગે છે કે કેમ?

આ જે માગણીઓ છે એમાં ઔષધિ પધ્ધિતિનો વિકાસ એના માટેની માગણી લાવવામાં આવી છે. આ ઔષધિ વિકાસ પધ્ધતિ એ આ દેશનું સંશોધન છે, ગત વર્ષમાં ૨૫૦ ઉપરાંત આયુર્વૈદિક દવાખાનાં આ રાજય સરકારે બંધ કરેલ છે. આયુર્વેદની જિલ્લા સ્તરની હોસ્પિટલો છે એમાં પૂરતા ડોકટરો નથી, પૂરતી સાધન સામગ્રી નથી, પૂરતી દવાઓ નથી. તો એ બધા માટેની જોગવાઈ કરીને આ બાબતમાં માગણી લઈને આવ્યો હોત, આ બધામાં સુધારા માટેની માગણીઓ લઈને આવ્યા હોત તો ચોકકસ એની સાથે સંમત થાત.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે પંચાયત વિભાગ દ્વારા જે માગણીઓ લાવવામાં આવી છે એમાં બે વાત મૂકવા માગું છું કે પેન્શન અને નિવૃત્તિના લાભો માટે થઈને પૂરક માગણી આ સન્માનનીય ગૃહ સમક્ષ લાવવામાં આવી છે ત્યારે આપની મારફતે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કયા વર્ષમાં કેટલા લોકો નિવૃત્ત થાય છે અને એમને પેન્શન આપવાનું થવાનું છે તો બજેટ બનાવતી વખતે નાણા વિભાગને એનો ખ્યાલ નહોતો કે પછી બજેટ ડિસિપ્લીનનો ભંગ કરીને વારંવાર જે બજેટ જોગવાઈઓ હોય એ બિનજરૂરી ખર્ચમાં ખર્ચવામાં આવે અને આવશ્યક જે સેવાઓ છે એના માટે આ ગૃહ સમક્ષ પૂરક માગણીઓ લાવવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતરાજના ચૂંટાયેલા સભ્યો અને કર્મચારીઓને તાલીમ આપવા માટે થઈને આ પૂરક માગણીમાં જોગવાઈ કરવામાં આવી છે. હું આપની મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગત વર્ષમાં ચૂંટાયેલા પદાધિકારીઓને અને કર્મચારીઓને કયા પ્રકારની કેવી તાલીમ આપવમાં આવી કે આટલા આવશ્યક ખર્ચની જરૂરિયાત ઉભી થઈ અને આ પૂરક માગણી ગૃહ સમક્ષ લાવવી પડી છે? જે જોગવાઈઓ છે એનો જિલ્લા સ્તરે જાહેરાતો પાછળ ખર્ચ થાય છે અને માત્ર કાગળ ઉપર યોજનાઓ ચાલે છે. આપની મારફતે મંત્રીશ્રીનું આ બાબતમાં એટલા માટે ધ્યાન દોરવું છે કે કર્મચારીઓ અને પદાધિકારીઓ માટેના તાલીમના કાર્યક્રમો થાય છે અને એમનામાં યોગ્ય સુધારો થાય છે, પરંતુ એ માત્ર ને માત્ર કાગળ ઉપર રહે છે. સર્ટિફિકેટ લેવા માટે નકકી કરેલ એજન્સીઓ પાછળ ખર્ચ કરવાનો થતો હોય એવી માગણીઓ સાથે સંમત થઈ શકાય નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, આની સાથે સાથે જિલ્લા અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને માટે થઈને પૂરક માગણી લાવવામાં આવી છે ત્યારે આ લોકશાહી દેશમાં પ્રજાનો મત જીતવો એ સન્માન ગણાય. પ્રજાની લાગણીને. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ, પૂરું કરો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હજુ હજુ મેં ઓપનિંગ કર્યુ છે. વિષયની બહાર એક શબ્દ નથી બોલ્યો.

**અધ્યક્ષશ્રી**: આપણી પાસે બોલનારા ઘણા સભ્યો છે અને આપણી પાસે સમય માત્ર ૮૦ મિનિટ છે, બે મિનિટમાં આપ પૂરું કરો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : ભલે, તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં લોકોની લાગણીઓને ધ્યાને નહીં લેવાની, કર્મચારી અને અધિકારીઓને ઉપલબ્ધ રેકોર્ડ સાથે ચેડાં કરવા અને લોકોની લાગણીઓ જીત્યાનો, ખોટો જન આદેશ જીત્યાનો દાવો કરી અને ગૌરવ લેવું અને ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા કર્મચારીઓને તેનું માનદ વેતન પણ હજુ સુધી ન ચૂકવાયું હોય, આ કર્મચારીઓને ધાક ધમકી આપી અને જનાદેશ લેવા માટે થઈ અને આ પૂરક માગણીઓ લઈને આવ્યા હોય તો આ માટે હું સંમંત થઈ શકતો નથી. છેલ્લે મહેસૂલ વિભાગની એક માગણી આવી છે અને એમાં પૂર અસરગ્રસ્તોને સહાય આપવા માટેની જે માગણી લાવવામાં આવી છે ત્યારે આ સન્માનનીય ગૃહ સમક્ષ ધ્યાન ઉપર મૂકવા માગું છું કે પુર અસરગ્રસ્ત લોકોને સહાય આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ૩૦૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. અને તે પૈકી વર્ષાંતે ૧૧૦ કરોડ રૂપિયાનો ખર્ચ રાજય સરકાર કરી શકી છે. એટલે આ રાજય સરકાર દ્વારા ૮ હજાર કરોડની પૂર અસરગ્રસ્તો માટેની માગણી કેન્દ્ર સરકાર પાસે કરવામાં આવી હતી તે પોકળ હતી, કલ્પિત હતી કેન્દ્ર સરકારે રૂપિયા આપ્યા તે પણ લોકો સુધી યોગ્ય સહાય મળે તેવું આયોજન કરવામાં સરકાર નિષ્ફળ ગઈ છે. ત્યારે આ પૂરક માગણી જે મહેસૂલ વિભાગ તરફથી લાવવામાં આવી છે તે બાબતમાં પણ સંમત થઈ શકતો નથી.

છેલ્લે એક મુદ્દો મહિલા, બાળ કલ્યાણ વિભાગનો છે તેના ઉપર પણ મારે એક વાત કરવી છે. આ સન્માનનીય ગૃહ સમક્ષ મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ તરફથી જે માગણી લાવવામાં આવી છે, એમાં આ સન્માનનીય ગૃહને હું જણાવવા માગું છું કે વિધવા અને ત્યકતાઓને જે સહાય ભૂતકાળમાં દ ણા વર્ષોથી મળતી હતી એમાં ગત વર્ષમાં આ ત્યકતા બહેનોને સમાજે અને કુટુંબે તો તરછોડી છે પણ તેને સાથ અને સહકાર આપવા માટે રાજય સરકારે અડીખમ ઉભું રહેવું જોઈએ, પણ આ ત્યકતા બહેનોને સહાય આપવામાંથી પણ આ રાજય સરકારે મોં ફેરવી લીધું છે. ત્યારે હું મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે આ ત્યકતા બહેનોને આગાઉના સમયમાં જે સહાય આપવામાં આવતી હતી

તે સહાય પુન: કાર્યાન્વિત કરવા માગે છે કે કેમ? અને ન કરવા માગતા હોય તો તેના કરણો શું છે તે મને જણાવે. માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેમાં હું સંમત થઈ શકતો નથી.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે માગણીઓ લઈને આવ્યા છે તે પૈકી ૭૦ અને ૯૨ પંચાયત અને ગ્રામ્ય ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ તેમજ સામાજિક ન્યાય અધિકારીતા વિભાગની પૂરક માગણીઓ આવી છે તેના સમર્થનમાં મારે બે વાત કરવી છે.

સાધારણ રીતે પંચાયત શબ્દ જયારે આપણે પ્રયોગ કરીએ એટલે આપણને આપણા ગામની ગ્રામ પંચાયત દેખાય. આ પંચાયત શબ્દ ગ્રામ પંચાયત સાથે એટલો ઓતપ્રોત થઈ ગયો છે કે આજે પ્રજા પણ આ પંચાયત રાજની ખૂબ પ્રશંસા કરે છે. પંચાયત રાજના માધ્યમથી ગામડાંનો વિકાસ સધાય, વાયબ્રન્ટ ગુજરાતની જેમ વાયબ્રન્ટ ગામડું બને તો આ રાજય એક પ્રગતિશીલ રાજય તરીકે હિન્દુસ્તાનમાં પ્રસ્થાપિત થાય, તે પ્રમાણે કાર્યરચના આ રાજયમાં અમલી બની છે. પુરક માગણી એક સામાન્ય બાબત છે. ઘણા મિત્રોએ કહ્યું કે બજેટ સક્ષમ હોય છે, અંદાજો કમ્પ્લીટ હોય છે છતાં પૂરક માગણીઓ આવે છે, પૂરક માગણીઓ એ તો બજેટનો એક પ્રકારનો ભાગ છે, અને તેને અનુમોદન કરવું એ સ્વાભાવિક છે, પરંતુ આદરણીય નાણા મંત્રીશ્રી અને વિભાગના સૌ અધિકારીઓ જયારે પોતે વિકાસ અને વિચારની વાત લઈને બેસતા હોય છે ત્યારે મિટીંગમાં પણ આ પ્રકારનું કમ્પ્લીટ ચિંતન અને મનન થતું હોય છે અને એ પ્રમાણેનું આર્થિક આયોજન પણ થતું હોય છે. તેમ છતાં કયાંક કોઈક એવી બાબત હોય કે પૂરકની રીતે ગૃહની રીતે ધ્યાન દોરવા જેવું હોય તો એ ગૃહ સમક્ષ આવે તો એ શરમજનક બાબત હોય તેવું હું માનતો નથી. માનનીય સભ્ય શ્રીમતી ચંદ્રિકાબહેન કહેતા હતા ત્યારે હું સાંભળતો હતો. મારે આ રાજયના નાણામંત્રીશ્રીના ધ્યાને એક કિસ્સો મૂકવો છે. પૂરક માગણીઓ આવે, અંદાજો નકકી થઈ જાય અને વિકાસના કામોનો પ્રારંભ થાય. આ વચ્ચેની પ્રક્રિયા છે એમાં ખૂબ સમય જાય છે. કામ શરૂ કરવામાં આવે એને પૂરું કરવામાં સમય ઘણો જતો હોય છે. એવા સમયે પૂરક માગણીઓ ઉપરાંત જયારે સંપૂર્ણ કામ પૂર્ણ થયા પછી આપણી સમક્ષ આવે ત્યારે એના ખર્ચમાં ખૂબ વધારો થતો હોય તેવું જોવા મળે છે. એટલે નાણામંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે અંદાજો, પૂરક માગણીઓ, વિનિયોગ સ્વાભાવિક છે, એની સાથે આપણે સહમત થઈએ છીએ. નીતિ નિયમો અને કાર્યકાળની સીમામાં નિયત પ્રમાણમાં, નકકી કરેલ સમય મર્યાદામાં જ એ કામ પૂર્ણ થાય એનું પૂરેપૂરુ નિયંત્રણ થાય એ જોવાની જવાબદારી પણ આપણી બને છે. એટલા માટે આ કામ પૂર્ણ થાય એની સમય મર્યાદા પણ નકકી હોય છે ત્યારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે કયાંક આવો ખર્ચ થાય છે. જે ખર્ચ નકકી કરેલ હોય છે એ ઉપરાંત ખર્ચ થાય છે એ વધારે ખર્ચ કયાં કારણોસર થાયો છે એ અગત્યનો હોય, વધારે ખૂબ હોય તો પણ એ મંજૂર કરતા હોઈએ છીએ, એમાં વાંધાજનક હોતું નથી, પરંતુ ખર્ચને લગતી જે જે બાબતો હોય એ બાબતોનું ખૂબ તાત્વિક ધોરણે નિરીક્ષણ થવું જોઈએ. સાધારણ રીતે આમ પ્રકારના પ્રોજેકટો, આમ પ્રકારના કામ કરતાં કાર્યક્રમો નજરે આપણે જોતા હોઈએ છીએ. પરંતુ એમાંથી વિશેષ પ્રજાલક્ષી હોય પ્રજાના વિકાસ માટે ખૂબ ઉપયોગી હોય અને સમય મર્યાદામાં પૂરા થવા જોઈએ એ પ્રમાણેની આપણને ધારણા હોય કે પ્રતિષ્ઠાના પ્રોજેકટ હોય, દા.ત. નહેર હોય, સિંચાઈનું કામ હોય કે પાણી પુરવઠાનું કામ હોય કે નર્મદા યોજનાનું કામ હોય કે કોઈપણ પ્રકારના પ્રોજેકટ હોય કે જે પ્રજાના કલ્યાણ માટેના હોય આમ સમાજના હિતના વિકાસને ધ્યાનમાં રાખીને રચાયેલા હોય એવા પ્રોજેકટમાં આપણે એવું માનતા હોય કે આ સરકારની પ્રતિષ્ઠાનો સરસ પ્રોજેકટ છે એમાંથી એક આમ ઈમેજ પણ આવી સારી જાય છે કે આ સરકારનું સારુ કામ દેખાય છે. આ સારુ કામ ચોકકસ છે અને કામ સમય મર્યાદામાં વધુમાં વધુ ખર્ચના ધોરણે પૂરુ થાય એમાં કોઈ વાંધો નથી. પરંતુ મારો એક અભ્યાસ અને અનુભવ એવો છે કે આવા પ્રતિષ્ઠાના પ્રોજેકટોની પાછળ પણ ઘણી વખતે આપણે ધ્યાન રાખવું જોઈએ અને એના કારણે કયાંક પણ આવા સારા પ્રોજેકટને ઠેસ લાગે એની પ્રતિષ્ઠાને એની ગરિમાને નુકસાન થાય એવા પ્રકારની ઘણી ઘણી બાબતો ઘણી વખત બહાર આવતી હોય છે. અને એટલા માટે આવા સારા પ્રોજેકટોનું નિરક્ષણ થાય સમયસર થાય અને વિભાગીય રીતે એનું અન્વેષણ થાય તબકકાવાર થાય કામના પૂર્ણતાના આરે થાય એ પહેલાં કેટલીક વખત થઈ જાય આવી કોઈક પ્રક્રિયા ઘડવામાં આવે તો આપણે જે લક્ષ્યાંક લઈને નીકળ્યા છીએ, આપણે જે પ્રજાના કામો કરીને વિકાસની પારદર્શિતા બતાવવા માગીએ છીએ એ આપણે સાબિત કરતા જઈ રહ્યા છીએ. અને હજી પણ આવી પ્રક્રિયાઓને આવા પ્રોજેકટોને વધુમાં વધુ પ્રૂફ બનાવવા માગીએ, વિશ્વાસને પાત્ર બનાવવા માગીએ, આવા કામોમાં મંત્રીશ્રી ધ્યાન આપે એવી વિનંતી છે.

ગામડાંનો વિકાસ સાધારણ રીતે રાજયમાં ૧૯૯૫થી થયો છે. ગામડાં ૧૯૯૫ થી એટલા માટે ધબકતા થયા છે કારણ કે ત્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર કામ કરતી થઈ છે. ગોકુળિયા ગામથી શરૂ કરી કર્મયોગીથી શરૂ કરીને ગ્રામ મિત્ર સુધી વિવિધ પ્રકારની યોજનાઓ લઈને અમે આવીએ છીએ. આવી યોજનાઓ કે જે ગામડાંને મજબૂત બનાવે છે, ગામડાંને ધબકતા રાખે છે અને એટલા માટે હું આ ગૃહમાં ચૂંટણીને લગતું ગ્રામ વિકાસનું બજેટ છે ત્યારે એમ કહેવા માગું છું કે આ સમરસ ગ્રામ પંચાયતે ખૂબ સુંદર

રીતે સફળતા પ્રાપ્ત કરી છે. ચૂંટણી વગર ગ્રામ પંચાયત જીતે, ગ્રામ પંચાયતની આખે આખી બોડી વિધાઉટ ચૂંટણી સિવાય પ્રસ્થાપિત થાય એ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીનો અભિગમ હતો અને એમાં આપણે સફળ થયા છીએ. આ રસ્તે આપણે આગળ વધીએ અને ચૂંટણીથી પર રહીને કોઈપણ જાતના રાજકીય દ્વેશવૃત્તિથી પર રહીને પ્રજાને પોતાના મતદાનના આધારે પોતાનો પ્રતિનિધિ નકકી કરવા માટે ગામની વચ્ચે પોતે સમરસ બનાવવા માગે છે.

હું નવાં બે સૂચન માનનીય નાણામંત્રીશ્રીને કરવા માગું છું કે જે જિલ્લામાં તાલુકા પંચાયતોની ૫૦ ટકા ગ્રામ પંચાયત, બધી તાલુકા પંચાયતોમાં ૫૦ ટકા ગ્રામપંચાયતો જો સમરસ બની હોય તો આવી તાલુકા પંચાયતોને આપણે પુરસ્કાર આપીએ અને તેને નવાજીએ, તેનું બહુમાન કરીએ. એવી જ રીતે ૫૦ ટકા કરતાં વધારે તાલુકા પંચાયતો જે જિલ્લા પંચાયતોમાં સમરસ બની હોય તો એવી સમરસ જિલ્લા પંચાયતોને જાહેર કરીને રાજયનો પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રસ્થાપિત કરીએ કે જેને નામ અને ગૌરવ પ્રાપ્ત થાય. આ પણ મારું અગત્યનું રચનાત્મક સૂચન છે. આ જો કરવામાં આવે તો જેમ આપણે કલ્પના કરીએ કે ચૂંટણી વગરનું સુંદર રાજકારણ, ચૂંટણી વગરનું એક વિકાસનું રાજકારણ આપણે શરૂ કરવા માગીએ છીએ અને આ મારા સૂચન છે. મારે ઓપનીંગ કરવાનું હતું. હું એમ માનતો હતો કે મને વીસેક મિનિટ વાત કરવા મળશે.

**અધ્યક્ષશ્રી** : આપણી પાસે આખા દિવસની કુલ ૩૦ મિનિટ છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા :** માફ કરજો, હું આપના સૂચનને સ્વીકારું છું, પરંતુ એક વાત કરીને હું મારી વાત પૂરી કરીશ. ગાંધીજીએ ગ્રામ સ્વરાજ્ય અને ગ્રામોદ્યોગની વાત કરી. શહેરોમાંથી હિજરત થઈ રહી છે. ૫૦ વર્ષની આઝાદી આવ્યા પછી ગામડાં ખાલી થતાં ગયાં છે. આ ગામડાંને ફરીવાર ધબકતાં કરવા હોય તો શહેરોમાં જે ગામડાંનો માણસ જતો રહ્યો છે તેને પાછો ગામડાંમાં લાવવો છે. આજે જયોતિગ્રામથી માંડીને સુજલામ્-સુફલામ્ જેવી અનેક યોજનાઓ ગામડાંમાં આવી ગઈ છે કે ગામડાંઓમાં લોકોને જવાનું મન થાય છે. એટલા માટે ફરીવાર હું રાજયના નાણામંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે રાજયના આપણે ૧૦૦૦ ગામ એવા નક્કી કરીએ કે ૧૦૦૦ ગામોને દત્તક લઈએ અને પર્ટીકયુલર એ જ ગામોમાં ધ્યાન આપીને તેને સર્વાંગી ગામ બનાવીએ. જેમાં એક પણ કામ બાકી ન હોય, વિકાસનું કામ બાકી ન હોય. ૧૦૦ ટકા શિક્ષણનો લક્ષ્યાંક પૂરો થયો હોય. તેમાં પોતાના ગામના કારીગરો, વારસાગત ગૃહ ઉદ્યોગો, તેનો ખેડૂત, ખેતમજૂર આ બધા પોતાના ગામમાં રહીને પોતાની આજીવિકા રળતા થઈ જાય. પોતાના પગ ઉપર ઉભા રહે. એવા માતબર ગામનું નિર્માણ કરવા આપણે સંકલ્પ કરીએ.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક-૩૮, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી ક્રમાંક-૭૦,મહેસૂલ વિભાગની માગણી ક્રમાંક- ૭૮, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની માગણી ક્રમાંક-૯૨, મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી ક્રમાંક-૧૦૫ની પૂરક માગણી લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૂરક માગણીઓ લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા છે, આ ગૃહમાં મંજૂર થવાની છે. પરંતુ પૂરક માગણીઓ લઈને આવવા માટેનો શિરસ્તો છેલ્લા પાંચ-છ વર્ષથી દર વર્ષે વધતો જાય છે. પૂરક માગણીઓ લઈને આવવા માટેની સરકારને ફરજ એટલા માટે પડે છે કે વર્ષ દરમ્યાન જે ખર્ચ અંદાજવામાં, બજેટમાં જે જોગવાઈ કરવામાં આવી હોય એ જોગવાઈ કરતાં વધારાનો ખર્ચ કરવો પડે અથવા ખર્ચ કરવામાં આવ્યો હોય તે માટે પૂરક માગણીઓ લઈને અહીં આવવું પડે છે. કારણ કે જે ખર્ચ કર્યો હોય છે એ અહીં વિધાનસભામાં મંજૂર કરાવવો પડે છે. તેના ભાગ તરીકે ફોર્માલીટી તરીકે અહીં આવવું પડે. સવાલ સિસ્ટમનો છે. રાજય સરકાર, કર્મયોગી ચિંતન શિબિરો દ્વારા એક સારો-સુદ્રઢ વહીવટ આપી શકાય.

**અધ્યક્ષશ્રી** : વિરામનો સમય થયો છે. માનનીય પુંજાભાઈ, આપનું પ્રવચન ચાલુ રહેશે.

**વિરામ ૨-૩૦ થી ૩-૧૫**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : (ક્રમશ) માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, રાજય સરકાર ચિંતન શિબિરો મારફત, કર્મયોગી મારફત મોટી મોટી જાહેરાતો કરીને કહેવામાં આવે છે કે, રાજયમાં બેઠેલા કર્મચારીઓ યોગ્ય રીતે અને સારી રીતે કામ કરી શકે, રાજયની પ્રજાને એનો ફાયદો થાય, વહીવટી તંત્ર દ્વારા એવી કામગીરી કરવાથી એ જાગૃત બને એના માટેની મોટી જાહેરાતો કરવામાં આવે છે. મારે રાજય સરકારને પૂછવું છે કે, રાજય સરકારના તમામ વિભાગની અંદર બજેટ બનાવવા અંગેની શાખાઓ છે અને એમાં નાયબ સચિવ કક્ષાના, ઉપસચિવ કક્ષાના અધિકારીઓ અને કર્મચારીઓ બજેટ બનાવતા હોય છે. અત્યારે બજેટ સત્ર ચાલુ છે. અત્યારે રાજય સરકાર દ્વારા જે જે યોજનાઓ છે, જે નવી યોજનાઓ મૂકવામાં આવે એ યોજનાઓમાં બજેટની ફાળવણી અને પૂરા વર્ષ માટે રાજય સરકાર કયા પ્રકારની કામગીરી કરવાની છે? પ્રજાને અસરકર્તા પ્રશ્નોનું નિરાકરણ થાય, એ પ્રજાને લોકોપયોગી થાય એ પ્રકારની યોજનાઓ બનાવી એનો બજેટમાં સમાવેશ

કરી અને જે તે વિભાગનું બજેટ તૈયાર કરી અને ગૃહમાં મૂકવામાં આવે છે. છેલ્લા ૭- ૮ વર્ષથી બજેટ જોઈએ છીએ અને તપાસીએ છીએ ત્યારે મૂળ બજેટની અંદર જોગવાઈ કરવામાં આવી હોય છે એ વર્ષના અંતે નાણાં વપરાતા નથી. વર્ષના અંતે પાછાં જમા કરાવવાં પડે છે. ખર્ચ નહીં કરવાના કારણે, ઘણી બધી યોજનાઓની વહીવટી મંજૂરી નહીં મળવાના કારણે, એનું અમલીકરણ નહીં થઈ શકવાના કારણે. પછી રાતના ગમે ત્યારે, અનુકૂળતા મુજબ, ઇચ્છા થાય, કોઈ નવી નવી બાબતો સૂઝે એટલે બીજા દિવસે વિભાગને બોલાવીને સૂચના આપે કે આ કામ શરૂ કરી દો. બજેટમાં એની જોગવાઈ ન હોય, ૧ રૂપિયાની ફાળવણી ન હોય, એના માટેનું કોઈ પ્લાનીંગ ન હોય અને સીધે સીધી કામગીરી શરૂ કરવામાં આવે છે અને એના કારણે પરિસ્થિતિ એ નિર્માણ થાય છે કે, મૂળ બજેટ છે એના કરતાં પૂરક માગણીઓની જોગવાઈઓ દિવસે દિવસે વધતી જાય છે અને એના કારણે પ્લાનના કામો છે, બજેટ બનાવતી વખતે પ્લાનીંગ મૂકવામાં આવે છે અને પ્લાનીંગ સદર નીચે જોગવાઈ કરવામાં આવે છે અને એ પ્લાનના કામો પૂર્ણ થતા નથી અને નોનપ્લાનના કામો છે એની પાછળ વધુને વધુ ખર્ચ થતો જાય છે અને દિવસે દિવસે એનો ખર્ચ પણ વધતો જાય છે. એના કારણે રાજય સરકારની સિસ્ટમ છે એ સંપૂર્ણપણે તૂટી ગઈ છે એમ કહીએ તો ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગની વાત કરવામાં આવી. અત્યારે પૂરક માગણી લઈને આવ્યા છે, એમાં જણાવવામાં આવ્યું છે કે, પગાર, કચેરી, નિવૃત્તિ. રાજય સરકારને અને મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, આપ જે વિભાગ સંભાળો છે એ વિભાગની અંદર જે કચેરી કામ કરે છે એ કચેરીનું ટેલિફોન બિલ કેટલું આવશે? તમારા વિભાગમાં કેટલા કર્મચારીઓ કામ કરે છે? એનો પગાર કેટલો છે? કયા અધિકારી/ કર્મચારી ક્યારે નિવૃત્ત થવાના છે? એ વિભાગ પાસે માહિતી ન હોય? કેટલા કર્મચારીઓ આ વર્ષે નિવૃત્ત થવાના છે એનો અંદાજ તમારી પાસે ન હોય? પરંતુ પગાર, પેન્શન, નિવૃત્તિના નામે પૂરક માગણીઓ લઈ આવી, મૂળ બજેટની અંદર જે જોગવાઈ હોય એને બાજુ ઉપર રાખી અથવા અન્ય કામો કરી પાછળથી પૂરક માગણીઓ માટે વિધાનસભા પાસે મંજૂર કરાવવા આવવું પડે છે. એટલે મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે આ માનસિકતામાંથી આપણે બહાર નીકળવું પડશે. કોઈ પ્રજાકીય કામો માટેની જરૂરિયાત છે. કોઈ ઈમરજન્સીની જરૂર પડે અને ખર્ચ કરવામાં આવે એ સમજી શકાય, ગઈ ત્રીજી તારીખે માનનીય નાણામંત્રીશ્રીએ બહુ સિફતપૂર્વક વાતને ટાળી, એમના જવાબની અંદર કે પ્રજાસત્તાક દિન નિમિત્તે ૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. પૂરક માગણી લઈને આવ્યા પછી એના જવાબમાં એમણે એમ જણાવ્યું કે આ તો કોર્પોરેશનને એક કરોડ મળશે, નગરપાલિકાને આટલા મળશે તો પૂરક માગણી લઈને આવ્યા એમાં તમે પ્રજાસત્તાકદિનનો શબ્દ પ્રયોગ શા માટે કર્યો એની અમને શંકા જાય છે કે આ જે ખર્ચ તમે કરવાના છો એ તમારી જાહેરાતો પાછળ, તમારા મહોત્સવો પાછળ, તમારા ઉત્સવો પાછળ, ગુજરાતની પ્રજાના પૈસા તમે બેફામ જે વાપરો છો એના ઉપર તમે ખર્ચવાના છો. લોકોને અનુરૂપ થાય એ પ્રકારની જોગવાઈ કરવામાં આવે તો વાંધો નથી. આરોગ્ય વિભાગની અંદર કર્મચારીની નિવૃત્તિની તારીખ, એમની સંખ્યા, એમની પાસે હોય, એમની જરૂરિયાત હોય તો મૂળ બજેટમાં શા માટે જોગવાઈ નથી કરવામાં આવતી? મૂળ બજેટમાં જોગવાઈ કરવામાં આવતી નથી. મોટા ભાગના વિભાગોની અંદર આ પરિસ્થિતિ નિર્માણ થાય છે અને મૂળ કામગીરી છે એ રહી જાય છે અને નોન પ્લાનની કામગીરી છે એમાં દિનપ્રતિદિન ખર્ચમાં વધારો થતો જાય છે.

રાજયની અંદર હાલમાં પેટા કેન્દ્રો ૧૦૭૦ છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૨૭૨ છે. મોબાઈલ કોમ્પ્રીહેન્સીવ ૮૫ ચાલે છે. ગામડા વિસ્તારની અંદર વસતા ગરીબ લોકો છે એ આરોગ્યની સેવા લેવા માટે દવાખાનમાં જાય છે ત્યારે હમણાં પરેશભાઈએ કહ્યું એ પ્રમાણે હડકવાની રસી એમના દવાખાને મળતી નથી. દુકાને લેવા જાય તો એમને ૩૦૦ રૂપિયા આપવા પડે. બી.પી.એલ.યાદીની અંદર કાર્ડ ધારક હોય તો ફ્રી આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારની અંદર દવાઓ પૂરતી ઉપલબ્ધ કરવામાં આવતી નથી. દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે, પૂરતી દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે પૂરક માગણીઓ લઈને અહીં મંત્રીશ્રી આવ્યા છે ત્યારે મંત્રીશ્રીને કહેવું છે કે જયારે તમે બજેટ બનાવો ત્યારે રાજયના દવાખાનાની અંદર અને એ વિસ્તારની વસ્તીને ધ્યાનમાં રાખીને તમારા આરોગ્ય વિભાગના આકડાઓ મારફત કેટલી જરૂરિયાત ઉભી થવાની છે એને ધ્યાનમાં રાખીને તમે પૂરેપૂરી વ્યવસ્થા કરો તો ગામડાના ગરીબ લોકોને આરોગ્યની સેવાઓ પણ મળશે અને તમારે પૂરક માગણીઓ લઈને આવવું ન પડે. અને કદાચ ગરીબોની સેવા આપવા માટે વાપરતા હોય અને પૂરક માગણી લઈને આવે તો એનો આનંદ થાય, એવી પરિસ્થિતિમાં માનનીય મંત્રીશ્રી આ પૂરક માગણીઓ લઈને આવતા નથી પણ બજેટની અંદર, સિસ્ટમની અંદર સુધારો થાય અને મૂળ જોગવાઈ હોય એ પ્રમાણે નાણા વપરાય એવી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરુ છું.

**શ્રી જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા (શહેર કોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના જે સામાજીક સુરક્ષા અને કલ્યાણ અંગેની જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને મારું અનુમોદન આપુ છું. ચલો જલાયે દીપ વહાં જહાં અભી ભી અંધેરા હૈ. આ સુત્રને સાર્થક કરવા જયારથી ભારતીય જનતા પાર્ટીએ આ ગુજરાતનું શાસન સંભાળ્યું ત્યારથી દલિતો, પછાત લોકોના વિકાસ અને

કલ્યાણ માટેની યોજનાઓ બનાવી. કોંગ્રેસની જેમ માત્ર કાગળ ઉપર નહીં પણ એનો સક્રિય અમલ કરાવી અને ખરેખર સમાજને ઉપયોગી બને એવી અનેક યોજનાઓ બનાવી આ સમાજના વિકાસની વાતો કરી છે. હું પણ દલિત સમાજમાંથી આવુ છું. કોંગ્રેસના શાસનની અંદર તો , દલિત સમાજના લોકો ભણે નહીં, જો ભણે તો એમને યોજનાઓ વિશે કે સરકારની કામગીરીઓ વિશે કે ધારાસભ્ય અને સંસદના લોકો શું કામ કરતા હોય છે એની માહિતી મળે અને પોતાની પોલ ખુલી જાય એ પોલ ન ખુલે એ માટે આ દલિતોને ભણવા માટેની યોજના બનાવવી જોઈતી હતી એ યોજના નથી બનાવી. આ કોંગ્રેસવાળા પોલંપોલ ચલાવતા હતા પણ આ ભારતીય જનતા પક્ષના શાસન દરમિયાન દલિત સમાજના, અનુસૂચિત જાતિના અને પછાત વર્ગના લોકોમાં અભ્યાસને પાયાની જરૂરિયાત ગણી અને શિક્ષણને લગતી અનેક યોજનાઓ બનાવી એની પહેલી યોજના છે શિષ્યવૃત્તિ યોજના. આ યોજના હેઠળ ધોરણ-૧ થી પ્રાથમિક શિક્ષણની અંદર, ઉચ્ચ શિક્ષણની અંદર માધ્યમિક સ્કૂલોમાં, કૉલેજ જતા વિદ્યાર્થીઓને અને ટેકનિકલ સ્કૂલોમાં શિષ્યવૃત્તિ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાની જે યોજના બનાવી એ અભિનંદનને પાત્ર છે. એ જ રીતે ગણવેશ યોજના. ભૂતકાળમાં જ્યારે નાના બાળકો, દલિત સમાજના બાળકો સ્કૂલે જતા હોય તો શર્ટના બટન ન હોય, ખિસ્સા ન હોય કે ચડ્ડી ફાટી ગઈ હોય, એવી કોંગ્રેસના શાસનમાં દલિત સમાજના વિદ્યાર્થીઓની દશા હતી, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને એણે ગણવેશ યોજનાનો અમલ કર્યો અને વર્તમાન સમયમાં એક નહિ, બે જોડી ગણવેશ માટે રૂા. ૧૫૦/- એ ગરીબ વિદ્યાર્થીને આપી પોતે ગણવેશ લાવી શકે અને નિયમિત સ્કૂલમાં જાય એ રીતે આ યોજનાનો અમલ કરવામાં આવ્યો. એ જ રીતે સરસ્વતિ સાધના યોજના દ્વારા પણ ગામડે ગામડે મારા ગરીબ અને પછાત સમાજની જે દીકરીઓ હોય, ગામમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા હોય પણ ધોરણ-૭ બાદ આઠ, નવ કે દસ ધોરણ માટે બાજુના ગામમાં, તાલુકા મથકે કે શહેરમાં જવું પડે અને અપ-ડાઉન કરવાની પ્રથા દાખલ થાય. એ ન કરવું પડે એનો વિચાર કર્યો અને રૂપિયા ૧૫૦૦ રોકડા આપી અને સાઈકલ ખરીદી શકે અને એ સાયકલ લઈને દીકરી હાઈસ્કૂલમાં ભણવા માટે જાય. આજે દલિત સમાજની બહેનો ભણવા માટે જાય છે. કોંગ્રેસ ભલે ર્ડા. બાબાસાહેબ આંબેડકરની વાતો કરે, માત્ર વાતો કરી. એ જ્યારે જીવતા હતા ત્યારે એમનો સૌથી વધારે વિરોધ કોંગ્રેસે કર્યો છે. કોંગ્રેસને તો એમનું નામ દેવાનો હક્ક નથી. આ ભારતીય જનતા પક્ષની સરકારે આ ર્ડા. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના બનાવી. આ યોજના હેઠળ દલિત અને પછાત લોકો પાકાં મકાનો બનાવે એ માટે સરકારે રૂપિયા ૪૦,૦૦૦ની યોજના બનાવી. આજે પરિણામે આપણે જોઈશું તો ગયા વર્ષે જે જોગવાઈ હતી એના કરતાં આ વર્ષે ૨૦૦૬-૦૭માં ૧૧૨૫ લાખ રૂપિયાની જોગવાઈ કરી છે. એનો અર્થ એવો કે ગયા વર્ષ કરતાં લક્ષ્યાંક વધારી આ અંદાજ વધારવામાં આવ્યો છે જે અભિનંદનને પાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના શાસનમાં અમદાવાદ શહેરની બધી કાપડ મિલો બંધ પડી. એના કારણે ૭૦,૦૦૦ જેટલા કામદારો બેકાર બની ગયા. ગુજરાતમાં અનેક મોટી મોટી કંપનીઓ કોંગ્રેસના શાસનમાં બંધ પડી. એના કારણે મારા સમાજના લોકો બેકાર બન્યા. પરંતુ આ રાજય સરકાર આવી અને બેકાર લોકોને રોજીરોટી મળે એ માટે માનવ ગરિમા યોજના દાખલ કરી. આ યોજનામાં વગર વ્યાજે રૂપિયા ત્રણ હજારની કીટ, કીટમાં મોચીનો ધંધો હોય, પાનનો ગલ્લો કે સાઈકલ રિપેરીંગનો ધંધો હોય તો રૂપિયા ત્રણ હજારની સાધનોની કીટ મફત આપવામાં આવે છે. એનાથી પોતાની સ્વરોજગારી કમાઈ પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. અમારા સમાજમાં કોઈ વિમાનમાં બેસીને ફૉરેનમાં ગયું હોય એ એક સ્વપ્ન હતું. પરંતુ ભા.જ.પ.ની સરકારે દલિત સમાજનો દીકરો ભણવા ઈચ્છતો હોય તો વિચાર કર્યો કે દલિત સમાજનો ભાઈ વિદેશ જઈ શકે એ માટે પાંચ લાખ રૂપિયાની સહાય આપવાની જોગવાઈ કરી. પાંચ લાખના બદલે આ વખતે દસ લાખ રૂપિયા આપવાની વિચારણા કરી છે.

**શ્રી જગદીશ ઠાકોર (દહેગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ ૩૮, ૪૦, ૭૮, ૯૨ અને ૧૦૫ ની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રવિશંકર મહારાજ ચીનની યાત્રાએ ગયા ત્યારે એમણે કહ્યું હતું કે યંત્રોથી ધમ ધમતા જાપાન જેવો ન બનાવશો, માણસાઈ જેવું કાંઈ રાખજો. એ જ રવિશંકર મહારાજે વિનોબાજીના ભૂદાન કાર્યમાં કટકો જમીન ભીખ માગી જેમની પાસે કંઈ ન હતું એની વાત કરી હતી. એમણે એમ કહ્યું હતું કે - " દ ઇસાઈને ઉજળા થઈ બીજાના ખપમાં આવજો" એમણે કહ્યું હતું "ભેગા મળીને જીવીએ તે ગામડાની સંસ્કૃત્તિ" આ રવિશંકર મહારાજે કહ્યું હતું. અમારા ટ્રેઝરી બેંચના જે સભ્યો બેઠા છે એ કંઈક જુદું જ કહે છે. આપણે આઝાદ થયા પછી ગણોતધારો બન્યો. ગણોતધારામાં 'વાવે તેની જમીન અને ગૌચર" ગાયોને ચારવા માટે, પશુદ ાન નભે એટલા માટે ગૌચર reservation મૂકવામાં આવ્યા, એમાં કાયદો કરવામાં આવ્યો. રેવન્યુ વિભાગમાંથી આ જે નથી થતું અને એ એટલા માટે કે ગામડામાં રહેતા સામાન્ય માણસને કંઈક ને કંઈક સરકાર એને એવી વ્યવસ્થાઓ આપે, એને ઝૂંપડું નથી તો એને ઝૂંપડું મળે, એને રહેવા માટે છત્ર મળે, એની આજીવિકા માટેની વ્યવસ્થા ઊભી થાય એવી કંઈક વ્યવસ્થા કરવામાં આવી હોત તો હું આ માગણીઓને જરૂર સૂર પુરાવત.

માનનીય અધ્યક્ષશ્રી, ગામતળ નીમ કરવા માટેની એક વ્યવસ્થા છે. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીએ જુનાગઢની એક જાહેર સભામાં બોલ્યા હતા કે "તલાટી તમારા પંચાયત ઘરે ના આવતો હોય તો એક પોસ્ટકાર્ડ લખો, તલાટી તમારી પંચાયતે ૨૪ કલાકમાં પહોંચી જશે." આ તલાટી ગામમાં ખૂબ અગત્યનું પરિબળ છે. એ એટલા માટે કે ગામતળ નીમ કરવાના હોય તો એણે કાગળ કરવાના, પંચાયતનો બોર કરવો હોય કે બીજી બધીજ વ્યવસ્થામાં કયાંક ને કયાંક તલાટીએ જિલ્લાના કલેકટરની જેમજ ગામના મહત્વના વ્યકિત છે. એ તલાટીની ઘટના હિસાબે ગામનો વિકાસ રૂંધાય અને એમાં સરકારે જે કાંઈ કરવું જોઈએ તે કરે, જેથી એ ઘટ પૂરી થાય. ત્રણ-ત્રણ વર્ષથી આ વિધાનસભામાં, આ જ ગૃહમાં અમે પ્રશ્ન લઈને આવીએ છીએ એ પ્રશ્ન ત્યાં ને ત્યાં જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે કોઈપણ એક વગદાર માણસ કે પૈસે ટકે સમૃદ્ધ વ્યકિત કે ઉદ્યોગપતિને હજારો એકર જમીન ઘડીના છઠ્ઠા ભાગમાં મળી જાય. એ જમીન એક રૂપિયે ટોકનથી મળી જાય અને પછી એના પર કરોડો રૂપિયાનો વેપાર થાય છે. જે નીતિ-નિયમોથી જે જગ્યાએ જમીન આપવામાં આવે એમાં જે વેપાર થાય છે એ વેપારની મારે એટલા માટે વાત કરવી છે કે BPL લાભાર્થી માટેની જે વ્યવસ્થા સરકારે કરી છે એ BPL લાભાર્થી માટે જે જમીન સરકારે નક્કી કરી એ જગ્યા પર કોઈક એક વેપારી મોટું દબાણ કરે, મોટું shopping center બંધાય અને વારંવાર ગામનો સરપંચ, આગેવાન અને ધારાસભ્યશ્રી જેવા આ બાબતનું ધ્યાન દોરે અને નવાઈની વાત તો સાહેબ એ થાય કે આ ગેરકાયદેસર સરકારી જગ્યા પર કરોડો રૂપિયાના shopping center બનાવીને વેચવાવાળો માણસ જ્યારે એનું ઉદ્ઘાટન કરે ત્યારે આ જ સરકારના માનનીય મંત્રીશ્રી એમાં હાજરી આપે આનાથી દુ:ખદ બનાવ શું હોઈ શકે? આ સાહેબ, એટલા માટે મારે કહેવું પડે છે કે એક લાખ ઝૂંપડા તોડીને સૌથી મોટો મીર ગુજરાતમાં માર્યો હોય એવી વાત કરે અને સામે પક્ષે એક મૂડીપતિને કરોડો રૂપિયાની જમીન આપીને સરકાર જે જયાફતો ઉડાવે છે એટલે મને કયાંક શંકા જાય છે કે આટલા બધા રૂપિયા એકજ વ્યકિત કમાય એ મારા મગજમાં નથી ઊતરતું? કયાંક ને કયાંક સરકારનું કોઈ અંગ, સરકારની કોઈ વ્યકિત આ ભ્રષ્ટાચારમાં સામેલ હોય એવી ચોક્કસ શંકા જાય છે. ગાંધીનગરમાં ઈન્ફોસીટીને એક લાખ ચોરસ મીટર જમીન એક રૂપિયાના ભાવે. એની જંત્રી પ્રમાણે જો કિંમત કરવા જઈએ તો સો કરોડ અને બજાર કિંમત એનાથી પણ વધારે થાય છે. આ જગ્યા ઉપર આ ગુજરાતમાં કોમ્પ્યુટર જાણવાવાળા યુવાનો, વેપારીઓ સરસ મઝાનું એક સપનું એ વખતની સરકારે અને મુખ્યમંત્રીશ્રીએ દોર્યું હશે. શું બની રહ્યું છે ઈન્ફોસીટીમાં એક એન.આર.આઈ.ને આપવામાં આવ્યું. રાજકીય વગથી મળ્યું. એ શોપિંગ સેન્ટરમાં ૫૦ લાખની દુકાનો વેચાય, ૩૦ લાખના ફ્લેટ વેચાય. પાર્ટી પ્લોટ બને અને કરૂણતા અને દુ:ખની બાબત એ છે કે સરકારે પોતાની જગ્યા ઉપર આવક ઉભી કરી અને પૂરક માગણી ન લાવે એવું કર્યું હોત અને એ પણ કોઈ એક વ્યકિતને ફાયદો થાય અને વીજીલન્સ કમિશ્નરને ૩-૩ વર્ષથી લખવામાં આવે તો પણ તપાસ ત્યાં ને ત્યાં છે. સામાન્ય પટાવાળો, કલાર્ક કે અધિકારી સામે લખવામાં આવે તો એનો ફેંસલો ૨-૩ મહિનામાં આવી જાય પણ ૩-૩ વર્ષ સુધી એનો નિકાલ મળતો નથી. જવાબ આપતા નથી. રીવર ફ્રન્ટની વાત કરી. અમદાવાદને સુંદર બનાવવા માટેની કોઈપણ યોજના બને એમાં અમારો સહકાર હોય, પરંતુ ૩૦ થી ૪૦હજાર ઝૂંપડાને રીવર ફ્રન્ટથી જે અસર થવાની છે એની વૈકલ્પિક વ્યવસ્થાનો સરકારે કયાંય ઉલ્લેખ કર્યો નથી. સરકારને ૩૦ થી ૪૦૦૦૦ ઝૂંપડાની ચિંતા નથી એક લાખ ઝૂંપડા તોડી નાખવામાં ગૌરવ લે છે. મુંદ્રામાં એક જ વ્યકિતને ૫૦૦ હેકટર જમીન આપીને ૭૫૦કરોડનું કૌભાંડ કરાવતી આ સરકારની આ માગણીમાં હું ટેકો આપી શકતો નથી.

**શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી માગણી નં.૩૮, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ની પૂરક માગણી લાવ્યા છે, એમનું સમર્થન કરવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે હું ઊભો થયો છું.

સ્વ. શ્રી બળવંતરાય મહેતા જેમણે ત્રીસ્તરીય પંચાયતી રાજની સ્થાપના કરી ત્યારે એમના મનમાં વિચાર હતો કે હિન્દુસ્તાનની લોકશાહી પાયાનું એકમ હોય. રાષ્ટ્રમાં લોકશાહીને સફળ બનાવવી હોય, લોકશાહીના ફળ ગામડાં સુધી, એકેએક નાગરિક સુધી પહોંચે એ માટે પ્રયાસ કરવો હોય તો ત્રીસ્તરીય પંચાયત સમગ્ર રાષ્ટ્રના દરેક રાજય અપનાવે એ ખૂબ આવશ્યક છે. એટલા માટે પંચાયત બની, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત, સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને વિશાળ સત્તા આપવામાં આવી. ૧૯૯૫ પહેલા ગામડાંમાં એક સ્થિતિ હતી જે લોકશાહીનું હાર્દ છે. કોઈ અણુની કલ્પના કરતા પહેલાં ઈલેકટ્રોન્સ અને પ્રોટોન્સની કલ્પના કરવી ખૂબ આવશ્યક છે. એ દ્રષ્ટિથી આ રાજયમાં લોકશાહીને સફળ બનાવવી હોય તો ગામડાંને મહત્વનું એકમ ગણ્યા સિવાય છૂટકો નથી એટલા માટે આ પંચાયતોને સુદ્રઢ કરવી જોઈએ. પંચાયતને સક્ષમ બનાવવી જોઈએ. આવી કોઈ બાબત હમણાં કહેવાતુ હતું કે પંચાયતમાં જે પૂરક માગણી આવી છે એમાં પ્રશિક્ષણ, શિક્ષણ, તાલીમ આના પાછળ ખોટા ખર્ચ કરવામાં આવે છે એવું આ સન્માનનીય ગૃહમાં મુકાઈ રહ્યું છે. મારે કહેવું છે કે ગામડું પાયાનું એકમ હોય, ગામડાંમાં લોકપ્રતિનિધિ ચૂંટાય એ વધારે ભણેલા હોય નહીં.

૩૩ટકા મહિલાઓ પણ હોય. છેલ્લા ૧૯૯૨-૯૩ પછી જે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં સામેલ થઈ રહ્યા છે. ગામડાંનાં સરપંચ, પ્રાથમિક કક્ષાનો કાયદો એટલે કે ગ્રામ પંચાયતમાં કેવો કાયદો છે, કયા પ્રકારનો વહીવટ છે, સુદ્રઢ વહીવટ કઈ રીતે કરી શકાય. સમગ્ર ગામની સાથે રહીને વહીવટ કઈ રીતે કરી શકાય. માર્ગદર્શન માટે તાલીમ વર્ગ માટે સ્થાનિક તલાટી મંત્રી, ગ્રામપંચાયત કે જિલ્લા પંચાયતના કર્મચારીને પ્રશિક્ષિત કરવામાં આવે તો સુદ્રઢ રીતે સ્થાનિક સ્વરાજયની સંસ્થાનો સારો વહીવટ આપે એના માટે કોઈ પૂરક માગણી આવે તો મને લાગે છે કે આ માગણીનું આપણી સન્માન કરવું જોઈએ. આ માગણીઓને સમર્થન આપવું જોઈએ. આ સરકાર દ્વારા ગ્રામ સભાનું આયોજન, ગ્રામસભા મને ખબર છે કે પંચાયતની અંદર ગ્રામસભા થાય છે કે નહિ તે ભૂતકાળ થઈ રહ્યું હતું. ગ્રામ પંચાયતનું કોઈ મહત્ત્વનું એકમ હોય તો એ ગ્રામસભા છે. ગામના લોકો ભેગા થાય અને ગામના પ્રશ્નોની ચર્ચા થાય, ગામના લોકોની શું આવશ્યકતા છે એનો ખ્યાલ આવે, બધા લોકો સાથે મળે, ગામડાનું જો કોઈ મહત્ત્વનું પ્લૅટફૉર્મ હોય તો તે ગ્રામસભા છે. વર્ષો સુધી આ ગ્રામસભા મૃતપ્રાય સ્થિતિમાં હતી. ગામની અંદર લોકભાગીદારીને બદલે સુબેદારીની વ્યવસ્થા ૧૯૯૫ પહેલા ઊભી થઈ હતી, એના બદલે ૧૯૯૫ પછી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે, ત્યારથી તબક્કાવાર આ ગ્રામસભાને સુદ્રઢ બનાવવાનું આયોજન થતું રહ્યું છે, એટલા માટે ગ્રામસભાની અંદર અસંખ્ય પ્રશ્નો આવ્યા છે, એને નિકાલ કરવા માટે અત્યાર સુધીમાં ૧૦ તબક્કામાં ગ્રામસભામાં ૧,૩૯,૫,૫૦૮ લોકો ગ્રામસભામાં ઉપસ્થિત રહ્યા છે, એમાં ૭,૬૧,૮૭૦ લોકોએ પોતાના પ્રશ્નો, પોતાના ગામના પ્રશ્નો, પોતાની જાણકારી માટેના પ્રશ્નો, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના માર્ગદર્શન માટેના પ્રશ્નો રજૂ કર્યા છે, એમાં ૩,૮૬,૯૮૯ પ્રશ્નોનો સ્થળ ઉપર નિકાલ આવ્યો છે. ગામના લોકોની વચ્ચે આ પ્રશ્નોનું સમાધાન થયું છે અને એવા કેટલાય પ્રશ્નો છે, જેનો નિકાલ લાવવો ખૂબ આવશ્યક હોય અને આ નિકાલ માટે ગામના વિકાસ કાર્ય માટે કયાંય કોઈ પૂરક માગણી રજૂ કરવામાં આવતી હોય તો મને લાગે છે કે આવી પૂરક માગણીને સમર્થન કરવું જોઈએ. આવી પૂરક માગણીઓની તરફેણમાં બધા લોકોએ સાથે મળી મતદાન કરવું જોઈએ.

ગામડાની અંદર નવી નવી યોજનાઓ, એમાં અત્યારે ગ્રામલક્ષી યોજના છે, એમાં ખાસ કરીને પંચવટી યોજના. એ પંચવટી યોજનાના માધ્યમથી ગામના લોકો માઈગ્રેશન કરી રહ્યા છે. ગામડામાંથી શહેર તરફ શા માટે વળે છે. શા માટે ગામની અંદર પ્રાથમિક ઈન્ફ્રાસ્ટ્રકચર નથી. ગામની અંદર બેસવા માટે સારો બગીચો ન હોય, ગામની અંદર ચોરો હતો, તે ચોરાની વ્યવસ્થા ધીમેધીમે તૂટી ગઈ છે. ગામનાં બાળકોને આનંદપ્રમોદ માટે માધ્યમ ન હોય, ગામનો સારો ખોટો પ્રસંગ હોય, ત્યારે ભેગા થવા માટે કોઈ ગામના લોકોનું પ્લૅટફૉર્મ ન હોય આવી સ્થિતિમાં ગુજરાત સરકાર પંચવટી યોજના લાવી છે. આ યોજના મારફત બે કન્સેપ્ટ રાજ્ય સરકારના સફળ થઈ રહ્યા છે. એક તો એક લાખ રૂપિયા અનુદાન આપીને ગામનું એવું સ્થાન પસંદ કરીને એ સ્થાન ઉપર આવી વિવિધ સગવડો ઊભી કરવી, સરસ મજાનો બગીચો ઊભો કરવો, બાળકોનાં આનંદ પ્રમોદનાં માધ્યમ ઊભાં કરવાં, ગામના લોકો બેસી શકે એવું પ્લૅટફૉર્મ ઊભું કરવું, સાથે સાથે આ સ્થાન ઉપર લોકોની લોક ભાગીદારી વધુ થાય. રાજ્ય સરકાર દ્વારા ૧ લાખ રૂપિયા અને ગામ દ્વારા બીજા ૫૦,૦૦૦ રૂપિયાની લોક ભાગીદારી સાથે પંચવટી યોજના સમગ્ર ગુજરાતમાં અમલ કરાવી રહી છે. આ ઉપરાંત સરદાર આવાસ યોજનામાં પણ પૂરક માગણીઓ આવી છે એને સમર્થન આપવું જોઈએ. પહેલાના દિવસોની અંદર અને પહેલાનાં વર્ષોમાં ગામડાની અંદર ગામની બહાર અત્યારે કોઈ ગામમાં જઈએ અને પૂછીએ કે કોઈ ભાઈ કયાં રહે છે. કોઈ ગરીબ વ્યકિત કયાં રહે છે, દલિત પ્રકારનો સભ્ય કયાં રહે છે તો કહે છે કે મફતપરામાં. અમારે મફતપરા ઊભા કરવા નથી. આ સરકારે આદર્શ પ્રયાસ કર્યો છે કે ગામની વચ્ચે જઈ કોઈ બી.પી.એલ. નીચે જીવતો વ્યક્તિ તેમનું મકાન બનાવવા ઇચ્છે તો પોતાના મકાનમાં રાજ્ય સરકાર દ્વારા ૩૦,૦૦૦ રૂપિયા અને લોકભાગીદારી દ્વારા પાકુ સ્લેબ, ઈંટોવાળું, હોલબ્લોક વાળું પાકું મકાન ગુજરાત સરકાર દરેક બી.પી.એલ. લાભાર્થીઓને માટે બાંધી રહી છે. આ એક સરદાર આવાસનું ઉત્તમ કાર્ય એક ગામડાની ગ્રામપંચાયતના માધ્યમથી એનું અમલીકરણ થઈ રહ્યું છે. સમરસ ગ્રામ પંચાયત આ વિષે કહ્યું છે કે સમરસ ગ્રામ પંચાયત ૧૯૯૨ ની અંદર ૧,૦૦૦ રૂપિયા કોઈ ગામની અંદર ચૂંટણીઓ ન થાય અને ગામના લોકો સાથે મળીને પંચાયતો રચે એને એક હજાર રૂપિયા આપવામાં હતા. આ સરકારે સમરસ યોજના જાહેર કરીને સૌથી વધારે ૫,૦૦૦ થી ઓછી વસ્તીવાળા દરેક ગામની અંદર ૬૦,૦૦૦ રૂપિયા ગામના પ્રાથમિક વિકાસ માટે અને લોક જાગૃતિ માટે આપી રહી છે. આમ સમરસ ગામનું કેટલું મહત્ત્વ છે. ગામના લોકો સાથે મળીને પોતાની પંચાયત બનાવે. સગા ભાઈને સાથે બેસવાનો વ્યવહાર ન રહેવા દે, એના બદલે સાથે મળીને ગ્રામ પંચાયતની રચના થાય એને ૬૦,૦૦૦ રૂપિયા અને ૫,૦૦૦ થી વધારે સંખ્યા હોય તો એક લાખ રૂપિયાનું અનુદાન ગુજરાત સરકાર સમરસ યોજનાને આપી રહી છે, એટલા માટે આ જે પૂરક માગણી આવી છે, એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ (ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી નંબર-૩૮, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નંબર-

૭૦, મહેસૂલ વિભાગની માગણી નંબર-૭૮, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની માગણી નંબર-૯૨ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણી નંબર-૧૦૫ લઈને આવ્યા છે, તેમાં મારાં મંતવ્યો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને તબીબી બાબતોની અંદર જે સરકાર દ્વારા આર્યુવેદિક દવાખાનાઓ સતત બંધ કરવામાં આવી રહ્યાં છે. સતત દવાખાના બંધ થવાની સાથે જે માગણીઓ લઈને આવ્યા છે. આ પ્રક્રિયા સરકાર મારફત હમણાં સતત ચાલી રહી છે કે દવાખાનાનું સંચાલન એ ખાનગી એન.જી.ઓ.ને આપવાની પ્રક્રિયા ચાલી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, દવાની ખરીદીની બાબત હોય કે ડૉક્ટરોની નિમણૂકની બાબત હોય તેની અંદર આ સરકાર તદ્દન નિષ્ફળ ગઈ છે. ૯૨ જેટલી કંપનીઓ દવા જે બનાવતી હતી તેના જે રિપૉર્ટ આવ્યા છે  અને તે ગુણવત્તા વગરની દવાઓ સપ્લાય કરી છે અને આરોગ્ય સાથે જે ચેડાં કરવામાં આવે છે. આજે જ્યારે પેટ્રોલ પંપના માલિક ભેળસેળ કરતાં પકડાય તો તેને પાસામાં પૂરી દેવામાં આવે. તેની ઉપર પાસાના કાગળિયા કરવામાં આવે છે. માત્ર પ્રદૂષણ ઓકતા વાહનોને કારણે આ પેટ્રોલ પંપના માલિકોને જ્યારે પાસામાં મોકલવામાં આવે તેની ઉપર કાયદેસરનાં પગલાં લેવામાં આવે પણ એક માણસના જીવનનો જ્યારે સવાલ હોય અને તેની અંદર જ્યારે દવામાં પકડાય તે લોકો સામે માત્ર દંડની જોગવાઈ કરી માત્ર તેના લાયસન્સને થોડા સમય માટે રદ કરી અને જે તક આપવામાં આવે છે તેમાં આ સરકારની કંઈ પ્રકારની નીતિ આ દવાના કારખાનાઓ સાથે એમની લાગણી જોડાઈ હોય તેવું મને લાગે છે. આરોગ્યના પ્રશ્નની અંદર ગામડાઓમાં જઈએ છીએ ત્યારે કોઈનું મૃત્યું થાય ત્યારે ડૉકટરની ગેરહાજરીના કારણે પોસ્ટમોર્ટમ માટે રઝળતી લાશ જોઈને આ સમાજમાં આ સરકારની જે કામગીરી છે તે કામગીરીની ઊણપ દેખાય છે. તે રઝળતી લાશ માટે ડૉકટરને ફોન કરીને બોલાવવા પડે, પાંચ-પાંચ કલાક રાહ જોવી પડે તેમાં આ સરકારની નિષ્કાળજી અને બેકાળજી દેખાય છે. આરોગ્ય વિભાગમાંથી જ્યારે મને કીટ આપવામાં આવી, દરેક ધારાસભ્યશ્રીઓને એક સરસ મજાની બૅગ કવાર્ટર ઉપર મળી છે, આ બૅગ આપીને માત્ર ધારાસભ્યશ્રીઓને ખુશ કરવાની પ્રણાલિકા આ સરકારે પાડી છે કે ભાજપના ધારાસભ્યો અને કોંગ્રેસના ધારાસભ્યોને ખુશ કરવા જે  યાત્રાઓ કરે છે, પ્રવાસનું આયોજન કરે છે તેનાથી ગુજરાતની સરકારમાં મને લાગે છે કે ગરીબોને કયારેય ન્યાય મળી શકે તેમ નથી. પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ માટે મારા મિત્ર ધારાસભ્યશ્રી મનસુખભાઈ વાત કરતા હતા ત્યારે હું સાંભળતો હતો. પંચાયતોમાં કૉમ્પ્યુટર આજે આ સરકાર લાવી છે. આ કૉમ્પ્યુટર યુગ સારી બાબત છે. પરંતુ તેને દાખલો લેવા માટે, કૉમ્પ્યુટરને કારણે આજે રૅશનકાર્ડમાં કોઈ નામ દાખલ કરવું હોય તો સાદી પદ્ધતિમાં એક મિનિટમાં થઈ શકતુ ં હતું. આજે  કૉમ્પ્યુટર યુગનો મતલબ સેવાનો હોવો જોઈએ. તેની પાછળ આ સરકારે કૉમ્પ્યુટર યુગ દાખલ કરી સરકારની ઈ-ગ્રામ દ્વારા લોકોને વધારેમાં વધારે સમય લાગે, વિલંબ થાય તેવા આ સરકાર પ્રયત્નો કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાનો ખેડૂત પોતે ૭(૧૨) અને ૮ (અ) નો ઉતારો લેવા જાય છે ત્યારે લાઈટ ન હોવાના કારણે અથવા જે પૈસા  એને ભરવા પડે છે એના કારણે ખેડૂત ખૂબ દુઃખી છે. આજે માનનીય મનસુખભાઈ ગ્રામસભાની વાત કરતા હતા તો માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામસભામાં જે પ્રશ્નો રજૂ થાય છે અને એમાં જે પ્રશ્નોનો નિકાલ થઈ ગયો હોય એવા પ્રશ્નો અધિકારીઓ બતાવતા હોય છે એનો સરવાળો જ્યારે કરવામાં આવે તો ( સમયસૂચક ઘંટડી)  માનનીય અધ્યક્ષશ્રી,  હજી મારે ઘણી વાતો કરવાની છે.  અનુસૂચિત જાતિની જ્યારે વાત કરતા હોય ત્યારે છતીસગઢની સરકારે એસ. સી., એસ. ટી. અને ઓ.બી.સી.ના લોકો માટે કોઈપણ જાતના ઈન્ટર્વ્યૂ લીધા વગર સીધી ભરતીનો નિર્ણય લીધો છે, માનનીય સભ્યશ્રી જીતુભાઈ હમણાં  વાત કરતા હતા કે પાંચ લાખ રૂપિયા વિદેશ જવા માટે લોન આપે છે તો માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઈની ટીમમાં હમણાં કર્ણાટકની મુલાકાતે અમે ગયા તો કર્ણાટકમાં તો વીસ જેટલા અનુસૂચિત જાતિના લોકોને દરવર્ષે પાઈલોટની તાલીમ બિલકુલ મફત ત્યાં આપવામાં આવે છે.  તો આ સરકાર જ્યારે અનુસૂચિત જાતિની વાત કરતી હોય, દલિતોની વાત કરતી હોય ત્યારે બેકલોગની જગ્યાઓ ભરવામાં સરકારે પોતે જે પોતાની નબળાઇઓ બતાવી છે, અનુસૂચિતજાતિના લોકોને, જે ખેડૂતો છે આ ખેડૂતોને પોતાના શરતભંગના નામે હજારો ખેડૂતોની જમીન હડપ કરવાનું મોટું ષડયંત્ર રચ્યું છે અને જમીન વિહોણા આ દલિતો થઈ રહ્યા છે ત્યારે મારી વિનંતી છે કે,  આ  જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે અને આ બેકલોગની જગ્યાઓ ભરવાની જ્યારે બાકી હોય અને કર્મયોગીની તાલીમ  અંગે માનનીય અધ્યક્ષશ્રી, આપનું ખાસ ધ્યાન દોરવા માગું છું કે,  પાંચ હજાર રૂપિયાનો ખર્ચ એક કર્મચારીની તાલીમ પાછળ ખર્ચવા સરકાર જઈ રહી છે અને એ રીતે ૨૫૦ કરોડ રૂપિયાનો ખર્ચ આ કર્મચારીઓની તાલીમ પાછળ ખર્ચવા જઈ રહી છે ત્યારે વર્ગ-૩ના એક કર્મચારીએ મને વાત કરી કે, આના આગળ અમને કોઈને ભાડાભથ્થાઓ આપવામાં આવતા નથી અને આ ૨૫૦ કરોડ રૂપિયા સરકાર ખર્ચવા જઈ રહી છે.

**ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પૂરક માગણી જે લઈને આવ્યા છે એમાં ખાસ કરીને આરોગ્ય વિભાગની માગણી ક્રમાંક -૩૮, મહેસૂલી ખર્ચ પેટે  ૩૪, ૮૯, ૮૭,૦૦૦

રૂપિયાની જે પૂરક માગણી લઈને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો વ્યક્ત કરું છું અને જ્યારે સમર્થન કરું છું ત્યારે  પૂરક વિષય કેમ આવે, પૂરક માગણી કેમ લાવ્યા એને હું જસ્ટીફાઈ કરવાનો પ્રયત્ન કરીશ. સાચા અર્થમાં  તો પૂરક માગણી કહીએને એનો અર્થ કે રાજયનો વધુને વધુ વિકાસ કરવો છે, જે ગત બજેટ હતું ૨૦૦૫-૨૦૦૬નું એને હજી વધારે કેવી રીતે વિકાસ કરવો એના માટે થઈને પૂરક માગણીઓ લઈને આવતા હોઈએ છીએ , એટલે એને પૂરક માગણી ન કહીને એસૅન્શિયલ બજૅટ કહેવુ જોઈએ એવું મને લાગે છે. જ્યારે સત્તામાં ક્રિએટિવ માણસો બેઠા હોય એમને ઈનોવેટિવ આઈડિયા  આવતા હોય છે અને ગુજરાત રાજયને નંબર વન રાજય બનાવવું હોય ત્યારે પૂરક માગણીઓ આવે જ એ સ્વાભાવિક છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફાઈનાન્સીયલ ડીસીપ્લીનની વાત સામી પાટલી તરફથી થતી હતી ત્યારે મને વિચાર આવ્યો કે ફાઈનાન્સીયલ ડીસીપ્લીનની વાત કરે છે તો તા. ૧૫-૨-૯૪ના રોજ સ્વર્ગસ્થ માનનીય મુખ્ય મંત્રીશ્રી, તત્કાલીન  આદરણીય ચીમનભાઈ પટેલે પણ પૂરક બજૅટ રજૂ કર્યુ હતું  એમાં એમણે ૯૭૨ કરોડનું મૂળ બજૅટના બાર ટકા પૂરક બજૅટ રજૂ કર્યુ હતું. હું આ વાત કરું છું એ ૧૯૯૪ના સ્વર્ગસ્થ મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઈ પટેલે ૯૭૨ કરોડ રૂપિયાનું પૂરક બજૅટ રજૂ કર્યુ. આમાં પણ ડો. કરસનભાઈ સોનેરી જે તે વખતે આરોગ્ય મંત્રી હતા અને એમણે રૂ.૧૩ કરોડ ૭૭ લાખ અને ૯૨ હજારનું મહેસૂલી આરોગ્ય અંગેનું બજૅટ રજૂ કર્યું હતું. હવે એ વખતે બજૅટ ઓછું હતું છતાં પણ ૧૩ કરોડ જેટલું પૂરક બજૅટ આરોગ્યમાં એમણે રજૂ કર્યું હતું  અને અત્યારે આટલો વિકાસ થઈ રહ્યો છે, બજૅટ વધ્યું છે એટલે માનનીય મંત્રી શ્રી ૩૪ કરોડનું આરોગ્ય વિભાગનું જે બજૅટ લઈને આવ્યા છે એ ખરેખર ખૂબ ઉપયોગી છે અને ઈનોવેટિવ આઈડિયા સાથે લઈને આવ્યા છે એટલે એમને અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બાબુભાઈ શાહ, ૧૯૯૭માં એમણે પણ પૂરક બજૅટ રજૂ કર્યું હતું. એટલે દરેક સરકારે નવા નવા આઈડિયા સાથે પૂરક બજૅટ રજૂ કરવું પડતું હોય છે પણ પૂરક બજૅટ જ્યારે રાજયના વિકાસ માટે રજૂ થાય ત્યારે એને બધાએ જસ્ટીફાઈ કરવું જોઈએ અને સમર્થન આપવું જોઈએ. અત્યારે જે માગણી ક્રમાંક ૩૮ લઈને આવ્યા છે અને ૩૪,૮૯,૮૭,૦૦૦/-ની એમાં મારે કહેવું છે કે એની પાછળનો હેતુ એ છે કે, આટલા એન્ટીબાયોટિકના જમાનામાં એપિડેમિક ડિસિસ ઓછા થયા છે પણ નૉન-કોમ્યુનિકેબલ ડિસિસમાં વધારો થયો છે. ધારો કે કેન્સર, ૪ ટકા લોકોનો કૅન્સરમાં વધારો થયો છે. ગુજરાત રાજયમાં અમદાવાદમાં જ માત્ર એમ.પી.શાહ કૅન્સર હૉસ્પિટલ છે. અદ્યતન છે, વધારેમાં વધારે અદ્યતન સાધનો સાથેની છે,૦ પરંતુ ગુજરાતમાં બીજે કયાંય કૅન્સર હૉસ્પિટલમાં અદ્યતન સાધનો સાથેની સુવિધા ન હોવાના કારણે માનનીય મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એ વડોદરા અને જામનગરની મૅડિકલ કૉલેજમાં કૅન્સર હૉસ્પિટલના અદ્યતન સાધનો માટેની લઈને આવ્યા છે. હવે કહો મને એને તમે જસ્ટીફાઈ કરશો કે કેમ? હવે તમે કહેશો કે આ પૂરક માગણી યોગ્ય છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રી, એજ રીતે Radiotherapy treatment planning system માટે ૫૦ લાખ,, Inter sectoral braky therapy system સિસ્ટમ માટે ૭૦ લાખ, X-ray machine, ૫૦૦ M.M. માટે ૨૫ લાખ, Fibre optic laryngoscope માટે ૪ લાખ, Anaesthesia machine માટે ૧.૫ લાખ એમ કરીને આ વડોદરા અને જામનગરની હૉસ્પિટલમાં કૅન્સર માટેના અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવવા માટેનું આ પૂરક બજૅટ છે. હવે મને લાગે છે કે, તમારા બધાના મનમાંથી ચોક્કસ આ કન્ફ્યુઝન દૂર થયું હશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ મારે કહેવું છે કે, ભારતીય ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદ કે હોમિયોપેથિક એના વિકાસ માટે ભારત સરકાર તરફથી જે ગ્રાન્ટ મળતી હોય એ પણ ન લેવી જોઈએ? તમે ના પાડશો? જો લેવી હોય તો પૂરક બજૅટ મૂકવું પડે. આપણા ગુજરાતના ગામડાંઓમાં ૨૮૬ દવાખાનાઓ માટે ૭૧,૫૦,૦૦૦/- કેન્દ્ર સરકારે મંજૂર કર્યા છે અને એને આ પૂરક માગણી તરીકે લઈને આવ્યા છે. રાજય સરકાર ઉપર કોઈ બોજો પડવાનો નથી. હોમિયોપેથિકના વિકાસ માટે ૯૩ દવાખાના ખોલવા માટે ૨૩,૨૫,૦૦૦/-નું બજૅટ લઈને આવ્યા છે અને એ પણ સો ટકા કેન્દ્ર સરકારની ગ્રાન્ટ છે. એને પૂરક માગણીમાં નહીં લાવવી? આયુર્વેદિક અને હોમિયોપેથિકનો વિકાસ ન કરવો? એવી જ રીતે આયુર્વેદિક કૉલેજોના ગ્રૅજ્યુએટ લેવલ સુધી ડૅવલપમૅન્ટ માટે ૩૭ લાખ રૂપિયા જેમાં ૨૫ લાખ કન્સ્ટ્રકશન પેટે, ૧૦ લાખ રૂપિયા મશીનરી પેટે અને ૨ લાખ રૂપિયા લાયબ્રેરીમાં પુસ્તકો વસાવવા માટેનું બજૅટ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે અને હોમિયોપેથિક કૉલેજોના ગ્રૅજ્યુએટ લેવલ સુધીના ડૅવલપમૅન્ટ માટેનું ૧૨ લાખનું બજૅટ જેમાં ૧૦ લાખ મશીનરી માટે, ૨ લાખ પુસ્તકો માટે અને આ પણ સો ટકા ભારત સરકારની ગ્રાન્ટ સાથેનું આ બજૅટ માનનીય મંત્રીશ્રી લઈને આવ્યા છે. બીજી એક હું ખૂબ મહત્ત્વની વાત કરીશ, ગિલોટીનમાં છે પરંતુ અહીંયા મારે મૂકવી પડે એવી મને જરૂર દેખાય છે. માનનીય મંત્રીશ્રી ગયા વખતના બજૅટમાં ૨૦૦૫-૦૬માં ચિરંજીવ યોજના નહોતા લાવ્યા. મેટરનલ મોર્ટાલિટિ રેઈટ એ ૩૮૯ છે. માતાનું જ્યારે ડિલિવરી કોમ્પ્લીકેશનના કારણે મૃત્યુ થાય એ આજના ટૅક્નૉલૉજીના જમાનામાં આપણા સૌ માટે ખૂબ ચિંતાનો અને શરમજનક વિષય છે. દર વર્ષે ૧૨ લાખ જન્મ થાય છે એમાં ૫ હજારથી વધારે માતાઓના મૃત્યુ માત્ર પ્રસૃત્તિના કોમ્પ્લીકેશનના કારણે થાય છે એને રોકવું જોઈએ કે નહીં? તો રોકવા માટે થઈને માનનીય મંત્રીશ્રી ઈનોવેટિવ આઈડિયા સાથે ચિરંજીવ યોજના લાવ્યા અને એના માટે વધારે

બજેટ મૂક્યું અને કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગોધરા અને દાહોદ આ ૫ જિલ્લાઓમાં માત્ર ૬ જ ગાયનેકોલોજીસ્ટ સરકારી હતા. વસતિ તમે ગણી લો, ૬ ગાયનેકોલોજીસ્ટ હતા, બાકીના બધા ગરીબ લોકો ડિલિવરી માટે ક્યાં જાય? તો આ જિલ્લાઓમાં ખાનગી ગાયનેકોલોજીસ્ટ પાસે ડિલિવરી કરાવી શકે, બી.પી.એલ. કાર્ડ ધારક માતા એ ડિલિવરી કરાવી શકે એના માટે ચિરંજીવી યોજના લાવ્યા છે. મને જણાવતાં આનંદ એ થાય છે કે માત્ર બે માસના ટૂંકા ગાળામાં કુલ્લે ૫ હજાર ડિલિવરી આવી રીતે થઈ છે અને મેટરનલ મોર્ટાલિટિ રેટ ઘટાડી શક્યા છીએ અને ઈન્ફન્ટ મોર્ટાલિટિ રેટ પણ ઘટાડી શક્યા છીએ. આદિવાસી વિસ્તારમાં, કોસ્ટલ એરિયામાં જ્યાં ગાયનેકોલોજીસ્ટ નથી ત્યાં અમારી બી.પી.એલ. બહેનો આ યોજનાનો લાભ લઈ શકે એના માટે ૧૬૧ ગાયનેકોલોજીસ્ટ રજીસ્ટર્ડ થયાં છે. પહેલાં ૬ હવે ૧૬૧ ગાયનેકોલોજીસ્ટ રજીસ્ટર્ડ થયાં છે એટલા માટે હું કહું છું કે એક પણ માતાનું મૃત્યુ થયું નથી અને સાત બાળકોના જે સ્ટીલ બર્થ થયાં છે એ પણ એ સ્ટીલ બર્થ હતા. જન્મ્યા પછી બાળકનું મૃત્યુ થયું નથી. એના બદલે જો આ ડિલિવરી ઘેર થઈ હોત તો ૨૫૦ થી ૩૦૦ બાળકોના મૃત્યુ થયાં હોત એની સામે એક પણ બાળકના મૃત્યુ થયાં નથી તો સારી યોજના માટે જ્યારે એકસ્ટ્રા બજેટ લઈને આવે એ ખરેખર ખૂબ આવકારદાયક છે અને એના માટે હું તો કહુ છું કે ઓછું બજેટ ફાળવ્યું છે હમણાં પાંચ જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે આ યોજનાનું આયોજન કર્યુ છે. ખરેખર આખા ગુજરાતમાં લાગુ કરવું જોઈએ અને એના માટે જો વધારેમાં વધારે બજેટની જોગવાઈ કરવાની આવશ્યકતા લાગે તો એ જોગવાઈ કરવી જોઈએ. આ યોજના ખરેખર ખૂબ અભિનંદનને પાત્ર છે. ૧૦૦ ડિલિવરી માટે આના માટે એક લાખ અને નેવ્યાસી હજાર પાંચસો રૂપિયાની ફાળવણી કરી છે.

**શ્રી અમિત અ. ચાવડા (બોરસદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે પૂરક માગણીઓ અહીંયા લઈને આવ્યા છે, તેના પર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

રાજય સરકાર દ્વારા આંકડાઓની માયાજાળ રચીને અને ડીક્સેનરીમાંથી સારા સારા શબ્દો લઈને ગુજરાતની પ્રજાને એક દિવાસ્વપ્ન બતાવવામાં આવતું હોય તેવું મને ચોક્કસ લાગે છે. કેન્દ્ર આયોજન પંચ દ્વારા વારંવાર આયોજન બહારના ખર્ચ બાબતે ટીકાઓ કરવામાં આવેલ છે અને તેમ ન કરવા વારંવાર રાજય સરકારોને સૂચના પણ આપવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રી સૌરભભાઈએ ગત શુક્રવારે આ ગૃહમાં એમ કહ્યું હતું આ ગૃહમાં કે ૩૪૧૮ કરોડની પૂરક માગણી મૂકી છે તે પૈકી શુક્રવારે ૪૦૩ કરોડ ૪૪ લાખની માગણીઓ પસાર કરાવી હતી અને આજે જે એજન્ડા બતાવ્યો છે એમાં ૫૧ કરોડ રૂપિયા જેટલી પૂરક માગણી દર્શાવવામાં આવી છે. બાકીના ૩૦૦૦ કરોડની જેટલી માગણી બાકી રહી છે એ કયા કયા વિભાગોની અને કયા કયા હેતુ માટે લાવવામાં આવી છે એ આ ગૃહના સભ્યશ્રીઓને જણાવવામાં આવે એવી મારી આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. રાજ્યમાં જિલ્લા અને શહેર મહેકમો માટે ગત ૨૦૦૫-૦૬ ની જોગવાઈ ૨૧.૧૦ કરોડની હતી એ માટે ૩.૯૯ કરોડનો વધારો મૂકવામાં આવ્યો છે. આ ચોક્કસ આવકાર્ય હોત જો આ વધારો કોઈ વિકાસ માટે ગામડાના છેવાડાના લોકો માટે કરવામાં આવ્યો હોત પણ મોટાભાગની રકમો પગાર, ભથ્થાં કે પેન્શન કે નિવૃત્તિના લાભો માટે અને સુખ સુવિધા માટે મૂકવામાં આવી છે, જો આ પૂરક માગણી રાજયના ખેડૂતોને પૂરતી વીજળી આપવા, રાજયના યુવાનોને રોજગારીની તકો વધારવા, રાજયના પી.એચ.સી., સી.એચ.સી.ઓ માં સુવિધા વધારવા, અતિવૃષ્ટિના અસરગ્રસ્તોને જે અન્યાય થયો છે તેમને યોગ્ય વળતર આપવા, રાજયની વિધવા, ત્યક્તા બહેનોની આર્થિક ઉન્નતિ માટે, એમના ઉત્કર્ષ માટે અને ગ્રામ વિકાસના કામોને આગળ ધપાવવા માટે રાજયના ગરીબ, વંચિત, પછાતોની યોજનાઓને આગળ ધપાવવા માટે જો લાવવામાં આવી હોત તો ચોક્કસ મને પણ આને આવકારતા આનંદ થાત. ગત ચોમાસામાં રાજયમાં ઘણાં જિલ્લાઓમાં અતિવૃષ્ટિની પરિસ્થિતિ સર્જાઈ. આજે પણ તે અતિવૃષ્ટિના અસરગ્રસ્ત હજારોની સંખ્યામાં લોકો દ્વારા પોતાને અન્યાય થયો હોય તે બાબતની રજૂઆતો, માગણીઓ, અરજીઓ આ રાજય સરકારના દરેક વિભાગના ટેબલ ઉપર આજે ધૂળ ખાઈ રહી છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફતે એ વિનંતી કરું કે માનવતાની દ્રષ્ટિએ પણ આ અરજીઓ બાબતે ન્યાયિક રીતે તપાસ થાય અને અસરગ્રસ્તોને યોગ્ય ન્યાય મળે.

ઘણા બધા સભ્યશ્રીઓએ આ રાજય સરકારની ગ્રામ વિકાસની બાબતોની વાતો કરી. આ ગૃહને જણાવું કે ગત વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું દરેક તાલુકા જિલ્લા કક્ષાનું આયોજન થયું. તાલુકા, જિલ્લા આયોજન મંડળની ગ્રાન્ટ ગામડાના છેવાડાના માનવીની પાયાની સુવિધાઓ રસ્તાઓ હોય, પાણી હોય, વીજળી બાબતે વાપરવાની હોય આ ગૃહના સન્માનિત સભ્યો પણ તે આયોજનમાં સામેલ હતા અને આખું વર્ષ પૂરું થવા આવે ત્યારે ફેબ્રુઆરી મહિનામાં સરકાર તરફથી જણાવવામાં આવે કે આ ગ્રાન્ટમાં ૩૩.૮૮ ટકા જેટલો ધરખમ ઘટાડો કરવામાં આવ્યો. આ ઘટાડો કર્યા પછી આ સરકાર કયા મોઢે વાત કરે કે અમે ગ્રામ વિકાસની યોજનાઓને આગળ ધપાવીશું. મહેસૂલ વિભાગની માગણીઓ જોઈએ તો કેન્દ્ર સરકારની પુરસ્કૃત યોજના ઈ-ધારા દ્વારા, ઈ-ગ્રામ દ્વારા ગામડાંના લોકોને કૉમ્પ્યુટર દ્વારા યોગ્ય સુવિધા મળે, તેમના પ્રશ્નોનું નિરાકરણ થાય તે માટેની

યોજનાઓ દાખલ કરવામાં આવી. આજે પણ ગામડાંમાં હજારોની સંખ્યામાં કૉમ્પ્યુટરો ધૂળ ખાઈ રહ્યાં છે. માનનીય મંત્રીશ્રી જે તે કૉમ્પ્યુટરો માટે ઑપરેટરોની સુવિધા લઈને આવ્યા હોત અને તેના માટે જો પૂરક માગણી લઈને આવ્યા હોત તો આ રાજયના યુવાનોને રોજગારી મળત અને ગામડાંના લોકોની સુવિધામાં પણ વધારો થાત. ગામડાંના દુ:ખી લોકો માટે સરદાર આવાસ યોજના રાજય સરકાર દ્વારા ખૂબજ મોટાં લક્ષ્યાંકો જાહેર કરવામાં આવે અને સમય જતાં દિવસે દિવસે તેમાં ક્રમશ: ઘટાડો કરી અને વર્ષના અંતે જ્યારે આપણે જોઈએ કે આના કેટલાં લાભાર્થી થયા હોય તો લક્ષ્યાંક કરતાં અડધા પણ લાભ લોકો સુધી પહોંચ્યા ના હોય. ગ્રામસભાની વાત થઈ તેમાં હજારોની સંખ્યામાં પ્રશ્નો આવે અને જો ચોક્કસ તેના નિરાકરણ માટે કોઈ માગણી માટે કે તેના માટેની અલગ જોગવાઈની માગણી લઈને માનનીય મંત્રીશ્રી આવ્યા હોત તો અમને પણ આનંદ થાત. મહિલા અને બાળ વિકાસ હેઠળ જે પણ માગણીઓ લઈને આવ્યા તેમાં આજે જોઈએ તો આ રાજયમાં દરેક તાલુકામાં ૪૦ ટકા જેટલી વિધવા, ત્યકતા બહેનોની સહાય માટેની અરજી ઘણાં વર્ષોથી પેન્ડીંગ પડેલી છે. રાજયમાં બાળકોને આંગણવાડીની સુવિધા ન હોય અને આપણાં રાજયની આવનારી પેઢીઓ જ્યારે ભાડાંના મકાનમાં યોગ્ય સુવિધાના અભાવે ભણતર લઈ રહી હોય જો તેના માટે માગણીઓ લઈને આવ્યા હોત તો ચોક્કસ આનંદ થાત.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વાત કરીએ તો ગામડાંના ગરીબ, વંચિત, પછાત વર્ગોના લોકોની સુવિધા વધારવા માટે, તેમના ઉત્કર્ષ માટે અને તેમાં પણ ખાસ કરીને રાજયની ૫૨ ટકા જેટલી બક્ષીપંચ સમાજના વસ્તીના યુવાનો, બાળકો અને મહિલા માટે જો કોઈ યોગ્ય યોજનાઓ પાછળ પૂરક માગણીઓ લઈને આવ્યા હોત તો ચોક્કસ આનંદ થાત. આરોગ્ય અને પરિવાર કલ્યાણની વાત થઈ. ગામડાંઓના દવાખાનાઓમાં જ્યાં પૂરતી સુવિધા ના હોય, ગરીબ લોકોને યોગ્ય પૂરતા પ્રમાણમાં દવા ના મળે, ડોકટરોની સુવિધા ના હોય તે માટે યોગ્ય જોગવાઈઓ કરવામાં આવે અને તેને માટે પૂરક માગણીઓ લઈને આવે તો ચોક્કસ અમને પણ ટેકો આપતાં આનંદ થાત.

**શ્રી રાજેશભાઈ પાઠક (બાલાસિનોર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાંમંત્રીશ્રી જે પૂરક માગણી નંબર ૩૮, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ લઈને આવ્યા છે તેના સમર્થનમાં અને મારા વિચારો રજૂ કરવા ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. માનનીય સભ્ય શ્રીમતી માયાબેન પૂરક માગણી શેના માટે આવી છે, તેનો હેતુ શું છે, કયા હેતુ માટે કયા વિસ્તારમાં નાણાં વાપરવાના છે તેની પૂરી માહિતી આ સન્માનીય ગૃહને આપી છે. માનનીય સભ્ય ડો.માયાબેને જણાવ્યું તેમ કેન્સર રીસર્ચ માટે ૧૦,૦૨,૨૦,૦૦૦ જેટલી માતબર રકમની પૂરક માગણી આવી છે. સાથોસાથ બરોડા અને જામનગરની મેડિકલ હોસ્પિટલો માટે રૂપિયા ૧કરોડ, ૫૦ લાખ બંને હોસ્પિટલોને પણ આપવાની માગણી જે લઈને આવ્યા. માયાબેને જે કંઈ શહેરી વિસ્તારની વાત કરી. ગૃહના કેટલાક સભ્યો ગ્રામીણ વિસ્તારની વાત કરતા હોય છે ત્યારે આ પૂરક માગણી પર પૂરો અભ્યાસ કર્યા વગર બોલતા હોય તેમ લાગે છે. ગ્રામ્ય વિસ્તારના પી.એચ.સી.માટે રૂપિયા ૩,૧૩,૮૨,૦૦૦ની માગણી જે ગ્રામ્ય વિસ્તારમાં ૭૨૪૩ પી.એચ.સી.આવેલા છે, એના વિકાસ માટેના રૂપિયા છે. એ જ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારના આયુર્વેદિક દવાખાના માટે ૭૧ લાખ ૫૦ હજાર, હોમિયોપેથી દવાખાના માટે રૂપિયા ૨૩ લાખ ૨૫ હજાર, ગ્રામ્ય વિસ્તારની સાથોસાથ શહેરી વિસ્તાર, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ એ મધ્ય ગુજરાત, વડોદરા, મધ્ય ગુજરાત, જામનગર સૌરાષ્ટ્ર અને સુરત જયાં નવી હોસ્પિટલોમાં ૧ કરોડ ૪૫ લાખ. સમગ્ર ગુજરાતના તમામ વિસ્તારોમાં એકસરખી રીતે નાણાની ફાળવણી, શહેરી કે ગ્રામ્ય વિસ્તારમાં, તમામ વિસ્તારમાં સરખી ફાળવણી થાય અને દરેકને ન્યાય મળે એ રીતે પૂરક માગણી છે, એ ચોકકસપણે માનનીય સભ્યશ્રીઓ અભ્યાસ કર્યા વગર અન્ય બાબતો તરફ ધ્યાન દોરતા હોય એવું જણાઈ રહ્યું છે.

ગુજરાત ભારતનું અગ્રેસર રાજય, ગુજરાત આજે દરેક ક્ષેત્રમાં નંબર વનની દિશામાં છે અને જઈ રહ્યું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન 'હુ' એ સમગ્ર દેશમાં ગુજરાત રાજયને મોડલ સ્ટેટ તરીકે પસંદ કરીને આરોગ્ય સંવર્ધક શાળા કાર્યક્રમ માટે ગુજરાતને પસંદ કર્યુ છે. ગુજરાતની શાળાઓમાં એક કરોડ બાળકોની સ્વાસ્થય ચકાસણી કરવામાં આવે છે અને ભાવિ ગુજરાતનું ભવિષ્ય સ્વસ્થ બને, ગુજરાતને સ્વસ્થ ભાવિ પેઢી મળે એવા સુંદર પ્રયત્નો આરોગ્ય વિભાગ દ્વારા થઈ રહ્યા છે. માયાબેને ધ્યાન દોર્યુ તેમ બહેનો માટેની યોજના, શ્રમજીવી યોજના, માતા આરોગ્ય, એઈડઝ કંટ્રોલ સોસાયટીની યોજના, રાષ્ટ્રીય રકતપિત્ત નિર્મૂલન અને રાષ્ટ્રીય અંધત્વ નિવારણ કાર્યક્રમમાં ગુજરાત જે કંઈ લક્ષ્યાંકો કેન્દ્ર સરકાર આપે છે એ પાર કરીને અગ્રેસર રહ્યું છે.

સાથોસાથ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગની ૨,૪૫,૭૫,૦૦૦ની માગણી આવી છે, એમાં પંચાયતી રાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પંચાયતી રાજની સંસ્થાઓના કર્મચારીઓ.....

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ. સમય પૂરો થયો છે, પણ બોલવા માટે લગભગ છએક સભ્યશ્રીઓ બાકી છે. એટલે દરેકની ૫ મિનિટ ફાળવીને ગૃહનો સમય અડધો કલાક માટે હું વધારું છું.

**શ્રી રાજેશભાઈ પાઠક** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતી રાજના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પંચાયતી રાજના કર્મચારીઓને તાલીમ આપવા માટે ૧૨,૭૦,૦૦૦ની જોગવાઈ કરેલી છે. સાથોસાથ જિલ્લા અને તાલુકા

પંચાયતોની જે ચૂંટણીઓ આવી, એના માટે ૧,૧૦,૭૦,૦૦૦ અને ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ૧,૨૦,૩૫,૦૦૦ની પૂરક માગણી આવેલી છે. માનનીય અધ્યક્ષશ્રી, ચૂંટણીની વાત આવે છે, એટલે પ્રતિપક્ષના મિત્રોના કાન ઉંચા થઈ જાય છે. અત્યારસુધી સામાન્યપણે પ્રતિપક્ષમાં બેઠા હોઈએ અને ચૂંટણીની વાત આવે તો આનંદ આવી જાય. અત્યારે તો પ્રતિપક્ષના મિત્રોના કાન ઉંચા થઈ જાય છે. અત્યારસુધી વિપક્ષના નેતા કહેતા હતા કે ૩૫૬ લગાવીશું. હવે અમારા મુખ્યમંત્રીશ્રીએ પડકાર ફેંકયો હોય કે તાકાત હોય તો ૩૫૬ લગાવો, ૧૫૬ લાવીને બતાવીશું. (અંતરાય) અમારી ટીકીટની ચિંતા ન કરો, બળદેવજી. કોંગ્રેસને બચાવવાની ચિંતા કરો. ચૂંટણીની વાત કરો. ચૂંટણીથી દૂર ભાગે છે. ચૂંટણીનો આનંદ રહ્યો નથી. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓના પરિણામો આવ્યાં, એમાં ૮૦ ટકા જેટલી બેઠકો ભારતીય જનતા પાર્ટીએ કબજે કરી છે અને આગામી ૨૯ નગરપાલિકાઓની ચૂંટણી આવી રહી છે, તેમાં ભારતીય જનતા પાર્ટી મોટા ભાગની સીટો કબજે કરીને સત્તા પર આવશે એમાં શંકાને સ્થાન નથી. ચૂંટણી માટે બજેટની જોગવાઈ કરેલી છે, જરૂર પડશે, તો ૩૫૬ નાંખશો, તો એ પણ પૂરક બજેટ લઈને અમારી સરકાર આવશે.આનાથી વધારે રૂપિયાની પણ ચૂંટણી માટે જોગવાઈ કરીશું, તમે ચિંતા ના કરશો અને આગમી બજેટ પણ આ જ સરકાર, આ જ પ્રકારે સેવાલક્ષી, પ્રજાલક્ષી અને બજેટમાં જે કાંઈ માગણી ખૂટતી હશે એ લઈને આવશે. આ જે માગણીઓ રજૂ થઈ છે એને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. અતુલ કે.પટેલ (કલોલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી, તબીબી અને જાહેર આરોગ્યની માગણી નંબર ૩૮ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જેમ કૃષિ ક્ષેત્રે અને ઔદ્યોગિક ક્ષેત્રે આખા દેશમાં અગ્રસ્થાન ધરાવે છે તેમ આરોગ્ય ક્ષેત્રે પણ અગ્રસ્થાન ધરાવે છે. ગુજરાતના ગામડાંમાં અને શહેરોમાં સારી આરોગ્ય સેવાઓ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો આવેલાં છે એનો સારો વહીવટી કરીને લોકોને જે જે રોગ થાય છે એનું સર્વેક્ષણ કરીને સારામાં સારી તબીબી સેવાઓ અપાય એનું આ ગુજરાત સરકારે ધ્યાન રાખ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહને હું એ વાતની યાદ અપાવવા માગું છું કે ભૂકંપ આવ્યો, અતિવૃષ્ટિ થઈ એટલે કે ભારે વરસાદ થયો, સુનામી આખા દેશમાં આવ્યું, બર્ડ ફ્લુનો રોગ આવ્યો, લેપ્ટોસ્પાયરોસીસ નામનો રોગ સૂરત અને વલસાડમાં ફાટી નીકળ્યો ત્યારે આપણે જોયું કે ભૂકંપ જયારે આટલો મોટા પ્રમાણમાં આવ્યો અને એમાં અસંખ્ય લોકોનાં મૃત્યુ થયાં એવા સમયે પણ આ સરકારે સારી એવી તબીબી સેવાઓ આપી, ઝડપી અને સારી સવલતો આપી. આપણે જોયું કે બર્ડ ફ્લુ આવ્યો હતો તે વખતે પણ સરકારની સારી સેવાઓને લીધે એ રોગને પણ આપણે અટકાવી દીધો હતો અને લેપ્ટોસ્પાયરોસીસ નામનો રોગ જે સૂરત અને વલસાડમાં ખૂબ જ વારંવાર પ્રાણીઓના મળમૂત્રમાંથી ફેલાય છે એ પણ આ સરકારે એના માટે ઝડપી સારવાર આપીને, ઝડપી સેવા આપીને આ રોગને આખા દેશમાં અને એપિડેમિક અને એન્ડેમિક થતો અટકાવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સિવાય પણ માનનીય મંત્રીશ્રી જે બીજી પૂરક માગણીઓ લઈને આવ્યા છે રેડિયોથેરાપિક સિસ્ટમ પ્લાનિંગ માટે કે જે ફકત આખા ગુજરાત રાજયમાં એક જ જગ્યાએ કેન્સર ઈન્સ્ટિટયુટ આવેલું છે અને આપણે સૌ જાણીએ છીએ કે દિવસે દિવસે કેન્સરનો રોગ ચાર ટકાથી પણ વધારે પ્રમાણે વધી રહયો છે અને આવા વખતે આખા ગુજરાતના દર્દીઓ એ અમદાવાદ ખાતેની સિવિલ હોસ્પિટલ ખાતેની કેન્સર હોસ્પિટલમાં એની સારવાર લેવા આવતા હોય છે અને કેટલાક દર્દીઓને અહીંયાં કેન્સર હોસ્પિટલમાં એમના સગાંવહાલાંને રહેવાની સગવડ પણ મળતી નથી અને એટલા માટે આ કેન્સરના દર્દીઓનું જયારે ભારણ અહીં આગળ આટલું વધી ગયું હોય એવા સમયે આ સરકારે વિચારણા કરીને વડોદરા અને જામનગર ખાતે આવા રેડિયોથેરાપીક ટ્રિટમેન્ટ પ્લાન્ટ ઉભા કરવાનું વિચાર્યુ એ મારી દ્રષ્ટિએ ખોટું નથી અને સારામાં સારું પગલું આ સરકારે ભર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ સિવાય પણ ઓપ્ટિક ફાઈબર, લેબોરેટરી મશીન, એનેસ્થેશિયા મશીન મશીન અને જરૂરિયાતવાળાં સાધનો સિવિલ હોસ્પિટલમાં અને બીજી હોસ્પિટલોમાં વસાવીને અદ્યતન સારવાર આ સરકાર આપે છે એ ખૂબ જ સુંદર અને આરોગ્યની સારી નિશાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ઘણા રોગો જેવા કે મેલેરિયા અને રકતપિત્તને મૂળથી જ કાઢી નાંખવા માટે ખૂબ જ જહેમત ઉઠાવી એમાં ધીમે ધીમે ઘટાડો કરીને આજે આપણે જાણીએ છીએ કે આ રકતપિત્તનો રોગ લોકોને ખૂબ જ પજવતો હતો એને આપણે ધીમે ધીમે કરીને એક કરતાં પણ નીચેના આંક ઉપર લાવી દીધો છે અને સાથે સાથે રકતપિત્તના લોકોનું પુનઃવસન પણ કરાવી આપ્યું છે અને સમાજમાં એમને સ્થાન અપાવ્યું છે અને તેમને રિકન્સ્ટ્રટિવ સર્જરી દ્વારા આ રોગના દર્દીઓને સાજા કર્યા છે અને એના લીધે જ જયારે છત્તીસગઢમાં આના માટેની કોન્ફરન્સ હતી એ વખતે આપણા મહામહીમ રાષ્ટ્રપતિ ડો. અબ્દુલકલામજી ત્યાં હતા એમણે ત્યાંના રાજયોને સલાહ આપેલી કે તમે ગુજરાત રાજયને અનુસરો અને આવી ટ્રીટમેન્ટ આપી અને રકતપિત રોગને દૂર કરો. આ સિવાય ક્ષયનો રોગ પણ આ સરકારે કન્ટ્રોલમાં લીધો છે અને તેના

દર્દીઓને શોધી ને ૮૦ ટકા દર્દીઓને રોગથી મુકત કર્યા છે. અને એ જ રીતે મેલેરિયાના રોગને અટકાવવા માટે પણ આ સરકારે જહેમત ઉઠાવી છે. મેલેરિયાના જંતુઓનો નાશ કર્યો અને મેલેરિયા માટે ઘેર ઘેર બ્લડ ના સેમ્પલો લઈને ટ્રીટમેન્ટ આપી છે. મેલેરિયા પણ ધીમે ધીમે ઓછો થઈ ગયો છે તે આપણે જાણીએ છીએ. એ જ રીતે પોલિયો રોગ બાળકોને થતો હોય છે અને તેના દ્વારા બાળકને લકવા થઈ જતો હોય છે. ગુજરાતમાં ૨૦૦૫ પછી એક પણ કેસ અહીં પોલિયોનો નોંધાયો નથી. એટલે આ રીતે ભારતીય જનતા પાર્ટીની સરકારે ખૂબ સરસ આરોગ્ય માટે કામ કર્યુ છે. એ જ રીતે એઈડ્સ માટે આ સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે અને બીજા રાજયોની સરખામણીમાં એઈડ્સનો રોગ ઘણોખરો અટકાવી દીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર શાળાએ જતા બાળકોને સ્કૂલમાં જઈ અને ડોકટરો દ્વારા બાળકોની ચકાસણી કરાવી અને એ રીતે મોટા ભાગની શાળાઓમો બાળકોની તપાસ કરાવી છે. અને ત્યાં સ્થળ ઉપર લગભગ ૫૭ ટકા બાળકોને ટ્રીટમેન્ટ આપી છે. જરૂરિયાત વાળા બાળકોને કે જેમને મોટા રોગ હોય તેમને સ્પેશ્યાલિસ્ટ પાસે મોકલીને ટ્રીટમેન્ટ કરાવી છે. જરૂરિયાત વાળા બાળકોને ૭૦ હજાર થી વધારે મફત ચશ્માઓ પણ અપાવ્યા છે. આ રીતે બાળ આરોગ્ય અને માતૃ આરોગ્ય માટે પણ સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે.

**શ્રી મોહંમદફારુક હુ. શેખ (કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઈને આવ્યા છે એમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પંચાયત અને ગૃહ નિર્માણ, મહેસૂલ, સામાજિક ન્યાય, મહિલા અને બાળ વિકાસ વિભાગની એમ જુદી જુદી માગણીઓ છે એમાં મારે અમુક સૂચનો કરવા છે. જે અતિ મહત્વના છે. છેલ્લા સાત વર્ષથી બજેટ દરમિયાન હું આ સૂચનો રજૂ કરું છું. જે બધા ગુજરાતની પ્રજા માટેના હોય છે, તે મારા પોતાના માટે નથી હોતા, એટલે એ સૂચનોનો અમલ સરકારે કરવો જ જોઈએ. આ પૂરક માગણીઓમાં તેનો સમાવેશ કરવામાં આવેલો નથી.

સૌથી પહેલું મારે એ કહેવું છે કે ગુજરાતની અંદર ખાસ કરીને બહેનો જે ઓછામાં ઓછી દસ બહેનો આપઘાત કરતી હોય છે. અને આપઘાતની કોશીશ કરે છે, એમાંથી અમુક મૃત્યુ પામે છે અને અમુક જીવી જાય છે, આ મહિલાઓ જયારે આપઘાત કરે છે ત્યારે ત્યાં પિયરપક્ષના લોકો કે સસુર પક્ષના લોકો મોટા ભાગે હાજર હોતા નથી. અને લોકો એમને દવાખાને લઈ જાય છે, કોઈ પ્રાઈવેટ અથવા જનરલ હોસ્પિટલમાં લઈ જાય છે, તે દરમિયાન દવાઓ અંગે ઘણી તકલીફ ઉભી થાય છે, અને દવાઓ કોણ લાવે તે મહત્વની વાત હોય છે, એટલે મારે ખાસ કરીને નાણા મંત્રીશ્રી અહીં બેઠા છે એમને દવાઓના વહીવટ માટે આ પૂરક માગણીઓમાં સમાવેશ કરવો જોઈએ એવી વિનંતી કરવી છે. કેમ કે બન્ને પક્ષમાંથી કોઈ હાજર હોતા નથી એટલે આ તકલીફ ઉભી થાય છે, અને અમુક બહેનો તો દવા વગર મૃત્યુ પામે છે, અથવા અમુક કાયમી અપંગ થઈ જાય છે. એટલે મારી આ માગણી બહુ મહત્વની છે. અને તે માન્ય રાખવી જોઈએ.

બીજી વાત મારે રોડ ઉપર જે અકસ્માતો થાય છે તે અંગે કરવી છે. અકસ્માતમાં લોકો મૃત્યુ પામે છે અથવા ઈજા થાય છે એટલે આવા અકસ્માતો રોડ ઉપર દુનિયાભરના થતા હોય છે, એવો જ એક અકસ્માત ગાંધીનગરના રોડ ઉપર થયો હતો ત્યારે આપણા મુખ્ય મંત્રીશ્રીએ પોતે મેનેજ કરીને એમને હોસ્પિટલ રવાના કર્યા હતા. હવે હોસ્પિટલમાં દવાઓની માંગણી કરવામાં આવે છે અને જો કોઈ હાજર ન હોય તો અમુક લોકો મૃત્યુ પણ પામે છે. એટલે આ પણ મહત્વનો સવાલ છે. તેથી આનો પણ ખાસ અમલ કરવો જોઈએ. બીજી વાત છે તે અમદાવાદમાં જે અમુક હોસ્પિટલ પ્રાઈવેટ સંસ્થાઓની છે, એમાં કેન્સર, કીડની અને હાર્ટ એટેક માટેની જગ્યાઓ પણ આવેલી છે. ત્યાં હોસ્પિટલો સારી રીતે ચાલે છે પણ કાયદાની દૃષ્ટિએ ગરીબ અને મધ્યમવર્ગના જે લોકો છે, એમની પાસે બી.પી.એલ.ના કાર્ડ હોતા નથી એટલે સારવારમાં ઘણી તકલીફ ઊભી થાય છે. એટલે સરકાર તરફથી કેન્સરના દર્દીઓ હોય કે કિડનીના દર્દી હોય કે હાર્ટના દર્દી હોય એના માટે પુરવઠા ખાતાએ સ્પેશયલ એન્ટ્રી કરીને આના માટે કોઈક રસ્તો કરવો જોઈએ કારણ કે ગરીબ અને મધ્યમવર્ગના માણસોને રાહત મળે એ માટે મારું આ અગત્યનું સૂચન છે.

મહિલા અને બાળ વિકાસની વાત કરું તો મહિલાઓ માટે, વિધવા બહેનો છે એ બહેનોને સમય મર્યાદામાં વિધવા પેન્શન માટેનું ફોર્મ ભરવાનું હોય છે. અમુક બહેનોને ખ્યાલ હોતો નથી કે વિધવાઓને પેન્શન મળે છે, ફોર્મ ભરવાની તારીખ જતી રહે છે તો ફોર્મ ભરવા માટે કોઈ સમય મર્યાદા હોવી જોઈએ નહિ. વિધવા બહેનો ગમે ત્યારે ફોર્મ ભરી શકે એ કલેકટર કચેરીમાં ફોર્મ ભરે અને એને મંજૂરી મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ.

બીજું સૂચન એ છે કે છૂટાછેડા લીધેલ મહિલાઓ છે એને પહેલા પેન્શન મળતું હતું એ આ સરકારે બંધ કર્યુ છે. અહીંયા એમ કહેવામાં આવે છે કે દેશમાં આ સરકાર ફર્સ્ટ નંબરની છે ત્યારે મારી ખાસ વિનંતી છે, માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી છે કે છૂટાછેડા લીધેલી બહેનો છે એને તાત્કાલિક રાહત મળવી જોઈએ. કારણ કે એ ખૂબ જ તકલીફ ભોગવે છે. એણે ભાઈ ભાભી પાસે રહેવું પડે છે, જ્યારે અમુકના મા-બાપ પણ હોતા નથી તેથી ફરજિયાત ભાઈ પાસે રહેવું પડતું હોય છે એને કોઈ મદદ કરતું હોતું નથી તેથી તાત્કાલિક છૂટાછેડા લીધેલ બહેનોને પણ પેન્શન આપવું જોઈએ એવી મારી વિનંતી છે.

બાળકોની વાત કરીએ તો આજે બાળકો હોટલોની અંદર, ચાની લારીઓ અથવા તો હોટલોમાં કામ કરતાં હોય છે. આપણે એના શિક્ષણ માટે ધ્યાન આપતા નથી. આજે દેશ ૨૧મી સદી તરફ જઈ રહ્યો છે ત્યારે બાળકો પ્રત્યે વધારે ધ્યાન આપવું જોઈએ. મજૂરી માટે થઈને મા-બાપ નાનપણથી બાળકને સ્કૂલેથી ઉઠાડી મૂકે છે એટલે ગરીબ અને મધ્યમવર્ગના બાળકો છે એમણે ફ્રી શિક્ષણ મળે એવી વ્યવસ્થા કરવી જોઈએ.

**શ્રીમતી ભાવનાબેન હે. ચપટવાલા (સુરત શહેર (પશ્ચિમ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, મહેસૂલ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગની પૂરક માગણીઓ લઈને આવ્યા છે એને આવકારવા અને અનુમોદન આપવા માટે ઊભી થઈ છું.

જ્યારથી માનનીય મંત્રીશ્રી આનંદીબહેને મહિલા અને બાળ વિકાસ વિભાગનો હવાલો સંભાળ્યો છે ત્યારથી પૂરતું ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ભૂતકાળમાં આ વિભાગ ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું નહોતું. અત્યારે આ વિભાગ પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. તમામ નવા વરસે આ વિભાગ પાછળ વધુમાં વધુ નાણાકીય જોગવાઈઓ કરવામાં આવી રહી છે. નવી નવી યોજનાઓ પણ દાખલ કરવામાં આવી રહી છે. આ તબક્કે હું આ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી આનંદીબહેનને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

માનનીય મંત્રીશ્રીને આ રાજયનો વધારેમાં વધારે વિકાસ થાય એના માટે પૂરક માગણીઓ લાવવી પડી છે. ગુજરાતને નંબર વન રાજય બનાવવા માટે આ પૂરક માગણીઓ લાવવી પડી છે.

માનનીય મંત્રીશ્રી સંકલિત બાળ વિકાસ યોજના લઈને આવ્યા છે. છ વર્ષથી નીચેના બાળકો સગર્ભા અને ધાત્રી બહેનોનું કૂપોષણ દૂર કરવા માટે સંકલિત બાળ વિકાસ હેઠળ તેઓનું આરોગ્ય અને પોષણ સ્તર સુધારવા માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. નાના બાળકો જે કુપોષણથી પીડાતા હોય, એમનું બાળ મૃત્યુનું પ્રમાણ પણ વિશેષ હોય, આવા નાના બાળકોના રોગના પ્રમાણમાં ઘટાડો થાય અને એમના શિક્ષણમાં વધારો થાય એટલા માટે પૂરક માગણીઓ લઈને મંત્રીશ્રી આવ્યા છે. આ યોજના હેઠળ આંગણીવાડીઓમાં પણ ઉત્તરોત્તર વધારો થાય એના તરફ વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. નાના બળકોનું આરોગ્ય અને પોષણ સ્તર સુધરે એના માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. એ હેતુ સિદ્ધ કરવા માટે છ વર્ષથી નીચેના બાળકો માટે ૬૮૦ થી ૪૦૦ કેલેરી અને ૧૦ થી ૧૨ ગ્રામ જેટલું પ્રોટિન મળી રહે તેવો ખોરાક મળી રહ્યો છે. કૂપોષણવાળા વર્ગ-૩ અને વર્ગ-૪ના બાળકોને ૫૦૦થી ૬૦૦ કૅલરી અને ૧૮થી ૨૦ ગ્રામ પ્રોટિન મળી રહે તેવો ખોરાક આપવામાં આવી રહ્યો છે. સગર્ભા, ધાત્રી માતાઓ અને કિશોરીઓને પણ આ યોજના હેઠળ ૪૮૦થી ૫૦૦ કૅલરી અને ૧૮થી ૨૦ ગ્રામ પ્રોટિન મળી રહે તેવો ખોરાક આપવામાં આવી રહ્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે ૧-૪-૨૦૦૫થી પૂરતા પ્રમાણમાં પોષક આહાર પૂરો પાડવાનો વર્ગ-૧થી ૨ના બાળકોનો દર વધારવામાં આવી રહ્યો છે. જે ૧.૪૦ પૈસા હતો તે ૨.૦૦ રૂા. કરવામાં આવ્યો છે અને વર્ગ-૩થી ૪ના બાળકો માટેનો દર ૨.૦૦ રૂા.થી વધારીને ૨.૭૦ કરવામાં આવી રહ્યો છે. ધાત્રી માતાઓ, સગર્ભા માતાઓ અને કિશોરીઓનો પોષક આહારનો દર ૨.૦૦ રૂા.થી વધારીને ૨.૩૫ કરવામાં આવી રહ્યો છે અને તેના માટે પૂરક માગણીમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આપણે જોઈ શકીએ છીએ કે જે પછાત વિસ્તાર છે, અંતરિયાળ ગામડાં છે, પંચમહાલ કે દાહોદ જિલ્લો કે જ્યાં ૧થી ૧૮ વર્ષની કિશોરીઓ કે જેઓનું વજન ૩૫ કિલોથી પણ ઓછું હોય તેવી કિશોરીઓને પૂરતો પોષણક્ષમ આહાર મળી રહે તે હેતુસર કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ વિના મૂલ્યે પ્રતિમાસ ૬ કિલો મકાઈ આપવાની યોજના તા. ૧-૧-૨૦૦૬થી અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજના પેટે ૩.૫ કરોડ રૂપિયા કેન્દ્ર સરકાર તરફથી પણ ડિસેમ્બર-૨૦૦૫થી મળી રહ્યા છે. જેથી આ અંગે ૨૦૦૫ અને ૨૦૦૬ના બજૅટમાં જોગવાઈ ન હોવાથી જે તે સમયે આકસ્મિક નિધિમાંથી ઉપાડ કરીને લાભાર્થીઓને લાભ આપવામાં આવી રહ્યો છે જેથી હું આ પૂરક માગણીને સમર્થન આપું છું.

જ્યારથી ભા.જ.પ.ની સરકાર આવી છે ત્યારથી નિરાધાર, વિધવા બહેનોને દર મહિને ૫૦૦ રૂપિયા આપવામાં આવતા હતા અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે, જેના કારણે લાભાર્થી બહેનોને વધારેને વધારે લાભ મળે તે માટે આ રકમ ઉપાડવામાં આવેલી છે. ચાલુ નાણાકીય વર્ષમાં આ યોજના હેઠળ પૂરક માગણી કરવામાં આવી રહી છે તે જ બતાવે છે કે આ સરકાર મહિલા અને બાળકોના વિકાસ માટે કેટલી ચિંતિત છે. બહેનો માટે, ૧૧થી ૧૮ વર્ષની બહેનો છે, તે તરુણીઓનું પોષણ અને આરોગ્યને ઉંચું લાવવા માટે, તેમજ બાલિકાઓના જન્મ બાબત સામાજિક અને કૌટુંબિક નકારાત્મક વલણને બદલવા માટે, કિશોરીઓની લોહતત્ત્વની ઉણપ માટે આયર્ન ટેબ્લેટનું વિતરણ કરવા માટે, વિવિધ પ્રકારની તાલીમ આપવા માટે તેમજ આંગણવાડીઓ માટે પોતાના મકાનો બનાવવાની યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી આપણે જોઈએ છીએ કે તમામ યોજનાઓ પ્રત્યે વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ યોજનાઓના ચીવટપૂર્વકના અમલ માટે તેમજ લાભાર્થીઓની સંખ્યા વધારવા માટે આ યોજના માટે પૂરક માગણી વધુ કરવામાં આવી છે કે જેથી વધારેને વધારે બહેનો તેનો લાભ લઈ શકે. મહિલાઓ અને બાળકોની

યોજના પાછળ વિશેષ નાણાકીય જોગવાઈઓ કરીને આ રાજય સરકારનો કૌટુંબિક, સામાજિક તેમજ રાષ્ટ્રીય ઘ ડતરનો અભિગમ સ્પષ્ટ કરેલ છે તે પ્રસંશનીય છે. આ તબક્કે મારું માનવું છે કે આપ સૌ પૂરક માગણીઓને ટેકો આપશો.

**ડૉ. નીમાબેન બી. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળકલ્યાણ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પૂરક માગણીઓમાં મારાં સૂચનો રજૂ કરવા માટે ઉપસ્થિત થઈ છું.

ગઈ કાલે એક ખૂબ મોટું આંદોલન શરૂ કરવામાં આવ્યું. ગામેગામ શરૂ કરવામાં આવ્યું અને તેની શરૂઆત અમદાવાદથી કરવામાં આવી. મહિલા અને બાળકલ્યાણ વિભાગ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તરફથી ભ્રુણ હત્યા નિવારણ આંદોલન, બેટી બચાવો આંદોલન. હું સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે આવી પ્રવૃત્તિઓને પ્રાધાન્યતા આપી અને જે આંદોલનો શરૂ કરવામાં આવ્યા છે, આ આંદોલનો હકીકતમાં ઘણા પહેલાં શરૂ થવા જોઈતા હતા અને જે પરિણામ જોઈએ છીએ એ ૧૦૦૦ દીકરાઓની સામે ૮૮૩ દીકરીઓ. આ જે રેસિયો છે એ સમાજ માટે રેડ લાઈટ સમાન બની રહેશે, એ રેડ એલર્ટ છે એ વસ્તુ લઈને રાજય સરકારે આંદોલન શરૂ કર્યું છે તેનું પરિણામ આવતા ૫ વર્ષમાં આપણને ચોક્કસ જોવા મળશે. એ ભ્રૂણ હત્યા નિવારણ જાગૃતિનું અભિયાન છે એ મારી દૃષ્ટિએ ખરેખર લોકોની જાગૃતિની જરૂર છે. સમાજમાં બધા જાણે છે પણ જ્યારે અમલની વાત આવે છે ત્યારે અમલ થતો નથી. પણ સરકારે જે રીતે પ્રયત્નો ચાલુ કર્યા છે એનું પરિણામ ચોક્કસ મળવાનું છે. ગઈકાલે અમારા ગાંધીધામની અંદર આ આંદોલન શરૂ કરવા માટે ગાયત્રી પરિવાર સાથે મળીને સંમેલન કર્યું અને બેટી બચાવવાની વાત કરી, ગર્ભમાં રહેલી બેટી એવો અવાજ કરે છે કે, મા મને બચાવ, મા મારે જીવવું છે, બહાર આવીને જીવવા દે. ત્યારે સામે બેઠેલી તમામ બહેનો રડતી હતી. તે વસ્તુ બતાવે છે કે, લોકોને આ વસ્તુની ખબર છે, હૃદયમાં ઊતરેલી છે અને જે લોકો નથી સમજતા એના માટે આંદોલન જરૂરી છે. એની સાથોસાથ માત્ર મહિલા સંમેલનો કરીને અને આંદોલનો કરીએ એટલું નહીં પણ ડૉકટરો ઉપર લાલ આંખ કરી, ડૉક્ટરોના સોનોગ્રાફી મશીનો સીલ કરવામાં આવ્યા છે. હું પોતે ગાયનેકોલોજીસ્ટ છું. ઘણા બધા ડૉક્ટરો આ ભ્રૂણ હત્યા કરે છે અને જ્યારે તેઓ જાતિ પરીક્ષણ કરે છે ત્યારે આ વસ્તુ ઉદ્‌ભવે છે નહીંતર આ વસ્તુ શકય નથી. જો ડૉક્ટરો જ એવું નક્કી કરે કે આ નહીં કરીએ તો આ લોકો કયાં જવાના છે? આખા રાજયમાં લાલ આંખ કરી છે અને ૫૭ જેટલા સોનોગ્રાફી મશીન સીલ કર્યા છે અને દરેકને આ વસ્તુ સ્પષ્ટ સમજાણી છે કે સૅક્સ ડીટરમિનેશન કરી શકીશું નહીં, આમાંથી બચી શકીશું નહીં. આ ઈલીગલ પ્રવૃત્તિ આ રાજયમાં નહીં ચાલે, એટલા માટે લાલ આંખ કરવી પડી છે, અમે ડૉક્ટરોની મિટિંગ કરી ત્યારે ડૉક્ટરો કહેતા હતા કે હવે અમારે સોનોગ્રાફી મશીન જોઈતા નથી. કોઈપણ કાર્ય કરવું હોય તો, કોઈપણ ક્રાંતિ કરવી હોય તો, ડર ન હોય તો, ડિસિપ્લીન આવતી નથી. આ વસ્તુની ડૉક્ટરો ઉપર જબરજસ્ત અસર પડી છે અને ધીરેધીરે ડૉક્ટરો સૅક્સ ડિટરમિનેશન કરતા બંધ થઈ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આઈસીયુ ઑન વ્હીલ્સ એમ્બ્યુલન્સની શરૂઆત થઈ છે એ પણ અભિનંદનને પાત્ર છે. સવારે પ્રશ્નના જવાબમાં વાત સાંભળી, આ એટલી બધી જરૂરી છે કે જે દિલના દરદી હોય છે, જ્યારે એમને હાર્ટ એટૅક આવે અને એકસીડન્ટ થાય ત્યારે હૉસ્પિટલમાં પહોંચાડવા માટેની સગવડતા ન હોય તો રસ્તામાં જ આવા દરદીઓનું મૃત્યુ થતું હોય છે. પણ આવી આઈસીયુ એમ્બ્યુલન્સ હોય તો અને સાથે એક્ષપર્ટ મૅડિકલ સ્ટાફ હોય તો એ દરદીને ખૂબ જ સારી રીતે મેઈન સૅન્ટર સુધી પહોંચાડી શકાય છે અને દરદીને બચાવી શકીએ છીએ. આરોગ્ય વિભાગે ચિરંજીવ યોજના શરૂ કરી છે. એ યોજના એટલે બીપીએલ કાર્ડ ધારકો સારામાં સારા ડૉક્ટરોની ટ્રિટમૅન્ટ લઈ શકશે અને ડિલિવરીમાં ડેથ થતા હોય કે મેટરનલ કે ચાઈલ્ડ મોર્ટાલીટી રેઈટ ગ્રામ્ય વિસ્તારોમાં વધુ હોય છે, ગરીબ વિસ્તારમાં વધારે હોય છે જેને આ યોજના દ્વારા કંટ્રોલ કરી શકીશું. ડૉક્ટરોએ ગરીબ માણસોની મફત ડિલિવરી કરવાની. ખાનગી હોસ્પિટલમાં જો દર્દીને જવું હોય તો ત્યાં જાય અને એના પૈસા રાજય સરકાર ચૂકવે. આ ખરેખર એક અદ્‌ભુત યોજના છે અને એને હું ખરેખર અભિનંદન આપું છું.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ (શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય માગણી નં. ૩૮, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ લઈને આવ્યા છે એમાં મારો સંપૂર્ણ ટેકો અને સમર્થન આપુ છું. આ કોંગ્રેસવાળાઓને કહું છું કે તમને ટેકો આપતા ન આવડે, ગુજરાતની પ્રજાનું ભલું કરતાં ન આવડે તો કોઈ કરે તો ટેકો આપો. જયારે કંઈ કરવાનું હોય ત્યારે બહાર ઉભા થઈને નાસી જાય છે. (અંતરાય) સાંભળવું ન પડે એટલે. (અંતરાય)લાકડીનો ટેકો લેવો એ પણ બહુ અગત્યની વાત છે. એ પણ કયાં મળે છે આજના જમાનામાં? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : જેઠાભાઈ, ૫ મિનિટ જ છે. વાતો નહીં કરો.

**શ્રી જેઠાભાઈ ઘે. ભરવાડ** : પણ સાહેબ આ બોલવા દે તો બોલુંને. તમે મને રક્ષણ આપો કે આ લોકો મને બોલવા દે. આ જે વાત કરે છે તો હું કહેવા માગું છું કે જે કોંગ્રેસપક્ષ વાળા જે બૂમબરાડા પાડે છે એ

મહારાષ્ટ્રમાં જઈને પૂછો કે રેસિડેન્ટ ડૉક્ટરોએ કેટલા દિવસથી હડતાલ પાડી છે? મહારાષ્ટ્ર પ્રજાની કેવી હાલત કરી છે એ કોંગ્રેસના શાસકોને પૂછો. એમને રાજય કરતાં આવડતું જ નથી એમની કેવી હાલત થઈ છે એ તો પૂછો અને અહીં આવીને રાડારાડ અને બૂમાબૂમ કરે છે. આમને કોઈ જાતની કંઈ ખબર જ પડતી નથી એમને આપ જરા કહો કે શાંતિથી સાંભળે. જે સરકાર સારી કામગીરી કરે છે એ સરકારની યોજનાઓનું પણ માર્ગદર્શન લે અને માર્ગદર્શન લઈને પ્રજામાં જઈને લોકોને એની માહિતી આપે અને એ લોકોને લાભ અપાવવા માટેના પ્રયત્નો કરે. આ લોકો તો ખાલી અહીં આવીને બૂમબરાડા પાડી અને વિરોધ કરી અને પેપરમાં આવે એટલા માટે બહાર નીકળી જાય. માનનીય અધ્યક્ષશ્રી, હું જ્યારે સીધી વાત કરતો હોઉં ત્યારે મને વાત નથી કરવા દેતા આ લોકો પછી એમ કહે છે કે કઈ માગણી છે? (અંતરાય) આ સરકારની કામગીરીની માગણી છે અને વધારાનું બજેટ છે એની માગણીઓ ઉપર હું બોલુ છું કારણ કે તમને સાંભળવામાં તકલીફ છે એટલે, અનુસૂચિત જાતિઓ અને વિકસતી જાતિઓના કલ્યાણ માટેની જે પણ માગણી લઈને આવ્યા છે એમાં માનનીય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું કારણ કે આ યોજનાની અંદર શિષ્યવૃત્તિની યોજના, ગણવેશની યોજના, સરસ્વતી સાધના યોજના, ડૉ. બાબાસાહેબ આંબેડકર યોજના, પંડિત દીનદયાળ યોજના, માનવ ગરિમા યોજના, વિદેશમાં અભ્યાસ માટેની ભણવા માટેની લોનની યોજના, મફત તબીબી સહાય યોજના, આવી જે યોજનાઓ છે એ કોંગ્રેસનું જ્યારે શાસન હતું ત્યારે એમની એક પણ યોજના ન હતી. આ લોકો જે કરે છે ભારતીય જનતા પક્ષની સરકાર, નરેન્દ્ર મોદીની સરકાર આ બધી યોજનાઓ લઈને આવી છે એટલે એ પણ જાણે છે કે આ વખતે ૪૮ છે એ આવતા વખતે તો ફક્ત ૩૮ રહેશે કે ૨૮ રહેશે એની ચિંતામાં બહાર નીકળી જાય છે એટલે આ બધી યોજનાઓ એ વખતે એમણે જો કરી હોત તો એમનો નંબર ચોકક્સ લાગેત પણ આ એમને ફાવ્યું નહીં. એમને ખબર પડી નહીં અને આ બધી યોજનાઓ છે આંબેડકર યોજના, દલિતો માટેની પ્રવિણભાઈ વાત કરે છે, (અંતરાય) પ્રવિણભાઈ કોંગ્રેસના શાસનમાં દલિતોને જે ત્રાસ હતો એવો ત્રાસ તો આજસુધી કોઈએ કર્યો નથી એવો તમારો ત્રાસ હતો. (અંતરાય) હા, તમારો ત્રાસ. કોંગ્રેસના શાસનનો ત્રાસ, તમારી કોઈ યોજના નહોતી, તમે કોઈ યોજનાઓ આપી નહોતી ખાલી એમને મૂર્ખ જ બનાવ્યા. ૫૦ વર્ષ સુધી કોંગ્રેસે રાજ કર્યુ, વોટ લીધા અને મૂર્ખ બનાવવાનું કામ કર્યુ. એક પણ યોજના તમે કરી? અમને કોઈ લોન આપવાનું તમે યાદ કર્યુ હતું? જો કોઈ બાળક ગરીબ હોય, વિદેશમાં જતો હોય એને લોન આપીને વિદેશ મોકલવાનું કામ તમારી સરકારે કર્યુ હતું? હોય તો બતાવોને, એક પણ દાખલો. ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી ૫ લાખની લોન હતી, એની જગ્યાએ દસ લાખની લોન કરી અને એને વિદેશ મોકલવાનું કામ કર્યું. ગરીબ માણસને લાભ મળે એ માટેનું કામ ભારતીય જનતા પક્ષે કર્યું છે. આંબેડકર આવાસ યોજનાના મકાનો હિંમતનગર, રાજકોટ એમ અનેક જગ્યાએ બનાવ્યા છે. પંડિત દીનદયાળ યોજના હેઠળ ૪૦ હજારના મકાનો બનાવી ગરીબ માણસોને લાભ આપવાનો પ્રયત્ન કર્યો છે. પ્રવિણભાઈ જ્યારે હોય ત્યારે બૂમબરાડા કરે છે, બોલવા દેતા નથી. જ્યારે ગોધરાની વાત આવી ત્યારે પ્રવિણભાઈ અને કોંગ્રેસના બધા સભ્યો બહાર નીકળી ગયા. બહાર શા માટે નીકળી જાઓ છો? સાંભળો તો ખરા? ખરેખર શું થયું એ સાંભળો તો ખરા? કંઈ સાંભળ્યા વગર બહાર નીકળી જવાનું? આવી જે યોજનાઓ છે એના માટે ભારતીય જનતા પક્ષની સરકારે ખૂબ સારી કામગીરી કરી છે અને આ સરકારને અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાવો આંદોલન, બેન નીમાબેને ખૂબ સરસ વાત કરી છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે બેટી બચાવો આંદોલનની જે રીતે શરૂઆત કરી છે એની પાછળ એક જ કારણ છે કે બહેનોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે અને ભાઈઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે એ ખૂબ ચિંતાનો વિષય છે. એ ચિંતાના કારણે ભા.જ.પ.ની સરકારે આ આંદોલન શરૂ કર્યું અને બેટીઓની સંખ્યામાં થતો ઘટાડો રોકવા સોનોગ્રાફી મશીનો બંધ કરાવી ડૉક્ટરો ઉપર કડક કાર્યવાહી કરવાનું કામ કર્યું છે એ અભિનંદનને પાત્ર છે. જો આવો ઘટાડો ચાલુ રહે તો બાળકીઓનો જન્મ ઓછો થશે અને બાળકોનો જન્મ વધી જશે.

**શ્રી કાંતિભાઈ ત્રિ. ભીલ (નસવાડી)** : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રીશ્રી મહિલા અને બાળ વિકાસની પૂરક માગણીઓ લઈને આવ્યા છે તેના સમર્થનમાં હું ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની વસતિ ૫૦૬ લાખની છે અને તેમાં મહિલાઓની વસતિ ૨૪૩ લાખની છે. આમ, મહિલાઓની વસતિ છે એ કુલ વસતિના ૪૮ ટકા જેટલી થવા જાય છે. ગુજરાતની આર્થિક પ્રગતિમાં મહિલાઓની સહભાગિતા જળવાય એ માટે થઈને સરકારે વીમેન્સ કોમ્પોનન્ટ પ્લાન સ્વીકાર્યો છે અને એના માટે સરકારે ખાસ જોગવાઈઓ કરી છે. સરકારે એવું નક્કી કર્યું છે કે સરકારના જેટલા પણ વિભાગો ચાલે છે એ વિભાગોમાં મહિલાઓને લગતી જેટલી યોજનાઓ સામેલ કરવામાં આવી હોય એમાં ૩૦ ટકા બહેનોનો સમાવેશ લાભાર્થી તરીકે કરવો જોઈએ એવું સ્વીકારાયું છે. આ બધી બાબતો ધ્યાનમાં રાખીને મહિલા અને બાળ વિકાસ યોજના અમલમાં છે. એમાં મહિલાઓની સંખ્યા, લાભાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે. એટલા માટે પૂરક માગણીઓની આવશ્યકતા રહે છે. ગુજરાત સરકારે મહિલાઓનું સશક્તિકરણ કરીને સમાજમાં મુખ્ય ધારામાં જોડવા માટે થઈને અને ભાવિ નાગરિકોનો વિકાસ કરીને તેમના હિતમાં બાળ વિકાસ યોજના માટે

કટિબદ્ધ છે. એટલા માટે અનેકવિધ યોજનાઓ લઈને સરકાર આવી છે. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત જે પેકેજ છે એ આકર્ષક છે. એ પેકેજમાં પૂરક પોષણ, રોગ પ્રતિરક્ષણ, આરોગ્ય સેવા, પૂર્વ પ્રાથમિક શિક્ષણની સેવા અને આરોગ્યનો સમાવેશ થાય છે. એટલા માટે ખાસ કરીને જે પૂરક પોષણ માટે ધાત્રી માતાઓ માટે ખાસ જોગવાઈઓ કરી છે અને એ જોગવાઈના પરિણામે લાભાર્થીઓની સંખ્યામાં ખૂબ વધારો થયો છે.આ સંદર્ભની અંદર મહિલાઓને ખાસ જોગવાઈઓ કરીને એમને વિધવા પેન્શન યોજના આપવામાં આવી છે અને આ સાથે વધારાની બે બાળકો માટે પ્રત્યેક બાળકે ૮૦ રૂપિયા લેખે સહાય ચૂકવવાની યોજના છે. મને જણાવતા આનંદ થાય છે કે મહિલા સશસ્ત્રીકરણ, સામૂહિક સશસ્ત્રીકરણ અને પ્રતિકાર શકિત વધે એટલા માટે મહિલાઓને જાગૃત કરવામાં આવી છે. એટલા માટે થઈને Gujarat Cancer Research Centre સ્થાપવામાં આવ્યાં છે અને આ સ્થાપના આખા રાજ્યની અંદર પાંચ જિલ્લામાં કાર્યરત છે. એટલા માટે પણ થોડો બેઝિક વધારો થયો છે. મને જણાવતાં આનંદ થાય છે કે મહિલાઓને જ્યારે જરૂર પડે ત્યારે જરૂરી માર્ગદર્શન મળી રહે એટલા માટે થઈને ૭૪ જેટલા માર્ગદર્શન કેન્દ્રો આ ગુજરાતમાં ચાલુ છે. મને જણાવતા આનંદ થાય છે કે, મહિલાના આર્થિક વિકાસ માટે થઈને વ્યકિતગત લાભાર્થીની વિવિધ યોજનાઓ એ એને બેઠા કરવા માટેની યોજના છે અને એમાં લગભગ ૪૦ થી ૫૦ ટકા જેટલું સબસિડીનું ધોરણ છે અને એસ.સી. વર્ગ માટે ૪૦ ટકા, ૨૦,૦૦૦ સુધીની લોન માટે છે એ ૨૫ ટકા છે અને એસ.ટી. માટે ૪૦ ટકા છે અને ૫૦,૦૦૦ની મર્યાદામાં એનું ધોરણ છે એ ૩૦ ટકાનું છે. શારીરિક ખોડખાંપણ ધરાવતી મહિલાઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે અને એ માટે થઈને એમને ૫૦ ટકા સબસિડી આપવાની જોગવાઈ કરવામાં આવી છે. આ રીતે ગુજરાતની અંદર મહિલાઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે.

બાળ કલ્યાણ યોજનાનું સાર્વત્રીકરણ કરવા માટે આ સરકાર કટિબદ્ધ છે. આમ જે પૂરક માગણીઓ જે મંત્રીશ્રીઓ લઈને આવ્યા છે એમાં મોંઘવારી વધવાના કારણે, પગાર વધવાના કારણે જે વધારો થયો છે. વધારાના ખર્ચને પહોંચીવળવા માટે પૂરક માગણીઓ આવી છે, એ સાથે લાભાર્થીઓની સંખ્યામાં વધારો થયો છે એના કારણે તથા સંકલિત બાળ વિકાસ યોજનાના વિકાસને કારણે પણ આ વધારો થયો છે. એ જ પ્રમાણે રાષ્ટ્રીય પોષણ યોજના કેન્દ્ર સરકારમાંથી વધારની યોજના મંજૂર થઈ. આમ, નવી યોજનાના ખર્ચને પહોંચીવળવા માટે થઈને ગુજરાત સરકારની સહાયના જે ધોરણો છે એ ધોરણે સામેલ કરવા માટે આ પૂરક માગણીઓ લઈને આવ્યા છે. આમ, આ પૂરક માગણીઓ છે એ ખરેખર આવકારદાયક છે એને અનુમોદન આપીને મારું સ્થાન લઉં છું.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, માગણી ક્રમાંક ૩૮, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ પર ઘણી બધી ચર્ચાઓ થઈ અને સભ્યશ્રીઓએ પૂરક માગણીઓ પર ઘણાં બધાં સૂચનો કર્યા. બે દિવસ પહેલાં જે માગણીઓ લાવ્યો હતો એની અંદર વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા ઘણું બધું deviation કરવામાં આવી હતી પણ આજે બહુ discipline રીતથી ટ્રેકમાં હતા, એટલે હું પણ મારી માગણીઓ પર જ વાત કરવા માગું છું. સૌથી મોટી માગણી આજે Health and Family Welfare Department દ્વારા Directorate of Health Servicesને dearness allowance માટે supplementary demand ૪ કરોડ ૯૪ લાખ મૂકવામાં આવી હતી. એટલે આ basically પગારનો જ ખર્ચ હતો. બીજો civil હૉસ્પિટલ માટે, એના ખર્ચા માટે ખર્ચ જે patients બધા આવ્યા હતા એ ખર્ચ થોડો વધ્યો હતો અને એના માટે ૯ કરોડ ૬૮ લાખ વધારાની માગણી એ લોકોએ મૂકી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી મોટી માગણી Health departmentની આવી હતી. Gujarat Cancer Research Instituteને આપણે સૌ જાણીએ છીએ કે આ સંસ્થા ગુજરાતની ખૂબ પ્રખ્યાત સંસ્થા છે અને ઘણા બધા કૅન્સરના patients આ સંસ્થાની અંદર આવે છે. એ લોકો માટે provision ૨૨.૩૫ કરોડ હતું એમાં ૧૦.૦૨ કરોડનું provision વધાચાનું આવ્યું હતું, એટલે ગરીબ વ્યકિત કે કોઈપણ વ્યકિત કૅન્સરની હૉસ્પિટલમાં અહીંયા આવતા હતા. આપણને જ લાગ્યું કે આની અંદર ખર્ચ વધારે આપવો જોઈએ. આને કારણે આટલી મોટી સપ્લીમેન્ટરી ડિમાન્ડ ગુજરાત કૅન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ પાસે કરવામાં આવી. આવી જ રીતે રાજયના પ્રાયમરી હેલ્થ સેન્ટર છે, એના ડીયરનેસ એલાવન્સમાં ૩.૧૩કરોડનો વધારો થયો હતો, એટલે આ માગણી પણ પગારની દ્રષ્ટિએ જોવામાં આવે એવી જ રીતે કેન્દ્ર સરકારે ૪.૪૫કરોડ જુદી જુદી પ્રવૃત્તિ માટે વધારે બજેટ જોગવાઈ કરવામાં આવી હતી એટલે કુલ ૩૪.૮૯કરોડની માગણી મૂકી છે એ હેલ્થ વિભાગની એ પ્રમાણેની માગણી હતી. રેવન્યુ વિભાગમાં કોઈ તલાટી મંત્રી કે એવો કોઈ વિષય નહોતો. આની અંદર માત્ર મોંઘવારી ભથ્થાની અંદર રેવન્યુ કેડર માટે ૬.૪૦કરોડની સપ્લીમેન્ટરી ડીમાન્ડ મૂકવામાં આવી હતી. સોશ્યલ જસ્ટીસ અને એમ્પાવર વિભાગ દ્વારા ગરીબો માટે ઘણી બધી કામગીરી કરવામાં આવી હતી. આના પોષ્ટ એસ.એસ.સી. સ્ટુડન્ટને આપણે સ્કૉલરશિપ આપીએ છીએ આ પોષ્ટ એસ.એસ.સી. સ્ટુડન્ટમાં બેનિફીશીયરીની સંખ્યા વધી એના કારણે ૧૯૦ લાખનો વધારો કરવામાં આવ્યો. આ માત્ર ને માત્ર દલિત વિદ્યાર્થીઓને ભણવા માટે માગણી મૂકવામાં આવી હતી. એવી જ રીતે પ્રીએસ.એસ.સી. વિદ્યાર્થીઓ માટે સ્કૉલરશિપ માટે

૧૯૬લાખની માગણી મૂકી આ દલિતભાઈ બહેનોને ભણાવવા માટે વધારાની જરૂરિયાત પડી એ માટે માગણી મૂકવામાં આવી છે. એવી જ રીતે આંબેડકર આવાસ યોજના આ દલિત સમાજના ભાઈ બહેનો માટે હોય છે એમાં વધારે જરૂર પડી છે. એટલે ૩૨૫લાખની માગણી મૂકવામાં આવી એટલે આ સોશ્યલ જસ્ટીસ એમ્પાવર વિભાગની માગણી દલિતભાઈ બહેનોને માટે છે. આપણે સૌ જાણીએ છીએ કે એમની જરૂર કેટલી વધારે છે એટલે સપ્લીમેન્ટરી માગણી મૂકવામાં આવી હતી. પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગમાં ૧૨,૭૦,૦૦૦નો ટ્રેનીંગ પ્રોગ્રામ ગોઠવવામાં આવ્યો હતો. આ નવી માગણી હતી. પંચાયતી રાજ ઈન્સ્ટીટયૂટ ગુજરાતમાં બહુ સ્ટ્રોંગ ફાઉન્ડેશન છે, એમાં સારી ટ્રેનીંગ આપવા માટે ૧૨,૭૦,૦૦૦ ની માગણી મૂકવામાં આવી હતી. ૨૩૩ કરોડ મોંઘવારી ભથ્થા અને ડીયરનેસ પે માટે જે વેરીયસ પંચાયતી રાજ ઈન્સ્ટીટયૂટના સ્ટાફ માટે ૨૩૩કરોડની માગણી મૂકવામાં આવી હતી એટલે પંચાયત ગ્રામવિકાસ વિભાગની માગણી ખૂબ નાની છે. એવી જ રીતે ૧૨ લાખની મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી છે એ મોંઘવારી ભથ્થાની માગણી હતી એટલે આ ખર્ચ ખૂબ વાજબી છે. ઘણા બધા સભ્યશ્રીઓએ વાત કરી. દવાની ખરીદીની વાત કરી. ટેન્ડર પ્રક્રિયાની વાત કરી. ખરાબ દવા મળે છે એવી વાત કરી. આટલી માહિતી આપવી જોઈતી હતી. મારી પાસે છે. મંત્રીશ્રીએ મને ૨૫ મુદ્દા આપ્યા છે. કેવી રીતે ટેન્ડર અને કેવી રીતે દવા ખરીદાય. જો આપને જોઈતું હોય તો હું વાંચી જાઉં. (અંતરાય) આપે જે વાત કરી એ બધું જૂનું હતું. એ ૧૯૯૫, ૧૯૯૭ કે ૧૯૯૦માં ચાલતુ હતું પણ અત્યારે આવું કાંઈ ચાલતું નથી. બીજું, પુંજાભાઈએ વાત કરી નવી નવી યોજનાઓ લાવે છે. બજેટ બનાવતી વખતે લાવવી જોઈએ. કોઈ નવી યોજના લાવ્યા નથી. માગણીમાં એટલે સભ્યશ્રીએ ચિંતા કરવાની જરૂર નથી. બીજું, નોન પ્લાન ખર્ચ વધતા જાય છે. એ પણ વધતો નથી. છેલ્લા પાંચ વર્ષમાં ૧૨ ટકા નોન પ્લાન ખર્ચ વધ્યો જાય છે. ત્યારે આવકમાં ૫૭ટકા વધારો થયો છે. એટલે કોઈ ચિંતા સભ્યશ્રીએ કરવાની જરૂર નથી. ફારૂકભાઈએ વાત કરી કે સ્યુસાઈડ કરતા હોય કે એકસીડન્ટ થાય વિધવા બહેનોને એમના સૂચનો પણ ખૂબ સારા છે. હું મંત્રીશ્રી જોડે વિશેષમાં વાત કરી લઈશ. આવતા દિવસોમાં શું થઈ શકે એના માટે ચોક્કસ પ્રયાસ કરીશું. બીજા બધા સભ્યશ્રીઓનો આભાર વ્યકત કરું અને વિનંતી કરું કે આ માગણી ગરીબલક્ષી છે, દલિત સમાજની છે. નાના બહેનોની છે, ચાઈલ્ડની છે. આ બધી માગણીઓ લાવ્યા છે એમાં એકમત થઈ પસાર કરો, તેવી આપ સૌને વિનંતી છે.

**કાપ દરખાસ્ત ક્રમાંક: ૧,૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**પૂરક માગણી ક્રમાંક : ૩૮, ૭૦, ૭૮, ૯૨ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

## ગિલોટીન થયેલી માગણીઓ

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પૂરક માગણી ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૭, ૩૯, ૪૧, ૪૪, ૪૫, ૪૬, ૫૦, ૫૩, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૫, ૬૬, ૬૯, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૧, ૮૨ ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૮, ૮૯, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૯૮, ૧૦૦, ૧૦૨, ૧૦૪, ૧૦૬ રજૂ કરું છું.

પૂરક માગણી ક્રમાંક : ૧, ૨, ૩, ૪, ૫, ૭, ૯, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૧, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૩, ૩૪, ૩૭, ૩૯, ૪૧, ૪૪, ૪૫, ૪૬, ૫૦, ૫૩, ૫૫, ૫૭, ૬૦, ૬૧, ૬૫, ૬૬, ૬૯, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૭૯, ૮૧, ૮૨ ૮૩, ૮૪, ૮૫, ૮૬, ૮૮, ૮૯, ૯૦, ૯૩, ૯૫, ૯૬, ૯૮, ૧૦૦, ૧૦૨, ૧૦૪, ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

**અધ્યક્ષશ્રી** : હું રાજ્ય વિધાન મંડળને લગતી પૂરક માગણી ક્રમાંક: ૩૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક:૩૫ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૫-૦૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર,
તા. ૭મી માર્ચ, ૨૦૦૬ ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહયું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૭મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૧૬, ૧૯૨૭ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યું.**

**અધ્યક્ષશ્રી પ્રો.મંગળભાઈ પટેલ અધ્યક્ષસ્થાને**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

### અંદાજપત્ર પર સામાન્ય ચર્ચાના સમય અંગે

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીઓ જાણે છે કે, અંદાજપત્રની સામાન્ય ચર્ચા માટે ચાર દિવસ ફાળવવામાં આવ્યા છે. અંદાજપત્રની સામાન્ય ચર્ચા દરમિયાન આખા અંદાજપત્ર ઉપર અથવા તો તેમાં સમાયેલા સિદ્ધાંતના પ્રશ્ન પર ચર્ચા કરી શકાય. જુદા જુદા વિષયો પર અગર તો સેવાઓની અગત્ય અનુસાર ખર્ચની યોગ્ય ફાળવણી અંદાજપત્રમાં દર્શાવ્યા પ્રમાણે કર નાખવાની નીતિ અને માનનીય નાણામંત્રીના પ્રવચન અંગે ચર્ચા કરી શકાય. પરંતુ ખાતાની ઝીણી વહીવટી વિગત કે સ્થાનિક પ્રશ્નની છણાવટ અંદાજપત્રની સામાન્ય ચર્ચામાં કરી શકાય નહિ, અનુદાનો માટેની માગણી પરની ચર્ચા વખતે કરવાની હોય છે. માનનીય સભ્યશ્રીઓ આ બાબતનો ખ્યાલ રાખે તો પુર્નરોકિત થશે નહિ અને ચર્ચા ઉપયોગી થઈ શકશે.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

**શ્રીઅર્જુનભાઈ દે.મોઢવાડિઆ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી ૨૦૦૬-૦૭નું જે બજૅટ લઈને આવ્યા છે, એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતનું જે બજૅટ રજૂ થયું રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જે પ્રકારે વૈશ્વિક પ્રવાહો બદલાયા, દેશની અંદરના પ્રવાહો દ્વારા એનું વિઝન, એની દૃષ્ટિ અને ગુજરાતનો જે ભવ્ય ભૂતકાળ હતો એ ભૂતકાળને પુન:સ્થાપિત કરવા માટે કંઈક હિંમતપૂર્વકના પગલાંની અપેક્ષાઓ ગુજરાતની પ્રજા રાખતી હતી અને જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પોતે બજૅટ રજૂ કરવા માટે ઊભા થયા હોય, એમણે રજૂ કરેલ હોય ત્યારે અપેક્ષાઓ વધી જતી હોય છે. પરંતુ જે બજૅટ અહીંયા આવ્યું છે એમાં જે ગુજરાતના શાશ્વત પ્રશ્નો છે અને ગુજરાતની પ્રજાની જે અપેક્ષાઓ છે એ અપેક્ષાઓની સંપૂર્ણપણે અવગણના કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જે બજૅટ આવેલ છે એ બજૅટની અંદર મહેસૂલી આવકની સામે જે સામાજિક સેવાના ખર્ચનું જે પ્રમાણ હતું એ પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું રહ્યું છે. સામાજિક સેવાની જો આપણે દરકાર નહિ કરીએ તો સમાજની અંદર જે છેવાડાના લોકો, બાળકો, મહિલાઓ, મજૂરો અને ખેતમજૂરો છે એમનું સ્થાનની આપણે ક્યારેય વાત નહિ કરી શકીએ. ૨૦૦૧-૦૨માં ૨૩૧૬૦ કરોડ અને ૬૪ લાખની મહેસૂલી આવક હતી એની સામે સામાજિક સેવાઓમાં ૭૯૧૯ કરોડ અને ૪૮ લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. એટલે મહેસૂલી જે આવક છે એની સામે સામાજિક સેવાઓનું ખર્ચ ૩૪.૧૯ ટકા હતું એની સામે ૨૦૦૭ ના અંદાજની અંદર દર્શાવ્યા છે એમાં મહેસૂલી આવક ૨૬૭૨૮ કરોડ ૨૪ લાખની સામે જે સામાજિક સેવાઓના ક્ષેત્રનો જે ખર્ચ અંદાજ્યો છે ૮૫૪૧ કરોડ અને ૪૯ લાખ છે અને એ કુલ મહેસૂલી આવકના ૩૧.૧૯ ટકા થાય છે. ૨૦૦૧-૦૨માં મહેસૂલી આવકના ૩૪.૧૯ ટકા સામાજિક સેવાઓમાં વપરાતા હતા, એ આ વર્ષ ૨૦૦૬-૦૭ની અંદર ૩૧.૯૬ ટકા વપરાવાના છે, આશરે ૩ ટકા જેટલો આટલા સમયની અંદર ઘટાડો થયો છે.

છેલ્લા પાંચ વર્ષની અંદર જે બિન વિકાસશીલ ખર્ચ છે એમાં સતત વધારો થતો રહ્યો છે. ૨૦૦૧-૦૨માં બિન વિકાલશીલ ખર્ચ ૭૧૨૯,૩૩,૦૦,૦૦૦ હતો એની સામે ૨૦૦૬-૦૭માં ૧૧૯૧૭,૮૧,૦૦,૦૦૦નો અંદાજેલો છે. આ બિન વિકાસશીલ ખર્ચમાં પણ ૪૪.૮૪ટકાનો વધારો થયો છે. જે મહત્વનું છે. આ બજૅટમાં જે નબળી કડી છે એ આ છે કે બિન વિકાસશીલ ખર્ચમાં સતત વધારો થતો રહ્યો છે. આર્થિક સેવાના ક્ષેત્રમાં પણ સતત ઘટાડો થતો રહ્યો છે. ૨૦૦૧-૦૨માં આર્થિક સેવા ક્ષેત્રમાં ૭૮૨૩૬૯,૦૦,૦૦૦નો ખર્ચ થયો હતો. એ ઘટીને ૨૦૦૫-૦૬માં જે સુધારેલા અંદાજો રજૂ થયા છે એમાં ૫૭૪૦૯૯,૦૦,૦૦૦નો ખર્ચ અંદાજેલો છે. એટલે આ વર્ષ ૨૦૦૧-૦૨માં એમાં ૨૬.૨૦ટકાનો ઘટાડો થયો અને ૨૦૦૬-૦૭નું જે બજૅટ રજૂ થયું છે, એમાં ૫૮૯૯૪૧,૦૦,૦૦૦નો ખર્ચ અંદાજેલો છે એ પણ ૨૦૦૧-૦૨ના પ્રમાણમાં ૨૪.૬૦ટકાનો ઘટાડો દર્શાવે છે. છેલ્લા ત્રણ વર્ષમાં આ આર્થિક સેવાનું ક્ષેત્ર છે એમાં ૪૫૧,૦૬,૦૦,૦૦૦નો ઘટાડો થયો છે. આ આર્થિક

સેવાના ક્ષેત્રમાં એટલે કયા ક્ષેત્રમાં, તો આ કૃષિ વ્યવસ્થાના ખર્ચમાં ૧૭.૮૮ટકા, ગ્રામીણ રોજગારીમાં ૧૭.૫૨ટકા, મધ્યમ સિંચાઈ યોજનામાં ૬૪.૩૮ટકા, ઉર્જા ક્ષેત્રમાં ૨૮.૮૪ટકા, નાગરિક પુરવઠામાં ૩૨.૫૩ટકા ઘટાડો થયો છે. સૌથી ચિંતાજનક બાબત હોય તો આ વખતે એ છે કે આ રાજયની અંદર કરજનું ભારણ અને રાજયના બજેટમાં જે વ્યાજનો ખર્ચ છે એ આંખ ખોલનારો અને ગુજરાતની પ્રજાને ચિંતામાં મૂકનારો છે. હું માત્ર બે વર્ષના આંકડા આપવા માગું છું. ૨૦૦૫-૦૬માં રાજયે જે કરજ લેવાનું થશે. આ વર્ષના અંતે એ ૧૦૬૧૧કરોડ થવાનું છે અને જે કરજ લેવાનું નિર્ધારેલ છે એ ૧૦૬૩૬કરોડ નિર્ધારેલ છે. એનું કારણ બિન વિકાસકીય ખર્ચ છે. ૨૦૦૫-૦૬માં ૧૪૮૨૮કરોડ અને ૨૦૦૬-૦૭માં ૧૫૫૯૫કરોડ સુધી આ બિન વિકાસકીય ખર્ચ પહોંચ્યો છે. બજેટનું જે કુલ ફંડીંગ છે અને એના માટે જે વ્યાજ ચૂકવવાનું છે એમાં બિન વિકાસકીય ખર્ચ છે એ ખર્ચમાં જે ૫૦ટકા ફંડીંગ છે એ બજેટનું ફંડીંગ છે. એ બહારથી કરજ લાવીને કર્યું છે. બિનવિકાસકીય ખર્ચનો અર્ધોઅડધ ખર્ચ વ્યાજ ચૂકવવામાં થાય છે. જે ઝડપથી બિન વિકાસકીય ખર્ચ વધ્યો છે. એના પ્રમાણમાં વિકાસકીય ખર્ચ વધતો નથી. એનું કારણ સૌથી ઉંચું કરજ અને એની પાછળ ચૂકવવાનું વ્યાજ છે. બીજા તમામ ખર્ચમાં કાપ મૂકી શકાય કયાંક ને કયાંક પણ વ્યાજના ખર્ચમાં કાપ મૂકી શકાય એવી સ્થિતિ રહી નથી. આપણા વડીલો એમ કહેતા કે વ્યાજને ઘોડા પણ નહીં આંબે આપણે ત્યાં પણ વ્યાજને ઘોડા ન આંબી શકે. રાજયની વ્યવસ્થાને પહોંચી ન શકીએ એટલી હદનું કરજ થયું છે.

હું કરજના આંકડા અહીં મૂકવા માગું છું. ૧૯૯૧ ની અંદર ૮,૦૭૫ કરોડ રૂપિયાનું માત્ર કરજ હતું અને આ ગુજરાત રાજ્યનું ઘરગથ્થું ઉત્પાદન હતું, એના માત્ર ૨૩ ટકા થતું હતું. ૧૯૯૫ માં ૧૨,૯૯૮ કરોડનું કરજ થયું, એ પણ ૩૦ ટકાની અંદર રહ્યું. ૨૦૦૫ ની અંદર જે કરજ આવ્યું, એ ૭૩,૬૬૯ કરોડ એટલે રાજ્યનું કુલ ઘરગથ્થું ઉત્પાદન થાય છે, એના ૪૬.૬ ટકા થયું. આ જ વર્ષની અંદર ૨૦૦૫ ની અંદર આપણે ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી બિલ લઈને આવ્યા, એટલા માટે લાવ્યા કે બારમાં નાણા પંચની શરત એ હતી કે બિલ લઈ આવીએ તો જ બારમાં નાણાં પંચની અને કેન્દ્રની સહાયો મળે. ફરજિયાત રીતે કરવું પડ્યું. એ વર્ષે બિલની અંદર જોગવાઈ એવી હતી કે તમારે રાજ્ય ઉપરનું કરજ ૨૦૦૯ સુધીની અંદર રાજ્યનું કુલ ઘરગથ્થું ઉત્પાદન એમના ૩૦ ટકાથી નીચે જોઈએ. ૩૦ ટકા મેક્સિમમ સીલિંગ. ૨૦૦૫ ની અંદર આપણી સીલિંગ હતી એ ૪૬.૬ ટકા. ૨૦૦૬ ના અંત સુધીમાં રિઝર્વ બૅન્કના ફીગર પ્રમાણે ૪૧,૪૯૮ કરોડની જવાબદારી કરજ ચુકવવાની રાજ્ય ઉપર ઊભી થવાની. આ આંકડો છે, એ ૪૫.૭ ટકા એટલે કે કુલ ઘરગથ્થું ઉત્પાદનના ૪૫.૭ ટકા થવા જાય છે. આપણે પહોંચવું છે ફિસ્કલ રિસ્પોન્સિબિલિટી બિલ મુજબ ૨૦૦૮-૦૯ ની અંદર ૩૦ ટકા સુધી. આ વ્યવસ્થા કરજનો દર ચાલુ રહે તો પહોંચી શકીશું ખરા? પરંતુ આપણે ત્યાં કહેવત છે કે પાછળ રહે એ દરવાજો દે. ૨૦૦૮-૦૯ ની અંદર જે સરકાર આવશે તે સંભાળશે, પણ અત્યારે કરજ લો.તમાશાઓ કરો અને બધું જ ચલાવો. આ આંકડા મારા નથી. આ રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના અને ગુજરાત સરકારે જે સામાજિક આર્થિક સરવે બહાર પડ્યો છે, એમાંથી આંકડા લીધેલ છે, આટલું ઊંચું કરજ છે, એને કારણે આજે ગુજરાત સમગ્ર ભારતની અંદર ત્રીજા નંબરનું સૌથી વધારેમાં વધારે કરજ લેતું રાજ્ય થયું છે અને આટલું કરજ લીધું હોય અને વિકાસ કર્યો હોય તો મને વાંધો નહોતો, પણ ગુજરાતની સ્થિતિ કયાં છે, મારે આપને કહેવું છે. આની અંદર ઘણું બધું અંધારા નીચે ઢાંકીને મીથ ઊભું કરવામાં આવ્યું છે કે ગુજરાતના વર્તમાન શાસનની અંદર વિકાસ થઈ રહ્યો છે અને એકાદ વખત અસત્ય બોલીએ, બે વખત બોલીએ, પાંચ વખત બોલીએ અને એનાથી અસત્ય સત્ય થઈ જતું નથી. હું ઈશ્વર પાસે પ્રાર્થના કરીશ જે લોકો અંધારાની અંદર ગુજરાતની પ્રજાને રાખે છે, એ લોકોને ઊંડા અંધારાથી પ્રભુ પરમ તેજે તું લઈ જા. પરમ તેજનો પ્રકાશ શું છે, ગુજરાતની અંદર મારે કહેવું છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રવચનમાં કહ્યું હેન્ડપંપથી નળ અને નળમાં માત્ર પાણી નહિ, ગેસ પણ મળશે. ગાંધીનગરમાં ગેસ મળશે અને એ પણ કોઈ કંપનીને લાભ કરાવીને મળશે, એમાં વાંધો નથી, પણ ગેસ મળશે, પણ ગુજરાતની સ્થિતિ શું છે.

આ રાજ્યની અંદર આદિવાસી પ્રજા છે, એના ઘરની અંદર જ્ઞાનનો પ્રકાશ પહોંચી શક્યો નથી. ૫૫ ટકા આદિવાસી ભાઈ બહેનો આજે દાહોદ જેવા જિલ્લાની અંદર અભણ છે. દસ વર્ષથી શાસન કરો છો. દસ વર્ષની અંદર એક ટકો પણ સાક્ષરતા દર વધારી શક્યા નથી. ૪૬ ટકા દીકરા અને ૨૪ ટકા દીકરીઓ આખા રાજયમાં જે નેશનલ સેમ્પલ સર્વે થયો છે તે મુજબ લખી વાંચી શકતા નથી. ભલે સ્કૂલમાં જતા હોય. ૩૦ હજાર પરિવારો આજે પણ ગરીબી રેખાથી નીચે જીવે છે. ૧૨ લાખ બેકાર યુવાનો ધંધા રોજગારની રાહ જુએ છે. ૨૦ લાખ કરતાં વધારે ખેડૂત પરિવારો છે તેની દશા શું છે? તેના માટે બજેટ પ્રવચનમાં કશું દેખાયું નથી. ગુજરાતમાં ૯૬ લાખ ૪૩ હજાર પરિવારો છે તેમાં ૧૭ લાખ ૪૫ હજાર ઘરની અંદર આજે પણ કેરોસીનથી દીવાબત્તી થાય છે અને જે ઘરની અંદર કોઈ પ્રકારની દીવાબત્તી નથી તેવા ૮૨,૬૫૩ પરિવારો છે. મને લાગે છે કે આ બજેટમાં આ લોકો માટે કંઈક આવ્યું હોત તો હું પણ સરાહના કરતો. પીવાના પાણીની વાત થઈ છે. ભાષણ કરવું હોય કે મારા રાજયનો ખેડૂત હવે પાણીના નહીં પણ ઑઈલના બોર કરશે અને તે ઑઈલ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વેચવાનો છે. તેનાથી ખેડૂતનું પેટ ભરાવાનું નથી. ૧૬ લાખ પરિવારો ડંકીથી પીવાનું પાણી પીવે છે અને ૧૧ લાખ પરિવારો કૂવામાંથી પીવાનું પાણી પીવે છે. ટૅન્કરોના કયારના આંકડા અપાય છે

સાહેબ? ચાર વર્ષ પહેલાંના. દુષ્કાળની અંદર આ રાજયની શું સ્થિતિ થાય છે તેનો અનુભવ સૌએ કર્યો છે. મારે વાત આરોગ્યની કરવી છે. આરોગ્ય માટે આરોગ્ય રથ કાઢવાથી કે પોસ્ટરો, ફોટા છપાવવાથી રોગ ભાગી જતા નથી. આજે ગુજરાતની સ્થિતિ શું છે? સમગ્ર ભારતમાં જે બાળ મૃત્યુ થાય છે તે બાળ મૃત્યુ એક હજાર બાળકો જન્મે છે તેમાં ૨૦૦૫-૦૬ના વર્ષમાં એક હજાર બાળકે ૪૫ બાળકો મૃત્યુ પામે છે. ગુજરાત પ્રગતિશીલ રાજય છે તેમાં એક હજાર બાળકે ૫૭ બાળકો મૃત્યુ પામે છે. આખા ભારત કરતાં એવરેજ બાળ મૃત્યુદર ગુજરાતમાં વધારે છે. આ કરજ આ બાળકોને બચાવવાના કામે લગાડયું હોત તો આનંદ થાત.

માનનીય અધ્યક્ષશ્રી, વસ્તી વધારાની અંદર જન્મ દરની અંદર આ રાજય સરકારનો શું વિચાર છે તેની કોઈને ખબર પડતી નથી. માત્ર આંકડાઓ આપવા માગું છું, હું આંકડાઓ આપવા માગું છું. ગુજરાત રાજયનો સામાજિક આર્થિક સરવે થયો છે તેમાં જે જન્મદર છે ૨૦૦૩ના વર્ષની અંદર આખા ભારતની અંદર જન્મદર બાળકોનો છે તેમાં ગુજરાત સૌથી પાછળના રાજયોમાં ૧૭મા સ્થાને છે અને જે રાજયની અંદર માઈનોરીટીની વસ્તી સૌથી વધારે છે. જમ્મુ અને કાશ્મીરમાં....

**અધ્યક્ષશ્રી** : ફતેહસિંહભાઈ વચ્ચે બોલવાની ટેવ ન પાડો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, જમ્મુ કાશ્મીરમાં જન્મદર ૧૮.૬ બાળકોનો એક હજાર બાળકે છે જયારે ગુજરાતમાં કેટલા બાળકોનો? ૨૪ બાળકોનો સાહેબ. એકંદરે વસ્તી વધારો અને જન્મ મૃત્યુદર એકીસાથે સાંકળી શકાય. જેમાં ગુજરાતમાં મૃત્યુદર વધારે છે તેના કારણે ગુજરાત ૧૯મા સ્થાને છે. જન્મદરમાં ૧૭મા સ્થાને છે. પણ એકંદરે જન્મદર છે તેમાં આપણે ૧૯મા સ્થાને છીએ. વસ્તી વધારાની બહુ ચિંતા કરી છે. આપણું સ્થાન કયાં છે તે જોવાનું છે. બહુ મોટા પરાક્રમ કર્યા હોય તેમ જે લોકોને બે બાળકો કરતાં વધારે બાળકો હોય તેવા પંચાયતના ઉમેદવારો, પદાધિકારીઓ માટે આ સરકાર બિલ લઈને આવી હતી. વિધાનસભામાંથી અમને કાઢી મૂક્યા હતા અને અમે કહ્યું હતું, બહાર નીકળીને કે આ બિલને અમે ટેકો આપીએ છીએ પણ તમારામાં હિંમત નથી એટલા માટે કે એમાં તમારા દેખાડવાના અને અંદરના ભાવ જુદા છે, દાંત જુદા એટલા માટે નહીં કહું કે આપ એ શબ્દો કાઢી નાખશો. માનનીય અધ્યક્ષશ્રી, સાચી વાત સ્વીકારવી જોઈએ. મારે એ અભિનંદન આપવા જોઈએ કે આ વખતે સામાજિક અને આર્થિક સરવેમાં તમારા અધિકારીઓ ગુજરાતની સાચી સ્થિતિ બહાર લઈને આવ્યા છે, વિકાસનું જે મીટ ઊભું કર્યુ છે એ મીટ છે એ આ છે. આરોગ્ય ક્ષેત્રે પાછળ તેમજ બીજા ક્ષેત્રોમાં પાછળ, તો કયાં આગળ ? તો હું એકલો આગળ, હું એકલો આગળ. ગુજરાતને જ્યાં જવું હોય ત્યાં જાય, તો આ ભાવ છે એ ગુજરાતનું હિત કરનાર નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સાક્ષરતાની પણ વાત કરવી છે, સાક્ષરતામાં ૧૯૯૧ની વસતિ ગણતરી થઈ એમાં ગુજરાત નવમા સ્થાને હતું પણ આજે ગુજરાત કયાં પહોંચ્યું છે ? એ આજે પંદરમા સ્થાને પહોંચ્યું છે. મેં કહ્યું એમ આજે પણ પચાસ ટકા કરતાં વધારે આદિવાસી બાળકો છે એ સાક્ષરતા મેળવી શકતાં નથી અને પચાસ ટકા કરતાં વધારે બાળકો હાઈસ્કૂલમાં આવે છે ત્યારે એમને અભ્યાસ છોડી દેવો પડે છે. આ કરજ કર્યુ છે, આખા ભારતમાં ત્રીજા નંબરનું સૌથી કરજવાન રાજય થયું છે, ત્યારે મારે પૂછવું છે કે, આ કરજ જાય છે કયાં?

મારે બીજી વાત એ કરવી છે કે, મહોત્સવોમાં પૈસા વપરાય છે, પહેલી મેએ પોરબંદરની અંદર ગુજરાત મે દિન ઉજવવાનો છે, ગુજરાતનો સ્થાપના દિન ઊજવાય, આખા ગુજરાતના લોકો સ્થાપના દિન ઉજવે, તેનો વાંધો નહીં પણ એના પૈસા જો ગુજરાતના બાળકોના શિક્ષણ પાછળ વપરાય તો ગુજરાત પંદરમા નંબરેથી પહેલા નંબરે આવી શકે એમ છે પણ એમ કરવું નથી. ફોટાઓ છપાવવામાં કંઈક થોડોક ઓછો ખર્ચ કરીને બાળકો શિક્ષણ કેમ મેળવે એ માટેના પ્રયત્નો થાય તો પણ ગુજરાત પંદરમા નંબરેથી દશમા નંબરે આવી શકે એમ છે.માનનીય અધ્યક્ષશ્રી, કયાં રાજયો આપણાની આગળ છે તો છતીસગઢ આગળ ગયું શિક્ષણમાં, મધ્યપ્રદેશ આગળ ગયું, આંધ્ર છેલ્લા નંબરે હતું, સૌથી પાછળ હતું એ શિક્ષણમાં આપણાથી આગળ નીકળી ગયું અને આપણે પાછળ રહી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, બેટી બચાવવાના આંદોલન અભિયાન માનનીય મુખ્ય મંત્રીશ્રીએ શરૂ કર્યુ. એની પહેલ ભલે ટાઉનહોલમાં થઈ હોય પણ ગુજરાતના પાટીદારો પંદર લાખની સંખ્યામાં એકઠા થયા અને સ્વયંભૂ નક્કી કર્યુ કે બાળક અને બાળકી, દીકરો અને દીકરીનો સમાન રેશિયો નહીં હોય તો આવનારા દિવસોનું ચિત્ર ભયાવહ હશે, સમાજ માટે, સંસ્કૃતિ માટે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ માટે, તમામ ક્ષેત્રે આવનારા દિવસોનું ચિત્ર ભયાવહ રહેવાનું છે. આ દશકામાં ગુજરાત છે એ દીકરો અને દીકરીના અસમાન જન્મદરની અંદર બાવીસમા નંબરે ગયું. ખાલી અભિયાન ટાઉનહોલમાં ભાષણ કરવાથી નહીં થાય એના માટે પણ જાગૃતિ લઈ આવવા માટેના કાર્યક્રમો સમાજ પાસે લેવડાવવા પડશે. હું એકલો કરું તો એનાથી નહીં થાય, પાટીદાર સમાજને હું ધન્યવાદ આપું છું કે આ લોકોએ આની તરફ પહેલ કરી છે. સમાજને પાટીદાર સમાજે

એક નવો રસ્તો બતાવ્યો છે. (અંતરાય) પાટીદાર તમે એકલા નથી, પાટીદાર અહીંયાં પણ છે અને બહાર પણ બેઠા છે ,તમે હોય ત્યાં પાટીદાર હોય તેવું નથી. પાટીદારો અહીંયાં વલ્લભભાઈ પટેલ, સરદાર વલ્લભભાઈ પટેલથી માંડીને પોપટ લાખા સોરઠિયા, ગોરધનભાઈ પટેલ હોય કે સ્વર્ગસ્થ વલ્લભભાઈ પોપટભાઈ પટેલ હોય, અને માનનીય અધ્યક્ષશ્રી, સાચા પાટીદારોની હાલત કેવી કરી છે એ માનનીય કેશુભાઈને ખાનગીમાં જરા પૂછી આવો, એમને પૂછી આવવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર આપણે પાછળ છીએ, દીકરા અને દીકરીમાં અસમાનતાનો દર છે એ અસમાનતા રોકવી પડશે એના માટેના પ્રયાસો કરવા પડશે, મેં તો માત્ર આંકડાઓ આપ્યા છે આ આંકડાઓ છે એ મેં બધા લીધા છે તો કયાંથી ? તો ગુજરાતનો આર્થિક અને સામાજિક સરવે છે, રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા છે અને વસતિ ગણતરીનો રિપોર્ટ છે એમાંથી મેં આંકડા લીધા છે. મારે તો બીજો એક આંકડો આપવો છે અને એ આંકડો એવો છે કે જે મેગેજિને માનનીય મુખ્ય મંત્રીશ્રીને નંબર વન કહ્યા છે, આમાં ગુજરાતનો નંબર કયાં છે? માનનીય અધ્યક્ષશ્રી, હું એ આપીશ, મોટા ૨૦ રાજયો છે એમાં ગુજરાતનું સ્થાન કયાં છે? એમાં ત્રણ એન્યુઅલ રેન્કીંગ છે એમાં ગુજરાત કયાં છે? લો એન્ડ ઑર્ડરમાં ૭માં સ્થાને છે, પ્રાથમિક આરોગ્યમાં ૮માં સ્થાને છે, પ્રાથમિક શિક્ષણમાં ૧૨માં સ્થાને, ઈન્ફ્રાસ્ટ્રકચરમાં ૭માં સ્થાને, ખેતીવાડીમાં ૫માં સ્થાને, બજૅટ અને સમૃદ્ધિમાં ચોથા સ્થાને છે. ગુજરાત કયાં આગળ છે? એની સામે ગુજરાતની અંદર કોંગ્રેસનું શાસન હતું ત્યારે કાં તો મહારાષ્ટ્ર પહેલા નંબરે હોય કાં તો ગુજરાત પહેલા નંબરે હોય એમાં કોઈ એક જગ્યાનો ફેરફાર નહોતો થતો. (અંતરાય) તમને આંકડામાં રસ નથી, તમને બીજી બાબતમાં રસ છે એ તકલીફ છે. આજે ગુજરાતના સામાજિક-આર્થિક સર્વેમાં બતાવ્યું છે કે વિકાસ કેટલો થાય છે? એ વિકાસનું માપ શેમાંથી નિકળે છે? ઘરગથ્થું ઉત્પાદન કેટલું વધ્યું? એ ઘરગથ્થું ઉત્પાદન વધવાનો દર છે એને વિકાસ દર કહે છે. એ વિકાસ દર કેટલો છે ૨૦૦૩-૨૦૦૪માં ૧૫.૧ વિકાસ દર આવ્યો અને મુખ્યમંત્રીશ્રીએ આખા ભારતમાં જઈને કહ્યું કે, અમારો વિકાસ દર ૧૫.૧ ટકા જેટલો થયો છે. કારણ કે, એ તો ૨૦૦૩-૨૦૦૪માં કૃષિ ઉત્પાદન ૬૦ ટકા સારા વરસાદના કારણે વધ્યું અને સારા ભાવના કારણે વધ્યો છે. પણ ૨૦૦૫-૨૦૦૬નો આપણો ઘરગથ્થું ઉત્પાદન વિકાસ દર કેટલો થયો? ૫.૧ ટકા થયો અને સમગ્ર ભારતનો વિકાસ વૃદ્ધિદર કેટલો ૭.૮ થી માંડીને ૮.૧ ટકા સુધી. ગુજરાતે જો સમગ્ર ભારતનું ચાલકબળ બનવું હોય તો વિકાસ દરમાં તો ઓછામાં ઓછું મહારાષ્ટ્ર હોય, ગુજરાત હોય કે બીજુ રાજય હોય એનો ૧૨ કે ૧૦ ટકા આસપાસ વિકાસ દર રહેવો જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી હૈદરાબાદ ગયા ત્યાં જઈને કહ્યું કે, અમારે તો જર્મન સાથે અને બ્રાજિલ સાથે હરીફાઇ કરવાની છે. બાયો-ટૅક્નૉલૉજીમાં બ્રાજિલ સાથે હરીફાઇ કરવાની છે. મેં સાંભળ્યું છે, આપ વારંવાર આવું બોલ્યા હતા. હવે આપને યાદ નથી. બાયો-ટૅક્નૉલૉજીમાં બ્રાજિલ સાથે અને બાકીમાં જર્મન સાથે. જર્મનીમાં કોની સાથે હરીફાઇ કરવાની છે એ મારે નથી કહેવું કારણ કે, આપ એ શબ્દો પાછા કાઢી નાંખશો. અસત્ય બોલવું, જોરથી બોલવું, વારંવાર બોલવું એનાથી વિકાસ થઈ જતો નથી, એક મીટ ઊભું થાય છે. આ વિકાસની વાત આવી છે તો મારે કહેવું છે કે ગુજરાતમાં ચાલુ સાલે ૫.૧નો વિકાસ દર કેમ થયો ? માનનીય મુખ્યમંત્રીશ્રીને પૂછયું એક પત્રકારે કે કેમ થયો? ત્યારે એમણે કહ્યું કે, 'બાળક ૧૭ વર્ષનો થાય એટલે વૃદ્ધિદર અટકી જાય.' આમ જ હોય તો ગુજરાતે વૃદ્ધિ કરવાની નથી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતની એટલી બધી વૃદ્ધિ કરી દીધી છે કે, હવે વૃદ્ધિ નથી કરવી. ગુજરાતનો વૃદ્ધિ દર ૫.૧ અને ભારતનો વૃદ્ધિદર કેટલો? તો ૭.૧ થી ૮.૨ સુધી. ગુજરાતનો વિકાસ આમાં કયાં થયો છે, કયા ક્ષેત્રમાં થયો છે? પણ ગુજરાતની પ્રજાને એ વાત નહીં કરે. અભિયાન ચલાવશે અને રથ કાઢીને ઉત્સવોના નામે • * (XXX) થશે..(અંતરાય) ઉત્સવોના નામે * (XXX) થાય છે...(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : * (XXX) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ * (XXX) શબ્દ છે એ કોઈના નામે નથી બોલ્યો. એ ડિકશનરીનો શબ્દ છે. આની પાછળ ખર્ચ થાય છે એનાથી વિકાસ થઈ જવાનો નથી. ઔદ્યોગક મૂડી-રોકાણની વાત થઈ, ગુજરાત ઔદ્યોગિક મૂડી-રોકાણમાં નંબર વન-ટુ ઉપર હતું એ અત્યારે આપના શાસનમાં કયાં આવ્યું? ઑકટોબર ૨૦૦૬નાં આકડા આપું છું લેટેસ્ટ. બીજું તમારી ગુજરાત સરકારના સામાજિક, આર્થિક સરવેના આંકડા આપું છું. જે ઓરિસ્સા રાજય છે, છેવાડાનું રાજય છે, એ ૨૭૨૪૦૧ કરોડના મૂડીરોકાણ સાથે આખા દેશમાં નંબર-વન છે, મહારાષ્ટ્ર આજે પણ નંબર-ટુ છે અને આંધ્રપ્રદેશ આજે પણ નંબર-ત્રણ છે

**અધ્યક્ષશ્રી** : એક મિનિટ, એક મિનિટ,

• * (XXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

# પૉઈન્ટ ઑફ ઑર્ડર

### અસંસદીય શબ્દોના ઉચ્ચારણ અંગે

**શ્રી અશોક ભટ્ટ (વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી)** : મારો પૉઈન્ટ ઑફ ઑર્ડર છે માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને મારે ડિસ્ટર્બ કરવા નહોતા પણ આપે * (XXX) શબ્દ કાઢી નાંખ્યા પછી પણ એમણે * (XXX) શબ્દ વાપર્યો છે.

**અધ્યક્ષશ્રી** : એ શબ્દ કાઢી નાંખ્યો છે.

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, એ કાઢી નાંખ્યા પછી પણ ફરી વાપર્યો, * (XXX) શબ્દ ન વપરાય એટલે મારે એમને એટલું જ જ્ઞાન આપવું છે કે,

**અધ્યક્ષશ્રી .** : એક મિનિટ પ્લીઝ,

**શ્રી અશોક ભટ્ટ :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયોની તારીખ ૨૮-૨-૧૯૮૬ના શ્રેણી પુસ્તક નંબર-૧૨ માં જે આપેલ છે તે પ્રમાણે સભ્યશ્રીએ તેમના પ્રવચનમાં એમ કહ્યું છે કે, "ગુજરાતની અંદર આ એક * (XXX) ચાલી રહ્યો છે" એમ કહેવું તે અસંસદીય છે, એ જ વાક્ય આપે કાઢી નાંખ્યા પછી એમણે ફરી વાપર્યો ત્યારે મારે પૉઈન્ટ ઑફ ઑર્ડર દ્વારા કહેવું પડે છે કે આ ૧૯૮૬ની વાત ૨૦૦૬માં પ્રવચન કરતા હોય ત્યારે કરવી પણ * (XXX) શબ્દ ન વપરાય એટલું એ જોઈ લે અને એમણે આ શબ્દો પાછા ખેંચવા જોઈએ એવો મારો સ્પષ્ટ આગ્રહ છે કે માત્ર આપે કાઢી નાંખ્યા એટલું જ નહિ, કાઢી નાંખ્યા એમ કહ્યું તો એ યોગ્ય હતું પણ એમણે ફરીવાર રિપિટ કર્યો આ શબ્દ. માટે એમણે આ શબ્દો પાછા ખેંચી લેવા જોઈએ.

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા** : માનનીય અધ્યક્ષશ્રીએ આ શબ્દ દૂર કરી દીધો છે, આવા શબ્દો તો પાછા ખેંચવા હોય તો મને કોઈ એમાં વાંધો નથી. માનનીય અધ્યક્ષશ્રી, આવા શબ્દો તો પાછા ખેંચાશે પણ જે બુક્સમાં ગુજરાતના સામાજિક, આર્થિક સરવેની અંદર જે લખ્યું છે એ તો પાછું નહિ ખેંચી શકાય. ગુજરાતના બજૅટની અંદર ઉત્સવોની પાછળ જે પૈસાનું પાણી થાય છે એ પાછું નહિ ખેંચી શકાય. મેં કહ્યું એમ ગુજરાત મૂડી રોકાણના ક્ષેત્રની અંદર..

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, વન મિનિટ,

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (મુખ્યમંત્રીશ્રી)** : આઈ એમ સોરી, માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછતો હતો કે માનનીય વિરોધપક્ષના નેતાના પ્રવચનના શબ્દો મેં ગંભીરતાથી સાંભળ્યા છે આપે શબ્દો દૂર કરી નાંખ્યા, એમણે પાછા ખેંચ્યા પરંતુ આપના રૂલીંગની જે રીતે મજાક થઈ રહી છે. વારંવાર પાછા ખેંચવાના શબ્દની જે મજાક થઈ રહી છે એ આપની ચેરનું અવમાન છે અને હું માનું છું કે સંસદીય પ્રણાલીમાં આ પરંપરા શોભતી નથી. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, પ્લીઝ, (અંતરાય)

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) (ક્રમશઃ)

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીઆ** : માનનીય અધ્યક્ષશ્રી, સાચું સાંભળવાની ટેવ ના હોય, મેં તો નેતાના સ્પિરિટમાં પાછા ખેંચેલા છે, પણ વાત એ છે કે સાચું સાંભળવાની તૈયારી રાખવી પડશે અને ગુજરાતની પ્રજાને સાચું જાણવાનો અધિકાર છે. ગુજરાત મૂડીરોકાણની અંદર ચોથા સ્થાને છે આજે અને ગુજરાતમાં એમ કહે છે કે ગુજરાતનો નંબર વન વિકાસ થયો છે શેમાં વિકાસ થયો છે ગુજરાતની પ્રજા એ જાણવા માગે છે. ગુજરાતના ફૉરેન ડાયરૅક્ટ ઈન્વેસ્ટમેન્ટની વાત મારે કરવી છે. ગુજરાત ૧૩૦૦૦ કરોડના મૂડી રોકાણ સાથે છેલ્લાં ૧૯૯૭ થી ૨૦૦૫ના આંકડા આપ્યા છે એમાં ૧૯૯૭ થી ૨૦૦૫ સુધીમાં માત્ર ૧૩૦૦૦ કરોડનું ફૉરેન ડાયરૅક્ટ ઈન્વેસ્ટમેન્ટ થયું છે, એટલે ગુજરાત પાંચમા નંબરે છે અને મહારાષ્ટ્ર ૩૫,૬૦૦ કરોડના મૂડીરોકાણ સાથે નંબર વન પર છે. આમાં ગુજરાત કયાં નંબર વન આવ્યું? તમે નંબર વન લો એનો વાંધો નહિ પણ ગુજરાતને ક્યાંક બીજો ત્રીજો નંબર તો અપાવો પણ ગુજરાતને ઘેનમાં રાખવા માટે જે પ્રમાણે માનસિકતા ડેવલપ થઈ રહી છે એનાથી ગુજરાતનો વિકાસ થવાનો નથી. ગુજરાત રાજયના જે પોતાના વીજ કોરપોરેશનો છે એની ઈન્સ્ટોલ્ડ કેપેસીટી ૧૯૯૫માં ૪૩૪૫ મેગાવોટ્સ હતી, ૨૦૦૫ની અંદર આજે ૪૩૩૩ મેગાવોટ જ રહી છે. કેટલા મેગાવોટનો ઘટાડો? તો કહે ૭ મેગાવોટ ઘટ્યો છે, વધ્યો નથી અને ઓવરઓલ ડેફિસિએટમાં કેટલો ઘટાડો પાવરનો તો ક્હે કે ૧૫૦૦ મેગાવોટ્સની ડેફિસિએટ છે. આંધ્ર જેવું પછાત રાજય CRISIL rating ની અંદર આખા દેશની અંદર નંબર વન આવી શકે અને તે પણ ક્યારે(અંતરાય) ચંદ્રબાબુને લીધે નહીં એક વર્ષની છેલ્લાં વર્ષની વાત કરું અને ચંદ્રબાબુ હોય તો તમે પણ કોઈક ચંદ્રબાબુ બનો મને તેમાંય વાંધો નથી. તે પણ ૯૫ ટકા ખેડૂતોને મફત પાવર આપીને. હું વિધાનસભાના રેકર્ડ ઉપર કહેવા માંગુ છું.

(અંતરાય).સાચું સાંભળવાની તૈયારી રાખજો. માત્ર અને માત્ર ફાર્મ હાઉસો અને ઈન્કમટેક્ષ ભરતાં ખેડૂતો સિવાય ૯૫ ટકા લોકોને આજે પણ ફ્રી પાવર અપાય છે અને છતાં આંધ્ર છે તે CRISIL rating ની અંદર નંબર વન છે અને ગુજરાતના ખેડૂતોને રાતા પાણીએ રોવડાવી ડબલ ભાવ કર્યો વીજળીનો. ચોવીસ કલાકનું વચન અપાયું અને આઠ કલાક આપો છો અને છતાંય કહે છે કે અમે નંબર વન. મહારાષ્ટ્ર પ્રગતિશીલ રાજય છે તેની સાથે તમે હશો ત્યાં સુધી મહારાષ્ટ્રની બરોબરી નહીં કરી શકાય. માત્ર આંધ્ર જેવા પછાત રાજયની સાથે હું સરખામણી કરું છું.

મારે થોડાક આંકડા પણ આપવા છે. મને નરોત્તમકાકા દિલ્હીમાં મળ્યા ત્યારે તે માનવા તૈયાર નહોતાં. મારી પાસે પુરાવો છે. આ મારી સ્પીચ પૂરી થાય એટલે હું તેમને વિગતો હાથમાં આપીશ. ગુજરાતની અંદર જે જળસંપત્તિ વિભાગનું નર્મદા સહિતનું બજેટ ૩૮૦૦ કરોડ રૂપિયા અને ગુજરાતની પ્રજાને એમ કહેવાય, નર્મદા સહિતની વાત કરું છું અને તેમાં એમ કહેવાય કે હવે ગુજરાતના ખેડૂતોને પાણીના બોર કરવાની જરૂર નહીં પડે. ૩૮૦૦ કરોડના બજેટથી કયારેય ખેડૂતોના પાણીનો પ્રશ્ન સોલ થવાનો નથી. ૨૦૦૪-૦૫ની અંદર આંધ્રની અંદર ૩૨૦૦ કરોડ રૂપિયાનું ખર્ચ થયું હતું અને ૨૦૦૫-૦૬ની અંદર ૬૩૦૦ કરોડનું પ્રોવિઝન છે અને તેના પછીના ત્રણ વર્ષની અંદર દર વર્ષે ૧૦ હજાર કરોડનું પ્રોવિઝન કરી અને પાંચ વર્ષમાં ૪૦ હજાર કરોડ રૂપિયા આંધ્રપ્રદેશમાં વપરાવાના છે અને ૩૦ હજાર કરોડના ટેન્ડરો ફાઈનલ થઈ અને આજે આંધ્રની અંદર કામ શરૂ થઈ ગયું છે અને ગુજરાતમાં નર્મદા સહિતના ૩૮૦૦ કરોડ ગુજરાતના ખેડૂતોને પાણી પહોંચાડવાની વાત કરો છો આ રીતે પાણી પહોંચાડવાનું છે કયાંય ? ભૂતકાળની અંદર જે થયેલું છે તે થયેલું છે. અત્યારે તે વાતો થાય છે. હું ઈન્ફ્રાસ્ટ્રકચરની વાત કરતો હતો. તેની અંદર જો અહીંયા આવ્યા હોત કંઈક નવી જોગવાઈઓ કરીને. એક નાનકડો રિંગ રોડ બનાવ્યો ઔડાનો. આખા ગુજરાતની અંદર પહેલો. જેવો બનાવ્યો, સારો બનાવ્યો. તેનો મને વાંધો નથી. ૫૦૦-૬૦૦ કરોડ રૂપિયા વપરાયા હશે પણ હું દાખલો આપવા માગું છું કે પોરબંદરથી ડિસા સુધીનો જે નેશનલ હાઈવે થાય છે. ફોર લેનીંગ આંતરરાષ્ટ્રીય કક્ષાનો તેનું ખર્ચ થવાનું છે કેટલું ? ૨૧૦૦ કરોડ રૂપિયાનું પોરબંદરથી ડિસા સુધીનું અને તેની જગ્યાએ માત્ર હૈદરાબાદનો આઉટર રિંગ રોડ ૩ હજાર કરોડ રૂપિયાને ખર્ચે ૨૦૦૮ સુધીમાં પૂરો થવાનો છે. માત્ર એક જ રિંગ રોડની વાત કરું છું અને છતાં ઈન્ફ્રાસ્ટ્રકચરમાં પૈસા ત્યાં વાપરી શકે અને ૩૦ હજાર કરોડના કામો સિંચાઈ વિભાગના પણ કરી શકે અને આંતરરાષ્ટ્રીય ૧૨ કંપનીઓને આવા હાઉસીંગના ક્ષેત્રમાં, ગુજરાતમાં નામ પૂરતી આવી હશે એક બે કદાચ. તે ૧૨ કંપનીઓને ૩૫૦ એકર જમીન ખરીદી આંતરરાષ્ટ્રીય કંપનીઓ તેને ત્યાં હાઉસીંગના પ્રોજેકટ શરૂ કર્યા છે અને છતાં પણ આંધ્રપ્રદેશ છે ૯૫ ટકા ખેડૂતોને મફત પાવર આપી શકે છે. તમે રાહ જોતા હશો કે આંધ્રની જેમ ગુજરાતના ખેડૂતો છે તે આપઘાત કરે. આંધ્રના ખેડૂતો તે દક્ષિણની અંદર તે લાગણીશીલ ખેડૂત છે કયારેક આવેશમાં આવી જઈને કોઈ કોઈ કારણોસર આપઘાત કરતાં હશે પણ તમે ગુજરાતના ખેડૂતોની રાહ જોતા હો કે તે પણ આપઘાત કરશે. ગુજરાતનો ખેડૂત આપઘાત કરે એવા નથી, તે આપઘાત કરાવે એવા છે.

**શ્રી અશોક ભટ્ટ** : સાહેબ, આ ગુજરાતના ખેડ્રતોનું અપમાન છે. આંધ્રના ખેડૂતો લાગણીશીલ છે અને ગુજરાતના નહીં.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : ગુજરાતના ખેડૂતો મજબૂત છાતીવાળા છે અને આપઘાત કરાવે એવા છે.

**શ્રી અશોક ભટ્ટ** : આંધ્રના ખેડૂતો લાગણીવાળા છે અને ગુજરાતના ખેડૂતો લાગણી વિનાના છે એમ કહી ગુજરાતના ખેડૂતોનું અપમાન ન કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : એ તો ખેડૂતોની વચ્ચે જશો એટલે ખબર પડશે. (અંતરાય) સાચું સાંભળવાની તૈયારી રાખો. આંધ્રપ્રદેશની ચોપડી તમને આપીશ. પછી નિરાંતે વાંચજો અને તમારું મુખ્યમંત્રી પાસે ચાલતુ હોય તો ૧૦ હજાર કરોડ નહીં, તો ૬ હજાર કરોડ કે ૫ હજાર કરોડ ગુજરાતના ખેડૂતો માટે લઈ આવજો. (અંતરાય) મારે આઈ.ટી.ની વાત કરવી છે.

**શ્રી અશોક ભટ્ટ** : આવતી ચૂંટણી આંધ્રપ્રદેશમાંથી લડવાના લાગે છે, એટલે વખાણ કરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : અશોકભાઈને બત્તી ન પકડાવો.

**શ્રી અશોક ભટ્ટ** : એની ચિંતા તમે ન કરો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : સાહેબ, એ અમને સલાહ આપે છે, ત્યારે..

**અધ્યક્ષશ્રી** : એ બોલે છે, સલાહ નથી આપતા.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું આઈ.ટી.ના ક્ષેત્રની વાત કરીશ. આઈ.ટી.ના ક્ષેત્રની અંદર ગુજરાત એશિયામાં સૌથી મોટું છે. આપણું જીસ્વાન નેટવર્ક છે. ભલે કેન્દ્ર સરકારે પૈસા આપ્યા હોય, પણ એ ચાલે છે. ના નથી. કેટલા ગામડા સુધી પહોંચ્યુ, એ પછી વાત કરીશ. પણ, આઈ.ટી.ની વાત આવે ત્યારે આઈ.ટી.ઉદ્યોગની વાત આવે છે. આઈ.ટી.ઉદ્યોગનું ક્ષેત્ર ગુજરાતની અંદર બહુ મોટો મુદ્દો છે. ગઈકાલે સાચી વાત કરી કે ગાંધીનગરમાં જે આઈ.ટી.માટેની જમીન અપાઈ, ત્યાં કલબો બની ગઈ, રેસ્ટોરા બની ગયા,

રેસિડેન્સ બની ગયા, પણ આઈ.ટી. ન આવ્યું. હું મહારાષ્ટ્રની વાત નથી કરતો, તામિલનાડુની વાત નથી કરતો કે કર્ણાટકની વાત નથી કરતો, કે દિલ્હીની વાત નથી કરતો. એટલા માટે કે આ ૪ રાજયો તો આઈ.ટી.ના ક્ષેત્રે પ્રીડોમીનેન્ટલી આગળ છે, પરંતુ આંધ્રમાં, કે જે પછાત રાજય છે, એમાં ૧૦૬૧ યુનિટ આજે આઈ.ટી.ના કામ કરે છે. ભારતનું જે ૬૪૦૦૦ કરોડનું આઈ.ટી.નું એકસપોર્ટ છે, એમાં આંધ્ર પ્રદેશનું ૮૨૭૦ કરોડનું એકસપોર્ટ છે. મને જવાબ આપજો, આપણું એકસપોર્ટ કેટલું છે? માનનીય અધ્યક્ષશ્રી, ૧,૨૬,૦૦૦ લોકોને રોજીરોટી મળે છે. આપણે ત્યાં કેટલી? વિશ્વની બધી જ ટોચની કંપનીઓ હૈદરાબાદ જાય છે, અમદાવાદમાં કેમ નથી આવતી? (અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : મને ખબર પડતી નથી કે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાતની વિધાનસભામાં છે કે આંધ્રની વિધાનસભામાં? આખા પ્રવચનની અંદર આંધ્ર, આંધ્ર ને આંધ્રના વિકાસની વાત કરે છે, તો ગુજરાતની વિધાનસભામાં બેઠા છે કે આંધ્રની વિધાનસભામાં બેઠા છે?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, એમને ગમતું ન હોય તો પણ સાંભળવું પડે. એટલા માટે કે આંકડામાં કે વિકાસમાં રસ ન હોય, તો પણ બીજા લોકો વાત કરતા હોય તો સાંભળવી પડે. વિશ્વની ટોચની કંપનીઓ, માઈક્રોસોફટથી માંડી આઈ.બી.એમ. સુધીની, એ હૈદરાબાદમાં આવે, તો અમદાવાદ કે ગાંધીનગરમાં કેમ ન આવે? દસ વર્ષથી તમે શાસનમાં છો, તો શું કામ ન આવે? એટલા માટે કે માનસિકતા નથી.

**શ્રી અમિત અ. શાહ** : એટલા માટે કે અહીં વિરોધ પક્ષ બરાબર નથી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : તમે વિરોધ પક્ષમાં આવશો એટલે બધું સુધરી જશે. તમને વિરોધ કરતા બહુ સારો આવડે છે. તમને વિરોધ કરતાં બહુ સારો આવડે છે, એમ આખું ભારત કહે છે. માનનીય અધ્યક્ષશ્રી, ઈ.ગ્રામ યોજના રજૂ કરી. ૫૦૦ ગામોને આ વર્ષે કોમ્પ્યુટરથી જોડવાના છે. આંધ્રપ્રદેશની અંદર એક જ વર્ષમાં ૨૨ હજાર કરોડના રૂરલ કયોસ્ક દ્વારા રાજીવ ઈન્ટરનેટ વીલેજની અંદર તમામ ગામોમાં અને એ પણ કોઈના મારફત, પંચાયત મારફત કે કોન્ટ્રાકટર મારફત નહીં, સેલ્ફ હેલ્પ ગૃપ્સ મારફતે ચલાવીને દેશની અંદર એક નમૂનેદાર આદર્શ પૂરો પાડયો છે. લાઈટ ત્યાં જઈને જોઈ આવે તો ખબર પડે, તમે અહીંનાં ગામડાંમાં જતા નથી તો ત્યાં શું જવાના છો? મારે....(અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : માનનીય મંત્રીશ્રીઓ, આપ વચ્ચે ડિસ્ટર્બ ના કરો તો સારું. આપ બધા તો જવાબદાર મંત્રીશ્રીઓ છો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી હરોળ જ ઉભી થાય છે, આશ્ચર્યજનક બાબત એ છે. ગુજરાતમાં આજે ૨૦ લાખ હેકટર જમીન પડતર પડી છે. હમણાં જ એક નવો નિર્ણય કર્યો કે આ જમીન છે એ માલેતુજાર લોકોને, ઉદ્યોગગૃહોને આપવાની છે, ખેડૂતોને નહીં, ખેતમજૂરોને નહીં. એમણે તો ૨૦ કિલોમિટરની ત્રિજયાનો કાયદો કાઢીને ઠાકોરો હતા, પરમારો હતા, ચૂડાસમાઓ હતા એ બધા પાસેથી જમીનો લઈને બિલ્ડરોને આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, પણ આ ૨૦ લાખમાંથી એક હેકટર જમીન કોઈ ભૂમિહિનોને પણ ના અપાઈ અને આંધ્ર પ્રદેશમાં એક જ દિવસમાં ૨,૧૯,૦૬૦ ભૂમિહિનોને ૩ લાખ ૨૩ હજાર હેકટર જમીન એક જ દિવસમાં અપાઈ છે. સો ચોરસ વારના પ્લોટ આપવા માટેની જમીન સરકાર પાસે નથી, ગામતળને નીમ કરવા માટેની જમીન આ સરકાર પાસે નથી, પરંતુ ઉદ્યોગગૃહોને આપવા માટે તેમની પાસે જમીન છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** :પ્લીઝ, જગદીશભાઈ, આપના નેતા બોલી રહયા છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધયક્ષશ્રી, બાયો ટેકનોલોજીની વાત થઈ, કન્વેન્શન સેન્ટરની વાત થઈ, નોલેજ કોરીડોરની વાત થઈ, આ બધું સારું છે, એના વિના ગુજરાતનો વિકાસ થવાનો નથી. આખરે આ વખતે આ ભાષણમાં તમે આ શબ્દો મૂકયા નેનો ટેકનોલોજી, બાયો ટેકનોલોજી, નોલેજ કોરીડોર, પરંતુ માત્ર એ * (XXX) થઈ જવાનાં છે. જો એને બહાર નહીં લઈ આવીએ તો.

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો ના વપરાય, વિરોધપક્ષના નેતાશ્રીએ કયા શબ્દો વપરાય અને શબ્દો ના વપરાય એના માટેનું પાઠયપુસ્તક જોઈતું હોય તો હું મોકલી આપું. (અંતરાય) તેમને પુસ્તક જોઈતું હોય તો ભેટ આપવા માટે તૈયાર છું. આ •* (XXX) એ શબ્દ નહીં વાપરી શકાય.(અંતરાય)

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અશોકભાઈ, મારી પાસે પુસ્તક છે, (અંતરાય) આ બધા શબ્દો તમે બોલેલા છો, મારી પાસે પુસ્તક છે. (અંતરાય) માનનીય અશોકભાઈ, એ આપ નીચે બેસીને જોઈ લેજો, જો હોય તો કાઢી નાખજો.

**અધ્યક્ષશ્રી .** : એમાં એક વાત કહી દઉં કે કેટલીક કહેવતો એવી હોય છે કે જેનો સેન્સ બરાબર હોતો નથી એ ના વપરાય તો સારું એ સેન્સમાં આ કહેવત છે અને એટલે આપણે એ ના વાપરીએ (અંતરાય)

---

• * (XXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે..**

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : લખ્યું એ પ્રમાણે થવું જોઈએ એનો અર્થ એવો થાય એનો કોઈ બીજો અર્થ નથી થતો.

**અધ્યક્ષશ્રી .** : જે કહેવતના અર્થના સંદર્ભમાં બરાબર ના હોય એવી કહેવતનો ઉલ્લેખ ના કરવો જોઈએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચનના સંદર્ભમાં મેં એમ કહયું કે આ બજેટ

* (XXX) થશે, હું ખાલી ઈલોબોરેટ કરું છું.(અંતરાય)

**શ્રી અશોક ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, એ શબ્દો ફરીથી ના વપરાય, આપ ના કહો છો એના એ શબ્દો એ ફરીથી વાપરે છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, બાયો ટેકનોલોજી પાર્કની વાત થઈ, પરંતુ એ પાર્ક થાય એ માટે કોઈ જગ્યાએ ઈન્ફ્રાસ્ટકચર માટેની જમીનો આઈડેન્ટીફાય કરી છે ખરી? માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વની ટોચની સેમી કન્ડકટર અને ચીફ કન્ડકટરની શ્રેષ્ઠ કંપની ચેન્નાઈમાં આવવાની હતી અને દયાનીધિ મારન એમના મિનિસ્ટર એના માટેના પ્રયત્નો કરવાના હતા એ ત્યાં ના ગઈ અને હૈદ્રાબાદમાં ગઈ છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય અર્જુનભાઈ, ૪૫ મિનિટ આપના પ્રવચનને થઈ છે એટલે ૧૦ મિનિટમાં પૂરું કરો.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પાંચ મિનિટમાં જ પૂરું કરું છું. ગુજરાતમાં કોઈ આવતું નથી, આઈ.ટી. નથી આવતું, બાયો ટેકનોલોજીનું કોઈ યુનિટ આવતું નથી. એના માટેનું ઈન્ફ્રાસ્ટકચરનું આયોજન ઉભું થયું નથી. હમણાં કન્વેન્શન સેન્ટરની વાત કરી. (અંતરાય) ત્યાં તો અરધું તો બની ગયું અને આપણે અહીંયાં તો શરૂઆત કરી રહયા છીએ. માનનીય મુખ્યમંત્રીશ્રી કહેશે કે આપણે શરૂઆત તો કરી છે ને? ખાલી ૫-૧૦ વર્ષે એની શરૂઆત કરો તો ઘણું. આ ૧૦ વર્ષથી જૂનું છે અને આજે એની શરૂઆત થતી હોય તો કાંઈ ખોટું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ટૂરિસ્ટોને લઈ આવવાની વાત કરી અને એના માટેનો પ્રચાર કરાવ્યો તો ટૂરિસ્ટો આવશે? તો એના માટે આપણે ઈન્ફ્રાસ્ટિકચર ડેવલપ કરવું પડશે, કાનૂન અને વ્યવસ્થા સુધારવી પડશે. અને જે યાત્રિકો આવે તેમને મહેસૂસ થવું જોઈશે કે ગુજરાતમાં અમે આવનાર છીએ તેમને મહેમાનની જેમ આ રાજય સરકાર રાખવાની છે. ગુજરાતની પ્રજાની મહેમાનગતિ તો નંબર વન છે જ, પણ સરકારે તેની અનુભૂતિ કરાવવી પડશે. નેનો ટેકનોલોજીનું પહેલી વખત નામ આવ્યું. પણ આજે નેનો ટેકનોલોજીના યુનિટો હૈદરાબાદમાં શરૂ થઈ રહ્યા છે, આપણે તેનાથી પાછળ છીએ. તમે સ્કુલ લેવલથી ભણાવવાની શરૂઆત તો કરજો એટલે બીજું કંઈ ન કરીએ તો નેનો ટેકનોલોજીની ખબર તો પડે. નેનો ટેકનોલોજીનું નામ લેવાથી કંઈ થવાનું નથી.

એવોર્ડની વાત ગયા વખતે કરી છે. મને એમ હતું કે બજેટની સ્પીચમાં પડકાર ફેંકશે, રાજીવ ગાંધી ફાઉન્ડેશને એવોર્ડ આપ્યો, આજે મારો પડકાર છે કે રાજીવ ગાંધી ફાઉન્ડેશને એવોર્ડ આપેલ છે એ ૧૯૯૧ થી શરૂ કરીને ૨૦૦૩ સુધીના આંકડાઓના આધારે અને પાંચમાંથી બે પેરામીટર્સમાં જ ગુજરાત આગળ છે, એવરેજમાં પણ તે વખતે ગુજરાત આગળ હતું અને છે એની ના નથી, પણ એવોર્ડ લઈને બતાવો કોઈ જગ્યાએ, (અંતરાય) વાંચી લીધું છે, હું તો વાંચવા વાળો માણસ છું, તમે તો વાંચ્યા વગરના આવો છો. મેં કહ્યું કે દસ એવોર્ડ મળ્યા છે તો એ મેં માગ્યા કે દસ એવોર્ડ કયા છે, મને બતાવો, બીજા કોઈને ન બતાવો તો કંઈ નહીં, વિરોધપક્ષના નેતા તરીકે મને તો બતાવો, મેં માહિતી વિભાગને કાગળ લખ્યો, એમણે એમ કહ્યું કે આ સામાન્ય વહીવટ વિભાગને લગતા છે, મેં મુખ્ય સચિવશ્રીને કાગળ લખ્યો તો એમણે એમ કહ્યું કે આ દસ ખાતાઓને લગતા એવોર્ડ છે, એટલે તેની માહિતી અમારી પાસે ન હોય, દસ ખાતાઓને મોકલવું પડે, "જા બિલ્લી મોભા મોભ", આ રીતે નંબર વન ન થઈ શકાય, આટલું બધું બીજા રાજયોમાં થયું છે કોઈ જગ્યાએ એવો દાવો નથી કરતા કે અમે નંબર વન છીએ, આંકડા બતાવે છે, વિકાસ બતાવે છે, એટલા માટે આ બજેટ પ્રવચન છે તે માત્ર અને માત્ર પ્રજાની વચ્ચે એક મીથ ઉભું કરવા માટેનો પ્રયાસ છે, જે વેટનો કાયદો લાવ્યા, દિલ્હીમાં વેટના કારણે ૩૨ ટકા આવક વધી, આ વખતના આંકડા પ્રમાણે ગુજરાતમાં પણ આવક વધવાની છે, કારણ કે ગુજરાત મેન્યુફેકચરીંગ બેઈઝડ સ્ટેટ છે, તેના કારણે આપણે હોઈએ કે મહારાષ્ટ્ર હોય, આવક વધે, મોડા મોડા પણ લાવ્યા, પણ તેમાં જે કલમો છે તે કલમોથી વેપારીઓ છે તે વેપાર ઓછો કરી નાખે અને આવક ઘટે એવી શકયતાઓ છે. એ કાળી કલમો છે તે દૂર થવી જોઈએ, આ બજેટ પ્રવચનમાં એમ લાવ્યા હોત કે અમે વચનો આપ્યા હતા ચૂંટણીમાં કે અમે ગુજરાતની અંદરથી આ જે મહાનગરપાલિકાઓ છે એમાંથી ઓકટ્રોય નાબૂદ કરવાનું વચન આપેલું તે આ સરકાર પાળે છે. આવું કહ્યું હોત તો આનંદ થાત. પણ એમાં કોઈ ને કોઈ કારણસહ દર વખતે ખો દેવાય છે, પ્રજાની વચ્ચે જવું, જામનગરમાં જઈને એવું કહેવું કે જામનગરને નંબર વન બનાવીશું, સુરતમાં જઈને કહેવું કે સુરતને નંબર વન બનાવીશું અમદાવાદમાં જઈને કહેવું, અરે અમે રાજી થયા, આખા ગુજરાતને નંબર વન બનાવો. પણ આમાં કયાંય નંબર વન આવ્યો નથી.

(અંતરાય) ઈલેકટ્રોનિક વોટીંગ મશીનનો પ્રતાપ છે, માનનીય અધ્યક્ષશ્રી, આ બધામાં ગુજરાતની પ્રજાને જે મહાનગરો છે એમાં આ વખતે તો ઓકટ્રોય નાબૂદ કરી નાખવાનું વચન એમણે પાળ્યું હોત તો સારું હતું. કારણ કે ૩૨ ટકા આવક આપણી વધવાની છે. ૩૨ ટકા કરતાં પણ વધે એવી શકયતાઓ છે. અને આ વેટની જે આવક થાય તે ઉત્સવોમાં ન વાપરે પણ બાળકોના શિક્ષણ માટે અને આરોગ્ય માટે વાપરે તો મને લાગે છે કે ગુજરાતની પ્રજા ટેકસના પૈસા આપે છે તે પૈસાનું વળતર ગુજરાતની પ્રજાને આપ્યું એવું કહી શકાશે. સ્ટેમ્પ ડયુટી આવી, વિચાર તો વિશ્વનો એવો છે કે જે નોટમાં જેટલી લિકિવડિટી છે એટલી જ લિકિવડિટી પ્રોપર્ટીમાં હોવી જોઈએ, અને એટલી પ્રોપર્ટી લિકિવડેટ હોય તો હું એવું માનું છું કે આ બિલ્ડર અને જમીનોના દલાલો વધી રહ્યા છે તે થોડા ઓછા થાય. પણ માત્ર મોટા જમીનદાર લોકો માટે આ ફાયદાકારક છે. ૧૦૦ ચોરસ વારના કે ૨૦૦ ચોરસ વારના પ્લોટવાળા છે એના માટે એક બે ટકા રાખીને એમણે એમ કહ્યું હોત કે તમને આટલી રાહત આપી તો આ સ્ટેમ્પ ડયૂટીની રાહતને આવકારત.

મારી વાત પૂરી કરતાં પહેલા એકજ વાત કરવા માગું છું. ગુજરાતની અંદર નૈનો ટેકનોલોજી, બાયો ટેકનોલોજી કે બીજી ટેકનોલોજી એ પણ કરવું પડશે. પરંતુ પ્રાથમિક શિક્ષણની અંદર ભાગ લેતા બાળકોને ભણાવવાની પહેલા કામગીરી કરવી પડશે.

આખા બજેટ પ્રવચનમાં મને આશ્ચર્ય એ થયું કે ભારત સરકાર છે અત્યારે યુ.પી.એ. ની સરકાર આપણને બજેટ હેઠે પૈસા આપે છે. રાજીવ ગાંધી પે જળ મિશન નીચે આપણને આટલા પૈસા મળે છે. રાજીવ ગાંધી ગ્રામ્ય ઊર્જા વિકાસ યોજના નીચે આટલા પૈસા મળે છે. સાક્ષરતા અભિયાન નીચે પૈસા મળે છે. નેશનલ રૂરલ હેલ્થ નીચે આટલા પૈસા મળે છે. રોજગાર ગેરન્ટી એકટ હેઠળ આટલા પૈસા મળે છે.

**શ્રી નરેન્દ્રભાઈ મોદી** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત તરફથી ભારત સરકારને કેટલા રૂપિયા મળે છે એ એના બજેટમાં બતાવે છે ખરું?

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : ભારત સરકારે આપેલા જ છે. ભારત સરકારે ગુજરાતને કેટલા રૂપિયા આપ્યા છે એ એનો રિપોર્ટ છે એમાં બતાવેલ છે જ. પરંતુ ભારત સરકાર તરફથી આટલા પૈસા મળ્યા એવું કોઈ જગ્યાએ બતાવેલ નથી. થેંકલેસ થવાની જરૂર નથી. કોઈ જગ્યાએ ઉલ્લેખ થયો હોત કે ગુજરાતને આટલા પૈસા મળે છે. આનો ઉલ્લેખ થવો જરૂરી હતો, બધું જ રાજય સરકારના ખાતે ચડાવવાનું? નેશનલ રૂરલ એમ્પ્લોઈમેન્ટ ગેરન્ટી એકટ આવ્યો. એના જોબ કાર્ડ બનાવ્યા એમાં કોઈ જગ્યાએ રાષ્ટ્રીય શબ્દ આવ્યો નહિ, ભારત સરકારનું નામ આવ્યું નહિ. બધું જ ગુજરાત સરકારના નામે ચડાવી દેવાની વાત આ મીથ છે, એને ગુજરાતની પ્રજા ઓળખી ગઈ અને મારે આપની મારફત એટલી વિનંતી કરવાની છે કે બધા નંબર વન બની જાવ કોઈ વાંધો નહિ પરંતુ ગુજરાતને નંબર વન ન બનાવો તો કંઈ નહિ પરંતુ કમસેકમ નંબર બે, ત્રણ કે ચારમાં તો મૂકાવો. ચાર-પાંચમાં માલેતાજુર લોકોને નહિ પરંતુ છેવાડાના લોકો છે જેના દ ારની અંદર આજે અંધારુ છે, જેના ઘરની અંદર જ્ઞાનનો પ્રકાશ પહોંચ્યો નથી. જે ઘર બી.પી.એલ. નીચે આવે છે. ખેત મજૂરો છે, ખેડૂતો છે એના જીવનમાં પ્રકાશ આવે તેવા સુધારા લાવીને કરવાની કોઈ વાત નથી ત્યારે આ બજેટ પ્રોવિઝન સાથે હું સહમત થઈ શકતો નથી.

**શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર(દ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની વિધાનસભામાં ગુજરાત રાજયના યંગએસ્ટ મુખ્યમંત્રીશ્રીએ પ્રથમ બજેટ રજૂ કર્યુ છે ત્યારે હું એમને અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

હું વિપક્ષના નેતાનું તેલુગુ ભાષામાં ગુજરાત વિધાનસભામાં થયેલું પ્રવચન સાંભળતો હતો. કદાચ એનું કારણ એવું પણ હોય શકે કે તાજેતરમાં ગુજરાતની સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ ગુજરાત વિધાનસભાના સભ્યશ્રીઓને જુદા જુદા રાજયોના પ્રવાસે મોકલેલ. અહીંનું સારુ કહેવા અને ત્યાંથી કંઈક સારુ પ્રાપ્ત કરવા મોકલ્યા હતા. હું પણ કર્ણાટક ગયો હતો. મારી સાથે માનનીય જીતુભાઈ અને કનુભાઈ કલસરિયા સાહેબ પણ હતા. કલસરિયા સાહેબે કન્નડ ભાષાની બૂક લઈને એ ભાષા શીખવાનો અનુભવ કર્યો. મેં પણ અનુભવ કર્યો હોત તો વિપક્ષના નેતાની જેમ કન્નડ ભાષામાં પ્રવચન કરી શકયો હોત, મુશ્કેલી એ છે કે વિપક્ષે હોવું એટલે વિરોધ કરવો જોઈએ. સ્વાભાવિક છે. એટલે એમાં કોઈ મુશ્કેલી નથી પણ આ વખતના બજેટમાં થોડીક તકલીફ એવી છે કે બજેટ છે એ એમને સમજાય એવું નથી. એ સમજાયું હોત તો જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા, નગરપાલિકાઓમાં આપની આ દશા ન થાત.

માનનીય અધ્યક્ષશ્રી, આજ સુધી બજેટમાં શોર્ટટર્મ પ્લાનીંગ થતું હતું. આવતા વર્ષે કેટલા ચેકડેમ કરવા છે, કેટલા રસ્તાઓ બનાવવા છે કેટલા નવાં કામો કરવાં છે, કેટલી ગ્રાન્ટ મળશે, કેટલું આયોજન કર્યું છે, આનો ટૂંકા ગાળાનો ઉલ્લેખ બજેટમાં થતો હતો. આ પહેલી વખત હું થોડાક ઉદાહરણો સાથે અહીં મુકવાનો પ્રયત્ન કરીશ કે આ લોંગટર્મ પ્લાનીંગ છે. એટલે લોંગ ટર્મ પ્લાનીંગમાં પાંચ વર્ષથી માંડીને વીસ વર્ષ સુધી આવતા દિવસોમાં ગુજરાતને કયાં લઈ જવું છે, ગુજરાતમાં શું કરવું છે એ અહીં મૂકવાનો પ્રયત્ન થયો છે અને અહીં જ્યારે એવું કહેવાયું કે વિકાસની હરણફાળ, અહીં એવું કહેવાયું કે વિકાસના નવા સોપાનો સર કરવા છે.

નવા સીમાચિહ્નો સ્થાપવા છે. તેને યુગપ્રવાહક ઉંચાઈએ લઈ જવું છે. પરંપરામાંથી બહાર કાઢવું છે. વિકાસને નવેસરથી વ્યાખ્યાયિત કરવો છે. એવી જ્યારે અહીંથી વાત થઈ ત્યારે એ નવી સદી, ૨૧મી સદીમાં ગુજરાતને લઈ જવું છે તેનું હું એવું કહીશ કે આ બજૅટ એક અર્થમાં ગુજરાતની ભાગ્ય કુંડળી છે. માનનીય અધ્યક્ષશ્રી, આમાં કૃષિકાર, ખેડૂત અને મજદૂર, શ્રમજીવી એ શુભસ્થાને છે અને રિવર ગ્રીડથી માંડીને સરદાર પટેલ જળસંચય યોજના નીચે, સુજલામ્-સુફલામ્ યોજના નીચે ગુજરાતમાં જે કામો થઈ રહ્યા છે એ ભાગ્ય રેખાઓ છે. આ અમને એટલે સમજાય કારણ કે અહીં તેમણે એક વખત પોથીમાંના રીંગણાં કહ્યું, મેં કહ્યું કે આ તો અમારા માટે રહેવા દો. પોથી અમારી છે. કારણ કે તેમને અહીં આ સમજાયું નથી. ત્યારે ક્યાંક બોલતાં બોલતાં (અંતરાય) નથી લીધી, અમારી પાસે જ છે. તમે કથા કરતા કરતા ગુજરાતી બોલીને તેલુગુમાં કરો એટલે કયાંય જાય નહીં. અમારી પાસે જ રહે. એવું એટલે બન્યું, કારણ આ જે લોંગ ટર્મ પ્લાનીંગ છે તેને સમજવામાં અહીં નિષ્ફળતા મળી અને એટલે જ્યાંને ત્યાં ક્યાંક ક્યાંક વાતો કરતી વખતે અહીં જ્ઞાતિવાદ આવ્યો. વાતો કરતી વખતે ક્યાંક માનસિકતા ખેડૂત વિરોધી આવી. વાતો કરતી વખતે શિક્ષણમાં શું ક્રાંતિ થઈ છે તેના ઉપર લક્ષ ન અપાયું. અહીં દક્ષિણની ભાષામાં વાત કરીને પાટીદારોની વાત કરતા હતા. ત્યારે મને કહેવાનું મન થયું દક્ષિણ, સાહેબ, તામિલ, મહારાષ્ટ્ર..(અંતરાય) મને એટલે ન સમજાયું માનનીય મનહરભાઈ, કે જ્યારે પાટીદારોની વાત કરતા હતા ત્યારે હું પૂરી વેદના સાથે કહું છું, જ્યારે ગુજરાતની કાનૂન-વ્યવસ્થાની વાત કરતા હતા, મારા વિસ્તારમાંથી હું પણ દક્ષિણમાંથી આવું છું. પણ ભાવનગર-દક્ષિણમાંથી. મારા વિસ્તારમાં સૌથી વધુ પાટીદારો વસે છે અને એ લોકો સૌથી વધારે હીરાના ધંધા સાથે સંકળાયેલા છે. વિપક્ષના આગેવાન થયા છે એ ત્યાંથી પ્રતિનિધિત્વ કરતા હતા અને ત્યાં જરા આવીને પાટીદારોને પૂછો કે, હીરાનું પડીકું ખિસ્સામાં નાખીને ઉપરથી નીચે દાદરો ઊતરતા હોય ત્યારે થપાટ મારીને કોઈ લઈ જાય એવું શાસન તમે કર્યું છે અને આજે આ પાટીદારો શાંતિથી ધંધો-ધાપો કરી શકે છે. આવા પાટીદારો, ચુડાસમા, ઠાકોરોની કયાં વાત કરવી. (અંતરાય) એ બોલ્યા છે.

**અધ્યક્ષશ્રી** : સુનિલભાઈ, તમે મારી સામે જોઈને વાત કરો, પુંજાભાઈ બેસી જાઓ.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એવું થાય કે, ખેડૂત વિરોધી બોલવાનું મન થાય એમાં ગૂંચવાઈ જવાય. હમણાં જિલ્લા પંચાયતની ચૂંટણીઓનો સામનો કર્યો અને ખેડૂતોએ એમને મત ન આપ્યા એમાં અમે શું કરીએ? એમાં બજૅટનો શું વાંક છે? હું તો મનહરભાઈ કહું છું, એનો આભાર માનું છું. (અંતરાય) એ જ્યાંથી ચૂંટાઈને આવે છે એ પાટડી નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીની ૧૬ બેઠકો આવી. ગઈ કાલ સુધી. (અંતરાય) અમે લડીને જીતતા હતા. (અંતરાય) મને રક્ષણ આપો. આ બજૅટના આધાર ઉપર આજે (અંતરાય) હમણાં પાટડીની ૨૧માંથી ૧૬ બેઠકો જીત્યા, એ તો લડવા પણ કોઈ તૈયાર નથી, ભારતીય જનતા પાર્ટી બિનહરીફ થાય, કોંગ્રેસની તો ત્રેવડ નથી, અમારી સામે કોઈ લડવા તૈયાર નથી.

**અધ્યક્ષશ્રી** : બેસો પ્લીઝ, મનહરભાઈ.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, ૫ બાકી છે એ પણ કોંગ્રેસ નથી લડતી. ગુજરાતમાં મેદાન છોડીને ભાગનારા કૉંગ્રેસીઓ, (અંતરાય) અને અમે જ્યારે એમ કહીએ કે આખા દેશમાં મુખ્યમંત્રી નંબર વન છે, ગુજરાત નંબર વન છે, ત્યારે શેની તકલીફ પડે છે? અને એ એટલા માટે કે, આ બજૅટમાં એની પ્રતીતિ થાય છે, બજૅટમાં એનો ઉલ્લેખ થાય છે. ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, રવિશંકર મહારાજનો ઉલ્લેખ થઈને ત્યાંથી માંડીને આજ સુધી જેમણે જેમણે આ રાજયને આગળ વધારવાનો પ્રયત્ન કર્યો છે એમને યાદ કરીને આ બજૅટની શરૂઆત કરવામાં આવી છે. બજૅટ કયારેય ટુકડાઓમાં ન હોઈ શકે. એટલે ગુજરાતના સર્વાંગી વિકાસની દૃષ્ટિ લઈને આ બજૅટ આવ્યું છે. હું તો વિપક્ષી આગેવાનને કહીશ, થોડુંક ધ્યાન દોરીશ. એમણે જ્યારે પહેલી મેની વાત
કરી, ઉત્સવની વાત કરી, ત્યારે મને એવું કહેવાનું મન થાય કે, ગઈ પહેલી મે ભાવનગરમાં ઉજવી, ગુજરાત દિન ભાવનગરમાં ઊજવાયો, ભાવનગરનું જન જન, આખી પ્રજા બહાર નીકળી હતી, એ વખતે એટલી રોશની થયેલી, દિવાળીમાં રોશનીનો રિવાજ છે, આખા ગુજરાતમાં દિવાળીએ રોશનીનો રિવાજ હશે. પણ પહેલી મે એ થયેલ એ રોશની સરકારી ખર્ચે નહીં પણ પોતાના ખર્ચે કરેલી જેટલી દિવાળીમાં પણ થઈ નહીં હોય. લોકો બહાર નીકળી ગયા, ૨૪ કલાક માટે બહાર નીકળી ગયા. (અંતરાય) દાદાગીરી હું આવ્યો ત્યારથી ગઈ. પહેલાં પણ કહ્યું છે કે, આખા રાજયમાં ૫૪ બુથમાં પોલીંગ થયું હતું. એમના ગુરુભાઈ ચૂંટણી લડતા હતા. **અને એમાં ૨૯ બુથોમાં રીપોલીંગ હતું ખાલી ભાવનગરમાં, બોલો આ દાદાગીરી કોની હશે? જ્યારે જી.ડી.પી.ની વાત કરતા હતા( અંતરાય) માનનીય વિપક્ષી આગેવાન ચુડાસમા તો બોલ્યા હતા, ઠાકોરો બોલ્યા હતા, પાટીદારો બોલ્યા હતા એમણે વિભાજન કર્યું અને અમે સર્વાંગી વિકાસ કરવા માગીએ છીએ, એ જ્ઞાતિ જ્ઞાતિમાં વિભાજિત કરીને કંઈ કરવા માગે છે, (અંતરાય) ના ખામ થીયરી તો સામે છે, એ જુદા છે. દસમી પંચવર્ષીય**

**યોજનામાં ગુજરાતને જે લક્ષ્યાંક આપેલો એ ૧૦ ટકા હતો અને જી.ડી.પી. છે અત્યારે ૯.૭ ટકા છે. આવતું વર્ષ પૂરું થશે ત્યારે ૧૦.૨ ટકા થવાનો છે. ૧૦૦ ટકા નહીં. ૧૦૨ ટકા પૂર્ણ કરીએ ત્યારે પણ એમને કંઈક ઓછું પડતું હોય એમ લાગે. આખા દેશમાં આ દર ૬.૯ ટકા અને બીજા રાજયોની સાથે અમને સરખાવતા હતા, ગુજરાતને સરખાવતા હતા, ત્યારે મારે કહેવું છે કે આ જે રેટ છે એ બીજા દેશોમાં જર્મની અને બ્રાઝિલની વાત કરતા હતા પણ જી.ડી.પી. રેટ છે ઈંગ્લેન્ડ, અમૅરિકા, જર્મની અને જાપાન આ ૪ કરતાં ડબલ છે અને દેશનો ૬.૧૦ છે. હજી ૧૦.૨ થવાનો (અંતરાય) ભાઈ શું કરવું , કન્નડ નથી આવડતી અને તેલુગુ નથી આવડતી પણ અંગ્રેજી આવડે છે. સામાજિક સેવાની વાત કરતા હતા, સામાજિક સેવામાં ફકત નર્મદામાં ઐતિહાસિક ફાળવણી કરી છે. આજસુધીમાં સૌથી મોટી ૨૬૦૦ કરોડ નર્મદામાં ફાળવણી થાય, સામાજીક સેવામાં ફાળવણી ૪૪૨૬ કરોડ, આજ સુધીમાં ઈતિહાસમાં સૌથી વધારે સૂજલામ્ સૂફલામ્માં ૧૪૨૦ કરોડ પીવાના પાણી અને ખેતી અને સિંચાઈનું પાણી એના માટે ગયા વર્ષ કરતાં ૬૦ ટકાનો વધારો અને આ ૬૦ ટકાનો વધારો થયા પછી સામાજીક સેવામાં ઓછું એમને લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરતો હતો એ પહેલી મે, ભાવનગરમાં ઉજવી એની વાત કરતો હતો. ભાવનગરમાં અમે ઉજવી ત્યારે એટલા માટે કે પહેલી મે પૂરતા અમે સિનિયર છીએ એટલે હું ભાવનગરના લોકોનો પોતાનો અનુભવ કહીશ. ભાવનગરમાં ગુજરાત દિન ઉજવાયો, મે દિન ઉજવાયો, એમણે જે ઉલ્લેખ કર્યો, ઔડાનો રીંગરોડ, સરદાર પટેલ રીંગ રોડ, એવો ગુજરાતનો બીજો રીંગરોડ એ ભાવનગરની અંદર થઈ રહ્યો છે. પહેલી મેની આ ભેટ છે. મારા સાથે ભાવનગરના જ શ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી અહીં બેઠા છે. કંસારાના નાળાના શુદ્ધીકરણ માટે અમારે ત્યાં વર્ષોથી ગટર વહેતી હતી. તે આખાએ નાળાનું શુદ્ધીકરણ થાય એ બહુ મોટો પ્રોજૅકટ પહેલી મેમાં માગ્યો, રીંગ રોડ માગ્યો તો રીંગ રોડ મળ્યો, આ કંસારાના નાળાનું શુદ્ધીકરણ થાય, ૬૫ લાખ, એક કરોડ દોઢ કરોડ એના માટે ખર્ચાય તો એ મળ્યા ભાવનગરની આજુબાજુની સોસાયટીઓને પાણી મળે એના માટે પાણી પુરવઠા યોજના માટે પૈસા માગ્યા તો એ મળ્યા, નવા બિલ્ડીંગો મળ્યા, સેવા સદનો મળ્યા, ડીઝાસ્ટર મેનેજમેંટનું બિલ્ડીંગ મળ્યું. હું તો વિનંતી કરું કે ગંગા વહેતી વહેતી પહેલી મે એ પોરબંદરમાં આવે છે, ઘરા ઘાંગળુ કરીને પી લેજો, આચમની લઈ લેજો, પોરબંદરની કાયાપલટ થઈ જશે.**

હું ફક્ત જવાબ આપવા માટે આ વાત નથી કરતો. અહીંયા ક્યાંકથી ઉત્સવો ઉજવાય છે એની વાત થાય છે એટલે ખરા અર્થમાં લોકો ઉત્સવો ઉજવી શકે તેવું વાતાવરણ પહેલા સરકારે બનાવ્યું છે. ઉત્સવો તો આ દેશ અને ગુજરાતની પરંપરા છે અને પરંપરા એટલે પડી છે કે લાણી પડે પછી દિવાળી આવે, મકરસક્રાંતિ આવે એટલા માટે ઉત્સવો છે. કાલથી વિપક્ષી આગેવાન તો એવી ભલામણ કરશે કે સાતમ-આઠમ ગુજરાતના શ્રમજીવીઓ ન ઉજવે. ઉત્સવનું વાતાવરણ મેં અનુભવ્યું છે, જોયું છે. અહીંયા આનું ઉદાહરણ આપવાનો પ્રયત્ન કરું તો ગુજરાતમાં જ્યારે શહેરોની વાત થતી હતી તો ગુજરાતમાં જે લૉંગ ટર્મ પ્લાનીંગ છે એમાં ગુજરાત અર્બન મિશનની સ્થાપના થઈ છે. ૪૦ ટકા જેટલું પોપ્યુલેશન આ શહેરોમાં રહે, ૫૦ ટકાની વસ્તી શહેર આધારિત હોય ત્યારે ગયા ૨૦૦૫ના વર્ષમાં શહેરી વિકાસ વર્ષ દરમિયાન એક હજાર કરોડ રૂપિયા ખર્ચાયા. શહેરીકરણ થતાંની સાથે ઘણા બધા પ્રશ્નો આવે છે. ક્યાંક ઝૂંપડપટ્ટીનો વિકાસ થાય, ક્યાંક ગામડામાં રહેતા લોકો ત્યાં રહેવા આવે એના માટે વીજળીની સુવિધા, રોડ, પાણી, ડ્રેનેજની સુવિધા ઊભી થઈ. સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ પાસે નાણાનો અભાવ છે, ક્યાંક પ્લાનીંગ નથી એના કારણે આવતા સાત વર્ષ માટે એક નવી ઓથોરિટી થાય, એનું આયોજન થાય. આ બજૅટમાં ગુજરાત અર્બન મિશનનો ખૂબ મહત્ત્વાકાંક્ષી પ્રોજેકટ લઈને મુખ્યમંત્રીશ્રી આવ્યા છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટની સાથોસાથ નાના અને મધ્યમ શહેરો માટે પણ પ્રોવિજન છે તો ઝૂંપડાવાસીઓ માટે પણ પ્રોવિજન છે. જે રીતે વૃક્ષ ઉછેરવા માટે, હરિયાળી ચાદર

બિછાવવા માટે ૧૫ કરોડનું આયોજન થયું છે તો સાબરમતી રિવર ફ્રન્ટ પ્રોજેકટ કે જેના ઉપર હમણાં કાઈટ ફેસ્ટીવલ ગયો. એના આધારે સુરતમાં પણ તાપી ઉપર રિવર ફ્રન્ટની શરૂઆત કરી. શહેરોની કાયાપલટ કરવા માટે આ અર્બન મિશનની ઘણા બધા વર્ષોથી જરૂરિયાત હતી. આ અર્બન મિશન ખાલી કાગળ ઉપર નહિ, આ વખતે પહેલી વખત પ્રોફેશનલ ટેક્સ ગુજરાત રાજયના વેચાણવેરા ખાતા મારફત જેનો વહીવટ થતો હતો અને તેની આવક ગુજરાત રાજયને મળતી હતી, પહેલી વખત આ બજેટમાં એ પ્રોફેશનલ ટેકસની આવક સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ઉઘરાવશે અને એના વિકાસ માટે વપરાશે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની અહીંયા અવાર-નવાર વાત થઈ. મને કહેવાની ફરજ પડી કે આજ સુધી વિદ્યા સહાયકો, શાળાના ઓરડાઓ એમના જમાનામાં આશ્રમની જેમ શાળાઓ ચાલતી. ઓરડા નહોતા, ઓરડા હતા તો શિક્ષકો નહોતા. આજે સ્થિતિ એવી બની કે વિદ્યા સહાયકો મળ્યા, ઓરડાઓ મળ્યા અને એની સાથોસાથ જ્યારે પ્રાથમિક શાળાઓમાં પ્રવેશોત્સવની વાત કરતા હતા ત્યારે મારે કહેવું પડે છે કે હવે ખ્યાલો બદલાયા છે. એક જમાનો એવો હતો કે શિક્ષણ પરિણામ લક્ષી ન હોય. શિક્ષણમાં વિદ્યાર્થીનું પરિણામ વર્ષે દહાડે આવે એટલે નિરાંત છે, પણ જે રીતે રસ્તા કરે તો રસ્તો દેખાય, કૂવો કરીએ તો તેની અંદર પાણી નીકળે એ દેખાય પણ જે રીતે શિક્ષણની અંદર આખીય શાળાનું પરિણામ શું આવ્યું? આખા રાજ્યમાં શિક્ષણની શું સ્થિતિ છે, એનું પરિણામ લેવા માટે, એનો રેશિયો કાઢવા માટે કોઈ વ્યવસ્થા નહોતી. પહેલી વખત શિક્ષણમાં પ્રવેશ ઉત્સવ, આ શિક્ષણને ગાંધીનગરના સચિવાલયમાંથી બહાર કાઢીને મુખ્યમંત્રીશ્રીથી માંડીને બધા મંત્રીશ્રીઓ અને અમે બધા ધારાસભ્યશ્રીઓએ આ ગુજરાતના ગામડે ગામડે પ્રવેશ ઉત્સવ વખતે મે-જૂનના કાળા ઉનાળાના તડકામાં ગામડે જઈને પ્રવેશ ઉત્સવ કર્યો છે અને ૧૦૦ ટકા પ્રવેશ આ ગુજરાતની અંદર શિક્ષણને વિકાસની સાથે સાંકળ્યું છે અને એમાંય શિક્ષણમાં પહેલી વખત આ બજેટની વાત લઈને આવ્યા છે. શાળાનું થર્ડ પાર્ટી ઈન્પેકશન થાય, શાળાને ગ્રેડિંગ મળે અને શાળાની ગ્રાન્ટને ગુણવત્તા સાથે સાંકળી લેવાય એવું આ પહેલી વખત શિક્ષણમાં વાત થઈ છે અને ફરીથી મને લાગે છે કે સાંદિપની કાળ, શિક્ષણ અને ચાણક્યને ફરી યાદ કરીએ . એક ગુરુ એ શાસન વ્યવસ્થામાં પરિવર્તન કરી શકે. આજે ફરીથી શિક્ષણમાં એ આયામ અને આ વાત, ફકત વાત માટે નહિ, ફકત બજેટમાં કહેવાય છે એટલે નહિ, મારા ભાવગનરની યુનિવર્સિટીએ આ પ્રવેશ ઉત્સવ અને એના પછી પ્રાયમરી એજ્યુકેશનમાં સ્ટડી કર્યો છે, સરવે કર્યો છે, એક થિસિસ બનાવી છે અને દિલ્હીમાં નેશનલ યુનિવર્સિટી સમક્ષ એને રજૂ કર્યો છે. એ વોલ્યુમ કયારે વિપક્ષના આગેવાનને કે કોઈને જોઈતો હશે તો હું લઈ આવી દઈશ.

અમારી ભાવનગર યુનિવર્સિટીએ બનાવ્યો છે, એની અંદર કહેવાયું છે કે સમગ્ર દેશની અંદર નવા પ્રવેશમાં અને નવા ડ્રોપ આઉટ રેશિયાનો જે ઘટાડો ૩૭માંથી ૧૧ થયો છે. શાળા છોડતા હતા ૧ થી ૫, ૭ ધોરણના વિદ્યાર્થીઓ અને એની આગળના, આ ડ્રોપ આઉટ રેશિયો ૩૭માંથી ૧૧ ટકાએ આવ્યો છે. ભાવનગર યુનિવર્સિટીએ અભ્યાસ કર્યો છે એને એમાં કહેવાયું છે, શિક્ષણમાં કદાચ ગમે એટલામો નંબર હશે હું ના નથી પાડતો પણ હવે પછીની જે પેઢી આવી રહી છે શિક્ષણના નવા પ્રવેશમાં અને ડ્રોપ આઉટ રેશિયો છે એમાં ગુજરાત સમગ્ર હિન્દુસ્તાનમાં પહેલું છે એનો સરવે રજૂ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની માફક શહેરના વિકાસમાં જે અમારા સૌરાષ્ટ્ર અને ગોંડલના ભગવતસિંહજી આદર્શ ગણાય, ભાવનગરના રાજા કૃષ્ણકુમારસિંહજી (અંતરાય) શકિતસિંહજી નહિ તો આગળ મોકલાત. જે આદર્શ ગણાય એવા સર સયાજીરાવ ગાયકવાડ જેમણે ફરજિયાત શિક્ષણ આપ્યું. એ જમાનામાં પણ ગોંડલની અંદર સાહેબ અમે એમના દેવ કહેવાય એટલે અમને ક્રેડિટ આપવાનો અધિકાર છે. (અંતરાય) તમારે લઈ નહિ લેવાની એટલું જ. અમે આપીએ ખરા. કૃષ્ણકુમારસિંહજીએ કૃષ્ણનગર વસાવ્યું, ભગવતસિંહજીએ ગોંડલમાં અંડર ગ્રાઉન્ડ વાયરિંગ કર્યુ. એ જમાનામાં સર સયાજીરાવ ગાયકવાડે શિક્ષણ અને ફરીથી તે દિવસે જે ટાઉન પ્લાનિંગ થયું હતું. ૧લી મે-માં ભાવનગરમાં આવીને જેની રોડથી સ્થાપના થઈ અને બાકીની વસ્તુઓની શરૂઆત થઈ. અમને ફરી એ જમાનો, એ યુગ ફરીથી આવ્યો હોય એવું લાગે છે.

આ રાજયને ૫૦ વર્ષ થઈ રહયા છે. આઝાદીને ૬૦ વર્ષ થઈ રહ્યાં છે.પછાત વિસ્તાર પછાત રહે અને સમૃદ્ધ વિસ્તાર સમૃદ્ધિ તરફ જાય પહેલી વખત આ regional imbalance દૂર કરવા માટે ૧૯૬૦ના દાયકામાં હાથી કમિટી બની હતી. ૧૯૮૦ના દાયકામાં આઈ.જી.પટેલ કમિટી બની હતી પણ પહેલી વખત વંચિતના વિકાસની વાત લઈને જે પછાત વર્ગ છે એના માટે સ્પેશ્યલ પ્રોવિઝન કરીને આવતા વર્ષોમાં આ તાલુકા મેઈન સ્ટ્રીમ, મુખ્ય પ્રવાહમાં જોડાય એ પ્રયત્ન (અંતરાય) થઈ જશે. આની સાથોસાથ State Biofuel Mission ની સ્થાપના થઈ છે. સભ્યશ્રી કૃષિની વાત કરતા હતા.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માલજીભાઈ, તમે પણ વિવાદમાં આવી ગયા? ગજબ છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા મિત્રો પાછળ બેઠા છે. આમ તો પહેલી હરોળ દર વખતે ઊભી થઈ જાય છે.

**અધ્યક્ષશ્રી** : હરોળ ઉભી નથી થતી.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : મુખ્યમંત્રીશ્રી ઊભા થાય, નરોત્તમકાકા ઊભા થાય, ભુપેન્દ્રસિંહજી પણ ઊભા થાય.

**શ્રી સુનીલ બા. ઓઝા** : ખેતીક્ષેત્રે અને પાણી ક્ષેત્રે અદ્ભુત કામગીરી થઈ છે. અહીંથી જયારે ઉલ્લેખ થયો દેશનો ૫૦૦૦ કિલોમીટર લાંબો સાગરકાંઠો છે એનો ૧/૩ દરિયાકિનારો ગુજરાતમાં છે. એમાંથી ૧૧૦૦ કિલોમીટર દરિયાકાંઠો અમારે ત્યાં સૌરાષ્ટ્રમાં છે. એક જમાનામાં નર્મદાનું જે સ્વપ્ન જોયું હતું ૧૯૬૪માં એવું જ મોટું સ્વપ્ન ગુજરાત કોસ્ટલ એરિયા ડૅવલપમેન્ટ બોર્ડ આ બજેટમાં જોયું છે. આજ સુધી આ કોસ્ટલ એરિયા ડૅવલપમેન્ટ માટે કાંઈ થયું નથી. એક મોટું ગુજરાત કોસ્ટલ એરિયા ડેવલપમેન્ટ બોર્ડ બનાવીને આવતા દિવસોમાં સાગરકાંઠાથી ૧૬૦૦ કિલોમીટરનો સાગરકાંઠો હોય એના ૨૫ થી ૩૦ કિલોમીટર ગણીએ તો ૪૮ થી ૫૦૦૦૦ ચોરસ કિલોમીટરનો એરિયા એટલે ગુજરાતનો લગભગ ૨૫ ટકા ભૌગોલિક વિસ્તાર જે વિકાસથી વંચિત છે. આવતા વર્ષમાં આ વિસ્તારનો વિકાસ થશે અને વિપક્ષી આગેવાનને વિનંતી કરું કે પોરબંદર પણ સાગરકાંઠે આવેલું છે. ગુજરાતમાં, ઉત્તરભારત અને ગુજરાત. ગુજરાત મારફત નિકાસ થાય છે. એકસપોર્ટની વાત કરતા હતા. આ સાગરકાંઠાથી આખા દેશની નિકાસ થાય. ૧/૩ જેટલી અહીંથી નિકાસ થાય છે. એમાં આની સાથેસાથે વિકાસની સંકલ્પના આવી છે. ભાવનગરમાં કોંક્રિટ જેટી એ મારે કમનસીબે કહેવું પડે છે કે એમણે કીધું છે એ વાત સાચી છે પણ એ સેન્ટ્રલ એકસાઈઝ અને આ કસ્ટમ ડયુટી. એમને સમજાવવું પડશે. એમને તેલુગુ સાંભળવાની ટેવ પડી ગઈ છે. હમણાં અલંગના લોકોની મુશ્કેલી છે. એમને એવી અપેક્ષા હતી કે સેન્ટ્રલ એકસાઈઝ અને કસ્ટમમાં ઘટાડો આવશે. એમની આશા નિરાશામાં પલટાઈ ગઈ કારણકે આ લોકોએ ત્યાં કાંઈ ન કર્યું. અહીં તો આના માટે પ્લાનીંગ થયું છે. એના માટે બેઠા હશે. ભાવનગર બંદરની કોંક્રિટ જેટીનું પ્લાનીંગ થયું છે. પીપાવાવ, મુંદ્રા, દહેજ બંદરમાં નવીનીકરણનો પ્રારંભ થયો છે. આની સાથેસાથે આવતા દિવસના ગુજરાતમાં ૨૦૧૦માં આ ૫૦ વર્ષ પૂરાં થઈ રહ્યાં છે ત્યારે જે સુવર્ણ જયંતિ મહોત્સવ ઉજવવાનો છે. ગુજરાતની ભાવના શું હોઈ શકે અને ભૂતકાળ શું ભવ્ય હતો, એના કીર્તિમાન કોણે સ્થાપિત કર્યા, એના માટેની શરૂઆત. જેટી કહું કે જ્યાં જહાજ લાંગરે ત્યાં. તમારે ત્યાં લાંગરવાનો વેત નહોતો. આ બજેટમાં ૩૪૧ કરોડ જેટલી રાહતો આપી છે. સ્ટૅમ્પ ડ્યૂટી. અહીયા કહી રહ્યા હતા વિપક્ષ આગેવાન. મને લાગે છે કે વાસ્તવિકતાથી દૂર હતા. ૧૧.૨ ટકામાંથી ગયા વર્ષે ૮.૪૦ ટકા કરી અને આ વખતે ૮.૪૦ ટકામાંથી ૬ ટકા કરી. બે વર્ષમાં લગભગ અડધી સ્ટૅમ્પ ડ્યૂટી કરી. આ ગુજરાતમાં ઘરના ઘરની કલ્પના કરવાવાળા નાના, મધ્યમવર્ગના માણસો, એક કર્મચારી પોતાનું મકાન બનાવી શકે એ મકાનમાં આઠમા ભાગનો ખર્ચ સ્ટૅમ્પ ડ્યૂટીનો, એની અડધી કરી. મધ્યમવર્ગના માણસની બિલ્ડર ક્યાંય સ્ટૅમ્પ ડ્યૂટી ભોગવતો નથી. એ સ્ટૅમ્પ ડ્યૂટી એ પ્રજાના માથે હોય છે, ખરીદનારના માથે હોય છે, એમાં ઘટાડો એ ગુજરાતના મધ્યમવર્ગની પ્રજાને ખૂબ મોટી રાહત છે, ખૂબ મોટી ભેટ છે.

વાહન કર. જ્યારે ફાઈનાન્સની વાત થશે ત્યારે વધારે થશે. ગઈકાલ સુધી મોટા, નાના વચ્ચે તફાવત હતો. ટકે શેર ભાજી, ટકે શેર ખાજાની વાત હતી. એમાંથી બહાર નીકળીને પહેલી વખત કિંમત ઉપર વાહન કર શરૂ થયો છે. પહેલી વખત વીજ દરમાં કરમાં ઘટાડો થયો છે. ૮૩ લાખ ગ્રાહકોને લાભ મળવાનો છે અને એટલે ખાસ કરીને ગુજરાતનો નાનો માણસ અહીથી જ્યારે ઉલ્લેખ થતો હતો ઊંચા કરજનો, ત્યારે મારે કહેવું પડશે કે વર્ષ ૪ પહેલા આ ગુજરાતમાં ૪,૦૦૦ કરોડ રૂપિયાની મહેસૂલી ખાધ હતી. આ સતત ત્રીજું વર્ષ એવું છે કે પુરાંતનું વર્ષ છે, પરંતુ પુરાંતનું નહિ મહેસૂલી પુરાંતનું વર્ષ છે. મહેસૂલી આવક છેલ્લા ૫ વર્ષમાં ૫૭ ટકા વધી છે. મહેસૂલી ખર્ચ ૧૨ ટકા વધ્યો છે, એનું કારણ છે નાણાકીય શિસ્ત, એનું કારણ છે કડક વ્યવસ્થા, એનું કારણ છે કરકસર અને આજ સુધીમાં કરની આવક વધે એના કરતા મહેસૂલી ખર્ચ વધતો હતો. હું ધ્યાન પૂર્વક વિપક્ષના આગેવાનનું પ્રવચન સાંભળતો હતો, એમાં એમણે એક જે તૈયાર બજેટનું વિશ્લેષણ એક સંસ્થાનું રોજ આવે છે અમારા ધારાસભ્યને ત્યાં, એના ઉપરથી આંકડા કહેતા હતા. હું ફરીથી વિપક્ષના આગેવાનને એમણે બોલેલા પ્રવચનના આંકડા જોઈ જવાની વિનંતી કરું છું. એમાં એમણે લખેલ છે બીચારાએ મહેસૂલી ખર્ચ લખેલ છે. એમણે બોલે રાખ્યું મહેસૂલી આવકના આટલા ટકા, કારણ કે તૈયાર જે આંકડા આવે છે મને એમ કે કઈક અભ્યાસ કરીને પ્રવચન થશે. મહેસૂલી પુરાંત માટે ક્યાંક અભિનંદન મળશે. ભારત સરકારે છેલ્લા ૩ વર્ષ, બે વર્ષ પહેલા પ્રવચનમાં કહ્યું હતું કે આગામી ૩ વર્ષમાં મહેસૂલી ખાદ્ય અમે ઝીરો ઉપર લઈ જવાના છીએ. છેલ્લા ૨ વર્ષના બજેટ દરમ્યાન એમની ખાદ્ય ૨.૭ ટકાથી નીચે જતી નથી, એટલે ડેફિસેટ એમની એમ છે, જ્યારે ગુજરાત એના મોનિટરિંગથી નાણાકીય શિસ્તથી એ ઉદાહરણ રૂપ બન્યું છે. કેન્દ્રમાં ૩૦ ટકા ડેવલપમેન્ટ ખર્ચ છે. આ ગુજરાતના બજેટમાં ૫૯ ટકા એ ડૅવલપમેન્ટ પાછળ ખર્ચાય છે તેના કારણે આ પંચવર્ષીય યોજના, નવમી પંચવર્ષીય યોજના ૨૮ હજાર કરોડની હતી અને દસમી પંચવર્ષીય યોજના ૪૭ હજાર કરોડની આવી ત્યારે જે રીતે જીડીપી આપણી અપેક્ષા હતી દસ ટકા કરવાની. કેંદ્રની અપેક્ષા હતી ગુજરાત પાસે અને ૧૦.૨ ટકા થશે તેવી રીતે પૂરેપૂરા ૪૭ હજાર કરોડ તે પૂરેપૂરા પંચવર્ષીય યોજના ગુજરાતમાં પૂરી થશે જ્યારે ૨૦૦૭નું વર્ષ પૂરું થશે ત્યારે વપરાશે. અહીંયાં વિપક્ષી આગેવાન હું એમ માનું છું કે જ્યારે આંધ્રપ્રદેશની, તામિલનાડુ, મહારાષ્ટ્રની વાત કરતા હતા. કેન્દ્ર સરકાર આજે એમની છે, યુપીએની

સરકારની વાત કરતા હતા ત્યારે એમને એટલી તો માહિતી હશે કે ભારત સરકારના નાની બચત, એનએસસી, પીપીએફ એમાં જે ગુજરાતનો ફાળો જાય છે તે ફરજિયાતપણે દેવા તરીકે લેવા પડે છે અને તે પણ ૯ ટકા વ્યાજે. મને તપાસ કરીને ફરીથી કહે અને આ લેવા પડે છે એટલું જ નહીં પણ પાછી વહેલાસર ભરવી હોય તો નથી ભરાતી. આ ગુજરાતની અંદર આ જે રકમ છે તેમાંથી ૮ ટકા રકમ તો કુદરતી આપત્તિ પાછળ ખર્ચાણી છે. જ્યારે ૭૩ ટકા રકમ ગુજરાતના વિકાસ પાછળ ખર્ચાણી છે. ગુજરાતની જયોતિગ્રામ યોજના હોય, કે ગુજરાતની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હોય. સમગ્ર દેશના કોંગ્રેસ શાસિત રાજયોએ અહીં શીખવા આવવું પડે, અનુભવ કરવા આવવું પડે. તે જીઈબી સાહેબ ૨૪૫૦ કરોડ જેટલું ખોટ કરતું હતું ચાર વર્ષ પહેલાં. ત્યારે જીઈબી આ વર્ષના અંતે ૨૦૦ કરોડનો નફો કરશે. ૨૪૦૦ કરોડ વધ્યા છે તે ગુજરાતની પ્રજાના હિત પાછળ ખર્ચાવવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી રિવર ગ્રિડ, સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના, એકસપ્રેસ હાઈવે, ગુજરાત સમગ્ર દેશ અને બીજા રાજયોને રાહ ચીંધે છે ત્યારે  અને વિપક્ષી આગેવાન બીજી વાત કરતા હતા ત્યારે મને એમ હતું કે કંઈક વિકાસની વાત કરશે. પણ બીજા રાજયોમાં ટેન્ડર કેવી રીતે ભરાય છે, ટેન્ડરો કેવી રીતે ખૂલે છે, કેટલા પ્રકારના ટેન્ડરો આની વાત અહીંથી થઈ. હવે એમને અનુભવ હશે મને ખબર નથી. શું કામ વાત ટેન્ડરોની અહીંથી થતી હતી? મને અને સાહેબ પાણીના ટેન્ડરોની વાત. આંધ્રમાં કેવી રીતે પાણીના ટેન્ડરો એની એને ખબર છે. એમને બીજા રાજયોની ખબર છે. મને યાદ આવે છે વિપક્ષી આગેવાન તરીકે સ્વ.અમરસિંહજી હતા અને તે પોતે સિવિલ એન્જિનિયર હતા ત્યારે તે કંઈક અનુભવ હોય તો ધ્યાન દોરતા કે આટલું કર્યુ છે તે સારું કર્યુ છે. રસ્તાઓ કર્યા છે પણ આટલું કર્યુ હોત તો વધારે સારુ હતું. મને એમ હતું કે કોન્ટ્રેકટનો આટલો અનુભવના આધારે કદાચ વિપક્ષી આગેવાન આવા કંઈક સૂચનો કરી શકશે અને આ એસેમ્બલીના ઉપયોગમાં આવશે. પણ તેમાં તેમને નિષ્ફળતા મળી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઈ.ટી અને ચંદ્રાબાબુની હમણાં એમણે વાત કરી. છેલ્લે એક ખૂબ સારો અનુભવ અમારે ત્યાં હમણાં એમણે વાત કરી કે ચંદ્રાબાબુની જેમ અનુભવ થવો જોઈએ. હમણાં હજી મહિનો નથી થયો. અમારે ત્યાં ભાવનગરમાં એક નાગરિકે ભાવનગર રાજકોટ રોડ વિશે માનનીય મુખ્યમંત્રીશ્રીને વેબ સાઈટ ઉપર પૃચ્છા કરી. તમે કયારેક અનુભવ કરી લેજો, કૉમ્પ્યુટર, ઈન્ટરનેટ અને આ વેબસાઈટ ખોલતાં ફાવતી હોય તો. એણે સાહેબ પૃચ્છા કરી તેને બે કલાકની અંદર.. તમે પણ બોલજો. જવાબ દઈશ. તેમાં મળશે. બધાને મળશે. તે નાગરિકે પૃચ્છા કરી ભાવનગર રાજકોટ રોડ વિશે. કેટલા સમયમાં આ રોડનું કામ થશે? તે નાગરિકને વીથ ઈન ટુ અવર્સ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વેબ સાઈટ ઉપર એક સામાન્ય નાગરિકને જવાબ આપે છે કે  આ વખતે, આ તારીખે કામ શરૂ થશે, આ એજન્સી છે, આ તારીખે કામ પૂર્ણ થશે અને આટલું સ્ટ્રેન્ધનીંગ થશે. માનનીય અધ્યક્ષશ્રી, અને એ જ વ્યકિત આંખમાં સપનાઓ આંજીને પાંચ કરોડની ગુજરાતીઓની વાત કરી શકે, જેના વિકાસમાં સમગ્ર ગુજરાતને સાથે લઈ જવું છે, પાંચ કરોડ ગુજરાતીઓને સાથે લઈ જવા છે, ગુજરાતને સમૃદ્ધિના શિખરે પહોંચાડવું છે અને ગુજરાત નંબર વન, એક વખત નહીં આઠ વખત સાંભળવાની તકલીફ પડતી હોય તો, કદાચ આવતા વર્ષમાં સોળ વખત સાંભળવું પડે એ તકલીફ સહન કરવાની તૈયારી રાખે, આટલી વાત સાથે હું આ બજૅટને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું.

**ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના નાણામંત્રીશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી જે બજૅટ લઈને આવ્યા છે એ બજૅટને હું કોઈપણ સંજોગોમાં અનુમોદન આપી શકતો નથી, આ સરકાર જ્યારથી બેઠી છે ત્યારથી  કોંગ્રેસ ભારત સરકાર હોય કે ગુજરાત સરકાર હોય એણે  જે આયોજનબધ્ધ કાર્યક્રમો કર્યા, એમાં  શું કહીએ અથવા શું કરીએ તો અમારું સારું દેખાય એવું હંમેશાં એ કરતા આવ્યા  છે. સૌ પ્રથમ તો જ્યારે ગુજરાતમાં ભાજપની સરકાર બેઠી  એટલે એક વિઝન લઈને આવ્યા હતા  કે  આ પંચવર્ષીય યોજનાઓ, એક વર્ષીય યોજનાઓ, આ આયોજન એ તો જવાહરલાલ નહેરુંની દેન છે, કોંગ્રેસની દેન છે એ પ્રમાણે અમારે ચાલવાનું ? આપણે કંઈક નવું કરો એટલે વિજન લઈને આવ્યા, વિજન ૨૦૧૦ લઈને આવ્યા,  એગ્રો વિજન ૨૦૧૦, ઇન્ડસ્ટ્રીઝ વિજન ૨૦૧૦, એજ્યુકેશન વિજન ૨૦૧૦ લઈને આવ્યા, આખા વર્ષ સુધી તમામ ખાતાઓને  આ વિજન તૈયાર કરવાનું કહ્યું.  તમામ ખાતાઓમાં લાખો- કરોડો રૂપિયાનું ખર્ચ કરાવીને બૂકો છપાવવામાં આવી કે આ વિજન તૈયાર કરો, તમામ અધિકારીઓએ રાત દિવસ ઉજાગરા કરીને આ વિજન તૈયાર કર્યુ પણ પછી સમજાયું કે વિજનથી તો કોઈ મેળ પડશે નહીં, એના કરતાં પંચવર્ષીય યોજનાઓ હોય કે એક વર્ષીય યોજનાઓ હોય એ બરાબર છે. એટલે વિજન અભરાઈ ઉપર ચડાવી દેવામાં આવ્યું, એમના વિજનને મોતિયો આવી ગયો. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર હોય કે ગુજરાત સરકાર હોય, કોંગ્રેસે પચાસ વર્ષના ઈતિહાસમાં જે કંઈ આયોજન કર્યુ અને આયોજનબધ્ધ રીતે વહીવટ ઊભો કર્યો એ પ્રમાણે તમારે ચાલવું પડે અને એ પ્રમાણે તમે શરૂઆત કરી છે એટલે અમે આપને અભિનંદન આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ એક માનનીય સભ્યશ્રીએ કહ્યું, ભાજપના ઘણા બધા માનનીય સભ્યશ્રીઓએ કહ્યું કે અમે તો દેવું કરીને પણ લોકોને પાણી પિવડાવીએ છીએ, દેવું કરીને પાણી અપાય તો અમને આનંદ થાય. ગુજરાતમાં માનનીય શંકરસિંહ વાઘેલાની સરકાર છેલ્લે ગઈ ત્યારે કેટલું દેવું હતું? માનનીય બાબુભાઈએ તો એમ કહ્યું કે અમે બેલેન્સ આપીને ગયા હતા. આજે ૮૦ હજાર કરોડનું જાહેર દેવું અને દર વર્ષે ૫૦૦૦ કરોડ રૂપિયાનું વ્યાજ ચૂકવવામાં આવે છે, ગુજરાતની એક આખી યોજના બની જાય એટલું તો વ્યાજ ચૂકવવામાં આવે છે અને ગુજરાતમાં જન્મતો એક બાળક કે બાળકી હોય એ રૂપિયા પંદર હજારનું કરજ લઈને એ જન્મે છે. માથાદીઠ કરજ પંદર હજાર રૂપિયાનું અને છતાંય દેવું કરીને જો નર્મદા યોજના હોય કે પીવાના પાણીની યોજનાની વાત હોય તો અમને આનંદ થાત પણ દેવું કરીને જો દારૂ પીવાની વાત હોય, એક વ્યકિત દેવું કરીને જો દારૂ પીવે, દેવું કરીને નવાં કપડાં પહેરે, દેવું કરીને જો એ ઢોલ પીટે તો એ વ્યકિત પ્રત્યે આપણને કેવી નફરત થાય એવી નફરત આ સરકાર પ્રત્યે ગુજરાતની પ્રજાને થઈ છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીમાં મતોનું રાજકારણ, પ્રજાની લાગણી, પ્રજા ક્યારે મત આપે, ક્યારે ન આપે એ તો અમે અનુભવી માણસો છીએ. પચાસ વર્ષથી લોકશાહીના ઇતિહાસમાં આ બધું જોયું છે અને પચાવી પણ શકીએ છીએ, અમે તો આવતીકાલે વડાપ્રધાનના શપથ થવાના હોયને અગિયાર વાગે અને માનનીય રાષ્ટ્રપતિએ કાગળ આપ્યો હોય કે માનનીય સોનિયા ગાંધીએ કાલે અગિયાર વાગે તમે શપથ વિધિ કરો તો પણ અમે ત્યાગ આપી શકીએ છીએ. ભારત અને ગુજરાતની જનતાના સુખ, શાંતિ તેમજ સમૃદ્ધિ માટે વડાપ્રધાનનું પદ ગયું અને તમે તો અગિયાર દિવસ માટે પણ શપથ લીધેલા છે, બધાએ જોયું છે એટલે સત્તા એ અમારા માટે અગત્યની નથી, સેવા અમારા માટે અગત્યની છે. ભારત અને ગુજરાતની જનતાના સુખ, શાંતિ અને સમૃદ્ધિ અને વિકાસ અમારા માટે અગત્યનો છે. અને એ તમે કરતા હો તો અમારો હજુ તમને ટેકો છે. વિરોધ પક્ષમાં હજુ પાંચ વર્ષ બેસવાનું આવે એનો અમને જરાય રંજ નથી પણ, મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, રવિશંકર મહારાજ, નરસિંહ મહેતા અને મીરાંબાઈ જેમણે ગુજરાતને સંસ્કૃતિ, સત્તા અને શિક્ષણ આપ્યું છે. એ પ્રમાણે તમે ચાલતા હો તો તમે ૧૦ વર્ષના બદલે ૧૦૦ વર્ષ સરકારમાં રહો તો પણ અમારો તમને ટેકો છે. પણ, 'પણ' કહું છું એટલે તમે સમજી જાવ છો એટલે મારે વિશેષ હવે બોલવાનું નથી, ગુજરાતની પ્રજા જેતે સમયે એનો જવાબ આપશે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જીવાદોરી નર્મદાની વાત થાય છે, બધું જ પોતાના ખાતે ઉધારવાનું સ્વપ્ન એમને કયાંથી આવે છે? નર્મદા યોજનાની વાત થાય છે, અમને તો એમ થાય છે કે ગુજરાતમાં જેટલી નદીઓ છે એમાં, સરસ્વતી હોય, સાબરમતી હોય, નર્મદા હોય, તાપી હોય, મહાસાગર હોય, કડાણા હોય મચ્છુ હોય, ભાદર હોય કે બીજી જે કોઈ ગુજરાતની એકે-એક નદીઓ છે એના ઉપર કરોડો રૂપિયાના ડેમ બાંધીને અમે સિંચાઈની વ્યવસ્થા ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવી છે અને એકે-એક ખેતરમાં પાણી પહોંચે એવું આયોજન કર્યું છે. સરદાર સરોવર જેવી મહાકાય વિશ્વની મોટામાં મોટી યોજના જેને કહી શકાય એવી યોજના પણ અમે બનાવી છે. તોય અમે કોઈ દિવસ ગૌરવ લેતા નથી. એટલા માટે કે, પ્રજાએ ચૂંટીને એના માટે જ આપણને મોકલ્યા છે, ગુજરાતના ખેડૂતોએ આપણને ચૂંટીને એના માટે મોકલ્યા છે કે તમે જાવ અને અમારા ખેતર સુધી પાણી આવે એવું આયોજન કરો.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા ડેમની વાત થાય છે, કલ્પસર યોજનાની વાત થાય છે, ત્યારે તમે સરખામણી કરો ૮૫ હજાર કિલોમીટરની લંબાઈવાળું ઈન્ફ્રાસ્ટ્રકચર, મુખ્ય નહેર હોય, શાખા નહેર હોય, પ્ર-શાખા નહેર હોય કે પ્ર-પ્રશાખા નહેર હોય આ બધું ૮૫ હજાર કિલોમીટરનું ઈન્ફ્રાસ્ટ્રરચર ઊભું થાય ત્યારે ખેડૂતોના ખેતર સુધી પાણી પહોંચે છે. ૬૦ હજાર કિલોમીટર સુધીનું ઈન્ફ્રાસ્ટ્રકચર સ્વર્ગસ્થ શ્રી ચીમનભાઈ પટેલ જ્યારે જીવતા હતા અને ગુજરાતની જીવાદોરી નર્મદાની ચિંતા કરતા હતા ત્યારે કામ પૂર્ણ થઈ ગયું હતું. ૧૯૯૫ પછી આ સરકાર આવી, એટલે એમાં વળી સારું થયું કે વચ્ચે એકાદ વર્ષ શ્રી શંકરસિંહ વાઘેલાની સરકાર આવી ગઈ એટલે થોડું કામ દેખાય છે. બાકી ૧૯૯૫થી આજે ૨૦૦૫નું વર્ષ પૂરું થયું અને ૨૦૦૬નું વર્ષ શરૂ થઈ ગયું પણ આ ૧૦ વર્ષમાં ફકત ૪ હજાર કિલોમીટરનું ઈન્ફ્રાસ્ટ્રકચર તમે ઊભું કર્યું અને હજુ ૭૫ હજાર કિલોમીટરની લંબાઈ બાંધવાનું બાકી છે ત્યારે એ કામ કર્યું હોત અને એ દિશામાં આગળ વધ્યા હોત તો અમને આનંદ થાત. પણ જિલ્લે જિલ્લે ખાસ જઈને ઉત્સવો કરી આવ્યા એની સામે અમને વાંધો છે, ઉત્સવોમાં જે ખર્ચ થાય છે એની સામે અમને વાંધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૂજલામ્ સૂફલામ્‌ની વાત થાય છે, નરોત્તમ કાકાએ નામ સારું આપ્યું છે ' સુજલામ્ સુફલામ્ ' ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ પહેલાં ખેડૂતો માટે સિંચાઈ માટેની કોઈ યોજના જ ન હતી? એ પહેલા કોઈ ડેમ બંધાયા જ ન હતા? એ પહેલા કોઈ તળાવો હતા જ નહી? એમણે સર્વે કર્યો એક વર્ષ સુધી કે ગુજરાતમાં કોંગ્રેસની સરકારે શું શું બનાવ્યું છે? એમણે રેકર્ડ તૈયાર કર્યો એમાં એમણે જોયું કે, નદીઓ ઉપર ડેમ તો બની ગયા છે એટલે એક નદી ઉપર બીજો ડેમ તો ન બનાવાય? એમણે જોયું કે, ગુજરાતમાં ૨૦ હજાર તળાવો બનાવી દીધા છે. તળાવો તો ગાયકવાડ સરકાર પણ બનાવતી હતી અને હમણાં જ માનનીય સુનિલભાઈએ કહ્યું કે, કૃષ્ણકુમારસિંહજીએ પણ તળાવો બાંધ્યા છે અને ગોંડલના નરેશે પણ તળાવો

બાંધ્યા હતા પણ, એની સાથે સાથે કોંગ્રેસની સરકારોએ પણ ૨૦ હજાર તળાવો રાજયમાં પાણીના સંગ્રહ માટે બનાવ્યાં છે એટલે તમે નવા તળાવો કયાં બનાવ્યા છે? ઊંડા કર્યા છે ઊંડા. તમે અમને ગણાવો કે ગુજરાત રાજયમાં કેટલા નવા તળાવો તમે બનાવ્યા? તમે અમને બતાવો કે કઈ નદી ઉપર તમે નવો બંધ બનાવ્યો? આ તો મૂળભૂત આયોજનના ભાગરૂપે અમે તૈયાર કરેલું હોય એનું નામ બદલી દેવાનું. આદર્શ હોય તો સમરસ કરી નાંખવાનું, કડાણા ડેમની ડાબા કાંઠાની કેનાલ હોય તો સુફલામ-સજલામ કરી નાંખવાનું, બાલગુરુ હોય તો વિદ્યા-સહાયક કરી નાંખવાનું અને આમ નામ બદલવા સિવાય કંઈ કર્યું નથી. એટલે આમ બદલવા સિવાય આ સરકારે કશું કર્યું જ નથી. સારું છે કે નામ તો કમસે કમ સારા આપ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જનતાને એમ કહેવામાં આવે છે કે સુફલામ-સુજલામ યોજના શરુ થઈ અને અમે તળાવો ઊંડા કર્યા એટલે પાણીના તળ ભૂર્ગમાંથી ઊંચા આવ્યા છે. આ ખેડૂતોને અને ગુજરાતની જનતાને ગેરમાર્ગે દોરવાનો એક પ્રયાસ છે. રેકર્ડ પર છે મેં પૂછ્યું કે ડાર્ક ઝોન કેમ દાખલ કર્યો? તમે તત્કાળ વીજજોડાણની યોજના કેમ બંધ કરી? તો વિધાનસભામાં જવાબ આપ્યો છે કે ડાર્ક ઝોન એટલા માટે દાખલ કર્યો કે પાણીના લેવલ ભૂગર્ભ નીચા ગયા છે, શંકરસિંહજી વાઘેલાએ ડાર્ક ઝોન ઉઠાવી લીધો હતો, તમે ડાર્ક ઝોન દાખલ કર્યો કારણકે પાણીના તળ નીચા ગયા છે વિધાનસભાના ફ્લોર પર પાણીના તળ નીચા ગયા છે, ઊંડા ગયા છે એવું કહેવામાં આવે, એના અનુસંધાને તત્કાલ વીજ જોડાણ, નવી ટ્યુબવેલો બનાવવાનું બંધ કરવામાં આવે, ખેડૂતોને કોઈ નવું જોડાણ આપવાનું નહિ એવો નિર્ધાર કરવામાં આવે અને બીજી બાજુ જાહેર સભાઓમાં જાય તો કહે કે પાણીના લેવલ ઊંચા આવ્યા છે, તમે નક્કી તો કરો કે ઊંચા આવ્યા છે કે નીચા આવ્યા છે? તમે હજી નક્કી નથી કરી શક્યા, અંદર જુદુ બોલો છો, બહાર જુદુ બોલો છે, "કરની અને કથની"માં ફેર છે. અમને દુ:ખ થાય છે, એટલા માટે તમારે વિધાનસભાના ફ્લોર પર જાહેર કરવું પડે અને જો પાણીના લેવલ ઊંચા આવ્યા હોય તો ભૂગર્ભના જળ જો ઊંચા આવ્યા હોય તો ડાર્ક ઝોન ઉઠાવી લો, ખેડૂતોને સિંચાઈની યોજનાઓ કરવા દો, નવા ટ્યુબવેલ બનાવવા દો. લાખ્ખો અરજીઓ પેન્ડિંગ છે. ખેડૂતોને જવાબ આપતા અમે થાકીએ છીએ, તમને તો •* (XXX) ન આવે પણ અમે થાકીએ છીએ. (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : * (XXX) શબ્દ દૂર કરવામાં આવે છે. * (XXX) શબ્દ કાર્યવાહીમાંથી દૂર કરું છું.

**ડૉ. સી.જે. ચાવડા** : માનનીય અધ્યક્ષશ્રી, આ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. માનનીય અધ્યક્ષશ્રી, ફેબ્રુઆરી, ૨૦૦૫માં શિક્ષણ વિભાગની સિદ્ધિઓ એમ કરીને ગુજરાત સરકારે એક બુક બહાર પાડી છે આ બુકમાં 'ડ્રોપ આઉટ રેશિયો' બાબતની વાત કરવામાં આવી છે અને ૧૯૯૦ થી ૨૦૦૪ સુધીનો 'ડ્રોપ આઉટ રેશિયો' એમાં જણાવવામાં આવ્યો છે કે ગુજરાતની સ્થાપના થઈ ત્યારે આ રાજયમાં પ્રાથમિક શિક્ષણનો 'ડ્રોપ આઉટ રેશિયો' ૭૦ ટકા હતો. કોંગ્રેસની સરકારમાં, કોંગ્રેસની શિક્ષણની તાલબદ્ધ યોજનાઓ, શિક્ષણ પ્રત્યે કોંગ્રેસે કરેલા કાર્યો એને કારણે ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૦-૯૧માં બેઠી ત્યાંસુધીમાં આ 'ડ્રોપ આઉટ રેશિયો' ૪૮ ટકાએ આવીને અટક્યો હતો, ઘટતો ઘટતો ૧૯૯૦-૯૧માં ને 'ડ્રોપ આઉટ રેશિયો' ૪૯ ટકા થયો, ૧૯૯૧-૯૨માં ૪૮ ટકા થયો, ૧૯૯૨-૯૩માં ૪૫ ટકા થયો, ૧૯૯૩-૯૪માં ૪૪ ટકા થયો એમ એક એક ટકો ઘટતા ઘટતા આજે એ ૧૭ ટકાએ આવીને ઊભો છે. આમાં આનંદીબેન, શિક્ષણમંત્રીશ્રીની કોઈ આગવી સિદ્ધિ નથી કે કોઈ સરકારની આગવી સિદ્ધિ નથી પણ ગુજરાતની જનતાની શિક્ષણ પ્રત્યેની ભૂખ અને ગુજરાતના વિદ્યાર્થીઓમાં શિક્ષણ જગાવવાની વૃત્તિ એને કારણે આ શિક્ષણનો 'ડ્રોપ આઉટ રેશિયો' ઘટ્યો છે. એ પોતાના ખાતે ન ઉધારતા જે કંઈ કાર્યવાહી થઈ છે એ કાર્યવાહીના ભાગરૂપે જ થઈ છે, આયોજન થયું છે એ કાર્યવાહીના ભાગ રૂપે થયું છે પણ આ બજૅટમાં ત્રુટિઓ છે એટલે હું એમાં સહકાર આપી શકતો નથી.

**શ્રી બિમલ શાહ (કપડવંજ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી જે અંદાજપત્ર લઈને આ ગૃહ સમક્ષ આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું. હું માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને અને મારા લર્નેડ સભ્યશ્રીને સાંભળી રહ્યો હતો. હું સમજી શકું છું કે ભાઈ ડો. સી.જે ચાવડા માનનીય લર્નેડ સભ્યશ્રી પોતાની થોડીક લાગણી વ્યક્ત કરે, પરંતુ તેઓએ આ રાજયમાં એક અધિકારી તરીકે કામ કર્યા પછી એમને પાર્ટીનો અનુભવ પ્રમાણમાં ઓછો હોય એ સ્વાભાવિક છે. એટલા માટે કે થોડોક ઇતિહાસ એમણે અગાઉના અંદાજપત્રનો જોયો હોત તો હું ચોક્કસ કહેત કારણકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને અમારા માનનીય શ્રી સુનીલભાઈએ કહ્યું કે આ તેલુગુ ભાષા, તામિલ ભાષા કે દક્ષિણની ભાષાની વાત કરતા હતા, પરંતુ મારા જેવા નવયુવાન આ ગૃહમાં બેઠા હોય ત્યારે સ્વાભાવિક છે કે દુ:ખ થાય, કોંગ્રેસના મિત્રોની સામું પણ હું જોઈ રહ્યો હતો કે નવા મિત્રો દુ:ખી થતા હતા. ગુજરાતના અંદાજપત્રના સંદર્ભમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ દીર્ઘદ્રષ્ટિથી સર્વાંગી વિકાસના સંદર્ભમાં હરળફાળ ભરી છે ત્યારે મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ગુજરાતમાંની પોટેન્શિયાલિટિની એમને ખબર નથી, ગુજરાત માટેનું વિશેષ ગૌરવ એમના દિલમાં નથી. ગુજરાત માટેની લાગણી એમનામાં નથી એટલા માટે જ આ પરિણામ ભોગવો છો. તેમાં હસવાની જરૂર

• * (XXX) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યો છે.**

નથી બાપુ. મારે દુ:ખ સાથે કહેવું પડે છે. તમારા આંકડા જે બોલ્યા છો તે આંકડા ઉપર હું આવું છું. (અંતરાય) હું ધીરે ધીરે બધા આંકડા ઉપર આવું છું. ગૃહને જે રીતે ગેરમાર્ગે દોરવામાં આવ્યું છે તે પણ હું તમારી સમક્ષ લઈને આવું છું. હું આવું છું જોષીયારાજી, ધીરજ રાખો. ધીરે બાપુડીયા. અને એટલા માટે આપને કહું છું ગુજરાતના ગૌરવને બાજુમાં મૂકીને ગુજરાતના ખેડૂતોની sensitivity ને બાજુમાં મૂકીને ફકત રાજકીય કાવાદાવા સાથે આનો વિરોધ કરીને વાત કરવી અને ખોટાં ભ્રામક આંકડાઓ આપીને આ ગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કર્યો છે. આ દુ:ખદ ઘટના છે. દુ:ખ એટલા માટે થાય છે આટલું મોટું potential ગુજરાત હોય તેમને ખબર નથી. તેમણે આઈ.ટી.ના ક્ષેત્રની વાત કરી. ૧૯૯૮ની અંદર તેમણે તો સાહેબ તેમની જિંદગીમાં પ્રયત્ન કર્યો નથી. તેમને આઈ.ટી.શું છે તે ખબર નથી. સાહેબ, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ગુજરાતની અંદર ૧૯૯૮માં જ્યારે અમે એક બિલ્ડરને ફોન કર્યો કે અમારે આઈ.ટી.માટે બિલ્ડીંગ લેવું છે. ત્યારે કમનસીબે તે બિલ્ડરે કહ્યું કે આઈ.ટી. તો ઇન્કમટેક્સ તે સેન્ટ્રલ ગવર્મેન્ટમાં આવે આપણામાં કયાં આવે ? કમનસીબે આ પરિસ્થિતિ ગુજરાતની હતી. આટલું બધું પછાત ગુજરાતને રાખવામાં આવ્યું હતું અને ત્યાર પછી આજે આઈ.ટી.ના ક્ષેત્રની અંદર જ્યારે સરખામણી આંધ્ર અને કર્ણાટકની અંદર કરે છે ત્યારે આજે પણ હું દાવા સાથે કહું છું કે બેઝીક ઈન્ફ્રાસ્ટ્રકચરની અંદર ઓપ્ટીકલ ફાયબરના optimum use ની અંદર આજે ગુજરાત નંબર વન છે. હું આજે પણ કહું છું આ કમનસીબી છે (અંતરાય) તમને ખબર નહીં પડે તમે તેનો અભ્યાસ નથી કર્યો. તમે રાજકીય કાવા દાવા કર્યા છે. જ્ઞાતિઓમાં ભાગલા પડાવ્યા છે. મને ખબર છે. આંધ્રપ્રદેશની સરખામણી કરતાં ખાલી આંધ્રપ્રદેશના ASWAN અને ગુજરાતના GSWANની સરખામણી કરીને લાવો સાહેબ. હું આજે તમને કહું છું કે આંધ્રના ASWAN અને ગુજરાતના જીસ્વાનના સંદર્ભમાં ગુજરાતનું જીસ્વાન આગળ છે. આજે પણ આંધ્રમાં જઈને પૂછી આવો કે આંધ્રમાં જેમ ગુજરાતની અંદર સ્માર્ટ કાર્ડ છે તેમ આંધ્રમાં સ્માર્ટ કાર્ડ છે ખરું ? હજુ આજે પણ પૂછો આંધ્રના બધાજ અધિકારીઓ ગુજરાતમાં આવે છે. ગુજરાતના ચેક પોસ્ટની કોમ્પ્યુટરાઈઝેશન અને તે એવોર્ડોની વાતો કરે છે. વર્લ્ડ બેન્કે ગુજરાતના ઈ-ગવર્નન્સના પ્રોજેકટના સંદર્ભમાં આ ગુજરાતને એવોર્ડ આપેલો છે તે રેકોર્ડ ઉપર છે સાહેબ. (અંતરાય) બતાવવું ના પડે તે જગ જાહેર છે. તમને ખબર નહીં પડે. "જ્ઞાની સે જ્ઞાની મિલે કરે જ્ઞાન કી લૂંટ, જ્ઞાની સે અજ્ઞાની મિલે કરે માથાકૂટ." આ તકલીફ તમારી સાથેની છે ભાઈ. મારે કયાં તમારી સાથે વાત કરવાની અને એટલા માટે કહું છું તે ઇન્ડસ્ટ્રીના સંદર્ભમાં વાત કરે છે અને ગુજરાતની સરખામણી કરી રહ્યા છે. (અંતરાય) મારે એટલા માટે કહેવું છે કે, આ મારા સભ્યશ્રીઓ બેઠા છે તે બધાજ પહેલી બીજી વખત મારી જેમ ચૂંટાયેલા છે, નવા છે. મારા જેવા. એટલા માટે તેમને યોજનાઓની ખબર નહીં પડે. યોજના પેપર ઉપર પડી છે કે યોજના ઈમ્પ્લીમેન્ટ થઈ છે. મેં ગયા વખતે કહ્યું હતું કે તમારા આખા શાસન કાળ દરમિયાન પાણી પુરવઠાની યોજનાઓનો અભ્યાસ કરો. તે વખતે મેં કહ્યું હતું કે તમે ૪૯ યોજનાઓનું આયોજન કર્યુ હતું, ૯ યોજનાઓ પૂરી કરી હતી. અમે ૧૫૯ યોજનાઓ મૂકી પાણી પુરવઠાની તે પૂરી કરી. ગુજરાતના ગામડાંઓને પાણી પૂરું પાડ્યું. તેમને ખબર નથી કે આજે પણ જે ટૅન્કરોના સંદર્ભમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયુ હતુ...અંતરાય... સુરતની વાત ના હોય એટલે તેમાં હું પાણીની ચર્ચા નહીં કરું. આ પાણીની ચર્ચા થાય છે, દારૂની ચર્ચા નથી થતી ભાઈ. સાહેબ, તેમને સમજાવો.

**અધ્યક્ષશ્રી** : આ બાજુ જોઈને વાત કરો, તમારી પાસે ટાઇમ નથી.

**શ્રી બિમલ શાહ** : અને એટલા માટે સાહેબ હું આપને કહેવા માગું છું કે, અમે જે કહ્યું છે તે કર્યુ છે. મને દુ:ખ એટલા માટે થાય છે કે જ્યારે સરખામણી બીજા રાજયોના સંદર્ભમાં આપણે કરી રહ્યા છીએ. આપણે આંકડા ખોટાં બતાવીએ છીએ ગુજરાતના કિસાનોની sensitivity ની વાત કરીએ છીએ, ખેડૂતોનું અપમાન કરીએ છીએ.

**અધ્યક્ષશ્રી** : તમારું પ્રવચન ચાલુ રહે છે, વિરામનો સમય થયો છે.

**વિરામ સવારના ૧૦-૩૦ થી ૧૧-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બિમલ શાહ : (ક્રમશ:):** માનનીય અધ્યક્ષશ્રી, હું કિસાનોના સંદર્ભમાં વાત કરી રહ્યો હતો. કિસાનોની સેન્સિટિવિટીના સંદર્ભમાં જે ઉલ્લેખ થયો છે એ ખરેખર દુ:ખનીય છે. મને લાગે છે કે ગુજરાતના કિસાનો કેટલા સેન્સિટિવ છે અને ગુજરાતના કિસાનો કઈ કક્ષા સુધી ગયેલા છે, એની જૂની વાત મારા મિત્રોને યાદ દેવડાવવી નથી. કિસાનોની સેન્સિટિવિટીની વાત એમને ખબર નથી. એટલા માટે જ એ વખતના બજેટના સંદર્ભમાં વિચાર કરીએ તો કિસાનોના સંદર્ભમાં એમણે કીધું કે સુજલામ્ સુફલામ્ યોજના હોય, અત્યારસુધી ખેડૂતો ખેતી કરતા હતા, પણ એમને ખબર નહોતી કે શાની ખેતી કરવી? પાણી માટે પ્રયત્ન કરે તો એ પણ મળે નહીં. (અંતરાય) મને દુ:ખ થાય છે કે કુંવરજીભાઈ વચ્ચે બોલે છે.

**અધ્યક્ષશ્રી** : સભ્યશ્રીઓ, બીજા સભ્યોને સાંભળવાની સહનશકિત કેળવો, પ્લીઝ. એ શકિત કેળવવી પડશે. પ્લીઝ. બળદેવભાઈ, તમને ખાસ કહું છું. તમારું બોલવાનું કાયમ ચાલુ રહે છે.

**શ્રી બિમલ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે એટલા માટે ખાસ કહેવું પડે છે કે ખેડૂતોના સંદર્ભમાં કંઈ વિચાર થયો જ નથી. ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં ગુજરાતમાં ખેડૂતોની અને ખેતીની જે પ્રમાણે ઉપેક્ષા થઈ છે એ સ્વયં સ્પષ્ટ દેખાય છે. અમે એને માટે વિશેષ ચિંતા કરી છે. ખેડૂતો બિચારા ખેતી કરવા પ્રયત્ન કરે, બિયારણ નાંખે, વરસાદની પરિસ્થિતિ સારી કે ખરાબ હોય, પાક નિષ્ફળ જાય. આ બધી પરિસ્થિતિમાં શું વાવવું? આના માટેની ચિંતા પ્રથમ વખત જ આ સરકારે કરી છે. જણનારીમાં કેટલું જોર છે, જણનારી કેટલું પ્રાપ્ત કરી શકે તેમ છે, આ વિચાર પહેલા હતો? ખેડૂતોના સંદર્ભમાં વિચાર કર્યો તો જે જમીનમાં ખેતી થઈ રહી છે, એમાં કયું ઉત્પાદન થઈ શકે તેમ છે, કેટલું ઉત્પાદન થઈ શકે તેમ છે, એના માટે લેબમાં બેઠેલા બધા જ વૈજ્ઞાનિક મિત્રોને વિનંતી કરીને એમને ખેતર સુધી મોકલ્યા, સોઈલ ટેસ્ટના સંદર્ભમાં મોકલ્યા. અહીં આંકડા આપવા કે આ થયું અને આ ન થયું. એટલું સ્વીકારે કે આ પ્રયત્નો થયા છે આપણા વખતમાં?

સુજલામ્ સુફલામ્ યોજનાના સંદર્ભમાં કહું તો આવો વિચાર પણ એમને આવ્યો હતો? આનાથી કેટલા હેકટર જમીનને લાભ થવાનો છે, એની આપને ખબર છે? કેટલા જિલ્લાને કે કેટલા તાલુકાને લાભ મળવાનો છે? સાહેબ, આ બાબતની ચિંતા કે બજેટમાં પૈસા ફાળવ્યા છે એની વાત નહીં કરવી. પાણીમાંથી પોરાં કાઢીને રાજકીય અવલોકનો કરીને ગુજરાતનું અહિત શેમાં છે?, ગુજરાત વિરોધી, મુખ્યમંત્રી વિરોધી વાત કેમ કરી શકાય? એ જ વાત ધ્યાનમાં રાખીને બજેટ પર વાત કરવી એ દુ:ખનીય અને નિંદનીય છે. ગુજરાતના સર્વાંગી વિકાસના સંદર્ભમાં જૂના બજેટની આવી ભૂકોનો આપ અભ્યાસ કરી જાઓ. ગુજરાતના એક એક માનનીય નાણામંત્રીશ્રીએ બજેટ મૂકયા છે. આપણા અંદાજપત્રના આંકડા કેટલા હતા? આજે તો એની અલગ અલગ વિચારણા કરીએ તો સાહેબ, એ વાત સાચી કીધી છે કે ૧૯૯૭-૯૮ના સંદર્ભમાં ૪૫૦૦ કરોડના બજેટના સંદર્ભમાં ૪૪૨૪.૨૬ કરોડ રૂપિયા તો મહિલા, બાળ વિકાસ, આવાસ, પીવાનું પાણી, શિક્ષણ અને આરોગ્ય માટે આપ્યા છે. આ વાત યાદ નહીં આવે. ગુજરાતના સંદર્ભમાં વાત કરે છે, ત્યારે હું એમને એમ વાત નથી કરતો.

ગુજરાતના સંદર્ભમાં હું વાત કરું છું ત્યારે ગૌરવ લેતા નથી કે મારા ગુજરાતના રોડ કેટલા સારા છે? તેમના સમયમાં જયાં આગળ ગુજરાતનાં ગામડાંમાં રસ્તા નહોતા અને અમે તો ગુજરાતનાં ગામડાંમાં ગોકુળ ગામના માધ્યમથી સિમેન્ટના રસ્તા આપીને આ વિકાસ પથ હોય, કિસાન પથ હોય એવી અનેકવિધ યોજનાઓને ધ્યાનમાં રાખીને ખાલી કિલોમિટર ગણશો તો પણ જોઈ શકશો કે આપણે કેટલા કિલોમિટરના રસ્તાઓ આવા બનાવ્યા છે? મને દુ:ખ થાય છે કે હૈદ્રાબાદના રસ્તાઓ ફોરલેન સરાઉન્ડિંગ બને છે એમ કહીને એના માટે ગૌરવ લે છે. તો અરે, આખો દેશ આજે ગુજરાતના રસ્તાઓ માટે ગૌરવ લે છે, આખા દેશમાંથી આવતા બધા ભાઈબહેનો આજે ગુજરાતના રસ્તાઓ માટે ગૌરવ લે છે કે ગુજરાતનું રસ્તાઓનું ઈન્ફ્રાસ્ટકચર સૌથી ઉત્તમ છે (અંતરાય) એ તો કોણે કેવા બનાવ્યા છે એ ખબર છે, પેપર ઉપર કામ, રસ્તાઓ પેપર ઉપર, જોબ નંબર પેપર ઉપર અને એવાં કામ આજે પણ હું સાબિતી સાથે કહું છું કે તેમના વખતના રસ્તાના સંદર્ભમાં જોઈ લે અને તે વખતે તેમણે આપેલ જોબ નંબરના રસ્તાઓનાં કામો, આજે પણ ફરીથી ૭ વર્ષ પહેલાં થયેલ કામો અમારી સરકારે ફરીથી કરવાં પડે છે અને એના માટેનું બજેટ ફાળવવું પડે છે. ખાલી પથ્થર મૂકાય, નામ મૂકાય અને માનનીય વજુભાઈના ઉદાહરણરૂપે વાપરેલા એ શબ્દો મને અત્યારે પણ યાદ આવે છે કે એમના ખાતમુહૂત કરેલા પથ્થરો કોઈ જગ્યાએ ખુલ્લામાં પડયા હોય અને એના ઉપર કુતરાં પેશાબ કરતાં હોય છે અને એ પથ્થર અમરસિંહભાઈએ મૂકયા હતા. એવા પથ્થર જેણે મૂકયા હોય અને એ પથ્થર મૂકીને એનાં ખાતમૂહૂર્ત થયાં હોય અને એનાં ઉદ્દ્ઘાટનની કોઈ પછી વાત નહીં. આજે હું દાવા સાથે કહું છું કે જે દિવસે અમે કોઈ યોજનાનું ખાતમુહૂર્ત કરીએ છીએ એ જ દિવસે એના ઉદ્દ્ઘાટન માટેની તારીખ પણ જાહેર કરીએ છીએ અને એ જે ઉદ્દ્ઘાટનની તારીખ જાહેર કરી હોય એ દિવસે એનું ઉદ્દ્ઘાટન અવશ્ય થઈ જાય છે અને એટલા માટે તેમને આ અંદાજપત્રમાં ખબર પડી નથી કારણ કે તેમણે એનો અભ્યાસ કર્યો નથી (અંતરાય) ભૂકંપમાં જેલમાં કોણ ગયું છે એ ખબર છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે અનંદની વાત એટલા માટે છે કે જે પ્રમાણે વાત થઈ કે સામાજિક સેવાઓમાં ૪૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઈ હોય, વાહન વ્યવહારમાં ગૃહના સંદર્ભમાં ૧૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થઈ હોય, એ તો ૧૦૦૦ નવી બસો દેખાશે ત્યારે ખબર પડશે, નવી સી.એન.જી. બસો દેખાશે ત્યારે ખબર પડશે, પરંતુ આ વખતે સાથે સાથે એક સૂચન કરું છું કે આજે ગામડાંની પરિસ્થિતિ આ લોકોએ બગાડી છે અને એટલા માટે કે ગામડાંમાં ફરતી જીપો આ બધાએ ભેગા થઈને ભાડે જીપો લઈને આપી છે . આ સૂચન હું એટલા માટે કરું છું કે (અંતરાય) જીપો છે એ બધાને ખબર છે, બધાની જીપો ફરે છે એ ખબર છે એમાં સ્પષ્ટતા કરવાની જરૂર નથી અને એટલા માટે હું તેમને જીપો માટે કહું છું કે આ જીપો ફરે છે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું એના હપતા ચૂકવે છે એના બદલે એને ટોકન કાર્ડ આપીને સરકાર એને ફેરવવાની મંજૂરી આપે, એનાથી સરકારની આવકમાં વધારો થશે. તો એમાં બેસવાની સંખ્યા નકકી કરીને કે આટલા પેસેન્જરોને જ બેસાડવાના. આજે ઘેટાં બકરાંની જેમ ૨૦ થી ૨૫ મુસાફરોને બેસાડવામાં આવે છે અને એકસીડન્ટ થતાં કેટલાય મુસાફરોનાં મોત થાય છે એના બદલે એમ નકકી કરવામાં આવે કે આટલા ૧૨ થી ૧૩ મુસાફરોને જ બેસાડવાના અને એના માટે કોઈ ગોલ્ડન ટોકન જેવી કોઈ ચોકકસ કિંમત નકકી

કરવામાં આવે તો આનાથી સરકારની તિજોરીમાં એ પૈસા જમા થાય. એમના સમયમાં તો કોઈના બંગલામાં, કોઈના ઘરમાં આ પૈસા જતા હતા. તો આ પૈસા સરકારની તિજોરીમાં જમા થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે જી.ઈ.બી.જેવું ખાતું કેમ નફો કરતું થઈ ગયું? અમારાં રમીલાબેન સાચું જ કહેતાં હતાં કે ૨ જ વર્ષમાં આ ૩૧ કરોડ રૂપિયામાંથી ૩૦૦ કરોડની આવક કઈ રીતે થઈ? તો અત્યારસુધી જે પૈસા તમારા ખીસામાં જતા હતા એ અમે સરકારી તિજોરીમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે, તમારા બંગલામાં જતા હતા, તમારા ઘરમાં જતા હતા એ પૈસા સરકારની તિજોરીમાં લાવ્યા છીએ. એટલા માટે કે આ વહીવટ સુધર્યો છે અને એ આંકડા બોલે છે, હું નથી કહેતો. ચોપડીનો અભ્યાસ કર્યો હોય તો એ આંકડા બોલે છે કે આ વહીવટ સુધર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે છેલ્લે એક વાત કરવી છે કે માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ગૃહને ગેરમાર્ગે દોર્યુ છે. આ આંકડા હું એટલા માટે આપું છું કે આ આંકડાની સાતત્યતા જોઈએ તો તેમણે વાત કરી એ પ્રમાણે ૨૦૦૧-૦૨ માં ૧૦૭૦૦ કરોડ ૩૯ લાખ રૂપિયાની વ્યાજની ચૂકવણી અને ૪૨૦૬ કરોડ ૭૧ હજાર રૂપિયા એટલે કુલ કર આવકની સામે ૩૯.૪ ટકા છે. પહેલી વખત ૨૬.૨૫ માંથી ૩૯.૪ ટકા થઈ, એટલે ટોટલ ૧૩ ટકાનો વધારો થયો છે. અને આજના સંદર્ભમાં એમણે જયારે વાત કરી છે ત્યારે ૨૦૦૫-૦૬માં ૧૮૫૩૩ કરોડ ૪૦ લાખ રૂપિયા, વ્યાજના ચૂકવાયા ૬૪૭૪ કરોડ ૪૧લાખ અને ૭ હજાર રૂપિયા, એટલે કુલ મહેસૂલી આવક સામે ૨૫.૭૬ ટકા, અને કુલ આવક સામે ૩૪.૯૩ ટકા, એટલે ૯ ટકા થાય છે. એટલે એમાં ઓછુ થયું છે, અને ૨૦૦૬-૦૭નો ડિફરન્સ ફકત ૮ ટકા છે. મારે એટલું જ કહેવું છે કે અડધું વાંચીને ગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરવો જોઈએ નહીં

**અધ્યક્ષશ્રી** : જલદી કરો, પ્લીઝ, એક મિનિટમાં પૂરું કરો.

**શ્રી બિમલ શાહ** : હા, જી. માનનીય અધ્યક્ષશ્રી, એમણે ૨૦૦૧-૦૨ ની કુલ મહેસૂલી આવક સામે રાજયના કરવેરાની આવકના પરસન્ટેઝ બતાવ્યા હતા. તે ૩૯.૯૦ ટકા છે, અને તેની સામે આ રાજયની આવકનો વધારો નીલ બતાવ્યો છે. આજે ૨૦૦૫-૦૬માં એ ૬૩.૮૪ ટકા છે. અને તેનાથી આગળ ૨૦૦૬-૦૭માં ૭૫.૭૭ ટકા છે. આ આંકડો એમણે વાંચ્યો તે પેપરના આંકડા વાંચીને હું કહું છું. આ ગૃહને બતાવું છું એટલા માટે મારે આ વિનંતી કરવી છે.

**અધ્યક્ષશ્રી** : બસ હવે આપનું પ્રવચન પૂરું થયું. માનનીય માધુભાઈ.

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. જયારે સત્તા ઉપર માણસ હોય ત્યારે તે અવાર નવાર વિરોધપક્ષની ટીકા કરતા હોય છે, પણ જયારે આ બજેટ જોઈએ તો એમાં માયા જાળ કહેવાય અને લોકોને, ગુજરાતની પ્રજાને એક કહેવત છે કે ઉપર ફૂગો ફૂટે અને કોઈ જાણે નહીં, નીચેથી ફૂગો જાય અને ઉપર જઈને ફૂટે તો કોઈને જાણ ન થાય કે કયાં ગયો એટલે એ રીતે આ માયાજાળ જેવું બજેટ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય માધુભાઈ, આપ જાણી શકો છો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : એટલા માટે તો કહું છું. આજે એ લોકો કહે છે કે ૫૦ વર્ષમાં કોંગ્રેસે શું કર્યુ?

**અધ્યક્ષશ્રી** : બજેટની વાત કરો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : કોંગ્રેસે જે કર્યુ છે તે કહું છું, ૧૯૯૫ સુધી કોંગ્રેસે શું કર્યુ છે તેના ઉપર જ હું કહું છું, દા.ત. નર્મદા ડેમની સ્થાપના કોણે કરી? રસ્તાઓ કોણે કર્યા? બિલ્ડીંગો કોણે બનાવી, અને તમે તો તેના ઉપર ચુનો ચોપડવાનું કામ કરો છો, થીગડા મારવાનું કામ કરી રહ્યા છો, ભલે આજે ગમે તે કહો, આ આંકડાની માયાજાળ બતાવી છે. મારે આપશ્રી દ્વારા સરકારનું ધ્યાન દોરવું છે કે કૃષિ યાત્રાઓ કરી, માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે ગુજરાતમાં કૃષિ યાત્રા, ગુજરાત પેટર્ન, આદિવાસી....(અંતરાય)....

**અધ્યક્ષશ્રી** : બીજાને સાંભળવાની સહન શકિત રાખો, પ્લીઝ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : માફ કરજો, બહેન, આ તો આંકડાની માયાજાળ છે.

**અધ્યક્ષશ્રી .** : માનનીય માયાબેન, તમે વચ્ચે બોલ બોલ કરશો તો માયાબેનમાંથી માયાવતી થઈ જશો.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : મુરબ્બી બહેનને મેં નથી કહ્યું. મારે એ કહેવું છે કે કૃષિ યાત્રાઓ નીકળે છે, આનંદ થાય, સાહેબ મોટા મોટા ઉત્સવોની ઉજવણી થાય, અમને આનંદ થાય. આપણા શાસ્ત્રોમાં કહેવાયું છે કે વર્ષોથી હિન્દુસ્તાનમાં, હિન્દુ સંસ્કૃતિમાં દરેક સમાજમાં જે તે સંસ્કૃત્તિના ઉત્સવો ઉજવાય છે, તે ઉજવાય તેનો અમને આનંદ છે. અત્યારે હોળી આવી ઉજવશે, દિવાળી આવી એનો ઉત્સવ પણ અમારા ભાઈઓ ઉજવશે. પરંતુ આ સરકારે રથયાત્રા કાઢી એના હું અનેક દાખલા આપી શકું તેમ છું. રથ લઈને ગામડાંમાં ગયા ત્યારે પુષ્કળ ગાડીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો અને આદિવાસી બહેનો. જે તૈયાર કરેલા ગીતો ગાતી હતી. " આલા રે આલા નવાબી આલા." એટલે નવું બિયારણ આવ્યું અને એમણે એમ કહ્યું કે ખૂબ પીકવા એટલે વરસાદ વરસાવો એનાથી મને આનંદ થયો. પરંતુ દુ:ખની વાત એ છે કે જે બિયારણ અમને આપવામાં આવ્યું

એ ડુપ્લીકેટ હતું. માનનીય મંત્રીશ્રી એમ કહેશે કે તમે એના પુરાવા આપો તો હું એ પણ આપવા તૈયાર છું. મારા પોતાના ખેતરમાં મેં વાવેલ હતું એ બિયારણ ડુપ્લીકેટ આપવામાં આવેલ હતું. તમે કોઈપણ રથ કાઢો ઉત્સવો કરો (અંતરાય) હું નાનો ખેડૂત છું મારા એકની પૂરતી આ વાત નથી બીજા સો ખેડૂતોને પૂછી જૂઓ. આદિવાસી ખેડૂતો ભાત પકવવાનું કામ કરે છે. આના માટેની જિલ્લા ખેતીવાડી અધિકારીએ કીટ બનાવી હતી એ અમને આપવામાં આવી છે. મેં આ અંગેની સંકલનમાં પણ ફરિયાદ કરી હતી ત્યારે મને કહેવામાં આવ્યું કે અમે તો સર્ટિફાઈડ બિયારણ લાવ્યા છીએ. તેથી માનનીય કૃષિ મંત્રીશ્રીને વિનંતી છે કે આવું ભવિષ્યમાં ન થાય એના માટે કાળજી રાખે.

બીજુ માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ કહે છે કે અમે ગુજરાતની પ્રજાને પાણી પાણી કરી દીધા. વાત તદ્દન સાચી છે. હું આંકડામાં આ તબક્કે જતો નથી. આ સરકારે અંબાજીથી ડાંગ સુધી, ડાંગથી સૌરાષ્ટ્ર સુધીના એકે એક ગામને પાણી આપી દીધું છે, કરોડો રૂપિયા ખર્ચ એની પાછળ કર્યો છે. આઠ હજાર ગામડાંને નર્મદાથી પાણી આપવાની વાત કરી એ પણ આનંદની વાત છે. એ કોણે કર્યું તે વખતે કોણે કરેલું એ તો બતાવે? આજે ૧૧૦ મીટર સુધીની નર્મદાની ઊંચાઈ લઈ ગયા છીએ. પરંતુ એની શિલારોપણ વિધિ કોણે કરેલી? જ્યારથી સ્વરાજ આવ્યું ત્યારથી ગણીએ તો અહીંયા જે આદિવાસી ભાઈઓ બેઠેલા છે, આ ગૃહની અંદર બેઠા છે એ આ કોંગ્રેસના પ્રતાપે બેઠા છે. જે દિવસથી આઝાદી આવી અને પછી આપણને અધિકાર મળ્યા એ ગૃહમાં હોય કે પાર્લામેન્ટમાં હોય આઝાદી લાવનારા કોંગ્રેસ અને મહાત્મા ગાંધીજી હતા. માનનીય દોલતભાઈને પૂછો..

**અધ્યક્ષશ્રી .** : માનનીય માધુભાઈ, આજે બજેટની ચર્ચા છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે :** માનનીય અધ્યક્ષશ્રી, આપની વાત સાચી છે પરંતુ આ લોકો અમારી ટીકા કરતાં હોય, વિરોધપક્ષની ટીકા કરતાં હોય ત્યારે મારે એનો જવાબ આપવો પડે. મારા મુરબ્બી અને સિનિયર નેતાઓ અમારી ટીકા કરતાં હોય એટલે કહેવું પડે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ સ્વરાજ્યની સ્થાપના કરી અને શ્રીમતી ઈન્દિરાજી ૨૦ મુદ્દાની યોજના લાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ મુદ્દાની યોજના ઇંદિરાજી લાવ્યા. અમારા આદિવાસીઓમાં કહેવત છે કે..

**અધ્યક્ષશ્રી** : માધુભાઈ, આપણે બજૅટ ઉપર બોલવાનું છે. પ્લીઝ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : ઇંદિરાજી જે યોજનાઓ લાવ્યા તેના નામો જ બદલ્યા છે. જવાહર યોજના. હવે બીજું જ કાઢ્યું છે. એવી અનેક યોજનાઓ કે જે અમારા કોંગ્રેસની યોજનાઓ હતી તેના ઉપર કલર ચોપડીને પાટીયા માર્યા છે. બીજું કંઈ કર્યું નથી. એટલે મારી આપના દ્વારા સરકારશ્રીને વિનંતી છે અને તેમાં ખાસ શિક્ષણ વિભાગ વિશે મુરબ્બી આનંદીબેનને મારી વિનંતી છે કે આદિવાસી હોય કે કોઈ પણ ગરીબ પ્રજા હોય આજે પણ અમારા નેતાશ્રીએ આંકડા આપ્યા છે. હું આપને કહું કે ગુજરાતમાં હજારો-લાખો વિદ્યાર્થીઓ આજે પણ ઝૂંપડામાં રહે છે અને પૂરું ભણવાનું મળતું નથી. જે મજૂરો મજૂરીએ જાય છે એ મજૂરોના શિક્ષણ માટે મેં અગાઉ સરકારને વિનંતી કરેલી કે અમારા ડાંગમાંથી ૪૫,૦૦૦ મજૂરો જાય, ૬૦,૨૫૦ બાળકો શિક્ષણથી વંચિત રહે તેના માટે અગાઉ સરકારને વિનંતી કરી હતી અને આજે પણ વિનંતી કરું છું કે આ બાબતે સુગર ફૅક્ટરીમાં જતા હોય કે જ્યાં જતા હોય તે છોકરાઓને ભણતર મળે એવી જોગવાઈ આ બજૅટમાં નથી દેખાતી. તેની સાથે ઉચ્ચ શિક્ષણમાં આજે મારે ટીકા કે ઠપકો નથી આપવો પણ એટલું ચોક્કસ યાદ દેવડાવીશ કે ઉચ્ચ પ્રાથમિક શિક્ષણમાં સરકાર પાસે તંત્ર નથી? સરકાર પાસે આટલો બધો ટૅક્નીકલ સ્ટાફ હોવા છતાં પણ એન.જી.ઓ.ને આપવામાં આવે છે. આજે અમારા ડાંગમાં ત્રણ હાઈસ્કૂલો, મુરબ્બી બેનને વિનંતી કરીશ, પીંપરીમાં આવીને જૂઓ, પરિસ્થિતિ શું છે?

**અધ્યક્ષશ્રી** : માધુભાઈ, આ બધું માગણીઓમાં આવશે. પ્લીઝ.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : એન.જી.ઓ. દ્વારા થાય છે, આપ સારું આપો. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા એક માગણી કરવી છે. મારી સિંચાઈ મંત્રીશ્રીને વિનંતી છે કે ડાંગ જિલ્લા પંચાયતમાં જિલ્લા શિક્ષણ અધિકારીની જગ્યા છ-છ મહિનાથી ખાલી છે એ ભરવી જોઈએ.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, બેસો. માધુભાઈ, આ બધું માગણીઓમાં આવશે. શ્રી બાલુભાઈ.

**શ્રી બાલુભાઈ તંતી (ધારી)**: માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મુખ્યમંત્રીશ્રીએ આ વિધાનસભામાં જ્યારે બજૅટ રજૂ કર્યું છે ત્યારે આ સર્વાંગી વિકાસવાળા બજૅટના સમર્થનમાં મારા કેટલાક વિચારો આપની સમક્ષ આ સભાગૃહમાં વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આજે એવા સમય વચ્ચેથી પસાર થઈ રહ્યા છીએ કે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પ્રવાહો કે વૈશ્વિકરણના સમયમાં પ્રવાહો બદલાઈ રહ્યા છે. આજે ગુજરાતનો ખેડૂત હોય, ગુજરાતનો વિદ્યાર્થી હોય, ગુજરાતનો શ્રમજીવી વર્ગ હોય કે ઉદ્યોગકાર હોય આ તમામ ક્ષેત્રમાં આજે આપણી હરિફાઈ આજે વિશ્વ સાથેની હરિફાઈ બની રહી છે. આ વૈશ્વિકરણના સમયમાં આ વિશ્વની હરિફાઈમાં આપણો ખેડૂત, આપણો બાળક, આપણો ઉદ્યોગકાર માથું ઉંચું કરીને કેમ જીવી શકે, તેનો માર્ગ કાઢી શકે તેના

માટેની વિવિધ યોજનાઓ માનનીય મુખ્યમંત્રીશ્રી બજૅટમાં લઈને આવ્યા છે ત્યારે હું તેમને અભિનંદન આપું છું. આંકડાકીય માહિતી મારી અગાઉના ઘણા મિત્રોએ આપી. હું પણ ગામડાંમાંથી અને ખેડૂતવર્ગ તરફથી આવનાર ધારાસભ્ય હોઈ, આ ગૃહને, ખેડૂતોના અને ગ્રામ વિકાસ માટે આ બજૅટની અંદર જોગવાઈઓ છે, જેમાં ગામડાના ખેડૂતોને અને ગ્રામ્ય જીવનને આમૂલ પરિવર્તનની દિશા તરફ લઈ જવાનો સંકેત છે. વિરોધપક્ષના નેતા જ્યારે વાત કરતા હતા, ગામ-ગામ વચ્ચે વૈમનસ્ય, જાતિ નાતિ વચ્ચેની વાત કરતા હતા. મને એ દિવસો યાદ આવે છે કે, જ્યારે ભારતીય જનતા પક્ષ વિરોધપક્ષમાં બેસતો હતો ત્યારે ગામડાનો એકપણ માણસ સલામત નહોતો, ગામડાના માણસો કાળી મજૂરી કરીને જ્યારે ઘેર આવે ત્યારે ૨૫-૫૦ હજારની ઉઘરાણી કરવાવાળા કેટલા આવશે એનું નક્કી નહોતું. સામાન્ય માણસ સુરક્ષિત નહોતો, ખેતીના વિકાસ માટેની કોઈ વાત રાજય સરકાર તરફથી કરવામાં આવતી નહોતી. વિરોધપક્ષના નેતાને કહું છું કે તમે ઇતિહાસ તપાસો.

માનનીય અધ્યક્ષશ્રી, આજે કૃષિ વિકાસની જેટલી યોજનાઓ છે એ જુઓ. પછી એ કદાચ ૭-૮ કિલોમીટરનો કાયદો રદ કરવાની વાત હોય, નવી અને જૂની શરતની વાત હોય, ગામડાઓને ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવાની વાત હોય, ટ્રૅક્ટરને ગાડાના સ્વરૂપમાં ફેરવવાની વાત હોય, જેના માટે ખેડૂતોએ અસંખ્ય આંદોલનો કરવાં પડ્યાં હતાં. આ ભારતીય જનતા પક્ષની સરકાર દ્વારા કલમના એક જ ઝાટકે રક્ષણ આપવાની વાત હોય. આ તમામ આંદોલનોના સરવાળારૂપે તમારા રાજયની અંદર જે કોઈ આંદોલનો કર્યા હતા જે કાંઈ કુરબાનીઓ આપી હતી, એના દાખલા છે, એનો ઇતિહાસ સાક્ષી છે. આઠ-આઠ ખેડૂતોને ગાંધીનગરના પાદરની અંદર ગોળીઓ દેવામાં આવી હતી એ ભૂલી ન જાવ. આ તમામ યોજનાઓ ગામડાઓની અંદર સમરસતા માટે આવી, ગામડાઓનું ગ્રામ્ય જીવન પુનઃધબકતું થાય, ગામડાનો દરેક માણસ ગામને એક કુટુંબ સમજીને રહે, એટલા માટે સમરસ યોજના લાવ્યા. કેટલાક મિત્રોને ખટકતી વાત સરકાર દ્વારા લાવવામાં આવી ત્યારે અમે જોયું છે કે, અમારી સામી પાટલીએ બેઠેલા લોકો દ્વારા એમાં રોડાં નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. પરંતુ હવે ગુજરાતની પ્રજા ચેતી ગઈ છે અને એના પરિણામે સમરસ યોજનાની અંદર લોકભાગીદારી કરાવવાના પ્રયાસો કર્યા.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની જ્યારે વાત કરીએ છીએ ત્યારે બદલાતા જતા પ્રવાહની અંદર જ્યારે ૨૧મી સદીમાં ડગ માંડી રહ્યા છીએ ત્યારે વૈશ્વિકરણની નીતિ પડકાર ફેંકી રહી છે ત્યારે આ ગુજરાતના ખેડૂતો આવનાર સંજોગો અને સમયની અંદર, આ હરીફાઈના યુગમાં એનો ઉત્પાદિત થયેલ માલ બજારમાં કેમ ટકી શકે? એની ચિંતા આજ સુધી કોંગ્રેસના મિત્રોએ કરી નહોતી. હમણાં કોંગ્રેસે કેન્દ્રનું બજૅટ બહાર પાડ્યું. એ બજૅટની અંદર નજર નાખી હોત તો ખબર પડત કે, ગુજરાતના કૃષિ માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. પંજાબ યુનિવર્સિટી માટે ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. ચાર-ચાર રાજયોમાં ૫૦૦-૫૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા. કૃષિ ક્ષેત્રમાં વૈજ્ઞાનિક અને ટૅક્નીકલ માટે ૪૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા અને કોંગ્રેસના મિત્રો દિલ્હીની ગાદી ઉપર બિરાજમાન હોવા છતાં ગુજરાતની ચિંતા ન કરી, ગુજરાતના ખેડૂતો માટે એકપણ પૈસો ગુજરાતને ફાળવવામાં આવ્યો નથી. હું એક વાત કરવા માગું છું કે, કૃષિ એ જીવંત વિષય છે, ગ્રામ્ય જીવન એ સંસ્કૃતિના ધબકાર સાથે જીવાતું જીવન છે અને જ્યારે કૃષિ એ સંસ્કૃતિ સાથે જોડાયેલ છે ત્યારે મને એક પંકિત અમારા લાઠીના કવિ કલાપીની યાદ આવે છે.

" રસહિન થઈ છે ધરા કે દયાહીન થયો છે નૃપ"

આપ બધા જાણો છો. જ્યારે રાજાને તરસ લાગે છે ત્યારે એ રાજા શેરડીનો રસ માંગે છે ત્યારે પહેલાં એક સાંઠામાંથી એક ઝાટકે એક ગ્લાસ ભરાઈ જાય છે. પરંતુ રાજાની નજર બગડે છે અને એને લાગે છે કે આ પ્રજા પાસે કૃષિ ઊપજ કેટલી આવે છે? એના માટે એના ઉપર ટેક્સ નાખવો જોઈએ, આ રોલ કોંગ્રેસના મિત્રોએ ભજવેલો છે. અને એના પરિણામે રાજાને સદ્‌બુદ્ધિ થઈ , દયાહીન થયો નૃપ, કૃષિ સાથે જ્યારે આત્મા જોડાયેલો ન હોય તો એના પરિણામો આપણને કયારેય મેળવી શકતા નથી. મેં અમારા કૃષિ મંત્રીશ્રીને ખેડૂતોની વચ્ચે એમની વેદનાઓ સાંભળતા જોયા છે. દુષ્કાળની અંદર અને જ્યારે વાવાઝોડું આવ્યું હતું ગુજરાતની અંદર ત્યારે બાગાયતી વિસ્તાર તરીકે કૃષિ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ મુલાકાત લીધી હતી ત્યારે ૧૨-૦૦ વાગ્યા સુધી બગીચાઓની અંદર કેટલા ઝાડ પડયા વગેરે ખેડૂતોની વેદના સાંભળવા માટે એ પોતે હાજર હતા અને ત્યારે મેં જે દૃશ્ય મારી નજર સામે જોયું છે એ ગૃહ સમક્ષ મૂકવા માગું છું. એક ખેડૂતના બગીચાની અંદર અમે જ્યારે પ્રવેશ કર્યો , કૃષિ મંત્રી અને અન્ય આગેવાનો સાથે ત્યારે એ ખેડૂત ચોધાર આંસુથી રડવા મંડયો હતો અને ભુપેન્દ્રસિંહજીના ખભે માથુ ટેકવી અને જ્યારે ચોધાર આંસુએ રડતો હતો ત્યારે મેં માનનીય ભુપેન્દ્રસિંહજીના ચહેરા ઉપર નજર ફેરવી હતી, તો એમની આંખમાંથી પણ આંસુ ટપકતાં હતાં. આ પ્રકારની લાગણી સાથે જ્યારે કૃષિમાં નેતા જોડાય ત્યારે આ રાજયનો ખેડૂત સક્ષમ થઈ શકે. કોંગ્રેસના વખતમાં ખેડૂતોને નોધારા મૂકી દેવામાં આવ્યા હતા. ખેડૂતોને એમના માલની ઉત્પાદન કિંમત ઉંચી જાય અને બજાર ભાવ જ્યારે ન આવે ત્યારે ખેડૂતોને રેઢા મૂકી દેવામાં આવ્યા હતા. પ્રથમ વખત ભારતીય જનતા પક્ષે એમના બજૅટની અંદર સમાવેશ કરી અને તળીયાના ભાવથી માર્ગ બજારની અંદર ઉભા રહેવાનો

દાખલો બેસાડયો છે. મને યાદ છે એ દિવસો કે રૂપાલાસાહેબ જ્યારે કૃષિ મંત્રી હતા ત્યારે સરકાર બજારની અંદર ખેડૂતોના ભાવથી, ટેકાના ભાવથી ખરીદવા માટે આ માર્કેટની અંદર ઉભી હતી, સરકારે ત્યારે એક પણ પૈસાની ચિંતા નહોતી કરી કે આની અંદર ખોટ જશે અને એ વખતે સામી પાટલી ઉપરથી એમના ઉપર આક્ષેપો કરવામાં આવ્યા હતા કે ગુજરાત સરકાર ખેડૂતોના ભોગે તિજોરી સાફ કરી રહી છે અને આજે આપ વાત કરી રહ્યા છો ખેડૂતોના હિતોની?

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નાણા મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીએ જે બજૅટ મૂકયું છે એમાં સંમત થવા જેવું કશું છે જ નહીં કે જેમાં સંમત થઈ શકું. ભૂતકાળના અંદાજો પણ કોઈ સાચો પડયા નથી એટલે આમાં તો કોઈ સવાલ જ નથી રહેતો. જ્યારે મુખ્યમંત્રીશ્રી અંદાજપત્ર રજૂ કરતા હતા એમની જોશીલી ભાષામાં ત્યારે મનમાં થતું હતું કે આ વખતે ઘણા વર્ષો બાદ મુખ્યમંત્રીશ્રી બજેટ રજૂ કરે છે તો આ ગુજરાતની ૫ કરોડની જનતા માટે કંઈક નવું લઈને આવ્યા હશે માટે હું પણ ખુશ થતો હતો પરંતુ સાંજે આ ચોપડી મળી અને કયાંક અને કયાંક કોઈ ઉદ્યોગકારને કે મૂડીપતિને કંઈક ફાયદો થાય, બાકી ગુજરાતનો ગરીબ ખેડૂત કે કોઈપણ મજુર માણસને ફાયદો થાય એવું આ ચોપડીમાં કયાંય એક પણ શબ્દ દેખાતો નથી. એમણે જે જે ફાયદા કર્યા છે એમાં મારે એટલું જ કહેવું છે કે આમાં કયાંય કોઈ ખેડૂતના દીકરાને ફાયદો છે ખરો? કોઈ ગરીબના દીકરાને કોઈ ફાયદો છે? કોઈ નાનો રોજગાર છે? ગામડાની અંદર રોજીરોટી મળે છે એમાં એક અંશ પણ ફાયદો થાય એવું હોય તો મને આમાંના કોઈ એમના મિત્રો બતાવે. બિમલભાઈ હમણાં ખેડૂતની વાત કરતા હતા કે વૈજ્ઞાનિક ઢબથી રથ કાઢ્યો, બિમલભાઈ રથ કાઢવાથી અને વૈજ્ઞાનિકોને સાથે રાખવાથી ખેડૂતોનો ઉધ્ધાર ન થાય, ખેડૂતોનો ઉધ્ધાર કરવો હોય તો બજેટમાં જોગવાઈ કરવી જોઈએ કે જે ખેડૂતના ખાતર, દવા, બિયારણ મળવાની ફેકટરી છે, એમના એમ.ડી. અને ચેરમેનની મુખ્યમંત્રીશ્રીથી પણ સારી ઑફિસો છે , એનો અઢળક નફો છે, મોટો માતબર પગાર છે, કોના ઉપર? ખેડૂતોની સંસ્થાના નામે એ ખાતરના ૫૦૦ ડી.એ.પી.ના કેમ? એની ઓરીજનલ કોસ્ટ ૨૫૦ રૂપિયા પડે છે. ડબલ પૈસા લે છે તો પણ કોઈ માઈનો લાલ ખેડૂતની વાત કરવા તૈયાર છે? એની તપાસ કરવા તૈયાર છે? બિલકુલ નહીં, કારણ કે એક બંધારણ છે, બાંધી દીધું છે, સહકારી ક્ષેત્રે ઈફકો, ગુફકો આપે સંઘને અને સંઘ આપે તાલુકા સંઘને અને તાલુકા સંઘ આપે મંડળીને અને મંડળીનો સભાસદ લે ખેડૂત, જે ભાવ છે એ નકકી, કોઈ બોલી શકે નહીં. બીજે ધીરાણ મળે નહીં, એના માટે કોઈને કોઈ તો વિચારો, આ ફુવારાને ડીપ આપ્યું એમાં એક કંપની રચી અને એનો નફો, આ ખાતરની ફેકટરી જે ખેડૂતોનું લોહી ચૂસીને ભેગા કર્યા. એમને જો જરા પણ ખેડૂતો પ્રત્યે લાગણી હોત તો ફેકટરીવાળાને પૂછો કે આટલા વર્ષથી નફો કેમ કરે છે? ખેડૂતોની સંસ્થા નફા માટે નહિ પણ સેવા માટે છે. ખેડૂતોને સાચો માલ આપે, ખોટો અને ખરાબ માલ આપે નહિ એના માટે સંસ્થા અને ફેકટરી છે. નફાને સબસિડીના રૂપમાં આપીને પાટલીઓ થપથપાવવા માટે નહિ. પરંતુ કોઈને પડી નથી. માત્ર વાતો કરી રથો કાઢ્યા, જલસા કર્યા અને વૈજ્ઞાનિકોએ ભાષણો કર્યા. ભાષણો કરવાથી પેટ ભરાતા નથી. એના માટે રોજી આપવી પડે. અમારી કેન્દ્રની સરકારે ગરીબ માણસને ફરજિયાત રોજીની ગેરંટી આપી છે. તમે નહિ આપો તો ઘરના ભરવા પડશે આને યોજના કહેવાય. ગરીબના પેટનો ખાડો પૂરવાની યોજના કહેવાય. તમારી જેમ વાતો નથી કરી. વીજળીના પાંચ પોઈન્ટ માફ કર્યા, બધા જાણે છે પણ બોલી શકતા નથી. આજે ખેડૂતોના મીટર બળી જાય અને જી.ઈ.બી.ને રિપોર્ટ આપે કે અમારું મીટર બળી ગયું છે, માનનીય મંત્રીશ્રી સાચું કહું છું. ત્યાં એમ કહે કે સાત દિવસ પછી આવો. નવા મીટરના પૈસા ભરાય પણ સાત દિવસે પણ નવું મીટર ન આવે અને ઊભો પાક બળીને ખાખ થઈ જાય એવી પરિસ્થિતિનું નિર્માણ થાય. પછી આવીને કહે કે તેં ચોરી કરી છે, બંધ કરી દીધું છે, પૈસા ભરો. આ તે કેવો જૂલમ છે? કયું અહિત ખેડૂતે કર્યું છે? ચિલ્લાઈ ચિલ્લાઈને ખેડૂતો રોવે છે. તમારામાં ખેડૂતો પ્રત્યે જરા પણ દયા હોય તો થ્રી ફેઝના બદલે સિંગલ ફેઝ આપો છો એ કૂવો કે દીવાબત્તી માટે મફત વાપરે છે અને ૫૦ ટકા સબસિડી આપીએ છીએ. તમે ૧૪ કલાકના બદલે ૮ કલાક પાવર આપો છો એ એટલા માટે આપો છો. તમને ખેડૂતોની લાગણીની જાણ નથી. માત્ર ઉદ્યોગપતિઓને જોઈએ છે. (અંતરાય) એમાં અમને ખબર ન પડે. ગઈ કાલે નીલ ગાયની વાત થઈ. નીલ ગાય સરકારની પ્રોપર્ટી છે અને ગાય માતા છે એ અમારી પ્રોપર્ટી છે. ગાંધીનગરના રોડ ઉપર ઉદ્યોગપતિઓને કે મોટા લોકોને ગાય આડી આવે તો ઉપાડી જાઓ, ભરી જાઓ, ડબ્બામાં મૂકી દો, પાંજરાપોળમાં મૂકી દો. તમારી તાકાત હોય તો ખેડૂતો બિયારણ કરે છે, ગરીબ માણસો લોહી રેડીને ઉત્પાદન કરે છે એ નીલ ગાય ખાઈ જાય છે. નીલ ગાય સરકારની પ્રોપર્ટી છે તો તમારી જવાબદારી છે એટલે ખેડૂતને થયેલ નુકસાન ભરપાઈ કરી આપો. ગઈ કાલે પ્રશ્નમાં કહેવામાં આવ્યું કે ૧૯ કામો મંજૂર થયા ત્રણ બાકી છે. બાકી કેમ છે? તો કહે ગ્રાન્ટ નથી. આ કઈ જાતની માનસિકતા છે? એકના એક ખેડૂતની કયાં સુધી ઠેકડી ઉડાડવાની? ભૂતકાળની વાત છોડો. કોઈક તો વિચારો?

માનનીય અધ્યક્ષશ્રી, પાણીની વાત કરું તો આંકડાની માયાજાળમાં આટલા હજાર કરોડ ખર્ચાયા. પણ ખેડૂતોના ખેતરમાં શું ગયું? સરસ્વતી નદીમાં પાણી ભર્યું એટલે ખેડૂતોની સિંચાઈ વધી ગઈ? બજૅટની બુકમાં

લખ્યું છે કે કૃષિ મહોત્સવ દરમિયાન ૩૦ દિવસમાં ૩૩,૮૬૪ જળ સંચયના કામો કરવામાં આવ્યા. એના પરિણામે બધા તળ ઊંચા આવી ગયા. આ કેવી વાત છે? કઈ જાતની ફિલસૂફી છે? ક્યાં સુધી જનતાને મૂર્ખ બનાવતા રહેશો? આ તમારી સત્તા છે અને લોકશાહી છે, એટલે નગરપાલિકા અને કોરપોરેશનમાં અમે કબૂલ કરીએ છીએ કે તમને સત્તા આપી છે. પણ કંઈક તો વિચારો. સત્તા જોઈ ફાટ ફાટ ન થઈ જાઓ.

**અધ્યક્ષશ્રી** : માનનીય ગોવાભાઈ, હાથની કાળજી રાખજો, પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, રસ્તાઓની વાત કરી. માનનીય મંત્રીશ્રીએ રસ્તાઓની વાત કરી છે. હમણાં કોઈએ કહ્યું કે ગુજરાત પહેલા નંબરે છે. ગયા બજૅટની બુકમાં રાજસ્થાન મંડળની બોર્ડરથી ડીસા સુધી પ્રાઈવેટ કંપનીને ૨૫ કરોડમાં રોડ આપ્યો છે અને રોડ હિન્દુસ્તાનનો નંબર વન થશે. આજ સુધી એનો સરવે પણ નથી થયો. બીજું બજૅટ આવ્યું, આ વાસ્તવિકતા છે. ગઈ વખતે ૨૫ કરોડની જોગવાઈ બતાવી હતી. આ રહી ચોપડી. આ જાતનું આપણે ક્યાં સુધી કરતા રહીશું? દરેક ચીજની અંદર કયાંક ને કયાંક આ રીતે વાત કરવી.

પાણી પુરવઠાની વાત કરું તો ગામડે ગામડે બોર, હેન્ડપંપ કર્યા, હેન્ડપંપમાં પાણી જ નથી. બોર છે તો બોર ૬-૬ મહિના કરેલા બતાવું, બોર કર્યા તો પાઈપલાઈનની જોગવાઈ નથી, પાઈપલાઈન આવે તો એમાં ૧૦ની મોટર ચાલશે, બીજી જોગવાઈ નથી. એક વર્ષ સુધી ભૂંગળા ઊભાને ઊભા રહે અને કહેકે અમે આટલી સિદ્ધિ કરી આ કઈ જાતનું છે?

શિક્ષણ છે તો શિક્ષણ એક આખો ધંધો થઈ ગયું છે. લોકો હાઈસ્કૂલ કરે એમાં બે છોકરા નોકરી કરશે એટલે આપણું ચાલશે. બહેન પ્રાઈવેટાઈઝેશન બંધ કરો, ગરીબ માણસ ના ભણી શકે. બી.એડ કૉલેજમાં જવું હોય તો ચારથી પાંચ લાખ ડોનેશન લે છે. હું તમારો દોષ નથી ગણતો, આપણે પ્રાઈવેટાઈઝેશનને છૂટ આપી છે, નૉન-ગ્રાન્ટેબલને છૂટ આપી છે •* (XXX)

**પ્રો. ચંદ્રકાંત મો. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પૉઈન્ટ ઓફ ઑર્ડર છે, આ લૂંટવા માટેનો જે શબ્દ વાપર્યો છે * (XXX) ' એ અસંસદીય શબ્દોનો વારંવાર માનનીય સભ્યશ્રી ઉલ્લેખ કરે છે.(અંતરાય)

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : મારા જેટલી વાસ્તવિકતા કોઈ નહિ કહે (અંતરાય)

**અધ્યક્ષશ્રી .** : એ અસંસદીય શબ્દો છે એને પૉઈન્ટ ઓફ ઑર્ડર ના કહેવાય. બેસી જાવ પ્લીઝ.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની વાત કરું, પી.એચ.સી., સી.એચ.સી. ગામડાની અંદર ૨૫૦૦૦ની વસ્તીએ પી.એચ.સી. છે. તમને પૂછું છું કે તમે ત્રણ વર્ષમાં કેટલા પી.એચ.સી. વધાર્યા, જે છે એને મૉડર્ન બનાવ્યા, સ્ટાફ, સાધનો કેટલા વધાર્યા? એ તમે માર્ક કરો. (સમય સૂચક ઘંટડી) જે જિલ્લા પંચાયતના હતા એ (અંતરાય)

**અધ્યક્ષશ્રી :** કાળુભાઈ, મેં બહુ બોલવા દીધા છે, પછી કેટલુંક હોય.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી (કુંડલા)** : માનનીય અધ્યક્ષજી, આ ગૃહમાં આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી એ જે બજૅટ રજૂ કર્યુ છે એમાં હું અનુમોદન આપવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષજી, અમારા વિરોધપક્ષના સભ્યશ્રીઓ ખેડૂતની બહુ ચિંતા કરે છે, એટલી બધી ચિંતા કરે છે પણ એમની નીતિ કાંઈક જુદી છે. અમારી દેશી ભાષામાં કહેતા હોય છે * * (XXX)

**અધ્યક્ષશ્રી :** આ અસંસદીય શબ્દો હું રદ કરું છું. થોડુંક ધ્યાન તો રાખો, પ્લીઝ.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષજી, મારે આ ગૃહને કહેવું છે કે વિરોધપક્ષના નેતા ગુજરાતની ચિંતા કરતા હતા અને દાખલા આપતા હતા કે આંધ્રમાં અને મહારાષ્ટ્રમાં ખેડૂતો માટે આટલું આટલું કર્યુ તો મને એમ થતું હતું કે વિરોધપક્ષના નેતા સ્વાભાવિક છે કે ગુજરાતની વાત કરે.

માનનીય અધ્યક્ષજી, આ ગુજરાતમાં ૮૦ થી ૯૫ સુધીમાં વખાણ કરવાનો એક પણ મુદ્દો ના મળ્યો. કારણ કે, એમના પૂર્વજોએ ૮૦ થી ૯૫ સુધી એવા એના કાર્યો નથી કર્યા માટે વિરોધપક્ષના નેતા અહીંયા વાત કરી શકે. એટલે એમને છેક આંધ્ર અને મહારાષ્ટ્રમાં જવું પડે. નહિતર સ્વાભાવિક છે કે આપણા દીકરા હોય એ વડીલોના વખાણ કરે કે અમારી ત્રણ પેઢીના વડીલો આવા હતા અને એમણે આવું કર્યુ આ કોઈના કરી શકાય? એમાં હવે હું એ નથી સમજી શકતો કે વડીલોના શું કામ વખાણ નહોતા કરતા? કારણ કે, ૮૦ થી ૯૫ સુધી આ ગુજરાતના ખેડૂતોની હાલત એવી કરી હતી અને આ પક્ષમાં બેઠેલાને મારે પૂછવું છે કે આ રાજ્યમાં સલામતી જેવું કાંઈ હતું જ નહિ. આ ગૃહમાં બેઠેલા આરોગ્ય મંત્રીશ્રી જે પાટીદારના દીકરા હતા. એને ગોળીએ દેવામાં આવ્યા હતા. આ ગૃહમાં ધારાસભ્યશ્રી પોપટભાઈ સોરઠીયાને અસામાજિક તત્વોએ ગોળી મારીને ફાયર કર્યો હતો. ૧૯૮૦ થી ૧૯૯૫ સુધીમાં એ વાત કરે તેમ ન હતી. અહીં ખેડૂતોની વાત કરે છે (અંતરાય) આ ૧૯૮૦ થી ૧૯૯૫ સુધીનો વહીવટ એવો થયો કે પીવાનું પાણી પણ લોકોએ રહેવા ન દીધું.

---

**• * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

* * (XXX) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા.

૨૦૦૦ ફૂટ સુધી દાર કર્યા. ૨૦૦૦ ફૂટ ઉંડુ પાણી વાપરીને પીવા લાયક પાણી રહેવા ન દીધું, શું બોલે. ગોવાભાઈએ રાડો નાખી, બહુ તાકાતથી બોલ્યા પણ પ્રમાણપત્ર તો પ્રજા આપે હજી આપણે ચાર મહિના પહેલા પ્રજા પાસે ગયા હતા. (અંતરાય) ફોટા લગાડે તો પણ મારે કહેવું છે મુખ્યમંત્રીશ્રી આ રાજય કેવું ચલાવે છે? અર્થતંત્ર પ્રગતિશીલ હોવું જોઈએ. પ્રગતિ વિકાસલક્ષી હોવી જોઈએ, વિકાસ રોજગારલક્ષી હોવો જોઈએ. રોજગાર ઉત્પાદનલક્ષી હોવો જોઈએ. ઉત્પાદન ગુણવત્તાલક્ષી હોવું જોઈએ. ભા.જ.પા.ની સરકારમાં કપાસ થાય તો ચીનવાળા લેવા સુરેન્દ્રનગર આવે. આ તાકાત આ રાજયની છે. ચીનવાળા છેક સુરેન્દ્રનગર કપાસ લેવા આવે છે. ગુણવત્તાલક્ષી, ઉત્પાદનલક્ષી, વિકાસલક્ષી, સમૃદ્ધિલક્ષી વિકાસ હોવો જોઈએ. રાજયના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતને નંબર-૧ બનાવ્યું છે. નંબર-૧ મુખ્યમંત્રીશ્રી છે અને સરકાર પણ નંબર-૧ છે. તમે તમારા હ્રદયને પૂછો. પૂર્વજોએ એવું કર્યું હતું કે બે બે ફૂટના ખાડા હતા. વાહન ચાલતા નહોતા. ગામડાંમાં ગોકુળ ગ્રામ યોજના લાવીને સરકારે સી.સી.રસ્તા બનાવ્યા છે. પીવાનું પાણી શુદ્ધ આપીને એકેએક તાલુકા મથકે (અંતરાય) દાંત ન કાઢે કામ કરે એના વખાણ હોય. કામા પુત્ર વહાલા લાગે. ગમે તેવા રૂપાળા હોય પણ કામ ન કરે તો પ્રજા ધક્કો મારીને કાઢી મૂકે. આપ દાંત કાઢો છો તો મારે એટલું જ કહેવું છે જયારે આજે શહેરી વિકાસ જેવું ગામડું બની રહ્યું છે. ગામમાં ૨૪કલાક લાઈટ મળે છે આ કાંઈ જેવું તેવું કામ નથી. ઝૂંપડા સુધી ૨૪ કલાક લાઈટ મળતી હોય તો એ ભા.જ.પા. સરકારની તાકાત છે. (અંતરાય) કોંગ્રેસ વખતે એક સુત્ર હતુ તમારું મને ખબર છે. તમે આમને આમ જ બગાડી નાખ્યું. ખેડૂતો ઉપર કન્ટ્રોલ રાખ્યો નહીં, ગુંડા ઉપર કન્ટ્રોલ રાખ્યો નહીં. મને તો અર્જુનભાઈ બોલતા હતા ત્યારે દયા આવતી હતી કે વિરોધ પક્ષના નેતાને બોલવા જેવો એક પણ શબ્દ નથી મળતો. ગુજરાતના વિરોધ પક્ષના નેતા આંધ્ર જઈને આંધ્રના વખાણ કરે છે. વિચાર તો કરો એમણે બેધડક કહેવું જોઈએ કે અમારી સરકાર હતી ત્યારે આટલુ આટલુ કામ કર્યુ છે. પણ કહેવા જેવું કાંઈ નથી. ઘ ડીક મહારાષ્ટ્રમાં જાય, ઘડીક કર્ણાટકમાં જાય. ગુજરાતના વખાણ કરો. ગુજરાતનો પનોતો પુત્ર જયારે કામ કરે છે. કોંગ્રેસવાળાનો તમે વિકાસ જુઓ અત્યારે ગામડે જાવ તો સામાન્ય માણસ એમ કહે કે આ કોંગ્રેસી ઘાસ છે. એને ઢોર પણ ન ખાય. માણસ પણ ન ખાય, કોઈ અડે નહીં. ગાંડા બાવળને. સરકાર વન પર્યાવરણ માટે કેટલી કામગીરી કરી રહી છે. તે દિ તમને ભગવાને કેવી કબુદ્ધિ આપી આ હૅલિકૉપ્ટર દ્વારા ગાંડા બાવળનું વાવેતર કર્યું. કોણ તમારી ઉપર વિશ્વાસ મૂકે? હું નથી માનતો કે ૨૦ વર્ષ સુધી તમારો વારો આવે. જ્યાં બાવળ ઉગાડ્યા એનો વારો આવે ખરો? અમે ગૌરવ સાથે કહી શકીએ આ બજેટમાં જોગવાઈ ૨૬૦૦ કરોડની કરે એ રાજ્યના મુખ્યમંત્રીશ્રી, ભાજપની સરકાર કરી શકે, બીજા કોઈની તાકાત નથી. તમે ગાંડા બાવળ ઉગાડો. તમારાથી નર્મદાના પાણી સૌરાષ્ટ્રમાં ન આવે. તમે જી.ઈ.બી. ના થાંભલા પડી જાય એવી વાતો કરો, પણ તમારાથી જ્યોતિગ્રામ યોજના ન આવે. ૧૫,૦૦૦ ગામડાને ૨૪ કલાક વીજળી આપવાની તાકાત છત્રીસની છાતી હોય એ આપી શકે, તો ગુજરાતના નંબર ૧ મુખ્યમંત્રી બની શકાય, બાકી ન બનાય. અહીયા વાત કરે એ વચન પાળી આપે અને બતાવી આપે એ ભારતીય જનતા પાર્ટીની સરકારની તાકાત છે. છત્રીસની છાતીવાળાના એક પડકારે આખું ગુજરાત અડીખમ ઊભું રહે છે અને ગુજરાતની પ્રજાને અભિનંદન આપું છું, એટલા માટે કે એ શક્તિશાળી પ્રજા એ હોંશિયાર પ્રજા છે, એ માણસ વીણી વીણીને કાઢી નાખે. સાવજ છે ને પેલા ઘેટા હોયને એમાં સાવજ પડે તો ઓલાને ફટાફટ ઉલાળી નાખે અને ૧૮૨માંથી ૪૯ લઈ ગયા અને ચોગડો ઉડી જવાનો અને નવડો જ રહેવાનો હવે. તમારે નવડા સિવાય ઉદ્ધાર નથી. તો તમારી દશા બેસવાની થઈ છે. હવે તમે સુધરો. હવે આ સાવજ આવી ગયો છે. આ નેરન્દ્રભાઈ મોદી ગુજરાતનો સાવજ છે, એના મોઢામાં આવીએ એટલે છેક બારા વયા ગયા સમજી લેજો. તમારી સીટો સાચવીને બેસજો, નહિતર એમાંથી ઓછા થઈ જશો, અત્યારે આમને બીક લાગી ગઈ આ અર્જુનભાઈ કાળી ધાઉ નાખતા હતા તે બીકાઈ ગયા.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ૨૦૦૬-૦૭ નું જે બજેટ લઈને આવ્યા છે, એમાં મારા થોડા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અંદાજપત્ર રજૂ કર્યુ, એની બુકલેટ હું બરાબર વાંચી ગયો છું ખૂબ સુંદર, રૂપકડા શબ્દ અને અલંકારિક ભાષા સાથે આ ગૃહની અંદર બજેટ રજૂ કર્યુ. મારે એક વાત કહેવી છે કે પૂર્વ વક્તાઓએ મારા સાથીદાર સભ્યોએ ઘણી સુંદર મજાની વાત ખેડૂતલક્ષી અને ઉર્જાલક્ષી કરી. કાળુભાઈ મારા સાથી સભ્યશ્રી ગામડામાં રહે છે. જો એમણે ખેડૂતોની વાત એમના હ્દય ઉપર હાથ મૂકીને કરી હોત તો મને થાત કે કાળુભાઈ બોલે છે એ ખૂબ સારી વાત છે. મારે એમ કહેવું છે કે ખેડૂતોને જે આની પહેલાની સરકાર ખેતીવાડી માટે જે વીજળી આપતી અને એના ભાગરૂપે જે ખેતીમાં ઊપજ લેતા. આજે જે વાડી વિસ્તારમાં રહે છે અને જેમને ૮ કલાક થ્રી ફેઈઝનો પાવર મળતો નથી, તેવા ખેડૂતોને જઈને પૂછો તો ખેડૂતોની શી હાલત છે. આજે ઊર્જાની સાથે સાથે મારે વાત એટલા માટે કહેવી છે કે જ્યોતિ ગ્રામ યોજનાની વાત. મારા સાથી મિત્રો કુદી કુદીને વાત કરતા હતા. એની સાથે એમણે ખેતીની ચિંતા કરી હોત તો ચોક્કસ એમ થાત કે ખેડૂતોનું હિત

ધરાવતા સાથી સભ્યશ્રીઓ બેઠા છે. ખેડૂતોને ધ્યાનમાં રાખીને ઊર્જાની વાત કરી છે. ૧૯૯૦ થી આજે ૨ લાખ જેવા ખેડૂતો વીજળી જોડાણ માટે લાઈનમાં ઊભા છે, એનો ક્યાંય ઉલ્લેખ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલ વીજ જોડાણ માટેની વાત, જુન-૨૦૦૪માં જે જાહેરાત આપી તેમાં ૬૪ હજાર જેટલા ખેડૂતોની અરજીઓ લીધી. તેઓને તત્કાલ ઝડપથી વીજ જોડાણ મળી રહે તેના માટે કોઈ ઉલ્લેખ આમાં નથી. તેના માટે ઊલટાનું ૮૫ કરોડ ૩૦ લાખ જેટલી રકમનો ચાલુ વર્ષમાં ઘટાડો કર્યો છે. વીજ જોડાણ માટે જીઈબીને જે સહાય આપવી જોઈએ તે ઓછી આપી છે. સાથે સાથે એક વાત કરવી છે. ગામડાઓના ખેડૂતોની સતત ચિંતા કર્યા કરે છે. આજે મોટા ભાગના ગામડાઓની અંદર જે ખેડૂતોએ પાક વાવ્યો છે તેને બચાવવા માટે જંગલી જાનવર નીલગાય અને રોઝથી બચાવવા માટે ઘરના પરિવારની ચિંતા કર્યા વિના વાડીમાં આખો રાતવાસો કરે છે. છતાં કહે છે કે અમે ખેડૂતો માટે આટલી વાત કરી છે. છેલ્લા એક વર્ષથી આ વાત ચાલ્યા કરે છે. જંગલી જાનવરોથી પાકને બચાવવા માટે ઘણીબધી યોજનાઓની વાતો થાય છે. બજેટમાં તેનો કોઈ ઉલ્લેખ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને વ્યાજબી ભાવની વાત કરવી છે. બે વર્ષ પહેલાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે કોઈ ખેડૂતોને પાકના ઓછા ભાવના કારણે કયારેય પરેશાન નહીં થવું પડે. આજે ડુંગળી, મગ, રાયડો અને ઘઉ જ્યારે ખેડૂતોના ઘરમાં આવવાની તૈયારીમાં છે ત્યારે આજે શું સ્થિતિ છે? ખબર છે? એક મહિના પહેલાં ઘઉંના ભાવ જે ૨૨૫ રૂપિયા હતા તે આજે ૧૬૦ રૂપિયા થયા છે. એટલે પંદર થી વીસ દિવસની અંદર ખેડૂતોના ઘરમાં ઘઉં જ્યારે આવ્યા છે તે વખતે ખેડૂતોને પૂરતા ભાવો ન મળે તો આજે જીરૂ, ઘઉં, ડુંગળી પકવતા ખેડૂતો કેન્દ્ર સરકારે ભલે જે ભાવની નીતિ નક્કી કરી હોય. પણ જો ખેડૂતોના હિત રાજય સરકારના હ્ય્દયમાં હોય તો અહીંથી પણ રાજય સરકારે વિશેષ મદદ કરીને ખેડૂતને ઊભો રાખી શકે છે. ફક્ત વાતો ખેડૂતોની થાય છે. અહીંયા વિધાનસભાની અંદર ખેડૂતપુત્રો બેઠા છે. તે જો પોતે ખરી વાત કરતા હોય તો એમ થાય કે જે કંઈ બજેટની અંદર જોગવાઈ છે તે ખરેખર સાચી વાતી છે. આમાં ઘણા મારા સાથી ધારાસભ્યો ખેડૂત દીકરા તરીકે બેઠા છે. તેમાંના ઘણા મનમાં સંકોચ અનુભવે છે અને કહે છે કે અમે તો પાર્ટીના ધારાસભ્યશ્રીએ એટલે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીને કંઈ રીતે કહી શકીએ? તમે વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓ સાચી વાત આ ફલોર ઉપર મૂકો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત સિંચાઈની કરવી છે. ધારાસભ્યશ્રી બિમલભાઈ શાહ વાત કરી રહ્યા હતા. તા.૨૮/૨ની પ્રશ્નોત્તરીની અંદર પ્રશ્ન નં.૫ છે તેની અંદર આ રાજય સરકારે છેલ્લા બે વર્ષની અંદર પંદર જેટલી સિંચાઈ યોજનાઓના ખાત મુર્હૂત કર્યા છે અને આ પંદરમાંથી છ ખાત મુર્હૂત કરેલી યોજનાઓ તો પડતી મૂકી છે. છતાંય એમ કહે છે કે આજે ખાત મુર્હૂત કરીને કાલે કામ શરૂ કરીશું. જે વાત કરી છે તે વાત કરતાં પહેલાં આપણે વિચારી લેવું જોઈએ કે વાત શું કરીએ છીએ? અને ખરેખર વાસ્તવિક પરિસ્થિતિ શું છે?

બજેટની અંદર આપના ધ્યાન ઉપર એક વાત મૂકવા માગું છું કે સિંચાઈની ભલે ગમે તેટલી વાત થતી હોય પણ ભૂતકાળમાં થયેલી સિંચાઈ યોજનાઓને નિભાવવા માટે, એની જાળવણી માટે, કેનાલ મરામત માટે આમાં બીજે કયાંય વિશેષ કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી. અછતના અંદર જે કામ થયા હોય તેને પૂર્ણતાના આરે લઈ જવા માટે કોઈ જોગવાઈ થઈ નથી છતાંય સિંચાઈની ખોટી વાતો કરવામાં આવે છે. જૂની વાતને ભૂલી અને નવું જ કંઈક પ્રજા સમક્ષ મૂકવાનું. ફકતને ફકત લોકોને છેતરવાની ઘણીબધી પ્રવૃત્તિઓ થઈ રહી છે. બજેટના ભાગરૂપે આમાં કોઈ ઉલ્લેખ નથી. બોરીબંધની વાત આમાં ભુલાઈ ગઈ છે. ખેત તલાવડીની વાત આમાં ભૂલાઈ ગઈ છે. બોરીબંધ છે તે કોના માટે આપ્યા હતા. કારણકે અમે ગામડામાં રહીએ છીએ, ગામડાના લોકોની વાત સાંભળીએ છીએ એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના ધ્યાન ઉપર એટલા માટે મૂકવા માગું છું કે બોરીબંધ કોના માટે આ યોજના દાખલ કરી હતી? ફકતને ફકત ભારતીય જનતા પક્ષના કાર્યકરોને આર્થિક સધ્ધર કરવા માટેની યોજના હતી. આ વર્ષે બંધ થઈ ગઈ. એમાં બીજી કોઈ જોગવાઈ નથી. આજે બોરીબંધનું કોઈ જગ્યાએ અસ્તિત્વ નથી. ગામડાનો પ્રવાસ કરવાવાળા લોકો અમે છીએ અને અમે જોયું છે કે કોઈ બોરીબંધનું અસ્તિત્વ નથી આ વાસ્તવિક સ્થિતિ છે.

મારે બીજી પણ એક વાત આપના ધ્યાન ઉપર મૂક્વી છે, શિક્ષણ અંગેની વાત કરવી છે. આની પહેલાં માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણમાં પ્રાથમિક શાળાઓના ઓરડાની વાત કરતા હતા , ઘણા બધા સભ્યશ્રીઓ કૂદી કૂદીને વાત કરતા હતા, તો આની અંદર એલ એન્ડ ટીના અમુક ઓરડાઓ લાવ્યા હતા એનો કોન્ટ્રાકટ કયાંથી અપાય તો ગાંધીનગરથી અપાય. પણ આજે એ ઓરડાઓમાં કોઈ પણ વિદ્યાર્થી બેસી ન શકે એવી સ્થિતિ છે, એલ એન્ડ ટીની સાથે સાથે જે ખાસ કરીને સિન્ટેક્ષના રૂમની વાત એટલા માટે કરવા માગું છું કે, જે પાકું બાંધકામ થઈ શકે એવડી મોટી કિંમતમાં આ સિન્ટેક્ષના રૂમ એ કોઈ કંપનીને કંઈક ફાયદો કરાવી આપવા માટે થઈને સીધો કોન્ટ્રાકટ આપીને ગામડાંમાં આવા રૂમો ઊભા કરવામાં આવ્યા પણ એમાં એક પણ વિદ્યાર્થી ઉનાળામાં બેસી શકતો નથી. એ વખતે પણ અમે આ ધ્યાન ઉપર મૂક્યું હતું કે આવા એલ એન્ડ ટી અને સીન્ટેક્ષના રૂમો પાછળ ખોટો, વ્યર્થ ખર્ચ આ સરકાર મારફતે થઈ રહ્યો છે, આજે એ શાળાના રૂમો કાગળ ઉપર બતાવાય છે, સેટ અપ મુજબ એ ગામની અંદર એટલા રૂમ મુકાય છે પણ એ રૂમની અંદર એક પણ

વિદ્યાર્થી બેસી શકતો નથી એની સાથે સાથે મારે એ પણ વાત કરવી છે કે ( સમયસૂચક ઘંટડી) માનનીય અધ્યક્ષશ્રી, મારે એક સૂચન કરવાનું છે. આપણે ગરીબ, આર્થિક રીતે નબળા વર્ગના ગામડાઓની વાતો કરીએ છીએ. હું દાખલો અને ઉદાહરણ પુરાવા સાથે કહેવા માગું છું કે, ગામડાની અંદરના ભાગની અંદર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સુવિધાના અભાવે આજે ગામડાંઓની ઘણી બહેનો- દીકરીઓ માધ્યમિક શિક્ષણ છોડી રહી છે.

**ડૉ. કનુભાઈ કળસરિયા (મહુવા)** : માનનીય મુખ્ય મંત્રીશ્રી જે સભાગૃહ સમક્ષ અંદાજપત્ર લઈને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે હું ઊભો થયો છું.

સૌથી પ્રથમ તો આપણી સંસ્કૃતિને અનુરૂપ એમાં, ઓમ્ સહના વળતુ, સહનૌ ભૂનક્તુ, સહવીર્યમ્ કરવા વહૈ, તેજસ્વીના વધી તમસ્તુ, મા વિદ્‌વિષા વહૈ, ઓમ્, શાંતિઃ, શાંતિઃ, શાંતિઃ. જે પાર્થનાથી આપણે દિવસની કાર્યવાહી શરૂ કરીએ છીએ, બાળકો શાળામાં પોતાનો અભ્યાસ શરૂ કરે છે એની પહેલી જ વખત આ બજૅટમાં એ ભાવના વણીને એક ઉત્તમ ઉદાહરણ આ સરકારે પુરુ પાડ્યું છે. આ ભાવનાને ચરિતાર્થ કરવા માટે , આગળ વધવા માટે આ સરકાર કટિબદ્ધ છે, સૌને સાથે લઈને ચાલવાનું, સૌનો સાથે વિકાસ કરવાનો, સૌની ભાવનાની કદર કરવાની અને સાથે જ આપણે શકિત પ્રાપ્ત કરીને શાંતિ થાય એવી ભાવના આમાં વણી લેવામાં આવી છે. રાજકીય અવલોકનો તો ખૂબ થાય છે અને એ સ્વાભાવિક પણ છે, એક વાત મને યાદ આવે છે, સતત વિચારમાં આવે છે કે રાજકીય રીતે આ કોંગ્રેસના આ સાથી મિત્રોએ કાર્યો નથી કર્યા એવું નહીં, ખૂબ જ કાર્યો કર્યા છે પણ પ્રજાની અપેક્ષા એના કરતાંય વધારે ઊંચી હતી, અપેક્ષાને આંબી ન શકીએ ત્યારે પ્રજા પોતાનો ચુકાદો બદલે છે, હજી પણ ભારતીય જનતા પક્ષની સરકાર દશ દશ વર્ષથી સતત શાસન કરી રહી છે અને સારા કાર્યો કરી રહી છે એનું કારણ એ છે કે હજી ઘણા કામો કરવાના બાકી છે, બધું જ કરી રહ્યા છીએ એમ આ બજૅટમાં પણ નથી કહેવાયું, હજી ઘણા કામો કરવાના બાકી છે પણ એ કરવાનો એક શુભ પ્રયત્ન છે અને એ પ્રજાની અપેક્ષાને લગભગ સમાંતર છે જો એ અપેક્ષાને ન આંબી શકે તો પ્રજાનો ચુકાદો બદલાયો હોય પણ પ્રજાએ ફરીથી આપણને સ્થાનિક સ્વરાજ્યમાં પણ જે તક આપી છે એ બતાવે છે કે પ્રજાની અપેક્ષાઓને આંબવા માટેનો એક શુભ પ્રયત્ન થઈ રહ્યો છે. એની સાથે મને એક વાત એ યાદ આવે છે કે, ઊંચા કૂદકા, લાંબા કૂદકાની હરીફાઇ ઘણી વખત થતી હોય છે અને આપને બધાએ એ જોઈ હશે તો હરીફાઇમાં ભાગ લેનારા છે એ બધા જ પ્રયત્ન કરતા હોય છે, બધા જ હરીફો પણ એમાં સૌથી ઊંચો કૂદકો મારી શકે છે એને ઈનામ મળે છે, એનાં વધામણાં થાય છે એને જ આવકાર મળે છે પણ એની સાથે સાથે બીજાઓએ જે પ્રયત્ન કર્યા છે એ પણ પ્રયત્ન સાચા છે. તો આ રીતે વિરોધપક્ષના સાથી મિત્રોએ હજી પણ વધારે કૂદકો મારવાનો પ્રયત્ન કરવો જોઈએ, માત્ર એ દિશામાં જ બધુ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, માત્ર વાતો કરવાથી ન થાય કેમકે આપણે જોયું છે કે ખેલાડીઓ છે એ ખેલાડીઓ બહુ બોલતા નથી હોતા, રાતદિવસ માત્ર એનું મંથન કરે છે. કે હજુ વધારે સારું કામ થઈ શકે, રચનાત્મક દિશામાં કેમ જઈ શકાય અને સાથે સાથે સરકારે પણ સતત જાગૃત રહેવું પડશે. અત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર છે એણે પણ જાગૃત રહેવું પડશે કે ઊંચો કૂદકો મારવાની કોશીશ સામા પક્ષે ચાલુ જ છે તો આપણે પણ એ દિશામાં, એ હરીફાઈમાં ટકી રહેવા માટે ઓર ઊંચો કૂદરો, ઓર વધારે વિકાસ, ઓર પ્રજા લક્ષી અભિગમ અને હજુ પણ વધારેને વધારે લોકોને જે ભૌતિક સગવડની ભૂખ છે ત્યારે લોકો સરખામણી પશ્ચિમના દેશો સાથે કરે છે. સામાન્ય રીતે આપણી સંસ્કૃતિમાં તો બધું જ ચલાવી લેવાની વાત છે, સહન કરવાની વાત છે પણ એ સંસ્કૃતિમાં છે એ સાચી વાત છે અને સુખી થવા માટે એ જરૂરી છે અને સંતોષ એ ખૂબ જરૂરી છે એ સાચી વાત છે પણ, સાથે સાથે જ્યારે દુનિયાના વિકાસનો માપદંડ બદલાયો છે ત્યારે એ વિકાસના માપદંડને પણ લક્ષમાં રાખી અને લોકો સુધી આપણે ભૌતિક સુખ-સગવડ પણ પહોંચાડવા પડશે અને એ ભૌતિક સુખ-સગવડ પહોંચાડવાનું સુંદર કાર્ય આ સરકારે કરી બતાવ્યું છે. માત્ર ગામડાંની જ વાત કરીએ તો આપણે સૌએ અનુભવ્યું છે કે, ગામડાંઓ ભાંગતા જતા હતાં. ગામડાંના લોકો ગામડામાં ટકતા ન હતા. દસ વર્ષ પહેલા જ્યારે હું ગામડાંના લોકોને, જે કલસર ગામમાં હું રહું છું ત્યાં હું એમને સમજાવતો કે તમારો અહીંયા ધંધો સારો ચાલે છે અને બાજુના ગામમાં શા માટે રહેવા જાવ છો? તો કહે બાળકોને ભણાવવાનું સારું થાય અને અહીંયા આપણા ગામમાં પાણી પણ પીવાનું કયાં સારું મળે છે? ખારું પાણી થઈ ગયું છે. પીવાનું પાણી સારું મળતું નથી, લાઈટ ૮-૮ કલાક જતી રહે છે અને વળી લાઈટ આવે જાય એવું થાય છે તો એના કારણે બાળકોનો અભ્યાસ ન થાય, ધંધો પણ સરખો નથી થતો એટલે ગામડાંમાંથી એ લોકો મહુવામાં રહેવા જતા રહ્યાં. એટલે મને થયું કે વાત તો સાચી છે. પણ હવે એ દોટ છે શહેરો તરફની એ અટકી છે અને એમાં સૌથી વધારે ટોંચનું કાર્ય કોઈ થયું હોય તો એ કે જ્યોતિ ગ્રામ યોજના દ્વારા ગામે ગામ ૨૪ કલાક વીજળી આપવાનું કામ થયું છે એ ખૂબ કામ સારું થયું છે. પાણીનું કામ તો માનનીય કેશુભાઈ પટેલની સરકારથી સરુ થયું છે અને માનનીય નરેન્દ્રભાઈ મોદીની સરકારે એને આગળ વધાર્યું છે અને હવે થોડા ગામડાં એવા રહ્યાં છે કે જ્યાં પાણી પહોંચાડવાનું બાકી છે, એ કાર્યવાહી પણ ચાલુ છે અને ટૂંક સમયમાં ગામે ગામ પીવાનું ચોખ્ખું પાણી, નર્મદાનું પાણી, વરસાદનું પાણી મળી રહેશે. તો

પાણી, વીજળી અને પછી આરોગ્યની સવગડ મળી છે. આરોગ્યની સગવડ ઘણી બધી કરી છે પણ હજુ ડૉકટરો જોઈએ એટલી સંખ્યામાં મળતા નથી, પણ જે મળે છે એ ડૉકટરો ગામડાંમાં રહેતા ન હતા. પણ હવે જે કોઈ સ્ટાફ નર્સો અને આરોગ્યના કર્મચારીઓ છે એ બધા પણ ગામડાંમાં રહેવાનો અણગમો બતાવતા નથી, એ લોકો ગામડાંમાં રહે છે અને એના કારણે રાત્રે પણ કોઈ ડિલિવરીનો કેસ હોય કે કોઈ એવી ઈમરજન્સી બિમારી હોય તો પણ ડૉકટર અને નર્સ બહેનોની સવાઓ મળી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ માટેની વાત કરું તો ગામડાંમાં શિક્ષણ મળતું ન હતું. માઢિયા ગામ એ સાવ પછાત વિસ્તારનું દરિયા કાંઠાનું ગામ છે એની અંદર કોઈ લોકો ગ્રાન્ટ વગરની સ્કૂલ બનાવવા તૈયાર ન થાય, એવો અભ્યાસ પણ નહીં અને એવી આર્થિક સ્થિતિ પણ નહીં તો એવા ગામમાં ગયા વર્ષથી હાઈસ્કૂલ આપી છે માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ અને હું જાણું છું ત્યાં સુધી એવો જ વિસ્તાર છે કવાટ અને ધરમપુર તાલુકાનો એમાં પણ આવી ગ્રાન્ટ વગર પણ કોઈ લેવા તૈયાર ન થાય અવા વિસ્તારમાં ગ્રાન્ટ સાથે હાઈસ્કૂલ માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ આપી છે. તો અમારા વિસ્તારમાં આજે માઢિયા ગામમાં આ રીતે શાળા સરું થઈ છે. સાથે સાથે પ્રાથમિક આરોગ્ય કેંદ્ર પણ છેલ્લા બે વર્ષથી કાર્યાન્વિંત થયું છે અને એ વખતે માનનીય આરોગ્ય મંત્રીશ્રી આઈ. કે. જાડેજા સાહેબ આવ્યા હતા. તો આ ગામમાં આ સેવાઓ આવતા ડૉકટરો ત્યાં રહે છે, બાળકોનું આરોગ્ય જળવાય છે, શિક્ષણ માટે એમને બહાર નથી જવું પડતું અને હવે પાણીની સગવડ થતાં એ લોકોને મજૂરી પણ એમના ગામમાં જ મળવા માંડી છે. ક્ષાર નિયંત્રણ યોજના છે એના કાંઠાનું આ ગામ છે માલણ-બંધારાને અડીને આવેલું ગામ છે ત્યાં આજે સમૃદ્ધિ વધતી જાય છે તો આ રીતે ગામડાં સ્વાવલંબી બન્યા છે અને સ્વાવલંબન તરફ વધારેને વધારે આગળ વધતા જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં કહેવામાં આવે છે કે, શુદ્ધ હવા, લીલાછમ વૃક્ષો અને કૌટુંબિક ભાવના એ ગામડાંમાં હતું જ. ગામડાંમાં ન હતું શું? હીરા ઉદ્યોગ ગામડાંમાં કરવો હોય તો કરી શકાતો ન હતો, ગામડામાં છાસ વલોવવા માટે વલોણું ચલાવવું હોય તો પણ એ વખતે લાઈટ ન હોય અને એનું કામ અટકી પડતું હતું. સાથે સાથે સિલાઈના મશીનો, લુહારી અને સુથારી કામમાં પણ વીજળીની જરૂરત પડે તો એવા કામ માટે જે લુહારી અને સુથારી કામ કરે છે અને જે કારીગર છે એ પણ એમનો ધંધો કરવા માટે શહેર તરફ જતા હતા, પણ હવે આ બધા જ ધંધાઓ ગામડાંમાં પણ ફૂલવા-ફાલવા માંડયા છે અને એના કારણે અને એને કારણે ગામડાના લોકોને આ બધી સેવાઓ લેવા માટે શહેરો તરફ દોડવું પડતું હતું એ પણ હવે જવું નહિ પડે અને આવનારા દિવસોમાં આ સેવાઓ વધારે સુદૃઢ બનશે તો ગામડાનું આ સાત્ત્વિક વાતાવરણ અને એની સાથે આ ભૌતિક સગવડો તો એને કારણે અત્યારનો માણસ સુરત અને મુંબઇ કરતાં ગામડામાં રહેવાનું વધારે પસંદ કરતો થયો છે. પહેલાં એ વાતો કરતો હતો કે ગામડામાં મજા આવે છે પણ આ તકલીફોમાં કેમ રહેવાનું? હવે માત્ર વાતો નહિ પણ શકય બને તો એ ગામડામાં રહેવા માટે આવવાનું પસંદ કરે છે તો સરકાર જે આ ગામડાલક્ષી બજેટ લાવેલ છે.. વધુ આંકડાઓમાં હું નહિ જઉં પણ ગામડાઓને પ્રોત્સાહન મળે એવું આ સમગ્ર બજેટ છે એને હું હ્રદયપૂર્વક આવકારું છું અને મારી વાત પૂરી કરું છું.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ વર્ષ ૨૦૦૬-૦૭નું અંદાજપત્ર રજૂ થયેલ છે તે બાબતે હું મારા મંતવ્યો રજૂ કરવા ઉપસ્થિત થઈ છું.માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની સ્થાપનાથી ૧૯૯૫ સુધીના સાડા ત્રણ દાયકામાં ગુજરાતમાં કોંગ્રેસની સરકારો હતી. આ સમયગાળામાં કોંગ્રેસ પક્ષની સરકારોએ ગામડાઓમાં અંધકાર હતો તેવા મોટાભાગના ગામોને વીજળીથી જોડેલા હતા. જ્યાં રસ્તાઓ નહોતા, તેવા મોટાભાગના ગામોને રસ્તાઓથી જોડેલા હતા. લોકોની સુખ સુવિધા માટે નિગમો બનાવી બસ વ્યવહારથી એક એક ગામ જોડી દેવામાં આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજના જેવી મહત્વકાંક્ષી યોજના કોંગ્રેસ સરકારની દેન છે. પરંતુ છેલ્લાં દશ વર્ષમાં ગુજરાતમાં મોટાભાગની પ્રજા યાતનાઓમાંથી પસાર થઈ રહી છે. દશમી પંચવર્ષીય યોજનાના પાંચમા વર્ષના પ્રવેશમાં કેન્દ્ર સરકારના બાહોશ અને વિરાટ પ્રતિભા ધરાવતા આદરણીય વડાપ્રધાનની સમજ અને કોઠાસૂઝને કારણે ગુજરાતને પણ વૃદ્ધિ દરનો લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૬-૦૭ માટેની વાર્ષિક યોજનાનું કદ ૧૨૫૦૩ કરોડ રૂપિયાનું નક્કી કરવામાં આવેલ છે, પરંતુ દર વર્ષે રાજયમાં ઉત્તરોત્તર દેવાનો બોજ વધતો જાય છે. ડિસેમ્બરના અંતમાં રાજયના સત્તાવાર આંકડાઓ મુજબ ૫૪૦૦૦ કરોડ રૂપિયાનું દેવું છે. જ્યારે ૧૯૯૭-૯૮ ની સરખામણીમાં વાર્ષિક ૪૫૦૦ કરોડ રૂપિયાના યોજનાના કદ જેટલું માત્ર આજે ૪૫૦૦ કરોડ રૂપિયાના વ્યાજની ચૂકવણી રાજય કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીના ક્ષેત્રે ૬૦૦ કરોડ રૂપિયાની ફાળવણી બજૅટમાં છે. પરંતુ, જંતુનાશક દવાઓ અને બિયારણ એટલા મોંઘા થયા છે અને ઉપરથી ખેડૂતને પકવેલા પાકોના પોષણક્ષમ ભાવો મળતા નથી, જેના કારણે ગામડાનો ખેડૂત આજે પણ દેવાદાર છે, બેન્કોનું વ્યાજ ભરી શકતો નથી, સારું જીવન ધોરણ જીવી શકતો નથી, બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી શકતો નથી. આજનો ખેડૂત આઠ કલાક અને તે પણ બે

ટુકડામાં એટલે કે ચાર ચાર કલાક કૂવાઓ ઉપર વીજળી મેળવીને પરેશાની ભોગવી રહેલો છે, જેનો ઉકેલ આ બજેટમાં કોઈ જગ્યાએ જોવામાં આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી ક્ષેત્રે દેશમાં ખૂબ આગળ પડતું રાજય ગણવામાં આવતું હતું. ૫૮૦૦૦ કરતાં વધુ સહકારી મંડળીઓનો ભવ્ય ભૂતકાળ હતો. આજે આ મહત્ત્વના આર્થિક ક્ષેત્રમાં જોઈશું તો મોટાભાગની મંડળીઓ બાકીદાર બનતાં સહકારી પ્રવૃત્તિને ખૂબ મોટો ફટકો પડેલો છે. ધિરાણો બાકીદાર મંડળીઓને મળવાના બંધ છે અને બજેટમાં આ મંડળીઓને પ્રાણવાન બનાવી નવેસરથી કાર્યરત કરવાનો કોઈ નિર્દેશ નથી. ઉપરાંત વ્યાજમાં રાહત આપવાનો પણ કોઈ ઉલ્લેખ આ બજેટમાં કરવામાં આવ્યો નથી.

ગ્રામીણ વિકાસના ક્ષેત્રે બજેટમાં ૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામીણ વિકાસમાં આજે પણ જોવા જઈએ તો ખૂબ મોટો નાણાકીય કાપ મૂકવામાં આવેલો છે. આયોજન મંડળોને આપવામાં આવતી ગ્રાન્ટમાં પણ ખૂબ મોટો જંગી કાપ મૂકવામાં આવેલો છે. એક તાલુકાને એવરેજ છ લાખ રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે, આ છ લાખ રૂપિયાથી કયો ગ્રામીણ વિકાસ થશે? અન્ય ગ્રામીણ વિકાસની યોજનાઓ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ છે, જેમકે રોજગાર લક્ષી યોજનાઓ, આવાસ યોજનાઓ, શૌચાલયની યોજનાઓ, માનનીય અધ્યક્ષશ્રી, ૧૮૦૦૦ ગામડાઓ માટે ૫૦૦ કરોડ રૂપિયાની રકમ ખૂબ ઓછી છે. આ માટે બજેટમાં જોગવાઈ ખૂબજ અપૂરતી છે. માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગો માટે સંપાદન થતી જમીનો ખેડૂતોની હોય છે. જમીન ગુમાવનાર ખેડૂતના દીકરાઓને આજે પણ બેકારીમાં રઝળવું-ભટકવું પડે છે. આવા કુટુંબોને દીકરાઓને તૈયાર કરવા અને નોકરીઓ અપાવવા કે તાલીમ આપી નોકરી લાયક બનાવવા રોજીરોટી આપવા, ઉદ્યોગ વિભાગના બજેટમાં કોઈ ઉલ્લેખ કે જોગવાઈ નથી. ઉદ્યોગોને આવા જમીન ગુમાવનાર કુટુંબોને રોજીરોટી આપવા ફરજ પાડવામાં આવતી નથી. જે ગ્રામીણ ક્ષેત્ર માટે અત્યંત દુ:ખદાયક બાબત છે, જેનો બજેટમાં કોઈ ઉલ્લેખ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, વાહનવ્યવહાર ક્ષેત્રમાં બજેટમાં ૧૨૦૦ કરોડની જોગવાઈ છે. પરંતુ બસ સેવા જેવા મહત્ત્વનાં પાસા માટે માત્ર ૧૦૦ કરોડથી કોઈ ઉકેલ થનાર નથી. ૧૮૦૦૦ ગામડાઓમાં આજે પણ બસ સેવાઓ ૫૦ ટકાથી વધુ ગામોમાં બંધ છે. જિલ્લાકક્ષાના મુખ્ય ડેપોમાં જ બસો નથી, સ્પેરપાર્ટસ નથી, સાધનો નથી અને સંખ્યાબંધ રૂટ બંધ છે, મુસાફરો માટેની સુવિધાઓ નથી. મોટાભાગની ગ્રામ્ય વિસ્તારની બસો સુધારણા માંગતી બસો બનવા પામી છે, જેના ઉકેલ માટે બજેટમાં કોઈ નિર્દેશ નથી. આમ માનનીય અધ્યક્ષશ્રી, બજેટમાં જરૂર ઉંચુ સ્વપ્ન છે, પરંતુ વાસ્તવિકતા ઉંઘમાંથી ઉઠે તો નિરાશાજનક ચિત્ર છે. લક્ષ્ય ઉંચુ છે, પરંતુ હકીકત ચિંતાજનક છે. આદર્શો ઉંચા છે પરંતુ અમલીકરણમાં નક્કરતા નથી. વિકાસ માટે સૌ વર્ગોની વાત છે, પરંતુ નક્કર નથી. ગરીબો, ખેડૂતો, લઘુમતીઓ, દલિતો માટે બજેટમાં કોઈ આશાસ્પદ ઉલ્લેખ કે જોગવાઈ નથી જેનો ઉલ્લેખ કરતાં દુ:ખ અનુભવું છું.

**અધ્યક્ષશ્રી** : બહેન, આપ હવે વાંચ્યા સિવાય બોલવાની ટેવ પાડો તો સારું.

**શ્રી શિરીષકુમાર મ. શુકલ (ખંભાત)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે હું વિચારપૂર્વક ટેકો આપું છું. આ દેશની અંદર લોકશાહી ટકી છે તે આપણા માટે ગૌરવની વાત છે. પરિણામે વિપક્ષ અને સત્તા આપણે ભોગવી રહ્યા છીએ. ગુજરાતનો વિકાસ અમુક લોકોએ જ કર્યો કોંગ્રેસે નથી કર્યો એવું કહેવું નથી. પરંતુ જે ગતિએ ગુજરાતનો કોંગ્રેસે વિકાસ કર્યો તેના કરતાં વિશેષ ગતિએ એક બાજુ તમે બળદગાડામાં બેસીને જાવ અને બીજી તરફ જેટ ગતિએ જાવ તો આ જેટ ગતિથી વિકાસ આ ગુજરાતમાં દશ વર્ષથી થઈ રહ્યો છે તે કોઈ કહે કે ના કહે પણ દુનિયા સાક્ષી છે. આ ગુજરાતની અંદર જે બજેટ રજૂ કર્યુ તેની અંદર સમય ઓછો છે.

હું બે-ત્રણ મુદ્દાઓ આપની સમક્ષ રજૂ કરીશ. પહેલો મુદ્દો જ્યોતિ ગ્રામ યોજનાનો મારા મિત્રોએ કહ્યું કે ગામડાંઓની અંદર ૧૮ હજારથી ૧૫ હજાર ગામડાઓની અંદર ચોવીસ કલાક થ્રી ફેઈઝ આપ્યો પરંતુ અમારા ગરીબ ખેડૂતોનું શું ? ગરીબ ખેડૂતની વારે કોણ જશે ? માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો હતો કે ગુજરાત પાસે પૂરતી વીજળી નથી. ચોવીસ કલાકની જગ્યાએ અઢાર કલાક પણ ખેડૂતોને તેમના ભાવે આપી શકાય એવી વીજળી નથી માટે ખેડૂતોના વિકલ્પ માટે ખેડૂતોની રોજીરોટી ચાલુ રહે, ખેતી ઓછી થાય તો સામે ઉદ્યોગ કરી શકે તેને માટે આ જયોતિગ્રામ યોજનાનો પાદુર્ભાવ થયો અને જયોતિગ્રામ યોજનાનો અમલ થયો. આજે ઘણા વિસ્તારો એવા છે કે જ્યાં ગામડાંની અંદરથી લોકો શહેરમાં જતા હતા તે શહેરમાં જવાની ગતિ ઘ ટી ગઈ છે. શહેરમાંથી લોકો ગામડાંમાં જવા માંડ્યા છે ખેતી કરે છે અને ઉદ્યોગ પણ કરે છે. દરેક ક્ષેત્રે લોકોને પોતાની પ્રગતિ દેખાય છે અને આ પ્રગતિનો આંક જેમ મારા આગળના વકતાએ કહ્યું તે પ્રમાણે જે પ્રગતિની હરણફાળ છે તેની સાબિતી વારંવાર થતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હોય, સરકારી બેન્કોની ચૂંટણી હોય કે બીજી ચૂંટણીઓ જે સરકાર કે લોકો જન સમર્થન આપે છે તેની ઉપરથી સાબિત થાય છે. આ દેશની અંદર માનો યા ના માનો ગુજરાતના મુખ્યમંત્રીને નંબર વનનું સ્થાન મળેલું છે તે ખરેખર યથાયોગ્ય સ્થાન મળેલું છે. આવા મુખ્યમંત્રી આજે વિરોધપક્ષના લોકો પણ મારા ખંભાત જેવા વિસ્તારની અંદર પણ કોંગ્રેસી

લોકો કહે છે કે મોદી મુખ્યમંત્રી રહેવા જોઈએ. આ અંદરની વાત છે પરંતુ આપણે જ્યારે ગુજરાતના વિકાસની વાત કરીએ છીએ આપણે બધા સાથે સંકલ્પ કરીને નર્મદા યોજના તે આપણા કોઈના ઘરની યોજના નથી. આપણે બધાએ ભેગા મળીને નક્કી કરેલી છે. તેનું ખાતમુહૂર્ત પંડિત નહેરુએ કર્યુ પરંતુ જે ગતિથી માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ પ્રશ્ન હાથમાં લીધો અને કેન્દ્ર સાથે વાટાઘાટો કરી, ઓથોરીટી સાથે વાત કરી ૧૧૦ મીટર જેવું ચણાઈ ગયું અને આજે ગુજરાતને નર્મદાનું પાણી ઠેર ઠેર પહોંચી ગયું છે. આ યોજનાને માટે જે ગતિથી કામ કરવા માગીએ છીએ ૨૬૦૦ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આ નર્મદાના વિકાસ માટે મૂકેલી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. ગુજરાતના વિકાસની દૃષ્ટિએ એ યોગ્ય પગલું છે. બજેટની અંદર આવું અનેરું પગલું ભરનાર મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

શિક્ષણ ક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન થયું છે એ હકીકત છે. આવનારા દિવસોમાં ઘણા સુધારા થવાના છે. ૮૨ હજાર વિદ્યા સહાયકોની નિમણૂક કરી છે. એક શિક્ષક દીઠ ૪ ઓરડા હતા, તેને બદલે વર્ગ દીઠ શિક્ષક થઈ ગયા છે. અનેક કાર્યક્રમો આપીને શિક્ષકોને સક્રિય કરવામાં આવ્યા છે. શિક્ષણ ખાતું જબરજસ્ત સક્રિય થયું છે.

કૃષિ ક્ષેત્રમાં પણ કૃષિ મહોત્સવ જે ઉજવ્યો એની અંદર પી.એમ.સુધી એની અસર પહોંચી છે. પી.એમ.એ પણ કૃષિ મહોત્સવમાં રસ લઈને બીજા રાજયોને તાકીદ કરી છે કે ગુજરાતમાં થયું તેમ વૈજ્ઞાનિકોને ગામડાં સુધી પહોંચાડતા શીખો. પાણી કે વીજળી મળતા નથી એમ કહીએ, પણ ઉત્પાદન અત્યારે ડબલ થઈ ગયું છે. ૯૦૦માંથી ૨૦૦૦ કરોડનું થયું છે. કૃષિ ક્ષેત્રે આપણે હરણફાળ ભરી છે. કૃષિ યુનિવર્સિટીમાં અનેકવિધ પગલાંથી ગુજરાતનું કૃષિ ક્ષેત્રે પ્રદાન વધ્યું છે. ખેડૂતોના હિત માટે મુખ્યમંત્રીશ્રીએ વિચાર કર્યો છે કે ખેડૂત પોતે કાચો માલ પકવે અને પ્રોસેસ કરીને એ પણ વિદેશ મોકલીને મજબૂત થાય. ખેડ્રત સહકારી મંડળી બનાવીને પોતે ઉપયોગ કરે તો એ સમૃદ્ધ બનશે. ખેતીને જબરજસ્ત પ્રોત્સાહન મળ્યુ છે, તે ખરેખર અભિનંદનીય છે.

કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પણ સારી છે. આતંકવાદીઓને ઝેર કરવાનું પ્રણ લીધું છે, એ સરાહનીય છે. ગુજરાતમાં સુખ અને શાંતિ છે, તે અભિનંદનીય છે.

આ બજેટમાં અનેક નવી વાતો કરી છે. આ બજેટના અનુસંધાને ગુજરાતને સમૃદ્ધ બનાવવા માટે વિશેષ પ્રયત્નો થવાના છે, એમાં ખાસ કરીને ગોકુળ ગ્રામ યોજના, જયોતિગ્રામ યોજના, ઈ-ગ્રામ, વિશ્વ-ગ્રામ અને સમરસ ગામ. આવા અનેક કાર્યક્રમોમાં દરેક ગામને સમૃદ્ધિ અને શાંતિ મળે એ માટેના પ્રયત્નો અભિનંદનીય છે. ઈ-ગ્રામ દ્વારા દુનિયા સાથે ગામડાનો સંપર્ક રહે અને ગામ સમૃદ્ધ થાય. અમારા વિસ્તારમાં કેટલાક ગામો એવા છે, ધર્મજ, સારસા વગેરે ગામોએ તો શહેરોને પણ શરમાવે તેવો વિકાસ કર્યો છે. કોલેજો થયેલી છે અને સમૃદ્ધિના શિખરો સર કરેલા છે. વિશ્વ ફલક ઉપર ગુજરાતને મૂકવાના આશયથી આવેલા આ અંદાજપત્રને આવકારું છું અને સમર્થન આપું છું.

**શ્રી સાબીરભાઈ અ. ખેડાવાલા (જમાલપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, અંદાજપત્ર પર મારા વિચારો રજૂ કરવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે આ અંદાજપત્રમાં લઘુમતિ સમાજ માટે કે લઘ ુમતિઓ માટેના આર્થિક, સામાજિક વિકાસ કે શિક્ષણ માટે કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. લઘુમતિ સમાજ દિવસે દિવસે પીસાઈ રહ્યો છે. લઘુમતિ વિસ્તારમાંથી આવતા માણસને બેંકમાંથી લોન આપવામાં આવતી નથી. લઘુમતિ વિસ્તારને ડેડલાઈટ જાહેર કરવામાં આવ્યો છે. ધંધા રોજગાર માટે કોઈને લોન આપવામાં આવતી નથી. અમદાવાદની વાત કરીએ. પતંગોત્સવની પાછળ કરોડો રૂપિયા ખર્ચવામાં આવ્યા, પણ પતંગ બનાવનારા માણસો જે છે, તેમને કોઈ જાતની લોન કે સબસિડી આપવાની કોઈ જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી નથી. અંદાજપત્રમાં સરકારે વંચિતોના વિકાસ માટે કોઈ જોગવાઈ કરેલી નથી. દલિત સમાજ માટે કોર્ટે આપેલ ચૂકાદા પ્રમાણે અનામતનો બેકલોગ ભરવામાં આવતો નથી, રોસ્ટર એકટનો અમલ થતો નથી, રાજયના ગરીબોને રાહત કાર્ડ, બી.પી.એલ. કાર્ડ આપવાનાં બંધ કર્યા છે, રેશન કાર્ડ ઉપર જે ખાંડ આપવામાં આવતી હતી એ પણ નાબૂદ કરેલ છે જે આપ જાત તપાસ કરીને જોઈ શકો છો, કેસોસીન પણ પૂરતા પ્રમાણમાં મળતું નથી, ગરીબોને પૂરતા પ્રમાણમાં મળતું નથી. આજે ગરીબ વધુને વધુ ગરીબ થતો જાય છે. અંદાજપત્રમાં રાજયના શિક્ષિત બેરોજગારો માટેનો કોઈ ઉલ્લેખ નથી અને આજે શિક્ષિત બેરોજગારોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં વિધવા બહેનોને દર માસે વિધવા સહાય ચૂકવાય છે એ નિયમિત દર મહિને ચૂકવવામાં આવતી નથી. આનાથી નિરાધાર, વિધવા માતાઓ અને બહેનો માટે આ ખૂબ મુશ્કેલી ઉભી થાય છે. સમગ્ર રાજયના ૧૨ હજાર કરોડ રૂપિયાના અંદાજપત્રમાંથી ૪૪૫૬ કરોડ રૂપિયા સમાજ સેવાઓ માટે વાપરવાની જોગવાઈ કરવામાં આવી છે, પરંતુ વિધવા સહાય માટે જે વિધવા બહેનો છે તેમને દર મહિને ૫૫૦ રૂપિયા અને એના બાળકને ૭૫ રૂપિયા અપાય છે એમાં કોઈ સહાય વધારવામાં આવી નથી. બજેટમાં

સાબરમતી રિવર ફ્રન્ટથી ઝૂંપડાવાસીઓ માટે ઉભી થયેલી પરિસ્થિતિ માટેની કોઈ જોગવાઈનો કોઈ ઉલ્લેખ નથી, એમના માટેની કોઈ યોજના કે વ્યવસ્થા વિચારી હોય તેમ દેખાતું નથી. આ અંદાજપત્ર અને લઘુમતિઓ માટે, દલિતો માટે અને મધ્યમવર્ગ માટે નિરાશાજનક છે. તો એમના માટે પણ આમાં કાંઈક વિચારવું જોઈએ. મારી લાગણી છે કે આ બધા માટે પણ કાંઈક વિચારવું જોઈએ.

**શ્રી કનુભાઈ મે. ભલાળા (વિસાવદર)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમને ખૂબ ખૂબ સત્કારવા અને આવકારવા માટે હું ઉભો થયો છું. ભારતની અંદર બે સંસ્કૃતિઓ પ્રચલિત છે. એક તો ઋષિ સંસ્કૃતિ અને બીજી કૃષિ સંસ્કૃતિ. ઋષિ સંસ્કૃતિમાં ડેવલપથી શાંતિ અને સંતોષ મળી રહે છે, પરંતુ કૃષિ સંસ્કૃતિ એ દરેક જીવને પોષણ આપતી સંસ્કૃતિ છે અને વર્ષોથી ભારતમાં ભારતનને ખેતીપ્રધાન દેશ કહેવામાં આવે છે, એટલું જ નહીં, પરંતુ જયારથી માનવી સમજતો થયો ત્યારથી ખેતી અને આ કૃષિ  સંસ્કૃતિને બચાવવા માટે અનેક પ્રયત્નો કરીને પહેરવા માટે કપડાં હોય કે ના હોય છતાં પણ ખેતરે જઈને ખેડૂતને એમાંથી કાંઈક ઉપજ કેમ મળે એના સતત પ્રયત્નો કરતો રહયો છે અને કયારેય પણ એણે આ ધંધો છોડીને ભાગવાનો પ્રયત્ન કર્યો નથી. બીજા બધા ધંધાઓમાં આપણે જોઈએ તો એકમાં ફાવટ ના આવી હોય તો એ મૂકીને બીજા ધંધામાં ઝંપલાવે છે. તો આ ખેડૂત તો એને સતત વળગી રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે ૧૯૯૫ સુધી આ ખેતી ઉપર જોઈએ તેવું ધ્યાન આપવામાં આવેલ ન હતું, પરંતુ ૧૯૯૫ માં ખેડૂતાની જે જરૂરિયાતો હતી એ પાણી, વીજળી અને રસ્તાઓ એની ઉપર આ ભારતીય જનતા પાર્ટીની સરકારે આવીને એના ઉપર ધ્યાન આપ્યું છે અને ખેડૂતોને પાણી મળી રહે એ પહેલી વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યુ છે. ખેડૂતને પાણી મળે તો એ રાતદિવસ મહેનત કરીને ઉત્પાદન કરી શકે તેમ છે એટલા માટે ખેતીને પોષણક્ષમ બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારે સિંચાઈ યોજનાઓ અમલમાં મૂકી કે જેથી કરીને સિંચાઈનું પૂરતું પાણી ખેડૂતોને મળી રહે. તો આ જે યોજનાઓ બનાવવામાં આવી છે એ કોઈને પણ ભાગ્યે જ કહેવાની જરૂર છે કે કેવી કેવી યોજનાઓ બનાવી છે એની માહિતી અને માર્ગદર્શન દરેક સભ્યશ્રીને પુસ્તિકા મારફતે આપવામાં આવેલ જ છે. તો એના માટેના ઘણાબધા ચેકડેમો અને મોટા મોટા ડેમ બનાવીને આપણે પાણી આપવા માટેનો પ્રયત્ન કર્યો છે અને એના હિસાબે આ જ વર્ષની વાત કરું તો જે પાણી ૮૦૦ થી ૧૦૦૦ ફૂટ નીચે હતાં એ ૧૦૦ થી ૧૫૦ ફૂટે પાણીનાં લેવલ આવી ગયાં અને એ રીતે એમાંથી સિંચાઈ થઈ રહી છે. મારા વિસાવદર તાલુકાની જ વાત કરું તો ૫૦ થી ૧૦૦ ફૂટે પાણી આવી ગયાં છે અને ખેડૂતોએ સારું એવું ઉત્પાદન લીધું છે અને હવે એમ લાગે છે કે માત્ર ઉંચા ભાવ માગવાથી પોષણક્ષમ ભાવ ના કહેવાય પણ ખેતીનો ખર્ચ ઓછો લાગે તે પણ પોષણક્ષમ ભાવ કહેવાય. આ ખેતી માટે ખેડૂતોને આ વર્ષે ઓછો ખર્ચ લાગ્યો છે. મારા મિત્રોએ આંકડાની વાત કરી છે, પણ માત્ર બજેટ વધુ ફાળવવું અને બજેટ વધુ ફાળવવાથી કોઈ પ્રશ્ન હલ થઈ જાય તેવું હું માનતો નથી. બજેટ ફળવાય તેનો કેવી રીતે સંપૂર્ણ રીતે ઉપયોગ થાય છે તેના ઉપર આધાર રહેલો છે. ઓછું બજેટ હોય તો પણ સારું કામ કરી શકાય છે.

ગામડાંમાં જયોતિ ગ્રામ યોજના આવવાથી વીજળીનો પ્રશ્ન કાયમી ધોરણે હલ થયો છે.  ૨૪ કલાક વીજળી ગામડામાં ખેડૂતોને, અન્ય કારીગર વર્ગને અને અન્ય વર્ગને મળવાથી શહેર તરફની જે દોટ હતી તે દોટ ઓછી થશે. જયારે ૮ કલાક વીજળી આપવાની વાત હતી અને જયોતિગ્રામ યોજના લાવવાની વાત બે વર્ષ પહેલા કરવામાં આવી હતી ત્યારે વિપક્ષના મિત્રોએ મોટો ડખો ઉભો કરેલો અને હાથ કડી બતાવીને લોકોને ડરાવે છે એવું કહેતા હતા. પણ હું કહેવા માગું છું કે આપણે જયારે બાળક રડતું હોય ત્યારે તેમને પણ કહીએ છીએ કે જો સિંહ આવ્યો, જો બાવો આવ્યો, પણ આપણે બાળકને સિંહને ખવડાવી નથી દેતા કે બાવાને આપી નથી દેતા. અમે પણ વર્ષોથી ઘણી મુશ્કેલીઓ હતી તેથી ખેડૂતો વતી આંદોલનો કર્યા છે. અને વીસ થી બાવીસ વખત હું પોતે આંદોલન કરીને જેલમાં જઈ આવ્યો છું. મેં પણ અગાઉ આંદોલનો માટે ત્રણ થી ચાર મહિના જેલમાં કાઢેલા છે, પણ હું છાતી ઠોકીને કહીશ કે આ યોજના જો ન આવી હોત તો આ ખેડૂતો અને ખેતી બન્ને બરબાદ થઈ ગયા હોત. એટલે વધારાનો પાવર મળવાથી જે પાણી બગડી જતું હતું તે પાણીનો બચાવ થયો છે અને ૩ મહિના સુધી પાણી ચાલવાથી ઘઉં અને કપાસ તથા અન્ય પાકોમાં મબલખ ઉત્પાદન પણ ખેડૂતોએ લીધું છે. આ બદલ વીજ મંત્રીશ્રી અને આ સરકારને મારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવવા છે. આ રીતે વીજ વિભાગમાં સરકારે હરિયાળી ક્રાંતિ કરી છે.

બીજી વાત કરું તો આનંદની વાત એ છે કે આજથી દસ વર્ષ પહેલા કયારેય આ ગૃહમાં કોઈ ખેડૂતોનું નામ નહોતું લેતું, જયારે આંદોલનો થતા હતા ખેડૂતોએ ખૂબ આંદોલનો કર્યા, ત્યારે ૧૭-૧૭ ખેડૂતોને જે તે વખતે ગોળીએ દેવામાં આવ્યા હતા. આજે આ ગૃહમાં બન્ને પક્ષો ખેડૂતોની વાત લઈને આજે આગળ વધી રહ્યા છે તે આનંદની વાત છે, ત્યારે હું આ જે કોઈ બજેટ આવ્યું છે તેને સમર્થન આપું છું અને લાંબી અને દીર્ઘ દૃષ્ટિવાળું બજેટ છે તેને આવકારું છું. અસ્તુ, વંદેમાતરમ્.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા (સુરત શહેર (પૂર્વ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. રાજય સરકારે ગયા વર્ષે જે બજેટ ૧૮ ફેબ્રુઆરીએ રજૂ કર્યુ હતું તે વખતે ઢગલાબંધ જાહેરાતો કરી હતી. એમાંની કેટલીક યોજનાઓ અધૂરી પડી છે. કેટલીકની તો હજુ શરૂઆત જ નથી થઈ. સુઝલામ સુફલામની બૂમો પડતી હતી. તે આજની તારીખે અધૂરી પડી છે. ઈ-ગ્રામ દ્વારા ગામડાંનો વિકાસ કરવાનો અને વિશ્વ ગ્રામ બનાવવાની જાહેરાતો થઈ હતી. એમાં પણ સરકાર તદ્દન નિષ્ફળ ગઈ છે. અને હજુ પણ વિશ્વ ગ્રામ ઘોષીત કરી શકી નથી. સુરતમાં જેમ્સ જવેલરી પાર્ક અને અમદાવાદમાં એપેરલ પાર્કની વાત કરવામાં આવી હતી. તે પણ અધૂરી છેઅને તેમાં કોઈ ડેવલપમેન્ટ થયું નથી. આજે લઘુ ઉદ્યોગો આવ્યા છે, લૂમ્સ ઈન્ડસ્ટ્રીઝ સાથે એ લોકો સંકળાયેલા છે, આ યોજનાઓ તાત્કાલિક પૂર્ણ કરવી જોઈએ, આ બજેટમાં તેને આવરી લેવી જોઈએ.

માનનીય મંત્રીશ્રી નરોતમભાઈ તે વખતે બોલ્યા હતા કે દક્ષિણ ગુજરાતમાં પાણીના ઘણાં કામો કર્યા છે, પણ છેવાડાના ગામડાંમાં જઈને માનનીય મંત્રીશ્રી જુએ કે કેટલું પાણી પહોંચ્યું છે, ઝૂંપડપટ્ટીની વાત થાય છે પણ વીજળી અને પાણીની લાઈનો પણ ઝૂંપડપટ્ટીમાંથી કાપી નાખવામાં આવે છે, તો ત્યાં પણ પૂરી સુવિધાઓ આપવી જોઈએ. આ સરકારમાં બેઠેલા મંત્રીશ્રીઓ જયારે રજૂઆતો કરે છે ત્યારે કૃષિની વાત કરે છે. કૃષિ મંત્રીશ્રી રથ કાઢે છે, પણ કૃષિ સંશોધન માટેની જમીન હરાજીમાં વેચવાની વાત કરતા હોય ત્યારે તે શરમની વાત હોય છે. બજેટમાં તેને આવરી લેવું જોઈએ અને આજે જે સંશોધન કેન્દ્ર ચાલી રહ્યું છે તેને આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય લેવલે એવોર્ડ મળેલા છે તો તેને આ બજેટમાં આવરી લેવું જોઈએ અને બજેટમાં નવો ઉમેરો કરવો જોઈએ. નવી સામગ્રી આપવી જોઈએ અને સંશોધન કેન્દ્રને વિકાસવવું જોઈએ. અને એસ.ટી. ડેપોની વાત કરી, સુરતની જૂની સિવિલ હોસ્પિટલની વાત કરવામાં આવી. આ હોસ્પિટલને વેચવાની વાત ગઈ વખતે કરવામાં આવી હતી અને કહેવામાં આવ્યું હતું કે અમે નવી ચાલુ કરીએ છીએ પરંતુ એ આજ સુધી કાર્યરત નથી કરી શક્યા. નવી મશીનરી આપીને એને કાર્યરત કરવી જોઈએ, નવા ડોકટરો આપવા જોઈએ એ પણ આપવામાં આવ્યા નથી. સુરતની સિવિલ હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ વાહનો ખખડધજ હાલતમાં છે, એ કટાઈ રહ્યા છે. એના માટે પણ બજેટમાં જોગવાઈ કરીને નવા વાહનો અને નવી મશીનરી આપવી જોઈએ.

તાપી નદીના કિનારાને ડેવલપ કરવાની વાત કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઈ આ વાત કરતા હતા. આજે બિલ્ડરો દ્વારા ત્યાં આગળ કબજા કરવામાં આવી રહ્યા છે. તેથી ૧૯૬૮માં મહા રેલ આવી હતી એનું પુનરાવર્તન થશે એવું મને ચોક્કસ લાગે છે. એમાં પણ મોટા પ્રમાણમાં દબાણો થશે અને બીજી બાજુ અધિકારીઓને કહેવામાં આવે છે કે એ ખસેડવા નહિ. આવી નીતિને કારણે શહેર આજે ખલાસ થઈ રહ્યું છે તેથી એને તાકીદે દૂર કરવા જોઈએ. અહીં યા ડેવલપ કરવાની વાત કરવામાં આવી છે. પાળાની પણ વાત કરવામાં આવી છે, નદીની સફાઈની પણ વાત કરી છે એના માટે પણ માનનીય નાણામંત્રીશ્રીએ બજેટ મૂકવું જોઈએ.

**શ્રી પરસોત્તમભાઈ ના. ભોજાણી (જોડિયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રી સન ૨૦૦૬-૨૦૦૭નું અંદાજપત્ર આ ગૃહમાં લઈને આવ્યા છે તેમને હું સમર્થન આપીને મારી વાત કરવા માગું છું.

દુનિયાના બધા દેશોમાં લગભગ ત્રણ પ્રકારની શાસન વ્યવસ્થા છે. રાજાશાહી, સરમુખત્યારશાહી અને લોકશાહી. એવી જ રીતે ત્રણ પ્રકારની અર્થ વ્યવસ્થા છે. સામ્યવાદી અર્થ વ્યવસ્થા, મૂડીવાદી અર્થ વ્યવસ્થા અને સમાજવાદી અર્થ વ્યવસ્થા. આપણા ભારતમાં માનનીય વડાપ્રધાન સ્વ. જવાહરલાલ નહેરુએ સમાજવાદી અર્થ વ્યવસ્થાનો સ્વીકાર કર્યો પરંતુ કાળ ક્રમે આ અર્થ વ્યવસ્થામાંથી દુનિયાના મોટા ભાગના દેશો મૂડીવાદી અર્થ વ્યવસ્થા તરફ થઈ રહ્યા છે. લોકશાહી પ્રથામાં જરૂરિયાત છે કે પંચાયતથી પાર્લામેન્ટ સુધી દરેક ગૃહમાં એનું અંદાજપત્ર બનાવવું ફરજિયાત છે, એને ગૃહ સમક્ષ રજૂ કરી એને પારિત કરવું ફરજિયાત છે. અંદાજપત્ર સારું છે ખરાબ છે, નબળું છે કે લોકોને હિતકારી છે એતો લોક કલ્યાણના કામો દ્વારા નક્કી થતું હોય છે.

આ ગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યુ છે ત્યારે હું ખાસ એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું કે ગુજરાત ખેતી પ્રધાન પ્રદેશ છે. આપણો આખો દેશ ખેતી પ્રધાન છે અને ગુજરાતમાં ખાસ કરીને ખેડૂતો તાકાતવાળા છે. એમને એકવાર ગુજરાતના ખેતરે ખેતરે પાણી અને બધાને કામ આપવામાં આવે તો ગુજરાતની સમૃદ્ધિને કોઈ રોકી શકશે નહિ. નર્મદા ગુજરાતની જીવાદોરી છે. નર્મદા યોજનાના અત્યાર સુધીમાં ઘણાં કામો થયાં છે. નર્મદા યોજનાનો પાયો આજથી ૪૦ થી ૫૦ વર્ષ પહેલાં નાખવામાં આવ્યો છે. કોઈપણ ઈમારતનો પાયો નાખવાનું કામ કરવામાં આવે અને પછી એની ઉપર ઈમારત ચણવામાં ન આવે તો એ વ્યર્થ જાય છે. અગાઉના મુખ્યમંત્રીશ્રીઓએ અને રાજકીય આગેવાનોએ નર્મદાનો પાયો નાખ્યો પરંતુ એની ઉપર ઈમારતરૂપી પાયો નાખવાનું કામ છેલ્લા દસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યુ છે.

આ સભાગૃહમાં પ્રવચનો દરમિયાન બે-ત્રણ વાતોનો ઉલ્લેખ કોંગ્રેસી મિત્રોએ કર્યો. એક તો ઉત્સવો અને સરકાર ઉપર દેવું. ભારત સંસ્કૃતિ પ્રધાન દેશ છે અને ગુજરાત પણ એજ સંસ્કૃતિને લઈને આગળ ચાલે તેવો પ્રદેશ છે. આપણી સંસ્કૃતિમાં ઉત્સવો અતિ મહત્ત્વના છે. રાજા ત્યારે જ કલ્યાણકારી કહેવાય કે પ્રજાના ઉત્સવોમાં સામેલ થાય અને દુ:ખમાં પણ સામેલ થાય. આ સરકાર ઉત્સવોની ઉજવણી લોક ભાગીદારીથી કરે છે. અત્યાર સુધી આવા ઉત્સવો ગાંધીનગરમાં બેઠાં બેઠાં ઉજવવામાં આવતા હતા. ૨૫-૩૦ વર્ષ પછી આવા ઉત્સવો લોકો વચ્ચે લઈ ગયા. ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ અને ગુજરાત સ્થાપના દિન કે જેને લોકો સમજી શકે કે ગુજરાતની અસ્મિતા શું છે? ગુજરાતમાં એની ઉજવણી થાય છે એમાં લોકો ભાગીદાર બની શકે એ માટે માનનીય નરેન્દ્રભાઈ મુખ્યમંત્રીશ્રી બન્યા ત્યારથી આ ઉત્સવો પ્રજા સુધી લઈ ગયા અને પ્રજાને જાણકારી આપી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત દેવાની કરે છે. ગુજરાત અને ઘણાં રાજયો અને ઘણાં દેશોએ ખાધપૂર્ણ અર્થતંત્રનો સ્વીકાર કર્યો છે. દેવું ત્યારે જ થાય જ્યારે વિકાસની જરૂરિયાત છે તેને પરિપૂર્ણ કરવા માટે જે આપણી પાસે જે નાણાકીય સાધનો છે એ સિવાયના બીજાં નાણાકીય સાધનો બીજા પાસેથી મેળવીએ. હું એક દાખલો આપીશ, કોઈ વ્યકિત બે કરોડ રુપિયાનું કારખાનું બનાવવા માગતો હોય, તેની પાસે ફક્ત ૪૦ લાખ રૂપિયાની મૂડી હોય, દર વર્ષે તેની પાંચ લાખ રૂપિયાની બચત હોય તો ૩૨ વર્ષ સુધી બચત કર્યા પછી કારખાનું બનાવી શકશે. આનાથી વિકાસ શકય નથી પણ એ ૪૦ લાખ રૂપિયા પોતાની મૂડી અને બાકીના ૧ કરોડ ૬૦ લાખ રૂપિયા બીજાં પાસેથી ઉધાર લે તો તેનું કારખાનું એક-બે વર્ષમાં ચાલુ થાય અને આવક થાય તેમાંથી તેનું લેણું ભરતો રહે. ગુજરાતની પ્રગતિ કરવી હશે તો તેમની પાસે નાણાકીય સાધનો છે તેમાંથી ઉપયોગ કરે અને ખૂટે તે બીજેથી દેવું લઈને પરિપૂર્ણ કરે. દેવાની વાત આવી છે, ગુજરાતની એકેએક વ્યકિત ઉપર કેટલું દેવું છે? આપણા અંદાજપત્રમાં આવક પ્રમાણે ખર્ચ કરવો જોઈએ, કાં તો ખર્ચ પ્રમાણે આવકની વ્યવસ્થા કરવી જોઈએ. માનનીય વિરોધપક્ષના નેતા અંગ્રેજીનું ગુજરાતી કરવા ગયા. લીડર ઑફ ઓપોઝીશન. તેમાંથી ફક્ત વિરોધ કરવાનું કારણ તેમને મળી ગયું. હું આ ગૃહમાં સાડાત્રણ વર્ષ પહેલાં પ્રવેશ્યો. ત્યારે ગુજરાતની જનતાના ચુકાદામાં કોંગ્રેસના મિત્રોએ એવું કહ્યું કે અમે લોકોનો ચુકાદો માથે ચડાવીએ છીએ અને રચનાત્મક વિરોધપક્ષની ભૂમિકા ભજવીશું. સાડાત્રણ વર્ષ થયા હું રાહ જોઈને બેઠો છું કે આ રચનાત્મક વિરોધપક્ષની ભૂમિકા ક્યારે ભજવશે? માઈકો તોડવા, કાગળીયા ફાડવા અને અધ્યક્ષશ્રીની વેલ સામે ધસી જવું તેને જો રચનાત્મક પ્રવૃત્તિ ગણતા હોય તો તે મારી સમજમાં આવતું નથી.આ ગૃહમાં માનનીય નાણામંત્રી શ્રી અને મુખ્યમંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના નરેન્દ્રભાઈ અને નાણા મંત્રી જે બજૅટ લઈને આવ્યા છે તેને હું સમર્થન આપતો નથી. કારણ કે આ બધાને લોભાવનારું બજૅટ છે. સાચું બજૅટ નથી. બીજું, એસ.ટી.ની વાત કરું તો અમિત શાહ સાહેબ એસ.ટી.ના મંત્રીશ્રી છે. તેમને બસની પાછળ અમારા નરેન્દ્રભાઈને અને જાડેજા બાપુને * (XXX), એવું • * (XXX) કયાં જરૂર હતી?

**અધ્યક્ષશ્રી** શું બોલ્યા?

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : નરેન્દ્રભાઈને અને આઈ.કે. જાડેજા બાપુને * (XXX)

**અધ્યક્ષશ્રી** : હું એ શબ્દો રૅકર્ડ ઉપરથી દૂર કરું છું.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : એવો ખોટો ખર્ચ કરવાની કયાં જરૂર હતી? એસ.ટી. જ્યાં પડે ત્યાં પાછળ ઉભા રહે. એ ખોટો ખર્ચ છે. તેની પાછળ કેટલો ખર્ચ થયો હશે? એટલે આવો ખર્ચ ન કરો. લોકો બિચારા અધવચ્ચે રખડી જાય છે. બીજું તો શું કે લોકોને ઉપયોગી છે તે સુધારતા નથી અને મોટા * (XXX) મારો છો. એસ.ટી.માં આમ કરી દીધું, ખેતીમાં આમ કરી દીધું. શું કરી દીધું? જ્યાં ત્યાં * (XXX) મારો છો. લોકોને ખોટે રસ્તે દોરો છો. લોકોને ખોટે રસ્તે ના દોરશો. ફરીવાર તમારો નંબર લાગવાનો નથી. હવે અમારી વારી આવવાની છે.

**અધ્યક્ષશ્રી** : વારા પછી વારો આવે બરાબર છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** : આ લોકો એવું કહે છે કે કોંગ્રેસે ૫૦ વર્ષ સુધી કશું કર્યું નથી. એ બધું તેમણે કર્યું? આ તો ચઢી રોટલી પર બેસી ગયા છે. કોંગ્રેસે કર્યું એવું તો કોઈએ નથી કર્યું. (અંતરાય) વિકાસના કામોમાં પહેલાં નહેરો હતી, કૉલેજો હતી, બધું હતું, તમે નવું કશું કર્યું નથી. આ બધું અમે કોંગ્રેસે કરેલું છે. એટલે આવા ખોટા * (XXX) ન મારો. તમે કરી બતાવો. કેમ કરી બતાવતા નથી? અમારા માધવસિંહ સોલંકી વખતે મધ્યાહ્ન ભોજન શરૂ કર્યું.

**અધ્યક્ષશ્રી .** : * (XXX) શબ્દ હું રૅકૉર્ડ પરથી દૂર કરું છું.

• માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યા છે.

**શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર** કેટલા લોકોને, કેટલા છોકરાઓને એનાથી રોજીરોટી મળે છે એવી કોઈ વાત કરો તો સારું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતીમાં વીજળી ૮ કલાક આપે છે એ ૨૪ કલાક આપોને. જયોતિગ્રામ તમે જેમ બનાવ્યું, તો આ કેમ નથી કરતા? ખેતી એ તો મોટી ફૅક્ટરી છે. બીજી બધી ફૅક્ટરીઓમાં ખોટ જાય પણ એમાં કોઈ દિવસ ખોટ ન જાય. નાના અને સીમાંત ખેડૂતોને ૨ની ૩ની મોટર મંજૂર કરોને, કોઈ કામ કરતા નથી તે. આ તો કરવા જેવું છે. મોટી મોટી વાતો કરો છો તે. મોટા ખેડૂત છે એને ચૂસી નંખાય? નાના ખેડૂતોને વીજળી આપોને? આ તમે ૨૪ કલાક ગ્રામ્યમાં કરતા હોય તો એમાં કરવામાં શું વાંધો છે? એ તમને કેમ ખૂંચે છે? આ કરવાથી નાનો ખેડૂત સબદો થશે તો ગરીબી પણ ઓછી થશે.

**શ્રી દિલુભા ટે. ચુડાસમા (વડોદરા (ગ્રામ્ય)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોક લાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે વિકાસલક્ષી બજૅટ લઈને આવ્યા છે ત્યારે હું એને મારું સમર્થન આપું છું અને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જ્યારે ચર્ચા ચાલે છે, આ પક્ષે કર્યું, આ ન કર્યું. મારે સામે બેઠેલા કોંગ્રેસના મિત્રોને પૂછવું છે કે, અમે બધું કર્યું, અમે બધું કર્યું. તો એમણે આજ સુધી ખડી યોજના કેમ ન કરી? યોજનાઓ ઘણી છે, દ ાણી અગાઉથી હતી. યોજનાઓ તમારી છે, તમે કરી છે તેમાં આગળ કેટલું વધાર્યું? કોઈ યોજના ખડી થઈ નથી. પેપર ઉપર જ ખડી રહી છે અને કામો ઘણા ભંગાર થયાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવાસોનો એક દાખલો લઈએ. નામ ભલે ગમે તે આપ્યું હોય. પણ એ આવાસ યોજનામાં આજે એકપણ ગરીબ માણસ એમાં રહેતો નથી અને રહેતો હોય તો એનો એક દાખલો તો બતાવો. અને ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જે યોજનાઓ થઈ છે, જે આયોજન થયું છે, હું દાવા સાથે કહેવા માગું છું કે, મિત્રો, આજે તમે ગામડામાં જઈને જુઓ, એકેએક યોજનામાં જે જે આવાસો થયા છે એમાં સારી રીતે ગરીબ માણસો રહી શકે છે. સારા મકાનો થયા છે, ધાબાવાળા મકાનો થયા છે અને ગરીબ માણસો એમાં રહે છે. સવારમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અર્જુનભાઈ વાત કરતા હતા અને વાતે વાતે એવું કહે કે, " જીહ્વા થકી અસત્ય ન બોલાય." એમના પ્રવચનમાં એકપણ સત્યનો કયાંય અવાજ આવ્યો નથી. કદાચ ગોખેલા શબ્દો હોય. આગળ પણ એ જ વાત કરતા હતા અને આજે પણ એ જ વાત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એમણે કરજની વાત કરી. આ સરકાર કરજ બહુ કરે છે, વ્યાજ બહુ ભરે છે. મારે વિરોધપક્ષના નેતાને પૂછવું છે કે, એમણે અભ્યાસ કર્યો હોત તો કરજ અને સામે વિકાસ, આ બન્નેની જો સરખામણી કરી હોત તો, એમને ચોક્કસ ખ્યાલ આવ્યો હોત અને આજે હું કદાચ ન બોલત પણ મને એવું હતું કે તેઓ અભ્યાસુ છે એટલે આ બન્નેની સરખામણી કરીને કાંઈક સારી વાત કરશે. એમણે આ ગૃહમાં વાત કરી ત્યારે મને એમ હતું કે, ગુજરાતની કાંઈક ચિંતા કરશે અને કદાચ બજૅટ આપ્યું છે એમાં કાંઈક ભૂલ થઈ હોય તો એમાં સૂચનો કરશે એવું મને લાગ્યું હતું. પણ આખા પ્રવચનમાં જ્યારે એ આંધ્ર વતીથી આવતા હોય અને આંધ્ર પ્રદેશની ચિંતા કરતા હોય અને આ આંધ્ર પ્રદેશની વિધાનસભા હોય એવી વાત કરી હતી.

માનનીય સભ્યશ્રી ચાવડાએ વાત કરી કે ગુજરાતની પ્રજાને બહુ નફરત આ સરકાર માટે આવી છે. માનનીય સભ્યશ્રીને હું પૂછવા માગું છું. પ્રજાએ જવાબ આપી દીધો છે. કોના માટે નફરત છે એ પ્રજાએ ચોખ્ખું બતાવી દીધું છે. મારે કે તમારે કોઈએ કહેવાની જરૂર નથી કે નફરત કોના પ્રત્યે છે. અહીંથી ગૃહની બહાર મારા મિત્રો સામે બેઠેલા મિત્રોને પૂછીએ કે જો આ સરકાર વિકાસ કરી રહે છે અને તમે કેમ આના માટે વિરોધ કરો છો ગૃહમાં, તો મિત્રો એમ કહે કે ગૃહમાં અમે વિરોધ પક્ષમાં બેઠા છીએ તો અમારે વિરોધ કરવો પડે. આ તો રાજકારણ છે. તો આવું રાજકારણ કેવું? જયારે સત્ય હકીકતો તો એમણે કબૂલ કરવી જોઈએ. હમણાં ગોવાભાઈએ એમના પ્રવચનમાં કીધું કે ખેડૂતોને મારી નાખ્યા, ખેડૂતો રોવે છે. પણ મને એવું લાગે છે કે આ ખેડૂતલક્ષી સરકાર છે અને મહોત્સવની વાત કરે કે મહોત્સવ આવા ઉજવે છે. આ કૃષિ મહોત્સવ દ્વારા ગામડે ગામડે અધિકારીઓ ગયા છે. વૈજ્ઞાનિકો ગામડે ગામડે ગયા છે. આજ સુધી આઝાદી પછીનો પહેલો રૅકૉર્ડ હશે કે આવા અધિકારીઓ ગામડે ગામડે ખેડૂતના ઘર સુધી પહોંચી ગયા છે, એટલું જ નહીં પણ ગામડામાં કીટ આપી છે ખેડૂતોને,

પાણીની વ્યવસ્થાની જ્યારે વાત કરી ત્યારે ટપક પદ્ધતિ માટે આ ગૌરવ લેવા જેવું છે કે આ સરકારે ૧૫૦૦ કરોડ રૂપિયા આ ટપક પધ્ધતિ માટે ફાળવ્યા છે. જ્યારે આ માટે કેન્દ્ર સરકારે ૪૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને એટલું જ નહીં પણ પહેલા જ્યારે લોન લેવી હોય તો ખેડૂતોના પગ ઘસાઈ જતા હતા. હવે તો એક જ જગ્યાએ ફોર્મ ભરી દે, ૪૫ ટકા સબસીડી મળે, ૫ ટકા ઘરના કાઢવા પડે અને ૫૦ ટકા લોન આ સરકારે ખેડૂતોને કરી દીધી છે એટલે મને લાગે છે કે જે ગોવાભાઈ કહેતા હતા કે ખેડૂતો રોવે છે પણ આ સરકારના વિકાસથી સામે બેઠેલા મિત્રો રોવે છે એવું મને લાગે છે.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ (રાજગઢ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે એમાં સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છુ. જે રીતના વિપક્ષના

નેતાશ્રીએ ગૃહમાં જે ભાષણ કર્યુ છે અને જે ચિંતા રાખી છે એ ચિત્ર વાસ્તવમાં લોકશાહી ઢબે જો હોત તો આજે આપણે બજૅટમાં આ બધા પ્રકારની ચર્ચા કરવાની જરૂર નહોતી અને આજે હું આ ગૃહમાં કોંગ્રેસના મિત્રોને કહું છું કે એમણે પહેલા આલોચના કરી છે શિક્ષણ વિભાગની કે આ રાજયના ૪૫ લાખ આદિવાસીઓ અભણ રહ્યા છે અને કેટલાક લોકોનું અહિત થયું છે, આવું ઘણું બધું ભાષણ કર્યુ એમણે ગૃહમાં, મારે વિપક્ષના માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે ખરેખર સત્ય વાત એ સત્ય હોય છે. ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી અને એમાં પણ આનંદીબહેન શિક્ષણ મંત્રી તરીકે જ્યારે રાજયનો હવાલો સંભાળી રહ્યા છે ત્યારે હું ગૌરવથી કહી શકું કે આ રાજયની અંદર શિક્ષણ નીતિ તો આઝાદી પછીથી ચાલતી આવી અને ચાલે છે પણ કોઈ એવી સરકાર હોય કે ડ્રોપ આઉટ રેશીયા ઉપર જો ચિંતા વ્યકત કરી હોય તો આ મારી પહેલી સરકાર છે, ભારતીય જનતા પક્ષની. આનાથી આગળનો રેશીયો તો બહુ વિક્રમજનક છે પણ નથી કહેવો. ૨૦૦૧માં ધોરણ ૧ થી ૫ માં ભણતા વિદ્યાર્થીઓનો રેશીયો ૨૦.૫૦ ટકા હતો એ ઘટીને ૫.૧૮ ટકા ( અંતરાય) અને ધોરણ ૧ થી ૭ સુધીનો રેશીયો ૩૭.૧૮ ટકા જે હતો એ ૧૧.૧૮ ટકા થયો. માત્ર અમારી રાજય સરકાર, શિક્ષણ વિભાગ આ રેશીયાને નીચે લાવવાનું કારણ છે. હમણાં કહેતા હતા કે રથ કાઢવાથી શિક્ષણ સુધરે નહીં, મહોત્સવ કરવાથી શિક્ષણ સુધરે નહીં. આ રાજયમાં રથયાત્રા નહીં પણ જે મહોત્સવ કર્યા છે એનાથી પ્રજાનું ધ્યાન ગયું કે આ મહોત્સવ કર્યા તો કારણ એ હતું કે નિષ્ક્રિય બનેલી કોંગ્રેસ સરકારે માત્ર પ્રજાના વોટ લઈને, આખા દેશની અંદર ગુજરાતને જો શિક્ષણ લેવલે કમનસીબી અપાવી હોય તો એ માત્ર કોંગ્રેસે. કેવી રીતે? જે તે સમયે આ રાજ્યમાં શિક્ષણની સંસ્થાઓ ઘણી નીકળી. એ માત્ર ધંધાઓ પૂરતી હતી. અમારી સરકાર આવ્યા પછી અમદાવાદ શહેર અને પંચમહાલ જિલ્લા જેવા ઊંડાણના વિસ્તારોમાંથી બોગસ શાળાઓ પકડી, બોગસ પગાર ખાતા શિક્ષકોને જેલના હવાલે કર્યા. એક કવિએ કહ્યું છે કે, "ગાંડી માથે બેડલું, મરકટ કંઠે હાર, જુગારી ગાંઠે રૂપિયા, એ ટકે કેટલી વાર?" આવા લોકોએ જે વહીવટ કર્યો છે એનું આ પરિણામ છે. મારે એથી પણ આગળ કહેવું છે કે શિક્ષણ વિભાગની જ્યારે વાત છે ત્યારે આ રાજ્યમાં કયારેય પણ આઈ.એસ.એસ., આઈ.પી.એસ. અધિકારીની કોઈ પોસ્ટ આ રાજ્યનો દીકરો મેળવી શકે એવી યુનિવર્સિટી ન હતી. અમારી રાજય સરકારે પહેલી વાર ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે કે આજે ગુજરાતને ડૉક્ટર લેવો હોય તો, આઈ.એ.એસ. અધિકારી લેવો હોય તો પર પ્રાંતના દીકરાને લેવો પડે એનો આશરો લેવો પડતો નથી.

**શ્રી પુનાભાઈ ઢે. ગામીત (વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેમાં મારી અનુમતિ નથી. કારણ કે ખેડૂતોને જે રીતે સિંચાઈની સુવિધા મળવી જોઈએ તે રીતે મળતી નથી. આ અંગેની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી એનું મને દુઃખ છે. એવી જોગવાઈ અંદાજપત્રમાં કરવી જોઈતી હતી કે જેથી ખેડૂતોને સબસિડી પણ ઉપલબ્ધ થઈ શકે. એક ખેડૂતના દીકરા તરીકે હું વાત કરી રહ્યો છું. આપ પણ ઘણા બધા ખેડૂત છો ત્યારે, જ્યારે ખેડૂતોને આપત્તિ આવી પડે છે ત્યારે એને કંઈક વળતર મળે એના માટે કોઈક જોગવાઈ કરવી જોઈતી હતી. એ જોગવાઈ પણ અંદાજપત્રમાં નથી. (અંતરાય) બેન, તમે સારી રીતે ચશ્મા પહેરીને જોઈ લેજો. કોઈની સામે આક્ષેપ કરવાથી કોઈ માણસ સુખી થઈ જતો નથી. પરંતુ જે રસ્તાઓની વાતો કરવામાં આવી છે, આગલી સરકારે શું કર્યું અને આ સરકારે શું કર્યું? એમાં હું આક્ષેપ કરવા માગતો નથી પરંતુ અત્યારે કેટલાય રસ્તાઓ મારા સુરત જિલ્લામાં આપ જોશો તો નથી. શબરી ધામમાં તમે આવ્યા હશો અને જોયું હશે તો તમે રસ્તા બનાવ્યા છે. કયા કારણોસર રસ્તા બનાવવામાં આવ્યા છે એ આપણે સૌ જાણીએ છીએ. હું પોતે આદિવાસી છું એટલે કહીશ કે આદિવાસી વિસ્તારમાં હજુ પણ છેવાડાના ગામોમાં રસ્તા નથી થયા. આથી રસ્તાઓ માટે પૂરક જોગવાઈઓ અંદાજપત્રમાં કરવી જોઈતી હતી. વધારાની પણ જોગવાઈ કરવી જોઈતી હતી. માત્ર લખાણપટ્ટી કરવાથી એ પતી જતું નથી. તમે બધા જો એમ ઈચ્છતા હોય તો મારી આ અંદાજપત્રમાં સહમતિ નથી. પરંતુ તમે ફરી બજૅટ તૈયાર કરો ત્યારે બજૅટ લક્ષી કાર્યક્રમ લઈને આવજો. રસ્તાની પણ જોગવાઈ કરજો અને સિંચાઈ, વીજળી માટે પણ જોગવાઈ કરજો. જેથી કરીને ખેડૂતોને સબસિડી મળી શકે અને ખેડૂતો આપણને બધાને જોઈને ખુશ થશે. નહિ તો બધાએ ખેડૂતોનો માર પડશે અને આપણને બધાને ભેગા કરીને મારશે. આ બજૅટને મારું અનુમોદન નથી. ધન્યવાદ.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧-૦૦ વાગ્યે પૂરું થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૭મી માર્ચ, ૨૦૦૬**
**ફાલ્ગુન ૧૬, ૧૯૨૭ શાકે**
**બીજી બેઠક**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### વલસાડ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત

***૧૪૬૨૩ શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) ૨૦૦૩-૨૦૦૪ અને ૨૦૦૪-૨૦૦૫ના નાણાંકીય વર્ષ દરમ્યાન વલસાડ જિલ્લામાં પંચાયત હસ્તકના કેટલા રસ્તાના જોબ નંબર આપવામાં આવેલ,

(૨) તે પૈકીના કયા તાલુકાના કેટલા અને કયા કયા રસ્તાના અપાયેલ જોબ નંબર રદ કરી કામ કરવામાં આવેલ નથી, અને

(૩) જોબ નંબર રદ કરવામાં આવેલા હોય તો તેના શાં કારણો ?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી :**

(૧) પંચાયત હસ્તકના વર્ષ ૨૦૦૩-૦૪માં ૧૦ અને વર્ષ ૨૦૦૪-૦૫માં ૯૨ રસ્તાના કામના જોબ નંબર આપવામાં આવેલ છે.

(૨) તે પૈકી કોઈ જોબ નંબર રદ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે, વલસાડ જિલ્લામાં કુલ ૯૨ જોબ નંબરો આપવામાં આવેલ તે પૈકી કેટલા કામો પૂર્ણ થઈ ગયા અને કેટલા કામો બાકી છે? પ્રશ્ન(૨) ૯૨ જોબ નંબરો આપવામાં આવેલ તે પૈકી વલસાડ-ધરમપુર રોડથી-ઔરંગા નદી તરફ જતો ૩ કિલોમિટરનો રસ્તો છે તેનો એમાં સમાવેશ થયેલો છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ફલડ સીચ્યુએશન જે પ્રકારે ડેવલપ થયેલ હતી અને વલસાડ જિલ્લામાં સૌથી વધારે અસર થયેલ હતી એવા સ્વરૂપમાં રાજ્ય સરકારે રસ્તાની સ્થિતિ જળવાઈ રહે એ માટે થઈને પૂરતા પ્રયત્નો કર્યા અને માનનીય સભ્યશ્રીએ પૂછયું છે એ મુજબ ૨૦૦૪-૦૫માં એકલા વલસાડ જિલ્લામાં પંચાયતને લગતા ૯૨ રસ્તાને જોબ નંબર આપવામાં આવ્યા હતા, સ્ટેટના જુદા. જે બતાવે છે કે રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગમાં યોગ્ય સ્વરૂપે રસ્તાની જાળવણી કરવા માગે છે. કુલ ૨૦૦૫-૦૬માં ૧૦૪૨ કામોમાં જે પ્રકારે દક્ષિણ ગુજરાતમાં વધારે વરસાદ હતો એ સ્વરૂપે ૧૦૪૨ કામોમાં જુદા જુદા જોબ નંબરો આપવામાં આવ્યા, એમાં વલસાડ જિલ્લામાં જે ૯૨ જોબ નંબરો આપવામાં આવ્યાં એમાં જે ત્વરિત કામો કરવાના, આ વિભાગની એક નવી ગતિ પ્રાપ્ત થયેલ છે એના ફળસ્વરૂપે ૯૨માંથી ૭૯ કામો અમે એક વર્ષ પહેલા પહેલા પૂર્ણ કર્યા છે અને ૧૨ કામો પ્રગતિમાં છે અને એક કામ શરૂ કરવાનું બાકી છે. જે રસ્તો એમણે પૂછયો છે એમાં મારી પાસે ૯૨ રસ્તાનું લિસ્ટ છે. જો સભ્યશ્રી કહે તો ૯૨ રસ્તાનું લિસ્ટ વાંચી જાઉં, નહિ તો એમને જે માહિતી જોઈએ છે એ ૯૨માંથી આવીને જોઈ શકે છે.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : બીજો પ્રશ્ન મારો એ હતો કે ૯૨ જોબ નંબરો પૈકી વલસાડ-ધરમપુર રોડથી-ઓરંગા નંદી તરફ જતો ૩ કિલોમિટરના રસ્તાનો આમાં સમાવેશ થાય છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ૯૨ જોબ નંબરોના ૯૨ રસ્તા છે. હવે એમાંથી એ રસ્તો શોધવા સમય જોઈશે. કારણ કે, પર્ટિક્યુલર ૯૨માંથી એક રસ્તો સભ્યએ પૂછ્યો છે એટલે ૯૨-૯૨ કહેતા હોય તો હું વાંચી દઉં.

**શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ** : ના હોય તો એ પૂરો કરવા માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, ધરમપુર તાલુકા સાબરચીથી હનુમંત માર્ગે જતો રસ્તો ૧૯૯૭-૯૮માં મંજૂર કરવામાં આવેલ અને એક કોન્ટ્રાકટરને ટેન્ડર મળેલ અને એણે છેલ્લા સાત વર્ષથી આ રસ્તો બનાવેલ નથી તો કોન્ટ્રાકટરને ટર્મિનેટ કરવા કોઈ કાર્યવાહી કરવા માગો છે કે નહિ?

મારો બીજો પ્રશ્ન, ધરમપુર-શામળાજીથી વાપીથી જતો મોડાસા હાઈવેની અંદર વાપી-ધરમપુર વચ્ચેની નદી પર બ્રીજ બનાવવામાં આવ્યો છે તેના પર ટોલટેકસ લેવામાં આવે છે એ ટ્રાયબલ વિસ્તાર છે તો એ ટોલટેકસ ના લેવા માટે કોઈ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ મુજબ ૯૨ જોબ નંબરો જિલ્લા પંચાયતને લગતા રસ્તા છે, માનનીય સભ્યશ્રીએ જે સ્ટેટ રસ્તાની વાત કરી છે એની વિગત આમાં ઉપલબ્ધ નથી. પરંતુ જે કોન્ટ્રાકટરની વાત કરી છે, આમાં મારી પાસે એની માહિતી નથી. સ્ટેટના રસ્તા હશે. પરંતુ કોઈપણ કોન્ટ્રાકટરને આવા પ્રકારના કામમાં અમે છોડવા માગતા નથી. આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓનું એ વાત તરફ ધ્યાન દોરવા માગું છું કે દોઢ વર્ષના ગાળામાં પ્રમાણિકતા અને પારદર્શકતાને વરેલી આ સરકારે લગભગ ૨૦ જેટલા કોન્ટ્રાકટરોને બ્લેકલિસ્ટ કર્યા છે અને ગુજરાતમાં એકપણ કોન્ટ્રાકટર એવો હોય કે જે કામમાં વિલંબ કરતો હોય તેને માર્ગ અને મકાન વિભાગ ચલાવી લેવા માગતું નથી.

**જળસંપત્તિ નિગમમાં ભ્રષ્ટાચારના આક્ષેપમાં અધિકારીઓને ઝડપવા બાબત**

***૧૫૦૫૪ શ્રી ધીરુભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ જળ સંપત્તિ નિગમમાં કામ કરતા અધિકારીઓ પૈકી છેલ્લા બે વર્ષમાં ભ્રષ્ટાચારના આક્ષેપ અન્વયે કેટલા અધિકારીઓ ઝડપાયા છે,

(૨) તેમની સામે કયા પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) આવા અધિકારીઓની મિલકતો જપ્ત કરવા સરકાર વિચારે છે કે કેમ?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) આ સમયગાળામાં કોઈ અધિકારી ઝડપાયા નથી. પરંતુ ૩૫ આક્ષેપિતો સામે ખાતાકીય તપાસ ચાલે છે.

(૨) નિયમાનુસાર ખાતાકીય તપાસની કાર્યવાહી ચાલુ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** :માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખૂબ મહત્ત્વનો છે. હું જાણવા માગું છું કે તા.૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ જળસંપત્તિ નિગમમાં કામ કરતા અધિકારીઓ પૈકી છેલ્લા બે વર્ષમાં ભ્રષ્ટાચારના આક્ષેપ અન્વયે કેટલા અધિકારીઓ ઝડપાયા છે, મને જવાબ આપવામાં આવ્યો છે કે આ સમયગાળામાં કોઈ અધિકારી ઝડપાયા નથી પરંતુ ૩૫ આક્ષેપિતો સામે ખાતાકીય તપાસ ચાલે છે. ગુજરાતમાં પાણીનો પ્રશ્ન આટલો બધો મહત્વનો હોઈ હું જાણવા માગું છું કે, અધ્યક્ષશ્રી, જળસંપત્તિ વિકાસ નિગમના સામે ગેરરીતિ, નિગમની કામગીરી સિવાય પણ કઈ કઈ બાબતોમાં તપાસ ચાલે છે. આ તપાસમાં ગંભીર પ્રકારના સરકારને નાણાકીય નુકસાન કરવાના આરોપો છે કે કેમ? જો હોય તો તેની વિગતો સરકારના ધ્યાનમાં છે કે કેમ? એની તપાસમાં આટલો લાંબા સમયનો વિલંબ થવાનું કારણ શું? ગુજરાત જળસંપત્તિ નિગમ દ્વારા ચેકડેમ તૂટી જવા બાબતે બાંધકામની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે એ વાત સાચી છે? જો હા તો આ સરકાર કોને બચાવવા આવી કામગીરી કરી રહી છે. આ કામગીરી માટે કોણે મંજૂરી આપી છે? આ ત્રણ પ્રશ્ન છે. બીજું,

**અધ્યક્ષશ્રી .** : ધીરુભાઈ, બધા પ્રશ્નો એક સાથે યાદ ન રહે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ,પછી મને મોકો આપજો. આપ પછી મોકો આપતા નથી. મારા પાંચ પેટા પ્રશ્નો છે. બાકીના જવાબ પછી આપે.

**અધ્યક્ષશ્રી** : પાંચ મિનિટમાં પ્રશ્ન પતાવવાનો હોય છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ધારાસભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે આ બે વર્ષમાં કેટલા કર્મચારી કે અધિકારીઓ ઝડપાયા છે? મારો સ્પષ્ટ જવાબ છે કે આ બે વર્ષમાં કોઈ ઝડપાવાના એટલે કે એ.સી.બી.ના છટકામાં હોય એવા કિસ્સા બન્યા નથી. પરંતુ આ પહેલાના કેસ જે કેસ ઉપર આરોપ થયેલા છે એ તારવીને જવાબ મૂકયા છે. એની અંદર પગલાં ભરવાનું આગળ ચાલુ છે. કામગીરી ચાલુ છે એવો મેં જવાબ આપ્યો છે. વિગતવાર આપું તો એ.સી.બી.ના છટકામાં પણ ૧૦ કેસ અમે કરેલા છે પણ ચોકકસ સમયનો પ્રશ્ન પૂછયો છે એમાં આ જવાબનો સમાવેશ થઈ શકતો નથી. પ્રશ્નનો જવાબ પ્રશ્નની રીતે આપું છું. એ.સી.બી.માં ૧૦ કેસ પેન્ડીંગ છે એમાંથી સાત કેસમાં આ બધા આરોપી હતા એ છૂટા થઈ ગયા છે. છતાંપણ ફરજમુકતીથી બહાર કાઢયા નથી. કોર્ટમાં કેસ ચાલુ છે. ફરજમોકૂફી ઉપર ૧૨ જણા છે. આમાં કેસ દાખલ કર્યો છે. આમાં પણ કોર્ટમાં જવાનો એમને આધિકાર છે. પણ વિભાગ તરફથી કોઈ આંખ આડા કાન કરવામાં આવ્યા હોય એવો કોઈ કેસ નથી. કેસ ન બન્યા હોય છતાંપણ અધિકારીને ઝડપવાની બાબતમાં સભ્યશ્રી અપેક્ષા રાખે તો એ શકય ન બને.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, તપાસમાં વિલંબ થવાનું કારણ શું? એ કોને બચાવવા માગે છે? આ તપાસ કેટલા સમયમાં પૂર્ણ કરવાની હોય, એનો માપદંડ હોય છે કે કેમ? કોઈપણ તપાસનો સમય નકકી કરવા માગો છો કે કેમ? મને જવાબ આપે. મારા પાંચ પેટા પ્રશ્નો છે મને પૂરી તક આપજો. મારા પાંચ પ્રશ્નોનો જવાબ આવી જાય.

**અધ્યક્ષશ્રી .** : એમના સાત કેસ તો આવી ગયા છે, એટલે ધીમી ગતિ કે મોડું થયું નથી.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક તપાસ જેના તકેદારી આયોગ દ્વારા કેસ કરવામાં આવ્યા છે એવા નવ કેસ છે. એની તપાસ ચાલે છે. પ્રાથમિક તપાસ તકેદારી આયોગ સિવાયના ૧૪ કેસ ચાલુ છે એ.સી.બી.માં પાંચ કેસ પેન્ડીંગ છે. ૨૮ કેસમાં ૩૫ ઈસમો ઉપર કેસ ચાલે છે. શકય એટલા વહેલા આ કેસનો નિકાલ કરવામાં આવશે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા પાંચ પ્રશ્નો છે. મારા જે પ્રશ્નો છે એ ગુજરાતના મહત્વના પ્રશ્ન છે. આવા પ્રશ્નમાં અડધા કલાક કરતાં વધારે સમય આપવો જોઈએ.

**અધ્યક્ષશ્રી** : બધા પ્રશ્નો મહત્વના હોય છે, મારો જ પ્રશ્ન મહત્વનો છે, એવું માનવાની જરૂર નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમમાં ચેકડેમ તૂટી જવાને કારણે કરોડો રૂપિયાનું નુકસાન થયું. આ નુકસાન આલેખનની ક્ષતિને કારણે થયું હોવા છતાં ઈજારદારને ખોટી રીતે દંડવાની કાર્યવાહી થઈ રહી છે એ વાત સાચી છે? ચેકડેમના આલેખન બાબતે સબંધિત તાંત્રિક અધિકારીઓ દ્વારા વાંધા લેવામાં આવેલ છે કે કેમ? અને છતાં અધ્યક્ષશ્રી દ્વારા આલેખન પ્રમાણે કામગીરી કરવાનો હઠાગ્રહ કરવામાં આવ્યો છે, આ વાત સાચી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : જે ચેકડેમોને ફ્લડ દરમ્યાન નુકસાન થયું હોય તેવા કેસની તપાસ કરી છે, એના ઉપર તપાસ કમિટી નીમી હતી, પરંતુ એના ઉપર અધિકારીની જો જવાબદારી ઊભી થશે તો એના ઉપર ચોક્કસ પગલાં લેવામાં આવશે. બાકી સ્પેસિફિક કોઈપણ જગ્યાના ચેકડેમ માટે અનુગ્રહ હોય તો નામ આપો તો એના ઉપર તપાસ કરાવી શકું. આખા ગુજરાતના ચેકડેમની એકી સાથે આખા લાઈનના જવાબની અપેક્ષા ન રાખી શકાય.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે ૩૫ આક્ષેપિતો સામે ખાતાકીય તપાસ ચાલુ છે, તો આ તપાસ કયા પ્રકારની ચાલુ છે, કયા અધિકારી સામે ચાલુ છે અને ગુજરાત જળસંપત્તિ નિગમની.

**અધ્યક્ષશ્રી** : આખા રાજ્યનો સવાલ છે, એટલે બધામાં એટલો જ જવાબ આપી શકે. આખા રાજ્યની વાત તમે કરી રહ્યા છો.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : ૩૫ આક્ષેપિતો સામે તપાસ ચાલે છે એમ સરકારે કહ્યું છે તો કયા અધિકારી સામે તપાસ ચાલુ છે અને અધ્યક્ષસ્થાને પણ કેટલાક આક્ષેપો થયેલ છે, તો એની તપાસ રાજ્ય સરકારમાં ચાલે છે કે નહી?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : મેં જે નામ આપ્યાં એનાં નામ આપી શકાય તેમ છે. તકેદારીની જે પ્રાથમિક તપાસ છે, એમાં વર્ગ-૨ ના કર્મચારી બી.પી.બારોટ સામે ચાલે છે. એમ.જે. મલિક જે વિભાગીય હિસાબનીસ છે, બારોટ છે તે નાયબ કાર્યપાલક ઈજનેર છે. એમ.આર.પટેલ અધિક મદદનીશ ઈજનેર છે. બી.એસ.પરમાર ઑપરેટર છે, જૈન ક્ષત્રિય અ.મ.ઈ. છે. એ.એસ. શુક્લ કારકુન છે. એ.ટી. પટેલ અધિક મદદનીશ ઈજનેર છે. તકેદારીની જે પ્રાથમિક તપાસના આયોજન સિવાયના જે કેસો છે, એમાં એ.ડી. ગોહીલ, ભૂસ્તર શાસ્ત્રી, એમ.જે. શુક્લ, અધીક્ષક ઈજનેર છે. એચ.જે.દેસાઈ કાર્યપાલક ઈજનેર છે. (અંતરાય) આપ કોના માટે પૂછવા માગો છો. પૂછો જવાબ આપવા તૈયાર છું.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા** : નાના અધિકારી છે.(અંતરાય)

## નર્મદા યોજના હેઠળ વિવિધ જળાશયોમાં પાણી આપવાનું આયોજન

***૧૪૫૮૮ શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા જળાશય આધારિત કેનાલ/પાઈપલાઈન દ્વારા બનાસકાંઠા જિલ્લાના મધ્યમ અને મોટા જળાશયોમાં પાણી આપવાનું શું આયોજન છે, અને

(૨) સરકાર દ્વારા ઉપરોક્ત કામે અત્યાર સુધીમાં કેટલા કિસ્સામાં વહીવટી/સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે, તે અંગે બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોય તો તે અંગેની વિગતો શી છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી :**

(૧) નર્મદા મુખ્ય નહેરથી પાઈપ લાઈન દ્વારા દાંતીવાડા જળાશયને બે પાઈપ લાઈન, સીપુ જળાશયને એક પાઈપ લાઈન અને મુક્તેશ્વર જળાશયને એક પાઈપ લાઈનથી ભરવાનું આયોજન છે.

(૨) નર્મદા મુખ્ય નહેર દ્વારા ઉત્તર ગુજરાતના જળાશયો/તળાવો ઉદ્વહન કરી પાઈપ લાઈનથી ભરવાની સૈદ્ધાંતિક મંજૂરી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના તા. ૨૮-૮-૨૦૦1 ના પત્રથી આપવામાં આવેલ છે. દાંતીવાડા પાઈપ લાઈન નંબર ૨ ની વહીવટી મંજૂરીની પ્રક્રિયા હાલ વિચારણા હેઠળ છે, ત્યારબાદ બજેટની યોગ્ય તે જોગવાઈ કરવામાં આવશે.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા** : માનનીય અધ્યક્ષશ્રી,મારે માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવું છે કે દાંતીવાડા જળાશયને બે પાઈપ લાઈન, સીપુ જળાશયને એક અને મુક્તેશ્વરને એક પાઈપલાઈનથી ભરવાનું આયોજન છે. મારે માનનીય મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન એ વાતના આપવા છે કે ૩૪૫ કરોડ રૂપિયા નર્મદાની પાઈપ લાઈન દ્વારા ઉત્તર ગુજરાતના મોટા જળાશયોને ભરવા માટે આ વખતના બજેટમાં ફાળવણી કરી. મારે માનનીય મંત્રીશ્રીને એ પૂછવું છે કે એક પાઈપલાઈન દાંતીવાડા, મુક્તેશ્વર અને સીપુની જે મંજૂરી આપી છે. એકની પ્રી મંજૂરી આપી છે, વહીવટી મંજૂરી હજુ બાકી છે, તો જે વહીવટી મંજૂરી આપી છે, તો એના ટેન્ડર કયાં સુધીમાં બહાર પાડવામાં આવશે અને કયાં સુધીમાં સ્થળ ઉપર કામગીરી ચાલુ કરવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : બનાસકાંઠાના આ ૩ બંધ દાંતીવાડા, મુક્તેશ્વર અને સીપુ આ ત્રણેય બંધમાં પાણી ભરવા માટે લિફ્ટ ઈરિગેશન દ્વારા પાઈપલાઈનનું આયોજન કરવામાં આવ્યું છે. એમને મેં પહેલા વિગત આપી હતી. ફરીવાર ગૃહ સમક્ષ મૂકવા માગું છું. બે પાઈપલાઈન દ્વારા દાંતીવાડામાં ૨૦૦-૨૦૦ ક્યુસેકની એક એક પાઈપલાઈન અને એક સીપુમાં પાઈપલાઈન દ્વારા પાણી નાખવાનું આયોજન છે. અત્યારે હાલ નર્મદા કેનાલનું કામ બનાસકાંઠા તરફ જઈ રહ્યું છે અને જેવું નર્મદા કેનાલનું પાણી અવેઈલેબલ થાય તે દરમ્યાન આખું આયોજન ત્યાંથી પાઈપલાઈન નાખવાનું કામ શરૂ થાય તે પ્રમાણેનું આયોજન છે. એમણે કહ્યું ૩ પાઈપલાઈન દાંતીવાડા પાઈપલાઈન એક, બીજી બે અને સીપુની એક અને મુક્તેશ્વરની એક પાઈપલાઈન એમ ૪ પાઈપલાઈન ટોટલ આયોજન બનાસકાંઠા માટે અમે કરેલ છે. વહીવટી મંજૂરી, સૈદ્ધાંતિક સ્વીકાર કરેલ છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** :માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વહેલી તા. ૨૮-૮-૨૦૦૧ના રોજ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. હાલમાં તેઓ જાણે છે કે જે લેઆઉટ તૈયાર કરવાના હતા તેમાં હારમોનિ કન્સલટન્સીએ લેઆઉટ ફાઈનલ કર્યા છે. પછી લાઈનની આખી ડીરેકશન નક્કી કરવામાં આવશે. વહિવટી પ્રક્રિયા માટેની પ્રક્રિયા ચાલુ છે. સરકાર વહેલામાં વહેલી તકે મારી દૃષ્ટિએ પ્રાયોરિટીમાં હોવાના કારણે સૌથી પહેલાં આ કામ હાથ ઉપર લેવાનો ઈરાદો ધરાવે છે.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા** : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ દ્વારા બનાસ નદીમાં પાણી નાંખવાનું સરકાર કરે છે તે કયારે નાખવામાં આવશે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા કેનાલનું પાણી પહોંચે એટલે પાઈપલાઈન હાથમાં લેવાનું શરૂ કરીશું. એક વર્ષમાં નાંખી શકાશે. પરંતુ હજુ થોડો સમય લાગશે.

**શ્રી શંકરભાઈ લ. ચૌધરી** : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાની તરસી ધરતી અને આવનારી અનેક પેઢીઓ સુધી યાદ કરે તેવું આયોજન આ સરકારે કર્યુ છે. માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે વડગામ તાલુકાની અંદર કરમાવત ડેમ આવેલ છે. આ કરમાવત ડેમની અંદર પાણી નાખવામાં આવે તો ૨૦-૨૫ કિ.મી.ના વિસ્તારની અંદર રિચાર્જીગ થઈ શકશે. તો આ કરમાવત ડેમમાં પાણી ભરવામાં આવે તેવું આયોજન કરવા માગે છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સૂચન છે. ચેકઅપ કરીને શકયતા તપાસીશું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી** : માનનીય અધ્યક્ષશ્રી, પાંચ વર્ષ પહેલાં સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમાં જવાબ આપ્યો છે. દાંતીવાડાની પાઈપલાઈનની વહીવટી મંજૂરીની પ્રક્રિયા ચાલુ છે. ગયા વર્ષે પણ આ જ હાઉસમાં પ્રશ્ન પૂછયો હતો અને આ વર્ષે ફેબ્રુઆરી માસમાં પાઈપલાઈનથી પાણી નાંખીશું તેવો જવાબ આપ્યો હતો. આ વર્ષે કહે છે કે વિચારણામાં છે. તો દાંતીવાડાને વિચારણામાં દશકો લગાડવાનો છે કે પછી પંદર વર્ષ લગાડવાના છે. સૈદ્ધાંતિક મંજૂરી આપે પાંચ વર્ષ થયા છે. હવે દાંતીવાડા ડેમમાં પાણી કયારે નાંખવાનું છે? પાંચ વર્ષથી મંજૂરી મળી છે તેમ આપ કહો છો. તો દાંતીવાડા ડેમમાં આપ પાણી કયારે નાંખશો તેનો ખરો આંકડો કહેશો.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૪ પાઈપલાઈનો દ્વારા લીફટ ઈરીગેશનનું કામ કરી રહ્યા છીએ. તેમાંથી ૭ પાઈપલાઈનનું કામ ચાલુ છે. તેઓનો ઈન્ટરેસ્ટ ઉત્તર ગુજરાતના કેટલા ભાગોમાં છે તેની મને ખબર નથી. ગોવાભાઈ ઈરાદાપૂર્વક પૂછે છે. ખૂબ ટૂંક સમયમાં વહિવટી મંજૂરી આપવા માટે નાણાંકીય આયોજન કરીએ છીએ. હજી બીજા પ્રશ્નોમાં ઘણા જવાબો આપવાના છે તેની અંદર તેને આટોપી લઈશું. કામ શરૂ કરીએ ત્યારથી બે વર્ષની અંદર અમે દાંતીવાડામાં પાણી પંપીંગ કરીશું.

**શ્રી ફતેસિંહ વ. ચૌહાણ** : માનનીય અધ્યક્ષશ્રી, પંચમહાલ અને દાહોદ જિલ્લાને આવી રીતે પાણી આપવા માગો છો કે કેમ?

**અધ્યક્ષશ્રી** : તે આમાં ન આવે.

**પ્રવાસન વર્ષમાં સરકારે પ્રવાસ પાછળ કરેલ ખર્ચ**

***૧૫૮૧૨ શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સને ૨૦૦૫-૦૬ના વર્ષમાં પ્રવાસન પાછળ સરકારે કેટલું બજેટ ફાળવ્યું છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલો ખર્ચ કઈ બાબતો પાછળ કરવામાં આવ્યો છે,

(૩) દેશની અંદરના સામાન્ય પ્રવાસીઓ રાજયમાં પ્રવાસ માટે આકર્ષાય તે અંગે કેવા પગલાં લીધેલા છે?

**પ્રવાસન મંત્રીશ્રી:**

(૧) રૂા.૩૦ કરોડ

(૨) નીચેની બાબતો પાછળ ખર્ચ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ૧. પ્રોજેકટ અને આંતર માળખાકીય સુવિધાઓ માટે - | રૂા. ૧૩૬.૮૧ લાખ. |
| ૨. પ્રવાસન ઉત્તેજન પ્રવૃત્તિઓ માટે - | રૂા. ૧૧૩૦.૩૫ લાખ. |
| કુલ ખર્ચ : | રૂા. ૧૨૬૭.૧૬ લાખ |

(૩) નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

૧. ઈવેન્ટ બેઈઝ પ્રવાસન આધારિત વિવિધ કાર્યક્રમોનું આયોજન.
૨. દેશના વિવિધ રાજયોમાં પ્રદર્શનોમાં ભાગ લઈને રાજયની પ્રવાસન પ્રવૃત્તિઓનો પ્રચાર અને પ્રસાર કરવો.
૩. વર્તમાનપત્રો, મેગેઝીનો, હોર્ડીગ્સ વિગેરે માધ્યમો દ્વારા રાજયના પ્રવાસન સ્થળોનો પ્રચાર કરવો.
૪. પેકેજ ટુરનું આયોજન.
૫. પ્રવાસી માહિતી કેન્દ્રો દ્વારા જરૂરી માહિતી અને સાહિત્ય પૂરું પાડી પ્રવાસનની જાણકારી વધારવી.
૬. વિવિધ રાજયોમાં રોડ શો દ્વારા પ્રવાસનનો પ્રચાર કરવો.

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં દેશ અને દુનિયાના પ્રવાસીઓ આવે અને ગુજરાતની ઓળખ તથા ગુજરાતમાં રોજગારી ઉભી થાય તેવા આશયથી જાહેર કરવામાં આવેલ પ્રવાસન વર્ષ-૨૦૦૬ બદલ રાજય સરકારને અભિનંદન આપું છું. સાથે સાથે તેમણે જવાબમાં જણાવ્યું છે કે પેકેજ ટુર તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ રાજયમાં અને રાજય બહાર કયા પ્રકારની પેકેજ ટુર હાલ અસ્તિત્વમાં છે અને છેલ્લા ત્રણ વર્ષમાં દેશ અને વિદેશના કેટલા પ્રવાસીઓએ આનો લાભ લીધો અને છેલ્લા ત્રણ વર્ષમાં તેમાંથી કેટલી આવક થઈ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વર્ષ ૨૦૦૬ તરીકે મનાઈ રહયું છે. ત્યારે અગાઉથી આનું આયોજન થયેલ છે. ત્રણ વર્ષની તેમણે વિગતો માગી છે. પૅકૅજ ટુરમાં સૌરાષ્ટ્ર દર્શન ટુર, ઉત્તર ગુજરાત અને રાજસ્થાનની ટુર, મેજેસ્ટીક ટુર ઑફ ગુજરાત, પંચ દ્વારકા યાત્રા ટુર એમ વિવિધ ક્ષેત્રોમાં ટુર ચાલે છે. ત્યારે વર્ષ ૨૦૦૩-૨૦૦૪માં દેશના પ્રવાસીઓ ૩૬૪ અને વિદેશના ૫૩ પ્રવાસીઓએ પૅકૅજ ટુર કરી છે. ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં દેશના પ્રવાસીઓ ૭૩૭ અને વિદેશના ૭૮ પ્રવાસીઓએ, વર્ષ ૨૦૦૫-૨૦૦૬માં દેશના ૧૪૯૭ પ્રવાસીઓએ અને વિદેશમાંથી ૧૧૯ પ્રવાસીઓએ ટુર જ્યારે કરી છે ત્યારે આ પૅકૅજ ટુરમાં સતત છેલ્લા ત્રણ વર્ષમાં વિદેશના અને દેશના પ્રવાસીઓમાં વધારો થયો છે અને આવક ૨૦૦૨-૨૦૦૩ના વર્ષમાં ૧૩ લાખ ૯૫ હજાર, ૨૦૦૩-૨૦૦૪ના વર્ષમાં ૩૫ લાખ ૯૭ હજાર અને ૨૦૦૪-૨૦૦૫ના વર્ષમાં ૪૪ લાખ ૬૭ હજાર રૂપિયા જેવી આવક થયેલી છે.

**શ્રી હરેશકુમાર ઈ. ભટ્ટ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે, દેશના વિવિધ રાજયોમાં પ્રદર્શનોમાં ભાગ લઈને રાજયની પ્રવાસન પ્રવૃત્તિઓનો પ્રચાર અને પ્રસાર કરવો. તો આમાં આપણા રાજય બહાર, બીજા રાજયોમાં ગુજરાતી સમાજો આવ્યા છે ત્યાં આવા સેન્ટરો ઊભા કરવા માટે માનનીય મંત્રીશ્રી દ્વારા કે સરકાર દ્વારા કોઈ આયોજન કરવામાં આવ્યું છે ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, પ્રદર્શનોમાં આ સરકારે અન્ય રાજયોમાં પણ એના પ્રચાર અને પ્રસાર માટે થઈને ૨૦૦૫ના વર્ષમાં સપ્ટેમ્બર, ૨૦૦૫માં દિલ્હી ખાતે ૨૧ એપ્રિલથી ૨૪મી એપ્રિલ સુધી, કચ્છ ઇન્ટરનૅશનલ ટ્રેડ ફેર મુંબઈ, ગુજરાતની અસ્મિતાના કાર્યક્રમમાં મુંબઈ ચાલો જઈએ, કલકત્તામાં, કોચી, પૂના, હૈદરાબાદ જેવા આ દેશના વિવિધ રાજયોમાં ગુજરાતની અસ્મિતા પહોંચે અને પ્રવાસન નિમિત્તે કાર્યક્રમ થાય એની ચિંતા કરી છે ત્યારે સમગ્ર માહિતી પ્રવાસી કેન્દ્રો દ્વારા આપણા રાજયમાં અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ ખાતે મુખ્ય સ્થાનો દ્વારા પૂરી પાડવામાં આવે છે અને રાજય બહાર મુંબઈ ખાતે ૧૯૭૮થી , દિલ્હીમાં ૧૯૮૨થી , ચેન્નાઈમાં ૧૯૮૯થી, કલકત્તામાં ૧૯૯૦માંથી અને જ્યારે માનનીય સભ્યશ્રીએ વાત કરી

છે ત્યારે આ પ્રવાસન વર્ષ નિમિત્તે જયપુર, રાજસ્થાનમાં ૨૦૦૨માં જે તે સમયે માહિતી કેન્દ્ર બંધ કરવામાં આવ્યું હતું, હું કહીશ કે આ સરકાર ફરી ત્યાં ૧૬મી માર્ચથી જયપુર ખાતે પણ ગુજરાત પ્રવાસી માહિતી કેન્દ્ર શરૂ કરે છે અને પ્રવાસન વર્ષ નિમિત્તે હું સૌનો સાથ પણ માગું છું.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ના વર્ષ એ ગુજરાતમાં પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનો માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ઘોષણા કરી છે એ બદલ હું એમને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું. ૨૦૦૫-૨૦૦૬ના વર્ષમાં આ રાજયના સર્વપક્ષીય પ્રતિનિધિ મંડળે વિરોધપક્ષના અમારા નેતાની સંમતિથી આ રાજયની ઇમેજ સુધારવા માટે થઈને દેશના અન્ય રાજયોમાં પ્રવાસ ખેડ્યો છે અને આ જવાબમાં પણ આપ્યું છે કે, રૂપિયા ૧૧૩૦ લાખ પ્રવાસન પ્રવૃત્તિઓને ઉત્તેજન અને પ્રચાર- પ્રસાર હોર્ડિંગ્સ વગેરે માટે થઈને ખર્ચ્યા છે, અને માનનીય અધ્યક્ષશ્રી, અમે આવી વાત લઈને ગયા હતા.

**અધ્યક્ષશ્રી** : માનનીય સભ્યશ્રી, પ્રશ્ન ઉપર આવો.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન વર્ષ અંગેની જ વાત કરું છું, કોઈ રાજકીય કોમેન્ટ નથી કરતો. આવી અમે સરસ વાત લઈને ગયા હતા. " ગુજરાત છે અમૃત ધારા, ગુજરાતી છે સૌને ન્યારા," અને સાથે મળી ગુજરાતમાં પ્રવાસન વર્ષ જ્યારે આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે વધારેમાં વધારે જે નૉન રેસિડેન્ટ ગુજરાતીઓ છે, એ ગુજરાતનો પ્રવાસ ખેડે એ માટે થઈને સર્વપક્ષીય એક ઝુંબેશ ચલાવી ત્યારે માનનીય પ્રવાસન મંત્રીશ્રીને મારે પૂછવું છે કે કર્ણાટકમાં અમને અનુભવ થયેલ છે કે અમે પ્રેસને સંબોધન કરવા માટે બધા ભેગા થયા ત્યારે એક પ્રવાસી બેને ઊભા થઈને કહ્યું હતું કે માનનીય મંત્રીશ્રી, આપ પ્રવાસન વર્ષ તરીકે ઉજવો છો એ બહુ સારી વાત છે પણ જે હડપ્પન સંસ્કૃતિ લોથલ છે તો અમદાવાદથી લોથલ જવા માટે કોઈ સીધી બસની સુવિધા છે કે કેમ, તો ૧૧૩૦ કરોડ રૂપિયાનો ખર્ચ પ્રવાસનની ઉત્તેજન પ્રવૃત્તિઓ માટે, પ્રચાર અને પ્રસાર માટે ખર્ચો છો પણ અમદાવાદથી લોથલ સુધી સીધી બસ સેવા પ્રાપ્ત થાય એવું પ્રવાસન વર્ષમાં રાજય સરકાર કરવા માગે છે કે કેમ ?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન સારું છે.

**શ્રી માધાભાઈ લા. બોરીચા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગુજરાતનો સર્વગ્રાહી વિકાસ થાય અને ગુજરાતની ઓળખ રાષ્ટ્રીય કક્ષાએ અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ પ્રસ્થાપિત થાય એના માટે વર્તમાન વર્ષને રાજય સરકારે પ્રવાસન વર્ષ તરીકે જાહોર કર્યું છે, એ સારી વાત છે. પણ, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ગુજરાતના કેટલાક પ્રવાસન સ્થળો ઉપર બહોળા પ્રમાણમાં પ્રવાસીઓ આવે છે પણ કેટલાક પ્રવાસન સ્થળો અગત્યના હોવા છતાં પ્રવાસીઓ વધુ માત્રામાં જતા નથી. તો આવા કયા કયા સ્થળો છે કે જ્યાં ચાલુ વર્ષમાં એવા સ્થળોને ડેવલપ કરીને ત્યાં પ્રવાસીઓ વધારે પ્રમાણમાં આકર્ષાય એ માટે રાજય સરકારે આયોજન કર્યું છે?

**શ્રી સી.ડી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી સ્પેસિફિક કોઈ સ્થળની માહિતી આપશે તો એ બાબત ચોક્કસ વિચાર કરવામાં આવશે.

## ટંકારા, મોરબી અને પડધરી તાલુકામાં નર્મદાનું પાણી આપવા બાબત

***૧૫૭૮૧ શ્રી મોહનભાઈ ક. કુંડારિયા (ટંકારા)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, મોરબી અને પડધરી તાલુકામાં નર્મદાનું પાણી ઉપલબ્ધ હોઈ, નર્મદા આધારિત જૂથ યોજનાના ટેન્ડરો કયારે બહાર પાડવામાં આવેલ, અને

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કામગીરી કયા સ્ટેજે પહોંચેલ છે અને કેટલા સમયમાં પૂર્ણ કરાશે અને તેની પાછળ કુલ ખર્ચ કેટલો થશે?

**પાણી પુરવઠા મંત્રીશ્રી:**

(૧) રાજકોટ જિલ્લાના ટંકારા, મોરબી અને પડધરી તાલુકાને નર્મદાના પાણી આપવા માટે બે ગૃપ બનાવવામાં આવેલ જે પૈકી ટંકારા, પડધરી અને મોરબી તાલુકાને સમાવિષ્ટ કરતા ટંકારા ગૃપના ટેન્ડર તા.૨૭-૮-૦૨ના રોજ અને પડધરી, રાજકોટ તાલુકાને સમાવિષ્ટ કરતા પડધરી ગૃપના ટેન્ડર તા.૯-૧૦-૦૩ના રોજ તેમજ બન્ને ગૃપના ૩ ફિલ્ટર પ્લાન્ટના ટેન્ડર તા.૫-૨-૦૩ના રોજ બહાર પાડવામાં આવેલ.

(૨) આ બન્ને ગૃપના કુલ ૯૩ ગામો પૈકી ૩૪ ગામોને છેલ્લા બે વર્ષથી નર્મદા પાઈપ લાઈનના નૅટવર્ક સાથે જોડીને પાણી આપવામાં આવે છે. બાકી રહેતા ગામોની કામગીરી ક્રમશઃ: જૂન-૨૦૦૬થી ડિસૅમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

આ આયોજન પાછળ કુલ રૂ.૨૫૬૪.૫૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

**શ્રી મોહનભાઈ ક. કુંડારિયા** : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં અને સમગ્ર ગુજરાતમાં જે પાણી પુરવઠા યોજનાનું કામ ચાલુ છે અને ખૂબ ઝડપથી ચાલુ છે એ બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન.

મારા મત વિસ્તારમાં આ ત્રણ તબક્કે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે એ ટેન્ડરની સમય મર્યાદા ક્યારે પૂરી થાય છે, અને આ યોજનામાં પાણી આપી ઘરે ઘરે પાણી પહોંચે એ રીતે ક્યારે પૂર્ણ થશે?

**શ્રી હરજીવનભાઈ હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગુજરાત સરકાર પંચામૃત દ્વારા એટલે કે પાંચ મહા શકિત દ્વારા ગુજરાતના ગામડાંનો નિર્ધાર કર્યો છે એમાં લોક શકિત, ઉર્જા શકિત, જળ શકિત, જન શકિત, રક્ષા શકિત છે એમાં જળ શકિત દ્વારા ગુજરાતના ૧૮,૩૬૫ ગામો અને ૧૦ હજાર પરાઓને ગુજરાતની સરકારે નર્મદાનું પાણી આપવાનો નિર્ધાર કર્યો છે. આમાં જે પ્રશ્ન પૂછયો છે એમાં ટંકારા ગૃપમાં લગભગ ૫૭ ગામો આવે છે અને પડધરી ગૃપમાં ૪૦ ગામો છે એ પૈકી ૩૪ ગામોને નર્મદાનું પાણી આપવામાં આવ્યું છે. બાકીના ગામોની ટેન્ડર પ્રક્રિયા છે એમાં ટંકારા ગૃપમાં ૧૭-૫-૦૩થી ટેન્ડર બહાર પાડયા છે અને ૭૦ ટકા કામ પૂરું થયું છે. પડધરી ગૃપનું ૨૭-૨-૦૪થી ટેન્ડર બહાર પાડયું છે અને એમાં ૯૫ ટકા કામ પૂરું થયું છે. ફિલ્ટર પ્લાન્ટનું કામ છે એમાં ૧૦-૧૨-૦૩થી ટેન્ડર બહાર પાડયું છે એમાં ૩૫ ટકા કામ પૂર્ણ થયું છે અને જૂન એન્ડ સુધીમાં આ તમામ કામો પૂરા કરી પાણી ચાલુ કરવામાં આવશે.

**શ્રી જયંતિલાલ રા. કવાડિયા** : માનનીય અધ્યક્ષશ્રી, ટંકારા, મોરબી અને પડધરીની જે યોજના છે એમાં આ ત્રણે ત્રણ તાલુકાના સંપૂર્ણ ગામોનો સમાવેશ છે કે કેમ? અને જો બાકી હોય તો એનું આયોજન કયારે કરવામાં આવશે?

**શ્રી હરજીવન હી. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ હાલ બે ગૃપના ગામો છે એમાં ૯૩ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે બાકીના ગામો છે જે આ ગૃપમાં રહી જાય છે એનો તબક્કા વાર બીજી યોજનામાં આ ત્રણે ત્રણ તાલુકાના સંપૂર્ણ ગામોનો સમાવેશ કરવામાં આવશે.

## સૂજલામ્ સૂફલામ્ યોજના માટે નાણાકીય આયોજન

***૧૪૬૩૦ ડો. જીતેન્દ્રભાઈ બા. પટેલ (સાબરમતી) : માનનીય જળસંપતિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

(૧) સૂજલામ્ સૂફલામ્ યોજના માટે કેટલું નાણાકીય આયોજન છે,
(૨) આ યોજના માટે કઈ કઈ જગ્યાએથી કેટ કેટલાં નાણાં મેળવવાનું આયોજન સરકારશ્રીએ કરેલ છે,
(૩) કેન્દ્ર સરકારનો કેટલા ટકા હિસ્સો તેમજ કેટલી રકમ મળશે, અને
(૪) આ યોજના માટે તા.૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલા નાણાં ઊભા કરવામાં આવ્યા છે?

**જળસંપતિ મંત્રીશ્રી :**

(૧) સૂજલામ્ સૂફલામ્ યોજના માટે રૂા.૬૨૩૭.૩૩ કરોડનું આયોજન કરવામાં આવેલ છે.
(૨) આ યોજના માટે નીચે મુજબ નાણાં મેળવવાનું આયોજન કરેલ છે.
(૧) રાજય સરકાર
(અ) નાબાર્ડ રૂા.૪૬૭૭.૯૮ કરોડ
(બ) સરકારશ્રીનો હિસ્સો રૂા.૧૦૪૮.૪૧ કરોડ
(૨) કેન્દ્ર સરકાર
(અ) ત્વરિત ગ્રામ્ય રૂા.૩૩.૫૭ કરોડ
(બ) બૉર્ડર એરિયા ડૅવલપમૅન્ટ પ્લાન રૂા.૩૧૨.૩૭ કરોડ
(ક) ગ્રામ વિકાસ કાર્યક્રમ રૂા.૧૬૫.૦૦ કરોડ
(૩) ૮.૧૯ ટકા
રૂા.૫૧૦.૯૪ કરોડ
(૪) આ યોજના માટે તા.૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા.૨૩૯૨.૪૨ કરોડ ઊભા કરવામાં આવ્યા છે.

**શ્રી જીતેન્દ્રભાઈ બા. પટેલ** : માનનીય અધ્યશ્રી, આપણે જાણીએ છીએ કે સમગ્ર ગૃહ ગુજરાતના પાણી અંગે ચિંતિત છે અને લાંબા ગાળાની યોજનાના અભાવે સમગ્ર ગુજરાતમાં પાણીનો પ્રશ્ન ઊભો થયો હતો અને સવિશેષ કરીને ઉત્તર ગુજરાતમાં આ મહત્ત્વની સુફલામ સુજલામ યોજનાના કારણે આજે એવી શકયતા ઊભી થઈ છે કે ઉત્તર ગુજરાતમાંથી સ્થળાંતર થતું હતું એ અટકશે. પરંતુ જ્યારે યોજનાને અમલમાં મૂકવામાં આવી ત્યારે મારા ખ્યાલ મુજબ કેન્દ્ર સરકાર તરફથી કેટલાક નાણાકીય ભાગીદારીનું આયોજન હતું. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, આ કેન્દ્ર સરકારે જે નાણાકીય મદદ કરવાની ખાતરી આપી હતી એ નાણાકીય મદદ ગુજરાતને મળી છે કે કેમ? અગર ન મળી હોય તો રાજય સરકાર દ્વારા આ નાણાકીય મદદ ન મળે તો પણ આ મહત્ત્વાકાંક્ષી ગુજરાતની તરસી ધરતીની તૃષ્ણાને છીપાવવા માટે જે કોઈ યોજના છે એના માટે રાજય સરકારે કોઈ આયોજન કરેલ છે કે કેમ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન ઉત્તર ગુજરાતના ખાસ વિસ્તારો માટે ખૂબ અગત્યનો છે અને તેઓ માહિતી જાણવા માગે છે ત્યારે હું વિસ્તૃતમાં આ ગૃહને માહિતી આપવા માગું છું કારણકે સુજલામ્-સુફલામ્ યોજના વિશે ઘણા બધા સભ્યશ્રીઓને પૂરી જાણકારી ન હોવાને કારણે ઘણા બધા પ્રશ્નો ગૂંચવે છે એ વાત સાચી છે કે, સુજલામ્-સુફલામ્ યોજનાની તારીખ ૧૨-૨-૨૦૦૪ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ દિલ્હી ખાતે જાહેરાત કરી હતી. તેઓશ્રીએ ત્યાં આગળ એ વખતના પૂર્વ કેન્દ્રીય નાણા મંત્રીશ્રી સમક્ષ અને એ વખતના વડાપ્રધાન સમક્ષ આ આખી યોજનાને પુટ-અપ કરી હતી. તેઓએ ખૂબ ઉત્સાહ પૂર્વક આખી યોજનાનું પ્રેઝન્ટેશન કર્યા પછી એમણે ખૂબ ઉત્સાહથી કહ્યું હતું કે, આવી યોજના સમગ્ર દેશમાં પણ થવી જોઈએ અને એ ઉત્સાહમાં તેઓએ જાહેરાત કરી હતી અને ખાતરી આપી હતી માનનીય મુખ્યમંત્રીશ્રીને કે અમે તમને નાણાકીય રીતે મદદ કરીશું , એ વખતે નાણાકીય બજેટ જે તૈયાર થતું હતું તારીખ ૪-૫-૦૫ ના રોજ કેન્દ્રના એ વખતના બજેટમાં લોકનાયક જયપ્રકાશ નારાયણ ફંડની પચાસ હજાર કરોડ રૂપિયાની યોજનાની પણ જાહેરાત કરવામાં આવેલ હતી એની અંદરથી ૬૨૩૭ કરોડ રૂપિયાની આ યોજનામાં ૪૩૧૭ કરોડ રૂપિયા વિવિધ વિભાગોમાંથી લઈને અમને ગુજરાત સરકારને મદદ કરવામાં આવશે એવું જણાવેલ અને એને આધારે અમોએ કહ્યું હતું કે આ યોજના અમે ખૂબ સમયસર પૂરી કરી નાંખીશું. મને કહેતા દુ:ખ થાય છે કે, અમારી એ વખતની એન.ડી.એ. સરકારના ગયા પછી આજની યુ.પી.એ. સરકારે આ આખી સ્કીમને ઉડાડી દીધી અને ગુજરાત સરકારને ફિક્સમાં મૂકી દેવાનો પ્રયત્ન કર્યો, પરંતુ મારે અભિનંદન આપવાં જોઈએ આપણા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને કે હિંમતપૂર્વક (અંતરાય) ૪૩૧૭ કરોડ રૂપિયાનું કમિટમૅન્ટ વિવિધ વિભાગમાંથી આપવાનું કહ્યું હતું અને આજે ગયા વખતે (અંતરાય) બહુ દુ:ખ થતું હોય તો દિલ્હી જવું જોઈએ. આ વિગત હું એટલા માટે હાઉસ સમક્ષ મૂકું છું કે આપણી આ સરકારે જે નિર્ણય કર્યો હતો કે ૬૨૩૭ કરોડ રૂપિયાની આ સમગ્ર યોજના જેમાં ફક્ત સ્પ્રીડીંગ કેનાલ નહોતી, કડાણામાંથી જતું બનાસકાંઠા સુધીનું પાણી નહિ, નર્મદા યોજના દ્વારા નર્મદા કેનાલમાંથી દરિયામાં વહી જતા પાણીના લિફ્ટ ઈરીગેશન દ્વારા ચૌદ-ચૌદ પાઈપ લાઈન નાંખવાની ૪૨૦૦ કરોડ રૂપિયાની યોજના, ૧૯૦૦ કરોડ રૂપિયાની પીવાનું પાણી વિવિધ ૧૦ જિલ્લાઓની અંદર આપવાની યોજના, કચ્છના દરિયાને આભડતા ખારા પાણી, કચ્છને ન આભડે, એના માટેના ટાઈડલ રેગ્યુલેટર મૂકવાની યોજના, પંચમહાલમાં પાનમ ડેમની અંદર હાઈ લેવલ કેનાલ બાંધવાની યોજના, એના ડાબા કાંઠાની હાઈ લેવલની કેનાલની યોજના આ બધી માહિતી ઘણા બધા મિત્રો જાણતા ન હોવાને કારણે ૬૨૩૭ કરોડ રૂપિયાની યોજના ખૂબ ટૂંકા સમયમાં પૂરી કરવાનો નિશ્ચય કર્યો હતો, પરંતુ આજની કેન્દ્ર સરકારે આપણને પૈસાની મદદ ન કરવાના કારણે આ યોજનાને વિલંબમાં નાંખવાનો એમણે પ્રયત્ન કર્યો, પરંતુ ગુજરાત સરકાર ખૂબ હિંમતપૂર્વક આ યોજના પૂરી કરવા આગળ વધી રહી છે અને આની પ્રગતિ ચાલે છે આજે પણ સ્પ્રીડીંગ કેનાલનું ૮૫ ટકા ખોદાણ કરીને ૩૩૭ કિલોમીટરનું કામ આપણે પૂરું કર્યુ છે આજે સુરેન્દ્રનગરની અંદર ૧૦૭ ચેકડેમો આપણે બાંધી રહ્યા છીએ (અંતરાય) આ બધું સાંભળોને (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : હવે પૂરું કરો, (અંતરાય) સાત મિનિટ આપી છે.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : માનનીય અધ્યક્ષશ્રી, હું જાણવા માગું છું કે, સૂજલામ્ સૂફલામ્ યોજના તળે સંભવિત લાભો કયા કયા હતા અને તેના અનુસંધાને પાઈપ લાઈનની પ્રગતિની વિગતો આપવા વિનંતી છે.

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના સૂકા વિસ્તારો દશ જિલ્લાને માટે ખૂબ આશીર્વાદરુપ છે અને દશ જિલ્લાઓમાં આ પાણી જો ખાસ કરીને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પહોંચશે ત્યારે તેની અંદર જે ટયુબવેલમાં એક હજાર અને બારસો ફૂટ ઉંડા ટયુબવેલ જે કરવામાં આવે છે અને ૧ લાખ ૯૨ હજાર ટયુબવેલ દ્વારા ભૂગર્ભના પાણી ખેંચવામાં આવે છે સ્થિતિ એવી આવી છે કે આની અંદરથી આપણાં જે ડાર્ક ઝોન કરવા પડયા છે આવતીકાલે પાણી નહીં હોય તો આના સ્થળાંતર થવાના છે તે સંજોગોમાં આ પાણી તે અમૃત ઝરાની જેમ જવાનું છે (અંતરાય) તે તો ડિસામાં પાણી છે એટલે ખ્યાલ નથી આવતો અને તેને કારણે યોજના આવી છે કે ૨૨૮૬ મેગાવોટ જે પાવર વપરાય છે તે પાવરનો વપરાશ ઓછો થશે. દર વર્ષે એક હજાર કરોડ રૂપિયાના ટયુબવેલ કરવામાં આવે છે તે ટયુબવેલ ઓછાં થશે. ૯૨૫ કરોડ રૂપિયાની જે સબસીડી આપવામાં આવે છે તેનો પણ ઘટાડો કરવાનો સરકારનો ઈરાદો છે અને નદીઓમાં પાણી અને તળાવો ભરાવાના કારણે લિફ્ટ ઈરીગેશન કરીને ટપક પદ્ધતિથી સિંચાઇ થાય તે આયોજન છે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એ જાણવું છે કે કેન્દ્ર સરકાર સાથે જે તે વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને બીજા અધિકારીઓ સાથે ગયા હતા અને તેના પછી ચૂંટણી પહેલાં માત્ર સંસદની ચૂંટણી હતી તેના થોડાક દિવસો પહેલાં એક કે બે મહિના પહેલાં આ રાજકીય જાહેરાતો થઈ હતી કે વાસ્તવિક જાહેરાત હતી અને બીજું માનનીય મંત્રીશ્રી એમ કહે છે કે આમાં આજે કેન્દ્ર સરકારનો હિસ્સો નથી પણ નાબાર્ડનો હિસ્સો, માનનીય મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે તેનો હિસ્સો ૪૬૭૭ કરોડનો નાબાર્ડનો હિસ્સો છે અને તેના પછી ૩૩ કરોડ ગ્રામ્ય ત્વરિત યોજના હેઠળ અને ૩૧૨ બોર્ડર વિકાસ યોજના હેઠળ છે કોઈ સ્પષ્ટતા હોતી નથી લોન હોય કે બીજી હોય સહાયની અંદર જ ગણતરી થાય છે. બીજો પ્રશ્ન એ પૂછવા માંગુ

છું કે, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ પહેલાં બારમા નાણાંપંચના પૈસા આ યોજના હેઠળ આવ્યા હતા. માત્ર જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો કોંગ્રેસની હતી તેથી તે પૈસા તે ના વાપરી શકે એટલા માટે રાજય સરકારે વ્યાજ ભોગવીને પણ તે પૈસા પોતાની તિજોરીમાં રાખી મૂક્યા છે આ વાત સાચી છે કે નહીં ?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાને મારે એટલા નીચે ઉતરીને વાત કરવાનો કોઈ અર્થ નથી પણ મારે એક વાત ચોક્કસ કરવી પડશે કે નાબાર્ડ દ્વારા.. I honour you. I have due regard for you. હું કહું છું, નાબાર્ડ દ્વારા આપવામાં આવતી લોન (અંતરાય) આ ગુજરાતના ઘણાં બધા નાણાં અલગ અલગ રીતે ટેકસેસન દ્વારા ત્યાં કેન્દ્ર સરકારમાં જાય છે તેમાંથી આપણને નાબાર્ડ દ્વારા લોન આપવામાં આવે છે. ૧૦ ટકા વ્યાજની તે લોન આપવામાં આવે છે અને તે લોન અમારે રીપે કરવી પડે છે. તેને સહાયનું સ્વરૂપ ના આપવું જોઈએ. દર વર્ષે ગુજરાત સરકાર અધિકારપૂર્વક નાબાર્ડના certain amount આપણને મળે છે તેને અમે બજેટમાં આમેજ કરીએ છીએ અને બજેટમાં આમેજ થયા પછી બજેટનો ભાગ ગણાય છે એટલે તે કોઈ સહાય નથી. Border Area Development Fundમાંથી તેમની વાત સાચી છે.
કે ગયે વખતે એ વખતના નાણામંત્રીશ્રીએ અમને નાણાકીય મદદ કરવા બોર્ડર એરિયામાંથી ૩૧૨ કરોડ આપવા સંમતિ આપી હતી, પરંતુ ૫ અને ૬ કરોડથી વધારાની રકમ અહીંયા આવતી નથી. ત્વરિત ગામની યોજનામાં જે ૩૩ કરોડનું આયોજન, કોઈ જગ્યાએ અમને કેન્દ્રીય સહાય મળતી નથી, છતાં પણ મેં ગૃહને ખાતરી આપી છે કે શકય એટલા વહેલા આ યોજના ગુજરાતના હિતમાં હોવાથી, સૂકા વિસ્તારના હિતમાં હોવાથી મુખ્યમંત્રીશ્રીએ અમને ખાતરી આપી છે કે આ યોજનાને યુદ્ધના ધોરણે પૂરી કરવામાં આવશે અને એ પ્રમાણે કામ થઈ રહ્યું છે.

## અંકલેશ્વર પાસે નર્મદા નદીના બ્રીજ પાસે બોર ભાઠા બેટથી હાંસોટ તરફની ખેતીની જમીનનું ધોવાણ

***૧૫૨૩૪ શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -

(૧) નર્મદા નદી, બ્રીજ પાસે બોરભાઠા બેટ અંકલેશ્વરથી હાંસોટ તરફ નદીને અડીને આવેલ ખેતીની કિંમતી જમીનમાં ધોવાણથી દર વર્ષે ૫૦ થી ૧૦૦ ફૂટ જમીનનું ધોવાણ થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ધોવાણ અટકાવવા માટે સરકારે શા પગલાં લીધાં છે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

(૧) હા,જી. જમીનનું ધોવાણ થતું હોવાની હકીકત સાચી છે.

(૨) ધોવાણ થતી જમીનોની માહિતી, સર્વે નંબરો, પાણીના આવરાનો અભ્યાસ, ગતિ, નદીનું વહેણ વગેરેનો અભ્યાસ, મોડેલ સ્ટડી વગેરે હાથ ધરીને આગળની કાર્યવાહી કરવાનું આયોજન છે.

**શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા, મહીના કિનારે આવેલ બોરસદ, ધંતુરીયા વગેરે અમારા ગામો આવેલાં છે, જયાં દર વર્ષે પૂરના કારણે આ નર્મદા નદીના કિનારાની ખેતી લાયક જમીનોનું દર વર્ષે ધોવાણ થાય છે. નર્મદા નદીમાં આ જગ્યાએ પ્રોટેકશન વોલ બનાવવા માગે છે કે કેમ અને કેટલા સમયમાં?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા** : ધોવાણ થાય છે એ વાત સાચી છે. આ માટે વિભાગ દ્વારા સી.ડી.ઓ.,ગાંધીનગર સાથે પરામર્શમાં રહીને પ્રોટેકશન વોલ બનાવવાનું વિચારાશે.

**શ્રી નારાયણભાઈ લ. પટેલ** : અહીંયા મંત્રી મહોદયે એમ કીધું કે જમીનનું ધોવાણ થતું હોવાની હકીકત સાચી છે. આજસુધી કોઈપણ ખેડૂતનો પાક નિષ્ફળ ગયો અને એમાં વળતર આપવાની જોગવાઈ છે કે કેમ? આપ્યું હોય તો કેટલું આપ્યું?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા:** ૧૯૭૦ થી આ એક કુદરતી ધોવાણની પ્રક્રિયા છે. ચોમાસામાં વધારે પાણી આવે ત્યારે ધોવાણ થતું હોય છે. ભૂતકાળમાં આવી એકપણ ફરિયાદ મળી નથી, એટલે વિચારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કાળુભાઈ વી. વીરાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે જાણવા માગું છું કે ગયા વર્ષે ખૂબ વરસાદ પડયો હતો અને નદીના પાણી ખેતરોમાં ઘૂસી જતા પાળા ધોવાઈ ગયા અને ખેતરોનું ધોવાણ થયેલ છે અને બિયારણનું ધોવાણ થયેલ છે, એના માટે વારંવાર માગણી કરી છે, તો હું જાણવા માગું છું કે આ ખેતરો માટે વળતર આપવા માગે છે કે કેમ?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા:** આમાંથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી જગદીશ ઠાકોર** : મંત્રીશ્રીએ જવાબ આપ્યો કે ખેતીને નુકસાન થયું છે, આવી કોઈ બાબત ધ્યાને આવી નથી. માનનીય સભ્યશ્રીએ ખૂબ સરસ, વિગતવાર પ્રશ્ન પૂછયો છે કે અંકલેશ્વરથી હાંસોટ તરફ નદીને

સાવ અડીને આવેલ ખેતીની કિંમતી જમીન, એટલે જયારે ત્યાં ધોવાણ થયું ત્યારે ખાતા તરફથી એ જમીનમાં ખેતી થતી હતી કે નહીં, ધોવાણ થયું ત્યારે ખેતી અસ્તિત્વમાં હતી કે નહીં એ બાબત તમારા ખાતાને ધ્યાને આવેલ છે કે નહીં? બીજો પ્રશ્ન એ છે કે આવું ધોવાણ થાય છે ત્યારે ખેડૂતોને ખરેખર જે નુકસાન થાય છે, એના પ્રમાણમાં એને પૂરેપૂરું વળતર મળતું નથી એ હકીકત સાચી છે?

**શ્રી રતિભાઈ ગો. સુરેજા:** મેં જણાવ્યું કે આના પહેલા આવી કોઈ ફરિયાદ મળી નથી. ધોવાણ થાય છે એ હકીકત સાચી છે. ફરિયાદ જ મળી નથી એટલે વિચારવાનો મુદ્દો જ આવતો નથી.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા પૂછવા માગું છું કે આ પ્રશ્ન માત્ર અંકલેશ્વર- હાંસોટ પૂરતો જ નથી. ડુમ્મસ, ભીમપોર...

**અધ્યક્ષશ્રી** : અત્યારે એટલા પૂરતો જ છે.

**શ્રી ધીરુભાઈ હ. ગજેરા** : હાંસોટ ઉપર જ પૂછું છું. હાંસોટ અને અંકલેશ્વરના સમુદ્ર કાંઠા ઉપર જે દરિયાનાં પાણી ધૂસવાથી ખેતીમાં નુકસાન થાય છે, ગામોને નુકસાન થાય છે તેના માટે આ પ્રોટેકશન દિવાલ બનાવવાનું આયોજન છે કે કેમ? અસંખ્ય ગામોમાં આ પાણી ધૂસી જાય છે અને નુકસાન થાય છે, ખેતીનો નાશ થાય છે, આવા સાગરકાંઠાના પુષ્કળ ગામોમાં આવા બનાવ બને છે. તો સરકાર દ્વારા આ સાગરકાંઠામાં આ પાણી ધૂસતાં બંધ કરવા માટે મીઠું પાણી ખારું પાણી ના બને, દરિયાનું ખારું પાણી ધૂસે નહીં એ માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ?

**શ્રી રતિલાલ ગો. સુરેજા** : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ કહયું તેમ આની ઉપર વિચારણા કરવામાં આવશે.

### બગોદરાથી ધંધુકા બરવાળા-ઢસા રોડ ફોરલેન કરવા બાબત

***૧૪૨૧૭ શ્રી બાલુભાઈ તંતી (ધારી)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

બગોદરાથી ધંધુકા બરવાળા-ઢસા અમરેલી રોડ ચારલેન કરવા સરકારનું શું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

સદર રસ્તાને ચાર માર્ગીય પહોળો કરવાનું આયોજન નથી.

**શ્રી બાલુભાઈ તંતી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બગોદરા ધંધુકા બરવાળા અને અમરેલીનો રસ્તો પાંચથી છ જિલ્લાને જોડતો રસ્તો છે અને આ રસ્તા ઉપરથી પુષ્કળ પ્રમાણમાં વાહન વ્યવહાર ચાલી રહયો છે. જૈનોનું તીર્થસ્થાન અને પીપાવાવ પોર્ટ સુધીનો રસ્તો એ આ અગત્યનો રસ્તો છે ત્યારે આ રસ્તો હાલ ૬ મિટર જેટલી લંબાઈ ધરાવે છે. તો આ પ્રગતિ પથ છે એના સ્ટાન્ડર્ડ મુજબ આ રસ્તો બનાવવા માગે છે કે કેમ અને મારો બીજો પ્રશ્ન એ છે કે આ રસ્તો ફોર લેન બનાવવા માટે નેશનલ હાઈવે ઓથોરિટી પાસે મંજૂરી માંગવામાં આવેલ છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે એ અત્યારે હાલમાં જ એનું મજબૂતીકરણ કરવામાં આવેલ છે અને આ ભાવનગર, અમરેલી અને બગોદરાના રસ્તા ઉપર ૨૯૯૨ લાખ રૂપિયાના ખર્ચે સમગ્ર રસ્તો ખૂબ મજબૂતીકરણ કરીને યોગ્ય સ્વરૂપમાં મૂકવામાં આવ્યો છે. તેમણે જે ફોરલેન રસ્તા માટેની વાત કરી છે એમાં એના નેશનલ સ્ટાન્ડર્ડ મુજબ ફોરલેન રસ્તા માટે ૧૭૨૫૦ પી.સી.યુ. મીનીમમ હોવાં જોઈએ. આ જે રસ્તો ભાવનગર, અમરેલી અને બગોદરા નો છે એમાં સરેરાશ એવરેજ પી.સી.યુ. ની ૧૯૨૪૨ જેટલી છે અને એ પી.સી.યુ. જોતાં અત્યારે આ જે રસ્તો છે એ યોગ્ય સ્વરૂપનો વાહનવ્યવહાર માટે યોગ્ય રસ્તો છે. માનનીય સભ્યશ્રીએ નેશનલ હાઈવેમાં આના માટેની રજૂઆત કરી છે કેમ એમ વાત કરી છે તો આના માટે નેશનલ હાઈવે ઓથોરિટી સમક્ષ આ નેશનલ હાઈવેમાં આ રસ્તાને કન્વર્ટ કરવા માટે માગણી કરેલ છે અને એ માટે તા. ૧૮-૩-૨૦૦૩, ૨૭-૮-૨૦૦૪, ૧૯-૭-૨૦૦૫ અને ૧૮-૨-૨૦૦૬ ના રોજ આ અંગે કેન્દ્ર સરકાર પાસે રજૂઆત કરેલ છે.

**શ્રી ભરતભાઈ પંડ્યા** : માનનીય અધ્યક્ષશ્રી,હમણાં જ માનનીય મંત્રીશ્રીને કહયું કે આ રસ્તાને સ્ટ્રેંગધનીંગ કરીને ખૂબ સારો રોડ બનાવવામાં આવ્યો છે, પરંતુ ભાવનગર અને અમરેલી જિલ્લાના તમામ ધારાસભ્યશ્રીઓએ આ રસ્તાના માટે માગણી કરૈલ છે. અમારી આ રસ્તો વાઈડનિંગ કરવાની માગણી છે. તો આને ફોરલેન કરવાના પૈસા ના કાઢી શકે તેમ હોય તો એને ૧૦ મિટરનો કરવા માગે છે કે કેમ? આ રસ્તા ઉપર એક વર્ષમાં ૨૦૦૫ માં ૪૧૭ જેટલા એકસીડન્ટ થયેલ છે અને ૧૩૧ જેટલા માણસોનાં મૃત્યુ થયાં છે. અમારી માગણી છે કે આ રસ્તાને અકસ્માત ઝોન તરીકે જાહેર કરીને ૨૦૦ કિલોમિટર ફોરલેન ના કરી શકે તો આ જે વિસ્તારમાં વધુ અકસ્માતો થાય છે એ જગ્યાએ ડબલ રોડ કરીને અથવા તો ૧૦ મિટર પહોળો કરવાનું આયોજન કરવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પ્રમાણેની જરૂરિયાત છે એ મુજબનો આ રસ્તો છે. મેં કહયું તે મુજબ એક સ્ટાન્ડર્ડ સમગ્ર દેશ માટે આઈ.આર.સી. દ્વારા નકકી કરેલ છે એમાં પેસેન્જર કાર યુનિટના પરફોર્મન્સ મુજબ એ રસ્તો નકકી કરીને ગણવામાં આવેલ છે એ મુજબ રસ્તો અત્યારે

યોગ્ય સ્વરૂપમાં છે. આજથી થોડા સમય પહેલાં આ રસ્તા માટેની વધારે જરૂરિયાત ઉભી થઈ હતી, પરંતુ છેલ્લા ૩ વર્ષમાં સતત એમાં ઘટાડો થતો આવ્યો છે એટલા માટે કે એના વિકલ્પે ભાવનગર-ધોલેરાનો રસ્તો પ્રાપ્ત થયો છે. એની સાથો સાથ રાજય સરકારે પીપાવાવ-માઉન્ટ આબુ પ્રગતિ પથ જાહેર કર્યો છે તેનો સમાવેશ કરીને આગામી દિવસોમાં સ્ટ્રેન્ધનીંગ કરી રહ્યા છીએ. તેના કારણે અમરેલીનો ટ્રાફિક ત્યાં ડાયવર્ટ થવાનો છે. તેની સાથે સાથે ધંધુકા, ધોલેરા વચ્ચે ૩૦ કિલોમિટરનું અંતર છે તેને આ યોજનામાં જોડી રહ્યા છીએ તેના કારણે અમરેલીના લોકોને સીધા વડોદરા સાઈડ જવું હોય તો શોર્ટકટ રસ્તો પ્રાપ્ત થાય તેવું સ્વરૂપ છે. બીજી વાત અકસ્માતની છે, તો મારી પાસે અકસ્માતના આંકડા છે, કદાચ એમના હાર્દ સાથે હું સંમંત થઈશ, કે રસ્તો ખૂબ સારો બન્યો છે એટલે બહુ સ્પીડમાં બધા વાહનો જતા હોય, પરંતુ મૃત્યુના આંકડા જે છે એમાં ૧૩૧ નહીં પણ પોલીસ ચોપડે નોંધાયેલા આંકડા છે એ મુજબ ૨૦૦૫ માં ૪૦ મૃત્યુ આ રસ્તા ઉપર જુદા જુદા અકસ્માતોમાં થયા છે. માનનીય સભ્યશ્રીએ થોડા દિવસ પહેલા લાગણી વ્યકત કરી હતી તે મુજબ ધોલેરા વિસ્તારમાં વધુ અકસ્માતો થતા હતાં ત્યાં પણ ટર્ન આવતા હતા તે પહોળા કરીને અકસ્માતો ન થાય તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. અને આ રસ્તા ઉપર પણ ટર્ન આવે છે અને અકસ્માતોની સંભાવના વધારે છે ત્યાં રોડ ડિવાઈડર કરીને અકસ્માતો ન થાય તેવી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** : હું એ પૂછવા માગું છું કે ૨૦૦૩ થી ૨૦૦૫ સુધીમાં રાજય સરકારે કેન્દ્ર સરકારને ત્રણેક વખત રજૂઆતો કરી છે. તો આ અંગે પ્રતિભાવ શું આવ્યો છે? અને ટુ લેન માંથી ચાર લેનમાં ફેરવવા માટે યોગ્ય આંકડા સાથે દરખાસ્ત કરી હોય તો તેના ધારા ધોરણો પર ડે કેટલા વાહનો કે પર અવર કેટલા વાહનો એવા ધારાધોરણો વાહનના છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : કેન્દ્ર સરકારે તેનો જવાબ આપ્યો છે કે ટ્રાફિકના ભારણને ધ્યાને લઈને સમગ્ર દેશ માટે નેશનલ હાઈવેમાં કન્વર્ટ કરવાની વિચારણા કરાશે ત્યારે આને પણ ધ્યાન ઉપર લેવામાં આવશે. જે પ્રમાણે આઈ.આર.સી. નું સ્ટાન્ડર્ડ નકકી થયેલ છે તે પ્રમાણે સાત મીટર પહોળાઈ માટે કમસેકમ ૧૫ હજાર PCU હોવા જોઈએ, two-lane with paved shoulder માટે ૧૭૨૫૦ PCU હોવા જોઈએ. અને ફોર લેન માટે પણ ૧૭૨૫૦ PCU મીનીમમ હોવા જોઈએ. આ પ્રકારના સ્ટાન્ડર્ડ છે. આ રસ્તા ઉપર ઓકટોબર ૨૦૦૫ માં છેલ્લે સરવે કરાવેલો ત્યારે ૧૦૨૪૨ PCU જણાયેલ છે.

**શ્રી પ્રવિણભાઈ ટી. મારુ** : માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આ જે રસ્તાની વાત કરે છે એ રસ્તો મારા મત વિસ્તાર ઢસા અને ઉમરાળામાં થઈને પસાર થાય છે, આ રસ્તા ઉપર દિન પ્રતિ દિન અકસ્માતો વધી રહ્યા છે. એના માટે એકસ્પ્રેસ હાઈવે ઉપર પાર્કિંગ ઝોન બનાવવામાં આવેલા છે તે રીતે દરેક પંદર કે વીસ કિલોમિટરના અંતરે પાર્કિંગ ઝોન બનાવવામાં આવે તો આ અકસ્માતોની સંખ્યા ઘટાડી શકાય તેમ છે. તો આ રીતના પાર્કિંગ ઝોન બનાવવા માગે છે કે કેમ?

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : અકસ્માતોનું પ્રમાણ ઘટે અને રસ્તાઓની વ્યવસ્થા વધે તેના માટે અનેક પગલાં ભરાયા છે, અને આ પગલાંમાં આગામી દિવસોમાં વધુ સક્ષમ કાર્યવાહી કરવાની થશે ત્યારે માનનીય સભ્યશ્રીનું સૂચન ધ્યાને લઈશું.

**અધ્યક્ષશ્રી .** : નેકસ્ટ, પ્રશ્ન ક્રમાંક ૧૩. શીવજીભાઈ આહીર.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, આ બહુ અગત્યનો પ્રશ્ન છે, તેથી પ્રશ્ન પૂછવા દો.

**શ્રી સુનીલ બા. ઓઝા** : માનનીય અધ્યક્ષશ્રી, બહુ અગત્યનો સવાલ છે એટલે પૂછવા દો.

**અધ્યક્ષશ્રી** : નહીં, ઘણો સમય આ પ્રશ્નમાં ગયો છે. પ્રશ્ન ક્રમાંક ૧૩.

## માંડવીના બૌધાનથી ગલતેશ્વરને જોડતો તાપી નદી ઉપરનો કોઝવે

***૧૫૦૬૫ શ્રી અનિલકુમાર મો.પટેલ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) માંડવીના બૌધાનથી ગલતેશ્વરને જોડતો તાપી નદી પરનો કોઝવે બાબતની દરખાસ્ત સરકાર સમક્ષ રજૂ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કોઝવેનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) ક્યારે પૂરું કરવામાં આવશે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) હા, જી.

(૨) (૨) અને (૩): પૂરતી જોગવાઈ ન હોઈ હાલ આયોજન નથી.

**શ્રી અનિલકુમાર મો.પટેલ** : આ બે તાલુકાઓ વચ્ચે જોડતા રસ્તા ઉપરનો આ કોઝવે છે અને ૨૫-૩૦ ગામડાંને ઉપયોગી છે. બે-ત્રણ વખત એની દરખાસ્તો સરકારશ્રીને મોકલવામાં આવી છે. છતાં હજુ કોઈપણ જાતનું આયોજન સરકારશ્રીએ કરેલ નથી. તો સરકારશ્રી આ અંગે આયોજન કરવા માગે છે કે કેમ? અને આ કોઝવે બનાવવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : આ કોઝવેનો ખર્ચ ખૂબ મોટો છે. ૨૦ કરોડ રૂપિયા જેટલું એસ્ટિમેટ, અંદાજ છે. આ બ્રિજ સિવાય બાજુમાં ઉપરવાસમાં લો લેવલ સબમર્શીબલ એક પુલ આવેલો છે. પુન-ઉન-કોસાડી રોડ ઉપર જે ફક્ત સાત કિલોમીટર દૂર છે. નીચ વાસમાં હાઈ લેવલ પુલ આવેલ છે. જે નેશનલ હાઈવે આઠને જોડે છે એનું અંતર દસ કિલોમીટર છે. એવરેજ સાતથી આઠ કિલોમીટર ફરીને જવાનું જો બધા ગામાનો સરળતા પ્રાપ્ત થતી હોય તો હાલમાં આવડો મોટો ખર્ચ કરવાનું વિચાર્યુ નથી અને બજેટમાં એના માટે પૂરતી જોગવાઈ પણ નથી.

**શ્રી મનીષ ન. ગીલીટવાલા** : સુરત જિલ્લાના તમામ ધારાસભ્યો પાસેથી ગ્રાન્ટ લઈને આ રસ્તો બનાવવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : મેં કહ્યું એમ આ પુલના રસ્તાની આજુબાજુ જે ગામો માંડવી અને કામરેજ તાલુકાના છે. એ ગામોને સાત થી આઠ કિલોમીટર દૂર નેશનલ હાઈવે નંબર આઠ જે જિલ્લા માર્ગને જોડતો રસ્તો પ્રાપ્ત થાય છે. એટલા માટે આ ગ્રાન્ટમાંથી થઈ શકે તેમ નથી. ૨૦ કરોડનો ખર્ચ છે તેથી એમ.એલ.એ. ગ્રાન્ટમાંથી શકય હોતું નથી.

### સુરત, સાપુતારા, બીલીમોરા, આહવા, ધુલીયા રાજય રસ્તાઓને પહોળા કરવા બાબત

***૧૩૯૨૭ શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : **માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

(૧) દક્ષિણ ગુજરાતના સુરત, સાપુતારા, બીલીમોરા, આહવા નવાપુર અને આહવા ધુલીયા સ્ટેટ રસ્તાઓને પહોળા કરવાની કાર્યવાહી તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) આ કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રી:**

(૧) દક્ષિણ ગુજરાતના આ રસ્તાઓ પૈકી સુરત સાપુતારા માર્ગના અનુભાગ સુરત સચીન નવસારીના કિલોમીટર ૧૦/૨ થી ૨૧/૪ લંબાઈમાં રસ્તાને પહોળો કરવાની કામગીરીને મંજૂરી મળી છે, જે પ્રગતિમાં છે.

(૨) મંજૂર થયેલ રસ્તાનું કામ ઓગષ્ટ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

**શ્રી માધુભાઈ જે. ભોયે** : દક્ષિણ ગુજરાતના રસ્તાઓ પૈકી સુરત, સાપુતારા, સચીન અને નવસારીના કિલોમીટર ૧૦/૨ થી ૨૧/૪ લંબાઈમાં રસ્તાને પહોળો કરવાની ખાતરી સરકારે આપેલી છે. આ રસ્તો પહોળો એટલા માટે કરવાનો છે કે દિન પ્રતિદિન ટ્રાફિક વધતો જાય છે. ચાર માર્ગીય રસ્તો એટલા માટે જરૂરી છે કે વધઈ, સાપુતારા-બિલ્લીમોરા એ ઘટના રસ્તાઓ છે એ પહોળા કરવાની ખાસ જરૂર છે અહીંયા અકસ્માતો ખૂબ થાય છે એ બંધ થાય. બીજું માનનીય મંત્રીશ્રીએ આ ગૃહમાં ખાતરી આપી હતી કે મહાલ-બેડીપાડા રસ્તો મંજૂર થયેલ છે એના ટેન્ડરો બહાર પડેલ છે તેમ છતાં એનું કામ હજી ચાલુ થયું નથી તો આ કામ કેમ ચાલુ થયું નથી અને તાત્કાલિક શરૂ થાય એના માટે મંત્રીશ્રી ખાતરી આપવા માગે છે કે કેમ?

**શ્રી ઈન્દ્રવિજયસિંહ કિ. જાડેજા** : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે એનાથી અત્યારે જુદો પ્રશ્ન પૂછી રહ્યા છે. એમણે પ્રશ્ન પૂછયો છે કે સુરતથી સાપુતારા લગભગ ૨૦૦ કિલોમીટરનો રસ્તો છે. સાપુતારાનો વિકાસ કરવા માગે છે. બાકીના બીજા રસ્તાઓ માટે અનેક પ્રકારની જોગવાઈ કરેલ છે એ જુદી જુદી યોજનાઓ નીચે હાથ ધરેલ છે. માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે આ રસ્તો પહોળો કરવા માટેની વાત છે. એના માટેનો પ્રશ્ન છે. એમાનો એક ભાગ પ્રગતિપથમાં સુરત, સચીન નવસારીનો રસ્તો સાત મીટર કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. અને લગભગ ૬૭૦ લાખના ખર્ચે હાથ ધરાયેલ છે. આ કામ હાલ પ્રગતિમાં છે.

### ઉકાઈ નહેર હેઠળ ખેરગામ-વાવ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ હેઠળ પાણી આપવા બાબત

***૧૪૬૨૬ શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી)** : **માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-

ઉકાઈ નહેર હેઠળ ખેરગામ-વાવ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ હેઠળ ખેરગામ અને વાવ ગામને ખેતીના કામ માટે ક્યારે પાણી મળશે?

**જળસંપત્તિ મંત્રીશ્રી:**

ઉકાઈ નહેર હેઠળ ખેરગામ-વાવ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ હેઠળ ખેરગામ અને વાવ ગામને ખેતીના કામ માટે ખરીફ-૨૦૦૬થી પાણી આપવાનું આયોજન છે.

**શ્રીમતી ભારતીબેન ન. પટેલ** : ખેરગામ ડિસ્ટ્રિબ્યુટરી કયા વર્ષમાં પૂરી કરવામાં આવી, એની પાછળ કેટલો ખર્ચ થયો. વાવ ગામને પાણી આપવા કેટલી રકમ ફાળવી છે?

**શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ** : ખેરગામ-વાવ ડિસ્ટ્રિબ્યુટરી ઉકાઈ ડેમ બન્યો ત્યારની છે. આ ઉકાઈ નહેર હેઠળ ખેરગામને પાણી મળતું નથી એની અંદર સીલ્ટીંગ થવાને કારણે પાણી મળતું નથી. બાકી જમીન ન મળવાને કારણે દોઢ કિલોમીટરની કેનાલ નહિ થવાને કારણે પાણી મળ્યું નથી. એના કારણે પ્રશ્ન ઉપસ્થિત થયો છે. એના માટે ત્રણ લાખના ખર્ચ ડિસીલ્ટીંગ કરવાનો જવાબ મેં આપ્યો છે.

**વાયબ્રાન્ટ ગુજરાત (પ્રવાસન વર્ષ-૨૦૦૬) પાછળ થયેલ ખર્ચ અને મળેલ દરખાસ્તો**

***૧૩૮૩૦ શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે-

(૧) વાયબ્રાન્ટ ગુજરાત (પ્રવાસન વર્ગ ૨૦૦૬) કાર્યક્રમ હેઠળ રાજય સરકારે તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ કેટલો ખર્ચ કર્યો છે, અને

(૨) નવા ઔદ્યોગિક એકમો સ્થાપવા એન.આર. આઈ. ને આમંત્રીને કુલ કેટલી દરખાસ્તો કોના કોના તરફથી કયા કયા ઉદ્યોગો માટે મળી?

**પ્રવાસન મંત્રીશ્રી (રાજયકક્ષા):**

(૧) રૂા. ૧૨૦.૩૧ લાખ.

(૨) આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ અને વિશ્વ ગુજરાતી પરિવાર મહોત્સવનો કાર્યક્રમ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રીમતી રશીદા ઈ. પટેલ** : પ્રવાસન વર્ષ ૨૦૦૬ના કાર્યક્રમમાં કેટલા દેશોના કેટલા મહેમાનોએ ભાગ લીધો. રાજય સરકાર આ બાબતે ખર્ચ કરીને નાણાં વેડફી રહી છે એ બાબતે શું બચાવ કરવા માગે છે?

**શ્રી સી.ડી. પટેલ** : આક્ષેપ કરવાની જેની વૃત્તિ હોય તે કરે. સરકારે ૨૦૦૬ના વર્ષને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કરેલ છે.

**અધ્યક્ષશ્રી .** : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

# અતારાંકિત પ્રશ્નો

# (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબુદી પેટે મળેલ ગ્રાન્ટ**

૧૪૦૨૨ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી): માનનીય શહેરી વિકાસમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબુદી પેટે ૨૦૦૫-૨૦૦૬ના નાણાકીય વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલી ગ્રાન્ટ અપાઈ છે, | (૧) રૂા. ૮,૬૩,૯૫,૪૭૦/-. |
| (૨) ખરેખર કેટલી ગ્રાન્ટ ચૂકવવા પાત્ર છે, અને | (૨) રૂા. ૮,૬૩,૯૫,૪૭૦/-. |
| (૩) ઓછી ગ્રાન્ટ આપવાના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**તલાલા તાલુકામાં મંજૂર થયેલ પંચાયત હસ્તકના રસ્તાઓ**

૧૪૪૪૯ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તલાલા તાલુકામાં પંચાયત હસ્તકના<br>(૧) તાલાળા-વીરપુર - ધાવા રોડ,<br>(૨) જસાપુર - મોરુકા રોડ, | (૧) આ કામોના અંદાજો બનાવી, તાંત્રિક મંજુરી આપી, ટેન્ડર કાઢી, ઇજારો નક્કી કરવાની પ્રક્રિયાના કારણે. |

(૩) વડોદરા ઝાલા એપ્રોચ રોડના કામો મંજૂર થઈ જોબનંબર આપેલ છે. પરંતુ હજુ સુધી સદરહુ રસ્તાઓનું કામ શરૂ થયેલ નથી તે અંગેના કારણો શા છે,

(૨) આ રસ્તાઓનાં કામો ક્યારે શરૂ કરવામાં આવશે, અને

(૩) કેટલા સમયમાં પુરા કરવામાં આવશે ?

(૨) તા. ૨૨-૨-૦૬ ના રોજ વર્ક ઓર્ડર આપેલ છે. કામ ટુંક સમયમાં શરૂ થશે.

(૩) વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**દાંડી યાત્રાધામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૧૫૮૦૮ **શ્રી આર. સી. પટેલ (જલાલપોર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાંડી યાત્રાધામને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે સરકાર દ્વારા જમીન નીમ કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કેટલા એકર જમીન નીમ કરવામાં આવેલ છે,

(૩) આ જમીનને ડેવલોપ કરવા કોઈ યોજના છે ખરી,

(૪) જો હા, તો ક્યારે કામ શરૂ કરવામાં આવશે, અને

(૫) કેન્દ્ર સરકાર દ્વારા આ યોજના માટે કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે કે કેમ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) દાંડીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની દરખાસ્ત કેન્દ્ર સરકારને રજૂ કરેલ છે. કેન્દ્ર સરકારની મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી થશે.

(૪) ઉપર ખંડ-૩ મુજબ.

(૫) હજુ સુધી કોઇ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

-------------

**ચોટીલા-સાયલા તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં બનેલ ચેકડેમો**

૧૪૩૯૨ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ કેટલા ચેકડેમો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવ્યા,

(૨) તેનો કેટલો ખર્ચ થયો, તે પૈકી કેટલું ચૂકવણું થયું , અને

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ૨૯ ચેકડેમો અને સાયલા તાલુકામાં ૪૦ ચેકડેમો મળી કુલ ૬૯ ચેકડેમો તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં લોકભાગીદારીથી બનેલ છે.

(૨) ચોટીલા તાલુકામાં ૬૦.૬૦ લાખની કિંમતના ચેકડેમો પાછળ સરકારી ફાળા પેટે ૩૭.૮૧ લાખ તથા સાયલા તાલુકામાં ૧૧૦.૫૦ લાખની કિંમતના ચેકડેમો પાછળ સરકારી ફાળા પેટે ૬૪.૦૫ લાખનો ખર્ચ એમ કુલ મળીને ૧૦૧.૮૬ લાખનો ખર્ચ થયો.

જે પૈકી ચોટીલા તાલુકામાં ૩૭.૬૨ લાખ તથા સાયલા તાલુકામાં ૬૦.૦૭ લાખ એમ કુલ મળીને ૯૭.૬૯ લાખનું ચૂકવણું કરવામાં આવ્યું છે.

| | |
|---|---|
| (૩)બાકી ચૂકવણું ક્યાં સુધીમાં કરવામાં આવશે ? | (૩) શક્ય તેટલું વહેલું. |

-------------

**યાત્રાધામોમાં માંસાહારી પદાર્થોનું વેચાણ**

૧૫૭૬૪ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ)** : તા. ૨૧-૨-૦૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંક્તિ પ્રશ્ન ક્રમાંક : ૯૪૦૧ (અગ્રતા-૩૩) ના અનુસંધાને **માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્યમાં આવેલા પવિત્ર યાત્રાધામોમાં માંસાહારી પદાર્થોના વેચાણ માટે સંબંધિત વિભાગોના પરામર્શમાં જરૂરી પાસાઓ અને કાયદાકીય પરિસ્થિતિ જોગવાઈઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબત તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે, | (૨) દેશના અન્ય તીર્થ સ્થાનોમાં આ સંદર્ભે પ્રવર્તમાન નિયમો / કાયદાના અમલીકરણ બાબતે પરામર્શ કરવામાં આવી રહેલ છે. |
| (૩) આ બાબતમાં જરૂરી પરામર્શને અંતે શો નિર્ણય થયો, અને | (૩) નિર્ણય થયેલ નથી. |
| (૪) આ નિર્ણયનો અમલ ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ક્લોલ શહેરની ગટરનું પાણી બોરીસણા ગામના તળાવમાં જવા બાબત**

૧૫૭૮૨ **ડૉ. અતુલ કે. પટેલ (કલોલ)** : **માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| ક્લોલ તાલુકાના બોરીસણા ગામના તળાવમાં ક્લોલ શહેરના ગટરનું પાણી ઠલવાય છે, તેને રોકી તેનો નિકાલ અન્યત્ર કરવા સરકાર ક્યાં પગલાં લેવા માંગે છે ? | ક્લોલ નગરપાલિકાના ભૂગર્ભ ગટર યોજનાની મુખ્ય પંપીગ સ્ટેશનની મશીનરી ચાલુ હોય છે ત્યારે નગરપાલિકાનું ગંદુ પાણી બોરીસણા તળાવમાં ઠલવાતુ નથી પરંતુ ક્યારેક પંપીગ મશીનરીમાં ખામી ઉદ્‌ભવે છે ત્યારે આ પાણી કાંસમાં બનાવેલ પાળાને ઓળંગી બોરીસણા તળાવમાં જાય છે, પરંતુ હવે ઓડાની ભૂગર્ભ ડ્રેનેજ લાઈન સાથે ક્લોલ નગરપાલિકાની ડ્રેનેજ લાઈન સાથે જોડવામાં આવનાર છે. જેથી આ પ્રશ્ન નિવારી શકાશે. |

-------------

**ગઢડા તાલુકાના ગઢાળી ડેમ તૂટવાથી થયેલ નુક્સાન**

૧૩૯૬૦ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા)** : **માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાના ગઢાળી ડેમ તૂટી જવાથી અંદાજે કેટલું નુક્સાન થયેલ છે, અને | (૧) ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકામાં ગઢાળી ગામ પાસે કાળુભાર ડેમ આવેલ છે. જે તુટી ગયેલ નથી. |
| (૨) આ ડેમની મરામત માટે કેટલો ખર્ચ થયો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી. |

-------------

## આણંદ જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ યોજનામાં જોબ નંબર ફાળવવા બાબત

૧૫૦૬૮ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર (ભાદરણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કિસાન પથમાં ક્યા ક્યા રસ્તાના જોબ નંબરો ફાળવવામાં આવ્યા છે,

(૨) આ ફાળવેલ જોબ નંબરો પૈકી ક્યા ક્યા રસ્તાના કામો હાથ પર લેવામાં આવ્યા; અને

(૩) કેટલા રસ્તાના કામો ચાલુ છે ?

**જવાબ**

(૧) અને (૨)

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સામેલ પત્રક મુજબ કિસાનપથ યોજનામાં રસ્તાઓને મંજુરી આપી કામો હાથ પર લેવામાં આવેલ છે.

(૩) ૨૮ રસ્તાના કામો ચાલુ છે.

**પત્રક**

**કિસાનપથમાં મંજૂર કરેલ કામોની યાદી**

| ક્રમ | તાલુકો | રસ્તાનુ નામ |
|---|---|---|
| ૧ | આણંદ | આણંદ એગ્રો કોલેજ હાડગુડ વડોદ રોડ |
| ૨ | "" | ગાના બોરીયા રોડ |
| ૩ | "" | કરમસદ ગોકળપુરા રોડ |
| ૪ | "" | ત્રણોલ લાલપુરા રોડ |
| ૫ | "" | અડાસ વડોદ રોડ |
| ૬ | "" | અડાસ લાલપુરા નાપાડ રોડ સેકશન : નાપાડ ચાણસીપુરા રોડ |
| ૭ | "" | સામરખા ભુતરડા રોડ |
| ૮ | "" | ચીખોદરા એપ્રોચ રોડ |
| ૯ | ઉમરેઠ | ઓડ પરવટા રોડ |
| ૧૦ | "" | ભાલેજ રેલ્વે સ્ટેશનથી શેખવાળા રોડ |
| ૧૧ | "" | વણસોલ હેમરાજપુરાથી ભાલેજ |
| ૧૨ | "" | ખાંખણપુર એપ્રોચ રોડ |
| ૧૩ | "" | અહીમા જીતપુરા રોડ |
| ૧૪ | બોરસદ | બોદાલ એપ્રોચ રોડ |
| ૧૫ | "" | દાવોલ અલારસા રોડ |
| ૧૬ | "" | પામોલ દહેમી રોડ |
| ૧૭ | "" | વાસણા (બોરસદ) એપ્રોચ રોડ |
| ૧૮ | "" | વિરસદ ધર્મજ રોડ |
| ૧૯ | "" | સીરવા વાલવોડ રોડ |
| ૨૦ | "" | અમિયાદ દીવેલ રોડ |
| ૨૧ | "" | ડાલી એપ્રોચ રોડ |
| ૨૨ | "" | ઉમલાવ એપ્રોચ રોડ |
| ૨૩ | "" | કસારી બોરસદ રોડ |
| ૨૪ | "" | ફતેપુરા ગોરવા રોડ |
| ૨૫ | આંકલાવ | આણરોલ કહાનવાડી |
| ૨૬ | "" | આસોદર કંથારીયા ભેટાસી રોડ સેકશન : આસોદર કંથારીયા રોડ |
| ૨૭ | "" | જોષીકુવા એપ્રોચ રોડ |
| ૨૮ | "" | પીપળી એપ્રોચ રોડ |
| ૨૯ | "" | બામણગામ એપ્રોચ રોડ |
| ૩૦ | પેટલાદ | આમોદ જેસરવા રંગાઈપુરા રોડ |
| ૩૧ | "" | સુંદરણા વિરોલ સીમરડા આશી રોડ |
| ૩૨ | "" | વડદલા વીરચદ રોડ |

| ક્રમ | તાલુકો | રસ્તાનુ નામ |
|---|---|---|
| ૩૩ | સોજીત્રા | ગાંડા સોજીત્રા રોડ |
| ૩૪ | "" | કાસોર મલાતજ દેવા રોડ |
| ૩૫ | તારાપુર | તારાપુર રેલ્વે સ્ટેશન રોડ |
| ૩૬ | "" | વરસડા એપ્રોચ રોડ/વરસડા વાઘા તલાવ ગોલાણા રોડ |
| ૩૭ | ખંભાત | ધુવારણ એપ્રોચ રોડ |
| ૩૮ | "" | સાયમા એપ્રોચ રોડ |
| ૩૯ | "" | વડગામ એપ્રોચ રોડ |
| ૪૦ | "" | જલુંધ એપ્રોચ રોડ |
| ૪૧ | "" | ઉંદેલ એપ્રોચ રોડ |
| ૪૨ | "" | મીતલી રોહીણી રોડ |
| ૪૩ | "" | રાલજ રાજપુર જહાંગીરપુરા |
| ૪૪ | "" | નવી આખોલ તામસા પાંદડ રોડ સેક્શનઃ તામસા પાંદડ |

--------

**ખેડા જિલ્લામાં શહેરી વિકાસ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ બાબત**

૧૩૯૧૮ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્ય સરકાર દ્વારા સને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે તે અન્વયે ખેડા જિલ્લામાં શહેરી વિકાસ કાર્યક્રમ હેઠળ ક્યા ક્યા કામો માટે કેટલી રકમ તા. ૩૧-૧-૦૬ સુધીમાં ફાળવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

રૂા. ૧૭.૪૯ કરોડ નીચે મુજબના કામો માટે ફાળવેલ છે.

આંતર માળખાકિય સુવિધાઓ માટે રૂા. ૧૪.૪૯ કરોડ.

સામાજિક વનીકરણની યોજના માટે રૂા. ૨.૪૪ કરોડ.

પે એન્ડ યુઝ ટોઈલેટ યોજના માટે રૂા. ૫૬/- લાખ.

તે પેકી રૂા. ૬૧.૫૯ લાખનો ખર્ચ થયેલ છે.

**નર્મદા કેનાલમાંથી ખેતીવાડી માટે પાણી આપવા અંગે**

૧૪૭૪૬ **શ્રી પ્રાગજીભાઈ ના. પટેલ (માંડલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માંડલ તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી ખેતીવાડી માટે પાણી આપવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે અને કઈ રીતનું આયોજન છે ?

**જવાબ**

(૧) આયોજન છે.

(૨) માંડલ તાલુકામાં જૂન ૨૦૦૬થી શરુ કરી તબક્કાવાર ૨૦૦૭-૦૮ સુધીમાં શાખા નહેરો તથા તેની વિતરણ પધ્ધતિના કામો પૂર્ણ કરી ખેતીવાડી માટે પાણી આપવાનું આયોજન છે.

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાને પીવાનું પાણી આપવા બાબત**

૧૫૮૧૪ **ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ગામડાને શુધ્ધ પીવાનું પાણી મળે તે માટે સરકારનું શું આયોજન છે,

**જવાબ**

(૧) અને (૨)

ભિલોડા તાલુકાના કુલ ૧૬૫ ગામો પેકી

(૨) આ આયોજન પાછલ કેટલો ખર્ચ કરવામાં આવે છે, અને

(૧) ૩૨ ગામો વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા
(૨) ૬૧ ગામો ત્રણ જૂથ યોજના દ્વારા તથા
(૩) ૭૨ ગામો હેન્ડપંપો દ્વારા પાણી મેળવે છે.
લાંબાગાળાના આયોજન તરીકે હાથમતી અને મેશ્વો જળાશયો આધારિત ૨ જૂથ યોજનાઓમાં ૧૫૮ ગામોને રૂા. ૫૮૧૩.૭૪ લાખના ખર્ચે આવરી લેવા આયોજન કરેલ છે.

(૩) આ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ટૂંકાગાળાના ૯ ગામ / ૪ પરાના કામો માર્ચ-૨૦૦૭ સુધીમાં જ્યારે જળાશયો આધારિત જૂથ યોજનાઓના કામો ડીસેમ્બર-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**માર્ગ અને મકાન વિભાગ તરફથી જૂનાગઢ ડીવીઝનને કરેલ ગ્રાન્ટની ફાળવણી**

૧૩૮૫૫ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) માર્ગ અને મકાન વિભાગ તરફથી જુનાગઢ ડીવીઝન (સ્ટેટ) નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ અંતીત કેટલી ગ્રાન્ટ ફાળવી તેમના હસ્તક મુકવવામાં આવી,

(૨) આ ડીવીઝન તરફથી જુદા જુદા કામો માટે દરેક સબ ડીવીઝનને કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૩) થયેલ કામો અંગે કુલ કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી અને કેટલી રકમની ચૂકવણી બાકીમાં છે ?

**જવાબ**

(૧) નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ દરમ્યાન કુલ રૂા. ૨૬૯૧.૫૯ લાખ તથા વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૨૦૦૬ અંતિત રૂા. ૨૧૪૩.૨૦ લાખની ગ્રાન્ટ જૂનાગઢ ડીવીઝન (સ્ટેટ)ને ફાળવવામાં આવેલ છે.

(૨) ગ્રાન્ટની ફાળવણી પેટા વિભાગોને કરવામાં આવતી નથી.

(૩) વર્ષ ૨૦૦૪-૦૫માં રૂા. ૨૫૮૫.૬૯ લાખની રકમ તથા વર્ષ ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ અંતિત રૂા. ૧૮૭૩.૫૩ લાખની રકમ ચુકવવામાં આવી અને રૂા. ૨૨૨.૪૮ લાખની રકમ ચુકવવાની બાકી છે.

-------------

**દહેગામ તાલુકામાંથી પસાર થતી ગુહાઈ પાઈપલાઈન યોજનાનો લાભ આપવા બાબત**

૧૫૭૯૨ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

દહેગામ તાલુકામાંથી પસાર થતી ગુહાઈ પાઈપલાઈન યોજનામાંથી દહેગામ તાલુકાને ક્યારે પીવાનું પાણી આપવામાં આવશે ?

**જવાબ**

દહેગામ તાલુકાના ગામોને નવેમ્બર-૦૬ સુધીમાં ક્રમશઃ શરૂ કરીને ડીસેમ્બર-૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સરસ્વતી નર્મદા મહાસંગમ પાછળ થયેલ ખર્ચ**

૧૪૨૬૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૮-૯-૨૦૦૫ના રોજ સરસ્વતી નર્મદા મહાસંગમના થયેલ કાર્યક્રમ પાછળ કુલ કેટલું

**જવાબ**

(૧) રૂા. ૩૮.૮૫ લાખનું હાલ ચુકવણું કરેલ છે. રૂા. ૩૦૨ લાખની વહીવટી અને નાણાંકીય મંજુરી

ખર્ચ કરવામાં આવ્યું, અને
(૨) જાન્યુ. -૦૬ની સ્થિતિએ સરસ્વતી નદીમાં કેટલું પાણી છે ?

આપેલ છે.
(૨) ધરોઇમાં રવિ સિંચાઇ માટે પાણી આપવાનું ચાલુ હોવાથી જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ સરસ્વતી નદીના ચેકડેમનું પાણી સાફ-સુફી તથા સ્વચ્છતા અર્થે ખાલી કરવામાં આવેલ ત્યારબાદ હાલમાં પાણી ભરાતા તા. ૨૦-૦૨-૨૦૦૬ના રોજ ૧.૧૦ મીટર પાણીની સપાટી છે.

-------------

## શહેરી વિસ્તારોમાંથી ગેરકાયદેસર કતલખાનાં

૧૫૦૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા (ઉપલેટા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સમગ્ર રાજ્યમાં શહેરી વિસ્તારોમાંથી કેલેન્ડર વર્ષ ૨૦૦૫ દરમ્યાન કેટલા ગેરકાયદેસર કતલખાના સરકારના ધ્યાન પર આવ્યા, અને
(૨) સરકાર દ્વારા ગેરકાયદેસર ચાલતા કતલખાના બંધ કરાવવા શું પ્રયત્નો થઈ રહ્યા છે ?

**જવાબ**

(૧) ૧૪૩ સ્થળોએ ગેરકાયદે કતલ થતી ધ્યાને આવેલ છે.
(૨) મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ દ્વારા પોલીસ ફરિયાદો કરી શહેર પોલીસની મદદ લઇને ગેરકાયદે કતલની પ્રવૃત્તિઓ બંધ કરાવવા કાર્યવાહી કરાવવામાં આવે છે.

-------------

## અમદાવાદ શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો

૧૩૮૮૯ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા બી.પી.એલ. પ્રકારની યાદી છેલ્લે ક્યારે તૈયાર કરવામાં આવી,
(૨) ત્યાર બાદ ગરીબી રેખા નીચે જીવતા વિધવા બનેલા કે કમાનાર મુખ્ય વ્યક્તિ ગુમાવતા ગરીબીરેખા નીચે આવેલા પરિવારોને આમાં સમાવેશ ન કરવાના શું કારણો છે, અને
(૩) સમગ્ર શહેરમાં ગરીબી રેખા નક્કી કરવા પુનઃ ક્યારે સર્વે કરવામાં આવશે અને ક્યા સુધીમાં નવી યાદી તૈયાર થશે ?

**જવાબ**

(૧) સને ૧૯૯૮ માં.
(૨) ભારત સરકારે સૂચવેલ ધોરણો મુજબ સ્થળ તપાસ કરી, સમાવેશ કરવાપાત્ર કુટુંબોનો બી.પી.એલ. યાદીમાં સમાવેશ કરવામાં આવે છે.
(૩) સર્વેની કામગીરી હાલ ચાલુ છે જે શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

-------------

## કપરાડા તાલુકાના માડવાથી મનાલાથી પેઢરદેવીનો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત

૧૪૦૮૭ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના માડવાથી મનાલાથી પેઢરદેવી જતો ૧૯ કિલોમીટરનો રસ્તો ખૂબ જ બિસ્માર હાલતમાં છે તે હકીકત સાચી છે, અને
(૨) જો હા, તો તેની મરામત કામગીરી ક્યારે કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) કપરાડા તાલુકાના માડવાથી મનાલાથી પેઢરદેવી રસ્તાની લંબાઇમાં પંચાયત હસ્તકના અલગ અલગ ચાર રસ્તાનો સમાવેશ થાય છે. આ રસ્તાઓ ચાલુ મરામતમાં રીપેરીંગ કરી વાહનવ્યવહાર યોગ્ય છે.

-------------

**નર્મદાનું દરિયામાં વહી જતા પાણીને મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં આપવા બાબત**

૧૪૬૩૩ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદાનું દરિયામાં વહી જતુ પાણી વાળવા ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં જે આયોજન થયું છે તેમાં ધારણા કરતાં વધુ ખર્ચ થવાનું છે તે હકીકત સાચી છે, | (૧) સમગ્રતયા જોતાં હાલના તબક્કે ધારણા કરતાં વધુ ખર્ચ થવાની શક્યતા જણાતી નથી. |
| (૨) જો હા, તો મૂળ અંદાજ કરતાં કેટલું ખર્ચ વધુ થશે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો નર્મદાનું દરિયામાં વહી જતુ પાણી ચોમાસામાં નર્મદા કેનાલ દ્વારા અને પાઈપ લાઈન દ્વારા અને ચેનલ દ્વારા જળાશયો ભરવા અને ખેતીના ઉપયોગમાં લેવા કેટલા ખર્ચનાં અંદાજ સામે તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં પૂર્ણ થયેલ કે ચાલુ કામો અંગે કેટલું ખર્ચ થયું ? | (૩) પાઇપ લાઇનના કામો પેટે તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા. ૫૯૩.૯૨ કરોડનો ખર્ચ થયેલ છે. |

**ભાવનગર શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો**

૧૫૭૯૮ **શ્રી સુનીલ બા. ઓઝા (ભાવનગર શહેર (દક્ષિણ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ સરકાર કક્ષાએ ભાવનગર શહેરની કેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમ પડતર છે, | (૧) શૂન્ય |
| (૨) કેટલા સમયથી પડતર છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ ટી. પી. સ્કીમો ક્યાં સુધીમાં સંપૂર્ણ તેયાર કરવા રાજ્ય સરકારનું આયોજન છે ? | |

-------------

**આંતી-મોભા કણઝટ રસ્તાને નવીનીકરણ કરવા બાબત**

૧૫૦૪૮ **શ્રી પુનમ ર. પરમાર(પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાદરા-સેજાકુવા-આંતી-મોભા-કણઝટ સુધીનો એમ. ડી. આર. રસ્તો છે. તેમાં જુલાઈ-૦૫ની અતિવૃષ્ટિથી આંતીથી લઈ કણઝટ સુધીના રસ્તાને જે ભારે પ્રમાણમાં નુકશાન થયું છે તો તેના નવીનીકરણ માટે શું યોજના છે, અને | (૧) અને (૨) આંતી થી કણઝટ સુધીના રસ્તાને તાત્કાલીક મરામતમાં રીપેરીંગ કરેલ છે. રસ્તો વાહન વ્યવહાર યોગ્ય છે. |
| (૨) આ રસ્તાનું નવીનીકરણ ક્યાં સુધીમાં પૂર્ણ કરવા માંગો છો ? | |

-------------

**સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યા**

૧૫૭૬૯ **શ્રી ધનરાજભાઈ કેલા (વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગમાં કાર્યપાલક ઈજનેરની જગ્યા ખાલી છે તે | (૧) હા, જી. |

હકીક્ત સાચી છે, અને

| | |
|---|---|
| (૨) જો હા, તો સરકાર ખાલી જગ્યા ક્યાં સુધીમાં ભરવા માંગે છે ? | (૨) જેમ બને તેમ જલ્દી. |

-------------

**સુખી જળાશય યોજનામાં અસરગ્રસ્ત ગામોને પ્રાથમિક સુવિધા આપવા બાબત**

૧૫૭૭૫ **શ્રી વેચાતભાઈ હ. બારિયા (પાવી-જેતપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુખી જળાશય યોજના બનવાથી અસર પામેલ ગામોને પ્રાથમિક સુવિધા મળેલ નથી તે સરકાર જાણે છે, અને | (૧) સુખી જળાશય યોજના બનવાથી અસર પામેલ ગામોને સરકારશ્રીના જે તે વખતના ઠરાવ મુજબ પ્રાથમિક સુવિધા આપવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો તે પુરી પાડવા માટે બાર સટુન પુલ અને પેરીફેરીનો રોડ બનાવવા માટેનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) બાર સટુન પુલ અને પેરીફેરી રોડ પર ડામર કામ કરવાનું આયોજન છે. |

-------------

**હાલોલ અને જાંબુઘોડા તાલુકા માટે સુજલામ સુફલામ યોજના**

૧૫૭૯૬ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાલોલ તેમજ જાંબુઘોડા તાલુકાઓ માટે સુજલામ સુફલામ યોજના હેઠળ નર્મદાની મુખ્ય કેનાલમાંથી પીવાના પાણી માટેની યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) મંજૂર કરવામાં આવી નથી પરંતુ શક્ય તેટલી વહેલી યોજના હાથ ધરવા વિચારાશે. |
| (૨) આ યોજના ક્યારે શરૂ કરવા માંગો છો અને કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) શરૂ થયા પછી એક વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન રહેશે. |

-------------

**નર્મદા યોજના દ્વારા પીવાનું પાણી આપવા ઊભું કરેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર**

૧૪૬૩૫ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં નર્મદા યોજના દ્વારા પીવાનું પાણી આપવા માટે ઊભું કરવામાં આવેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૧) રૂા. ૩૩૩૪.૪૪ કરોડ |
| (૨) આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ્યાં ઊભુ કરવામાં આવ્યું છે ત્યાં હયાત પીવાના પાણીના સોર્સીસ બિન્દુઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા કે કેમ, અને તે માટે નર્મદા યોજનાની પાઈપલાઈન દ્વારા પાણી આપવાની યોજના કાર્યરત કરતાં પહેલાં કોઈ ચોક્કસ મોજણી કરવામાં આવી હતી કે કેમ, | (૨) હા, જી. |
| (૩) એ હકીક્ત સાચી છે કે આને પરિણામે જ્યાં જરૂરિયાત ન હતી અને પાણીનો હયાત સોર્સ હતો તો પણ પાઈપલાઈનો બિછાવવામાં આવી છે, | (૩) ના, જી. |
| (૪) આવી પાઈપ લાઈનો પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૪) પ્રશ્ન રહેતો નથી. |

(૫) નર્મદા યોજના આધારિત પીવાના પાણીની પાઈપ લાઈન કેટલા વિસ્તારમાં કાર્યરત કરવામાં આવી છે ?

(૫) રાજ્યના પીવાના પાણીની મુશ્કેલીવાળા તથા પાણીની ગુણવત્તાના પ્રશ્નોવાળા અમદાવાદ, મહેસાણા, ગાંધીનગર, પાટણ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, રાજકોટ, જુનાગઢ, જામનગર અને કચ્છ જિલ્લામાં કાર્યરત કરવામાં આવી છે.

-------------

**સુરત જિલ્લામાં ઉકાઈ ડેમ કાકરાપાર યોજનામાં આવેલ નહેરો**

૧૫૭૮૯ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં ઉકાઈ ડેમ અને કાકરાપાર યોજના આધારિત કેટલા કિલોમીટરની નહેરો આવેલ છે, અને

(૨) ઉક્ત યોજનાથી કેટલા વિસ્તારોમાં સિંચાઈની સુવિધા પ્રાપ્ત થયેલ છે ?

**જવાબ**

(૧) સુરત જિલ્લામાં ઉકાઇ ડેમ અને કાકરાપાર યોજના આધારીત કુલ ૨૮૬૬.૫૧ કી.મી. લંબાઇની નહેરો આવેલ છે.

(૨) ઉક્ત યોજનાથી ૧,૮૬,૨૭૩ હેક્ટર વિસ્તારમાં સિંચાઇની સુવિધા પ્રાપ્ત થયેલ છે.

-------------

**કિસાન પથ માટે કેન્દ્ર સરકારે કરેલી સહાય**

૧૫૬૦૯ **શ્રી દોલતભાઈ પરમાર (વડગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કિસાન પથ માટે નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ના વર્ષમાં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી ?

**જવાબ**

શુન્ય.

કિસાન પથ યોજના તે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરેલ યોજના છે.

-------------

**ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં ચેકડેમોના થયેલા કામો**

૧૫૨૦૪ **શ્રી ભરતભાઈ પંડયા (ધંધૂકા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા રાણપુર અને બરવાળા તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ સુધીમાં કેટલા ચેકડેમોના કામો થયા છે. આ ચેકડોમો પાછળ કેટલા રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૨) જે ચેકડેમો અધુરા રહ્યા છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | થયેલ ચેકડેમોની સંખ્યા | કરાયેલ ખર્ચ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ધંધુકા | ૦૪ | ૬૭.૧૧ |
| રાણપુર | ૧૫ | ૨૧.૨૬ |
| બરવાળા | ૦૪ | ૦૮.૬૬ |
| **કુલ :** | **૨૩** | **૯૭.૦૩** |

(૨) હાલમાં બરવાળા તાલુકાના એક ચેકડેમની કામગીરી પ્રગતિમાં છે, જે માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવા આયોજન છે.

-------------

**નર્મદા પાઈપ લાઈનથી વાત્રક, મેશ્વો, માઝૂમ ડેમ ભરવાની યોજના**

૧૫૭૮૩ **શ્રીમતી ભીખીબેન ગિ. પરમાર (મેઘરજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદા કેનાલ પાઈપ લાઈનથી વાત્રક, મેશ્વો અને માઝૂમ ડેમ ભરવાની યોજનાનું કામ ક્યારે શરૂ થશે, અને

(૨) આ યોજનાથી મંજૂરીનું કામ જાન્યુઆરી ૨૦૦૬ની સ્થિતિએ ક્યા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) આ યોજનાના અંદાજો વહીવટી મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. જે આખરી થયેથી ટેન્ડર મંજુર ર્ક્યા બાદ એજન્સી નક્કી થયે કામગીરી શરૂ કરવામાં આવશે. જે કામ પૂર્ણ થયેથી જળાશય ભરવાનું આયોજન વિચારાયેલ છે

-------------

**માર્ગ-મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની મંજૂર થયેલ જગ્યાઓ**

૧૫૦૪૭ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગુજરાત રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની કુલ મંજૂર જગ્યાઓ કેટલી છે,

(૨) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં અનુસૂચિત જાતિની રોસ્ટર મુજબ નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ) કુલ કેટલી જગ્યા બઢતીથી ભરવામાં આવેલ છે, અને

(૩) જો રોસ્ટર મુજબ બઢતીથી નાયબ કાર્યપાલક ઈજનેરની જગ્યાઓ ભરવાની બાકાત રાખવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે?

**જવાબ**

(૧) ૪૧૬ જગ્યાઓ.

(૨) અને (૩) રેશિયો મુજબ અનુસૂચિત જાતિની બઢતીથી ભરવાપાત્ર થતી જગાઓ સામે અનુસૂચિત જાતિની વધારે જગાઓ ભરાયેલ હોઇ તારીખઃ ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં રોસ્ટર મુજબ અનુસૂચિત જાતિના અધિકારીને બઢતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**પોરબંદરથી માંગરોળ, વેરાવળ, સૂત્રાપાડા અને કોડીનારથી જાફરાબાદના દરિયા કિનારાની ખારાશ અટકાવવા બાબત**

૧૪૭૬૦ **શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પોરબંદરથી માંગરોળ, વેરાવળ, સુત્રાપાડા, કોડીનારથી જાફરાબાદ મહુવા સુધીનો દરિયો છે. જેમાં ભરતી નિયંત્રણ યોજનાની કામગીરીથી ગામો અને શહેરોને ખારાપટ આગળ વધતા અટકાવવા ઘણા સમયથી યોજના અમલમાં છે તો આ યોજના ધ્વારા તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલું કામ થયું અને કેટલો ખર્ચ થયો, અને

(૨) સરકાર આ ખારાશ અટકાવવા નવા કોઈ પગલાં લેવા માંગે છે ?

**જવાબ**

(૧) આ યોજના અંતર્ગત તા. ૩૧-૧-૦૬ સુધીમાં ૮ ભરતી નિયંત્રક, ૧૫ બંધારા, ૩ પુનઃ પ્રભરણ જળાશય, ૨૯૦ ચેકડેમ અને ૪૬.૪૫ કિ.મી. લંબાઇના વિસ્તરણ નહેરના કામો પૂર્ણ કરવામાં આવેલ છે. તેમજ

૨ ભરતી નિયંત્રક, ૧ બંધારા, ૨ ચેકડેમ અને ૬ વિસ્તરણ નહેર યોજનાના કામો પ્રગતિમાં છે. આ કામો માટે રૂા. ૧૫૬૨૯.૨૦ લાખનો ખર્ચ થયેલ છે.

(૨) હા, જી.

-------------

**માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની મંજૂર જગ્યાઓ**

૧૫૭૭૪ **શ્રી સિધ્ધાર્થ મા. પરમાર (રાજકોટ ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ ગુજરાત

**જવાબ**

(૧) ૪૧૬ જગ્યાઓ.

રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની કુલ મંજૂર જગ્યાઓ કેટલી છે,

(૨) તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં અનુસુચિત જાતિની રોસ્ટર મુજબ નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની કુલ કેટલી જગ્યા બઢતીથી ભરવામાં આવેલ છે, અને

(૩) જો રોસ્ટર મુજબ બઢતીથી નાયબ કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યાઓ ભરવાની બાકાત રાખવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે?

(૨) અને (૩) રેશિયો મુજબ અનુસૂચિત જાતિની બઢતીથી ભરવાપાત્ર થતી જગાઓ સામે અનુસૂચિત જાતિની વધારે જગાઓ ભરાયેલ હોઇ તારીખઃ ૩૧-૧૨-૦૫ સુધીમાં છેલ્લા ત્રણ વર્ષમાં રોસ્ટર મુજબ અનુસૂચિત જાતિના અધિકારીને બઢતી આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ નથી.

-------------

**સુજલામ્ સુફ્લામ્ યોજનામાં થયેલ ખર્ચ**

૧૫૦૬૯ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં તા. ૩૧-જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ નાણાકીય વર્ષ : ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત જિલ્લાવાર કેટલું ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

-સામેલ પત્રક મુજબ-

**પત્રક**

**સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ થયેલ ખર્ચ**

| **ક્રમ** | **જિલ્લો** | **તા.૩૧-૧-૦૬ની સ્થિતિએ નાણાંકિય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬ દરમ્યાન થયેલ ખર્ચ. (રૂા. લાખમાં)** |
|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૨૩૪૭.૯૨ |
| ૨. | અમરેલી | ૪૪૮.૬૨ |
| ૩. | આણંદ | ૧૨.૦૪ |
| ૪. | બનાસકાંઠા | ૧૨૪૭૯.૮૯ |
| ૫. | ભરૂચ | ૧૨૪.૩૬ |
| ૬. | ભાવનગર | ૧૬૩૭.૩૮ |
| ૭, ૮. | દાહોદ, પંચમહાલ | ૨૧૧૪૮.૫૪ |
| ૯. | ડાંગ | ૧૮૭૬.૭ |
| ૧૦. | ગાંધીનગર | ૨૩૩૨૦.૭૭ |
| ૧૧. | જામનગર | ૮૯૫.૩૪ |
| ૧૨. | જુનાગઢ | ૨૫૭૬.૧૨ |
| ૧૩. | કચ્છ | ૮૪૮૪.૦૨ |
| ૧૪. | ખેડા | ૫૦૩૦.૮૮ |
| ૧૫. | મહેસાણા | ૫૦૮૬૯.૮૪ |
| ૧૬. | નર્મદા | ૨૩૮.૭ |
| ૧૭. | નવસારી | ૫૨૯.૮૧ |
| ૧૮. | પાટણ | ૨૧૨૭૩.૦૩ |
| ૧૯. | પોરબંદર | ૧૯૫૬.૪૪ |
| ૨૦. | રાજકોટ | ૧૮૩૧.૮ |
| ૨૧. | સાબરકાંઠા | ૨૭૩૮૬.૦૬ |

| | | |
|---|---|---|
| ૨૨. | સુરત | ૭૩૪.૩ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૨૩૩૧.૧૬ |
| ૨૪. | વડોદરા | ૯૫૯.૯ |
| ૨૫. | વલસાડ | ૨૫૫.૦૧ |

-------------

**ભાવનગર જિલ્લાનો ગઢડા તાલુકાના લીંબાળી ડેમ પૂર્ણ થવા બાબત**

૧૪૩૧૯ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

ભાવનગર જિલ્લામાં ગઢડા તાલુકામાં લીંબાળી ડેમ જુન-જુલાઈ-૦૫ના ભારે વરસાદના કારણે તૂટી ગયેલ છે તેના રીપેરીંગ માટે સરકારનું શું આયોજન છે. ?

**જવાબ**

લીંબાળી ડેમમાં ઓક્ટોબર-૦૫માં બે દરવાજા તથા એક પીયારમાં નુકશાન થયેલ છે, જે આગામી જુન-૨૦૦૬ પહેલાં પુર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ગોતા-ગોધાવીથી ડેડિયાસણ સુધીની કેનાલો રીપેર કરવા બાબત**

૧૪૬૨૧ **શ્રી વજુભાઈ પ. ડોડિયા (વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ગોતા-ગોધાવીથી પનાર-ડેડિયાસણ સુધીની કેનાલો તૂટવાથી ખેડૂતોના પાક્ને પારાવાર નુક્સાન થાય છે, પૂરરાહત ફંડ પેટે બજેટમાં રૂા. ૩ કરોડની જોગવાઈ હોવાથી સરકાર અમદાવાદ જિલ્લામાંથી પસાર થતી કેનાલોની મરામત કરાવવા માંગે છે કે કેમ, અને

(૨) જો હા, તો ક્યારે ?

**જવાબ**

(૧) અમદાવાદ જિલ્લામાંથી પસાર થતી કેનાલોની મરામત કરાવવાનું રાજ્ય સરકારે આયોજન કરેલ છે.

(૨) વિરમગામ ડ્રેઈનના ટેમ્પરરી રીસ્ટોરેશનની કામગીરી કરવામાં આવેલી છે. ડ્રેઈનોના મરામતની કામગીરી પ્રગતિ હેઠળ છે. આગામી ચોમાસા પહેલાં કામો પૂર્ણ કરવાનું આયોજન વિચારેલ છે.

-------------

**બનાસકાંઠા જિલ્લામાં નવા બોર બનાવવા બાબત**

૧૫૮૦૨ **શ્રી ગોવાભાઈ હ. રબારી (ડીસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા નવીન બોર બનાવવામાં આવ્યા,

(૨) દરેક બોર પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) આ બોરો ધ્વારા કેટલા ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ૪૧ નવીન બોર બનાવવામાં આવ્યા.

(૨) પરિશિષ્ટ-૧ મુજબ

(૩) આ બોરો દ્વારા ૨૬ ગામોની સ્વતંત્ર પાણી પુરવઠા યોજનાના ગામોને ૩૪૧ ગામોની જૂથ યોજના મળી કુલ ૩૬૭ ગામ / ૧૮ પરા અને ૧ શહેરને પીવાનું પાણી આપવામાં આવે છે.

પરિશિષ્ટ-૧

તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કરેલ બોરની વિગત

| અનું. | તાલુકો | ગામનું નામ | સને ૨૦૦૧ની વસ્તી | થયેલ ખર્ચ (લાખમાં) | નવીન બોર અન્વયે પાણી પુરવઠો | | | વિ. નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ગામ | પરા | શહેર | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | પાલનપુર | વેંડ્યા | ૪૨૧૧ | ૫.૩૧ | ૧ | ૦ | ૦ | |
| ૨ | "" | સુરજપુરા (૨) | ૧૯૦૭ | ૧.૦૮ | ૧ | ૦ | ૦ | |
| ૩ | વડગામ | મહેંદીપુરા (માહી) | ૪૨૫૬ | ૭.૭૦ | ૧ | ૦ | ૦ | |
| ૪ | ડીસા | ધનાવાડા | ૨૦૪૧ | ૫.૬૬ | ૧ | ૦ | ૦ | |

| અનું. | તાલુકો | ગામનું નામ | સને ૨૦૦૧ની વસ્તી | થયેલ ખર્ચ (લાખમાં) | નવીન બોર અન્વયે પાણી પુરવઠો ગામ | પરા | શહેર | વિ. નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૫ | ડીસા | આઈસોલેટેડ | ૧૦૧૦ | ૫.૬૦ | ૧ | ૦ | ૦ | |
| ૬ | ડીસા | ભેમાજીગોળીયા | ૫૦૦ | ૪.૧૬ | ૧ | ૦ | ૦ | |
| ૭ | ડીસા | પાલડી | ૨૨૪૩ | ૪.૬૦ | ૧ | ૦ | ૦ | |
| ૮ | ડીસા | રામવાસ | ૧૦૦૨ | ૪.૮૦ | ૧ | ૦ | ૦ | |
| ૯ | ડીસા | મુડેડા | ૯૫૫૮ | ૫.૮૯ | ૧ | ૦ | ૦ | |
| ૧૦ | ડીસા | ટેટોડા | ૩૪૬૬ | ૬.૮૦ | ૧ | ૦ | ૦ | |
| ૧૧ | ડીસા | ગજનીપુર (યાવરગંજ) | ૬૩૬ | ૬.૦૨ | ૧ | ૦ | ૦ | |
| ૧૨ | ડીસા | ક્મોડી | ૨૧૧૧ | ૫.૩૦ | ૧ | ૦ | ૦ | |
| ૧૩ | ડીસા | ખેટવા | ૧૭૬૫ | ૪.૯૦ | ૧ | ૦ | ૦ | |
| ૧૪ | ડીસા | લટીયા | ૩૯૫ | ૦.૯૫ | ૧ | ૦ | ૦ | |
| ૧૫ | ડીસા | ચત્રાલા | ૫૭૭ | ૨.૧૭ | ૧ | ૦ | ૦ | |
| ૧૬ | થરાદ | જેતડા | ૩૩૮૧ | ૪.૧૧ | ૧ | ૦ | ૦ | |
| ૧૭ | થરાદ | કોઠીગામ | ૧૧૧૮ | ૮.૮૭ | ૧ | ૦ | ૦ | |
| ૧૮ | દાંતીવાડા | ડાંગીયા | ૩૫૬૦ | ૨.૮૬ | ૧ | ૦ | ૦ | |
| ૧૯ | દાંતીવાડા | ભાખરમોટી | ૪૮૯૮ | ૧.૮૬ | ૧ | ૦ | ૦ | |
| ૨૦ | દિયોદર | સરદારપુરા (રવેલ) | ૧૫૯૯ | ૪.૭૪ | ૧ | ૦ | ૦ | |
| ૨૧ | દિયોદર | દિયોદર | ૧૩૦૦૮ | ૬.૭૩ | ૧ | ૦ | ૦ | |
| ૨૨ | દિયોદર | સુરાણા | ૨૩૯૧ | ૭.૭૧ | ૧ | ૦ | ૦ | |
| ૨૩ | દિયોદર | કપરૂપુર | ૧૭૪૪ | ૭.૬૪ | ૧ | ૦ | ૦ | |
| ૨૪ | કાંકરેજ | ઉંમરી | ૭૬૫૨ | ૬.૨૮ | ૧ | ૦ | ૦ | |
| ૨૫ | કાંકરેજ | માનપુરા (શી) | ૨૩૮૬ | ૬.૭૨ | ૧ | ૦ | ૦ | |
| ૨૬ | કાંકરેજ | ઈસરવા | ૨૧૩૭ | ૭.૦૬ | ૧ | ૦ | ૦ | |
| | | | | | ૨૬ | ૦ | ૦ | |
| ૨૭ | ડીસા | આખોલ-૧ | જુથ યોજના | ૯.૨૦ | ૨૦૦ | ૦ | ૧ | |
| ૨૮ | ડીસા | આખોલ-૨ | જુથ યોજના | ૮.૯૧ | | | | |
| ૨૯ | વાવ | ભાટવર વાસ | જુથ યોજના | ૧૧.૬૨ | | | | |
| ૩૦ | ડીસા | આગડોલ | જુથ યોજના | ૧.૮૩ | ૫.૦૦ | ૦ | ૦ | |
| ૩૧ | કાંકરેજ | રાણકપુર | જુથ યોજના | ૧૦.૯૦ | ૧૩૬ | ૧૮ | ૦ | |
| ૩૨ | કાંકરેજ | ક્હેરેચાપુરા | જુથ યોજના | ૧૦.૩૬ | | | | |
| ૩૩ | કાંકરેજ | આંબલીવાસ-૧ | જુથ યોજના | ૧૦.૪૪ | | | | |
| | | | | | ૩૬૭ | ૧૮ | ૧ | |
| પાણી પુરવઠો ચાલુ થયેલ નથી તેવા ગામો | | | | | | | | |
| ૩૪ | ડીસા | અમરાણીપુરા (સમોમોટા) | ૫૧૫ | ૩.૭૭ | ૦ | ૦ | ૦ | |
| ૩૫ | ડીસા | ચંદાજી ગોળીયા | ૧૦૩૫ | ૩.૬૪ | ૦ | ૦ | ૦ | |
| ૩૬ | ડીસા | બલોધર | ૨૭૪૭ | ૪.૯૬ | ૦ | ૦ | ૦ | |
| ૩૭ | દિયોદર | નવાપુરા | ૧૨૭૪ | ૪.૭૨ | ૦ | ૦ | ૦ | |
| ૩૮ | દિયોદર | અચુંબીયાવાસ (વડા) | ૧૧૬૧૬ | ૩.૮૫ | ૦ | ૦ | ૦ | |
| ૩૯ | કાંકરેજ | આંબલીવાસ-૨ | જુથ યોજના | ૭.૮૯ | ૦ | ૦ | ૦ | |
| ૪૦ | ભાભર | ભાભર | ૯૨૬૨ | ૫.૮૬ | ૦ | ૦ | ૦ | નિષ્ફળ |
| ૪૧ | કાંકરેજ | તેરવાડા | ૬૪૯૧ | ૪.૬૨ | ૦ | ૦ | ૦ | નિષ્ફળ |
| | | | | ૨૩૮.૦૯ | ૩૬૭ | ૧૮ | ૧ | |

-------------

## ઉંઝાના ઉમિયા માતાનું મંદિર પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત

૧૪૬૧૯ **શ્રી નારાયણભાઈ લ. પટેલ (ઉંઝા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સમસ્ત ગુજરાતના પાટીદારોનું આસ્થા કેન્દ્ર ઉમિયામાતા મંદિર, ઉંઝાને પ્રવાસન ધામ તરીકે વિકસાવવા સરકાર શી કાર્યવાહી કરવા માંગે છે ?

**જવાબ**

કલેકટરશ્રી. મહેસાણા દ્વારા ઉમીયા માતા મંદિર ઉંઝાના વિકાસ માટે દરખાસ્ત કરેલ છે. જે વર્ષ ૨૦૦૬-૦૭નું અંદાજપત્ર મંજૂર થયે વિચારણા માટે લઈ શકાય.

-------------

## સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ થયેલ ખર્ચ

૧૫૭૭૨ **શ્રી અમીત ચાવડા (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

રાજ્યમાં સુજલામ્ સુફ્લામ્ યોજનામાં તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાવાર કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

સામેલ પત્રક મુજબ.

પત્રક
સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ થયેલ ખર્ચ

| ક્રમ | જિલ્લો | તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચ (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧. | અમદાવાદ | ૧૨૩૨૨.૬ |
| ૨. | અમરેલી | ૪૧૧.૪૬ |
| ૩. | આણંદ | ૧૨.૪૭ |
| ૪. | બનાસકાંઠા | ૧૦૯૭૨.૭૪ |
| ૫. | ભરૂચ | ૧૨૨.૫૬ |
| ૬ | ભાવનગર | ૧૪૧૫.૭૨ |
| ૭, ૮. | દાહોદ, પંચમહાલ | ૧૯૯૮૬.૬૬ |
| ૯. | ડાંગ | ૧૮૧૩.૭૨ |
| ૧૦ | ગાંધીનગર | ૨૧૬૪૬.૯૪ |
| ૧૧. | જામનગર | ૭૫૮.૮૯ |
| ૧૨. | જુનાગઢ | ૨૮૯૭.૭૪ |
| ૧૩. | કચ્છ | ૮૩૫૬.૬૫ |
| ૧૪. | ખેડા | ૪૬૦૨.૬૧ |
| ૧૫. | મહેસાણા | ૪૦૧૦૫.૬૨ |
| ૧૬ | નર્મદા | ૫૫૦.૭ |
| ૧૭. | નવસારી | ૧૭.૮૮ |
| ૧૮. | પાટણ | ૧૨૫૮૭.૩૨ |
| ૧૯. | પોરબંદર | ૧૮૬૪.૦૬ |
| ૨૦. | રાજકોટ | ૨૧૨૦.૭૯ |
| ૨૧. | સાબરકાંઠા | ૨૫૩૧૪.૩૧ |
| ૨૨. | સુરત | ૭૩૯.૦૮ |
| ૨૩. | સુરેન્દ્રનગર | ૧૨૮૪૭.૮૨ |
| ૨૪. | વડોદરા | ૧૦૬૯.૯૭ |
| ૨૫. | વલસાડ | ૨૫૫.૦૧ |

-------------

**કચ્છ જિલ્લાને નર્મદાના વધારાના પાણી આપવા અંગેનો ખર્ચ**

૧૪૯૯૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાને ફાળવવામાં આવેલ નર્મદાના વધારાનાં પાણી અંગે શું આયોજન કરવામાં આવેલ છે, અને

(૨) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ બાબતે કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

**જવાબ**

(૧) કચ્છ જિલ્લાને નર્મદાના વધારાના પાણી ફાળવવાની બાબત સરકારશ્રીના આયોજનમાં છે.

(૨) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી.

-------------

**નર્મદાનું પાણી પીવા માટે ગુડાના ગામોને આપવા બાબત**

૧૫૦૬૪ **ડૉ. સી. જે. ચાવડા (ગાંધીનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નર્મદાનું પાણી ગાંધીનગર જિલ્લામાં ગુડાના ગામોને પુરૂં પાડવાની સરકારની નીતિ અન્વયે

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા ગામોમાં પાઇપ લાઇન નાખવાનું કામ ચાલુ છે,

**જવાબ**

(૧) (૨) અને (૩)

તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ નર્મદા કેનાલ આધારિત પેકેજમાં આવરી લેવાયેલ ગુડાના ૩૮ ગામ પૈકી ૩૬ ગામોમાં પાઇપ લાઇન નાંખવાનું કામ પૂર્ણ કરેલ છે. ૨ ગામમાં પાઇપ લાઇન નાંખવાનું કામ

(૨) પાઈપ નાખવાનું કામ કેટલા ગામોમાં પૂર્ણ થયું છે,

(૩) કેટલા ગામોમાં બાકી છે, અને

(૪) આ ગામોમાં પીવાનું પાણી ક્યારે પૂરું પાડવામાં આવશે ?

કરેલ છે. ૨ ગામમાં પાઇપ લાઇન નાંખવાનું કામ ચાલુ છે.

(૪) ચાર રેલ્વે ક્રોસીંગની કામગીરી કરવાની હોવાથી ક્રમશઃ સપ્ટેમ્બર-૨૦૦૬ સુધીમાં પીવાનું પાણી પુરુ પાડવાનું આયોજન છે.

-------------

**સરકારે રાજ્ય રસ્તાઓને નેશનલ હાઈવેમાં ફેરવવાની કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્તો**

૧૫૭૭૬ **શ્રી જયંતિલાલ રા. કવાડિયા (હળવદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર ધ્વારા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલા રસ્તાઓને નેશનલ હાઈવેનો દરજ્જો આપવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે, | (૧) સરકારશ્રી દ્વારા તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૨૩ રસ્તાઓને નેશનલ હાઇવેનો દરજ્જો આપવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી. |
| (૨) કેન્દ્ર સરકાર ધ્વારા આ રસ્તાઓને નેશનલ હાઈવે તરીકેની મંજુરી આપવામાં આવી છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો ક્યા ક્યા રસ્તાઓનો સમાવેશ કરવામાં આવેલ છે. ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**અમદાવાદ શહેરમાં શહેરી ગરીબોને આવાસો આપવા બાબત**

૧૫૦૪૩ ડૉ. **માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય શહેરી ગૃહનિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ શહેરી ગરીબો માટે કુલ કેટલા મકાનો છેલ્લા ત્રણ વર્ષમાં તૈયાર થયા, | (૧) ૪૪૯૬ |
| (૨) આ પૈકી કેટલા મકાનોનો કબજો આપવામાં આવ્યો, અને | (૨) ૨૨૦૦ |
| (૩) કબજો ના અપાયા હોય તેવા કેટલા મકાનો છે અને ક્યા કારણોથી કબજા નથી અપાયા ? | (૩) ૨૨૯૬<br>કબજો આપવાની કામગીરી ચાલુ છે. |

-------------

**રાજ્યની નદીઓને જોડવા બાબત**

૧૫૭૬૧ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સરકાર પૂરના પાણીને નિયંત્રણ કરવા અને પાણી વ્યવસ્થાપનની જળસંચય કરવા નદીઓ જોડવા માંગે છે એ હકીકત ખરી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો જૂનાગઢ જિલ્લાની કઈ કઈ નદીઓને જોડવાનું આયોજન છે ? | (૨) જુદી જુદી યોજનાઓ અંતર્ગત સ્પ્રેડીંગ ચેનલના માધ્યમો ધ્વારા જૂનાગઢ જિલ્લાની ઓઝત, સાવલી, નેત્રાવતી, નોલી, મેઘલ, આદ્રી, સાંગાવાડી, ખારી, શીંગોડા વગેરે નદીઓને જોડવા આયોજન છે. |

-------------

## કડી તાલુકામાં રસ્તાઓને આપવામાં આવેલ જોબનંબર

૧૪૩૬૫ **શ્રી બળદેવજી ચં. ઠાકોર (કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧--૨૦૦૬ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કડી તાલુકાના ક્યા ક્યા રસ્તાઓના જોબનંબર આપવામાં આવ્યા, અને | (૧) છેલ્લા ત્રણ વર્ષમાં પત્રક મુજબનાં રસ્તાઓના ૫૩ જોબનંબર આપવામાં આવ્યા. |
| (૨) તે પૈકી કેટલા રસ્તાઓનું બાંધકામ કરવામાં આવ્યું ? | (૨) તે પૈકી ૩૪ જોબનંબરનાં કામો પુર્ણ કરવામાં આવ્યા. |

**પત્રક**

**કડી તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં મંજુર થયેલ કામોની યાદી :-**

| અ. નં. | કામનું નામ |
|---|---|
| ૧ | ઝાલોડા બપેયારા રોડ કી.મી. ૦/૦ થી ૪/૦ |
| ૨ | કડી-થોળ-સાણંદ રોડ કી.મી. ૦/૦ થી ૫/૦ |
| ૩ | ડરણ-મોરવા રોડ |
| ૪ | કડી-થોળ-સાણંદ રોડ (સી.સી.રોડ) |
| ૫ | કડી-કલ્યાણપુરા રોડ કી.મી. ૦/૦ થી ૨૭/૪ |
| ૬ | કડી-કલ્યાણપુરા રોડ (નાળાકામ) |
| ૭ | કડી-કલ્યાણપુરા રોડ |
| ૮ | કડી-ધોરીયા રોડ (નાળાકામ) |
| ૯ | શેડફા-ભીમાસણ રોડ (નાળાકામ) |
| ૧૦ | વામજ-ફુલેત્રા રોડ કી.મી. ૦/૦ થી ૨/૬ |
| ૧૧ | અચરાસણ-અણખોલ કી.મી. ૦/૦ થી ૧/૬૨૦ |
| ૧૨ | કડી-થોળ-સાણંદ રોડ કી.મી. ૮/૦ થી ૧૦/૬ |
| ૧૩ | રાંતેજ-રાજપુર કી.મી. ૦/૦ થી ૨/૭૮૦ |
| ૧૪ | વામજ-ફુલેત્રા રોડ કી.મી. ૦/૦ થી ૨/૬૮૦ (નાળાકામ) |
| ૧૫ | કડી-કલ્યાણપુરા રોડ ૦/૦ થી ૨૬/૦ |
| ૧૬ | કડી-કલ્યાણપુરા રોડ ૦/૦ થી ૨૬/૦ |
| ૧૭ | કડી-કલ્યાણપુરા રોડ કી.મી. ૦/૦ થી ૨૬/૦ |
| ૧૮ | કડી-થોળ-સાણંદ રોડ કી.મી. ૧૬/૦ થી ૨૧/૪ |
| ૧૯ | કડી-થોળ-સાણંદ રોડ (નાળાકામ) |
| ૨૦ | કડી-કલ્યાણપુરા રોડ (નાળાકામ) |
| ૨૧ | રાજપુર-ઇન્દ્રાડ રોડ કી.મી. ૦/૦ થી ૪/૩૫૦ |
| ૨૨ | સોનવડ એપ્રોચ રોડ કી.મી. ૦/૦ થી ૩/૫૦૦ |
| ૨૩ | કડી-થોળ-સાણંદ કી.મી. ૫/૦ થી ૮/૦ |
| ૨૪ | કડી-થોળ-સાણંદ રોડ કી.મી. ૧૧/૪ થી ૧૧/૬ (નાળાકામ) |
| ૨૫ | કડી-કલ્યાણપુરા રોડ કી.મી. ૧૫/૦ થી ૨૦/૦ (નાળાકામ) |
| ૨૬ | નંદાસણ માથાસુર સૂરજ રોડ |
| ૨૭ | થોળ ઝાલોડા રોડ |
| ૨૮ | નદાણ એ. રોડ |
| ૨૯ | લ્હોર એ. રોડ |
| ૩૦ | શિયાપુરા દૂધઇ રોડ |
| ૩૧ | ફતેપુરા એ. રોડ |
| ૩૨ | બપેયારા એ. રોડ |
| ૩૩ | પંઢરપુરા ચુનીપુરા રોડ |
| ૩૪ | મહારાજપુરા એ. રોડ ઉપર નાળાકામ |
| ૩૫ | થોળ મેઢા અગોલ રોડ ઉપર નાળાકામ |
| ૩૬ | અલુસણા એ. રોડ ઉપર નાળાકામ |

| અ. નં. | કામનું નામ |
|---|---|
| ૩૭ | પાલ્લી કલ્યાણપુરા રોડ |
| ૩૮ | કડી એ. રોડ |
| ૩૯ | કડી જાસલપુર રોડ |
| ૪૦ | મેડા આદરજ એ. રોડ જોઇનીંગ કડી થોળ રોડ |
| ૪૧ | સાદરા ધરમપુર વરખડીયા રોડ વિ. વાઘરોડાથી વરખડીયા |
| ૪૨ | ગોવિંદપુરા એ. રોડ |
| ૪૩ | સાદરા ધરમપુર વરખડીયા રોડ વિ. ધરમપુર વાઘરોડા |
| ૪૪ | બોરીસણા ફૂલેત્રા રોડ |
| ૪૫ | સૂરજ ધોળાસણ મુદરડા રોડ |
| ૪૬ | સેડફા ચોકડીથી ઝાલોડા રોડ |
| ૪૭ | કરણનગર વામજ રોડ ઉપર નાળાકામ |
| ૪૮ | બાવલુ ઝાલોડા રોડ ઉપર નાળાકામ |
| ૪૯ | બપેયારા એ. રોડ ઉપર નાળાકામ |
| ૫૦ | કલોલ મેડા આદરજ રોડ ઉપર નાળાકામ |
| ૫૧ | પંથોડા એ. રોડ ઉપર નાળાકામ |
| ૫૨ | સાદરા અલુણા રોડ ઉપર નાળાકામ |
| ૫૩ | મેડા આદરજ એ. રોડ |

------------

**ગારિયાધાર તાલુકાના રાણી ગામને જોડતો પાકો રસ્તો બનાવવા બાબત**

૧૫૭૮૪ **શ્રી મનસુખભાઈ લ. માંડવિયા (પાલીતાણા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગારિયાધાર તાલુકાનાં રાણીગામ ગામને જોડતો એકપણ પાકો રસ્તો નથી. આ ગામને પાકા રસ્તેથી જોડવા રાજ્ય સરકારે આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) અને (૨) દેપલા રાણીગામ મેટલ સપાટીના રસ્તાથી આ ગામ જોડાયેલ છે. |
| (૨) જો હા તો તે કામગીરી ક્યા તબક્કે છે અને તે કેટલા સમયમાં પૂર્ણ થશે ? | |

-------------

**યાત્રાધામ અંબાજીનો વિકાસ કરવા બાબત**

૧૫૮૧૭ **શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અંબાજી યાત્રાધામના વિકાસ માટે, અંબાજીની આસપાસ આવેલ પંદર જેટલાં ધાર્મિક સ્થળોની સરકીટ ઉભી કરીને યાત્રાધામનો વિકાસ કરવા સરકાર વિચારી રહેલ છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો ના, તો તેનાં શું કારણો છે, અને | (૨) અત્યારે પવિત્ર યાત્રાધામ અંબાજીના સંપૂર્ણ અને સર્વાંગી વિકાસની કામગીરી ચાલુ છે, તેથી આસપાસના ધાર્મિક સ્થળો માટે હાલના તબક્કે વિચારણા નથી. |
| (૩) જો હા, તો તે માટે કેટલી નાણાંકીય જોગવાઈ કરવામાં આવી છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## નર્મદા યોજનાનું પાણી સરસ્વતી નદીમાં નાખવા બાબત

૧૫૦૫૬ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જાન્યુઆરી-૨૦૦૬ની સ્થિતિએ સરસ્વતી નદીમાં નર્મદા નદીનું પાણી નાંખવાની યોજના ચાલુ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) આ યોજના હેઠળ સરકારને રોજનો કેટલો ખર્ચ કરવો પડે છે, જાન્યુઆરી ૨૦૦૬ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) ખોરસમ-સરસ્વતી પાઇપ લાઇન મારફતે પાણી સરસ્વતી નદીમાં નાંખવાની યોજના અન્વયે જે દિવસોમાં પાણી ૨૨ કલાક પમ્પીંગ કરવામાં આવે ત્યારે પ્રતિદિન (અ) પાટણ માટે રૂા. ૨૭,૩૯૪/- તથા (બ) સિધ્ધપુર માટે રૂા. ૧,૩૭,૬૫૭/- નો ખર્ચ થાય છે. |

## જામનગર જિલ્લામાં વરસાદથી ચેકડેમ અને તળાવોને થયેલ નુકસાન

૧૫૦૫૧ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૦૫-૨૦૦૬ દરમ્યાન તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ભારે વરસાદથી નુકસાન પામેલ ચેકડેમો અને તળાવોની તાલુકાવાર સંખ્યા કેટલી છે અને કેટલી રકમની નુકસાની થયેલ છે, | (૧) પત્રક સામેલ છે. |
| (૨) જેને રીપેરીંગ માટેના કુદરતી આફત હેઠળનાં મુખ્ય સદર ૨૨૪૫ અંતર્ગત કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૨) કુલ રૂા. ૧૭.૬૦ લાખ |
| (૩) આ નુકસાન પામેલા ચેકડેમો અને તળાવો કેટલા સમયમાં રીપેરીંગ કરવામાં આવશે ? | (૩) નાણાંકીય ઉપલબ્ધી મુજબ કામ હાથ ધરવા આયોજન છે. |

પત્રક

| ક્રમ | તાલુકો | નુકસાન પામેલ ચેક ડેમ | | નુકસાન પામેલ તળાવ | |
|---|---|---|---|---|---|
| | | સંખ્યા | અંદાજીત રકમ રૂા. લાખમાં | સંખ્યા | અંદાજીત રકમ રૂા. લાખમાં |
| (૧) | કાલાવાડ | ૫૯ | ૩૨.૪૩ | ૪૦ | ૫૦.૦૦ |
| (૨) | જામનગર | ૮ | ૮.૧૦ | ૫ | ૭.૫૦ |
| (૩) | ધ્રોલ | ૬ | ૧૪.૦૦ | ૪ | ૫.૦૦ |
| (૪) | જોડીયા | ૫ | ૯.૦૦ | ૮ | ૧૧.૫૦ |
| (૫) | લાલપુર | ૯ | ૭.૦૦ | ૧૦ | ૧૨.૫૦ |
| (૬) | જામ જોધપુર | ૮ | ૮.૦૦ | ૧૦ | ૧૨.૫૦ |
| (૭) | ભાણવડ | ૩ | ૯.૦૦ | ૧૬ | ૨૦.૦૦ |
| (૮) | ખંભાળીયા | - | - | ૭ | ૯.૦૦ |
| (૯) | દ્વારકા | - | - | - | - |
| (૧૦) | ક્લ્યાણપુર | - | - | - | - |
| | **કુલ :** | **૯૮** | **૮૭.૫૩** | **૧૦૦** | **૧૨૮.૦૦** |

-------------

### વાપી રેલ્વે ઓવરબ્રીજ એલ.સી. ૮૦ ફાટક પાસે ફૂટ બ્રીજ બનાવવાની દરખાસ્ત

૧૪૬૨૪ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વાપી રેલ્વે ઓવરબ્રીજ એલ.સી. ૮૦ ફાટક પાસે ફૂટબ્રીજ બનાવવાની કોઈ દરખાસ્ત સરકાર પાસે આવી છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ બાબતે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) હાલ આયોજન નથી. |

-------------

### સુરત શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો

૧૫૦૫૫ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેર અને શહેરના સુડા વિસ્તારની કેટલી ટી.પી. સ્કીમો તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાવવામાં આવી, અને | (૧) સુરત શહેર વિસ્તારની ૧૨ અને સુડા વિસ્તારની ૭ મળીને કુલ ૧૯ ટી.પી. સ્કીમો બનાવવામાં આવી છે. |
| (૨) આ પૈકીની કેટલી સ્કીમો મંજુર કરવામાં આવી અને કેટલી સ્કીમોમાં મંજુરી બાકી છે ? | (૨) આ પૈકીની ૨ ટી.પી. સ્કીમો મંજુર કરવામાં આવી છે. ૧૭ ટી.પી. સ્કીમો મંજુરીની પ્રક્રિયામાં છે. |

-------------

### પાલનપુર શહેરનો શુધ્ધીકરણ પ્લાન્ટ શરુ કરવા બાબત

૧૪૬૧ **શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેરને ધરોઈ જળાશય આધારિત પાણી પુરવઠો પુરો પાડવાની યોજનામાં ક્લોરીનેશન અને શુધ્ધીકરણ પ્લાન્ટ માટેનું આયોજન હતું કે કેમ, | (૧) હા, જી. |
| (૨) ઉપરોક્ત પ્લાન્ટ માટે સદરહુ યોજનામાં શું નાણાંકીય જોગવાઈ કરવામાં આવેલ હતી, જોગવાઈ ન કરવામાં આવેલ હોય તો તે માટેના કારણો શા હતા, અને | (૨) ફીલ્ટ્રેશન પ્લાન્ટ માટે રૂા. ૩૩૦.૫૦ લાખ અને ક્લોરીનેશન માટે રૂા. ૫.૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. |
| (૩) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્લોરીનેશન અને શુધ્ધીકરણ પ્લાન્ટ બંધ હોવાને કારણે શહેરમાં ડોહળું પાણી આવતું હોવાની કેટલી ફરીયાદો સરકારના ધ્યાન ઉપર આવેલ છે, તે અંગે સરકારે કરેલ કાર્યોની વિગતો શી છે ? | (૩) શહેરમાં ડહોળું પાણી આવતું હોવાની આઠ ફરિયાદો ધ્યાન ઉપર આવેલ હતી. તે અંગે ફીલ્ટર પ્લાન્ટ તથા પાઇપ લાઇન રીપેરીંગ તથા ફ્લશીંગની કાર્યવાહી હાથ ધરી છે. |

-------------

### લીંબડી તાલુકામાં અતિવૃષ્ટિના કારણે તૂટી ગયેલ તળાવો, નાળા તથા આડ બંધ

૧૪૦૨૩ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ (લીંબડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) લીંબડી તાલુકામાં જુન, જુલાઈ-૦૫માં થયેલ અતિવૃષ્ટિના કારણે તૂટી ગયેલા તળાવો અને આડબંધ તારીખ ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ રીપેર થયા ના હોય તેવા કેટલા છે, | (૧) ત્રણ. |

| | |
|---|---|
| (૨) આ રીપેરીંગ કામો ન થવાના શાં કારણો છે, અને | (૨) સાઇટ એપ્રોચેબલ ન હતી. |
| (૩) આ રીપેરીંગ કામ ક્યારે પૂરું થનાર છે ? | (૩) આગામી ચોમાસા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**અમદાવાદ શહેરના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે ગૃહ નિર્માણ યોજના**

૧૫૮૧૩ **શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (અસારવા) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબો માટે શહેરી ગૃહનિર્માણ નીચે કેવા પ્રકારના કેટલા આવાસો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બાંધવાનું લક્ષ્યાંક હતું, | (૧) ૧૦૦૦ મકાનો ઇ.ડબલ્યુ.એસ. પ્રકારના. |
| (૨) સરકારશ્રીએ કેટલું લક્ષ્યાંક સિધ્ધ કર્યુ છે, અને | (૨) ૨૨૦૬. |
| (૩) ફાળવેલ બજેટ સામે કેટલો ખર્ચ કર્યો છે ? | (૩) રૂા. ૧૦૯૦.૪૦ લાખ. |

-------------

**તલાલા તાલુકામાં સ્ટેટ હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ**

૧૪૪૫૦ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તલાલા તાલુકામાં સ્ટેટ હસ્તકનાં<br>૧. તાલાળા-માધુપુર રોડ<br>૨. કદવાર-સુત્રાપાડા-ધામળેજ રોડ<br>૩. ગોરખમઢી-રામપરા-ભેટાળી રોડ<br>૪. સેમરવાવ એપ્રોચ રોડ<br>૫. તંબુડીવાવ-થરેલી-પાદરુકા રોડ<br>૬. પ્રાંચી-મહોબતપરા રોડ<br>૭. ટોબરા-એપ્રોચ રોડ<br>૮. સુરવા-મોરુકા રોડ<br>મંજુર થઈ જોબ નંબર આપેલ છે. પરંતુ હજુ સુધી સદરહુ રસ્તાઓનું કામ શરુ થયેલ નથી તે હકીક્ત સાચી છે, | (૧) કુલ ૮ (આઠ) રસ્તાના કામો પેકી ૫ (પાંચ) રસ્તાના કામો મંજૂર થયેલ છે. પરંતુ શરૂ થયેલ નથી. |
| (૨) જો હા, તો આ રસ્તાઓનાં કામો ક્યારે શરુ કરવામાં આવશે, અને | (૨) ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ. |
| (૩) કેટલા સમયમાં પૂરા કરવામાં આવશે ? | (૩) આ પાંચ કામોના વર્ક ઓર્ડર આપ્યેથી ૬ થી ૯ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ચોટીલા અને સાયલા તાલુકામાં હેન્ડપંપ**

૧૪૩૯૪ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા અને સાયલા તાલુકામાં કેટલા હેન્ડપંપો છે, | (૧) નીચેની વિગતે<br>ચોટીલા તાલુકામાં - ૭૨૩ હેન્ડપંપ<br>સાયલા તાલુકામાં - ૬૬૩ હેન્ડપંપ |

(૨) તે પૈકી કેટલા ચાલુ છે અને કેટલા બંધ છે,

(૨) નીચેની વિગતે

| તાલુકો | ચાલુ હેન્ડપંપ | રીપેર કરવાના બાકી હેન્ડ પંપ | કાયમી બંધ હેન્ડપંપ |
|---|---|---|---|
| ચોટીલા | ૫૪૮ | ૬ | ૧૬૯ |
| સાયલા | ૪૫૦ | ૪ | ૨૦૯ |

(૩) સમયસર હેન્ડપંપો રીપેર થાય તે માટે તાલુકાવાર ગેંગ મૂકવાનું વિચારેલ છે, અને

(૩) હા, જી તાલુકાવાર ગેંગ મુકવામાં આવેલ છે.

(૪) તા. ૧-૧-૦૫ થી ૩૧-૧-૦૬ સુધીમાં હેન્ડપંપ રીપેરીંગનો કેટલો ખર્ચ થયેલ છે ?

(૪) ચોટીલા તાલુકામાં - રૂા. ૫.૬૮ લાખ
સાયલા તાલુકામાં - રૂા. ૪.૭૫ લાખ
કુલ.... રૂા. ૧૦.૪૩ લાખ

-------------

**પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ભરૂચ જિલ્લાના રસ્તાઓ મંજૂર થવા બાબત**

૧૫૮૦૫ **શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રધાનમંત્રીશ્રી ગ્રામ્ય સડક યોજના હેઠળ ભરૂચ જિલ્લામાં ક્યા ક્યા રસ્તાઓ ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મંજુર કરવામાં આવ્યા,

(૨) આ મંજુર રસ્તાઓ પૈકી કેટલા રસ્તા પૂર્ણ થયા, અને

(૩) બાકીના રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાત કામો મંજૂર કરવામાં આવેલ છે.

(૨) શુન્ય

(૩) ૩ કામ માર્ચ-૨૦૦૬ સુધીમાં અને ૪ કામ વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**ધારી તાલુકાના ચલાલાના મહી આધારીત પીવાના પાણીની હલકી ગુણવત્તાવાળી પાઈપો**

૧૪૨૧૮ **શ્રી બાલુભાઈ તંતી (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધારી તાલુકાના ચલાલા આસપાસના ખારાપાટના ગામોમાં મહી યોજના આધારીત પાઈપલાઈન નંખાયેલ છે, જે હલકી ગુણવત્તાવાળા પી.વી.સી. પાઈપ નાખેલ છે, તે સાચી વાત છે,

(૨) જો હા, તો આ અંગે શાં પગલા ભર્યા, અને

(૩) આ પાઈપલાઈન બદલીને કેટલા સમયમાં સરકાર પાણી પુરવઠો આપવા માગે છે ?

**જવાબ**

(૧) હા, જી. અગાઉ જ્યાં નબળી ગુણવત્તાવાળી પાઈપો જણાય આવી હતી તે બદલીને નવી સારી ગુણવત્તાવાળી પાઈપો નાખવામાં આવી છે.

(૨) નબળી પાઈપો બદલી નવી પાઈપ લાઈન નાખેલ છે અને ૨૯ ગામોએ પાણી પુરવઠો શરૂ કરેલ છે. પાઈપ ઉત્પાદક કંપનીઓને કાળીયાદીમાં મુકેલ છે. સબંધિત અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લીધા છે.

(૩) ક્રમશઃ જૂન ૨૦૦૬ સુધીમાં.

------------

**ભૂજ અને નખત્રાણા તાલુકામાં સિંચાઈ યોજનાની કેનાલોનું રીપેરીંગ કામ**

૧૫૭૬૫ **શ્રી શીવજીભાઈ ક. આહીર (ભૂજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં ભૂજ અને નખત્રાણા તાલુકામાં ડીસે.-૨૦૦૫ની સ્થિતિએ કઈ કઈ સિંચાઈ યોજનાની કેનાલોનું રીપેરીંગ કામ બાકી છે, અને

(૨) તે બાકી રહેવાના શા કારણો છે તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) ભૂજ તાલુકામાં ૪
(અંધૌ, ચુનડી, કોટાય, મમુઆરા)

(૨) નખત્રાણા તાલુકામાં ૧
(જાડાય)

કામો પ્રગતિ હેઠળ છે અને માર્ચ-૨૦૦૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**કલોલ તાલુકામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવા બાબત**

૧૫૧૮૬ ડૉ. **અતુલ કે. પટેલ (કલોલ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કલોલ તાલુકામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી કેટલા સમયમાં આપવામાં આવશે ?

**જવાબ**

નર્મદા મુખ્ય નહેરમાંથી ઉદ્વહન થકી પિયજ ધરોઈ પાઈપ લાઈન મારફતે કલોલ તાલુકાના નારદીપુર, સરઢવકાંસ, ઈસ્ટર્ન કાંસ, સર્ધન કાંસમાં પાણી વહેવડાવાનું આયોજન છે જે પૈકી પ્રતાપપુરા તળાવ ભરી સિંચાઈ માટે પાણી આપવાની મંજૂરી આપવામાં આવેલ છે તથા ડીસેમ્બર-૨૦૦૬ સુધીમાં કલોલ તાલુકાના બીજા ૨૧ તળાવો ભરવાનું આયોજન કરેલ છે.

-------------

**સુરત જિલ્લા પંચાયતના રસ્તાને સ્ટેટ હાઈવેમાં ફેરવવા બાબત**

૧૫૦૬૬ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરત જિલ્લા પંચાયત હેઠળના કેટલા રસ્તાઓને સ્ટેટ હાઈવેમાં ફેરવવાની દરખાસ્ત આવી છે,

(૨) તે પૈકીના ક્યા ક્યા રસ્તાને સ્ટેટ હાઈવેમાં ફેરવવા માંગે છે, અને

(૩) ક્યાં સુધીમાં આ રસ્તાઓ સ્ટેટ હાઈવેમાં ફેરવાઈ જશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ જિલ્લા પંચાયત સુરત હેઠળના કોઈપણ રસ્તાને સ્ટેટ હાઈવેમાં ફેરવવાની દરખાસ્ત નથી પરંતુ તબદીલીની દરખાસ્ત છે.

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**સાપુતારા ગીરી મથકને પ્રવાસન વર્ષમાં ફાળવેલ રકમ**

૧૩૯૨૮ **શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાપુતારા ગીરી મથકને રાજ્ય સરકારે પ્રવાસન વર્ષમાં કેટલી રકમ વિકાસ કામો માટે તા. ૩૧-૧-૦૬ સુધીમાં ફાળવી, અને

(૨) આ વિકાસ કામોથી સ્થાનિક લોકોને ફાયદાઓ મળશે કે કેમ ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ સુધીમાં રૂા. ૧૦૦.૦૦ લાખની રકમ ફાળવેલ છે.

(૨) સ્થાનિક લોકો માટે રોજગારીની તકો ઉભી થશે.

**પતંગ મહોત્સવમાં થયેલ ખર્ચ**

૧૪૬૨૭ **શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં પતંગ મહોત્સવમાં કુલ કેટલો ખર્ચ થયો ? | રાજ્યમાં ૨૦૦૫-૦૬ના નાણાંકીય વર્ષમાં પતંગ મહોત્સવ તથા વિશ્વ ગુજરાતી પરીવાર મહોત્સવમાં તા. ૬-૨-૦૬ સુધીમાં રૂા. ૧૧૧.૦૫ લાખ ખર્ચ થયેલ છે. અને રૂા. ૮૪.૫૪ લાખનો ચૂક્વવાનો બાકી ખર્ચ ઉમેરતાં પતંગ મહોત્સવનો કુલ ખર્ચ રૂા. ૧૯૫.૫૯ લાખનો થશે. |

-------------

**પ્રવાસન વર્ષમાં રાજ્યના પ્રવાસન સ્થળોનો વિકાસ**

૧૩૯૭૮ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રવાસન વર્ષ ૨૦૦૬માં રાજ્યના ક્યા ક્યા પ્રવાસન સ્થળોના વિકાસ માટેનું આયોજન કરવામાં આવેલ છે, | (૧) પ્રવાસન વર્ષ-૨૦૦૬ વર્ષમાં રાજ્યના પ્રવાસન સ્થળોના વિકાસ માટે પ્રવાસન વર્ષ-૨૦૦૬ કાર્યયોજનામાં તથા પચ્ચીસ જિલ્લા કલેકટરોની દરખાસ્તોમાં જુદા જુદા પ્રવાસન સ્થળો છે. |
| (૨) આ પ્રવાસન સ્થળોના વિકાસ માટે માળખાકીય સુવિધાઓ તૈયાર કરવા કેટલો ખર્ચ અંદાજેલ છે, અને | (૨) રૂા. ૬૦.૦૦ કરોડ. |
| (૩) આ કાર્યવાહી હાલ ક્યા તબક્કે છે ? | (૩) વાર્ષિક યોજના ૨૦૦૬-૦૭ મંજૂર થયા બાદ યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે. |

-------------

**ગઢડા સ્વામિનારાયણ મંદિરનો પવિત્ર યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવા બાબત**

૧૩૯૬૧ **શ્રી પ્રવિણભાઈ ટી. મારૂ (ગઢડા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં આવેલ ગઢડા સ્વામિનારાયણ મંદિરનો સમાવેશ પવિત્ર યાત્રાધામમાં કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા , તો આ મંદિરના વિકાસ માટે સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**ખેડા અને આણંદ જિલ્લાના પાકા રસ્તાની સુવિધાથી વંચિત ગામો**

૧૩૯૧૯ **શ્રી નટવરસિંહ ફૂ. ઠાકોર (મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા અને આણંદ જિલ્લાના ક્યા ક્યા તાલુકાના કેટલા ગામો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ પાકા રસ્તાની સુવિધાથી વંચિત છે, અને | (૧) ખેડા અને આણંદ જિલ્લાના બધા જ તાલુકાના મહેસૂલી ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે. |
| (૨) આ પાકા રસ્તાથી વંચિત ગામોને કેટલા સમયમાં રસ્તાઓની સુવિધાઓ પુરી પાડવાનું આયોજન છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**માંડલ તાલુકામાં સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત પાણી આપવા બાબત**

૧૪૭૬૬ **શ્રી પ્રાગજીભાઈ ૭૭ના. પટેલ (માંડલ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

માંડલ તાલુકામાં સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત પીવાનું પાણી કેટલા સમય સુધીમાં આપી શકાશે?

**જવાબ**

માંડલ તાલુકાના તમામ ગામોને ઓકટોબર - ૨૦૦૬ સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે.

------------

**ભિલોડા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે મેશ્વો અને હાથમતી ડેમમાંથી પાણી આપવા બાબત**

૧૫૮૧૫ ડૉ. **અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ભિલોડા તાલુકાના ખેડૂતોને નર્મદાનું કે કડાણા ડેમનું પાણી સુજલામ્ સુફ્લામ્ યોજના ધ્વારા સિંચાઈ માટે નથી મળવાનું ત્યારે હયાત મેશ્વો અને હાથમતી-ઈન્દ્રાસી ડેમમાંથી પાણી લીફ્ટ કરી તળાવો ભરવાનું કોઈ આયોજન સરકારે કરેલ છે, અને

(૨) સરકાર ખેડૂતોને સિંચાઈનો લાભ આપવા ક્યા ક્યા તળાવો ભરવા માંગે છે ?

**જવાબ**

(૧) હાલમાં આયોજન વિચારાયેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કેન્દ્ર સરકાર સમક્ષ સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં જાહેર કરવા કરેલ રજૂઆત**

૧૩૮૫૬ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ૧૭ જેટલા સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવે જાહેર કરવા પ્રથમ વખત ક્યારે રજૂઆત કરી, કેન્દ્ર તરફથી તેનો શો પ્રતિભાવ મલ્યો ?

**જવાબ**

રાજ્ય સરકારે કેન્દ્ર સમક્ષ ૧૮ સ્ટેટ હાઈવે અને ૨ કોસ્ટલ હાઈવેની પ્રથમ રજુઆત નીચે મુજબ કરી. (પત્રક-અ મુજબ)

| | |
|---|---|
| તા. ૧૫-૦૪-૮૧ | બે કોસ્ટલ હાઈવે |
| તા. ૦૫-૧૨-૮૪ | એક સ્ટેટ હાઈવે |
| તા. ૨૦-૦૬-૮૯ | એક સ્ટેટ હાઈવે |
| તા. ૦૩-૦૭-૯૦ | એક સ્ટેટ હાઈવે |
| તા. ૨૪-૦૮-૯૪ | બે સ્ટેટ હાઈવે |
| તા. ૨૧-૧૦-૯૯ | બે સ્ટેટ હાઈવે |
| તા. ૨૭-૦૮-૦૪ | અગિયાર સ્ટેટ હાઈવે |

કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૧૦-૦૫ માં છેલ્લે પ્રતિભાવ મળેલ છે કે, ""જ્યારે ભારત સરકાર હયાત રાષ્ટ્રીય ધોરીમાર્ગના નેટવર્કને વધારવાની પરિસ્થતિમાં હશે ત્યારે ગુજરાતની માંગણીઓ, અન્ય રાજ્યોની માંગણીઓની સાથે જરૂરીયાત તેમજ ભલામણ અનુસાર નાણાંની ઉપલબ્ધીને ધ્યાને લઈ તેમજ અન્ય અગ્રિમતાઓને ધ્યાને લઈ યોગ્ય વિચારણામાં લેવામાં આવશે.

**પત્રક-અ**

**કોસ્ટલ હાઈવે અને સ્ટેટ હાઈવેને રાષ્ટ્રીય ધોરીમાર્ગમાં અપગ્રેડ કરવા માટે પ્રથમ વાર રજુઆત કરવામાં આવી તેની વિગતો.**

| અ.નં. | રસ્તાનું નામ | લંબાઈ કિ.મી. | પ્રથમ વખત રજૂઆત કર્યાની તારીખ |
|---|---|---|---|
| (અ) | કોસ્ટલ હાઈવે રસ્તાઓ | | |
| ૧ | ભાવનગર-વટામણ-પાદરાથી કરજણ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ | ૨૦૦ | ૧૫-૪-૮૧ |
| ૨ | માળીયા-જામનગર-ઓખા-ધ્વારકા | ૩૧૦ | ૧૫-૪-૮૧ |
| (બ) | સ્ટેટ હાઈવે રસ્તાઓ | | |
| ૧ | રાજ્ય ધોરીમાર્ગ નં.૭ અને ૧૭ સરખેજ-સાણંદ-વિરમગામ-માલવણ ધ્રાંગધ્રા-હળવદ-માળીયાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ સાથે અમદાવાદ અને રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮-"અ" ને માળીયા નજીક જોડવા. | ૧૮૬ | ૫-૧૨-૮૪ |
| ૨ | હિંમતનગર-મહેસાણા-ચાણસ્મા-રાધનપુર-રાજ્ય ધોરીમાર્ગ. | ૧૬૫ | ૨૪-૮-૯૪ |
| ૩ | વડોદરા-પોર-શીનોર-નેત્રંગ-વ્યારા-સાપુતારા-નાશીક રસ્તાને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ નં. ૬ સાથે જોડાણ. | ૨૪૫ | ૩-૭-૯૦ |
| ૪ | અમદાવાદ-ધોળકા-વટામણ | ૮૦ | ૨૧-૧૦-૯૯ |
| ૫ | નડીયાદ-કપડવંજ-મોડાસા | ૧૩૫ | ૨૧-૧૦-૯૯ |
| ૬ | શામળાજી-મોડાસા-ગોધરા-હાલોલ-રાજપીપળા-વાપી-રાજ્ય ધોરીમાર્ગ નંબર - ૫. | ૫૦૫ | ૨૪-૮-૯૪ |
| ૭ | વડોદરા-ડભોઈ-છોટાઉદેપુર થી મધ્યપ્રદેશ બોર્ડર સુધીનો રસ્તો. (અલી રાજપુર તરફ) | ૧૨૫ | ૨૭-૮-૦૪ |
| ૮ | ભરૂચ-અંક્લેશ્વર-વાલીયા-નેત્રંગ-ડેડીયાપાડા-સાગબારાથી મહારાષ્ટ્ર બોર્ડર સુધી. | ૯૦ | ૨૭-૮-૦૪ |
| ૯ | હિંમતનગર-ઈડર-ખેડબ્રહ્મા-અંબાજી થી આબુ રોડ બોર્ડર. | ૧૩૦ | ૨૭-૮-૦૪ |
| ૧૦ | જાફરાબાદ-રાજુલા-સાવરકુંડલા-અમરેલી-બાબરા-જસદણ-વીંછીંયા-સાયલા-સુરેન્દ્રનગર-પાટડી-સમી-રાધનપુર. | ૪૪૦ | ૨૭-૮-૦૪ |
| ૧૧ | ગણદેવી-માણેકપુર-વાંસદા-વઘઈ-આહવા-ચીંચલી થી મહારાષ્ટ્ર બોર્ડર. | ૧૨૦ | ૨૭-૮-૦૪ |
| ૧૨ | વલસાડ-પારડી-કપરાડા-મહારાષ્ટ્ર બોર્ડર. (નાસિક તરફ) | ૬૦ | ૨૭-૮-૦૪ |
| ૧૩ | ગાંધીનગર-દહેગામ-બાયડ-લુણાવાડા-સંતરામપુર-ઝાલોદથી રાજસ્થાન બોર્ડર. | ૨૦૦ | ૨૭-૮-૦૪ |
| ૧૪ | ગાંધીનગર-ગોઝારીયા-વિસનગર-વડનગર-ખેરાલુ-દાંતા-અંબાજી-આબુ રોડ. | ૧૭૦ | ૧૮-૯-૦૩ |
| ૧૫ | ભચાઉ-ભૂજ-પાન્ધ્રો રોડ. | ૨૨૦ | ૧૮-૯-૦૩ |
| ૧૬ | બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ઢસા-અમરેલી-સાવરકુંડલા-રાજુલા-જાફરાબાદ રસ્તો. | ૨૬૫ | ૨૭-૮-૦૪ |
| ૧૭ | બગોદરા-ધંધુકા-ભાવનગર. | ૧૩૦ | ૨૭-૮-૦૪ |
| ૧૮ | ભુજ-ખાવડા-ઈન્ડિયા બ્રીજ-ધરમશાલા-ઈન્ડિયા બોર્ડર તરફ જતો રસ્તો. | ૧૦૦ | ૨૦-૬-૮૯ |

-------------

**દહેગામ તાલુકામાં નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવા બાબત**

૧૫૭૯૩ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દહેગામ તાલુકામાં પીવાના પાણીની નર્મદા આધારીત યોજનાનો કુલ ખર્ચ કેટલો છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ રૂા. ૨૦૨૮.૦૬ લાખનો ખર્ચ થયેલ છે.

| | |
|---|---|
| (૨) આ યોજના કેટલા સમયમાં પૂરી થવાની હતી? | (૨) તા. ૦૩-૦૮-૦૫ સુધીમાં પૂર્ણ થવાની હતી. |

-------------

**ગૌરવપથ યોજના નીચે બનાવેલ રસ્તાઓ બાબત**

૧૪૨૬૭ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી-૦૬ની સ્થિતિએ ગૌરવપથ યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં જીલ્લાવાર કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, | (૧) ગૌરવપથ યોજના હેઠળ જે તે નગરપાલિકા અને મહાનગરપાલિકાએ રસ્તાઓ નક્કી કરવાના હોય છે, અને |
| (૨) આ યોજનામાં કેટલો ખર્ચ થયો છે, અને? | (૨) અને (૩) |
| (૩) આ યોજના હેઠળ જિલ્લાવાર કેટલા રસ્તાઓના કામો થયા? | ગૌરવપથ હેઠળ અલગ ફંડ ફાળવવામાં આવતું નથી, પરંતુ શહેરી વિકાસ વર્ષ યોજનામાં ફાળવાયેલ ફંડમાથી નગરપાલિકા/મહાનગરપાલિકા ગૌરવપથના રસ્તાના કામો માટે ઉપયોગ કરે છે. |

-------------

**અમદાવાદ શહેરમાં ભૂકંપ પછી શહેરી ગરીબોને મકાન રીપેર માટેની સહાય**

૧૪૨૪૦ **શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ શહેરમાં ૨૦૦૦ના વર્ષમાં ભૂકંપ પછીથી રાજ્ય સરકાર ધ્વારા શહેરી ગરીબો માટેના મકાનો રીપેર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને નાણાંકીય વર્ષ ૨૦૦૧-૦૨ અને ૨૦૦૨-૦૩માં કેટલી સહાય આપવામાં આવી, | (૧) વર્ષ ૨૦૦૧-૨૦૦૨માં રૂા.૯,૨૭,૧૦,૬૧૦/- (અંકે રૂપિયા નવ કરોડ સત્તાવીસ લાખ દસ હજાર છ સો દસ) અને વર્ષ ૨૦૦૨-૨૦૦૩માં ""શૂન્ય"". |
| (૨) આ સહાય ધ્વારા અમદાવાદ શહેરની કઈ કઈ વસાહતોનું રીપેરીંગ કરવામાં આવ્યું, અને ?<br><br>એચબી-૯૬૩-૧૦ | (૨) ગોમતીપુર, વિજયમીલ, બહેરામપુરા, કાંકરિયા, પીરાણા, સરદાર બ્રીજ, દુધેશ્વર, રખિયાલ, સુખરામનગર, પોટલિયા, જમાલપુર અને વીરાભગત આરોગ્ય ખાતાના સ્ટાફની વસાહતોનું તેમજ રાજપુર, સોનારીયા, એમએલએ ક્વાર્ટસ, વીરમાયાનગર, ઉત્તમનગર, ગંજ શહિદ, શાસ્ત્રીનગર, એ-કોલોની, ડૉ. આંબેડકર કોલોની, અમરાઈવાડી, પતરાવાલા, સી-કોલોની, તુલસીદાસ (સરસપુર), વસંત-રજબ, પરિક્ષિતલાલ નગર, ખોખરા, કાંકરિયા, મીરા ટોંકીઝ પાસે, સબ અર્બન ડ્રેનેજ પંપીંગ સ્ટેશન ક્વાર્ટર્સ, મહેંદી કુવા, વાસીવાડા અને નરોડા ડી-કોલોની ખાતેની સ્લમ વસાહતોનું રીપેરીંગ કરવામાં આવ્યું. |
| (૩) આ ખર્ચમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સહાય કેટલી હતી ? | (૩) શૂન્ય |

-------------

**કપરાડા તાલુકામાં મોટા પોંઢા ગામે આવેલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત**

૧૪૦૮૮ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં મોટાપોંઢા ગામે ૩૭ એકરના તળાવને પ્રવાસન સ્થળ તરીકે સરકાર વિકસાવવા માંગે છે, તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ક્યારે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

-------------

**કચ્છ જિલ્લાના ધોળાવીરા માટે કેન્દ્ર સરકારે આપેલ રકમ**

૧૪૬૩૪ **શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં ધોળાવીરા માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમનું ખર્ચ થઈ શક્યું નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેન્દ્ર સરકાર ધ્વારા જુદા જુદા પેકેજ અન્વયે કેટલી રકમ મળી અને તે રકમ પેકી કેટલી રકમનું ખર્ચ થઈ શક્યું નથી, | (૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી જુદા જુદા ત્રણ પેકેજ અન્વયે કુલ : રૂા. ૯૧.૧૦ લાખની ગ્રાન્ટ મળેલ છે, અને આ રકમનો નીચેની વિગતે પૂરેપૂરો ખર્ચ થઈ ગયેલ છે.<br>(૧) પ્રવાસી સુવિધા ૧૫.૫૦ લાખ<br>(૨) ધોળાવીરાનો વિકાસ ૧૮.૦૦ લાખ<br>(૩) પ્રવાસી સંકુલ ૫૭.૬૦ લાખ<br>**કુલ રૂા. ૯૧.૧૦ લાખ** |
| (૩) જો ના, તો ચિમોડ-ધોળાવીરા રોડ માટે કેન્દ્ર સરકાર પાસેથી કેટલા રૂપિયા મળ્યા અને ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલું ખર્ચ થયુ, અને | (૩) આ માટે કેન્દ્ર સરકાર તરફથી સહાય મળેલ નથી, જેથી તે સંદર્ભે ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ડોરમેટરી-મોટેલ માટે કેન્દ્ર સરકારે કેટલા પેસા તા ૩૧-૧૨-૦૫ સુધીમાં આપ્યા તેમાંથી કેટલું ખર્ચ થયું ? | (૪) ડોરમેટરી-મોટેલ નહિ પરંતુ પ્રવાસીઓને રહેવા પ્રવાસી સુવિધા તરીકે ૧૧ ભૂંગા (કચ્છના ભાતિગળ આવાસ) ઉભા કરવામાં આવ્યા છે. જેનો ખર્ચ ઉપર પ્રશ્ન ખંડ (૨)ના જવાબમાં રૂા. ૫૭.૬૦ લાખના પ્રવાસી સંકુલના ખર્ચમાં આવી જાય છે. |

-------------

**પાદરા-વડોદરા માર્ગને ફોરલેન કરવા બાબત**

૧૫૦૪૯ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
| --- | --- |
| (૧) એસ.આર.પી. દ્વારા વડોદરા-પાદરા જંબુસર માર્ગનું નવીનીકરણ થઈ રહ્યું છે જેમા પાદરા-વડોદરા વચ્ચેનું અંતર ફક્ત સાત કિ.મી. છે. અને પાદરા શહેર વિકસતા શહેર તરીકે વડોદરા શહેરના ભાગ રૂપે છે ત્યારે સરકાર આ સાત કિ.મી.ના માર્ગને ફોરલેન કરવા માગે છે કે કેમ, | (૧), (૨) અને (૩) : હાલ આયોજન નથી. |

(૨) એસ.આર.પી. સિવાય અન્ય કોઈ યોજનામાંથી આ માર્ગને ચાર માર્ગીય કરવા માગો છો કે કેમ, અને

(૩) જો હા, તો કેટલા સમયમાં ?

-------------

**અતિ વરસાદને કારણે વઢવાણ તાલુકાના રસ્તા, નાળા પુલીયા તૂટી જવા બાબત**

૧૫૭૭૦ **શ્રી ધનરાજભાઈ કેલા( વઢવાણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુલાઈ ૨૦૦૫ના અતિ વરસાદને કારણે વઢવાણ તાલુકાના ક્યા ક્યા ગામોના એપ્રોચ રોડ, મુખ્ય રસ્તા, કોઝવે તથા નાળાં પુલીયા તૂટી જવા પામેલ છે,

(૨) તે પૈકી સરકારે કેટલા રોડ, કોઝવે તથા નાળાં પુલીયા રીપેર કર્યા અને કેટલા બાકી છે, અને

(૩) બાકી રહેતા કામો સરકાર ક્યારે પૂર્ણ કરવા માંગે છે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ૧ મુજબના ૧૮ ગામોના રસ્તામાં રસ્તા/સ્ટ્રક્ચરને નુકસાન થયેલ છે.

(૨) અને (૩) : તાત્કાલિક મરામતમાં આ રસ્તાઓ રીપેર કરી વાહન વ્યવહાર ચાલુ રાખેલ છે. કાયમી મરામતના ૬ પ્લાન રસ્તાના સ્ટ્રક્ચરના મંજૂર કામો વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

**પરિશિષ્ટ--૧**

**અતિ વરસાદના કારણે અસર પામેલ વઢવાણ તાલુકાના ગામો.**

| ક્રમ | ગામનું નામ | ક્રમ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧. | ખારવા | ૧૦. | ટુવા |
| ૨. | ગોમટા | ૧૧. | બાળા |
| ૩. | બલદાણા | ૧૨. | સાંકળી |
| ૪. | માળોદ | ૧૩. | ભડીયાદ |
| ૫. | ખોલડીયાદ | ૧૪. | નાના કેરાળા |
| ૬. | રામપરા | ૧૫. | ખોડુ |
| ૭. | ફુલગ્રામ | ૧૬. | સુરેન્દ્રનગર |
| ૮. | ખેરાળી | ૧૭. | વઢવાણ |
| ૯. | ગુંદીયાળા | ૧૮. | વાઘેલા |

-------------

**જાંબુઘોડા તાલુકામાં ખાખરીયાથી ભાણપુર ગામે નદી ઉપરના પુલનું કામ**

૧૫૭૯૭ **શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (હાલોલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાંબુઘોડા તાલુકાનાં ખાખરીયાથી ભાણપુરા ગામે જવા માટે નદી પર પુલનું કામ મંજૂર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો આ કામ ક્યારે મંજુર થયેલ છે, અને

(૩) તે ક્યાં સુધી પૂર્ણ કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) આ કામ મંજુર થયેલ નથી.

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**કડાણા બંધને આંતર રાજ્ય ધોરણે થયેલ પાણીની ફાળવણી**

૧૪૬૩૭ **શ્રીમતી રમીલાબેન રા. દેસાઈ (ખેરાલુ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કડાણા બંધને આંતર રાજ્ય ધોરણે પાણીની કેટલી ફાળવણી થયેલ છે, અને | (૧) કડાણા જળાશયમાં આવતા પાણીનો તમામ જથ્થો ગુજરાત રાજ્યનો ગણી શકાય. |
| (૨) આમાંથી વણાકબોરીમાં કેટલું પાણી છોડવામાં આવે છે, અને કડાણા સ્પ્રેડીંગ કેનાલ માટે કેટલું પાણી આપવાનું સરકારે નિર્ણય કરેલ છે ? | (૨) કડાણા જળાશયમાં પાણીની ઉપલબ્ધી અને સિંચાઈની જરૂરીયાત મુજબ વણાંકબોરી વીયર માટે પાણી છોડવામાં આવે છે. સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલમાં પૂરના વધારાના વહી જતા પાણીને તથા રાજ્યને ફાળે આવતા ઉપલબ્ધ જથ્થાની મર્યાદામાં પાણી આપવાનું વિચારાયેલ છે. |

-------------

**સુરત જિલ્લામાં કાકરાપાર જમણાકાંઠા અને ડાબા-કાંઠાની મુખ્ય નહેરો અને સબમાઈનોર નહેરોનું રીપેરીંગ કામ**

૧૫૭૯૦ **શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કાકરાપાર આધારિત જમણાકાંઠા અને ડાબાકાંઠાની મુખ્ય અને સબમાયનોરો ક્યારે બનાવવામાં આવેલ છે, | (૧) મુખ્ય અને સબ માયનોર બનાવવાનું કામ વર્ષ ૧૯૫૧-૫૨ માં શરૂ કરી, વર્ષ ૧૯૫૪-૫૫ માં પુરૂ કરવામાં આવ્યું હતું. |
| (૨) ઉક્ત મુખ્ય નહેરોમાં કેટલા ક્યુસેક પાણી વહન કરવાની શક્તિ છે અને | (૨) કાકરાપાર ડાબાકાંઠા મુખ્ય નહેરની વહન શક્તિ ૩૮૦૦ ક્યુસેક્સ અને કાકરાપાર જમણાકાંઠા મુખ્ય નહેરની વહન શક્તિ ૨૪૦૦ ક્યુસેક્સ છે. |
| (૩) મુખ્ય નહેરો અને સબમાયનોરને રીપેરીંગ કરવા સરકારનું કોઈ આયોજન છે કેમ ? | (૩) મુખ્ય નહેર અને સબમાયનોરને તબક્કાવાર રીપેરીંગ કરવાનું આયોજન છે. |

-------------

**અંજાર-ગાંધીધામ તથા મુન્દ્રા તાલુકાને જૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાનું પાણી આપવા બાબત**

૧૪૭૬૩ **શ્રી ગોપાલભાઈ ગા. ઘુઆ (મુંદ્રા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર ૨૦૦૫ની સ્થિતિએ અંજાર, ગાંધીધામ તથા મુન્દ્રા તાલુકામાં જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને પીવાનું પાણી પૂરૂ પાડવામાં આવે છે, અને | (૧) અને (૨) : અંજાર, ગાંધીધામ તથા મુન્દ્રા તાલુકાના કુલ ૧૩૧ ગામો પૈકી ૮૯ ગામોને ૨૪ જૂથ યોજના દ્વારા સાંકળી લેવામાં આવેલા છે. બાકી રહેતા ૪૨ ગામો વ્યક્તિગત પાણી પુરવઠા યોજના દ્વારા પાણી મેળવે છે જેને જુન-૨૦૦૬ સુધીમાં નર્મદા યોજના દ્વારા આવરી લેવાનું આયોજન છે. |
| (૨) બાકી રહેલા ગામોને કેટલા સમયમાં જૂથ પાણી પુરવઠા યોજનામાં આવરી લેવાશે ? | |

-------------

## જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત

૧૪૭૬૧ **શ્રી જેસાભાઈ ભા. બારડ સોમનાથ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે તા.૩૧-૧૨-૨૦૦૫ની સ્થિતિએ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ફાળવેલ ગ્રાન્ટમાં ક્યા કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

એચબી-૯૬૩-૧૧

**જવાબ**

(૧) રૂા. ૧૧૭૯.૦૮ લાખ.

(૨) પત્રક મુજબ.

**પત્રક**

**જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત**

| ક્ર.નં. | યોજનાનું નામ | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| (૧) | દેલવાડા ચેક ડેમ ક્મ કોઝવે તા. ઊના | ૧૬.૮૦ |
| (૨) | બાદલપરા ઉદ્વહન સિંચાઈ યોજના | ૬૦.૪૭ |
| (૩) | મોટા ગુજરીયા | ૪૫.૧૮ |
| (૪) | સાબલી | ૨.૦૩ |
| (૫) | ઓઝત પીકઅપ વીયર | ૩૮.૮૮ |
| (૬) | બાંટવા ખારો | ૧૨.૮૬ |
| (૭) | ભાખરવડ | ૭૫.૮૧ |
| (૮) | ઓઝત વીયર વંથલી | ૧૭૦.૦૦ |
| (૯) | ગળથ | ૧.૧૭ |
| (૧૦) | સોમનાથ ભરતી નિયંત્રણ | ૦.૦૦ |
| (૧૧) | નોલી મેઘલ સ્પ્રેડીંગ કેનાલ | ૧૬૪.૩૪ |
| (૧૨) | મેઘલ ભતી નિયંત્રક (અન-ગેટેડ) | ૬૦.૮૯ |
| (૧૩) | પીપીટીઆર ટુ સોડમ વિસ્તરણ નહેર | ૧૨.૮૨ |
| (૧૪) | એમડીટીઆર ટુ સોડમ વિસ્તરણ નહેર | ૫૭.૩૫ |
| (૧૫) | પીપીટીઆર રેડીયલ કેનાલ | ૪૦.૫૦ |
| (૧૬) | અરણેજ સી બ્લોક ટુ માઈન્સ પીટસ | ૪.૨૦ |
| (૧૭) | સરસ્વતી નદીથી વડોદરા ઝાલાને જોડતી લીગ કેનાલ (એલએક્યુ) | ૨.૩૫ |
| (૧૮) | ગોમા સ્લેબ ક્લવર્ટ | ૧.૯૧ |
| (૧૯) | ખડા બંધારા | ૦.૧૮ |
| (૨૦) | મછુન્દ્રી ટી. આર. | ૦.૧૫ |
| (૨૧) | વાસોલ ટી. આર. | ૪.૪૧ |
| (૨૨) | મોટી નદીઓ પરના ૪૦ (ચાલીસ) ચેકડેમો | ૩૪૧.૭૧ |

-------------

## અમરેલી જિલ્લાની ખોડીયાર સિંચાઈ યોજનાની કેનાલો પાકી બનાવવા બાબત

૧૫૦૭ **શ્રી પરેશભાઈ ધી. ધાનાણી/M# (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાની ખોડીયાર સિંચાઈ યોજનાની કેનાલોને પાકી બનાવવાની દરખાસ્ત રાજ્ય સરકારને મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેને સૈધ્ધાન્તિક અને વહીવટી મંજૂરી ક્યારે ક્યારે આપવામાં આવી, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) દરખાસ્તને મંજુરી આપવાની કાર્યવાહી ગતિમાં છે.

(૩) તે અંગે કેટલા નાણાંની ફાળવણી કરવામાં આવેલ છે ?

(૩) મંજુરી મળ્યા બાદ નાણાંની ફાળવણી બજેટની જોગવાઈ પ્રમાણે ફાળવવામાં આવશે.

-------------

**સ્વચ્છ પીવાના પાણીની સ્વજલધારા યોજના**

૧૪૩૨૦ **શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા જસદણ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રજાને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તે માટે સ્વજલધારાની યોજના ક્યારથી અમલી બનાવવામાં આવી,

(૨) તે પેકી રાજકોટ જિલ્લામાં તાલુકાવાર ક્યા ક્યા ગામે આ યોજનાના કામો મંજૂર કરી દેવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૨૫-૧૨-૨૦૦૨ થી

(૨) તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| **તાલુકો** | **ગામનું નામ** | | **તાલુકો** | **ગામનું નામ** |
|---|---|---|---|---|
| કોટડા સાંગાણી | નારણકા | | ધોરાજી | વાડોદર |
| કોટડા સાંગાણી | ભાડુઈ | | ધોરાજી | ભોળા |
| ગોંડલ | મોટા સખપર | | ટંકારા | ટોળ |
| ગોંડલ | કમઢીયા | | વાંકાનેર | વિઠલપર |
| ગોંડલ | ઘુડશીયા | | વાંકાનેર | જામસર |
| ગોંડલ | પારખીલોરી | | વાંકાનેર | પ્રતાપગઢ |
| ગોંડલ | ખાંડાધાર | | વાંકાનેર | પીપળીયારાજ |
| ગોંડલ | વોરા કોટડા | | ઉપલેટા | સેવંત્રા |
| ગોંડલ | મેતા ખંભાળીયા | | મોરબી | રંગપર |
| ગોંડલ | ગુંદાસર | | મોરબી | અદેપર |
| ગોંડલ | વાછરા | | જેતપુર | ઉમરાળી |
| જામકંડોરણા | દડવી | | જેતપુર | સરધારપુર |
| જામકંડોરણા | ચિત્રાવડ | | જસદણ | રેવાણીયા |
| જામકંડોરણા | ગુંદાસરી | | જસદણ | પીપરડી |
| જામકંડોરણા | ધોળીધાર | | **કુલ :- ૩૦ યોજના** | |
| જામકંડોરણા | થોરાળા | | | |

(૩) કેટલા ગામોના કામો મોજણી કરી મંજૂરી અર્થે પડતરમાં છે, તે ક્યારે મંજૂર થશે ?

(૩) કુલ સાત ગામોની યોજના મંજૂરી હેઠળ છે તેને ક્રમશઃ ૪૫ દિવસમાં મંજૂરી આપવાનું આયોજન છે.

-------------

**અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદને કારણે ડ્રેનેજ છલકાવાથી વિરોચનનગર, વાસણ ગામમાં પાણી ઘૂસી જવા અંગે**
૧૪૬૨૨ **શ્રી વજુભાઈ પ. ડોડિયા વિરમગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદના કારણે ચોર વડોદરા ડ્રેનેજ લાઈન છલકાઈ જવાથી વિરોચનગર, વાસણ, ઓગાણ જેવા ગામોમાં પાણી ઘુસી જવાથી ગામમાં મકાનો તેમજ ખેડૂતોના પાકને ખૂબ જ નુક્સાન થાય છે તો તેને નિવારવા સરકારનું શું આયોજન છે ? | ચોર-વડોદરા ડ્રેઈનના માટીના પાળાની મરામતનું કામ તેમજ ડ્રેઈન ઉંડી કરવાનું કામ ખાતાના યાંત્રિક વિભાગ દ્વારા આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**માર્ગ-મકાન વિભાગના કોન્ટ્રાકટરોના આર્થિક લવાદના પ્રશ્નો**
૧૫૮૦૩ **શ્રી ગોવાભાઈ હ. રબારી ડીસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માર્ગ અને મકાન વિભાગમાં કોન્ટ્રાકટરો સાથે આર્થિક વિવાદ ઊભો થાય છે ત્યારે તે પ્રશ્ન લવાદને સોંપવામાં આવે છે તે અન્વયે નાણાકીય વર્ષ ૨૦૦૪-૦૫ અને ૨૦૦૫-૦૬માં તા. ૩૧-૧-૦૬ સુધીમાં કેટલા પ્રશ્નો લવાદને સોંપવામાં આવ્યા, અને | (૧) માર્ગ અને મકાન વિભાગમાં કોન્ટ્રાકટરો સાથે આર્થિક વિવાદ ઊભો થયે તા. ૩૧/૧/૨૦૦૬ સુધીમાં નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫માં ૧૭ અને ૨૦૦૫-૦૬માં ૧૬ એમ કુલ ૩૩ પ્રશ્નો લવાદને સોંપવામાં આવ્યા. |
| (૨) આ લવાદમાં રાજ્ય સરકારે ક્નસલ્ટન્ટની સેવા પેટે કોને કોને નિમણુંક કરી કેટલી ફી તે અન્વયે ચુકવી અને કેટલા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું ? | (૨) આ લવાદમાં રાજ્ય સરકારે ક્નસલ્ટન્ટની સેવા પેટે કોઈ ક્નસલ્ટન્ટની નિમણૂંક કરેલ નથી, તેથી તે પેટે ફી ચુકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કોઈ પ્રશ્નનું નિરાકરણ આવેલ નથી. |

-------------

**ભારે વરસાદને કારણે મહી નદીના બદલાતા વહેણને કારણે કાંઠા વિસ્તારોમાં થયેલ ધોવાણ**
૧૫૭૭૩ **શ્રી અમીત ચાવડા બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અતિવૃષ્ટિની પરિસ્થિતિમાં અને મહી નદીના બદલાતા વહેણને કારણે કાંઠા વિસ્તારોમાં જમીનના વ્યાપક ધોવાણ અટકાવવા કોઈ આયોજન થયેલ છે, અને | (૧) ના, જી. |
| (૨) આણંદ જિલ્લાના બોરસદ-આંક્લાવ તાલુકાના કાંઠા વિસ્તારોમાં ધોવાણથી થતા નુક્સાન સંદર્ભે શાં પગલાં લેવામાં આવ્યા છે ? | (૨) સ્થળ-સ્થિતિ અનુસાર જરૂરીયાત મુજબ આયોજન કરવામાં આવશે. |

-------------

**કચ્છ જિલ્લાના શહેરોમાં શહેરી ગરીબોને આવાસો આપવા બાબત**
૧૫૦૬૦ **શ્રી છબીલદાસ ના. પટેલ માંડવી) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લાના શહેરોમાં શહેરવાર કુલ કેટલા મકાનો શહેરી ગરીબો માટે છેલ્લા બે વર્ષમાં મંજૂર કરવામાં આવ્યા, | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કેટલા મકાનો તૈયાર છે, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તૈયાર પૈકી કેટલા મકાનોનો કબ્જો | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

આપવામાં આવ્યો છે, અને

(૪) હજી કેટલા શહેરી ગરીબોની અરજીઓ શહેર પ્રમાણે બાકીમાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની ખાલી જગ્યાઓ**

૧૫૭૭૭ **શ્રી જયંતિલાલ ર. કવાડિયા હળવદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપાકરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની જગ્યાઓ ખાલી છે, | (૧) ૫૩ |
| (૨) જો હા, તો આ ખાલી જગ્યાના કારણે નગરપાલિકા વિસ્તારમાં શહેરના વિકાસની વહીવટી પ્રક્રિયામાં બાધા આવે છે, અને | (૨) ના. |
| (૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગો છો ? | (૩) શક્ય તેટલી વહેલી. |

-------------

**અમદાવાદ શહેરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં પાણી છોડવા બાબત**

૧૫૦૪૪ ડૉ. **માયાબેન સુ. કોડનાની (નરોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમદાવાદ શહેરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા ૬ મહિનામાં આજની સ્થિતિએ સરેરાશ કેટલું પાણી છોડવામાં આવે છે, અને | (૧) સરેરાશ માસિક ૧૦૬.૨૭ મી.ઘ.મી. પાણી છોડવામાં આવે છે. |
| (૨) અમદાવાદ શહેરને આ પાણી મળવાથી શા શા લાભ થાય છે ? | (૨) નીચે મુજબના સીધે સીધા લાભ થાય છે.<br>૧. સાબરમતી નદીની આજુબાજુ આવેલ કુવા, બોર રીચાર્જ થતાં ભૂગર્ભજળનો વપરાશ ઘટ્યો છે. તેથી વીજળીની બચત થયેલ છે.<br>૨. શહેરના ચંડોળા, ઘોડાસર, નરોડા અને મલેક્સબાન તળાવોમાં પાણીનો સંગ્રહ થવાથી આસપાસના વિસ્તારમાં ભૂગર્ભજળ રીચાર્જ થવાથી પાણીના તળ ઉંચા આવેલ છે.<br>૩. અમદાવાદ શહેરના પીવાના પાણીનો પ્રશ્ન મહદઅંશે નિવારાયેલ છે.<br>૪. અમદાવાદ શહેરની ઉષ્ણતામાનમાં દ ટાડો થયેલ છે. તેમજ રમણીયતા વધી છે.<br>૫. અમદાવાદ જિલ્લાના ફતેવાડી યોજનાના સિંચાઈ વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષથી સતત વધારો થયેલ છે. દશક્રોઈ, બાવળા, સાણંદ અને ધોળકા તાલુકામાં ખેત ઉત્પાદનમાં સતત વધારો થયેલ છે.<br>૬. અમદાવાદ જિલ્લામાં અર્ધ અછત, અછત જેવી ઉત્પન્ન થતી પરિસ્થિતિ નિવારી શકાયેલ છે. |

### કેશોદ તથા વંથલી તાલુકામાં કિસાન પથ યોજનામાં થયેલ કામો

૧૫૭૬૨**શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેશોદ તથા વંથલી તાલુકામાં સને ૨૦૦૫ના વર્ષ દરમ્યાન ક્યા ક્યા કામો કિસાન પથ યોજનાના મંજૂર કરવામાં આવ્યાં, અને

(૨) તે પેકી ક્યા ક્યા કામ માટે કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કિસાનપથ યોજનામાં મંજુર થયેલ કામો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | કેશોદ | ખમીદાણા એપ્રોચ રોડ |
| ૨ | કેશોદ | કોચલાણા કાલવાણી રંગપુર રોડ |
| ૩ | વંથલી | નવલખી બાલોટ રોડ |
| ૪ | વંથલી | શાપુર ધણફુણીયા રોડ |
| ૫ | વંથલી | મહોબતપરા એપ્રોચ રોડ |

(૨) તાજેતરમાં વર્કઓર્ડર આપેલ હોઈ ખર્ચ થયેલ નથી.

-------------

### કડી-કલ્યાણપુરા રોડને જોબ નંબર આપવા બાબત

૧૪૩૬૬ **શ્રી બળદેવજી ચં. ઠાકોર કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

કડી-કલ્યાણપુરા-રોડને જોબનંબર ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

આગામી ખાસ મરામત કાર્યક્રમ માટે મા. ધારાસભ્યશ્રી તરફથી અગ્રતા મળે જોબનંબર ફાળવી શકાય.

-------------

### માર્ગોની આજુબાજુના બાવળો કાઢી રસ્તા પહોળા કરવા બાબત

૧૫૮૧૮**શ્રી મુકેશ ભૈ. ગઢવી (દાંતા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ""ગ્રામ માર્ગ યોજના"" દ્વારા બનેલ ગ્રામ માર્ગોને ""કિસાન પથ"" યોજનામાં ભેળવી તે માર્ગોની આજુબાજુના ગાંડા બાવળો કઢાવી પહોળા કરવા સરકારની કટિબધ્ધતા છે તે હકીક્ત સાચી છે, અને

(૨) જો હા, તો આ બાબતે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) અને (૨) : આ બાબત કિસાનપથ યોજનામાં ભેળવવાનું આયોજન નથી.

-------------

### માતર તાલુકાના વાલોગી ગામના કાંસનું રીપેરીંગ કામ કરવા બાબત

૧૫૦૫૮ **શ્રી રાકેશ રાવ (માતર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જાન્યુઆરી, ૨૦૦૬ની સ્થિતિએ ખેડા જિલ્લાના માતર તાલુકાના વાલોગી ગામ પાસે આવેલ કાંસનું રીપેરીંગ કામ નહિ થઈ શક્વાના કારણે તથા કાંસનું નાળું પાણી વહન નહિ કરી શક્તું હોવાના કારણે તાલુકાની હજારો એકર જમીનોમાં બોરાણ થઈ જમીનો બરબાદ થઈ જતી હોવાની ફરિયાદ રાજ્ય સરકારને મળેલ છે, અને

(૨) જો હા, તો ખેડૂતોના પાક તથા જમીનને બચાવવા સરકાર ચોમાસા પહેલાં શું વ્યવસ્થા કરવા

**જવાબ**

(૧) હા, જી. સરપંચ ગ્રામ પંચાયત વાલોત્રીની રજુઆત મળી છે.

(૨) હયાત કાંસને ક્ષમતા પુરી છે, તેમ છતાં આગામી ચોમાસા પહેલાં સાફ કરવાનું આયોજન છે.

માંગે છે ?

-------------

**ઉંડ-૧ યોજનામાં પીઠડીયા ગામને પુનઃવસવાટ યોજનામાં અન્ય સ્થળે વસવાટ કરવા બાબત**

૧૫૦૫૨ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ઉંડ-૧ સિંચાઇ યોજનામાં કાલાવડ તાલુકાના પીઠડીયા ગામ ડુબમાં ગયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ગામને પુનઃવસવાટ યોજના હેઠળ અન્યત્ર વસવાટ કરેલ છે કે કેમ અને કેટલા ભાગમાં (પરાઓમાં) વસવાટ કરેલ છે, અને | (૨) હા, જી. ચાર ભાગમાં પુનઃ વસવાટ કરેલ છે. |
| (૩) તે બધાજ પરાઓ (ગામોને) પાકા માર્ગથી કાલાવડ તાલુકાના મુખ્ય માર્ગ સાથે જોડવામાં આવેલ છે કે કેમ ? | (૩) હા, જી. |

-------------

**વલસાડ તાલુકાના ચિંચાઈ ગામે સિંચાઈ યોજનાનું કામ**

૧૪૬૨૫ **શ્રી લક્ષ્મણભાઈ બા. પટેલ (પારડી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના ચિંચાઈ ગામે સિંચાઈ યોજનાનું કામ તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ ક્યા તબક્કામાં ચાલી રહ્યું છે, | (૧) તા. ૩૧-૧-૦૬ના રોજ ચિંચાઇ ઉદ્દવહન યોજનાની મુખ્ય પાઈપ લાઈનનું કામ પૂર્ણ થયેલ છે અને તેનું ટેસ્ટીંગ પ્રગતિમાં છે. જ્યારે આ યોજનાના નેટવર્ક તથા ફીડર કેનાલના કામો પ્રગતિમાં છે. |
| (૨) આ કામ મંથર ગતિએ ચાલે છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) આ યોજના સરકાર પૂર્ણ કરવા માગે છે અને તે ક્યારે ? | (૩) નેટવર્ક સહિતના તમામ કામો માર્ચ-૨૦૦૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**પ્રવાસન નિગમનું ખાનગીકરણ કરવા બાબત**

૧૫૮૧૦ **શ્રી ધીરૂભાઈ હ. ગજેરા (સુરત શહેર (ઉત્તર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૦૬ના વર્ષને સરકારે પ્રવાસન વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કર્યુ છે તે હકીક્ત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ઉજવણીના ભાગરૂપે પ્રવાસન નિગમનું ખાનગીકરણ કરવા માંગે છે તે હકીક્ત સાચી છે, અને | (૨) ના, જી. |
| (૩) જો હા, તો કઈ કઈ મિલક્તો વેચાણ કરવાનો સરકારનો ઈરાદો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં રસ્તાના મંજૂર થયેલ કામો**

૧૪૦૨૪ **શ્રી ભવાનભાઈ જી. ભરવાડ લીંબડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૦૫-૦૬માં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા રસ્તાના કામો મંજૂર થયાં હતાં, | (૧) ૧૬૫ |

(૨) તા. ૩૧-૧૨-૦૫ની સ્થિતિએ કેટલા રસ્તાના નવા તથા રીપેરના કામો થયા છે, અને

(૨) ૩ નવા રસ્તાના
૨૪ રીકારપેટના તથા
૨ મજબુતીકરણના અને
૭ મેટલથી ડામર ના કામો પુર્ણ થયા છે.

(૩) લીંબડી તાલુકામાં કેટલા નવા રસ્તાના કામો થયા છે ?

(૩) નવા રસ્તાનું એક પણ નહિ.

-------------

**ધણેજ ગામની બાજુના વોકરા ઉપર પુલ બનાવવા બાબત**

૧૪૪૫૧ **શ્રી ગોવિંદભાઈ વ. પરમાર (તલાલા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તાલાળા, રમરેચી, ધણેજ રોડ એક તાલુકાથી બીજા તાલુકાને જોડતો રસ્તો આવેલ છે. આ રસ્તામાં ધણેજ ગામની બાજુમાંથી વોકરો પસાર થાય છે, અને જેના કારણે વોકરા ઉપર વાહન ચલાવવા માટેની કોઈપણ વ્યવસ્થા ન હોય, ત્યારે પણ તેમાંથી વાહન પસાર થઈ શક્તા નથી અને આ અંગે આ વિસ્તારનાં લોકોની પણ ઘણી રજુઆતો આવેલી છે અમોએ પણ આ બાબતે રજુઆતો કરેલી છે. તો આ વોકરા પર પુલ બનાવવાનું સરકારશ્રીનું શું આયોજન છે, અને

(૨) લોકોની માંગણીને અનુલક્ષીને ક્યારે પુલ બનાવવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨) : તાલાળા, રમરેચી ધણેજ રોડ ઉપર ધણેજ ગામની બાજુમાંથી પસાર થતા વોકરા ઉપર હયાત બેઠો કોઝવે છે આ સ્થળે પુલ બનાવવાનું હાલમાં કોઇ આયોજન નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

**ચોટીલા-સાયલા તાલુકામાં ૮૦/૨૦ યોજના નીચે ચેકડેમો બનાવવાની અરજીઓ**

૧૪૩૯૫ **શ્રી પોપટભાઈ સ. જીંજરિયા (ચોટીલા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપાકરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા-અને સાયલા તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ૮૦-૨૦ ના ચેકડેમોની છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી,

(૨) તે પેકી કેટલી અરજી મંજૂર કરી અને કામો ચાલુ કરી પૂર્ણ કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકામાં ૧૪૭ અને સાયલા તાલુકામાં ૧૬૫ એમ કુલ મળીને ૩૧૨ અરજીઓ સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના ૮૦-૨૦ના ચેકડેમોની છેલ્લા એક વર્ષમાં આવી.

(૨) તે પેકી સાયલા તાલુકામાં ૧૬૨ અરજીઓ અને ચોટીલા તાલુકામાં ૧૪૭ અરજીઓ એમ કુલ મળીને ૩૦૯ અરજીઓને મંજૂરી આપવામાં આવી.

આ પેકી લોકજુથો ધ્વારા સાયલા તાલુકામાં ૭૯ કામો ચાલુ કરીને ૨ કામો પૂર્ણ કરવામાં આવ્યા અને ચોટીલા તાલુકામાં ૮૪ કામો ચાલુ કરીને ૪ કામો પૂર્ણ કરવામાં આવ્યા. આમ ૧૬૩ કામો ચાલુ કરીને ૬ કામો લોકજુથો દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા.

(૩) આવેલ માંગણીઓ પેકી કેટલી કેટલા કિસ્સામાં સર્વે કરવાનો બાકી છે, અને

(૩) આવેલ માંગણીઓ પેકી સાયલા તાલુકામાં ૫૩ અને ચોટીલા તાલુકામાં ૪૦ એમ કુલ મળીને ૯૩ કિસ્સાઓમાં સર્વે કરવાનો બાકી છે.

(૪) બાકી માંગણીઓનો કેટલા સમયમાં સર્વે કરી મંજૂરી આપવામાં આવશે ?

(૪) વર્ષ ૨૦૦૬-૨૦૦૭માં આ માટેનું સર્વેનું આયોજન કરીને તાંત્રિક ચકાસણીને બજેટ ઉપલબ્ધિ

અનુસાર મંજુરી આપવા વિચારણા કરવામાં આવશે.

-------------

**ભરૂચ જિલ્લામાં રસ્તાઓને જોબનંબર આપવા બાબત**

૧૫૮૦૬**શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ (અંકલેશ્વર ) :માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ, જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગ્રામ્ય રસ્તા બનાવવા માટે કુલ કેટલા જોબ નંબર આપવામાં આવ્યા, | (૧) ડીસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ગ્રામ્ય રસ્તા બનાવવા ૫૮ રસ્તાઓને જોબનંબર આપવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા કામ શરુથયા, અને | (૨) તે પૈકી ૧૪ કામો શરુથયા. |
| (૩) બાકીના રસ્તાના કામ ક્યારે થશે ? | (૩) બાકી રસ્તાના કામ વર્ષ ૨૦૦૬-૦૭માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**ઉકાઈ ગોરધા જમણાકાંઠા લીન્ક કેનાલને માંડવી તાલુકાના ગોરધા પીકઅપ વીયર સુધી લંબાવવા બાબત**

૧૫૦૬૭ **શ્રી અનિલકુમાર મો. પટેલ (બારડોલી) :માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉકાઈ-ગોરધા જમણાકાંઠા લીન્ક કેનાલ ઉકાઈ જૂથ જળાશયના જમણાકાંઠા બંધના છેડા પરથી ૨૭૩ ફૂટના તળીયેથી કાઢી માંડવી તાલુકામાં આવેલ ગોરધા (વેર-સ્ટેજ-૧) પીક અપ વીયર સુધી કુલ ૩૬ કી.મી. લંબાઈની નહેર બનાવવાનું આયોજન સરકાર ધ્વારા કરવામાં આવેલ છે કેમ, | (૧) હા, જી. |
| (૨) આ નહેરને સરકારે તાંત્રિક મંજૂરી આપી છે કેમ, | (૨) ના, જી. |
| (૩) સુચિત નહેરથી ક્યા સુધીમાં સિંચાઈનો લાભ મળશે, અને | (૩) સુચિત નહેરના લાઇન દોરીમાં આવતી જમીન કેન્દ્ર સરકારના વનખાતામાંથી તબદીલ થયેથી યોજનાકીય કામો હાથ ધરી શકાશે. |
| (૪) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ આ પ્રોજેકટ ક્યા તબક્કામાં છે ? | (૪) જંગલની જમીન છૂટી થવાની કાર્યવાહી હેઠળ છે. |

-------------

**સુરત-વલસાડ અને ડાંગ જિલ્લામાં પાણી પુરવઠાના ચેકડેમો તેયાર કરવા બાબત**

૧૩૯૨૯ **શ્રી માધુભાઈ જે. ભોયે/M#> (ડાંગ-વાંસદા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સુરત -વલસાડ અને ડાંગ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં પાણી પુરવઠાના કુલ કેટલા ચેકડેમો તેયાર કરવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે પાઈપલાઈન વગેરે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) નીચેની વિગતે.

| જીલ્લો | પૂર્ણ ચેકડેમની સંખ્યા |
|---|---|
| સુરત | ૩૮ |
| વલસાડ | ૩૫ |
| ડાંગ | ૫૪ |
| **કુલ.....** | **૧૨૭** |

(૨) ચેકડેમ આધારિત પાઇપ લાઇન વિગેરે માટે રૂા.૧૪.૩૨ લાખ.

-------------

## ચીખલી તાલુકાના નાધાઈ ગંગેશ્વર મંદિરથી મટબા ગામને જોડતો ચેકડેમ કમ કોઝવેનું ખાતમુહૂર્ત થવા બાબત

૧૪૬૨૮**શ્રીમતી ભારતીબેન ન. પટેલ (ચીખલી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના નાધાઈ ગંગેશ્વર મંદિરથી વલસાડ જિલ્લાના મટબા ગામને જોડતો ઓરંગા નદી ઉપર ચેકડેમ કમ કોઝવેનું ખાતમુહૂર્ત ક્યારે થયું, | (૧) તા. ૦૯-૦૪-૨૦૦૫. |
| (૨) તે ચેકડેમ-કમ-કોઝવેના બાંધકામ માટે કેટલી રકમ ફાળવવામાં આવેલ છે, અને | (૨) રૂા.૨૮.૪૪ લાખ. |
| (૩) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ આ કાર્યવાહી ક્યા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજૂર થયેલ છે. |

-------------

## ભરૂચ જિલ્લામાં તાલુકા દીઠ ડામર સપાટીના રસ્તાઓ બનાવવા બાબત

૧૩૯૭૯ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૦૫ ની સ્થિતિ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં તાલુકા દીઠ મેટલથી ડામર સપાટી બનાવવા માટેના કેટલા રસ્તાઓ બાકી છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબના મેટલથી ડામર સપાટી બનાવવાના પ્લાન રસ્તાઓ બાકી છે.

| ક્રમ | તાલુકો | મેટલ રસ્તાની સંખ્યા |
|---|---|---|
| ૧ | જંબુસર | ૯ |
| ૨ | આમોદ | ૭ |
| ૩ | ભરૂચ | ૪ |
| ૪ | વાગરા | ૪ |
| ૫ | અંક્લેશ્વર | ૫ |
| ૬ | હાંસોટ | ૨ |
| ૭ | વાલીયા | ૧૨ |
| ૮ | ઝઘડીયા | ૪૨ |
| | **કુલ :-** | **૮૫** |

(૨) આ રસ્તાઓને ડામર સપાટીના બનાવવા કેટલા નાણાની જોગવાઈ કરવામાં આવી ?

(૨) આ પૈકી ૨૭ રસ્તાઓને ડામર સપાટીના કરવા રૂા.૬૦૮.૯૮ લાખના કામો મંજૂર કરવામાં આવેલ છે.

-------------

## યાત્રાધામ ડાકોરના વિકાસ માટે ફાળવેલ રકમ

૧૩૯૨૦ **શ્રીમતી રશીદા ઈ. પટેલ (વાગરા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) યાત્રાધામ ડાકોરના વિકાસ માટે રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં કેટલી રકમ ફાળવી, અને | (૧) વર્ષ ૧૯૯૭-૯૮થી તા. ૩૧-૧૨-૦૫ સુધીમાં રૂા. ૨,૪૩,૭૫,૩૩૩ લાખની રકમ ફાળવેલ છે. |
| (૨) ક્યા ક્યા કામો માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ-૧૧ કામો, માટે રૂા. ૧,૭૧,૭૧,૫૮૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. કામોનું પત્રક સામેલ છે. |

**પત્રક**

**યાત્રાધામ ડાકોરના વિકાસ માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, ગાંધીનગરે ફાળવેલ ગ્રાન્ટ, ખર્ચ અને બચત સંબંધી તા. ૩૧-૧૨-૦૫ અંતિત માહિતી.**

| નાણાકીય વર્ષ | અ. નં. | કામનું નામ | ફાળવેલ કુલ ગ્રાન્ટ | મંજૂર કરેલ કુલ ખર્ચ | મંજૂર કરેલ ખર્ચ પૈકી ચૂકવેલ ખર્ચ | મંજૂર કરેલ પૈકી ચૂકવવાનો બાકી ખર્ચ (બુક કરેલ ખર્ચ) | આ અગાઉ પરત કરેલ ગ્રાન્ટ | તા. ૩૧-૧૨-૦૫ના રોજ બચત ગ્રાન્ટ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧૯૯૭-૯૮ | ૧ | જાહેર શોચાલય બનાવવા તથા ડ્રેનેજ સબ મર્સીબલ પંપ ખરીદવા માટે | ૬,૬૫,૦૦૦ | ૬,૪૩,૧૦૦ | ૬,૪૩,૧૦૦ | ૦ | ૨૧,૯૦૦ | ૦ |
| ૧૯૯૮-૯૯ | ૨ | યાત્રાળુઓની સગવડ વધારવા માટે મોબાઈલ ટોઈલેટવાન, ક્ન્ટેઈનર જેવા પ્રાથમિક જરૂરીયાતના સાધનો ખરીદવા તથા જાહેર શોચાલય બનાવવા માટે | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ૧૦,૦૦,૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૧૯૯૯-૦૦ | ૩ | બોડાણા સ્ટેચ્યુથી ગણેશ સિનેમા સુધીનો રસ્તો આરસીસી બનાવવા તથા પાણીની ટાંકીની પાઈપલાઈન નાખવાનું કામ વિગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવાનું કામ | ૨૦,૦૦,૦૦૦ | ૧૯,૫૨,૭૭૬ | ૧૯,૫૨,૭૭૬ | ૦ | ૪૭,૨૨૪ | ૦ |
| ૨૦૦૦-૦૧ | ૪ | ગોમતીઘાટનો એસબીસી ટેસ્ટ તથા આરસીસી રોડ વિગેરે જેવા ડાકોરના વિકાસ માટેના કામો માટે. | ૪૫,૦૦,૦૦૦ | ૯,૪૫,૪૯૨ | ૯,૪૫,૪૯૨ | ૦ | ૩૫,૫૪,૫૦૮ | ૦ |
| ૨૦૦૩-૦૪ | ૫ | સાઈનેજ તથા કંકુ દરવાજાના કામ માટે | ૧૫,૦૦,૦૦૦ | ૨,૨૫,૨૯૦ | ૨,૦૬,૪૭૧ | ૧૮,૮૧૯ | ૦ | ૧૨,૭૪,૭૧૦ |
| "" | ૬ | મંદિર પરિસર આસપાસ દુકાનો સંપાદન કરવાનું કામ | ૨૫,૦૦,૦૦૦ | ૨૦,૩૧,૬૭૭ | ૨૦,૩૧,૬૭૭ | ૦ | ૦ | ૪,૬૮,૩૨૩ |
| "" | ૭ | ગોમતીઘાટ નવનિર્માણ કાર્ય | ૫૦,૦૦,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ | ૫૦,૦૦,૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦૦૪-૦૫ | ૮ | સંપાદિત ટેમ્પલસ્કવેરમાં સ્ટોનપેવીંગ, રેલીંગ, કરબીંગ તથા લેન્ડસ્કેપીંગ કરવાનું કામ | ૨૦,૫૧,૪૯૮ | ૧૨,૩૦,૧૬૩ | ૧૧,૨૨,૪૭૯ | ૧,૦૭,૬૮૪ | ૦ | ૮,૨૧,૩૩૫ |
| "" | ૯ | ગોમતીઘાટ નવનિર્માણ કાર્ય | ૧૩,૦૦,૦૦૦ | ૧૩,૦૦,૦૦૦ | ૧૩,૦૦,૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦૦૫-૦૬ | ૧૦ | ગોમતી તળાવમાંથી નાળો કાઢવાનું કામ | ૩,૫૮,૮૩૫ | ૨,૫૯,૩૭૭ | ૨,૫૯,૩૭૭ | ૦ | ૦ | ૯૯,૪૫૮ |
| ૨૦૦૫-૦૬ | ૧૧ | ગોમતીઘાટ પર સ્ટોનપેવીંગ, રેલીંગ, કરબીંગ કરવાનું કામ | ૩૫,૦૦,૦૦૦ | ૨૯,૫૩,૦૪૨ | ૨૭,૧૦,૨૧૭ | ૨,૪૨,૮૨૫ | ૦ | ૫,૪૬,૯૫૮ |
| કુલ સરવાળો | | | ૨,૪૩,૭૫,૩૩૩ | ૧,૭૫,૪૦,૯૧૭ | ૧,૭૧,૭૧,૫૮૯ | ૩,૬૯,૩૨૮ | ૩૬,૨૩,૬૩૨ | ૩૨,૧૦,૭૮૪ |

-------------

**ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકાના ચેકડેમો બનાવવા બાબત**

**૧૫૮૧૬ ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા, વિજયનગર અને મેઘરજ તાલુકાઓમાં તાલુકા પ્રમાણે કુલ કેટલા ચેકડેમ તા. ૩૧-૧-૦૬ સુધીમાં છેલ્લા ૨ વર્ષમાં બનાવવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | બનાવેલ ચેકડેમની સંખ્યા |
|---|---|
| ભિલોડા | ૩૭૪ |
| વિજયનગર | ૦૭૭ |
| મેઘરજ | ૧૫૭ |
| કુલ | ૬૦૮ |

(૨) તા. ૩૧-૧-૦૬ ની સ્થિતિએ કેટલા

(૨) ચેકડેમને નુકશાન થયેલ નથી. પરંતુ ૩૭

ચેકડેમ તૂટી ગયેલ હાલતમાં છે, અને,

ચેકડેમમાં માટીકામનું ધોવાણ થયેલ છે.

(૩) આ તૂટી ગયેલ ચેકડેમો સરકાર ક્યાં સુધી રીપેર કરવા માગે છે ?

(૩) ૩૩ ના માટીકામ રીપેર થયેલ છે. જ્યારે ચાર ચેકડેમ માટે પ્રાયોજકો દ્વારા મરામત હાથ ધરવા જણાવવામાં આવેલ છે.

-------------

**શહેરી વિકાસ વર્ષ અન્વયે ફાળવેલ રકમ બાબત**

૧૩૮૫૭ **શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને ૨૦૦૫ના કેલેન્ડર વર્ષને રાજ્ય સરકારે શહેરી વિકાસ વર્ષ તરીકેની કરેલ જાહેરાત અન્વયે વર્ષ દરમ્યાન કુલ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) આ ફાળવેલ રકમ પૈકી જિલ્લાવાર કેટલી રકમો વિકાસ માટે તા. ૩૧-૧-૦૬ સુધીમાં ફાળવી ?

**જવાબ**

(૧) રૂા.૩૬૮.૯૪ ક્રોડ ફાળવવામાં આવેલ છે.

(૨) આ સાથે સામેલ પત્રક મુજબ.

**પ ત્ર ક**

Districtwise Allocation for Development in Municipalities, Municipal Corporation & Authorities

Rs. In Crores

| Dist | District | Nos. of ULBs | Development works | Pay & Use Toiltes | Urban Forestry | Grand Total |
|---|---|---|---|---|---|---|
| ૧ | Ahmedabad | ૧૭ | ૫૫.૫૧ | ૦.૮૪ | ૦.૮૮ | ૫૭.૨૩ |
| ૨ | Amreli | ૭ | ૯.૬૮ | ૦.૩૮ | ૦.૭૬ | ૧૦.૮૨ |
| ૩ | Anand | ૧૦ | ૨૧.૯૫ | ૦.૫૪ | ૦.૫૬ | ૨૩.૦૪ |
| ૪ | Banaskantha | ૪ | ૯.૦૦ | ૦.૨૬ | ૧.૫૦ | ૧૦.૭૬ |
| ૫ | Bharuch | ૩ | ૮.૩૦ | ૦.૨૦ | ૦.૨૯ | ૮.૭૯ |
| ૬ | Bhavnagar | ૯ | ૧૮.૭૦ | ૦.૫૨ | ૧.૦૪ | ૨૦.૨૬ |
| ૭ | Dahod | ૩ | ૪.૧૦ | ૦.૧૨ | ૦.૨૦ | ૪.૪૨ |
| ૮ | Gandhinagar | ૪ | ૧૦.૧૦ | ૦.૨૨ | ૧.૧૩ | ૧૧.૪૫ |
| ૯ | Jamnagar | ૧૦ | ૧૮.૦૦ | ૦.૪૨ | ૧.૫૬ | ૧૯.૯૮ |
| ૧૦ | Junagadh | ૧૧ | ૨૩.૦૫ | ૦.૫૮ | ૧.૯૩ | ૨૫.૫૬ |
| ૧૧ | Kheda | ૮ | ૧૪.૪૯ | ૦.૫૬ | ૨.૪૪ | ૧૭.૪૯ |
| ૧૨ | Kutch | ૬ | ૬.૫૨ | ૦.૩૮ | ૦.૨૪ | ૭.૧૪ |
| ૧૩ | Mehsana | ૭ | ૨૦.૦૮ | ૦.૪૦ | ૦.૭૪ | ૨૧.૨૨ |
| ૧૪ | Navsari | ૩ | ૭.૨૯ | ૦.૦૪ | ૦.૩૮ | ૭.૭૧ |
| ૧૫ | Narmada | ૧ | ૧.૨૬ | ૦.૧૨ | ૦.૨૨ | ૧.૬૦ |
| ૧૬ | Panchmahal | ૫ | ૫.૪૫ | ૦.૧૮ | ૦.૧૬ | ૫.૭૯ |
| ૧૭ | Patan | ૫ | ૭.૧૬ | ૦.૩૦ | ૦.૨૫ | ૭.૭૧ |
| ૧૮ | Porbandar | ૪ | ૩.૨૯ | ૦.૨૮ | ૦.૫૮ | ૪.૧૫ |
| ૧૯ | Rajkot | ૧૦ | ૨૬.૧૧ | ૦.૬૨ | ૨.૧૧ | ૨૮.૮૪ |
| ૨૦ | Sabarkantha | ૬ | ૧૦.૨૫ | ૦.૩૬ | ૧.૭૮ | ૧૨.૩૯ |
| ૨૧ | Surat | ૫ | ૧૬.૯૫ | ૦.૧૬ | ૦.૯૧ | ૧૮.૦૨ |
| ૨૨ | Surendranagar | ૬ | ૧૩.૨૯ | ૦.૩૬ | ૦.૪૯ | ૧૪.૧૪ |
| ૨૩ | Vadodara | ૬ | ૧૬.૮૦ | ૦.૨૦ | ૦.૩૩ | ૧૭.૩૩ |
| ૨૪ | Valsad | ૪ | ૧૨.૨૩ | ૦.૪૦ | ૦.૬૬ | ૧૩.૨૯ |
| | Grand Total | ૧૫૪ | ૩૩૯.૫૫ | ૮.૪૪ | ૨૦.૯૫ | ૩૬૮.૯૪ |

**સ્વજલધારા યોજનામાં જિલ્લાવાર ખર્ચ**

૧૫૭૯૪ **શ્રી જગદીશ ઠાકોર (દહેગામ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) છેલ્લા બે વર્ષમાં ડીસે-૨૦૦૫ની સ્થિતિએ સ્વજલધારા યોજનામાં રાજ્યમાં જીલ્લાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ક્યા તાલુકા જીલ્લામાં ઓછો ખર્ચ થયો, ઓછો ખર્ચ થવાના શું કારણો છે ?

**જવાબ**

(૧) રાજ્યના ૨૫ પેકી ૧૨ જિલ્લાઓમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | જિલ્લો | ખર્ચ રૂા. લાખમાં |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૩૨.૭૩ |
| ૨ | બનાસકાંઠા | ૨૮૯.૯૦ |
| ૩ | ભરૂચ | ૧૭૨.૩૩ |
| ૪ | ભાવનગર | ૨૫૮.૪૨ |
| ૫ | જુનાગઢ | ૫૦૩.૨૪ |
| ૬ | પંચમહાલ | ૬૨.૫૨૫ |
| ૭ | પાટણ | ૨૩૬.૫૮ |
| ૮ | સાબરકાંઠા | ૪૦૩.૮૧ |
| ૯ | વડોદરા | ૧૮૫.૦૦ |
| ૧૦ | વલસાડ | ૧૨૩.૭૮ |
| ૧૧ | આણંદ | ૧૬૧.૩૨ |
| ૧૨ | સુરત | ૧૮.૯૪ |

(૨) વડોદરા જિલ્લાના પાવી જેતપુર તાલુકામાં અને જિલ્લાની દ્રષ્ટિએ સુરત જિલ્લામાં સ્વજલધારા કાર્યક્રમ લક્ષ્યાંક આધારિત નહી પરંતુ માંગ આધારિત છે. જેથી આયોજનમાં સમાવેશ કરાયેલ જિલ્લા તાલુકાઓમાં ખર્ચ માંગ અનુસાર થયેલ છે.

-------------

**પાટણ જિલ્લામાં બિસ્માર રસ્તાઓના કામ**

૧૪૨૬ **શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિધ્ધપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડિસે. ૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા બિસ્માર રસ્તાઓનું કામ હાથ ધરવામાં આવ્યુ,

(૨) સિધ્ધપુર તાલુકાના ક્યા ક્યા રસ્તાઓની માંગણીઓ આવી હતી અને ક્યા કાય કામો પૂર્ણ કરવામાં આવ્યા, અને

(૩) સિધ્ધપુર તાલુકાના બાકી રહેલ બિસ્માર રસ્તાઓનું મરામત કામ ક્યારે શરૂ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પાટણ જિલ્લાના માર્ગો વાહનવ્યવહાર યોગ્ય છે. ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પત્રક-૧ મુજબ તાલુકાવાર રસ્તાનાં કામો હાથ ધરવામાં આવ્યા.

(૨) ડિસેમ્બર-૦૫ ની સ્થિતિએ સિધ્ધપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પત્રક-૨ મુજબ કુલ ૨૮ રસ્તાની સુધારણાની માંગણી મળેલ છે. તે પૈકી પત્રક-૩ મુજબ ૧૩ રસ્તાની કામગીરી પૂર્ણ થયેલ છે.

(૩) સિધ્ધપુર તાલુકાના રસ્તા વાહનવ્યવહાર યોગ્ય છે.

**પ ત્ર ક - ૧**

ડિસેમ્બર-૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લાનાં તાલુકાવાર હાથ ધરેલ કામોની યાદી.

| અ.નં. | તાલુકો | કામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાટણ | ૪૪ |
| ૨ | ચાણસ્મા | ૨૧ |
| ૩ | હારિજ | ૭ |
| ૪ | સમી | ૨૮ |

| | | |
|---|---|---|
| ૫ | રાધનપુર | ૧૨ |
| ૬ | સાંતલપુર | ૧૦ |
| ૭ | સિધ્ધપુર | ૨૪ |
| | **કુલ :-** | **૧૪૬** |

**પ ત્ર ક -૨**

ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુર તાલુકામાં રસ્તા સુધારણાની મળેલ માંગણી.

| **ક્રમ** | **રસ્તાનું નામ** |
|---|---|
| ૧. | દેથલી-ચાંદેસર-હિસ્સોર રોડ (રા) |
| ૨. | દશાવાડા થી કાલેડા (રા) |
| ૩. | કાયણ એપ્રોચ રોડ (રા) |
| ૪. | ચંદ્રાવતીથી નેદરા (રા) |
| ૫. | સિધ્ધપુર-પાટણ રાજ્ય ધોરીમાર્ગ પર સપાટી સુધારણાની કામગીરી (રા) |
| ૬. | કોટ-ચાટાવાડા-સમોડા પીચીંગ અને પ્રોટેક્શનની કામગીરી (રા) |
| ૭. | સમોડા-નાગવાસણા પીચીંગ અને પ્રોટેક્શનની કામગીરી (રા) |
| ૮. | તાવડીયા-વાઘણા હયાત નાળાની બાજુમાં પીચીંગ અને પ્રોટેક્શનની કામગીરી (રા) |
| ૯. | સિધ્ધપુર-ચાટાવાડા-સમોડા રસ્તો (પં) |
| ૧૦. | દશાવાડા-ધનાવાડા રસ્તો (પં) |
| ૧૧. | કાકોશી-વાધરોલ-પચકવાડા રસ્તો (પં) |
| ૧૨. | તાવડીયા-વાઘણા રસ્તો (પં) |
| ૧૩. | ઉમરૂથી કાકોશી રોડ (પં) |
| ૧૪. | કલ્યાણા વરસીલા સેવાલણી રોડ (પં) |
| ૧૫. | ઉગરૂ ચાર રસ્તાથી શેદ્રાણા રોડ (પં) |
| ૧૬. | રસુલપુર એપ્રોચ રોડ (પં) |
| ૧૭. | નાગવાસણ ગામથી પાંજરાપોળ સુધીનો રસ્તો (પં) |
| ૧૮. | પુનાસણ ગામથી પાટણ હાઈવેને જોડતો રસ્તો (પં) |
| ૧૯. | સિધ્ધપુર ગણેશપુરા ઠાકરાસણ નાંદોત્રી વરસીલ રોડ (પં) |
| ૨૦. | વનાસણ એપ્રોચ રોડ (પં) |
| ૨૧. | સિધ્ધપુર રોડથી અરવડેશ્વર હિંગળાજ માતા એ. રોડ (પં) |
| ૨૨. | સિધ્ધપુર રોડથી આંકવી સ્ટેન્ડથી કોટનાપીર એપ્રોચ રોડ (પં) |
| ૨૩. | સિધ્ધપુર વાગદોડ રોડને જોડતો વાઘણા એપ્રોચ રોડ (પં) |
| ૨૪. | રસુલપુરથી કાકોશી રોડ (પં) |
| ૨૫. | મેત્રાણા-કાકોશી-મેથાણ-મુડવાડા-ઘુમડ રોડ (પં) |
| ૨૬. | મુંડવાડા કાતરા રોડ (પં) |
| ૨૭. | ઉમરૂ વાઘણા રોડ (પં) |
| ૨૮. | મુંડાણા સંડેસરી લુખાસણ રોડ (પં) |

**પ ત્ર ક -૩**

ડિસેમ્બર-૨૦૦૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સિધ્ધપુર તાલુકામાં માંગણી થયેલ રસ્તા પેકી પૂર્ણ થયેલ રસ્તાઓની યાદી.

| **ક્રમ** | **રસ્તાનું નામ** |
|---|---|
| ૧. | દેથળી-ચાંદેસર-હિશોર રોડ (રા) |
| ૨. | દશાવાડાથી કાલેડા રોડ (રા) |
| ૩. | કાયણ એપ્રોચ રોડ (રા) |
| ૪. | ચંદ્રાવતીથી નેદ્રા રોડ (રા) |
| ૫. | સિધ્ધપુર-પાટણ રાજ્ય ધોરીમાર્ગ પર સપાટી સુધારણાની કામગીરી (રા) |

| | |
|---|---|
| ૬. | કોટ-ચાટાવાડા-સમોડા પીચીંગ અને પ્રોટેક્શનની કામગીરી (રા) |
| ૭. | સમોડા-નાગવાસણ પીચીંગ અને પ્રોટેક્શનની કામગીરી (રા) |
| ૮. | તાવડીયા-વાઘણા હયાત નાળાની બાજુમાં પીચીંગ અને પ્રોટેક્શનની કામગીરી (રા) |
| ૯. | ઉમરૂથી કાકોશી રોડ |
| ૧૦. | ક્લ્યાણા વરસીલા સેવાલણી રોડ |
| ૧૧. | ઉમરૂ ચાર રસ્તાથી શેદ્રાણા રોડ |
| ૧૨. | રસુલપુર એપ્રોચ રોડ |
| ૧૩. | વનાસણ એપ્રોચ રોડ. |

-------------

**કપરાડા તાલુકામાં મોટા પોંઢા અને નાના પોંઢા પાણી પુરવઠા યોજના**

૧૪૦૮૯ **શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા) :માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં મોટા પોંઢા અને નાના પોંઢા હુડા પાણી પુરવઠા યોજના સંપૂર્ણપણે નિષ્ફળ ગયેલ છે તે હકીક્તથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ અંગે સરકારે શી વ્યવસ્થા કરી ?

**જવાબ**

(૧) ના, જી. કપરાડા તાલુકાની મોટાપોંઢા, નાના પોંઢા જૂથ પાણી પુરવઠા યોજના અને હુડા પાણી પુરવઠા યોજના નિષ્ફળ ગયેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

-------------

**પાદરા-ચાણસદ માર્ગને નવીનીકરણ કરવા બાબત**

૧૫૦૫૦ **શ્રી પુનમ ર. પરમાર (પાદરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જુલાઈ-૦૫ના ભારે વરસાદમાં પાદરા-ચાણસદ માર્ગને નુકશાન થયેલ છે તો આ માર્ગના નવીનીકરણ માટે શું યોજના છે, અને

(૨) આ માર્ગનું નવીનીકરણ ક્યાં સુધીમાં પૂર્ણ કરવા માગો છો ?

**જવાબ**

(૧) તાત્કાલિક પૂર મરામતની કામગીરી હાથ ધરી રસ્તાને વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. ઉપરાંત આ રસ્તાને રીસરફેસીંગ કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) વર્ષ ૨૦૦૬-૦૭ માં પૂર્ણ કરવાનું આયોજન છે.

-------------

**સુરત શહેર અને જિલ્લામાં ટાઉન પ્લાનીંગ (સ્કીમો)**

૧૫૭૯૧**શ્રી ધનસુખભાઈ ના. પટેલ (ઓલપાડ) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

સુરત શહેર અને જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૦૫ અંતીત કેટલી ટી. પી. (સ્કીમો) નો અમલ કરવામાં આવે છે ?

**જવાબ**

સુરત શહેર વિસ્તારમાં ૩૨ અને સુરત જિલ્લામાં ૫ ટી.પી. સ્કીમોનો અમલ કરવામાં આવેલ છે.

-------------

**અંજાર, ભુજ તથા ભચાઉ શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો**

૧૪૭૬૪ **શ્રી ગોપાલભાઈ ગા. ધુઆ (મુંદ્રા) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અંજાર, ભૂજ તથા ભચાઉ શહેરની કેટલી ટાઉન પ્લાનીંગ સ્કીમો જાન્યુ. ૨૦૦૬ની સ્થિતિએ સરકારમાં મંજૂરી માટે મળેલ છે,

(૨) તે પૈકી કેટલી સ્કીમો મંજૂર થઈ છે તથા કેટલી મંજૂર થવાની બાકી છે,

(૩) મંજૂર થવાની બાકી રહેવાના શાં કારણો

**જવાબ**

(૧) શૂન્ય.

(૨), (૩) અને (૪) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

છે, અને

(૪) તે ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે ?

-------------

**જુનાગઢ જિલ્લામાં ચેકડેમ-કમ-કોઝવે બનાવવા બાબત**

૧૪૭૬૨**શ્રી જેસાભાઈ ભા. બારડ (સોમનાથ) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં હિરણ-૨ ડેમસાઈટ પછી ચેક ડેમ કમ કોઝવે બનાવવાનું કોઈ આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અંગે સરકારે શી કાર્યવાહી કરી ? | (૨) વેરાવળ તાલુકાના ભેરાળા ગામ પાસે કામ પ્રગતિ હેઠળ છે. જે આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે. |

-------------

**કચ્છ જિલ્લામાં સૂજલામ્ સૂફ્લામ્ યોજના હેઠળ કરેલ કામો**

૧૫૦૬૧ **શ્રી છબીલદાસ ના. પટેલ (માંડવી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સુજલામ્ સુફ્લામ્ યોજના હેઠળ ક્યા ક્યા કામો આવરી લેવામાં આવ્યા છે, | (૧) કુલ ૪૪ બંધારાના કામો આવરી લેવામાં આવ્યા છે. |
| (૨) કામવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, તે પૈકી કેટલા કામો પૂરા થયા, | (૨) કુલ ૪૪ બંધારાના કામ માટે રૂા.૧૬૧.૬૨ લાખનો ખર્ચ થયેલ છે. કોઇ કામો પુરા થયેલ નથી. |
| (૩) કેટલા અધૂરા છે, અને, | (૩) બે કામો પ્રગતિ હેઠળ છે. |
| (૪) કેટલા શરૂ કરવામાં આવ્યા નથી, અને શરૂ ન કરવાના કારણો શા છે ? | (૪) ૪૨ કામો શરુ કરવામાં આવેલ નથી. દરીયાકાંઠાના બંધારાનાં ફાઉન્ડેશન સ્ટ્રેચાવિષમ હોવાથી આલેખનમાં ઉંડાણ અભ્યાસ જરૂરી બનતાં કામો હવે હાથ ધરવામાં આવશે. |

**હળવદ તાલુકાના સુંદરીભવાની દેવસ્થાનને વિકસાવવા બાબત**

૧૫૭૭૮ **શ્રી જયંતિલાલ ર. કવાડિયા (હળવદ) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર પ્રવાસન વર્ષ ઉજવી રહી છે ત્યારે હળવદ તાલુકાના સુપ્રસિધ્ધ સુંદરીભવાની દેવસ્થાનને વિકસાવવા માટે રાજ્ય સરકાર કોઈ આયોજન કરવા માંગે છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો અમલવારી ક્યારથી કરવા માગો છો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અમદાવાદ શહેરની ટી.પી. સ્કીમો મંજૂર થવા બાબત**

૧૫૦૭૭ **ડૉ. માયાબેન સુ. કોડનાની (નરોડા) :માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને ઓડા વિસ્તારની કેટલી ટી. પી. સ્કીમ દરખાસ્તો મંજૂરી માટે આવી, | (૧) અમદાવાદ શહેરની ૬૧ અને ઓડા વિસ્તારની ૨૫ ટી.પી. સ્કીમો એમ કુલ ૮૬ દરખાસ્તો મંજૂરી માટે આવી. |
| (૨) તે પૈકી કેટલી અને કઈ કઈ મંજૂર થઈ, અને | (૨) તે પૈકી અમદાવાદ મહાનગરપાલિકાની ૯ અને ઓડા વિસ્તારની ૮ એમ કુલ-૧૭ ટી.પી. સ્કીમો મંજૂર થઇ. |
| (૩) જે મંજૂર નથી થઈ તે ક્યારે થવાની સંભાવના છે ? | (૩) મંજૂરીની પ્રક્રિયામાં છે. |

### કેશોદ શહેરમાં શહેરી વિકાસ વર્ષ દરમ્યાન થયેલ વિકાસના કામો

૧૫૭૬૩ **શ્રી માધાભાઈ લા. બોરીચા (કેશોદ) : માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કેશોદ શહેરમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૦૫ દરમ્યાન રાજ્ય સરકારે વિકાસના ક્યા ક્યા કામો હાથ ધર્યા હતા, | (૧) પાણી પુરવઠા, સામાજિક વનીકરણ તેમજ પે એન્ડ યુઝ ટોઇલેટ. |
| (૨) તે પૈકી કેટલા પૂર્ણ થયા અને કેટલા બાકી રહ્યા, | (૨) સદર કામો ચાલુ/પ્રગિતમાં છે. |
| (૩) આ અંગે કુલ કેટલો ખર્ચ થનાર છે, અને | (૩) રૂા.૨૮૫.૬૦ લાખ. |
| (૪) તેમાંથી તા. ૩૧-૧-૦૬ની સ્થિતિએ કેટલી રકમ ખર્ચાઈ છે ? | (૪) રૂા.૫૧.૭૭ લાખ. |

-------------

### ઉન્ડ-૩ સિંચાઈ યોજનામાં કોઠા ભાડુકીયા ગામને વળતર ચૂકવવા બાબત

૧૫૦૫૩ **શ્રી રણછોડભાઈ ચ. ફળદુ (કાલાવડ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં ઉંડ-૩ સિંચાઈ યોજનામાં અંશતઃ ડુબમાં જતા કાલાવડ તાલુકાના કોઠા ભાડુકિયા ગામને એક્ષ ગ્રેસીયાના ધોરણે વળતર આપવાનો સરકારે નિર્ણય લીધો છે તે હકીક્ત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) હા, તો તે નિર્ણય ક્યારે લેવામાં આવ્યો, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અસરગ્રસ્તોને કેટલા સમયમાં વળતર ચુક્વવામાં આવશે ? | (૩) દરખાસ્ત અંગે આખરી નિર્ણય થયે કાર્યવાહી કરવામાં આવશે. |

## શોકદર્શક ઉલ્લેખો

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈના અવસાન અંગે

**શ્રી નરેન્દ્રભાઈ મોદી (સભાગૃહના નેતાશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુ:ખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈનું તા. ૨૫ ફેબ્રુઆરી, ૨૦૦૬ના રોજ ૭૭ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી દેસાઈનો જન્મ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૨૮ના રોજ પાટણ જિલ્લાના વોળાવી ગામે થયો હતો. કાયદાના સ્નાતક થઈને તેઓશ્રીએ વકીલાતનો વ્યવસાય અપનાવ્યો હતો.

તેઓશ્રીએ પાટણ તાલુકા વિકાસ મંડળ, પાટણ જમીન વિકાસ બેંક અને પાટણ તાલુકા સામાજિક સેવા પરિષદના પ્રમુખ તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-પાટણ, ગુજરાત વેપારી મહામંડળ તથા ગુજરાત રાજય ગોપાલક સંઘ અને મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ડિરેક્ટર તરીકે નોંધપાત્ર સેવાઓ આપી હતી.

સ્વર્ગસ્થ શ્રી દેસાઈએ ચોથી ગુજરાત વિધાનસભા દરમ્યાન પાટણ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

તેઓશ્રીના અવસાનથી ગુજરાત રાજયે સામાજિક અને સહકારી ક્ષેત્રે સંનિષ્ઠ આગેવાન ગુમાવ્યા છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ (વિરોધપક્ષના નેતાશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. નાથાભાઈ દેસાઈએ પાટણ જિલ્લાના એક ખૂબ જ નાનકડા ગામમાં જન્મ લીધો. એકદમ છેવાડાના પરિવારમાં જન્મવા છતાં પણ ખંતથી આગળ વધીને આ ગૃહના એક સન્માનનીય સભ્ય પણ બન્યા.

**અધ્યક્ષશ્રી** : શોકાંજલિ ચાલતી હોય ત્યારે સભ્યશ્રીઓ ગૃહમાં આવન-જાવન ન કરે.

**શ્રી અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** : માનનીય અધ્યક્ષશ્રી, પોતાના મતવિસ્તાર અને જિલ્લાની માત્ર રાજકીય ક્ષેત્રે નહીં પરંતુ સામાજિક ક્ષેત્રે અને બીજાં અનેક ક્ષેત્રોમાં પણ તેમણે સેવાઓ કરી. મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ અને બીજી સહકારી સંસ્થાઓમાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું. સ્વ. નાથાભાઈ તે પેઢીના આગેવાન હતા જે પેઢી રાજનીતિમાં માત્ર ને માત્ર પ્રજાની સેવા કરવા માટે થઈને એ જમાનામાં જે પેઢી બહાર આવતી હતી એ પેઢીના સભ્ય હતા. તેમના જવાથી કર્મઠ અને મુરબ્બી આગેવાનની ખોટ પડી છે. માનનીય અધ્યક્ષશ્રી, તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરું છું અને આપના મારફતે તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા માટે વિનંતી કરું છું.

**શ્રી ગોવાભાઈ હ. રબારી (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા જે શોક ઠરાવ લઈને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું.

સ્વ. નાથાભાઈ રત્નાભાઈ દેસાઈ એક નાના ગામડાંમાં જન્મ લઈને એ વખતે પણ સારો અભ્યાસ કરીને વકીલ થયા હતા. રાજકીય ક્ષેત્રે ધારાસભ્ય પણ થયા હતા. સહકારી ક્ષેત્રે, બેંક, ડેરી, એ.પી.એમ.સી. તેમાં પણ તેમણે પ્રતિનિધિત્વ કરીને એક સારા ખેડૂત તરીકેની છાપ ઉપસાવી હતી. સાથે સાથે તે વખતમાં શિક્ષણ નહોતું. તેમ છતાં પણ એમણે એ વિસ્તાર અને સમગ્ર ઉત્તર ગુજરાતના દેસાઈ સમાજમાં એક શિક્ષણ માટેની ઝુંબેશ ચલાવી અને વધુમાં વધુ લોકો શિક્ષણ લે અને આવતા દિવસોમાં છોકરાઓ ભણેલા-ગણેલા રહે એવી એમની ઇચ્છા હતી. સાથે સાથે તમામ ક્ષેત્રમાં, સમાજના રીત-રિવાજોમાં અંધશ્રદ્ધા હતી, બીજા રિવાજો હતા એમાં ઘણા બધા સુધારાઓ લાવ્યા અને આખા ક્ષેત્રમાં પાટણ, બનાસકાંઠા અને મહેસાણાની અંદર પણ ગામેગામ ફરીને આ સમાજ અને દરેક સમાજને સાથે લઈને ચાલ્યા અને શિક્ષણ લેવા ઉપર ભાર મૂકતા હતા. એમના પ્રયાસોથી અને પ્રેરણાથી ઘણા બધા સુધારા થયા હતા અને આજે તે વિસ્તારમાં અને સમાજને મોટી ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને એમને હું શ્રદ્ધાંજલિ આપું છું અને એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી કરું છું.

**શ્રી માલજીભાઈ દે. દેસાઈ (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી શોક ઠરાવ લઈને આવ્યા છે અને અમારા નેતાશ્રીએ એને અનુમોદન આપ્યું છે ત્યારે હું મારી લાગણી વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માલધારી અને રબારી સમાજમાં ૧૯૫૦ની આસપાસ જે લોકો ગ્રૅજ્યુએટ થયા એમાં સમાજના ૩ યુવાનો હતા. સ્વ. નાથાભાઈ ગ્રૅજ્યુએટ થયા પછી નાસિક પોલીસ ટ્રેનીંગ પી.ટી.આઈ.માં દાખલ થયા. પરંતુ પગના અકસ્માતના કારણે એમને તાલીમ છોડવી પડી અને પોતાના વતનમાં આવીને એમણે પાટણમાં વકીલાત શરૂ કરી. સારા એડ્‌વોકેટ તરીકે પ્રતિષ્ઠા જાળવીને પોતાના ગામમાં સરપંચથી શરૂ કરીને, પ્રાથમિક- પ્રાયમરી મંડળીના પ્રમુખથી શરૂઆત કરીને તાલુકાના પ્રમુખ પણ ૧૦ વર્ષ સુધી રહ્યા. જમીન વિકાસ બૅન્કમાં, માર્કેટ યાર્ડમાં, દૂધ સાગર ડેરી આ બધામાં વર્ષો સુધી એમણે સેવાઓ આપી છે. એટલું જ નહીં પરંતુ વિધાનસભાની અંદર, ગુજરાતની અંદર સૌ પ્રથમ રબારી અને માલધારી સમાજમાંથી કોઈ ધારાસભ્ય બન્યા હોય તો નાથાભાઈ દેસાઈ પહેલા હતા. ગોવાભાઈએ કહ્યું તેમ સમાજના સામાન્ય સુધારાઓ માટે એમણે ઘણી મોટી ઝુંબેશ કરી હતી. ૧૯૪૫-૪૬માં અમારા મોટાભાઈ સાથે રહીને એક રબારી સમાજનું છાત્રાલય, શિક્ષણ સંસ્થા શરૂ કરવા મોટો ભાગ ભજવેલો. એટલું જ નહીં પરંતુ વિદ્યાર્થીઓ શિક્ષણમાં આગળ વધે, એમને પ્રોત્સાહન મળે એ માટે સામાજિક આગેવાનોને ભેગા કરીને, સામાજિક સુધારા થાય અને શિક્ષણનો વ્યાપ વધે એવા અનેક કાર્યો અનેકવિધ ક્ષેત્રમાં કર્યાં છે. એવા કર્મઠ, સેવાભાવી અને સમાજને વરેલા, સેવાની ભેખ લીધેલા છતાં પણ એક સારા આદર્શ ખેડૂત એવા સ્વ. નાથાભાઈના જવાથી અમારા ઉત્તર ગુજરાતના વિસ્તારમાં મોટી

ખોટ પડી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને આપના દ્વારા એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવી શ્રદ્ધાંજલિ આપું છું.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (ભા.રા.કોં.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી જ્યારે શોક ઠરાવ લઈને આવ્યા છે અને મારા વિરોધપક્ષના નેતાશ્રીએ એમાં સૂર પુરાવ્યો છે ત્યારે હું પણ મારો સૂર પુરાવવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વ. નાથાભાઈ સાહેબને મેં જિલ્લામાં બહુ નજીકથી કામ કરતા જોયા છે. હમણાં હમણાં જ્યારે પાટણ માર્કેટ યાર્ડના ચેરમેન તરીકે કામ કરતા હતા ત્યારે કામ કેવી રીતે કરવું જોઈએ એ એમણે શીખવ્યું. એ હંમેશાં દિવ્ય દૃષ્ટિથી સાચી સલાહ-સૂચનો કરતા. હમણાં અમારા મુરબ્બીશ્રી માલજીભાઈએ કહ્યું તેમ સહકારી ક્ષેત્ર હોય, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ હોય, ગુજરાત વેપારી મહા મંડળ હોય, સામાજિક દૃષ્ટિથી દરેક ક્ષેત્રમાં એમનું યોગદાન રહ્યું છે. પાટણ જિલ્લામાં પણ એમની સેવાની સુવાસ રહી છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે અને એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવવા વિનંતી છે.

**અધ્યક્ષશ્રી :** ગૃહના નેતાશ્રી જે શોક દર્શક ઉલ્લેખ લઈને આવ્યા છે અને વિરોધ પક્ષના નેતાએ જેમાં સૂર પૂરાવ્યો છે, એમાં હું મારી લાગણી વ્યકત કરું છું. નાથાભાઈ પાટણ જિલ્લાના નાના ગામમાં, છેવાડાના સમાજમાં જન્મીને જે વખતે એજ્યુકેશન નહોતું, કેળવણી નહોતી એવા સમયે કેળવણી મેળવીને ગ્રેજયુએટ થઈ પછી એમણે વકીલાતનો ધંધો શરૂ કર્યો હતો. આપ સમજી શકો કે એવા સમયમાં છેક વકીલાત સુધી પહોંચવું સામાન્ય કુટુંબ માટે મુશ્કેલ હોય પણ જે પ્રકારે એમણે પોતાની પ્રગતિ કરી જીવનમાં એ અદમ્ય હતી. એમણે એ પછી જાહેર જીવનની પણ શરૂઆત કરી. જાહેર જીવનમાં એમણે પોતાના સમાજમાં જે કંઈ મુશ્કેલીઓ હતી, કેટલાક સામાજીક કાર્યો કરવા જેવાં હતાં એ બધાં એમણે કર્યા અને સમાજને આગળ લાવવાની કોશિશ કરી. એ સિવાય પણ મહેસાણા જિલ્લાની અંદર દૂધસાગર ડેરી એ મહત્વની સહકારી પ્રવૃતિ છે. એ સહકારી પ્રવૃતિની અંદર પણ એમણે પૂરેપૂરું માર્ગદર્શન આપેલું અને માનસિંહભાઈ જે એના સ્થાપક હતા એમની સાથે રહીને એમણે સુંદર કામગીરી કરી હતી. એ સિવાય એમની વિધાનસભામાં પણ કામગીરી પ્રશંસનીય હતી. એવી વ્યકિત આજે આપણી વચ્ચે નથી. હું આપને બધાને વિનંતી કરું છું કે આપણે ઉભા થઈને ૨ મિનિટ મૌન પાળીને એમને શ્રદ્ધાંજલિ અર્પીશું.

**: બે મિનિટ મૌન બાદ :**

સૌ સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લે. સભાગૃહની આ લાગણી સદ્‌ગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

### સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (માર્ગ અને મકાનમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૦૪-૦૫નોગુજરાત હાઉસીંગ બોર્ડનો વાર્ષિક વહિવટી અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૦૪-૦૫નો વાર્ષિક વહિવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૩-૦૪નોગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રી ઇન્દ્રવિજયસિંહ કિ. જાડેજા (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૦૩-૦૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતુ નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલાં વિધેયકો**

**સચિવશ્રી:** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક : ૧,૨, ૩, ૫, ૬, અને ૭ ને વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# સરકારી વિધેયકો

**સન ૨૦૦૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૧૧**

**ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬**

**સન ૨૦૦૬ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક વધુ રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક- ૧૧ - સન ૨૦૦૬ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

**અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.**

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક: ૧૧ - સન ૨૦૦૬ના ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**પૂરક વિનિયોગ વિધેયકના ચર્ચાના સમય અંગે**

**અધ્યક્ષશ્રી** : હવે હું એક જાહેરાત કરું છું. આજે પૂરક વિનિયોગ વિધેયક ચર્ચા માટે હાથ ધરવાનું છે. આ ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૯ સભ્યશ્રીઓએ તેમના મુદ્દાઓ આપેલ છે. આજની ગૃહની આ બેઠકનો સમય બપોરના ૨-૩૦ થી સાંજના ૭-૦૦ વાગ્યા સુધીનો રાખેલ છે. આથી વિધાનસભાના નિયમોના નિયમ

* વિધેયક તારીખ ૭મી માર્ચ, ૨૦૦૬ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૨૩૮(૩) અન્વયે એક કલાક પહેલાં સાંજના ૬-૦૦ વાગ્યે પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચાનું સમાપન કરી બધી બાબતો સભાગૃહના મત માટે મૂકવાની થાય. પરંતુ આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૦૬-૦૭ના વર્ષના અંદાજપત્ર પરના બીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે. એ જોતાં પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે સાંજના ૪-૦૦ વાગ્યા સુધીનો સમય ઠરાવું છું. પૂરક વિનિયોગ વિધેયક ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૯ સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા છે અને દરેક સભ્યશ્રીને ચર્ચા માટે ત્રણ મિનિટનો સમય ફાળવું છું. તદ્‌નુસાર આ મુદ્દા પરની ચર્ચા સમાપ્ત થયા બાદ પૂરક વિનિયોગ વિધેયક સભાગૃહના મત પર મૂકવામાં આવશે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ** : માનનીય અધ્યક્ષશ્રી, ફક્ત ત્રણ મિનિટ જ એક મુદ્દા માટે હોય તો એ બરાબર નથી. વાત શરૂ કરીએ ત્યાં ત્રણ મિનિટ પૂરી થઈ જાય. પછી વાત કઈ રીતે કરવાની?

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી** : માનનીય અધ્યક્ષશ્રી, ઓછામાં ઓછી પાંચ મિનિટ તો મળવી જ જોઈએ.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય પરેશભાઈ, મેં પણ બધો જૂનો રેકર્ડ જોયો છે. એમાં જો બોલનાર સભ્યો વધારે હોય તો બે મિનિટ ફાળવી છે, નહિંતર વધારેમાં વધારે અત્યાર સુધીમાં ત્રણ મિનિટથી વધારે ફાળવણી કરી નથી. આમ છતાં ગૃહનો સમય સાંજના ૪-૦૦ વાગ્યાના બદલે વિરામના સમય ૪-૩૦ સુધી લંબાવીશું અને દરેકને પાંચ મિનિટ ફાળવવામાં આવશે. પાંચ મિનિટ કરતાં વધારે સમય નહિ લેતા પ્લીઝ.

# ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ (ક્રમશઃ)

**શ્રી માધુભાઈ જે. ભોયે (ડાંગ-વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, તેલીબિયા બાબતમાં મારો મુદ્દો આપના સમક્ષ રજૂ કરું છું. આ તેલીબિયાની બાબતે ગુજરાતની અંદર જોઈએ તો તેનું ઉત્પાદન ખૂબ ઓછું છે અને એના ભાવ પણ ઓછા છે ત્યારે બીજા રાજયની અંદર અને બીજા રાજ્યોની હરોળમાં જોઈએ તો આપણે ત્યાં ખેડૂતોને એના પોષણક્ષમ ભાવો પણ મળી શકતા નથી. બીજા રાજ્યોમાં જેમ મળે છે એ રીતે આ સરકાર આયોજન કરે એવું આપના દ્વારા મારું સૂચન છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)** : માનનીય અધ્યક્ષશ્રી, જે ગરીબ છે એ શાહૂકારો પાસેથી નાણાં વ્યાજે લે છે. એ બેંક હોય, ખાનગી પેઢી હોય એના ત્રાસના લીધે કદાચ કોઈ વખતે સમયસર નાણા ભરી ના શકે તો એને આત્મહત્યા કરવી પડે છે એને રોકવા માટેના જે પ્રયત્નો છે તેના પર સરકાર ધ્યાન આપે અને એને રોકવા સરકાર પ્રયત્ન કરે એવી મારી વિનંતી છે.

**શ્રી કુંવરજીભાઈ મો. બાવળિયા (જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો છે, તા.૧-૪-૨૦૦૪થી કેન્દ્રના ધોરણે એચ.આર.એ. સહિત ૫૦ ટકા ડી.એ. સરકારી કર્મચારીઓના બેઝીક પગારમાં ભેળવવામાં તંત્રની નિષ્ફળતા.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના કર્મચારીઓને ચોથા અને પાંચમા પગારપંચે જે સ્વીકારેલી નીતિ છે એ મુજબ જ્યારે સરકારે કર્મચારીઓને ચોક્કસપણે કોઈપણ ફેરફાર સિવાય ભારત સરકારના ધોરણે આ નીતિ સ્વીકારેલ છે ત્યારે તમામ લાભો રાજ્ય સરકારના કર્મચારીઓને પણ ભારત સરકારની નીતિ પ્રમાણે મળી જાય. કેન્દ્ર સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૪થી એચ.આર.એ. સહિત ૫૦ ટકા ડી.એ. કેન્દ્ર સરકારના ધોરણે આપવામાં આવેલ છે. જ્યારે આ સરકારે તેનો અમલ એક વર્ષ પછીથી ૧/૪/૨૦૦૫થી આપેલ અને એ પણ ૫૦ ટકા ડી.એ. બેઝિક પગારમાં ભેળવવા માટે હુકમ કર્યો છે તેમાં એચ.આર.એ. બાકાત રાખેલ છે તેમાં કર્મચારીઓને અન્યાય કરેલ છે ત્યારે કેન્દ્ર સરકારે ૧/૪/૨૦૦૪ એચ.આર.એ. સહિત ૫૦ ટકા ડી.એ. કર્મચારીઓને આપવાની વાત છે. કેન્દ્ર સરકાર આપે છે એ પ્રમાણે રાજ્ય સરકારના કર્મચારીઓને મળવા જોઈએ. આમાં જે ખાસ કરીને જે કારણ બતાવવામાં આવ્યું છે એમાં એવું લખ્યું છે કે બેઝિક પગારની અંદર નાણાંકીય પરિસ્થિતિના કારણે આ નિર્ણય લેવાયો નથી. તાજેતરમાં થોડા સમય પહેલા માનનીય ધારાસભ્યશ્રીઓ અને માનનીય મંત્રીશ્રીઓના પગારભથ્થા વગેરેમાં વધારો કર્યો એ વખતે આ મુદ્દો ધ્યાનમાં લેવામાં આવ્યો હોત તો આ જે કર્મચારીઓ નારાજ થાય છે એ ના થાત અને એમને કામ કરવાનો થોડો આનંદ રહેત.

**ડૉ. ચંદ્રિકાબેન કા. ચુડાસમા (માંગરોળ)**: માનનીય અધ્યક્ષશ્રી, પાંચમા પગારપંચની વિસંગતતાઓ માટે રચાયેલી સમિતિના અહેવાલમાં કરવામાં આવેલી ભલામણોનો અમલ કરવામાં તંત્રની ઉદાસીનતા.

પાંચમા પગારપંચના અમલીકરણ માટે વી.આર.એસ. કોલગી સમિતિની રચના કરવામાં આવેલ હતી. આ ભલામણના અનુસંધાને જ ૨૦/૫/૯૮ ના એન.ડી.પટેલના અધ્યક્ષપદે સમિતિની રચના કરવામાં આવેલ હતી

અને એ પછી ૩૧/૫/૨૦૦૫ નાં રોજ મંત્રીમંડળની સમિતિ દ્વારા રાજ્ય સરકારને ફાઈનલ અહેવાલ રજૂ કરાયો હતો ત્યારે આ જ કેબિનેટની મિટિંગની અંદર માનનીય મંત્રીશ્રીની પેટાસમિતિની રચના કરવામાં આવી હતી અને એ પેટાસમિતિની રચના કરવા માટેનો નિર્ણય પણ ત્યારે લેવામાં આવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે સરકારના કર્મચારીઓ સરકારની જુદી જુદી ઑફિસો, હેડ ઑફિસમાં કામ કરતા હોય છે. સરકારના સચિવાલયમાં જ્યારે મુલ્કી હોય, જેમ અહીંયા બેઠા છે, એવી જુદી જુદી ઑફિસો હોય છે એમાં જગ્યાઓની કેડર - સચિવ, નાયબ સચિવ, ઉપસચિવ, સેકસન ઑફિસર આ બધી કેડરમાં જગ્યાઓ છે, પરંતુ બજેટ અને મૂળ પગારમાં તફાવત છે. આપણે કર્મયોગી તાલીમ આપી અને અધિકારી પાસે સંપૂર્ણ કામગીરી કરવાની જવાબદારી પણ નક્કી કરી છે તો તેમના મનમાં, હ્રદયમાં પડેલી જે વાત કરવાની છે એ એનોમલી સમિતિ સમક્ષ વારંવાર રજૂઆત કરી છે અને ૧૦ વર્ષ સુધી આ રજૂઆત પછી પણ કર્મચારીઓને કાંઈ પણ ફાયદો થાય અથવા આ સમિતિની મિટિંગો કયારે બોલાવી, કેટલી બોલાવી? એની એને ખબર નથી. આ સમિતિ સમક્ષ રજૂઆત કર્યા પછી પાંચમા પગારપંચ પછી જ્યારે વાત થઈ અને એની સમક્ષ જે છે એ મુજબ એ તમામ અહેવાલ સ્વીકાર્યા અને મારે કહેવું છે કે ૬૫ ટકા જેટલી ખાલી જગ્યાઓ થઈ. અત્યારનું જે વહિવટી તંત્ર છે એ કાગડોરીએ ચાલે છે અને આ બાબતમાં નાણાકીય લાભ થાય. અનેક મુદ્દે કર્મચારીઓના હિતમાં નિર્ણય લેવા માટે વારંવાર માગણી એનોમલી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. પરંતુ આ સમિતિની મિટિંગ બોલાવવાનું સરકારને સૂઝતું નથી અથવા તો સરકાર, સરકારી કર્મચારી તરફ ઉદાસીન છે એવું લાગે છે એટલે મને કહેવા દો કે વહીવટી સેવામાંથી આઈ.એ.એસ. કેડરની બઢતી નહીંવત છે. એસીસીએશને પાંચમા પગારપંચ જેમાંથી એનોમલી સમિતિ સમક્ષ પણ માગણી આધારિત રાખ્યું છે. સમય આધારિત પગારની પણ માગણી કરી છે. ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, બંગાલ અને મહારાષ્ટ્ર જેવાએ આ ધોરણના પગારની કાર્યવાહી સ્વીકારી છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે મંત્રીશ્રી જવાબ આપે ત્યારે આ સમિતિની કેટલી મિટિંગ બોલાવી, કયારે બોલાવી, એનો નિર્ણય કયારે કરવાના છે, અહેવાલ કયારે કરવાનો છે અને કર્મચારીઓને લગતી વિસંગતતા છે કે પગાર બેલેન્સમાં વિસંગતતા છે. એક જ કક્ષાની વ્યકિતને એક પગાર મળે અને બીજી કક્ષાને બીજો પગાર મળે એ માટે અધિકારીઓ પણ સંપૂર્ણ તન, મન, ધનથી કામ કરે અને વહીવટી તંત્રસક્રિય બનાવે એ માટે સરકાર તાત્કાલિક કરે અને ઉદાસીનતા સેવે છે એમાંથી બહાર નીકળીને કામ કરે એવી વિનંતી છે.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં સહકારી પ્રવૃત્તિમાં ગુજરાતે ગૌરવવંતુ સ્થાન હરહંમેશા પ્રાપ્ત કર્યું છે, પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં આ સહકારી પ્રવૃત્તિમાં કયાંકને કયાંક લૂણો લાગ્યો છે. છેલ્લા થોડા વર્ષોમાં રાજયમાં ઘણી બધી સહકારી બેંકો ફડચામાં ગઈ છે. રાજયની ફડચામાં ગયેલી બેંકોના છૂટા કરવામાં આવેલ નાના કર્મચારીએ લીધેલ લોનની પરત ભરપાઈ કરવા માટે સરળ હપતા રાજય સરકારે કરી આપવા જોઈએ. એ એમાં નિષ્ફળ ગઈ છે. સહકારી બેંકોમાં ફરજ બજાવતા કર્મચારીઓ પોતાની જરૂરિયાત મુજબ બેંકોમાંથી લોન લેતા હોય છે. બેંકો તરફથી આ અંગે દર માસે નિયમિત હપતા પણ કપાતા હતા. પરંતુ બેંક ફડચામાં જતા બેંકના કર્મચારીઓને છૂટા કરી નાખવામાં આવ્યા છે. વહીવટદારની રાજય સરકાર દ્વારા નિમણૂક કર્યા પછી બેંક પાસેથી જે રકમ લેણી નિકળતી હતી એ રકમ હપતા પેટે સીધી કાપી નાખવામાં આવી છે. અને બાકીની લોનની રકમ ઉપર ૧૮ટકા વ્યાજ અને ૩ટકા નોટિસ અને વહીવટી ચાર્જ અને બાકી રહેતી રકમ ઉપર આ બધો ભાર પડે છે. કર્મચારીઓને છૂટા કરતા તે બેકાર બની જાય છે. આવકના સાધનો તેમની પાસે ઉપલબ્ધ હોતા નથી. વહીવટદાર તરફથી વારંવાર ઉઘરાણીની નોટિસ આપી માનસિક ત્રાસ આપવામાં આવે છે. કર્મચારીઓને હેરાન કરવામાં આવે છે. ત્યારે બીજી તરફ આવી બેંકોને ડૂબાડનાર મોટા માથાને નોટિસ આપવામાં આવતી નથી. કોઈ કડક પગલાં ભરવામાં આવતા નથી. એનાથી વિપરીત છટકવા માટે અનુકૂળતા કરી આપવામાં આવે છે અને પગલાં લેવા માટે તંત્ર દ્વારા ઉદારતા રાખવામાં આવે છે. ત્યારે વિનંતી છે કે આવા કર્મચારીને ચડેલું વ્યાજ માફ કરી મુળ રકમ બાકી રહે છે એના સરળ હપતા કરી આપવા જોઈએ. આવી રકમ ટુકડેટુકડે ભરી શકે. ફડચામાં ગયેલી બેંકને પણ આવક રહે. કાનૂની કાર્યવાહી કરવામાં ખૂબ સમય વહી જાય છે. ત્યારે ૧૮ટકા વ્યાજ નાના કર્મચારીઓ માટે ભારરૂપ છે. આવી સંખ્યા રાજયમાં ખૂબ ઓછી છે. ત્યારે રાજય સરકાર માનવતાના ધોરણે ૧૮ટકા વ્યાજ અને ૩ટકા વહીવટી ચાર્જ રદ કરી મુળ રકમના વાજબી હપતા કરી આપે એવી આપની મારફતે સરકારને વિનંતી કરું છું.

**ડૉ. અનિલ જોષીયારા (ભીલોડા)** : માનનીય અધ્યક્ષશ્રી, નિયમિત મુસાફરી કરતા કર્મચારીઓ -મુસાફરો માટે માસિક પાસ અને ત્રિમાસિક પાસમાં ૫૦ટકા ભાડાનો અમલ કરાયો છે, પરંતુ બંધ કરવામાં આવેલા નજીકના અને લાંબા અંતરના રૂટોની બસો પુનઃ શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. સરકારે છેલ્લા ઘણા સમયથી પ્રયત્ન કર્યો છે. "હાથ ઊંચા કરો અને બસમાં બેસો" પછી "હાલો બસમાં બેસીએ" પણ મુશ્કેલી એ છે કે મોટાભાગની બસો બગડેલી હોય છે. જનતાને વિશ્વાસ નથી કે આ બસ છેલ્લા સ્થળે પહોંચાડશે. ટાયર ટયૂબ,

ડિઝલની મુશ્કેલીને લીધે મુસાફરો બસમાં બેસતા નથી. મારી વિનંતી છે કે શહેરમાં અમદાવાદથી ગાંધીનગર કે મોટા શહેરમાં સી.એન.જી. બસો ચાલુ કરી છે પણ ગામડાંમાં ખખડધજ બસો હોય છે. જનતાને વિશ્વાસ ન હોવાને કારણે બસમાં બેસતા નથી. આને કારણે આ વાહનવ્યવહાર ખાતાને આવક થતી નથી. ત્યારે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે ગામડાં કક્ષાએ સી.એન.જી. બસો ચાલુ કરવી જોઈએ. દર વખતે પૂરક માગણી લઈને આવે છે. ગઈ વખતે પણ પૂરક માગણી લગભગ ૫૦ કરોડ મૂડીરોકાણ માટેની લઈને આવ્યા હતા અને છતાં પણ ખર્ચ ન કર્યો અને પાછા સરન્ડર કરવા પડ્યા. મહેસૂલી ખર્ચ માટે પણ સરન્ડર કરવામાં આવેલ, ત્યારે આટલી પૂરક માગણી લઈને આવે છે, પૈસા હોવા છતાં સરકાર ખર્ચ કરતી નથી. બસો સુધારતા નથી, ત્યારે મારી વિનંતી છે કે ગામડાં લેવલે પણ બસો સારી સુધરે અને ગામડાના મુસાફરોને સારી સુવિધા આપે, પહેલાના વખતમાં ગુજરાતનાં ૯૫ ટકાં ગામડાઓમાં બસોની સુવિધા હતી. એ સેવા હતી, તે પરત લઈ લેવામાં આવેલ છે, ત્યારે મારી વિનંતી છે કે આ બસો પાછી ચાલુ કરવામાં આવે.

**શ્રી પુંજાભાઈ ભી. વંશ (ઉના)**: માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદો છે ત્વરિત વીજ યોજના અન્વયે કૃષિ વિષયક વીજ જોડાણોના એસ્ટીમેટ રકમ ભરાઈ ગઈ હોવા છતાં સમયસર વીજ જોડાણો આપવામાં તંત્રની નિષ્ફળતા. આ ગૃહની અંદર ખેડૂતો માટેની ખૂબ ચિંતા કરવામાં આવી છે. રાજ્ય સરકાર પણ ખેડૂતોની હામી હોય એ પ્રકારનો એક માહોલ અને વાતાવરણ ઊભું કરવા માટેનો સતત પ્રયત્ન કરે છે. રાજ્ય સરકારે ખેડૂતોને વહેલી તકે વીજ જોડાણ મળે અને એ વીજ જોડાણ દ્વારા ઉત્પાદન લઈ શકે એના માટે ભૂતપૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ હતા, એમણે તત્કાળ યોજના દાખલ કરી એ તત્કાળ યોજના દાખલ કરી, એટલે નિયમ પ્રમાણે કોઈપણ ખેડૂત ૫૦૦ રૂપિયા ભરી અરજી કરે અને પછી ૩ મહિનાની અંદર સરવે કરી એસ્ટીમેટ આપે અને ૬ મહિનાની અંદર લાઈન ઊભી કરી અને વીજ જોડાણ શરૂ કરી દેવું. આજની તારીખે વર્ષ ૨૦૦૩-૦૪ માં અરજી મંગાવવામાં આવેલ હતી, એ ૬૪,૫૧૪ અરજીઓ આજની તારીખે પેન્ડિંગ છે અને ૬૪,૫૧૪ અરજીઓમાં એક અરજદાર મારફત રૂપિયા ૫૦૦ લેખે રાજ્ય સરકાર એટલે કે ગુજરાત વિદ્યુત બોર્ડે પૈસા ઉઘરાવ્યા છે, એ રકમ થાય છે ૩,૨૨,૫૭,૦૦૦ રૂપિયા. ખેડૂતોની ચિંતા કરનાર સરકાર ૩,૨૨,૫૭,૦૦૦ જેટલા પૈસા ગુજરાત વિદ્યુત બોર્ડ વાપરે છે અને ખેડૂતોને કનૅક્શન આપતા નથી, એટલે સરકારને વિનંતી છે કે તમે ખેડૂતોના હામી હોવાની વાત કરો છો. ૩ કરોડ રૂપિયા જેવી રકમ ખેડૂતોની વાપરો છો, તો સરકાર આ ૬૬,૫૧૪ કનૅક્શનો ૨૦૦૩-૦૪ ના બાકી છે. ૨૦૦૫-૦૬ ના વર્ષમાં એક પણ અરજી મંગાવી નથી. આ અરજીઓ જે ૨૦૦૩-૦૪ના વર્ષની પેન્ડિંગ છે. માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે તમે ખેડૂતોની ચિંતા કરો છો, ખેડૂતો માટેની લાગણી ભાવના આ ગૃહની અંદર વ્યક્ત કરો છો, તો ૬૬,૫૧૪ અરજીઓ છે એ તત્કાળ વીજ જોડાણ યોજના તળે તાત્કાલિક અસરથી ૩ મહિનાની અંદર ખેડૂતોના સાચા હામી હોય તો આપી દો તેવી માનનીય મંત્રીશ્રીને આપના મારફત વિનંતી કરું છું.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિષય છે કૃષિ પાકોનું ઉત્પાદન વધે અને ખેડૂતોને તેના ટેકાના ભાવો મળી રહે તેવું આયોજન કરવામાં તત્રની નિષ્ફળતા. ખેડૂતોની ઘણી વાતો થઈ. ખેડૂતો જ્યારે જ્યારે મોંઘુ બિયારણ અને મોંઘુ ખાતર ખરીદે છે અને અત્યારના સમયમાં પાણી ખૂબ મોંઘુ પડે છે, કારણ કે વીજળીના ભાવ વધારે છે, એ ખૂબ મહેનત કરીને પાક પકવે છે, પણ જ્યારે એ પાક બજારમાં મૂકવાનો થાય છે, ત્યારે ઘણી વખત એના ભાવ ખૂબ નીચા જાય છે અને જેના પુરતા ભાવ મળે છે, એનો જે ખર્ચ થાય છે, એના પ્રમાણમાં ભાવ મળતા નથી. ઘણીવાર વેપારી રિંગ કરી જાય છે. સરકાર ટેકાના ભાવો જાહેર કરે એ ટેકાના ભાવો કરતા નીચા ભાવે ખરીદી થાય છે. ખેડૂતોને જે માલ ઉત્પાદન કરવામાં ખર્ચ થાય છે એ ખર્ચ સરભર થતા નથી. સરવાળે ખેડૂતોને ખોટ જાય છે. સરકારે આ બાબતમાં ખેડૂતોના જે કંઈ પાક છે તે સરકારે તેના નિગમો દ્વારા તાલુકા કે જિલ્લા સ્થળે કેન્દ્રો ખોલીને જ્યારે જ્યારે ખેડૂતોને પાકમાં ઓછા ભાવ મળે ત્યારે આવા કેન્દ્રો દ્વારા ખરીદી થાય તેવા રાજય સરકારે પ્રયત્નો કરવા જોઈએ. બજેટમાં અહીં જે ચર્ચાઓ થઈ છે તેમાં આ બાબતે કંઈ જણાવ્યું નથી. માનનીય હું કૃષિમંત્રીશ્રીને કહેવા માગું છું કે ખેડૂતોને જ્યારે જયારે ઓછા ભાવ મળે ત્યારે સરકારે વ્યવસ્થા કરી સારા ભાવ મળે તેવું કંઈક આયોજન કરવું જોઈએ.

**શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, એસ.ટી. બસો સમગ્ર પરિવહનની મુસાફરી અને તેને આકર્ષવા માટે એસ.ટી.માં આજે જે પ્રમાણેની સુવિદ્યા હોવી જોઈએ તેવી સુવિદ્યા સરકારે કરી નથી તેમાં આ તંત્ર નિષ્ફળ ગયું છે. એક જમાનો હતો કે ગુજરાતના મોટા ભાગના લોકો એસ.ટી.માં મુસાફરી કરતા હતા. એસ.ટી. આટલા વાગે આવી જ જાય. એસ.ટી.ની સુવિદ્યાને કારણે તમામ ગામડાંઓ અને સીટીના લોકો એસ.ટી.માં મુસાફરી કરતા હતા. આજની સ્થિતિમાં ગમે તેટલી સરકાર જાહેરાતો કરે, હાથ લાંબા કરો એટલે એસ.ટી. ઉભી રહે પણ આજે મુસાફરો બેસવા તૈયાર નથી. માત્ર તેમાં કારણ હોય તો સરકારની નિષ્ફળતા છે. આજે એસ.ટી.માં માણસ બેસી સહીસલામત અમદાવાદ સુધી પહોંચશે કે નહીં તે એક મોટો પ્રશ્ન છે. એસ.ટી.માં બેઠેલા માણસો જયારે ૧૫-૫૦ કિલોમીટર એસ.ટી. ચાલે પછી એસ.ટી. બંધ થઈ જાય છે.

મુસાફરોએ એસ.ટી.ને ધક્કા મારવા પડે છે. તેવી સ્થિતિ આજે સાહેબ થઈ છે. પ્રાઈવેટ વાહનોમાં ગામડાઓમાં જોઈ શકાય છે. પ્રાઈવેટ વાહનો દિનપ્રતિદિન મુસાફરોને આકર્ષવા કરીને આજે મોટાભાગના લોકો પ્રાઈવેટ વાહનોમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે. મોટી મોટી લકઝરીઓ પસંદ કરે છે, પણ નિગમની અને સરકારની એસ.ટી. ઉપર લોકો વિશ્વાસ મૂકતા નથી તેવી સ્થિતિ થઈ છે. ખાસ કરીને એસ.ટી.માં પાંચ લાખથી વધારે રૂટો જુદી જુદી જગ્યાએ બંધ થયા છે. છેવાડાના ગામડાંની અંદર ચોક્કસ એસ.ટી. બીજા વિભાગની આવે પણ છેવાડાના જે ગામો હોય ત્યાં આજે એસ.ટી. જતી નથી તેવી સ્થિતિ થઈ છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રીને રીકવેસ્ટ કરવી છે કે છેવાડાના ગામડાઓમાં એસ.ટી. જાય, ફરીથી લોકોનો વિશ્વાસ સંપાદિત થાય તેના કારણે તંત્રને સાહેબ આજે બહુ મોટી ખોટ થઈ રહી છે. દિનપ્રતિદિન ૩૬૫ કરોડની એટલે સાહેબ રોજના એક કરોડ રૂપિયાનું નુકસાન એસ.ટી. તંત્ર કરતું હોય ત્યારે તેઓને પણ જુદી જુદી સુવિધા અને લોકોનો વિશ્વાસ છે તે જીતે તો મને લાગે છે કે ચોક્કસ ખોટમાં સુધારો થઈ શકે છે. તો સરકાર આ બાબતે સુધારો કરી સારી સુવિધા મુસાફરોને આપી એસ.ટી.નું આયોજન કરે તેવી સરકારને મારી વિનંતી છે.

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની ચિંતા આ સરકાર કરતી આવી છે અને કરતી રહેશે. સભ્યશ્રીઓએ મિનિમમ સપોર્ટ પ્રાઈઝની વાત કરી. એ કેન્દ્ર સરકારની યોજના છે અને તે પ્રમાણે રાજયની અંદર તેનું અમલીકરણ થઈ રહ્યું છે. કોઈપણ સિઝન ચાલુ થાય તે પહેલાં ક્રોપ માર્કેટ પ્રાઈસનું મોનિટરીંગ કરવામાં આવે છે. કેન્દ્રની અંદર રાજયમાં આ ભાવ ચાલે છે તે મોકલવામાં આવે છે. મંત્રીશ્રી દ્વારા અનેક બેઠકો લેવામાં આવે છે. જ્યારે મિનિમમ સપોર્ટ પ્રાઈઝ નીચા જાય છે ત્યારે એજન્સી નાફેડ અને તેના દ્વારા તેની ખરીદી કરવામાં આવે છે. આવતા દિવસોની અંદર મિનિમમ સપોર્ટ પ્રાઈઝથી જ્યારે ભાવ ઓછા થશે ત્યારે આ યોજના દ્વારા ખરીદી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં ધિરાણ અંગેની પણ ચિંતા વ્યક્ત કરવામાં આવી છે, આ જે ગરીબ માણસો ધિરાણ લે છે એને રક્ષણ આપવાની રાજય સરકારની ફરજ છે એના માટે સાત ઑફિસો ચાલુ કરવામાં આવી છે, ૩૩ ઇન્સ્પેક્ટરો રાજયમાં નિમણૂક કરવામાં આવ્યા છે અને આમાંથી ટ્રાઈબલ એરિયામાં ખાસ ૧૫ ઇન્સ્પેક્ટરોને મૂકવામાં આવ્યા છે જેથી આમાં ખોટુ થતું હોય એનું એ ધ્યાન રાખે. વિભાગ દ્વારા અનેક કેસો પણ કરવામાં આવ્યા છે. આજની ૨૦૦૪માં ૭૧૮ કેસો કરવામાં આવ્યા હતા. ૨૦૦૫માં ૬૦૭ કેસો કરવામાં આવ્યા છે એટલે જે કોઈ જગ્યાએ ખોટુ થતું હોય ત્યાં લાઇસન્સ પણ રદ કરવામાં આવે છે. આજની તારીખમાં જે લેન્ડીંગ એકટીવીટીઝ છે એમાં ૧૩(એ)ની નીચે ૫૨૦૪ કેસોની ઈન્કવાયરી કરી છે અને ૩૪૬૦ ડેટર્ન કેસીસ આ વિભાગ દ્વારા કરવામાં આવેલા છે. એટલે આવતા દિવસોમાં પણ કોઈને એવું હેરાનગતિનું પગલું મળે તો મને ચોક્કસ એની જાણકારી આપશો તો ચોક્કસ એના ઉપર પગલાં લેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૦ ટકા ડી.એ. મર્જરની વાત કરવામાં આવી છે એમાં કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કર્યુ, અને ૨૦૦૪-૨૦૦૫ દ્વારા આપવામાં આવ્યું છે. અન્ય રાજયોની સરખામણીમાં જોઈએ તો જે કેન્દ્રએ સૂચન કર્યુ હતું એ સૂચનના આધારે ગુજરાત સરકારે તાત્કાલિક પગલાં લીધાં હતાં અને બને એટલી શકય સુવિધાઓ આપણા કર્મચારીઓને આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એનોમલી કમિટીની વાત કરવામાં આવી, આમાં એન. બી. પટેલ રિટાયર્ડ હાઈકોર્ટના જજ દ્વારા કોન્સ્ટીટયુટ કરવામાં આવી હતી. એનોમલી કમિટીનો રિપોર્ટ ૧૫-૫-૨૦૦૦માં આપવામાં આવ્યો છે, ૭૦૭ પાનાનો આ રિપોર્ટ હતો, કૅબિનૅટ સબ કમિટીની સ્થાપના કરવામાં આવી કે એ આ રિપૉર્ટનો અભ્યાસ કરે અને મને કહેતાં આનંદ થાય છે કે, આ કૅબિનૅટ સબ કમિટીએ ત્રીસ સિટિંગ કરી હતી અને એ ત્રીસ સિટિંગના આધારે તેઓએ જે રિપૉર્ટ આવ્યો હતો એનો અભ્યાસ કર્યો છે અને અભ્યાસ કરીને ૨૫-૫-૦૫ની અંદર એનોમલી કમિટીનો સબ કમિટીની અંદર રિપૉર્ટ ૧૪-૧૧-૦૫ના આવ્યો, આવતા દિવસોની અંદર ટૂંક સમયમાં કૅબિનૅટમાં આવવાનો છે અને અત્યારે આ રિપૉર્ટ કૅબિનૅટમાં જ્યારે આવવાનો છે ત્યારે પાંચ માનનીય મંત્રીશ્રીઓની કમિટી રચવામાં આવી છે અને આવતા દિવસોમાં કૅબિનૅટમાં એને મૂકવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં એસ.ટી. વિભાગની પણ વાત કરવામાં આવી તો એસ.ટી. વિભાગમાં અનેક યોજનાઓ કરવામાં આવી છે. ૫૦ ટકા કન્સેશન મન્થલી ફેરમાં આપવામાં આવ્યું છે અને એના કારણે ખૂબ મોટો લાભ લોકોએ લીધો છે, નવા વાહનો નવા સારા રોડ ઉપર લાવવામાં આવ્યા છે અને જે પહેલાં ૧૩૨૨ વાહનો આપણે ઑફ રોડ કહી શકીએ, આજે એની સંખ્યા ઘટીને ૭૨૨ આવી છે અને આવતા દિવસોમાં એ ઘટીને ૫૦૦ લાવવાના છીએ. નવા ૭૦૦ શિડ્યુલ ઉમેરવામાં આવ્યા છે કે જેથી ગામડાઓને સુવિધા મળે, સારી બસો મળે એ માટે સો લકઝરી બસો, ટુ બાય ટુ બસીસ, પુશબેક સીટ્સ, ડીવીડી પ્લેયર, ઓડિયો વિડિયો પ્લેયર સાથેની જોગવાઈ કરવામાં આવી છે. ૧૨૦૦ વ્હીકલ્સમાં ૫૩૨ નવા વ્હીકલ્સ ઑપરેશનમાં આવી ગયાં છે અને એમાં હજાર મોબાઈલ ફોન સુવિધા સાથેની વ્યવસ્થા આપણે ગોઠવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ સીએનજીની વાત કરી તો આ જ વર્ષમાં, આ નવા વર્ષમાં જે બજૅટ મૂક્યું છે એમાં અહીંયાંથી છેક દક્ષિણ સુધી સીએનજી બસો ચાલે એ રીતે સીએનજી સ્ટેશન સ્થાપવાનું આયોજન કર્યુ છે અને આવતા દિવસોમાં જ્યાં જ્યાં ગેસ ગ્રિડ થશે એ ગેસ ગ્રિડ ઉપર આપણે સીએનજી સ્ટેશન નાખીશું જેથી એસ.ટી. વિભાગને એનો લાભ મળી શકે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ તત્કાલ યોજનાની વાત કરી છે ત્યારે હું માનનીય સભ્યશ્રીને જણાવું કે, આ તત્કાલ યોજના કાઢી ત્યારે આટલી અપેક્ષા ન હતી કે આટલી બધી એક સાથે માગણીઓ આવશે, આ માગણીઓ આવવાનું કારણ એ હતું કે એટલા બધા ચેકડેમો બંધાયા છે એ ચેકડેમોના કારણે પાણીના તળ ઊંચા આવ્યા છે અને એના કારણે ૬૪૫૧૯ અરજીઓ આવી. પહેલા ફેઝમાં ૨૮,૨૩૬ અરજીઓ હાથમાં લીધી છે અને મારે માનનીય સભ્યશ્રીઓને એટલું જણાવવું છે કે ૧૦૨ કેસો એવા બાકી છે કે જેણે પૈસા ચૂકવ્યા હોય પણ એને કનૅક્શન આપી શકાયા નથી. આ ન થવાના કારણોમાં મોટા ભાગે અંદરો અંદર ખેડૂતોના વાંધા હોય છે અને થાંભલાની લાઈન નહીં નાંખવા દેવાના કારણે કે કોર્ટમાં કેસીસ હોય છે એના કારણે બાકી છે. ૧૦૨ કેસીસ છે એવા. જે કોઈ કેસીસ છે એ હું આપને જણાવીશ. (અંતરાય) મારી વાત સાંભળો. આવા ૧૦૨ કેસો છે. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી, એવા કેટલા કેસો છે?

**શ્રી સૌરભ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, કુલ કેટલા કેસીસ છે એજ કહું છું પણ એ જવાબ નથી સાંભળતા. હું ટોટલ જવાબ આપું પછી પ્રશ્ન હોય તો પૂછજો. (અંતરાય) હું જેં કહું છું આ સભ્યશ્રીઓ સમજતા નથી. સાંભળો તો ખરા. માનનીય અધ્યક્ષશ્રી, હું ફરીથી બોલું છું, આખો જવાબ ફરીથી બોલું છું. (અંતરાય) ૬૪,૫૧૯ અરજીઓ આવી હતી, ૨૮,૨૩૬ અરજીઓ પહેલા ફેઝમાં લીધી એમાંથી ૧૬,૭૬૬ કનેકશનો સંપૂર્ણપણે આપી દીધા છે અને ૮,૩૨૮ કનેકશનો રદ થયા છે, એ પાર્ટીએ કર્યા છે. ૧૬,૭૬૬ પૂરા થયા છે અને આજની તારીખમાં ૧૦૨ અરજીઓ એવી છે કે જેણે એસ્ટીમેટ પેડ કરેલ છે પણ આપણે કનેકશનો આપી શકયા નથી એનું કારણ એ છે કે વાંધા-વચકા છે. અને હું આપને ખાતરી આપુ છું કે આવતા દિવસોમાં જે કોઈ તાલુકામાં જે કોઈ વિસ્તારના કનેકશનો હશે એના હું સભ્યશ્રીઓને નામ મોકલી આપીશ આપ આનો ઉકેલ લાવજો હું તાત્કાલિક એને કનેકશનો આપી દઈશ. એમાં બાકીની અરજીઓ ટૂંક સમયમાં ચાલુ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ શ્રી બળવંતસિંહ રાજપુત જે વિગતો લઈને આવ્યા છે એમાં જણાવું કે, એસ.ટી.માં મન્થલી કવાર્ટરલી પાસની આપણે સિસ્ટમ છે એમાં ૫૦ ટકા કન્સેશન કર્યુ છે, પછી ટ્રાવેલ વીકલી સ્કીમ આપણે ગોઠવી છે, ગૃપ બુકિંગ ચાલુ કર્યું છે જેમાં ૫ ટકા ડિસ્કાઉન્ટ આપીએ છીએ અને ચારથી વધારે વ્યકિત હોય, એડવાન્સ બુકિંગ હોય તો એમાં પણ ડિસ્કાઉન્ટ આપીએ છીએ. જે રીટર્ન ટ્રાવેલ બુકિંગ કરે છે એમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ આપીએ છીએ, એમાં પહેલા રીટર્ન ટિકિટ લેવી પડે. એટલે આવી બધી સુવિધાના કારણે અને જે સ્કીમો કરી છે એના કારણે અત્યારે એસ.ટી..માં પેસેન્જરોનો ટ્રાફિક પણ ઘણો બધો વધ્યો છે અને લોડ ફેકટર ૧.૭૫ ટકા એસ.ટી.નો હમણા વધ્યો છે જે આપે ચિંતા કરી છે એ ચિંતામાં ચોક્કસ પ્રજાને સુવિધા આપવા માટે સરકાર તરફથી પૂરેપૂરા પ્રયત્નો કરવામાં આવશે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૧, સન ૨૦૦૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ કલમ-૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

**શ્રી સૌરભ પટેલ (રાજય કક્ષાના નાણામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૧, સન ૨૦૦૬નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી** : સન ૨૦૦૬ના વિધેયક ક્રમાંક-૧૧ ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને વિધેયક પસાર કરવામાં છે. નેકસ્ટ.

# અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

**શ્રી બાબુભાઈ મે. શાહ (રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સન ૨૦૦૬-૦૭ નું અંદાજપત્ર જે આ ગૃહ સમક્ષ લાવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ સરકાર ક્યારેક પંચામૃત લાવે, ક્યારેક વિકાસની વ્યાખ્યા લઈને આવે અને એમાં પણ ક્યારેક એ વંચિતોના આંગણા સુધી જવાની વાત કરે, પરંતુ આ બજેટમાં આવું ક્યાંય દેખાતું નથી. કોઈકે વિકાસનું કામ કર્યુ છે એની ના નથી, પરંતુ બાકીનું બધું અમે જ કર્યુ છે એવો જે હુંકાર આ બજેટમાં એમણે દાખવ્યો છે. સવારે અમારા વિરોધપક્ષના નેતાશ્રીએ ખૂબ વિસ્તારપૂર્વક વાત કરી છે, એને હું દોહરાવીશ નહિ, પરંતુ દશમી પંચવર્ષીય યોજનાનું આ છેલ્લું વર્ષ છે અને એમણે એમ કહ્યું કે, દશમી પંચવર્ષીય યોજનાનો ૪૭ હજાર કરોડ રૂપિયાનો લક્ષ્યાંક અમે પૂર્ણ કરીશું. દશમી પંચવર્ષીય યોજનાના લક્ષ્યાંકની જાહેરાત કરવી, ખર્ચ કરવું અને પૂર્ણ કરવી આ ત્રણ જુદી જુદી બાબતો છે. કેટલીક બાબતોમાં ખાસ કરીને સામાજિક સેવાઓની અંદર ખર્ચ ઓછો થાય છે. આ દશમી પંચવર્ષીય યોજનાનો ઉલ્લેખ કરતા માનનીય મુખ્યમંત્રી, નાણામંત્રીશ્રીએ કહ્યું કે, અમે ૬૮ ટકા આ પ્લાન સાઇઝમાં વધારો કર્યો છે. આમાં નવું શું છે? આઠમી પંચવર્ષીય યોજના અગિયાર હજાર કરોડ રૂપિયાની હતી અને ૧૩ હજાર કરોડ રૂપિયા પૂરી થવાના અંદાજ સામે આપણે નવમી પંચવર્ષીય યોજના અઠ્ઠાવીસ હજાર કરોડ રૂપિયાની મંજૂર કરાવી હતી . તેર હજાર કરોડની સામે અઠ્ઠાવીસ હજાર કરોડ એટલે ૧૦૦ ટકા વધી હતી અને પ્લાનિંગ કમિશને આપણી આ પંચવર્ષીય યોજનામાં એક પણ પૈસાનો કાપ મૂક્યા વગર આ યોજના મંજૂર કરી હતી. મારે યાદ કરવા જોઈએ આ દેશના જાહેર જીવનના માહેર આદર્શ વ્યક્તિ અને અર્થશાસ્ત્રના નિષ્ણાત સદ્‌ગત મધુ દંડવતેજી તે વખતે પ્લાનીંગ કમિશનના ઉપાધ્યક્ષ હતા અને તેમણે નવમી પંચવર્ષીય યોજનામાં જે અભિગમ લેવડાવ્યો ન માત્ર ગુજરાત પરંતુ સમગ્ર દેશને તેની અંદર સામાજિક સેવાઓ માટે જે પ્લાન સાઈઝ વધે તેનું પચાસ ટકા એલોકેશન છે જે સામાજિક સેવાઓ માટે રખાયું હતું. આપણે ૧૩ હજાર કરોડમાંથી ૨૮ હજાર કરોડ, ૧૫ હજાર કરોડમાંથી સાડા સાત હજાર કરોડ રૂપિયા સામાજિક સેવાઓમાં રાખ્યા હતા અને તેને કારણે પીવાના પાણી અને આરોગ્યની બાબતમાં નોંધપાત્ર આપણે તે રકમ મંજૂર કરાવી શક્યા હતા. માત્ર ઉદાહરણ રૂપે આત્મશ્લાઘા નહીં. આઠમી પંચવર્ષીય યોજનામાં પીવાના પાણીને માટે માત્ર ૪૮૦ કરોડની સામે નવમી પંચવર્ષીય યોજનામાં ૩ હજાર કરોડ રૂપિયા આપણે મંજૂર કરાવી શક્યા હતા અને આરોગ્ય સેવાઓની અંદર ૪૦૦ કરોડની સામે એક હજાર કરોડ રૂપિયા આપણે મંજૂર કરાવી શક્યા હતા અને તેને કારણે આજે જે પીવાના પાણીની મુશ્કેલીઓ ઓછી કરવાનો આપણે જે પ્રયાસ કરી રહ્યા છીએ તે દિશામાં આપણે આગળ વધી શક્યા.

પીવાના પાણી માટેની ૭૬૦૦ કરોડ રૂપિયાની જરૂરિયાત સામે નવમી પંચવર્ષીય યોજનામાં ૩ હજાર કરોડ હતા. દશમી પંચવર્ષીય યોજનામાં તેનાથી પણ વધારે મંજૂર થયા હશે, પરંતુ તેમાંથી અમલીકરણ કેટલાંનું થયું. આ પંચવર્ષીય યોજનાના ખર્ચના આંકડાઓ જે છે તે આપણે જો જોઈએ તો ૪૭,૫૭૨ કરોડ રૂપિયાની આપણી આ યોજના અને તેમાંથી દશમી પંચવર્ષીય યોજનાનું આ છેલ્લાં વર્ષમાં જે ખર્ચ કરવાના અંદાજો મુખ્યમંત્રીશ્રીએ ગૃહ સામે મૂક્યા છે તેમાં ૪૩ હજાર કરોડ કરતાં વધારે ખર્ચ થશે નહીં એટલે ૪૫૦૦ કરોડ કરતાં ઓછું ખર્ચ તે ગુજરાતની જે પ્રજા છે આપણો રૅકૉર્ડ છે કે હંમેશા આપણે યોજના મંજૂર કરાવી તેના કરતાં વધુ ખર્ચ કરાવીને એક દાખલો બેસાડીએ છીએ. આ રાજયની અંદર આવકો વધી હોય, ઉદ્યોગીકરણ વધ્યું હોય વાયબ્રન્ટને કારણે અનેક રોકાણ થયું હોય અને વિશ્વની હરીફાઇમાં આપણે જ્યારે ગુજરાતને લઈ જવાની વાતો કરતાં હોઈએ છીએ ત્યારે ગામડાંના છેવાડાના માણસ પાસે રસ્તો, પાણી, વીજળી જેવી પ્રાથમિક સુવિધાઓ આપણી પહોંચાડી શક્યા છીએ ખરાં ? અને પહોંચાડવાની આ બજેટમાં જોગવાઈ કરી છે ખરી ? કેટલાંકમાં તો ઘડિયાળના કાંટા આપણે પાછળ મૂક્યા છે. વોટર હાર્વેસ્ટીંગની અંદર જે વિભાગો છે જ્યાં જામનગર, કચ્છ, ડાંગ આ ટેકનોલોજી મિશને પણ સ્વીકારેલી પાણીની અછતવાળા વિસ્તારો, તેમાં કાંઈ ફેરફારો થઈ જાય અને તેમાં સુરત આવી જાય અને મહેસાણા આવી જાય. મહેસાણા ખૂબ ભાગ્યશાળી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી હોય અને અધ્યક્ષશ્રી આપ પણ હો એટલે પછી તેમાં કંઈ કમીપણું રહે નહીં. નરોત્તમભાઈ પટેલ પોતે સિંચાઈ મંત્રી હોય, નારણકાકા હોય તેના ઉપર કંઈ વરસી પડી છે સરકાર..

**અધ્યક્ષશ્રી** : મારો સમાવેશ ગાંધીનગર જિલ્લામાં થાય છે.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : આ ધોખો નથી કરતા, આનંદ વ્યક્ત કરીએ છીએ. તે છેવાડાના વિસ્તારો તે વિસ્તારોની અંદર પણ ખર્ચ થાય તે ખૂબ જરૂરી છે. સિંચાઈ અને જે પૂર નિયંત્રણ વિભાગના આંકડાઓ આ પંચવર્ષીય યોજનામાં જોઈએ તો તેના ૯ હજાર કરોડ રૂપિયાના અંદાજો પંચવર્ષીય યોજનામાં નક્કી કરેલા અને તેમાંથી ખર્ચ કેટલું થયું? અંદાજો પ્રમાણે ૯૮૬૫ કરોડ થશે પરંતુ તે ખર્ચ શેમાં થશે? સૂજલામ્ સૂફલામ્ યોજનાની અંદર થશે. નર્મદા યોજનાની અંદર થશે. બાકીના નાની સિંચાઈ, મધ્યમ સિંચાઈ, સેઈફ સ્ટેજના આ બધા ક્ષેત્રોની અંદર પણ રાજયભરના દરેક જિલ્લાઓની અંદર સપ્રમાણ વહેંચણી ખૂબ જરૂરી છે અને તે જો થાય તો જ છેવાડાના માણસ સુધી તમે તેને ન્યાય આપી શકો. આ બજેટમાં સપ્રમાણ વહેંચણી કે રીજીયોનલ

બેલેન્સીંગનો કયાંય અભ્યાસ પણ કરવામાં આવેલો નથી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ જે કરજ વધ્યું છે તે અમે વિકાસના કામોમાં.

**અધ્યક્ષશ્રી :** આપનું પ્રવચન ચાલુ રહે છે, વિરામનો સમય થયો છે.

**વિરામ બપોરના ૪-૩૦ થી ૫-૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**શ્રી બાબુભાઈ મે. શાહ : (ક્રમશ:):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ એક સ્પષ્ટતા કરી, કારણ કે ખૂબ કહેવાયું કે રાજયના માથે ૮૧ હજાર કરોડનું કરજ છે. એના માટે એમણે એમ કહ્યું કે ૭૩ ટકા ખર્ચ નર્મદા અને સડકો પાછળ કર્યુ છે. ૮ ટકા ખર્ચ કુદરતી આફતો વગેરે માટે કરજ લેવું પડયું એના માટે છે. માનનીય અધ્યક્ષશ્રી, ૮૧ હજાર કરોડ નહીં, પરંતુ એમણે અંદાજેલો ખર્ચ જે છે એ પણ ૬૭ હજાર કરોડનું કરજ જે છે ને એ ગયે વખતે બજેટેડ એસ્ટિમેટમાં અંદાજવામાં આવ્યું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર ૧૯૯૮ના માર્ચમાં આવી, એ પહેલા રાજયનું કરજ માત્ર ૧૪ હજાર કરોડ હતું. ૧૨ હજાર કરોડ રૂપિયા કેન્દ્ર સરકારનું અને ૨ હજાર કરોડ રૂપિયા આંતરિક દેવું. આજે ૨૦૦૬ની શરૂઆતમાં કરજ વધીને કેન્દ્ર સરકારનું કરજ તો જે છે તે જ છે, એ મર્યાદામાં રહ્યું છે. કારણ કે નાની બચતનું કરજ આંતરિક કરજમાં ગણાય, ત્યારે નાની બચત પેલામાં ગણવામાં આવતું હતું. પરંતુ, ગયે વખતે મેં કહેલું કે આ સરકાર આવી ત્યારથી રોજ ૧૦ કરોડ રૂપિયા drain-out થાય છે. Percolate નહીં. ૨૦૦૦ દિવસમાં ૨૦૦૦૦ કરોડ રૂપિયા percolate, વ્યય થઈ ગયા છે. એની તપાસ સરકાર કરે. ત્યારે મેં કહ્યું હતું કે આ ગૃહના વિરોધ પક્ષના નેતાના નેજા નીચે, એ ન હોય તો ૬૦ ટકા સત્તાધારી અને ૪૦ ટકા વિરોધ પક્ષના ધારાસભ્યોના નેજા નીચે તપાસ કરે કે ખર્ચ થયું છે કે કેમ? બજેટમાં મુખ્યમંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો છે ત્યારે દોહરાવવું છે કે વિકાસના કામોમાં ખર્ચ કર્યો છે, તો ૧૯૯૮ અને ૨૦૦૫ના ડિસેમ્બર સુધી આ ૭ વર્ષની અંદર લગભગ ૪૫ હજાર કરોડ રૂપિયા Capital Expenditure એ બતાવે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે વ્યાજનો ખર્ચ જે છે, એ પણ કેપિટલ expenditure માં બતાવીએ. નર્મદામાં બતાવીએ. એમાં નવું નથી. પણ, એ સાથે રાજયના સેલ્સટેકસ અને વીજવેરો, સ્ટેમ્પ ડયૂટી એ સિવાયની કેટલીક non-tax income જે છે એમાં સતત ઘટાડો થતો જાય છે. ૧૯૯૭ની અંદર માનનીય શંકરસિંહજી વાઘેલાની સરકાર વખતે ઉદ્યોગ ગૃહો જે પાણી વાપરતા, એના ઉપર ૬ રૂપિયા ટેકસ નાંખ્યો. નદીમાંથી અને કેનાલમાંથી પાણી લેતા, એના ઉપર વેરો નાંખ્યો, એ વેરો ભરતા નહોતા. એનો આપણો અધિકાર હતો. એની સામે નામદાર હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં એ ઉદ્યોગપતિઓ ગયા હતા અને છેવટે થાકી, હારીને એ સરકાર સાથે પતાવટ કરવા માટે આવ્યા. ત્યારે ૪ રૂપિયાના ભાવે એ ઉદ્યોગગૃહો ભરવા સંમત થયા. પણ એ એમણે ભર્યો ખરો? માનનીય અધ્યક્ષશ્રી, એમને માટેની Amnesty Scheme લાવવામાં આવી. આ ગૃહમાં કયારેય એ Amnesty Scheme લાવવામાં આવી નથી. એની બહોળી પ્રસિદ્ધિ થઈ નથી. જે મોટા બાકીદારો ૧૨૬ જણાને પત્ર લખીને એ પૈસા ભરે તો વ્યાજ, દંડ વગેરે માફ કરવામાં આવે. એવી રીતે રાજયની આવક વધારવી જોઈએ એને બદલે ઘટાડો કરવામાં આવ્યો છે. માનનીય મુખ્યમંત્રીશ્રી ચોમેર ખુશામતખોરોથી ઘેરાયેલા છે. વાહવાહ થાય એ એમને ગમતું હોય, સાહેબ. બધાને ગમે, મને પણ ગમે, પરંતુ રાજયની પ્રજાના ભોગે એ ન હોય. એટલું મારે એમનું નમ્રપણે ધ્યાન દોરવાનું છે. મુખ્યમંત્રીશ્રી સાથે જૂના સંબંધો છે અને આજે પણ અકબંધ છે. એમના પ્રત્યે કોઈ કડવાશની લાગણી નથી અને એમને પણ અમારા પ્રત્યે નથી, પરંતુ રાજયના હિતની અંદર કેટલીક વાત એમના ધ્યાન પર આપશ્રી મારફત તેમના ધ્યાન ઉપર મૂકવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગના એકના એક અધિકારીઓ પોતાના વિભાગના અધિકારીઓને છાવરતા હોય ત્યારે અને એના કારણે રાજયને નુકસાન થતું હોય ત્યારે અમારે આપની મારફતે તેમનું ધ્યાન દોરવાની ફરજ છે. સિંચાઈ ખાતામાં જે આ બન્યું છે એવું અન્ય વિભાગોમાં પણ બન્યું હશે. સૌરાષ્ટ્રમાં કોઈ ફેકટરી રોજના એક કરોડ લિટર પાણી વાપરે, માનીય રાજયકક્ષાના મંત્રીશ્રીનો વિસ્તાર છે, તેમનો જિલ્લો છે એટલે તેમને ખબર છે કે ૨૫ લાખ લોકાનું પીવાનું પાણી માત્ર એક જ ફેકટરી લઈ જતી હોય અને રાજયની તિજોરીમાં એકપણ રૂપિયો ના ચૂકવે એ કેમ ચલાવી લેવાય? આજની તારીખે પણ છેલ્લા પાંચ વર્ષમાં તેમની પાસેથી પૈસા વસૂલ થયા નથી, અગાઉ ચૂકવતા હતા. પાણીનો દર વધ્યો એટલે ચૂકવતા નથી અને પાણી જોઈતું નથી એમ કહે છે. તો એ પાણી મેળવે છે કયાંથી? એ કોઈ આર્ટિફિશિયલ રેઈનિંગથી પાણી મેળવે છે? ત્યારે તેમને છાવરતા જે અધિકારીઓ છે તેમની માનનીય મુખ્યમંત્રીશ્રી તપાસ કરે અને તેમના જો કોઈ ખુશામતખોરો હોય એમનાથી ચેતતા રહે એટલું જ મારે કહેવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ્ સુફલામ્ યોજનામાં એનો ખર્ચ થાય એમ અમે પણ ઈચ્છીએ છીએ અને એમાં અમને થોડુંક દુ:ખ થાય છે એટલા માટે કે દરિયામાં વહી જતું પાણી એ અમારા કચ્છમાં આપવું જોઈએ અને આ ગૃહમાં માનનીય ચીમનભાઈ પટેલે તે વખતે અમને હૈયાધારણ આપતાં ૧૯૯૩માં નર્મદાની ચર્ચામાં એમ કહયું હતું કે તમામ પાણી હું કચ્છ માટે ફાળવીશ અને વધારાનું પાણી ઉપલબ્ધ હશે તો પણ માનનીય

વિરોધપક્ષના નેતા કેશુભાઈ પટેલ છે તેમની પાસે જાણકારી છે તો તેમની સલાહ લઈને વધારાનું પાણી આપીશું. આની અંદર અમારા માટે એવું ઉભું કરવામાં આવ્યું કે. કચ્છમાં પાણી કયાં સચવાય તેમ છે? અત્યારે એક મિલિયન ઉત્તર ગુજરાતને અને એક મિલિયન સૌરાષ્ટ્રને અને બાકી બચેલું વધારાનું એક મિલિયન એકર ફીટમાંથી પા ભાગ જેટલું પાણી વાપરી શકો નહીં એવી વાતો કરનાર અધિકારીઓ માટે આપનું ધ્યાન દોરવાનું છે કે આ પ્રકારની કચ્છની અવહેલના કરનાર અધિકારીઓને ઓળખવાની જરૂર છે. જયારે નર્મદાનું પાણી ૨૨ મિલિયન એકર ફીટ માગ્યું ત્યારે ૬ મિલિયન એકર ફીટ અને બીજા ૩ મિલિયન એકર ફીટ એમ કરીને ૯ એકર મિલિયન ફીટ પાણી તો એ સાચવવા માટે કેમ તૈયાર હતા અને એના આધારે તો આ નર્મદાની હાઈટ આપણને મળી છે, કારણ કે કચ્છના છેવાડે ૬૦૦ માઈલ લાંબી જો નહેર લઈ જવી હોય તો ૩૬૦ ફીટ એ નહેરની હાઈટને કારણે ૪૩૭ ફીટ આ બંધની ઉંચાઈ આપણને મળી છે. ત્યારે કચ્છને સાવ વિસારે પાડી દીધું છે અને પ્રથમ દિવસે જ માનનીય ધીરૂભાઈ ગજેરાના એક પ્રશ્ન કે કયા કયા વિસ્તારમાં કેટલી નહેરોનું કામ શરૂ થયું છે અને કેટલું કામ પૂરું થયું છે? તો એના જવાબમાં કચ્છમાં બધા જ વિભાગમાં 'શૂન્ય' જવાબ છે. એકપણ કિલામિટરનું કામ ના થયું હોય તો તમારી પાણી આપવાની ઈચ્છા છે કે કેમ એની સ્પષ્ટતા કરો. અમે કહીએ છીએ કે અમને પાણી ના આપી શકતા હોય, ટેકનીકલી એ શકય ના બનતું હોય તો ના આપો, પરંતુ એના બદલે આ વિસ્તારને કોમ્પેનસેટ કરવા માટે અન્ય સિંચાઈ યોજનામાં તો ખર્ચ કરો. માનનીય અધ્યક્ષશ્રી, આપ વળી કહેશો કે બાબુભાઈ આપ કચ્છમાંથી નીકળીને પાછા કચ્છમાં ગયા, પણ મારે નાછૂટકે આ કહેવું પડે છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે અમારા પ્રદેશની આ વિટંબણાઓ છે.

**અધ્યક્ષશ્રી** : આપ, એકલા કચ્છની નહીં, પણ આખા ગુજરાતની વાત કરો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, મારી ફરજ બને છે, સમગ્ર રાજયના વિકાસની એની વ્યાખ્યાની વાતો કરીએ છીએ, પરંતુ જયારે આવી બાબતો બનતી હોય ત્યારે હું આપની મારફત આ ગૃહના નેતાશ્રી માનનીય મુખ્યમંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને બન્ને વિભાગના બજેટમાં મુખ્યમંત્રીશ્રી ઉપરાંત આજે નાણા વિભાગ પણ છે એમની પાસે આ બજેટનો મને જવાબ આપે એમ ઈચ્છું છું અને મેં જે આંકડાની વાતો કરી છે એનો પણ મને જવાબ આપે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના વિકાસની વ્યાખ્યા આપણે સમજવી પડશે. તેમણે વાત કરી કે બંદરોનો વિકાસ કરીએ છીએ, ૧૩૦૦૦ કરોડ રૂપિયાનું ખાનગી રોકાણ થયું છે એ દરિયાકિનારો આપણે વેચી દીધો છે ખરો? હમણાં મને એક અખબારી અહેવાલ ઉપરથી જાણવા મળ્યું કે એક આપણું કન્ટેનર પોર્ટ છે એ વિદેશી પી.એન.એ. કંપનીને વેચવાની અનુમતિ આપેલ છે. આપેલ કે નહીં તેની ખબર નથી, પણ પી.એન.ઓ. કંપનીએ, આખુ દૂબઈ પોર્ટ વર્કસે લઈ લીધું છે. આ દરિયા કિનારો આપણે ૩૦ વર્ષના ભાડા પટ્ટે આપેલ છે, કાયમી ધોરણે વેંચેલો નથી. તો ૧૩ હજાર કરોડ રૂપિયાના રોકાણો થયા હોય તે કઈ રીતના રોકાણો થયા તેના હિસાબ તો આપણને આપે. કારણ કે ૩૦ વર્ષ પછી આ પોર્ટ આપણને પાછું મળે ત્યારે કિંમત સરભર થઈ હોય તો જ મળે, હમણાં કેન્દ્રના મંત્રીશ્રી ત્યાં કંડલા આવેલા ત્યારે એમણે આખો પ્લાન દોરેલો ત્યારે ખબર પડી કે કન્ટેનર પોર્ટ કરવા માટે કેટલો ખર્ચ થાય, જેટી કરવા માટે કેટલો ખર્ચ થાય, અને તેના ઉપરથી જે ધારણા મળી ત્યારે આ પોર્ટ માટે કેન્દ્ર સરકારને જે ખર્ચ થાય છે તેના કરતાં ૩ થી ૪ ગણો ખર્ચ આ પ્રાઈવેટ developers લોકો બતાવે છે, તેથી તેના હિસાબો લેવા જોઈએ. જો તે નહીં લઈએ તો આવતા દિવસોમાં દરિયા કિનારે દરેક ઠેકાણે તો પોર્ટ થઈ શકવાના નથી, જયાં પાણી ઉંડા હોય, તે ઠેકાણે જ પોર્ટ થઈ શકે, અને સદનસીબે ૧૬૦૦ કિલોમીટર લંબાઈનો દરિયા કિનારો ગુજરાતને મળ્યો છે અને નવલકથાકાર ગુણવત્તભાઈએ એમ લખ્યું હતું કે ગુજરાતનો દરિયો એ હાઈવે જેવો છે, શાંત દરિયો છે. વર્ષમાં દસ મહિના સુધી તમે તેના ઉપર યાતાયાત, વેપાર કરી શકો છો. ભારતમાં બધે ઠેકાણે આવો દરિયો નથી. એટલે કિનારાના જે બંદરો છે તેના વિકાસ માટે ૧૭૦ કરોડની જોગવાઈ મેરીટાઈમ બોર્ડના બંદરો હોય તેના માટે રાખલી છે. પ્રાઈવેટ બંદરો જયારે ૧૩ હજાર કરોડનો વિકાસ કરે ત્યારે આપણે આપણા ૮૪ બંદરો વાવટા વાળા છે. અગાઉ સુરતનો ૮૪ બંદરોનો વાવટો કહેવાતો હતો તેના માટે વિકાસ માટે માત્ર ૧૭૦ કરોડ રૂપિયાની જ જોગવાઈ રાખવામાં આવે, અને મેરી ટાઈમ બોર્ડ પાસે જો પુરતા પ્રમાણમાં ભંડોળ હોય તો આ બંદરો મેરી ટાઈમ બોર્ડ શા માટે નથી વિકસાવતું? મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું કે રસ્તાની અંદર અને નર્મદામાં, રસ્તાઓ તો આપણે બી.ઓ.ટી.ના ધોરણે કરીએ છીએ, રાજયનું આપણું સ્ટેટ હાઈવે ઓર્ગેનાઈઝેશન છે તેને કોન્ટ્રાકટ આપણે બી.ઓ.ટી.ના ધોરણે આપીએ છીએ, માત્ર રસ્તા રિપેરીંગ માટે પણ કેન્દ્ર સરકાર તરફથી પૈસા મળે છે. આજે સવારે કહ્યું હતું કે કેન્દ્ર સરકાર તરફથી ફાળવણી થાય છે એમાં જોઈએ તો એન.ડી.એ. સરકાર વખતે માત્ર ૧૮૦૦ કરોડ રૂપિયાની ફાળવણી થતી હતી. એટલા માટે કે મહારાષ્ટ્ર અને ગુજરાત આ બન્નેનું ધોરણ નકકી કરવામાં આવેલ હતું. આપણી આવક ખૂબ થતી હતી. આજે પણ આનાથી વધુ ફાળવણી યુ.પી.એ. સરકારે કરી છે અને ૪૦૫૩ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આપણે ૩૮૦૦ કરોડ રૂપિયા અંદાજપત્રમાં ધારેલ હતા તેના કરતાં પણ વધારે ફાળવણી થઈ છે. પણ ડેલપમેન્ટ સ્ટેટની વ્યાખ્યામાં આવતું હોવાથી મહારાષ્ટ્ર અને ગુજરાતને આ રકમની ફાળવણી ઓછી થાય છે, અને ૪ ટકા ફાળવણી થવાને બદલે ૨ ટકા જ એલોટમેન્ટ થઈ રહ્યું છે. પૂર્વ

નાણા મંત્રીશ્રીને ખબર છે કે ૧૨માં નાણા પંચ સમક્ષ ગુજરાતના તમામ લોકોની અસરકારક રજૂઆતોના કારણે એમણે કહ્યું કે તમે ગુજરાતના હિતોને જૂઓ છો, એમાં મધુસુદન મિસ્ત્રી, અરવિંદભાઈ સંઘવી અને મને મોકલવામાં આવેલ હતા. અને અમે રજુઆતો કરી હતી ગુજરાતની પ્રજાની જે મુશ્કેલીઓ છે અને અહીં જે કુદરતી આફતો આવે છે, જે કોઈ સરકાર હોય પણ તેનું દેવું છે તે કરજનું વ્યાજ કેન્દ્ર સરકાર ભરે અને વધુ પૈસા આપે અને તેનો પાર્ટલી સ્વીકાર કરવામાં આવેલો છે. અને તેના કારણે આપણી યોજનાઓ આગળ વધારવામાં સાનૂકુળતા થઈ છે.

**અધ્યક્ષશ્રી** : બસ હવે ઘણો સમય થયો.

**શ્રી બાબુભાઈ મે. શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, બે જ મિનિટ લઈશ. રાજયના હિતોની વાત કરવાની હોય ત્યાં અમે હકરાત્મક અભિગમ લઈએ છીએ. રાજયના પૈસા વેડફાઈ જતા હોય ત્યારે કહેવું પડે. પ્રવાસનની વાત કરવામાં આવી છે. ધોળાવીરા જેવું પ્રવાસન ધામ હોય તો તેના માટે બજેટમાં ફાળવણી કરવી જોઈએ, ઉદ્યોગ મંત્રીશ્રીને હું કહું કે ત્યાં જવા માટે ભચાઉ થી સીધેસીધો રસ્તો રાજય સરકાર બનાવી દે તો સવારે જઈ અને સાંજે પાછા આવી જવાય, અને વિશ્વ વિખ્યાત એવું ધોળાવીરા, જે પાંચ હજાર વર્ષ જૂની સંસ્કૃત્તિ છે વિશ્વમાં જેને monument તરીકે સ્વીકારવામાં આવેલ છે ત્યાં લોકો જઈ શકે. આવી વસ્તુનો વિકાસ કરવો જોઈએ તેના બદલે માત્ર ઉત્સવો કરવામાં આવે છે.

**શ્રી નરેન્દ્રસિંહ મા. જાડેજા (અબડાસા)**: માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઊભો થયો છું.

આ સન્માનનીય ગૃહના તમામ સભ્યશ્રીઓની અંદાજપત્ર પરની ચર્ચા એકદમ શાંતિથી હું સાંભળતો હતો અને આ અંદાજપત્ર ઉપરની ચર્ચાની જ્યારે શરૂઆત થઈ, વિરોધપક્ષના નેતાએ જ્યારે અંદાજપત્રની ચર્ચાની શરૂઆત કરી ત્યારે થોડીક ક્ષણો માટે મને એમ થયું કે આપણે આંધ્ર પ્રદેશની વિધાનસભામાં બેઠાં છીએ કે ગુજરાતની વિધાનસભામાં? આ આંધ્ર પ્રદેશના બજેટ ઉપર ચર્ચા થાય છે કે ગુજરાતના બજેટ ઉપર ચર્ચા થાય છે. વધારે પડતો સમય આંધ્ર પ્રદેશના બજેટ ઉપરની ચર્ચાઓની અંદર ગયો. જે રાજયની અંદર બેઠા છીએ અને જે રાજયનો અત્યારે હરણફાળ વિકાસ થઈ રહ્યો છે તો એના માટેની ચર્ચા આ સન્માનનીય ગૃહની અંદર થવી જોઈએ. ગુજરાત રાજયની પ્રજાએ આપણને અહીંયા આ ગુજરાત રાજયના વિકાસ માટેની ચર્ચા કરવા માટે ચૂંટીને મૂક્યા છે. ઘણી બધી બીજી ચર્ચાઓ અહીંયા થઈ. મારા મુરબ્બી સિનિયર બાબુભાઈ મેઘજીભાઈ શાહ બોલ્યા, કચ્છની ઘણી બધી વાતો કરી છે. હમણાં એમણે પ્રવાસનની વાત કરી છે. હું પણ પ્રવાસન ઉપરથી જ શરૂ કરવા માગું છું.

રાજય સરકારે આ વર્ષ ૨૦૦૬ને પ્રવાસન વર્ષ તરીકે જાહેર કર્યુ છે. આ પ્રવાસન વર્ષની અંદર ૧૦૦ કરોડની જોગવાઈ બજેટની અંદર કરવામાં આવી છે. આ ૧૦૦ કરોડની જોગવાઈ છે ત્યારે આ સન્માનનીય સભાગૃહને હું કહીશ કે સમગ્ર રાજયની અંદર પ્રવાસન તરીકે જો કોઈપણ વધારેમાં વધારે પ્રવાસીઓને આકર્ષી શકે એવો કોઈ જિલ્લો હોય તો એ કચ્છ જિલ્લો છે. કચ્છ જિલ્લાની અંદર મોટો જબરજસ્ત સમુદ્ર કિનારો છે. હમણાં જ માનનીય બાબુભાઈએ કહ્યું એમ પાંચ હજાર વર્ષ જૂની ધોળા વીરા અને હડપ્પન સંસ્કૃતિ છે. કોઈ જગ્યાએ ન જોઈ શકાય તેવું એકજ જગ્યાએ લખપતના કિલ્લા ઉપર ઊભા રહીને એકબાજુ સમુદ્ર જોઈ શકીએ અને બીજી બાજુ રણને પણ જોઈ શકીએ. આ કચ્છનો કાળો ડુંગર હોય ધીર્ણોદ્ધર હોય, નારાયણ સરોવર, કોટેશ્વર તીર્થધામ હોય, માતાનો મઢ, હાજીપીર, પીંગળેશ્વરનો સમુદ્ર કિનારો હોય કે માંડવીનો સમુદ્ર કિનારો હોય, કચ્છની અંદર આવતા પક્ષીવિદો કયાંયને કયાંથી વિદેશોમાંથી પક્ષીઓને જોવા માટે અહીંયા આવે છે. હું રાજય સરકારને પણ કહીશ કે આટલી બધી શકયતાઓ છે. તો એના માટેનું વ્યવસ્થિત આયોજન કરીને કેમ વધારેમાં વધારે પ્રવાસીઓ કચ્છની અંદર આકર્ષી શકીએ એનું વ્યવસ્થિત આયોજન એ માટે રાજય સરકાર વિચારી રહી છે ત્યારે તેને ખૂબ ખૂબ અભિનંદન આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, જે વિસ્તારમાંથી હું આવું છું એ અબડાસા વિસ્તારમાં જખૌ એક મોટું બંદર આવેલું છે. તેમાં એક એવી શક્યતા છે કે ત્યાં ફક્ત બે કે ત્રણ કિલોમીટરની બોટીંગની વ્યવસ્થા કરવામાં આવે તો સારામાં સારા પ્રવાસન સ્થાન તરીકે તેનો વિકાસ થઈ શકે તેમ છે. કચ્છ જિલ્લાના છ પ્રવાસનધામો રાજય સરકારે જાહેર કર્યા છે. એ છ પ્રવાસનધામોનો પણ વિકાસ થાય અને પ્રવાસીઓને આકર્ષીએ. આ પ્રવાસન વર્ષ નિમિત્તે કચ્છના લોકોએ નક્કી કર્યું છે. કચ્છના કચ્છીઓ દુનિયાભરમાં પથરાયેલા છે. કચ્છના લોકો અષાઢી બીજને કચ્છનું નવું વર્ષ માને છે. આ અષાઢી બીજના દિવસે કચ્છમાં આ કાર્યક્રમ નીચે એક લાખ કરતાં વધારે કચ્છીઓ કચ્છમાં આવવાના છે. આ પ્રવાસન વર્ષ જાહેર કરવાને કારણે, આ રાજય સરકારની આ નીતિને કારણે આનો લાભ મળશે અને તેમાં અમે નક્કી કર્યું છે કે જે પ્રવાસીઓ આવશે તેને કહીશું કે આ વર્ષે તમે એકલા આવ્યા તો આવતા વર્ષે તમે પરિવાર સાથે આવજો. તેના પછીના વર્ષે અન્ય રાજયોના લોકોને લઈને આવજો. તેના કારણે પ્રવાસનને મોટું બળ મળશે.

ઉદ્યોગોની જો વાત કરું તો આજે કચ્છમાં અને સમગ્ર રાજયમાં હજારો કરોડના ઉદ્યોગો આવી રહ્યા છે. મારે એ કહેવું છે, હમણાં ઘણી વાતો થઈ, ઘણી ટીકાઓ પણ થઈ કે ફક્ત ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ થયું છે એવું નથી. અમે કહીએ છીએ કે પહેલાંની સરકારમાં પણ થયું હશે પણ આ જેટ યુગમાં જે ઝડપથી અત્યારે ઔદ્યોગિક દ્રષ્ટિએ આ રાજય પ્રગતિ કરી રહ્યું છે એટલી ઝડપ કયારેય પણ ભૂતકાળમાં થઈ નથી. ૪૫-૪૫ વર્ષ સુધી આ દેશ ઉપર શાસન કોનું હતું? ત્યારે પણ આ રાજયની અંદર આ બધી પોટેન્શીયાલીટી હતી. તેના માટે ૪૫ વર્ષનો સમય અતિ ઘણો સમય છે. ૧૯૯૫થી કરીને આજ સુધી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ ઉદ્યોગોને ફક્ત હિંદુસ્તાનમાંથી નહીં, વિશ્વમાંથી ઉદ્યોગકારોને ગુજરાત તરફ વાળ્યા છે. આ ઉદ્યોગો અહીં આવવા માટે કેમ આકર્ષાયા? પહેલાં કેમ નહોતા આવતા? તેના પણ કારણો છે. ઉદ્યોગોને અહીં આવવા માટેનું પહેલાં કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર નહોતું. ઈન્ફ્રાસ્ટ્રકચરનો કોઈ વિચાર કરવામાં આવતો નહોતો. ભારતીય જનતા પાર્ટીની સરકારે એ ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કર્યું, તેને આકર્ષ્યા. તેના માટે માર્ગ અને મકાન વિભાગ, બંદરોનો વિકાસ, ઈલૅક્ટ્રીસીટી, પાણીની વ્યવસ્થા આ તમામ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ થઈ છે. માટે આ ઉદ્યોગો આ રાજય તરફ વળ્યા છે. તેના માટેની દીર્ઘદ્રષ્ટિ હતી ભારતીય જનતા પાર્ટીના આગેવાનો પાસે, ભારતીય જનતા પાર્ટીના નેતાઓ પાસે. ભારતીય જનતા પાર્ટીના નેતાઓમાં પછી તે કેશુભાઈ હોય, સુરેશભાઈ હોય કે માનનીય નરેન્દ્રભાઈ મોદી હોય. તેમની દીર્ઘદ્રષ્ટિના કારણે આ મૂડીરોકાણો ગુજરાતમાં આવ્યાં છે.

આજે વીજળીની વાત પણ અહીં ઘણાં બધાએ કરી. આના પહેલાં ૧૯૯૫ પહેલાંની પરિસ્થિતિ શું હતી તેના તરફ આપણે થોડો દ્રષ્ટિપાત કરવો જોઈએ. આપણે પાવર ઉત્પન્ન જ ન કર્યો. જેના કારણે આજે પણ કદાચ મુશ્કેલી પડતી હોય તો એના માટે ભૂતકાળનું શાસન જવાબદાર છે. પાવરનું ઉત્પાદન ન કરીએ તો રાતોરાત ઊભો નથી થઈ જતો. હું રાજય સરકારને અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના અંદાજપત્ર પરના પ્રવચનમાં કહ્યું કે કેન્દ્ર સરકાર, રાજય સરકાર અન્ય રાજય સરકારોની સાથે સંલગ્ન કંપનીઓ સાથે મળીને ૪૦૦૦ મેગાવોટનો એક મેઘા પ્રોજૅકટ આ ગુજરાતમાં આવ્યો છે અને ગુજરાતમાં ખાસ કરીને કચ્છની અંદર, મુન્દ્રાની અંદર સ્થાપવામાં આવ્યો છે, એના માટે હું રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. જબરજસ્ત આયોજન અને આ પાવર પ્રોજૅકટ પાનન્ધ્રોની અંદર ઊભા થશે. અત્યારે જી.એમ.ડી.સી. દ્વારા પાવર પ્રોજૅકટ ઊભો થાય છે. જી.એમ.ડી.સી. દ્વારા પાવર પ્રોજૅકટનું કામ ચાલુ છે. આ બધા આયોજનોને કારણે ગુજરાત તરફ રોકાણો આકર્ષાય છે. મારે એક બીજી વાત કરવી છે. પાણીની સમસ્ય ઉદ્યોગો માટે જટિલ છે. પણ આજના યુગમાં આને સરળ કરી શકાય તેમ છે. ડીસેલીનેશન પ્લાન્ટ ઉદ્યોગો કરે, આ પ્લાન્ટ ઊભો કરે, રાજય સરકાર આના માટેની કોઈ વ્યવસ્થા કરે તો ડીસેલીનેશન પ્લાન્ટો દ્વારા આપણે ઉદ્યોગોને પાણી પૂરું પાડી શકીએ. આ દિશામાં મારું સરકારને સૂચન છે કે, રાજય સરકાર ડીસેલીનેશન તરફ આગળ પણ આગળ વધે તો ઘણા બધા ઉદ્યોગ ગૃહોને પાણીની જે કોઈ મુશ્કેલીઓ પડતી હશે એનું નિરાકરણ કરી શકીશું. એસ.ઈ.ઝેડની અંદર પણ અનેક ઉદ્યોગો આજે આવે છે, ડેવલપ થાય છે. તો મારે એની અંદર પણ એક સૂચન કરવું છે કે, એસ.ઈ.ઝેડની અંદર જે ઉદ્યોગો આવે એનું ઝોનીંગ થવું જોઈએ અને તાલુકાનું સમાન રીતે ડૅવલપીંગ થાય એ દિશામાં રાજય સરકાર વિચારે એવું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની જો હું વાત કરું તો ખરેખર આજે કહેવાની ખાતર નથી કહેતો. સમગ્ર દેશની અંદર માર્ગ અને મકાન વિભાગના રસ્તાઓની ચર્ચા થઈ રહી છે, અન્ય રાજયો એની ચર્ચા કરી રહ્યા છે. આજે આ દેશમાં આ ઝડપી યુગની અંદર આટલા વિશાળ રસ્તાઓ ફૉર લેનીંગ હોય કે, એકસપ્રેસ વે હોય. મારા મિત્રોએ ઘણી વાતો કરી કે આ તો કેન્દ્ર સરકાર કરે છે, આ તો કેન્દ્ર સરકારના છે. એ કઈ કેન્દ્ર સરકારે યોજના આપી? એન.ડી.એ.ની સરકારની અંદર પ્રધાનમંત્રી સડક યોજના આવી. આ દેશને ચારેય દિશાએથી જોડવાની વાત માનનીય ભૂતપૂર્વ વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઈના સમયમાં આવી. એનાથી પહેલાં કેન્દ્રમાં અને રાજયમાં સરકાર કૉંગ્રેસની હતી. આ દિશામાં કૉંગ્રેસના મિત્રોએ શા માટે વિચાર ન કર્યો? આ એન.ડી.એ.ની સરકારની યોજનાઓ છે. સરકાર તો બદલાતી રહે છે અને એનો અમલ કરાવે એટલે આ આપણે કર્યુ છે એ આપણા નામે ચડાવી શકીએ નહીં. અહીં વિરોધ પક્ષના નેતાએ કીધું કે આ તો આપણા નામે આ સરકાર ચડાવે છે. આ અમારી સરાકારે કરાવ્યા છે ત્યારે મારે એ કહેવું છે કે આ પણ તમે તમારા નામે ન ચડાવો. રૅકર્ડ જુઓ, આ એમને રેકર્ડ જોવાની હું વાત કરુ છું. એ રીતે આ રાજયની અંદર કરોડોના રસ્તાના કામ, કિસાનપથ, પ્રગતિપથ, વિકાસપથ એની અંદર ૪૩૨ કરોડ રૂપિયામાં ૩૦૪૪ કિલોમીટરના કામો હાથ પર લેવામાં આવ્યા છે.

કૃષિક્ષેત્રની વાત કરું તો અહીં કિસાનોની ઘણીબધી વાતો કરવામાં આવી, કિસાનોની ચિંતા પણ ઘણા બધા લોકોએ કરી છે એ ભૂતકાળમાં કરી હોત તો વધારે સારું રહ્યું હોત. હું માનનીય કૃષિ મંત્રીશ્રીને ખૂબખૂબ અભિનંદન આપીશ કે કૃષિક્ષેત્રની અંદર વૈજ્ઞાનિકઢબે આ ખેતીને કેમ આગળ વધારવી એના માટેનું ગુજરાતના કિસાનોને એમણે પૂરેપૂરું માર્ગદર્શન પૂરું પાડયું છે જેના કારણે કૃષિ ઉત્પાદનની અંદર વધારો પણ આપણે કરી શકયા છીએ. બાગાયત ખેતી ઉપર પહેલા પૂરતું દુર્લક્ષ સેવાતું હતું. આજે બહુ મોટા પ્રમાણની અંદર કચ્છ

જેવા સૂકા જિલ્લામાં કે જ્યાં અવારનવાર દુષ્કાળ પડે છે એ કચ્છ જિલ્લાની અંદર પણ આજે બાગાયત ખેતી તરફ કચ્છના કિસાનો વળ્યા છે અને કચ્છનો કિસાન આજે સારામાં સારી કેસર કેરી, ઔષધિય ખેતીનું અને ઘણા બધા ક્ષેત્રની અંદર ઉત્પાદન કરી કૃષિક્ષેત્રની અંદર આ રાજયે પ્રગતિ કરી છે. સોઈલ હેલ્થ કાર્ડ, આ માટીનું પરીક્ષણ કરીને કિસાનને એ સમજાવવામાં આવે છે કે તમારી જમીનનો જે પ્રકાર છે એની અંદર તમે આ વાવશો તો એનાથી વધારે સારું ઉત્પાદન લઈ શકશો. આજે ડ્રીપ સિંચાઈ પણ ઘણીબધી આગળ વધી છે. આજે કિસાનોને મોટામાં મોટો જો કોઈ ફાયદો આજે એક સરળતાથી મળ્યો હોય તો કિસાન વિકાસ પત્ર દ્વારા મળે છે અને આજે બેંકો દ્વારા આ કિસાન વિકાસ પત્રથી કિસાનોને ખૂબ મદદ કરવામાં આવે છે. ખેતી અને પશુપાલન બેયને સાથે જોડીને આજે પશુપાલનની અંદર પણ કેમ પશુપાલકો આગળ આવે એના માટેનો વિચાર પણ આ સરકારે કર્યો છે. રાજયની સહકારી પ્રવૃત્તિઓની અંદર પણ ઘણુંબધું પરિવર્તન આવ્યું છે. પહેલાની જે સહકારી પ્રવૃત્તિઓ હતી એ અમૂક લોકોના સકંજાની અંદર હતી એને પ્રાઈવેટ લિમિટેડ કંપની બનાવી દીધી હતી. એમાં આ રાજય સરકારે ઘણોબધો સુધારો કરીને આજે આ રાજયની ૫૮હજાર કરતાં પણ વધારે સહકારી મંડળીઓની અંદર ૩૦ ટકા જેટલી પ્રજા આજે એના સભાસદ તરીકે છે. થોડુંક મારે સિંચાઈ માટે બોલવું છે. અહીં હમણાં સૂજલામ્ સૂફલામ્ યોજનાની વાત થઈ, સિંચાઈની વાત થઈ, કચ્છ જિલ્લો એ રાજયનો ૨૩ ટકા વિસ્તાર છે. છેવાડાનો વિસ્તાર છે. કચ્છ જિલ્લામાં આ સુજલામ્-સુફલામ્ યોજનાની અંદર ૧૯૦ કરોડના ખર્ચે ટાઈડલ રેગ્યુલેટરીની કામગીરી હાથ ઉપર લીધી છે. દરિયાનો ક્ષાર ઘણા વર્ષોથી આગળ વધી રહ્યો છે.

**અધ્યક્ષશ્રી** : નરેન્દ્રસિંહભાઈ, આપનું પ્રવચન પૂરું થયું. માનનીય છબીલભાઈ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ (માંડવી)** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે મુખ્યમંત્રીશ્રી બજૅટ લઈને આવ્યા એના અંદર હું સાંભળતો ગયો, સાંભળતો ગયો તો મને કચ્છના એ શ્યામજી કૃષ્ણવર્મા યાદ આવ્યા. મને એમ હતું કે શ્યામજી કૃષ્ણવર્મા માટે જ્યારે આટલો બધો રાજકીય લાભ ઉઠાવ્યો છે અને છેલ્લે માંડવી મત વિસ્તારમાં શ્યામજી કૃષ્ણ વર્માના અસ્થિ લઈને આવવાના હતા ત્યારે ખુશી થઈ કે વાહ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને આ યાદ આવ્યું કે શ્યામજી કૃષ્ણવર્માને લઈને આવ્યા. શ્યામજી કૃષ્ણવર્મા માટે તેઓ બોલ્યા હતા કે એમનું એક મ્યુઝિયમ બનાવશે. મને ખ્યાલ છે એ જ્યારે હિંમતનગરની મિટિંગમાં નીકળ્યા અને માંડવી મિટિંગમાં મુખ્યમંત્રીશ્રી બોલ્યા. એ રીતે બોલ્યા કે જ્યારે હું જીનીવાની અંદર પ્લેનમાંથી ઉતર્યો અને ધરતી ઉપર પગ મૂક્યો ત્યારે મારા આખા શરીરમાં ઝણઝણાટી થઈ ગઈ હતી.

**અધ્યક્ષશ્રી** : પ્લીઝ, નો, નો. કોઈની મિમિક્રી ન કરાય.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે અમે ત્યાં ગાડી હંકારીને ગયા, ત્યાં જઈને જોયું તો સામે એરકન્ડીશન હોલમાં જ્યારે મેં પગ મૂક્યો ત્યારે સામે અસ્થિમાંથી અવાજ આવેલો કે આવો નરેન્દ્ર મોદી સાહેબ, આવો. આટલા વર્ષ પછી કોઈ ભારતના સપૂતને યાદ કરી તેને લેવા આવ્યા છો. મને આનંદ થયો. ખુશ થઈને ધીરે ધીરે પગલે ગયો અને અસ્થિને મારા ખભે મૂક્યા અને અસ્થિ કાંધની નજીક આવ્યા ત્યારે અવાજ આવ્યો, ભારત માતાની જય, ભારત માતાની જય. ત્યારે મને એમ થયું કે એમનું એક મ્યુઝિયમ બનશે કે જેમણે વિદેશની ધરતી ઉપર આ લડત ચલાવી અને આઝાદી અપાવી. પણ હવે તકલીફ છે કે માંડવીમાંથી હું જ્યારે ગાડી લઈને પસાર થાઉં છું ત્યારે મારી પાછળ અવાજ આવે છે કે, માંડવીના ધારાસભ્ય છબીલભાઈ ઊભા રહો. હું ઊભો રહ્યો ત્યારે પાછળથી અવાજ આવતો હતો, છબીલભાઈ માંડવીના ધારાસભ્ય તમે વિધાનસભામાં જાઓ તો મારો એક સંદેશો આપજો કે, હવે એટલો સંદેશો મુખ્યમંત્રીશ્રીને આપજો કે મારા ઘેર મને આ પરિસ્થિતિમાં રાખવાનો હોય, બાજુમાં કૂતરા બેસે છે, કબૂતર હગાર કરે છે, ચોમાસામાં વરસાદ પડે છે, તો એના કરતાં મને ત્યાં એરકન્ડીશનમાં પાછો મોકલી દો. આ બજૅટમાં જોગવાઈ કરી હોત તો જઈને કહી શકતો કે આપના મુખ્યમંત્રીશ્રી તમારી કદર કરી છે પણ મને એની અંદર દેખાયું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે એન.ડી.એ.ની સરકાર હતી ત્યારે એરપોર્ટ હતું એના માટેની જ્યારે માગણી કરી હતી કે એરપોર્ટનું નામ શ્યામજી કૃષ્ણવર્મા નામ આપે. એ સરકાર બદલાઈ ગઈ અને કોંગ્રેસની સરકાર આવી. એના પછી ઝંડો લઈને ઉપડ્યા કે શ્યામજી કૃષ્ણવર્માનું નામ આપો. અત્યારે યાદ આવ્યું? જ્યારે તમારી સરકાર હતી ત્યારે કેમ યાદ ન આવ્યું? (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : છબીલભાઈ, એક વાક્ય આ બજૅટની બુકમાંથી નથી આવ્યું. મારે બેસાડી દેવા પડશે. હું બેસાડી દઈશ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : બજૅટ પર માતૃભાષા.

**અધ્યક્ષશ્રી** : હું બેસાડી દઈશ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : આ જે ગુજરાતી માતૃભાષા છે, એમ આદિવાસી એરિયામાં.

**અધ્યક્ષશ્રી** : એક શબ્દ બજૅટનો નથી બોલ્યા. બજૅટ બહાર નહિ ચાલે પ્લીઝ..

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : આખો સબ્જેકટ શિક્ષણને લગતો છે. જ્યારે શિક્ષણ ખાતાની અંદર ભરતી કરવામાં આવે ત્યારે મારે અમે કહેવું છે કે માતૃભાષા જે હોય, નાનું બાળક જ્યારે પહેલા ધોરણમાં ભણવા જાય ત્યારે તેની માતા જે ભાષા બોલતી હોય તે ભાષા તેણે સમજવી પડે, તો મારે ખાસ કહેવું છે કે કચ્છ અને આદિવાસી એરિયાની અંદર શિક્ષકની ભરતી કરવામાં આવે છે ત્યારે એની માતૃભાષા જાણતા હોય એ શિક્ષકની ભરતી કરવામાં આવે, ત્યારે જે તે શિક્ષક એના માટે કહે છે કે બીજા એરિયામાં શિક્ષકની ભરતી કરવામાં આવે ત્યારે શિક્ષાત્મક પગલા લેવાના હોય તેમ કચ્છમાં ભરતી કરી હોય ત્યારે નીચેનો કાગળ હોય કે મને મારી જગ્યાએ સાબરકાંઠા કે જે પણ હોય ત્યાં ટ્રાન્સફર કરી આપજો. શિક્ષક જ્યારે રિટાયર થાય છે ત્યારે એ જગ્યા ત્યાં ખાલી પડે છે અને બહારથી આવેલા હોય એટલે એ ત્યાંથી શીફટ થઈને પોતાના વતન જતા રહે છે એટલે કચ્છની અંદર શિક્ષકની એ જગ્યા ખાલી રહે છે. બજૅટની અંદર વ્યવસ્થા કરવામાં આવી હોત કે જેને માતૃભાષા આવડતી હોય તેવા શિક્ષકની ભરતી કરવામાં આવે.

**અધ્યક્ષશ્રી** : કઈ ભાષા બોલો છો, બોલવામાં સહેજ ધ્યાન રાખો. જે બોલો છો એમાં ગમે તેવું બોલો,

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : એસ.ટી. બસની અંદર (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : કઈ ભાષામાં આવે છે શિક્ષક? પૂરું કરો, પ્લીઝ.

**શ્રી છબીલભાઈ ના. પટેલ** : આ એસ.ટી.બસ પર લખ્યું હતું "બસની સવારી સલામત સવારી" પણ મને લાગે છે કે સરકારે એની અંદર ઉમેરી દે. " બસની સવારી સલામત પહોંચે ના પહોંચે એની જવાબદારી તમારી" તો કદાચ વધારે સારું લાગ્યું હોત. બીજું, એક મિલિયન એકર ફીટ પાણી આપવા માટેનો જે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યા પછી એમાં સૂજલામ્ સુફલામ્ હોય કે એક મિલિયન એકર ફીટ પાણી કચ્છને આપવાનું હતું એની અંદર વહીવટી મંજૂરી આપવાની છે એ પણ નથી આપી અને આજ સુધી એના માટે બજૅટમાં કોઈ જોગવાઈ નથી. એક મિલિયન એકર ફીટ પાણી કઈ રીતે આપે તેની કોઈને ખબર નથી. ખાલી કોણી પર ગોળ હોય એવું મને લાગે છે.

**અધ્યક્ષશ્રી** : એવું બજૅટમાં ના હોય. આ મંજૂરી કોને આપવી એવું ના હોય. બેસી જાવ ચાલો નેકસ્ટ. ગોરધનભાઈ.

**શ્રી ગોરધનભાઈ પ્રા. ઝડફિયા (રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ અંદાજપત્ર ૨૦૦૬-૦૭ અહીં સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કર્યું છે. એને સમર્થન આપવા અને આ બાબતમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉપસ્થિત થયો છું. આ ગૃહમાં છેલ્લા ૧૦ વર્ષમાં ૧-૨ વર્ષ છોડીને લગભગ ૮-૯ વર્ષ જેટલા સમયમાં ભા.જ.પા.ની સરકારે વિકાસની યાત્રાની શરૂઆત કરી છે. આગળના આંકડામાં તો નહીં જઉં પણ છેલ્લા ચાર વર્ષના બજેટમાં નવા કર નાખવાનું ભારણ હતું એ ધીરેધીરે ઘટયું છે અને યોજનાનું કદ ૨૦૦૩-૦૪માં ૭૮૬૦કરોડ હતું એ ૨૦૦૬-૦૭માં ૧૨૫૦૩કરોડ અંદાજયું છે. જે રીતે વિરોધ પક્ષના અને અમારા પણ સભ્યશ્રીઓને આ ચર્ચામાં હું એટલા માટે થોડું કહેવા માગું છું કે જયારે રાજયના વિકાસની રૂપરેખા સમું બજેટ રજૂ થાય ત્યારે આ સન્માનનીય સભાગૃહમાં ગુજરાતનો વિકાસનો નકશો કેવી રીતે પ્રતિનિધિએ મૂકવો જોઈએ. એક સરસ મઝાની બુક હું વાંચતો હતો. Enlightened Citizenship and our Democracy which is written by Shri. Ranganathan. એમણે કહયું કે here, in India political parties are more attacking each other than attacking national problems: આપણે આપણા રાષ્ટ્રના પ્રશ્નો ઉપર હુમલો કરવાને બદલે એકબીજા ઉપર હુમલો બજેટના બધા જ પ્રવચનમાં કરીએ છીએ એટલા માટે હું કોઈ વ્યકિત કે પાર્ટી કોઈના પ્રત્યે આક્ષેપ કે પ્રતિ આક્ષેપ કરવા માગતો નથી પરંતુ હું કહેવા માગું છું કે છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતનો વિકાસ થયો છે એમ કહું તો પણ સાચું નથી. આઝાદી મળી હશે ત્યારે નવા ભારતની રચના કરવામાં કેટલાક મહાત્મા ગાંધી જેવા કક્ષાના સન્માનનીય કૉંગ્રેસના સભ્યશ્રીઓએ પણ આ દેશની અને રાજયની સેવા કરી છે. એની નોંધ એટલા માટે લેવી ઘટે કે અણી શુદ્ધ ગાંધીયન સ્વરાજયની કલ્પના સાથે આ દેશનો ખભા ઉપર ભાર ઉપાડયો પરંતુ ધીરેધીરે વિકાસની ગતિ જે દિશામાં જવી જોઈતી હતી. બજેટમાં એટલા માટે કહેવા માગું છું કે જે વિરોધપક્ષના નેતા આંકડા આપતા હતા એ બુક મારી પાસે છે. જે રીતે ૧૯૦૧ થી ૨૦૦૦ ની વસ્તી એક સૈકામાં શહેરીકરણનો પ્રવાહ એટલો વધ્યો કે શહેરમાં ૨૨ ટકા વસ્તી હતી એ ૩૭.૬૭ હતી ૨૦૦૧માં અને આજે ૪૦ટકાએ પહોંચી છે. એટલા માટે કહેવા માગું છું કે વિકાસની જયારે અસમતુલા સર્જાય ત્યારે માનવીને ત્રણ જોડી કપડાં પહેરવા માટે ન મળે અને એમ કહીએ કે વિકાસ ૧૨ ટકા થયો છે એ કયારેય માન્ય ન થઈ શકે. વિકાસને જી.ડી.પી.નો ગ્રોથ સાથે એટલા માટે ન સરખાવવો જોઈએ કે માણસના વિકાસનો સૂચક આંક એને આરોગ્યની સુવિધા મળે છે કે કેમ, બે જોડ કપડાં મળે છે કે કેમ, પૂરતું પોષણ મળે છે કે કેમ, માતા સગર્ભા બન્યા પછી તંદુરસ્ત બાળક અવતરવા માટેની સગવડ આપીએ છીએ કે કેમ? એટલા માટે ભા.જ.પા.ની સરકાર જયારથી ગુજરાતમાં આવી છે. અમે પ્રયત્નો કર્યા છે અને ઘણા બધા લોકોએ ચર્ચા કરી. આ અસમતુલા કેમ છે. ભૂતકાળમાં કોંગ્રેસની જે જે સરકારે ગ્રામ્ય અર્થકારણની નીતિ બનાવી હશે એ માફ થાય એવું નથી. એટલા માટે નથી કે ખેડૂત પોતાનો પાક પેદા કરે,

આખું ઘર મજૂરીએ જાય. મંડીમાં એક, બે, ત્રણમાં વેચાય. કયારેય ડુંગળીના ૨૦૦ રૂપિયા થઈ જાય તો કયારેક ૨૩ કે ૨૫ રૂપિયામાં કોઈ લે નહીં. એના માટે રડનાર કોણ? બોલનાર કોણ? ભા.જ.પા. સરકારમાં આવ્યા પછી પાણી આપવાના પ્રયત્નો કર્યા. ૧૯૯૫માં લોક સહયોગની સરદાર પટેલ જળસંચય યોજના લાવ્યા ત્યારે લોકોએ ખૂબ સાથ આપ્યો. વોકરા, નહેરા, નદી, નાળા બાંધ્યા. વિરોધ પક્ષના સભ્યો કહેતા હતા કે બોરીબંધ બાંધ્યા. અમે બાંધ્યા છે. મેં મારા ખભા ઉપર રોજની ૩૦૦ મણ રેતી નાખી છે. અમારો હેતુ એવો નહોતો કે બધા ડેમ ટકશે. અમારો હેતું એવો હતો કે લોકોમાં પાણીનાં ટીપાની સમજણ આવે અને એકવાર જો ગુજરાતની પ્રજામાં પાણીના ટીપાને સંગ્રહવાની સમજણ આવે તો ગુજરાતના ખેડૂતને ફાયદો થાય. ગુજરાતનાં ગામડાં માત્ર ખેડૂતો ઉપર નિર્ભર નથી. ગુજરાતમાં અનેક એવી જાતિઓ, જ્ઞાતિઓ રહે છે. સુથારનું સુથારીકામ બંધ પડ્યું છે, કારખાનામાં હળ બનવા મંડ્યા છે. મોચીના જોડા સીવવાનું બંધ થઈ ગયું છે, કારણ કે બાટા અને એક્શન આવ્યા છે, એટલે માલધારીઓ, ભરવાડ, રબારીનાં ઢોર ચરતાં હતાં ત્યાં ગાંડા બાવળ ઉગ્યાં છે. આવી સ્થિતિમાં જ્યારે વિકાસની રૂપરેખા પાણીને વહેચવામાં સમતુલા ન રાખીએ તો કૃષિ પેદાશમાં સમતુલા ના રહે, એટલા માટે મારે કહેવું છે કે બજેટમાં કૃષિમાં ફાળવણી થઈ છે, તે મને ઓછી લાગે છે. મારી કૃષિ મંત્રીશ્રીને પણ વિનંતી છે કે ૨૦૦૩ માં ૫૬૩.૪૩ કરોડ હતી, એ ૨૦૦૬-૦૭ માં વધીને માત્ર ૫૯૦ કરોડ થઈ છે. ખેડૂત ખેતી અને આનુષંગિક લોકાની સાથે નહિ જીવે અને એ પ્રકારે શહેરીકરણનો પ્રવાહ વધતો જશે તો ૨૦૨૫ના અંતમાં આ ગુજરાતમાં ૫૦ ટકા વસ્તી શહેરના દોજખ ઝૂપડપટ્ટીમાં જીવતી હશે, એટલે સન્માનનીય સભાગૃહ મારફત મંત્રીશ્રીને વિનંતી કરીશ કે જે કઈ કૃષિમાં કરવું ઘટે, ટેકાના ભાવથી જ્યારે કોઈ પ્રોડ્કટ નીચે જાય, ત્યારે કેન્દ્ર સરકાર ન આપે તો રાજ્ય સરકારે પેટે પાટા બાંધીને આ કિસાનોને જીવાડવા જોઈએ, જોઈએ ને જોઈએ અને એટલે બીજી એક વાત આપણે શિક્ષણની ટકાવારીના આંકડા આપીએ છીએ, પણ સંતોષ એટલા માટે નથી થતો કે હજુ ઘણાં કામ કરવાનાં બાકી છે. ૧૯૯૧ થી ૨૦૦૧ ના આંકડા બતાવે છે. આપણે એમાં સાક્ષરતાના દરમાં બહુ લાંબો વધારો કરી શક્યા નથી, એનું દુ:ખ થવું જોઈએ અને એ દુ:ખ એટલા માટે થવું જોઈએ કે આઝાદ ભારતનાં ૫૮ વર્ષ પછી આપણાં ગામડાના કસબામાં પ્રાથમિક શિક્ષણ ન આપી શકીએ તો મને લાગે છે કે કોમર્શિયલ એજ્યુકેશનની મારા દેશને, મારા ગુજરાતને જરૂર નથી. આ કમસેકમ પ્રાઈમરી એજ્યુકેશન ન આપી શકીએ તો એ માણસ હાઈસ્કૂલમાં પૈસા દઈને વેપારીકરણના યુગમાં એની કોમ્પિટિશન કરવાથી મ્યુનિસિપાલિટીની સ્કૂલમાંથી કોન્વેન્ટ સ્કૂલ કેમ કરશે અને એટલા માટે મારી લાગણી છે કે જ્યાં જ્યાં અંતરિયાળ વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં, ગરીબ વિસ્તારમાં માધ્યમિક શાળાની જરૂર હોય ત્યાં આગળ બજેટનો કોઈપણ કન્સ્ટ્રેઈન્ટસ ન હોવો જોઈએ અને જે પ્રકારે ઉચ્ચ અભ્યાસની સવલતો પૈસાના આધારે મળી શકે, એટલી જ વિનામૂલ્યે ગરીબ લોકોને મળવી જોઈએ, એટલે સ્ત્રી સાક્ષરતામાં ઘણો વધારો કરી શકીએ.

સ્ત્રી ભૃણ હત્યા બાબતમાં આખા ગુજરાતે, આખા દેશે એક ચિંતા કરવી પડે તેવો વિષય છે અને બાળકીને અવતરતા પહેલા આ ધરતીમાં ન આવવા દેવાનું પાપ આ દેશમાં ઘણાં વર્ષોથી ચાલે છે. એવું બન્યું હોત તો દયાનંદ સરસ્વતી, શિવાજી મહારાજ કે મહારાણા પ્રતાપ મા વગર પેદા ન થયા હોત. એ વખતમાં આવું વિચાર્યુ હોત તો એ આંકડા પણ ચિંતા કરે તેવા છે. આ ભારતની વસ્તીમાં જે સ્ત્રી અને પુરુષનો દર ઘટ્યો છે, તે અત્યારે છેલ્લા આંકડા મુજબ ૧૯૦૧ થી ૨૦૦૧ માં લગભગ પુરુષોની સંખ્યાએ ૮૭૯. આ પ્રકારે ૨૦૦૫ માં લગભગ ૨૫૦ ની સંખ્યાએ શહેરમાં આ વસ્તી ઘટતી જશે એ ચિંતાનો વિષય છે.

**શ્રી હેમાજી દ. રાજપૂત (વાવ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે બજેટ લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. હું બજેટના વખાણ નહીં કરી શકું. બજેટો મેં વર્ષોથી જોયા છે. આમાં ગરીબલક્ષી યોજનાઓ માટે કોઈ નાણાંની જોગવાઈ કરી નથી. પહેલાં મફત પ્લોટ અને મકાન મળતા હતા તે છેલ્લા દસ વર્ષથી બંધ કર્યા છે. ગામના લોકોને આજે પ્લોટ માટેની લેન્ડ કચેરી ભરાતી નથી. ખેડૂતોના તત્કાલ વીજળીના ૫૦૦ રૂપિયા ભરેલા હતા તે યોજનાના કરોડો રૂપિયા સરકાર લઈ ગઈ છે તેમને વીજળી આપતી નથી. ખાતરમાં સબસિડી અગાઉ મળતી હતી. કોંગ્રેસની સરકારમાં મળતી હતી તે બંધ કરી છે. પશુ સારવાર કેન્દ્રોમાં ડોકટરો અપૂરતા અને દવાઓ અપૂરતી છે. એટલે મારે વિરોધ કરવો પડે છે. હડકાયું કૂતરું કરડે તો તેનાં ઈન્જેકશન મળતાં નથી. જેને રાહતના કાર્ડ હોય તેઓને મળે છે. બીજાઓને બજારમાંથી લાવવા પડે છે.

ગરીબલક્ષી કોઈ કામ આ સરકાર કરતી નથી. અમારા વિસ્તારમાં ઢોર વધારે છે તે ઢોર રાખવા માટે વાડા હતા તે વાડા વર્ષોથી અમારા કબજામાં હતા. તે અમારા ખાતે આજે થતા નથી. દબાણ રેગ્યુલર કરતા નથી. પોલીસ ખાતાની વાત કરું તેની વાત કરવા જેવી જ નથી. તેમાં તો ભ્રષ્ટાચાર છે. મારા વિસ્તારમાં નર્મદાનું કામ ચાલી રહ્યું છે. મુખ્ય કેનાલ પૂરી થશે પણ પેટા કેનાલના કામની શરૂઆત કરી નથી. પેટા કેનાલો નહીં હોય તો પાણી જોઈ શકીશું પણ તે પાણી રાજસ્થાનને મળશે. અમને પાણી નહીં મળે. તે માટે પેટા કેનાલો જલદી કરવી જોઈએ. પશુઓની સંખ્યા અમારા વિસ્તારમાં ઘણી છે. ડોકટરો ખૂબ જરૂરી છે. દવાઓ

હોતી નથી. તમે મારી વાત સાંભળો. હું વર્ષોથી આ ગૃહમાં આવું છું. નરોત્તમભાઈ પાણી પહોંચાડો. નરેન્દ્ર મોદીના હું વખાણ કરતો નથી. તેમના કાબૂમાં કોઈ નથી. સરકારે ઘોડાની લગામ લીધી હોય તે સરકાર આમતેમ જાય છે. કોઈ કાબૂ નથી. રોડ ૩૦ વર્ષ પહેલાં થયા છે. શિક્ષણમાં વેપાર ચાલે છે. સરદાર આવાસના મકાનો થતા નથી અને થાય છે તેમાં ભ્રષ્ટાચાર ચાલે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જૂઠું બોલો જોરથી બોલો અને જાહેરમાં બોલો તે ચાલે છે તેનાથી કોઈનું પેટ ભરાતું નથી. સામા પક્ષે સાહેબ બધા ઉભા થઈ જાય છે તે બધા જૂઠા છે. બધા બેસો. જે લોકોએ ચૂંટીને મોકલ્યા છે તે લોકો પણ વિચાર કરતા હશે કે આ જૂઠા લોકોને કયાં મોકલ્યા છે. ૫૦ વર્ષની ઉંમર છે અને ૫૦ વર્ષની વાત કરે છે. કોઈ ખેડૂતલક્ષી કામ થતા નથી. ખેડૂતોના પ્રતિનિધિ હોય તેમને પૂછો હળ કેમ અખાય, ઢોર કેમ બંધાય? ગરીબલક્ષી કોઈ કામ ચાલતા નથી. મેં જે મારા સૂચનો કર્યા છે તે સૂચનો નોંધી લેશો. મારાથી થાય તેટલા સૂચનો કર્યા છે. આટલા સૂચનો કરી હુ ં બેસું છું.

**શ્રી કાંતિલાલ ધ. કચોરિયા (પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહ સમક્ષ માનનીય ગૃહના નેતાશ્રી અને મુખ્ય મંત્રીશ્રી ૨૦૦૬-૨૦૦૭નું અંદાજપત્ર લઈને આવ્યા છે, એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

આ અંદાજપત્ર પ્રથમ દૃષ્ટિએ જોઈએ તો પહેલી વખત આ અંદાજપત્રમાં ઓછામાં ઓછા કર, વધુમાં વધુ રાહતો અને આ અંદાજપત્રમાં ખાધ તરફ દૃષ્ટિ કરીએ તો ઓછામાં ઓછી ખાધ છે તો માનનીય અધ્યક્ષશ્રી, જે અંદાજપત્રમાં ઓછામાં ઓછા કર હોય અને વધુમાં વધુ રાહતો હોય અને ઓછામાં ઓછી ખાધ હોય એને સારામાં સારું અંદાજપત્ર કહેવાય એ તો સામાન્ય માણસ કે જે ગામડામાં રહેતો માણસ હોય એ પણ સરળ રીતે સમજી શકે કે એવું અંદાજપત્ર આ રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ આ ગૃહમાં રજૂ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) માનનીય ગોવાભાઈ, આપની વાતનો પણ જવાબ આવશે, અત્યાર સુધીમાં સરકારો જે આવી હતી તે હું એમ નથી કહેતો કે ગઈ સરકારો કોંગ્રેસની હતી અને એ સરકારોએ કશું નથી કર્યું, કર્યુ છે પણ બધુંએ સારું કર્યુ છે એમ માની લેવાની જરૂર નથી એમ હું સામે બેઠેલા સાથી મિત્રોને હું કહેવા માગું છું. ઓછામાં ઓછી ટૂંકી દૃષ્ટિનું, લાંબા ગાળાનો વિચાર નથી કર્યો, એ વખતનું આયોજન, અછતનાં કામો અવારનવાર થાય પણ આ સરકારનું આયોજન કયારેય અછત નહીં, અછતને કાયમ માટે જાકારો, ઢોરવાડા અને પાછું એમાંય રફાળેશ્વર આવે, એવું આયોજન કોંગ્રેસના રાજમાં થયું છે, કેટલાક સમયથી લાંબા સમયના ગાળાનો વિચાર છેલ્લા દશ વર્ષમાં ભાજપની સરકારે કર્યો છે. પહેલાં તો ટૅન્કરો દ્વારા પાણી અપાય, આ સરકારે અગાઉ ઘણી વખત કહેવાઈ ગયું છે કે પાઈપ લાઈન દ્વારા પાણી સૌરાષ્ટ્રમાં, આખા ઉત્તર ગુજરાતમાં પાઈપ લાઈન દ્વારા પાણી અપાય છે એ પાઈપ પણ એવી કે એક મારુતિ માનનીય ગોવાભાઈ લઈને નીકળે તો ઠેઠ સૌરાષ્ટ્રમાં જાય, આજે પણ માનનીય ગોવાભાઈ, તમારા વિસ્તારમાં પીવાના પાણી માટે પાઈપ લાઈન દ્વારા પાણી આવે છે, ટૅન્કરો દ્વારા નથી આવતું,

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા મત વિસ્તારની વાત કરું તો દાંતીવાડા તાલુકામાં કુલ મળીને સો ગામોમાંથી માંડ ૨૫ ગામોમાં ક્યાંક તકલીફ હશે, ૭૫ ગામોમાં પીવાનું પાણી પાઈપ લાઈન દ્વારા આજે પણ પહોંચાડવામાં આવે છે. માનનીય ગોવાભાઈ બોલતા હતા અને એ એમના પ્રવચનમાં ઊલળી- ઊલળીને બોલતા હતા અને કહેતા હતા કે આ સરકારે ખેડૂતોનો વિચાર નથી કર્યો, આ સરકારે ગામડાંના લોકોનો વિચાર નથી કર્યો અને આ સરકાર કૃષિ રથ લઈને નીકળી ત્યારે ખેડૂતોને ખોટી ભ્રમિક વાતો કરે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે એમને કહેવું છે કે, એમનું ગામ કુચાવાડા અને કુચાવાડાથી દશ કિલોમીટર દૂર ઓઢવા ગ્રામ પંચાયત, આ ઓઢવા ગ્રામ પંચાયતના ફાગુદરા ગામની અંદર ૯૦ ચેકડેમો, બાજુમાં મહુડી- મોટી મહુડી એમાં ૪૦ ચેકડેમો બનાવ્યા અને એના કારણે ૯૦ ટકા જમીનમાં પિયત થાય છે અને પચ્ચીસ હાથ પાણીના તળ ઊંચા આવ્યા છે, માનનીય ગોવાભાઈને મારે કહેવું છે કે, તમે શનિ-રવિની રજામાં મારી સાથે આવો, હું આપને બતાવું અને ચાર મહિનાની એક સીજનમાં બે કરોડની આવક વધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગઈ અખાત્રીજે ગુજરાતના ૧૮૦૦૦ ગામડાંમાં કૃષિ રથ ફર્યો અને કૃષિ રથે (અંતરાય) કઈ મજાકની વાત નથી કરી, પણ એમાં સારામાં સારા વૈજ્ઞાનિકો ( અંતરાય ) એ રામ રથની જરૂર પડે તો એ રામરથ પણ કાઢવાની તૈયારી છે અને *(XXX) • એટલે તમે એ બાબતે ચિંતા ન કરો. માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધીના આયોજનમાં માત્ર માટી કામ અને તળાવો ઉંડા કરવાની વાત હતી. પણ અત્યારે અમારી સરકારે તો નર્મદાની પાઈપ-લાઈન દ્વારા એ જયાંથી પસાર થતી હોય, ધરોઈની પાઈપ-લાઈન પસાર થતી હોય કે કેનાલ પસાર થતી હોય એનાથી તળાવો અને ડેમો ભર્યા અને એને કારણે કૂવાના તળ ઉંચા આવ્યા છે. આ પ્રકારનું આયોજન કરી અને આ સરકારે બજેટમાં એની જોગવાઈ પણ સૂચવી છે. ૧૦મી પંચવર્ષીય યોજનામાં ૨૦03 થી ૨૦૦૫-૬નો વાર્ષિક વૃદ્ધિદર ૯.૭ ટકા સુધી લાવી શકાયો છે અને આગામી

(*XXX) • માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.

દિવસોમાં ૨૦૦૬-૦૭માં  વાર્ષિક વૃદ્ધિદર ૧૦ ટકા ઉપર જવાનો છે અને એની પણ આ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી લાંબી દૃષ્ટિથી આયોજન કરે છે. ટૂંકા આયોજનનો વિચાર કરતા નથી. સરદાર સરોવર બંધની વાત કરીએ તો એને માટે પણ આ વર્ષે બજેટમાં ૨૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે અને કદાચ આવતા વર્ષે એની હાઈટ ૧૨૧.૯૨ ની સપસાટીએ લઈ જવામાં આવશે. આ ગૃહના સભ્યોને સાથે લઈને, કયારેય એકલા જઈને જોવાની વાત નથી. સૌને સાથે લઈને જોવા જવાની વાત છે. નર્મદાની વાતમાં અગાઉની સરકારોએ નર્મદાનું રાજકારણ ચલાવ્યું હશે, એ સ્વર્ગસ્થ હોય કે જીવતા હોય હું કોઈના નામ લઈને વાત કરવા નથી માગતો પણ, આ સરકારે હકીકતમાં કરીને બતાવ્યું છે. નર્મદાની સપાટી ૧૧૦ મીટર સુધી અને એનાથી પણ ઉપર લઈ જવાનું કામ હતું એ પણ આ સરકારે કરી બતાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની વાત હોય, ગોકુળ ગ્રામ યોજના દ્વારા ગામડે ગામડે સીમેન્ટ કોંક્રીટના રોડ બનાવ્યા, જયોતિ ગ્રામ યોજના દ્વારા ગુજરાતના ૧૮ હજાર ગામોમાંથી ૧૨ હજાર ગામોમાં ૨૪ કલાક વીજળી મળે છે અને હવે તો ખેતરોમાં રહેનારા ખેડૂતોને પોતાના ખોરડામાં લાઈટ પણ આવી છે અને એના માટે આ બજેટમાં ૧૯૧ કરોડની જોગવાઈ કરી છે

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસની વાત હોય, ગોકુળ ગ્રામ યોજના દ્વારા ગામડે ગામડે સીમેન્ટ કોંક્રીટના રોડ બનાવ્યા, જયોતિ ગ્રામ યોજના દ્વારા ગુજરાતના ૧૮ હજાર ગામોમાંથી ૧૨ હજાર ગામોમાં ૨૪ કલાક વીજળી મળે છે અને હવે તો ખેતરોમાં રહેનારા ખેડૂતોને પોતાના ખોરડામાં લાઈટ પણ આવી છે અને આમ આ બજેટમાં માનવ દિનની વાત કરી છે અને આ બજેટમાં ૧૯૧ કરોડની જોગવાઈ કરી છે. વિકાસના વંચિતોની વાત હોય કે શિષ્યવૃત્તિની વાત હોય, શિષ્યવૃત્તિની પણ આમાં જોગવાઈ કરવામાં આવી છે. આમ યોજનાબધ્ધ કામો હાથ ઉપર લીધાં છે. માનનીય ગોવાભાઈ હવે તમારો વારો આવે ત્યારે તમારે જે કહેવું હોય એ કહેજો.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજ સુરક્ષાની દૃષ્ટિએ જોઈએ તો બાળ-ગૃહની વાત હોય, ભિક્ષુક-ગૃહની વાત હોય કે વિકલાંગોની વાત હોય એ બધામાં સુવિધા વધારવા માટેની આ બજેટમાં જોગવાઈ દર્શાવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરું તો ગુજરાતમાં ૮૦ હજાર વિદ્યા-સહાયકોની ભરતી કરી. અમારા બનાસકાંઠાની વાત કરું તો ૭૦૦૦ વિદ્યા-સહાયકોની ભરતી થઈ અને આજે એક પણ ગામ એવું નથી કે જયાં શિક્ષકોની ઘટ હોય. એ પછી માનનીય ગોવાભાઈનો વિસ્તાર હોય, માનનીય મુકેશભાઈનો વિસ્તાર હોય કે મારો વિસ્તાર હોય એક પણ ગામડાંમાં શિક્ષકોની ઘટ નથી અને એને માટે બજેટમાં જોગવાઈ પણ કરવામાં આવી છે. ૧૫ હજાર નવા ઓરડા થઈ ગયા છે અને આગામી દિવસોમાં જે ગામોમાં ઓરડા નથી ત્યાં ઓરડા બનાવવાનું આયોજન કરેલ છે અને એના માટે રાજય સરકારે બજેટમાં જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શાળા પ્રવેશ ઉત્સવની વાત કરું તો શાળા પ્રવેશ ઉત્સવમાં ગામડે ગામડે ખરા ઉનાળામાં રાજયના સચિવો, રાજયના મંત્રીઓ અને આદરણીય મુખ્યમંત્રીશ્રી અમારા જિલ્લાના અમીરગઢ જેવા છેવાડાના તાલુકામાં ત્રણ ત્રણ દિવસ સુધી ત્યાં રહ્યા હતા.

**શ્રી પરેશભાઈ ધી. ધાનાણી (અમરેલી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૦૬-૦૭નું અંદાજીત ૧૨,૫૦૦ કરોડનું અંદાજ પત્ર સન્માનીય ગૃહ સમક્ષ લઈને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર અત્યારે ૫૮ લાખ જેટલા ખેડૂતો, ૫૨ લાખ જેટલા કૃષિ મજૂરો આપણે ચોપડે નોંધાયેલા છે. ૧૦મી પંચવર્ષીય યોજનામાં કૃષિ અને સંલગ્ન સેવાઓ માટે થઈને આયોજન પંચ દ્વારા રાજય સરકારને ૪૧૬૯ કરોડ રૂપિયાની જોગવાઈ કરવાની સૂચના આપવામાં આવી છે અને એ પ્રમાણે જોગવાઈ મંજૂર કરવામાં આવી  હતી.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં પાંચ વર્ષના સરેરાશ આંકડા મેં જોયા, રાજય સરકાર દ્વારા કૃષિ અને સંલગ્ન સેવાઓ માટે ફાળવેલ રકમ ૨૦૦૨ થી લઈને અને ચાલુ ૨૦૦૬-૦૭ ના અંદાજપત્ર સુધીની રકમની જોગવાઈને જો ધ્યાને લેવામાં આવે તો જોગવાઈ ૨૨૧૮ કરોડ રૂપિયાની  માત્ર થાય છે, ૧૦મી પંચવર્ષીય યોજનાના નિર્ધારિત આંક કરતાં પચાસ ટકા જેટલી રકમની આ રાજય સરકાર દ્વારા માત્ર જોગવાઈ કરવામાં આવી છે અને કરેલ જોગવાઈ પૈકી પણ ખર્ચનો જે લક્ષ્યાંક છે એની સિદ્ધિ પ્રાપ્ત કરી શકી નથી. મારે થોડી વાતો આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવી છે.

આ સન્માનનીય ગૃહ સમક્ષ ખેડૂતોના હિત માટે થઈને ઘણી સારી વાતો થાય છે. આ સરકાર ખેડૂતોની હામી છે એવા દાવાઓ પણ થાય છે, છેલ્લાં વર્ષોની અંદર ખેડૂતોને પોતાના ખેડૂત ખાતેદાર હોવાનો દાખલો, સર્ટિફિકેટ જેને કહેવાય એ ૭/૧૨ અને ૮/અ ના દાખલાની ફી વસૂલવાની જોગવાઈ કરવામાં આવી. હમણાંજ

હું આંકડાઓનો અંદાજ કાઢતો હતો કે ૭/૧૨ અને ૮/અ ના દાખલાની ફી પેટે સરેરાશ મારા અમરેલી તાલુકામાં પ્રતિદિન ૨૦૦૦ રૂપિયાની આવક રાજય સરકારને ઊભી થઈ. આ રાજયના ૨૨૫ તાલુકાઓની આ જ સરેરાશે જો ગણતરી કરવામાં આવે તો વાર્ષિક એકવીસ કરોડ રૂપિયા ઉપરાંતનો ખેડૂતવેરો આ રાજય સરકાર દ્વારા રાજયના ખેડૂતો પાસેથી ઉઘરાવવાની એક નવી પ્રથા દાખલ કરવામાં આવી છે. કૃષિ રથ, આ સરકાર દ્વારા કૃષિ રથ મારફતે ખેડૂતોનું હિત કરવા માટે થઈને રાજયના અઢાર હજાર ગામડાઓમાં કૃષિ રથ ફેરવવામાં આવ્યાં, એમાં પોસ્ટરો, ફોટાઓ, ક્યાંક મગફળી, કપાસ અને અનાજના સારા ચિત્રો મૂકવામાં આવ્યાં, ખેડૂતોને કીટ આપવામાં આવી, હું તો માનનીય કૃષિમંત્રીશ્રીને આપના મારફતે વિનંતી કરવા માગું છું કે આ જે કીટ ફાળવવામાં આવી છે એની અંદર જે બિયારણની કીટ છે એ જે જે ખેડૂતોએ વાપરી છે એ આજે અફસોસ કરે છે. બી.ટી. કોટન વાવનાર ખેડૂતો કુદરતની મહેરબાનીથી ઘણા રૂપિયા પામી શક્યા છે. ઘણા રૂપિયાનું ઉત્પાદન લઈ શક્યા છે, રાજય સરકાર પર વિશ્વાસ મૂક્યો હતો એ સંપૂર્ણ પાક નિષ્ફળ ગયો છે. ખેડૂતોના હિતની વાત કરીએ ત્યારે સરકારને વિનંતી કરવા માગું છું કે, ખેડૂતોની જમીનોની માપણી, એ જમીનોના વિવાદથી એક કુટુંબમાં, એક ઘરના બે ભાઈઓ વચ્ચે વિવાદ થતો હોય એને પતાવવા માટે સમાજના પાંચ આગેવાનો સમજૂતી કરે અને જમીનની માપણી કરાવવા જાય તો એ જમીનની માપણી ફીમાં કેટલા ટકા વધારો? આ પણ ખેડૂતો પર એક જાતનો વેરો લાદવામાં આવ્યો છે. સિંચાઈના દરોની અંદર પણ કમરતોડ ભાવ વધારો કરવામાં આવ્યો છે. કુદરતની મહેરબાનીથી છેલ્લાં વર્ષોમાં કરોડો રૂપિયાનું કૃષિ ઉત્પાદન થયું. આ રાજય સરકાર દ્વારા જશ લેવામાં આવે કે અમે જે માર્ગદર્શન આપ્યું, શિક્ષણ આપ્યું એનાથી આ કૃષિ ઉત્પાદન થયું છે સારું છે કે, આ ખેડૂતો ઈશ્વર પર આધારિત છે, સરકાર પર આધારિત નથી. નહિ તો ખેડૂતો માથે ઓઢીને રોતા હોત. માનનીય અધ્યક્ષશ્રી, કુદરતની મહેરબાનીથી જે કૃષિ પાકનું ઉત્પાદન થયું એને વિશ્વના બજારમાં વેચી, એના પોષણક્ષમ ભાવો પણ મેળવવા માટે થઈને સરકારે ક્યાંક આયોજન કરવાની જરૂર હતી, એની અંદર રાજય સરકાર નિષ્ફળ ગઈ છે ગયા વર્ષના બજેટમાં ડ્રીપ ઈરિગેશનની યોજના માટે આ રાજયની અંદર હરિયાળી ક્રાંતિ લાવવા માટે થઈને ૧૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી, બીજા જિલ્લાઓની શું પરિસ્થિતિ થઈ એનો મને ખ્યાલ નથી પણ અમરેલી જિલ્લાના છેલ્લાં આંકડા મેં મેળવ્યા છે એક વર્ષની અંદર એક હેકટર પણ ડ્રીપ ઈરિગેશનનું કામ થઈ શક્યું નથી. માત્ર પાયલોટ પ્રોજેકટની પણ વિચારણા ચાલી રહી છે.

કુદરત જ્યારે કોપાયમાન થાય, નબળું વર્ષ આવે ત્યારે ખેડૂતોના પાકના રક્ષણ માટે થઈને પાક વીમાનું પ્રીમિયમ ભરે ૨૦૦૪નું વર્ષ નિષ્ફળ ગયું. ખેડૂતો ઉત્પાદન ના લઈ શક્યા. રાજય સરકારની જવાબદારી હતી કે ખેડૂતો માગણી કરે તે પહેલાં તેનો યોગ્ય સર્વે કરાવીને જ્યાં જ્યાં પાક નિષ્ફળ ગયો હોય ત્યાં પાક વીમો ચૂકવવામાં આવે. આજસુધી આ પાક વીમો નહીં ચૂકવવાના કારણો શા છે?

મારે ઊર્જા વિભાગની થોડી વાતો કરવી છે. માનનીય ઊર્જા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું આજના ઊર્જા મંત્રી અને નાણાં મંત્રી એમ.બી.એ.થયેલા છે. આવક કેમ થાય તેનું બહુ સારું જ્ઞાન છે તેમની પાસે. આવકો વધારવા માટે થઈને વેરો લાદવામાં લોકોને ખબર પણ ના પડે એવા નિપુણ છે. આ રાજયની અંદર ૧૯૯૧થી લઈને ખેડૂતોએ પોતાની ખેતી માટે થઈને વીજળીના કનેકશનોની માગણી કરી છે. તેની અરજીઓ.. ( સમય સૂચક ઘંટડી ) માનનીય અધ્યક્ષશ્રી, આપ મને રક્ષણ આપજો. પંદર વર્ષ ઉપરાંતથી અરજીઓ પડી છે. કાગળ હાથમાં લઈએ તો ફાટી જાય છે. માનનીય ઊર્જા મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, ખેડૂતોને તત્કાળ યોજના નીચે, સામાન્ય યોજના નીચે તાત્કાલિક કનેકશનો મળે આવી કયાંક બજેટમાં જોગવાઈ કરી અને ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હોત તો ઘણો આનંદ થાત. આરોગ્ય વિભાગની થોડી વાત કરી લઉં. આ રાજય સરકાર દ્વારા તાજેતરમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા આરોગ્ય સેવાનું જે ખાનગીકરણ કરીને જવાબદારીમાંથી છટકવાની જે નીતિ અખત્યાર કરી છે તેમાં આ સન્માનીય ગૃહે સચેત થવાની બહુ જરૂર છે. આજે રાજયની અંદર પી.એચ.સી.માં, સી.એચ.સી.માં હૉસ્પિટલોમાં ડોકટરો ના હોય, દવાઓ ના હોય, સાધનો ધૂળ ખાઈ રહ્યાં હોય, દવાઓની ગુણવત્તા પણ હલકી જ્યારે આપણને પ્રાપ્ત થતી હોય ત્યારે આ બાબતમાં જરૂર સચેત થઈ વધુમાં વધુ નાણાંની જોગવાઈ કરી અને લોકોને આરોગ્યની પ્રાથમિક સુવિધાઓ જો આપવામાં આવી હોત તો ઘ ણો આનંદ થાત. આપે ટૂંકો સમય આપ્યો છે એટલે સામાન્ય વહીવટ વિભાગની એક વાત કરી લઉં. સામાન્ય વહીવટ વિભાગ કર્મયોગી યોજના મારફત કર્મચારીઓ/ અધિકારીઓને તાલીમ આપવા માટે થઈને આ રાજય સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચવા તૈયાર થયા છીએ. આ કર્મયોગી શિબિરની અંદર જે પુસ્તક આપવામાં આવ્યું હું બરાબર વાંચતો હતો માનનીય શિક્ષણ મંત્રીશ્રીને તેમાં ધ્યાન દોરવા માંગુ છું કે, તે બુકની અંદર શીખવવામાં આવ્યું કે આપણે એવું કામ કરીએ કે બે અને બે બરાબર પાંચ થાય. આપ જેવા વડીલોએ ક્યાંક ધ્યાન દોર્યુ હતું કે એક વત્તા એક બરાબર અગિયાર થાય. એવું કામ કરી શકાય. આ અમારું ગણિત હતું. પણ બે વત્તા બે બરાબર પાંચ કેમ થઈ શકે તે મને ખ્યાલ પડતો નથી. છેલ્લાં ત્રણ વર્ષમાં રાજય સરકાર દ્વારા ઉત્સવો, કાર્યક્રમો અને મેળાવડાઓની પાછળ જાહેરાત કરવા માટે થઈને ૨૭૦ કરોડ રૂપિયા ઉપરાંતનું ખર્ચ આ રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ૨૭૦ કરોડ જેટલી રકમ ૪ વિભાગો મારફત માત્ર જાહેરાતો માટે થઈને કરવામાં આવતી હોય તો આ એક રાજય સરકાર એક ઉત્સવ વિભાગની જો રચના કરી દે.

**અધ્યક્ષશ્રી** : દર વખતે આગ્રહ નહીં કરો, પ્લીઝ.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા (જોટાણા)**: માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મારફત આ ગૃહમાં રજૂ થયેલ બજેટ જેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું. પૂ.મહાત્મા ગાંધીજી, પૂ.રવિશંકર મહારાજ, સરદાર વલ્લભભાઈ પટેલ અને ડો.બાબા સાહેબ આંબેડકરના વિચારોને મૂર્તિમંત કરે અને પ્રજાની આકાંક્ષાઓને પૂર્ણ કરે એવા પ્રકારનું આ બજેટ તે સાચા અર્થમાં કોઈ સામાન્ય બજેટ નથી. રાજયની પ્રજાની આકાંક્ષાઓનો એક દસ્તાવેજ છે અને એટલા માટે આ ગૃહમાં આપના માધ્યમથી આદરણીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું અને તેના સમર્થનમાં મારી વાત કરું છું.

પંડિત દિનદયાળજી, સામાજિક સમરસતા, સ્વદેશી, ગ્રામ સ્વરાજય અને ગ્રામોદ્યોગની વાત. પૂજય મહાત્મા ગાંધીજીના વિચારો અને પંડિત દિનદયાળજીના વિચારો, એ બંનેને સાકાર કરવા આ રાજયમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર જે રીતે કામ કરી રહી છે, તે જોતા આ રાજયની અંદર દિનપ્રતિદિન પ્રજાનો આધાર, પ્રજાનો વિશ્વાસ ભારતીય જનતા પાર્ટીની પડખે વધુને વધુ વ્યાપક સ્વરૂપે વધતો રહ્યો છે. એનું આ એક ઉમદા ઉદાહરણ છે. સત્યને નજર અંદાજ કરવાથી કોઈનું ભલું થતું નથી. એટલા માટે મારે કહેવું છે કે બેનરજી કમિટીનો અહેવાલ, વચગાળાનો અહેવાલ અને એને અનુસંધાને આ રાજયમાં કોઈ જાતની વિસંવાદિતા પેદા ન થાય એના કારણે આ રાજયના આદરણીય ગૃહમંત્રીશ્રીને નિવેદન કરવાની જે જરૂરિયાત ઉભી થઈ અને એના અનુસંધાને આદરણીય ગૃહમંત્રીશ્રીએ જે નિવેદન કર્યુ એ નિવેદન સાંભળવા જેટલી ક્ષમતા, સંવેદનશીલતા આ કોંગ્રેસના મિત્રોએ ગુમાવી દીધી એનું મને દુઃખ છે. હકીકતમાં આ રાજયની પ્રજાએ, આ દેશની પ્રજાએ રેલવેના ડબાની અંદર રામભકતોને જીવતા સળગાવી દેવાનો હીન પ્રયાસ એ કોઈ સામાન્ય પ્રયાસ નહોતો. આ રામ વિરોધી, હિન્દુ વિરોધીઓનું એક કાવતરું હતું. એ આ રાજયની પ્રજાના, આ દેશની પ્રજાના દિલમાં પ્રસ્થાપિત થઈ ગયું છે. (અંતરાય) તમે બહાર બેસીને સાંભળ્યું હતું. (અંતરાય)

**અધ્યક્ષશ્રી** : બજેટ ઉપર આવો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : એમને યાદ કરાવીને મારી વાત પૂરી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આંધ્રનો જ નહીં, સમગ્ર હિન્દુસ્તાનનો ખેડૂત અને એમાંયે ખાસ કરીને ગુજરાતનો ખેડૂત ખૂબ સંવેદનશીલ, ખૂબ સહનશીલ અને ખૂબ શકિતશાળી જ નહીં, એક પ્રગતિશીલ ખેડૂત છે. પ્રગતિશીલ અને મહેનતકશ ખેડૂત હોવાને કારણે મારે આ ગૃહનું ધ્યાન દોરવાનું છે કે આજે રાજયમાં કૃષિ ઉત્પાદન ક્ષેત્રે ૨૫ હજાર કરોડથી વધારે લક્ષ્યાંક સિદ્ધ કરી શકયા છીએ. આ કોઈ સામાન્ય ઘટના નથી. એટલા માટે ૫૦, ૫૦ વર્ષ સુધી આ રાજયના ખેડૂતોને માત્ર ધાતુના વાયર પકડીને રાખ્યા, એનો એવો કરંટ લાગ્યો કે આ રાજયના, આ દેશના ખેડૂતો એના માટે એ વાયરો પ્રાણઘાતક સાબિત થયા. પરંતુ એને જીવતો રાખવા, એને બેઠો કરવા માટે, એની શકિતમાં વધારો કરવા આ રાજયની અંદર જે બજેટ આવ્યું છે, એ સાચા અર્થમાં ખેડૂતલક્ષી અને ખેડૂતોમાં ક્રાંતિ અને પ્રગતિ લાવે એવા પ્રકારનું ક્રાંતિકારી બજેટ છે. હું એટલા માટે કહી શકું તેમ છું કે આ બજેટમાં જે જોગવાઈઓ થઈ છે, એ જોગવાઈઓ રાજયના ખેડૂતની ક્ષમતા, શકિત અને એની કાર્યદક્ષતામાં વધારો કરે એવા પ્રકારનું બજેટ છે. માત્ર વાયરો પકડાવી દેવાથી વિશ્વાસ સંપાદન થતો નથી. ખેડૂતને પીવાના પાણી, પિયતના પાણીની જરૂર છે અને એ પિયતના પાણી ખેતરના શેઢે પહોંચે એના માટે માતબર આયોજન નર્મદા, નર્મદા આધારિત કેનાલો, સુજલામ્ સુફલામ્ યોજના, હજારો ચેકડેમો, હજારો ગ્રામતળાવો, સીમતળાવો અને ટપક પદ્ધતિના માધ્યમથી કિસાનોની શકિતમાં અને ઉત્પાદકતામાં વધારો કરે એ પ્રમાણેનું માતબર આયોજન આ બજેટમાં જોવા મળે છે.અને એટલા માટે આ બજેટને વિકાસલક્ષી બજેટ કહેતાં મને ગૌરવ થાય છે. હું આંકડાની બાબતમાં પડતો નથી, પરંતુ જે વાસ્તવિકતા છે એ આ ગૃહ સમક્ષ આદરણીય મુખ્યમંત્રીશ્રીએ એમના બજેટ પ્રવચનમાં માહિતી સાથે રજૂ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કન્યા કેળવણીની વાત કરું તો આ કન્યા કેળવણી ક્ષેત્રે એનો દર ૩૦ ટકાથી ઓછો હતો એવા ગામડાંમાં કન્યા કેળવણી રથ દ્વારા અને વિદ્યા લક્ષ્મી બોન્ડ આપીને દલિત, આદિવાસી અને બક્ષીપંચની બહેન દીકરીઓ શાળામાં જાય અને અધવચ્ચે શાળા છોડી ના દે એના માટેનો વિશ્વાસ પેદા થાય એ પ્રમાણેનું વાતાવરણ આ રાજય સરકારે અને રાજયના માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ પૂરું પાડયું છ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની વાત કરું તો અગાઉ ભૂતકાળમાં મુખ્યમંત્રીશ્રીને મળતી ભેટ સોગાદો કયાં જતી હતી એની મને ખબર નથી, એ મારે કહેવું નથી, પરંતુ આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ ૪ કરોડ રૂપિયાથી વધુ રકમની એમને મેળેલી ભેટ સોગાદો કન્યા કેળવણી નિધિમાં જમા કરાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ એ કોઈ આ રાજયની પ્રજા ઉપરની દયા કે ઉપકાર નથી, એ તો આ ગુજરાત રાજયની પ્રજાનો અધિકાર છે અને એ અધિકાર એમને મળવો જોઈએ અને એટલા માટે આ ગૃહમાંથી આદરણીય કોંગ્રેસના મિત્રોને હું કહું છું કે સોનીયાજીને સમજાવે કે આ સુફલામ્ સુજલામ્ યોજના એ એન.ડી.એ. સરકારે આપેલ ખાતરી હતી એ ખાતરીને માનનીય અર્જુનભાઈએ કહયું કે એ રાજકીય હતી કે

કેમ? તો અરે, એ ખાતરી તેમને હું કહું છું કે અટલજીએ આપેલ ખાતરી હતી અને એન.ડી.એ. સરકારે આપેલ ખાતરી હતી એ આપને મન રાજકીય હોય તો પણ આ રાજયના કિસાનોના હિતમાં હતી, આ રાજ્યના કિસાનોના કલ્યાણ માટેની યોજના હતી અને જો આ યોજનાની ખાતરી યુ.પી.એ. સરકારે જાળવી હોત અને પાળી બતાવી હોત તો તમને પાપ ના લાગત, તમને એનો જશ મળત, પરંતુ આ તો એમને શ્રાપ લાગે એવું કામ કર્યું છે આ કોંગ્રેસે, પરંતુ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીના દ્રઢ મનોબળને કારણે આ સુજલામ્ સુફલામ યોજના એના નિયત સમયમાં, એના નિયત કાળમાં પૂરી થાય એટલી માતબર રકમનું આયોજન આ રાજય સરકારે કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, દલિત સમાજ, આદિવાસી જાતિ, બક્ષીપંચ, વિકસતી જાતિના કલ્યાણની વાતો થાય છે. હું દલિત સમાજમાંથી આવું છું એટલે મારે એ સમાજની બે વાત કરવી છે.(અંતરાય)

**અધ્યક્ષશ્રી** : ઈશ્વરભાઈ, આપણી પાસે વધારે સમય નથી, બીજા સભ્યશ્રીઓ પણબોલનારા છે, એટલે પૂરું કરો.

**શ્રી ઈશ્વરભાઈ ધ. મકવાણા** : મારે અમારા સમાજની બે વાત કરવી છે કે ૪૮ હજારથી વધારે દીકરા-દીકરીઓને સરસ્વતી સાધના યોજના તળે સાયકલો મળે તેની આ યોજના છે. ૧૫૦ રૂપિયાના દરે ૭૪ થી ૭૫ કરોડ રૂપિયાની ગણવેશની યોજના છે.

**શ્રી જીતુભાઈ હ. ચૌધરી (મોટાપોંઢા)**: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી ૨૦૦૬-૦૭ નું અંદાજપત્ર લઈને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કોઈ ટીકાટિપ્પણ કરવાં નથી કે આંકડાની માયાઝાળમાંહું પડવા માગતો નથી, પરંતુ આદિજાતિ વિસ્તાર અને ખાસ કરીને અંબાજીથી ઉંમરગાંવ સુધીનો જે આદિજાતિ વિસ્તાર છે એના માટેની મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગયા વર્ષે ૨૦૦૫-૦૬ ના અંદાજપત્રમાં આદિવાસી કલ્યાણ વિભાગ મારફતે ટાયબલ સબ પ્લાન માટે ૮૨૧ કરોડ રૂપિયા બજેટમાં જાહેર કરવામાં આવેલ હતા અને તેની સામે ૧૩૮૭ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ હતી, પરંતુ નાણા વિભાગમાં તપાસ કરતાં ખબર પડી કે ફકત ૧૦૬૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવેલ છે કારણ કે જયારે ભૂતકાળના નાણામંત્રીશ્રી જયારે બજેટ વાંચતા હતા ત્યારે અમે સૌ પાટલી થબથબાવતા હતા કે અમને ટ્રાયબલમાં ખૂબ સારું બજેટ મળ્યું છે અને એનાથી અમારી આદિજાતિ પ્રજાનો સારો વિકાસ થઈ શકશે એવી અમને ખાતરી હતી, પરંતુ એમાં આ રીતે ૩૨૫ કરોડ રૂપિયાનો કાપ મૂકીને ૧૦૬૨ કરોડ રૂપિયા જ ટ્રાયબલમાં અમને મળેલ છે.

**અધ્યક્ષશ્રી** : માનનીય જીતુભાઈ, આપ પ્રવચન ચાલુ રાખો.

**શ્રીજીતુભાઈ હ. ચૌધરી** :એ જ પ્રમાણે ન્યુ ગુજરાત પેટર્ન, ગયા વર્ષનું બજૅટ, જે ૨૦૦૪-૦૫નું હતું તેમાં ૨૦૮ કરોડ હતા, તેની સામે ૨૦૦૫-૦૬ના વર્ષમાં ૪૧૪ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવેલી હતી. ત્યારે પણ અમે ખૂબ ખુશ થયા હતા. પરંતુ નાણા વિભાગે ફકત ૨૬૨ કરોડ મંજૂર કરી અને તે પ્રમાણે જોગવાઈ કરવામાં આવી, એટલે ૧૫૨ કરોડ રૂપિયા જેટલી ટ્રાયબલ વિસ્તારને ખોટ પડી છે. બજૅટમાં જાહેરાત થાય પણ નાણા વિભાગ જોગવાઈ ન કરે ત્યાંસુધી ટ્રાયબલ વિસ્તારને જે લાભ થવો જોઈએ તે થતો નથી અને વિકાસ થવો જોઈએ તે પણ થતો નથી અને અમારા ટ્રાયબલ વિસ્તારનો વિકાસ રૂંધાય છે. ટ્રાયબલ વિસ્તાર માટે નાની મોટી સ્કીમ દાખલ કરવામાં આવે પણ તેના માટે સમયસર ગ્રાન્ટ ન મળે અને જોગવાઈ કરવામાં ન આવે તેથી ટ્રાયબલ વિસ્તારનો વિકાસ અટકી જાય છે.

માનનીય મંત્રીશ્રીનું મારે ધ્યાન દોરવું છે કે સરકાર જયોતિગ્રામ યોજનાનો ઢંઢેરો આખા રાજયમાં પીટે છે, પણ હું દાખલો આપીશ કે વલસાડ જિલ્લામાં હજુ પણ એવા ગામડાં છે કે જ્યાં વીજળી નથી પહોંચી, એક થાંભલો પણ નથી એવા ગામડાં છે ત્યાં પહેલા વીજળી આપો, જે એક ટંકનું ખાય છે તેમને મિસ્ટાન આપવાની જરૂર નથી. પણ જે ભૂખ્યા છે તેમને પહેલા આપવાની જરૂર છે. એટલે વલસાડમાં આવા ચાર થી પાંચ ગામડા છે અને મધુબન ડૅમના ડૂબાણમાં આવેલા છે વિસ્થાપિતો છે, અને વિસ્થાપિતો માટે સરકારની જોગવાઈ પણ હોય છે એમને પુનઃ વસવાટ કરાવવાની અને તેમને તમામ સુવિધાઓ પહોંચાડવાની સરકારની ફરજ છે પરંતુ આજ સુધી તેમને રસ્તા અને વીજળી જેવી સુવિધાઓ પણ પહોંચાડવામાં આવી નથી. હું તેમના માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું. આવા જે ગામડાં બાકી છે જેમને વીજળી પહોંચાડવાની બાકી છે થાંભલાઓ નથી પહોંચ્યા તેમના માટે પહેલા વ્યવસ્થા કરો અને પછી જયોતિગ્રામ કરો, જયોતિગ્રામ યોજના ભલે થાય, ખૂબ સારું થાય કે આખા રાજયમાં જયોતિગ્રામ યોજના થાય, પણ જ્યાં નથી મળ્યું ત્યાં પહેલા મળવું જોઈએ. બીજું ૧૩૫ ની કલમ અંગે હું વાત કરવા માગું છું. આજના તબક્કે છેલ્લા બે ત્રણ મહિનાની વાત કરું તો એ એક કાળો કાયદો છે, તેની કલમ આખા ભારત દેશમાં છે. પણ ગુજરાત સરકારે આ ૧૩૫ કલમમાં એપેલેટ દાખલ કરી નથી. એટલે જે વ્યકિત ચોરી કરતાં પકડાય ત્યારે તેને ૧૨ મહિનાનો પૂરેપૂરો દંડ કરવામાં આવે છે. જેથી તે વ્યકિત વીજળી વાપરતો જ ભૂલી જાય અને વીજળીના કિનારે પણ ન જઈ શકે, ગરીબ માણસથી

લઈને ઈન્ડસ્ટ્રીઝ વાળા સુધી આ સ્થિતિ છે, વલસાડના સરીગામમાં જી.આઈ.ડી.સી. આવેલી છે.(અંતરાય) હું ટીકા ટીપ્પણ નથી કરતો, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના મધુબન, વારોલી જંગલ, નગર, રાયમાળ અને ફતેપુર એવા ગામો છે જે આજ સુધી બાકી છે. ગામના નામ આપવાનું કહે છે એટલે હું આ નામો આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં સરીગામ જી.આઈ.ડી.સી. આવેલી છે. ત્યાં જી.ઈ.બી. દ્વારા દરોડા પાડવામાં આવ્યા અને ૧૩૫ કલમ લગાડી અને ૬૫ લાખ રૂપિયા જેવો દંડ કરવામાં આવ્યો. જો કોઈ પણ ઈન્ડસ્ટ્રીઝને પણ આટલો દંડ એકવાર થાય તો એ કાયમી ધોરણે કંપની બંધ થઈ જાય, એટલે ઉદ્યોગો પણ આ વિસ્તારમાં જ્યાં વીજળીની અછત છે અને વીજળીની ૧૩૫ ની કલમ લગાડવામાં આવે છે તેથી કારખાનેદાર બંધ કરીને આ વિસ્તારમાંથી ચાલ્યા જાય છે.

મારો એક મુદ્દો છે કે આ સરકારે છેલ્લા બે ત્રણ મહિનાથી બી.પી.એલ. કાર્ડ માટે જે સૂચના આપી છે તેનાથી તો જાણે કે એવું લાગે છેકે ટ્રાયબલ વિસ્તારમાં આ સરકાર ગરીબી હટાવવાની ઝૂંબેશ ચલાવતી હોય તેવું લાગે છે. કારણ કે ગામમાં સો બી.પી.એલ. કાર્ડ હોય તો એમાંથી ફરજિયાત દસ ટકા કાર્ડ એ.પી.એલ. કરવાની સૂચના સરકારે આપી છે. એટલે આ સૂચના આપેલી છે તેનાથી એ ખેડૂત કે ખાતેદાર જેમને એક ગુઠા કે એક એકર જમીન પણ ન ધરાવતા હોય તેમને એ.પી.એલ. બનાવી દેવામાં આવે છે. એટલે એ રીતે સરકાર એ સાબિત કરવા માગે છે કે ગુજરાતમાં ગરીબો તવંગર થઈ ગયા છે અને ખાતેદાર થઈ ગયા છે. આવું સાબિત કરવા માગતી હોય તેવું મને લાગે છે.

**શ્રીમતી રમીલાબેન બ. બારા (ખેડબ્રહ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય મુખ્યમંત્રીશ્રી અંદાજપત્ર લઈને આવ્યા છે તેને સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઊભી થઈ છું.

૧૯૬૦ થી આજે ૨૦૦૬ સુધી આ ગૃહની અંદર અંદાજપત્રો આવ્યા હશે પરંતુ આ વખતનું અંદાજપત્ર જુદુ જ છે. આ વખતનું અંદાજપત્રમાં વંચિતોના વિકાસની વાત અને સર્વગ્રાહી વિકાસની વાત રજૂ કરવામાં આવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ વંચિતોના વિકાસનો મહામંત્ર લઈને ચાલ્યા છે એને સામર્થી કરતાં ત્રાદ્શ્ય દર્શન આ ગૃહમાં રજૂ કરવામાં આવ્યા છે.

આ સભાગૃહની અંદર વિપક્ષના નેતા અને માનનીય સભ્યશ્રી પરેશભાઈ કૃષિ રથની વાત કરતા હતા. આ રાજય સરકાર સમગ્ર ૧૮ હજાર ગામડાંની અંદર કૃષિ રથ લઈને નીકળી હતી એને વિપક્ષના નેતા તમાશા તરીકે અને માનનીય સભ્યશ્રી પરેશભાઈ એવું કહેતા હતાં કે રથ નીકળ્યો હતો એ નાકામિયાબ રથ હતો ત્યારે મારે આ સન્માનનીય ગૃહને ચોક્કસ કહેવું છે. ૧૮ હજાર ગામડાંમાં રથ લઈને ફર્યા ત્યારપછી એની અસર થઈ એની વાત આપની સમક્ષ રજૂ કરુ છું. આ રથ લઈને ફર્યા પછી ૧૦૧૮૦ ખેડૂતોને હેલ્થકાર્ડ આપવામાં આવ્યા છે. ૯૦૭૭૦ ખેડૂતોને ખેત હથિયારો આપવામાં આવ્યા છે. ૯૦૫૯૨ ખેડૂતોને બાગાયત કિટસ આપવામાં આવી છે. ૯૦૫૩૩ ખેડૂતોને પશુપાલન કિટસ આપવામાં આવી છે. એટલું જ નહિ ૩૧૩૬ ખેત તલાવડીઓ બાંધવામાં આવી છે. ૨૨૩૭૪ ખેડૂતોને ટપક સિંચાઈને લગતા લાભ મળ્યા છે. ૨૩૧૩૬ ખેડૂતોએ ખેતી વિષયક લાભો લીધા છે એટલું જ નહિ જે ખેડૂતોને જમીનોની સનદો લેવાની બાકી હતી તેવા ૨૦૮૪૧ ખેડૂતોએ સનદો મેળવી છે. એ કૃષિ રથથી ૯૦૦ જેટલી દૂધ મંડળીઓ નોંધવામાં આવી છે. આ દૂધ મંડળીઓમાં ૫૦૦ જેટલી મહિલા સભાસદો મળી છે, કૃષિ રથના અભિગમ લોકો તરફ વળ્યા છે. આ સરકાર ખેડૂતોના હિતલક્ષી વાત કરનારી સરકાર છે. આજે ગાંધીનગરની અંદર બલરામ ભવન આકાર લઈ રહ્યું છે એ કોની દેન છે. માત્ર આ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ ખેડૂતોના હિતલક્ષી વાત કરે છે.

સૂજલામ્ સૂફલામ્ યોજના ગુજરાતની જીવાદોરી સમાન છે. એનાથી હજારો ખેડૂતોને હજારો હેકટર જમીનને ફાયદો થવાનો છે ત્યારે એની ટીકા કરવા વાળાના મોં બંધ કરવાં પડશે.

આપણે રસ્તાની વાત કરીએ. માર્ગ અને મકાનની વાત કરીએ. ગુજરાતમાંથી રાત્રે કોઈ પસાર થાય અને ઉંઘમાંથી જાગે અને રોશની દેખાય તો ગુજરાત આવી ગયું. ગુજરાતની ચારે દિશામાં રોશની રોશની દેખાય અને સડકના દર્શન થાય ત્યારે માર્ગ અને મકાનની કામગીરી પ્રશંસનીય છે. આપણે કિશાનપથની વાત કરી, ગૌરવપથની વાત કરી, પ્રગતિપથની વાત કરી અને હવે ટુરિઝમ વર્ષ લઈને આવ્યા છીએ ત્યારે પ્રવાસનપથ છે એ તો ભારતીય જનતા પક્ષની સરકાર જ કરી શકે છે.આ વર્ષનું બજેટ ગ્રામ્યલક્ષી બજેટ છે. ગ્રામસભા આધારિત બજેટ છે અને રાજયના ૧૮હજાર ગામડાંની અંદર ચાર વખત ગ્રામસભા ભરાઈ હતી એના આંકડા આ તબક્કે હું ગૃહ સમક્ષ રજૂ કરવા માગું છું. તેના આંકડા આપની સમક્ષ રજૂ કરું કે ૧,૫૩,૦૭૦ ગ્રામસભાઓ સમગ્ર ગુજરાતમાં ભરાઈ અને તેમાં ૧,૧૯,૦૯,૧૧૯ ગ્રામજનોએ ભાગ લીધો તેમાં ૬,૩૪,૭૫૮ પ્રશ્નોનું નિરાકરણ થયું. આ સમગ્ર બજૅટ ગ્રામલક્ષી બજૅટ છે, ગ્રામ આધારિત બજૅટ છે. આપણે ગ્રામહાટ અને હસ્તકલાની વાત કરીએ તો આજે હસ્તકલાનો કારીગર વિશ્વના બજારમાં ટકી રહ્યો છે.

બીજી બાજુ આરોગ્યની વાત કરીએ તો આરોગ્ય બાબતે ક્રાંતિકારી પગલાં આ રાજય સરકારે લીધાં છે. સમગ્ર ગામડાં સુધી સાર્વજનિક હોય, પ્રાથમિક હોય કે પછી કોઈ પણ ક્ષેત્ર હોય, આજે આરોગ્ય ક્ષેત્રે અનેકવિધ સિદ્ધિઓ મેળવી છે. ટોમાકેર, અગત્યની વાત ગૃહ સમક્ષ મૂકું. ટોમાકેર જે તાત્કાલિક પહોંચી વળવા માટે ખાસ

કરીને અમદાવાદ, વડોદરામાં તેમ હૃદય જેવી ગંભીર બિમારી હોય, અકસ્માત હોય તો તાત્કાલિક ૧૦૬૬ નંબર પર ડાયલ કરો તો એમ્બ્યુલન્સ આવી જાય એવી રીતે તાત્કાલિક સુવિધા મળે તે માટે રાજય સરકારે પ્રયત્ન કર્યો છે. વિપક્ષી નેતા અને માધુભાઈ ભોયે કહેતા હતા કે આદિવાસીઓને ઝૂંપડામાં રાખ્યા છે. પહેલાં આદિવાસીઓ મહેલમાં રહેતા હતા અને ભા.જ.પ.ની સરકારે ઝૂંપડામાં લાવી દીધા એવું નથી. આદિવાસીના વિકાસની વાત આ રાજય સરકારે કરી છે. પંચમહાલના આદિવાસીઓની વાત કરીએ તો માથે પોટલું અને બગલમાં છોકરું લઈને મજૂરીએ નીકળતા હતા એ મજૂરીએ જતાં ભારતીય જનતા પાર્ટીની સરકારે અટકાવ્યા છે. આજે આવાસની વાત કરીએ તો પહેલાં ઇન્દિરા આવાસ હતું પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી પછી સરદાર આવાસ આપ્યું, ડો. આંબેડકર આવાસ આપ્યું, દીનદયાળ ઉપાધ્યાય આવાસ આપ્યું. આજે અનેક આવાસ આપીને વંચિતોને ઘરભેગા કર્યા છે.

સ્વરોજગારીની વાત કરીએ તો તેના માટે પણ અનેક યોજનાઓ રાજય સરકારે અમલમાં મૂકી છે. આદિવાસી યુવાનો માટે ત્રણ વખત લશ્કરી ભરતી મેળાઓ કર્યા છે.

**શ્રી ધારશીભાઈ લ. ખાનપુરા (કાંકરેજ)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય નાણામંત્રીશ્રી જે અંદાજપત્ર લઈને આવ્યા છે તેમાં હું પણ મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. સરકારે બહુ મોટી વાતો કરી છે. સારું કર્યું એટલું અમે કર્યું અને ખોટું કર્યું એટલું કેન્દ્ર સરકારે કર્યું. આ વાત ખોટી છે. ગુજરાતમાં અમારી દશાની વાત કરું તો જેણે ખેતી કરી નથી, ખેતીની ખબર નથી, ખેડૂત કેમ હળ હાંકે તેની ખબર નથી એ લોકો બધા ખેડૂતની વાતો કરે.

હું મારા મત વિસ્તારની વાત કરું તો ખેડૂત ન્યાલ થઈ ગયો છે એમ કહે છે. ખેડૂતની દશા એવી છે કે અત્યારે તો તેને આઠ કલાક લાઈટ આપવામાં આવે છે, એક વીઘો જમીન તે પીવે છે. મારા રાધનપુર-સાંતલપુર યોજનામાં જેટલા બોર પાણી પિયતના ચાલે છે ત્યાં અત્યારે ૫૦૦ ફૂટે પાણી ગયું છે. ૫૦ થી ૬૦ની મોટર ચલાવવી પડે છે. અત્યારે એક વીઘો પિયત થાય છે. તમે ન્યાલ થઈ ગયાની વાત કરો છો. ખેડૂત ખેતી કરે તેમાં ચાર ભાગ વધે. તેમાં લાઈટ બિલ, ખાતર, ખેડામણ તો ખેડૂત શું લઈને ઘરે જાય? (અંતરાય) જીરૂ નથી થતું. અત્યારે રાયડા-એરંડા ઉપર ખેતી આવી ગઈ છે. આવી મશ્કરી ન કરો. આ બનાવટની વાત નથી. હકીકતની વાત છે. અમારે ત્યાં ખાસ ઉદ્યોગ નથી. જો એક વાત હોય તો ખેતી, પશુપાલન અને ખેતમજૂર આ ત્રણે ઉપર લોકોનો નિભાવ છે ત્યારે ખેડૂતો જો લાઈટ આવે તો ખેતમજૂર ન મળે, જો લાઈટ આવે તો પશુપાલનનો ધંધો થઈ શકે. મારી આપશ્રીને અને ઉર્જા મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે લાઈટના કલાક વધારે. થોડી લાઈટ વધારે તો ખેડૂત નિર્ભર થઈ શકે.

બીજી મારી વાત એ છે કે, અત્યારે બિલ બહુ મોંઘા થઈ ગયા છે, અત્યારે ૫૦-૬૦ હજાર રૂપિયા ભરવા પડે છે. ૫૦ હજાર તો અમારે ૧૨ મહિનામાં બચતા પણ નથી. ઓછા કલાકો વીજળી આપે છે અને બિલ પૂરા લેવામાં આવે છે. મારે બીજી એક વાત કરવી છે. તપાસ કરવા આવે છે અને ખોટા દંડ કરે છે. તમારી મોટર ખોટી છે. ૫૦ હજારથી ૧ લાખ રૂપિયાના બિલ આપી દે છે. પછી એમને કયાં શોધવા જાય? એપેલેટમાં જાવ એવી બધી વાતો કરે છે. પણ એમને કયાં શોધવા?. બીજી મારી એક ખાસ વિનંતી છે કે, ખેડૂતોને જે તત્કાળ કનૅક્શન આપવામાં આવતા હતા એ બંધ કર્યા છે એ આપવા જોઈએ. પી.ડી.સી. કનૅક્શન બંધ થઈ ગયા છે એ આપવા જોઈએ. પહેલાં કનેકશનો ટ્રાન્સફર થતા હતા એ બંધ કર્યા છે એ કનેકશનો આપવા જોઈએ. જેથી ખેડૂતો પોતાનો નિભાવ કરી શકે. મારી ઊર્જા મંત્રીશ્રીને વિનંતી છે કે, આ વાતની તેઓ નોંધ લે.

**શ્રી રમેશભાઈ ના. મિસ્ત્રી (ભરુચ)** : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના મુખ્યમંત્રીશ્રી ૨૦૦૬-૦૭ના વર્ષ માટે જે અંદાજપત્ર લઈને આવ્યા છે એના સમર્થનમાં હું બોલવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૧૯૯૫થી ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ગોકુળ ગ્રામથી લઈને સમરસ ગામ સુધી અને હવે જયોતિગ્રામ સુધીની ભારતીય જનતા પાર્ટીની આ ગ્રામ્ય વિકાસની યાત્રા, બાજપાઈ નગર વિકાસથી લઈને શહેરી વિકાસ વર્ષ અંતર્ગત અને હવે અર્બન મિશનની સાથે વિકાસની દિશામાં ભારતીય જનતા પાર્ટી ધસમસતી આગળ વધી રહી છે. ૩૪૧ કરોડ રૂપિયાની રાહતો સાથેનું ચાલુ વર્ષનું બજૅટ. આપણે બધા વિવિધ રાજયોના બજૅટ તો જોઈ રહ્યા છીએ ત્યારે આ પ્રકારનું લગભગ કર વગરનું રાહતોવાળું બજૅટ એ કોઈ સાધારણ બાબત નથી. જે પ્રકારે ગુજરાતમાં પાછલા વર્ષોમાં રાજય સરકારે કાર્યક્રમો હાથમાં લીધા છે અને આ કાર્યક્રમોમાં ગુજરાતની જનતા જે પ્રકારે ભાગીદાર બની છે એ પછી કૃષિ મહોત્સવ હોય, વસંતોત્સવ હોય, નર્મદા ઉત્સવ હોય, શાળા પ્રવેશોત્સવ હોય, આવા વિવિધ પ્રકારના કાર્યક્રમોમાં હજારો અને લાખોની સંખ્યામાં ગુજરાતની જનતા રાજય સરકારના કાર્યક્રમોમાં જોડાઈ અને જે પ્રકારે જન સમર્થન આપી રહી છે એ જોતાં એવું લાગે છે કે, આ રાજય સરકારે આપેલા કાર્યક્રમો સાચા અર્થમાં લોકોત્સવ બની રહ્યા છે. પહેલી મે, ૧૫મી ઑગસ્ટ, ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમો આ રાજય સરકારે જે તે જિલ્લાઓમાં એની ઉજવણીની સાથોસાથ જે તે

સ્થાનોના વિકાસ માટેના કાર્યક્રમો સાથે લઈને સ્થાનિક જનતાને જે પ્રકારે જોડી છે. એના કારણે જે જે જિલ્લાઓમાં આવા કાર્યક્રમો પહોંચ્યા નથી એ જિલ્લાના ધારાસભ્યો, સરકારના મંત્રીશ્રીઓને અને મુખ્યમંત્રીશ્રીને કહી રહ્યા છે કે આગામી વર્ષમાં અમારા જિલ્લામાં ૧૫મી ઑગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીનો કાર્યક્રમ યોજાય, એમાં અમારા જિલ્લાનો સમાવેશ કરવામાં આવે. આમ આ કાર્યક્રમના માધ્યમથી સમગ્ર રાજય સરકાર ત્યાં પહોંચીને એ જિલ્લાની સિકલ બદલી નાખે છે અને એ કાર્યક્રમો થયા છે એ જિલ્લાની જનતાને પૂછીએ તો ખબર પડે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત ૨૦૦૩ અને ૨૦૦૫, આ બે વર્ષ દરમિયાન ૧,૭૨,૨૨૮ કરોડ રૂપિયાના ૨૬૬ જેટલા પ્રોજૅક્ટ અને એમાં પણ ૧,૫૪,૫૪૪ કરોડ રૂપિયાના પ્રોજૅક્ટ કાર્યાન્વિત થયા છે અથવા અમલીકરણના તબક્કામાં છે. આ રાજય સરકારે ૨૦૦૭ના વર્ષમાં પણ આ વાઈબ્રંટ ગુજરાત કાર્યક્રમ નકકી કર્યો છે અને મને લાગે છે કે આવનારા દિવસોમાં આ કાર્યક્રમ અંતર્ગત આવનારા મૂડીરોકાણના માધ્યમથી ગુજરાતના વિવિધ પ્રોજૅકટમાં આ રાજયના ૧ લાખ ૨૦ હજાર લોકોને રોજી આપવાનું આ રાજય સરકારે આયોજન કર્યુ છે એ અદ્દભુત છે. રાજય સરકારે સ્ટેમ્પ ડ્યૂટીમાં જે પ્રકારે વિવિધ પ્રકારના દરો નક્કી કરતી ૨૭ જેટલી બાબતો હતી એમાં ઘટાડો કરી ૯ જેટલી બાબત કરી છે અને આ રાજયના શહેરમાં રહેતા લોકોને ૧૯૫ કરોડ રૂપિયાની રાહત આપવાની વાત કરી છે એના કારણે મને લાગે છે કે ગુજરાતના શહેરોમાં રહેતા લોકો આવનારા અનેક વર્ષો સુધી આ બાબત ભૂલી શકે એમ નથી. જે પ્રકારે આ ગુજરાત વિકાસની વિવિધ દિશાઓમાં ધસમસતુ આગળ વધી રહ્યું છે. અહીં છેલ્લા ૨-૩ દિવસથી બજૅટ ઉપર ચર્ચા ચાલે છે અને મને ખાસ કરીને ૨-૩ બાબતો કહેવા દો. આ છેલ્લા ૩ વર્ષથી રાજયનો વિકાસ જે પ્રકારે આગળ વધી રહ્યો છે એનું કારણ પ્રમાણિક નેતૃત્વ છે. આ રાજય સરકારની સતત આ રાજયને વિકાસની દિશામાં લઈ જવા માટેની મથામણ અને એનાથી પણ અગત્યની બાબત એ રાજયની સંપૂર્ણ શાંતિ છે, અને શાંતિ માટે આ રાજય સરકારે જે પ્રકારે કડકમાં કડક પગલાં લીધાં છે એના કારણે આ રાજયની શાંતિને જોખમમાં મૂકનાર લોકો જેલના સળિયા પાછળ છે અથવા તો આવું કરવાની હિંમત જ્યાં સુધી ભાજપ સરકાર છે ત્યાં સુધી કરી શકે એમ નથી. પરંતુ મારે દુ:ખ સાથે કહેવું છે કે આ રાજયની બાબતમાં આ રાજયની બહારના લોકો આ રાજયના ભૂતકાળના પ્રસંગોને લઈને જે પ્રકારે મડદા ઉખેળવાનો પ્રયત્નો સમયાંતરે કરે છે બીજા રાજયોના રાજકીય પ્રસંગો આવે તેવા સમયે પણ પોતાના ક્ષુલ્લક સ્વાર્થ માટે આ રાજયના પ્રસંગોને આગળ લઈને ગુજરાતનું વાતાવરણ ડહોળવાનો પ્રયત્ન કરે છે. મને લાગે છે કે એ આ કોંગ્રેસના લોકોએ દિલ્હી જઈને અટકાવવાની જરૂર છે.

**શ્રી છનાભાઈ કો. ચૌધરી (ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી આ ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રી શ્રી સન ૨૦૦૬-૦૭નું અંદાજપત્ર લઈને આવ્યા છે ત્યારે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહમાં બજેટ ઉપર ચર્ચામાં ખાસ કરીને ખેડૂતો ઉપર ખૂબ ચર્ચા થઈ છે. ખેડૂતોના વિકાસ માટે જે જે યોજના બનાવવામાં આવી અને આ વર્ષમાં જે કંઈ એના માટે જોગવાઈ કરવામાકે આમાં અમુક જોગવાઈઓ નથી. જે જોગવાઈ કરવી જોઈએ એ જોગવાઈ થઈ શકી નથી. એમ કહેવામાં આવ્યુ કે કૃષિ રથયાત્રા દ્વારા ખેડૂતોને ગામડે ગામડે જઈને વૈજ્ઞાનિકોએ એમને જે કંઈ માર્ગદર્શન આપ્યું, કીટસ આપવામાં આવ્યા, ઓજારો આપવામાં આવ્યા , અમે પણ ગામડામાં રહીએ છીએ. કૃષિ રથયાત્રા જ્યારે દરેક ગામાં દાખલ થાય છે ત્યારે કેટલા લોકો એમાં ભાગ લે છે? ગામમાં ૧૫૦-૨૦૦ ખેડૂત ખાતેદારો હોય અને ત્યાં જો ૫ કીટસ આપવામાં આવે અને એકાદ બે ઓજારો આપવામાં આવે તો બીજા ખેડૂતના મન પર શું અસર થાય? તો મારી એક વિનંતી છે કે દરેક બી.પી.એલ. ખેડૂત હોય, નાના ખેડૂત હોય એને આ યોજના હેઠળ રાહત દરે ઓજારો મળવા જોઈએ. સારું બિયારણ મળવું જોઈએ. અમારા દક્ષિણ ગુજરાત વલસાડ અને નવસારીની વાત કરું તો અત્યારે બજારમાં જો ડાંગર વેચવા જઈએ તો ૧૦૦ની આસપાસ ભાવ છે અને સુધારેલું બિયારણ લેવા જઈએ બીજ કેન્દ્ર ઉપર તો ૧૨૫ થી ૧૫૦ રૂપિયા ૧ કિલોનો ભાવ હોય જે ૨૦ કિલોના ભાવે બિયારણ વેચાય છે ત્યારે એમાંથી ખેડૂતો ૧ કિલો બિયારણ લેવા જાય તો એનો એક મણે ભાગ જાય. ૨૦ કિલો ભાગ જાય આવા પ્રસંગો પણ બનેલા છે. વીજ જોડાણની વાત થઈ. પાણીની વાત થઈ, અમારા વિસ્તારમાં મોટી સિંચાઈ યોજના નથી. મોટા ભાગે કૂવા અને બોર આધારિત ખેતી છે.

આઠ આઠ વર્ષથી અમારા ખેડૂતોએ વીજ જોડાણની માગણી કરી છે. આજ સુધી જે સામાન્ય માગણી થઈ છે એમાં કોઈને પણ વીજ જોડાણો મળ્યા નથી. કોઈ ખેડૂત કદાચ પ્રયત્ન કરે કે મારે બોર છે, એકાદ મોટર નાખી ખેતી કરું તો પકડી જાય છે. ૧૩૫ના નિયમ હેઠળ એના ઉપર દંડ લગાવવામાં આવે છે. આ લોકો દરોડા પાડે છે ત્યારે ૪૦-૫૦ મોટરોનો કાફલો આવે અને રાતના ઘેર ઘેર ફરીને સાથે પોલીસ પાર્ટી પણ હોય એટલે સામાન્ય માણસ ગભરાઈ જાય કે કોણ આવ્યું? કોઈ નાના ઝૂંપડાવાળો એકાદ બલ્બ સળગાવે તો એને ૧૫-૨૦ હજારનો દંડ કરવામાં આવે છે. એના મકાનની કિંમત પણ એટલી નથી હોતી. રોજના ૨૫ રૂપિયા કમાતો હોય એને ૧૫-૨૦ હજારનો દંડ કરવામાં આવે તો કયાંથી ભરી શકે? અહીં વાત થઈ કે ગામડે ગામડે

વીજળી પહોંચાડવાના છીએ. ગરીબ લોકો વીજળી વાપરી શકવાના નથી. એનું કારણ છે કે એના દરમાં વધારો કર્યો છે. ભૂતકાળની સરકારોએ રાહતો પણ આપી છે. નાના માણસ અને ગરીબ વર્ગના લોકોને માટેની રાહત કાઢી નાખી છે એવું મારા જાણવામાં આવ્યું છે. ખેડૂતોની યોજનામાં મારે કહેવું જોઈએ કે આ ૨૦૦૭ના બજેટમાં આયોજન થયું હોય એવું લાગતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાતો થઈ. પ્રાથમિક શિક્ષણ માટે આજે દીકરીઓને આપણે ભણાવવી જોઈએ અને એના માટે ચોક્કસ ઉત્સવો થાય. અમે પણ એકે એક ગામમાં જઈને ભાગ લીધો છે. સરકારશ્રીએ ભલે અમને સામેલ કર્યા ન હતા પણ અમે તાલુકા કક્ષાએ અમારી રીતે કાર્યક્રમો કર્યા છે. અમારું નામ ન હતું. (અંતરાય) કરવું જોઈએ, સારી વાત છે એને આવકારું છું. અત્યારે સરસ્વતી સાધના યોજનાની વાત કરું તો બી.પી.એલ.ની બાળાઓ છે એ બાળાઓને આમાં સામેલ કરવામાં આવી છે એવું જાણવામાં આવ્યું છે. આપણે જો બાળાઓને ભણાવવા માટે શિક્ષણને પ્રોત્સાહન આપતા હોઈએ તો જે કોઈ બહાર ગામમાંથી દીકરીઓ ભણવા આવતી હોય તે દરેકને આ યોજના હેઠળ આવરી લેવી જોઈએ. આજે આદિવાસી વિસ્તારમાં દરેક તાલુકા કક્ષાએ નિવાસી શાળાઓ અને એકલવ્ય નિવાસી શાળાઓનું આયોજન થયું છે. હું પૂછવા માગું છું કે આ નિવાસી શાળાઓમાં આજ સુધીમાં કેટલા શિક્ષકોની ભરતી કરી? અત્યારે ડેઈલી વેજીસ શિક્ષકો રાખીને ચાલે છે. એકલવ્ય શાળાઓ છે એમાં આજ સુધી શિક્ષકોની ભરતી કરી નથી. મને લાગે છે કે કોઈ નિવાસી શાળાના આચાર્ય હોય એને ચાર્જ આપીને ડેઈલી વેજીસ શિક્ષકો ભરીને શાળાઓ ચલાવે છે. શિક્ષણનું સ્તર આદિવાસીઓમાં ઊંચું લાવવું જોઈએ. એમાં શિક્ષકોની ભરતી કરવી જોઈએ.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર તારીખ, ૮મી માર્ચ, ૨૦૦૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **અતુલ કે.પટેલ** | | |
| | ક્લોલ તાલુકાના ધમાસણા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ચાલુ કરવા અંગે | ૧૩૪ |
| | ક્લોલ તાલુકામાં સિંચાઈ માટે નર્મદાનું પાણી આપવા બાબત | ૨૫૮ |
| | ક્લોલ શહેરની ગટરનું પાણી બોરીસણા ગામના તળાવમાં જવા બાબત | ૨૩૮ |
| | કલોલ તાલુકામાં ખેતીના પાકને થતા નુકસાન અન્વયે તારની વાડ બનાવવા મળેલ અરજીઓ | ૧૧૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૩ |
| **અનિલ જોષીયારા** | | |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૮ |
| | ભિલોડા અને શામળાજીના આરોગ્ય કેન્દ્રોના સાધનો અન્ય જ્ગ્યાએ ખસેડવા અંગે | ૧૪૧ |
| | ભિલોડા તાલુકાના ખેડૂતોને સિંચાઈ માટે મેશ્વો અને હાથમતી ડેમમાંથી પાણી આપવા બાબત | ૨૬૦ |
| | ભિલોડા, વિજ્યનગર અને મેઘરજ તાલુકાના ચેકડેમો બનાવવા બાબત | ૨૭૫ |
| | રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે વિદેશ અભ્યાસની લોન અંગે | ૧૨૬ |
| | વર્ગ-૧ માંથી વર્ગ-૧ માં પ્રમોશન માટે થયેલ ઠરાવ બાબત | ૫૫ |
| | સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાને પીવાનું પાણી આપવા બાબત | ૨૪૦ |
| | સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના આદિવાસી ગામડાઓને સંપૂર્ણ ૨૪ ક્લાક થ્રી ફેઈઝ લાઈટ આપવા અંગે | ૩૩ |
| | સાબરકાંઠા જિલ્લાની પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડૉક્ટરોની ઘટ | ૧૫૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલા ખૂનના ગુના | ૬૯ |
| **અનિલકુમાર મો.પટેલ** | | |
| | ઉકાઈ ગોરધા જમણાકાંઠા લીન્ક કેનાલને માંડવી તાલુકાના ગોરધા પીક્અપ વીયર સુધી લંબાવવા બાબત | ૨૭૩ |
| | બારડોલી અને માંડવી તાલુકામાં ગુજરાત પેટર્ન અન્વયે મંજૂર થયેલ કામ અને ખર્ચની વિગત | ૧૪૩ |
| | બારડોલી તાલુકાના કડોદ ગામે રહેણાંક્ના બાંધકામ દૂર કરવા અંગે | ૧૩૦ |
| | બારડોલી તાલુકામાં ઓછું ગોચર | ૧૫૫ |
| | માંડવીના બૌધાનથી ગલતેશ્વરને જોડતો તાપી નદી ઉપરનો કોઝવે | ૨૩૪ |
| | સુરત જિલ્લા પંચાયતના રસ્તાને સ્ટેટ હાઈવેમાં ફેરવવા બાબત | ૨૫૮ |
| | સુરત જિલ્લામાં ખાણ-ખનીજની બાકી રોયલ્ટી | ૨૪ |
| **અમિત અ. ચાવડા** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૧ |
| | બોરસદ ખાતે જમીન ફાળવણીની મળેલ અરજીઓ | ૧૧૭ |
| | ભારે વરસાદને કારણે મહી નદીના બદલાતા વહેણને કારણે કાંઠા વિસ્તારોમાં થયેલ ધોવાણ | ૨૬૮ |
| | રાજ્યમાં આવેલ સાયન્સ સીટી | ૫૭ |
| | રાજ્યમાં ઉદ્યોગ સ્થાપવા માટે થયેલા એમ.ઓ.યુ. | ૩૫ |
| | સુજલામ્ સુફલામ્ યોજના હેઠળ થયેલ ખર્ચ | ૨૪૯ |
| **અમિત અ. શાહ** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **અમિત અ. શાહ** | |
| પાકનું રક્ષણ કરતા ખેડૂતની હત્યા અંગે | ૭૩ |
| બેનરજી સમિતિનો પ્રેસ ઈન્ટર્વ્યૂ બાદ ઊભી થયેલી પરિસ્થિતિ અંગે | ૧૫૯ |
| **અર્જુનભાઇ દે.મોઢવાડીયા** | |
| ઝીરો અવર્સ અંગે | ૧૫૭ |
| **અર્જુનભાઈ દે. મોઢવાડિઆ** | |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈના અવસાન અંગે | ૨૮૨ |
| **અર્જુનભાઈ દે.મોઢવાડિઆ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૯૦ |
| **અશોક ભટ્ટ** | |
| અસંસદીય શબ્દોના ઉચ્ચારણ અંગે | ૧૯૪ |
| ઝીરો અવર્સ અંગે | ૧૫૮ |
| **આર.સી. પટેલ** | |
| છોટા ઉદેપુરની ચેક પોસ્ટની આવક | ૨૨ |
| દાંડી યાત્રાધામને પ્રવાસન સ્થળ તરીકે વિક્સાવવા બાબત | ૨૩૭ |
| **ઇન્દ્રવિજયસિંહ કિ.જાડેજા** | |
| સન ૨૦૦૩-૦૪નોગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૮૪ |
| સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૨૮૩ |
| સન ૨૦૦૪-૦૫નો ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ | ૨૮૩ |
| સન ૨૦૦૪-૦૫નોગુજરાત હાઉસીંગ બોર્ડનો વાર્ષિક વહિવટી અહેવાલ | ૨૮૪ |
| **ઇશ્વરભાઇ ધ.મકવાણા** | |
| આંતક્વાદી ઘટનાઓ અટકાવવા માટે સ્પેશ્યલ ઓપરેશન ગૃપની રચના કરવા અંગે | ૬૨ |
| રાજ્યની ફોરેન્સીક લેબોરેટરીને કેન્દ્રસરકાર દ્વારા "નેશનલ રીસોર્સ સેન્ટર"જાહેર કરવા અંગે | ૩૯ |
| **ઈશ્વરભાઈ ધ. મકવાણા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૦૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૩ |
| **ઈશ્વરસિંહ ઠા. પટેલ** | |
| અંકલેશ્વર પાસે નર્મદા નદીના બ્રીજ પાસે બોર ભાઠા બેટથી હાંસોટ તરફની ખેતીની જમીનનું ધોવાણ | ૨૩૨ |
| જુનાગઢ જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૩૮ |
| પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં ભરૂચ જિલ્લાના રસ્તાઓ મંજૂર થવા બાબત | ૨૫૭ |
| ભરૂચ જિલ્લાની રોજગાર વિનિમય ક્ચેરી દ્વારા અપાયેલ નિમણૂંક | ૧૧૯ |
| ભરૂચ જિલ્લામાં રસ્તાઓને જોબનંબર આપવા બાબત | ૨૭૩ |
| **કનુભાઈ કળસરિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૫ |
| અમરેલી જિલ્લાના પોલીસ કર્મચારી /અધિકારીઓના આરોગ્યની તપાસ | ૨૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **કનુભાઈ કળસરિયા** | | |
| | મહુવા તાલુકાના ખેડૂતોને ભૂંડ દ્વારા અતિશય ત્રાસ અંગે લીધેલા પગલાં | ૫૦ |
| **કનુભાઈ મે. ભલાળા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૯ |
| | અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ ધાડના ગુનાઓ | ૩૨ |
| **કાંતિભાઈ ત્રિ. ભીલ** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૭ |
| **કાંતિભાઈ ભા.તડવી** | | |
| | રાજકોટ શહેરમાં નોંધાયેલ ખૂનના ગુના | ૩૦ |
| **કાંતિલાલ ધ. કચોરિયા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૮ |
| | કેન્સરના દર્દીઓની સંખ્યામાં થતા વધારા અંગે | ૧૨૬ |
| | જ્યોતિગ્રામ યોજના હેઠળ રેવન્યુ વિલેજને મળતો લાભ | ૪૯ |
| | જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ જામનગર જીલ્લાના ગામો | ૨૧ |
| | દાંતીવાડા તાલુકાના મુખ્યમથકે નવીન સામુહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવા અંગે | ૧૪૧ |
| | નર્મદા યોજના હેઠળ વિવિધ જળાશયોમાં પાણી આપવાનું આયોજન | ૨૨૬ |
| | પાલનપુર ખાતેની સિવિલ હોસ્પિટલના સંચાલન અંગે | ૧૫૨ |
| | પાલનપુર શહેરનો શુધ્ધીકરણ પ્લાન્ટ શરુ કરવા બાબત | ૨૫૫ |
| **કાળુભાઇ હી.માલીવાડ** | | |
| | નવસારી જિલ્લામાં નોંધાયેલ ખૂનની કોશિષના ગુનાઓ | ૩૫ |
| **કાળુભાઈ વી. વીરાણી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૨ |
| **કુંવરજીભાઈ મો. બાવળિયા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૩ |
| | આર.ટી.ઓ. ના નિવાસ સ્થાને પાડવામાં આવેલ દરોડા | ૬૧ |
| | ગીર અભ્યારણના વિકાસ અંગે કરેલ ખર્ચ | ૧૪૨ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૫ |
| | તત્કાલ વિજ જોડાણ માટેની અરજીઓ | ૩૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૦ |
| | ભાવનગર જિલ્લાનો ગઢડા તાલુકાના લીંબાળી ડેમ પૂર્ણ થવા બાબત | ૨૪૮ |
| | રાજકોટ જિલ્લામાં ગામતળ નીમ કરવાના પ્રકરણો | ૧૫૩ |
| | રાજકોટ જિલ્લામાં સરકારી જમીનની રકમ અંગે | ૧૨૭ |
| **કેશુભાઈ હી.નાકરાણી** | | |
| | વડોદરા શહેરમાં નોંધાયેલ ખૂનના ગુના | ૨૬ |
| | શિહોર તાલુકામાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ અને બાકી ગામો | ૫૨ |
| | સોનગઢ પોલીસ સ્ટેશન નીચે નોંધાયેલ વિવિધ ગુના | ૬૭ |
| **ગણપતભાઈ વે.વસાવા** | | |
| | ઈજ્જુ શેખની ધરપકડ થવા બાબત | ૩૪ |
| | વોન્ટેડ આરોપી હાજી ઈસ્માઈલ ઠાર થવા અંગે | ૫૬ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ગોપાલભાઈ ગા. ધુઆ** | |
| અંજાર, ભુજ તથા ભચાઉ શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો | ૨૭૯ |
| અંજાર-ગાંધીધામ તથા મુન્દ્રા તાલુકાનેજૂથ પાણી પુરવઠા યોજનામાંથી પીવાનું પાણી આપવા બાબત | ૨૬૫ |
| કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા ખાનગી વાહનોની તપાસ | ૬૬ |
| કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરી દ્વારા નોધાયેલ વાહનો | ૮ |
| કચ્છ જિલ્લામાં નોંધાયેલ વાહન અકસ્માતના બનાવો | ૪૬ |
| કચ્છ જિલ્લામાં માજી સૈનિકોને ફાળવેલ જમીનના કબજા અંગે | ૧૫૦ |
| કચ્છ જિલ્લામાં યોજાયેલ લોક અદાલતની અને નિકાલ કરેલ કેસોની સંખ્યા | ૧૧૮ |
| કચ્છ જિલ્લામાં સ્વૈચ્છિક સંસ્થાઓને જમીન ફાળવણીની પડતર અરજીઓ | ૧૩૫ |
| માર્ગ-મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની મંજૂર થયેલ જગ્યાઓ | ૨૪૬ |
| **ગોરધનભાઈ પ્રા. ઝડફિયા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૬ |
| અમદાવાદ શહેરમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો | ૨૪૨ |
| અમદાવાદ શહેરમાં ભૂકંપ પછી શહેરી ગરીબોને મકાન રીપેર માટેની સહાય | ૨૬૨ |
| ધોળકા અને કૃષ્ણા ગોદાવરી બેઝીનમાંથી મળેલ પેટ્રોલીયમનો જથ્થો | ૩૨ |
| રાજ્યના આદિવાસી ખેડૂતોને જમીનની સનદ આપવા અંગે | ૧૨૩ |
| રાજ્યમાં થયેલ વધારાની વીજળીનું ઉત્પાદન | ૫૫ |
| **ગોવાભાઈ હ. રબારી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૧ |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈના અવસાન અંગે | ૨૮૨ |
| ધારાસભ્યોને મોતની ધમકી ભર્યા ફોન અને રક્ષણ માટેની વ્યવસ્થા | ૪૩ |
| બનાસકાંઠા જિલ્લામાં નવા બોર બનાવવા બાબત | ૨૪૮ |
| ભૂકંપ અન્વયે કેન્દ્ર સરકાર તરફથી સરચાર્જની મળવાની બાકી રકમ | ૧૩ |
| માર્ગ-મકાન વિભાગના કોન્ટ્રાક્ટરોના આર્થિક લવાદના પ્રશ્નો | ૨૬૮ |
| રાજ્યના મલ્ટીપ્લેક્સ થિયેટરો પાસેથી વસુલ લેવાનો મનોરંજન કર | ૬૪ |
| **ગોવિંદભાઈ વ.પરમાર** | |
| જિલ્લા વાઇઝ નવા વીજ સબસ્ટેશનોની સ્થાપના | ૪૪ |
| જુનાગઢ જિલ્લાની તાલુકાવાર તત્કાલ વિજ જોડાણની અરજીઓ | ૬૫ |
| તલાલા તાલુકામાં મંજૂર થયેલ પંચાયત હસ્તકના રસ્તાઓ | ૨૩૬ |
| તલાલા તાલુકામાં સ્ટેટ હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓ | ૨૫૬ |
| ધણેજ ગામની બાજુના વોકરા ઉપર પુલ બનાવવા બાબત | ૨૭૨ |
| ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના આધુનિકરણની યોજના | ૨ |
| **ચંદ્રિકાબેન કા.ચુડાસમા** | |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૫ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૬ |
| માછીમાર ભાઈઓને ઉઠાવી જવા અંગે | ૧૬૩ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ચીમનલાલ ધ. સાપરિયા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૯ |
| **છનાભાઈ કો. ચૌધરી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૦૫ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૭ |
| વલસાડ અને નવસારી જિલ્લામાં નવા પ્લાન્ટેશનોની સંખ્યા અને કરેલ ખર્ચ | ૧૨૩ |
| **છબીલભાઈ ના. પટેલ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૫ |
| કચ્છ જિલ્લાને નર્મદાના વધારાના પાણી આપવા અંગેનો ખર્ચ | ૨૫૦ |
| કચ્છ જિલ્લાના શહેરોમાં શહેરી ગરીબોને આવાસો આપવા બાબત | ૨૬૮ |
| કચ્છ જિલ્લાની હોસ્પિટલમાં વિવિધ વિભાગોના નિષ્ણાત ડૉક્ટરોના અભાવે વિભાગ બંધ કરવા અંગે | ૧૨૭ |
| કચ્છ જિલ્લામાં શિક્ષિત બેરોજગારોની નોંધણી અને રોજગારી | ૧૪૧ |
| કચ્છ જિલ્લામાં સૂજલામ્ સૂફલામ્ યોજના હેઠળ કરેલ કામો | ૨૮૦ |
| **જગદીશ ઠાકોર** | |
| જી.એસ.પી.સી. દ્વારા તેલના કુવાનું સારકામ | ૫૩ |
| દહેગામ તાલુકામાં નર્મદા યોજનાનું પીવાનું પાણી આપવા બાબત | ૨૬૧ |
| દહેગામ તાલુકામાંથી પસાર થતી ગુહાઈ પાઈપલાઈન યોજનાનો લાભ આપવા બાબત | ૨૪૧ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૬ |
| રાજયની અદાલતોમાં વધુ ન્યાયાધીશોની નિમણૂક અંગે | ૧૦૯ |
| રાજ્યમાં ખનન યોજનાથી સ્થળાંતર થવાની શક્યતાવાળા ગામો | ૨૭ |
| રાજ્યમાં ગુનાહિત પોલીસ કર્મચારીઓ સામે કાર્યવાહી | ૬૮ |
| સ્વજલધારા યોજનામાં જિલ્લાવાર ખર્ચ | ૨૭૭ |
| **જયંતિલાલ ર1. કવાડિયા** | |
| નગરપાલિકાઓમાં ચીફ ઓફિસરોની ખાલી જગ્યાઓ | ૨૬૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૭ |
| ભરૂચ આર.ટી.ઓ. કચેરીની આવક | ૪૭ |
| માળીયા બ્રાન્ચ કેનાલ માટે ઢાંકી ગામે ફીટ કરવામાં આવેલ પંપ | ૧૨ |
| સરકારે રાજ્ય રસ્તાઓને નેશનલ હાઈવેમાં ફેરવવાની કેન્દ્ર સરકારને કરેલ દરખાસ્તો | ૨૫૧ |
| સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ઉદ્યોગો માટે ફ્રી-ઝોન કરવા અંગે | ૬૭ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં ખાનગી સર્વે નંબરો | ૧૧૩ |
| હળવદ તાલુકાના સુંદરીભવાની દેવસ્થાનને વિકસાવવા બાબત | ૨૮૦ |
| **જયદ્રથસિંહજી ચં.પરમાર** | |
| ગાંધીનગરના એસ.આર.પી. ગૃપ-૧૨ના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૨૪ |
| જાંબુઘોડા તાલુકામાં ખાખરીયાથી ભાણપુર ગામે નદી ઉપરના પુલનું કામ | ૨૬૪ |
| શિવરાજપુર ગામે આવેલ મેંગેનીઝની ખાણ ચાલુ કરવા અંગે | ૫૨ |
| હાલોલ અને જાંબુઘોડા તાલુકા માટે સુજલામ સુફલામ યોજના | ૨૪૪ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **જયદ્રથસિંહજી ચં.પરમાર** | | |
| | હાલોલ તાલુકાના આદિવાસી વિસ્તારમાં આયોજનના કામ અંગે ફેરફાર | ૧૧૯ |
| **જીતુભાઈ હ. ચૌધરી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૦૨ |
| | કપરાડા તાલુકાના માડવાથી મનાલાથી પેઢરદેવીનો રસ્તો બિસ્માર હાલતમાં હોવા બાબત | ૨૪૨ |
| | કપરાડા તાલુકામાં ૭/૧૨ ના હક્કપત્રક મેળવવા હાડમારીઓ | ૧૪૨ |
| | કપરાડા તાલુકામાં મોટા પોંઢા અને નાના પોંઢા પાણી પુરવઠા યોજના | ૨૭૯ |
| | કપરાડા તાલુકામાં મોટા પોંઢા ગામે આવેલ તળાવને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત | ૨૬૩ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૫ |
| | રાજ્યના પ્લેન/હેલીકોપ્ટરનો મંત્રીઓ દ્વારા ઉપયોગ | ૪૫ |
| | વલસાડ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા શિક્ષિતબેરોજગારોને બેંક ધિરાણના લાભો આપવા બાબત | ૧૪ |
| | વાપી કામદાર વિમા યોજનાની હોસ્પિટલને ફાળવેલ ગ્રાન્ટ | ૧૨૭ |
| **જીતેનદ્રકુમાર ઉ. વાઘેલા** | | |
| | અમદાવાદ શહેરમાં સંવર્ગવાર ખાલી પોલીસ મહેકમની જગ્યાઓ | ૩૯ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૫ |
| **જીતેન્દ્રભાઈ બા.પટેલ** | | |
| | જ્યોતિગ્રામ યોજના હેઠળ સમાવિષ્ટ ગામડા | ૪૮ |
| | દવાઓની ચકાસણી અન્વયે બ્લેક લિસ્ટમાં મૂકેલ દવાની કંપનીઓ | ૧૦૭ |
| | રાજ્યમાં ગેરકાયદેસર થતું ખનીજ ખોદકામ | ૧૯ |
| | સૂજલામ્ સૂફલામ્ યોજના માટે નાણાકીય આયોજન | ૨૩૦ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | ડીસા ચેક પોસ્ટની આવક | ૨૦ |
| **જેઠાભાઈ ઘે. ભરવાડ** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૬ |
| **જેસાભાઈ ભા. બારડ** | | |
| | કાયદાપંચ ધ્વારા કાયદામાં સુધારા, નાબૂદ તેમજ ફેરફાર કરવા અંગેની ભલામણ | ૧૩૩ |
| | જુનાગઢ જિલ્લામાં ગેરકાયદે થતું ખનીજ ખોદકામ | ૭૨ |
| | જુનાગઢ જિલ્લામાં ચેકડેમ-કમ-કોઝવે બનાવવા બાબત | ૨૮૦ |
| | જુનાગઢ જિલ્લામાં નાની સિંચાઈ માટે ગ્રાન્ટ ફાળવવા બાબત | ૨૬૬ |
| | પોરબંદરથી માંગરોળ, વેરાવળ, સૂત્રાપાડા અને કોડીનારથી જાફરાબાદના દરિયા કિનારાની ખારાશ અટકાવવા બાબત | ૨૪૬ |
| | બિન નિવાસી ગુજરાતીઓના હિતાર્થે મંત્રીમંડળનો પ્રવાસ | ૧૪૯ |
| | રાષ્ટ્રીય સામુદ્રિક સંસ્થાનની સ્થાપના | ૬૩ |
| | લો યુનિવર્સિટી દ્વારા અભ્યાસક્રમના અમલીકરણ | ૧૫૬ |
| | વીજ ચોરી પકડવા સરકાર દ્વારા લેવાયેલ પગલાં | ૪૧ |
| **ટપુભાઈ લીંબાસિયા** | | |
| | જી.એસ.પી.સી. દ્વારા તેલના કુવાનું સારકામ | ૫૨ |
| | રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતનું ગામતળ વધારવાની માગણી | ૧૨૯ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ટપુભાઈ લીંબાસિયા** | |
| રાજકોટ પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં વિવિધ ગુના | ૬૮ |
| રાજ્યમાં બાળકોના અપહરણના બનાવો | ૨૭ |
| **દિનેશ પરમાર** | |
| જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લેવાયેલ જામનગર જીલ્લાના ગામો | ૨૦ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૩ |
| વાયબ્રન્ટ ગુજરાત-૨૦૦૫ અંતર્ગત થયેલ એમ.ઓ.યુ. | ૪૯ |
| **દિલુભા ટે. ચુડાસમા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૨ |
| **દોલતભાઈ પરમાર** | |
| ક્સિાન પથ માટે કેન્દ્ર સરકારે કરેલી સહાય | ૨૪૫ |
| જ્યોતિગ્રામ યોજના અન્વયે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ અને ખર્ચ | ૬૯ |
| જ્યોતિગ્રામ યોજના પાછળ થયેલ ખર્ચ | ૩૦ |
| ફોટોકોપીના મુળ દસ્તાવેજ પરત કરવા અંગે | ૧૩૩ |
| રાજ્યમાં બારમા નાણા પંચની ગ્રાન્ટની મળેલ રકમ અને થયેલ ખર્ચ | ૫૪ |
| **ધનરાજભાઈ કેલા** | |
| અતિ વરસાદને કારણે વઢવાણ તાલુકાના રસ્તા, નાળા પુલીયા તૂટી જવા બાબત | ૨૬૪ |
| સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ ક્ચેરીમાં વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના અધિકારીઓની બદલી અંગે | ૫૪ |
| સુરેન્દ્રનગર જિલ્લાના ભૂકંપગ્રસ્ત ઓદ્યોગિક એકમની ચૂકવવાની બાકી સહાય | ૩૧ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં કાર્યપાલક ઈજનેરની ખાલી જગ્યા | ૨૪૩ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં સામાજિક વનીકરણ યોજના અને ખર્ચ | ૧૨૮ |
| સુરેન્દ્રનગર શહેરની ગાંધી હોસ્પિટલમાં ખાલી જગાઓ | ૧૪૨ |
| **ધનસુખભાઈ ના. પટેલ** | |
| રાજ્ય અને સુરત જિલ્લામાં જ્યોતિગ્રામ હેઠળ સમાવિષ્ટ ગામો | ૨૯ |
| રાજ્યમાં વન્ય પ્રાણીઓની સંખ્યા અને નોંધાયેલ ગુન્હા | ૧૩૧ |
| સુરત જિલ્લામાં ઉકાઈ ડેમ કાકરાપાર યોજનામાં આવેલ નહેરો | ૨૪૫ |
| સુરત જિલ્લામાં કાકરાપાર જમણાકાંઠા અને ડાબા-કાંઠાની મુખ્ય નહેરો અને સબમાઈનોર નહેરોનું રીપેરીંગ કામ | ૨૬૫ |
| સુરત જિલ્લામાં જમીન જૂની શરતમાં ફેરવવા માટે મળેલ અરજીઓની સંખ્યા | ૧૪૭ |
| સુરત શહેર અને જિલ્લામાં ટાઉન પ્લાનીંગ (સ્કીમો) | ૨૭૯ |
| સૂરત જિલ્લામાં વાહનોની નોંધણી | ૫૩ |
| **ધારશીભાઈ લ. ખાનપુરા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૦૪ |
| **ધીરુભાઈ હ. ગજેરા** | |
| જળસંપત્તિ નિગમમાં ભ્રષ્ટાચારના આક્ષેપમાં અધિકારીઓને ઝડપવા બાબત | ૨૨૫ |
| નર્મદા ડેમની ઊંચાઈ વધારવાની કામગીરી | ૫૭ |
| નવસારી, વલસાડ અને સુરત જિલ્લામાં ગેરકાયદે ચાલતાં વીડીયો થિયેટર | ૩૪ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ધીરુભાઈ હ. ગજેરા** | |
| પ્રવાસન નિગમનું ખાનગીકરણ કરવા બાબત | ૨૭૧ |
| રાજ્યને ગેસ ફાળવવા માટે કેન્દ્ર સમક્ષ માંગણી | ૭૦ |
| સિવીલ હોસ્પિટલ સુરત ખાતે વાહનો અને સાધનોની ખરીદી અને ખર્ચ | ૧૨૦ |
| સુરત શહેર અને જિલ્લામાં નવી શરતની જમીનને જૂની શરતમાં ફેરવવા અંગે | ૧૩૭ |
| સુરત શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો | ૨૫૫ |
| **નટવરસિંહ ફૂ. ઠાકોર** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૧ |
| ખેડા અને આણંદ કલેકટર કચેરીમાં તુમાર નિકાલ ઝુંબેશ | ૧૫૪ |
| ખેડા અને આણંદ જિલ્લાના પાકા રસ્તાની સુવિધાથી વંચિત ગામો | ૨૫૯ |
| ખેડા જિલ્લામાં શહેરી વિકાસ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ ખર્ચ બાબત | ૨૪૦ |
| ખાનગી વાહનો દ્વારા પેસેન્જરની હેરફેરથી રાજ્યને પેસેન્જર ટેક્સની થયેલ આવક | ૭૩ |
| પાલીતાણા ખાતે વિદ્યુત બોર્ડના ઇજનેરોના વાર્ષિક અધિવેશનમાં મુખ્ય મંત્રીશ્રી દ્વારા પેકેજની જાહેરાત | ૪૨ |
| માજી ધારાસભ્યશ્રીઓને સહાયતા માટે ભંડોળની રકમ અંગે | ૧૨૯ |
| માનનીય મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં જમા રકમ અને ચૂકવણી | ૧૪૩ |
| એસ.ટી. નિગમ પાસેથી વસુલ આવેલ પેસેન્જર ટેક્સની રકમ | ૬૪ |
| **નરેન્દ્રભાઈ મોદી** | |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈના અવસાન અંગે | ૨૮૧ |
| **નરેન્દ્રસિંહ મા. જાડેજા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૩ |
| **નારાયણભાઈ લ. પટેલ** | |
| ઇન્ફર્મેશન અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલ રોકાણ | ૬૩ |
| ઉંઝાના ઉમિયા માતાનું મંદિર પ્રવાસન ધામ તરીકે વિકસાવવા બાબત | ૨૪૯ |
| દાહોદ ચેક પોસ્ટની આવક | ૪૦ |
| પાકનું રક્ષણ કરતા ખેડૂતની હત્યા અંગે | ૭૩ |
| મહેસાણા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં ડૉકટરોની ખાલી જગાઓ | ૧૪૮ |
| મહેસાણા જિલ્લામાં ઓદ્યોગિક મૂડી રોકાણોની દરખાસ્ત | ૭૧ |
| સિવીલ હોસ્પિટલોમાં દર્દીઓને રાહત મેળવવા અન્વયે મામલતદારના આવકના દાખલા રજૂ કરવા અંગે | ૧૩૨ |
| **નીમાબેન બી. આચાર્ય** | |
| કચ્છમાં નર્મદા કેનાલનું કામ શરુ કરવા અંગે | ૪૩ |
| ગાંધીધામ આર.ટી.ઓ. ઓફિસ શરુ કરવાની મંજુરી અંગે | ૬૪ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૬ |
| **પરસોત્તમભાઈ ના. ભોજાણી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૦ |
| **પરેશભાઈ ધી. ધાનાણી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૯ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **પરેશભાઈ ધી. ધાનાણી** | | |
| | અમરેલી જિલ્લાની ખોડીયાર સિંચાઈ યોજનાની કેનાલો પાકી બનાવવા બાબત | ૨૬૬ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૧ |
| | રાજયમાં બેરોજગારોનો રેશિયો | ૧૧૬ |
| | રાજ્યની માથાદીઠ આવક અને દેવું | ૪૭ |
| | રાજ્યમાં નોંધાયેલ વિવિધ ગુના | ૧૦ |
| | સુજલામ્ સુફલામ્ યોજનામાં થયેલ ખર્ચ | ૨૪૭ |
| **પુંજાભાઈ ભી. વંશ** | | |
| | ઉના તાલુકામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ | ૧૩૬ |
| | કેન્દ્ર સરકાર સમક્ષ સ્ટેટ હાઈવેને નેશનલ હાઈવેમાં જાહેર કરવા કરેલ રજૂઆત | ૨૬૦ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૭ |
| | જુનાગઢ જિલ્લાની ફોજદારી કોર્ટમાં પડતર કેસો | ૧૫૦ |
| | જૂનાગઢ જિલ્લાના ગીર જંગલોમાં સિંહ અને દીપડાનાં મૃત્યુ | ૧૧૪ |
| | નર્મદા અસરગ્રસ્તોના પુનઃ સ્થાપન માટે થયેલ ખર્ચ | ૪૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૪ |
| | માર્ગ અને મકાન વિભાગ તરફથી જૂનાગઢ ડીવીઝનને કરેલ ગ્રાન્ટની ફાળવણી | ૨૪૧ |
| | રાજ્યમાં આઇપીએસ અધિકારીઓની મંજૂર અને ભરાયેલ જગ્યાઓ | ૭૧ |
| | રાજ્યમાં નવી જી.આઇ.ડી.સી. કાર્યરત થવા અંગે | ૬૨ |
| | શહેરી વિકાસ વર્ષ અન્વયે ફાળવેલ રકમ બાબત | ૨૭૬ |
| **પુનમભાઈ ર. પરમાર** | | |
| | આંતી-મોભા ક્ણઝટ રસ્તાને નવીનીકરણ કરવા બાબત | ૨૪૩ |
| | પાદરા-ચાણસદ માર્ગને નવીનીકરણ કરવા બાબત | ૨૭૯ |
| | પાદરા-વડોદરા માર્ગને ફોરલેન કરવા બાબત | ૨૬૩ |
| **પુનાભાઈ ઢે. ગામીત** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૩ |
| **પોપટભાઈ સ.જીંજરિયા** | | |
| | ગોધરા આર.ટી.ઓ. કચેરીની આવક | ૧૫ |
| | ચોટીલા અને સાયલા તાલુકામાં હેન્ડપંપ | ૨૫૬ |
| | ચોટીલા-સાયલા તાલુકામાં ૮૦/૨૦ યોજના નીચે ચેકડેમો બનાવવાની અરજીઓ | ૨૭૨ |
| | ચોટીલા-સાયલા તાલુકામાં સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનામાં બનેલ ચેકડેમો | ૨૩૭ |
| | સીતાગઢ ગામે ૬૬ કે.વી. સબસ્ટેશન પુનઃ જીવીત કરવા બાબત | ૪૭ |
| | સુરેન્દ્રનગર જિલ્લાના ધાંધલપુર અને લાખણકા ગામે ૬૬ કે.વી.નું વિજ સ્ટેશન | ૬૬ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં લોક અદાલત | ૧૧૭ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં સરકારી વકીલોની ખાલી જગ્યાઓ | ૧૩૫ |
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | | |

| વિષય | પાના નંબર |
|---|---|
| **પ્રદિપસિંહ ભ. જાડેજા** | |
| અમદાવાદ શહેરના અસારવા વિસ્તારની જમીન ગરીબોના વસવાટ માટે ફાળવવા કરેલ આયોજન | ૧૫૬ |
| અમદાવાદ શહેરના ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે ગૃહ નિર્માણ યોજના | ૨૫૬ |
| પ્રવાસન વર્ષમાં સરકારે પ્રવાસ પાછળ કરેલ ખર્ચ | ૨૨૮ |
| બેનરજી સમિતિના પ્રેસ ઈન્ટર્વ્યૂ બાદ ઊભી થયેલી પરિસ્થિતિ અંગે | ૧૫૭ |
| રાજ્યમાં સિંહોની સંખ્યા | ૧૩૨ |
| વડોદરામાં બોગસ માર્કશીટ અને સર્ટીફીકેટ બનાવવાનું કૌભાંડ પકડવા અંગે | ૨૮ |
| સરકારી દવાખાનાઓમાં ખાનગી ડૉક્ટરોની સેવાઓની છૂટ આપવા અંગે | ૧૪૮ |
| **પ્રવિણભાઈ ટી. મારુ** | |
| ગઢડા તાલુકાના ગઢાળી ડેમ તૂટવાથી થયેલ નુક્સાન | ૨૩૮ |
| ગઢડા સ્વામિનારાયણ મંદિરનો પવિત્ર યાત્રાધામ વિકાસમાં સમાવેશ કરવા બાબત | ૨૫૯ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૮ |
| ભાવનગર જિલ્લામાં પ્રદુષણ ઓકતા વાહનો અને દંડની રકમ | ૧૩ |
| ભાવનગર જિલ્લામાં વિજ ચોરીના બનાવો | ૬૫ |
| ભાવનગર જિલ્લામાં વિવિધ ગુનાઓ અને પકડાયેલ આરોપીઓ | ૪૩ |
| **પ્રવિણભાઈ મો.માકડિયા** | |
| રાજકોટ જિલ્લામાં નીલ ગાયોના ત્રાસ અંગે | ૧૨૫ |
| રાજકોટ સ્ટેમ્પ ડયુટીની ક્ચેરીમાં અધિકારીની ખાલી જગાએ નિમણૂંક | ૧૫૨ |
| રાજ્યના જ્યોતિગ્રામ થયેલા જિલ્લાઓ | ૨૮ |
| રાજ્યમાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ અન્વયે ઝડપાયેલા ડૉક્ટરો | ૧૪૦ |
| શહેરી વિસ્તારોમાંથી ગેરકાયદેસર ક્તલખાનાં | ૨૪૨ |
| **પ્રહલાદભાઈ મો. પટેલ** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૩ |
| **પ્રાગજીભાઈ ના. પટેલ** | |
| નર્મદા કેનાલમાંથી ખેતીવાડી માટે પાણી આપવા અંગે | ૨૪૦ |
| માંડલ તાલુકામાં સુજલામ્ સુફ્લામ્ યોજના અંતર્ગત પાણી આપવા બાબત | ૨૬૦ |
| માંડલ વિસ્તારમાં ખેતીના રક્ષણ માટે તારની વાડ બનાવવા અંગે | ૧૩૧ |
| **ફતેસિંહ વ. ચૌહાણ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૨ |
| **બલવંતસિંહ ચં. રાજપૂત** | |
| કર્મયોગી યોજના હેઠળ યોજાયેલ તાલીમો | ૨૪ |
| ગૌરવપથ યોજના નીચે બનાવેલ રસ્તાઓ બાબત | ૨૬૨ |
| ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૭ |
| ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈના અવસાન અંગે | ૨૮૩ |
| પાટણ જિલ્લામાં બિસ્માર રસ્તાઓના કામ | ૨૭૭ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૦ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **બલવંતસિંહ ચં. રાજપૂત** | |
| રાજ્યના જિલ્લાઓમાં રોગી કલ્યાણ સમિતિઓની રચના અને સત્તાઓ | ૧૨૫ |
| સરસ્વતી નર્મદા મહાસંગમ પાછળ થયેલ ખર્ચ | ૨૪૧ |
| **બળદેવજી ચં. ઠાકોર** | |
| કડી તાલુકામાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્તોને સહાય | ૧૨૪ |
| કડી તાલુકામાં કાળીયારના મરણ અને આશ્રયસ્થાનો | ૧૫૧ |
| કડી તાલુકામાં રસ્તાઓને આપવામાં આવેલ જોબનંબર | ૨૫૨ |
| કડી તાલુકામાં શ્રમ કાયદાઓના ભંગ થવા અંગે | ૧૩૭ |
| કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલ ઉપરના પુલના છેડાઓને ડામર કરવા બાબત | ૩૩ |
| કડી તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલમાં પડેલા ગાબડાં | ૫૬ |
| કડી-કલ્યાણપુરા રોડને જોબ નંબર આપવા બાબત | ૨૭૦ |
| **બાબુભાઈ મે. શાહ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૦ |
| કચ્છ જિલ્લાના ઓદ્યોગિક એકમોમાં કામદારોને ચૂકવવાની બાકી સહાય | ૧૩૦ |
| કચ્છ જિલ્લાના ધોળાવીરા માટે કેન્દ્ર સરકારે આપેલ રકમ | ૨૬૩ |
| કચ્છ જિલ્લાની પાંજરાપોળને મળતી સબસીડી | ૧૪૪ |
| નર્મદા ડેમની ઊંચાઈ વધારવા અંગે | ૩૬ |
| નર્મદાનું દરિયામાં વહી જતા પાણીને મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં આપવા બાબત | ૨૪૩ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૭ |
| વેચાણવેરાની વસુલાત અંગે | ૫૮ |
| **બાલુભાઈ તંતી** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૯ |
| અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કુટિર ઉદ્યોગ માટે લોન-સહાય | ૪૫ |
| અમરેલી જિલ્લામાં મહેસૂલ હસ્તકની ખાલી જગ્યાઓ | ૧૨૧ |
| કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ | ૧૪ |
| ગીર વન વિભાગ ધ્વારા જળસંચય યોજના અન્વયે બનાવેલ ચેકડેમ | ૧૩૭ |
| ધારી તાલુકાના ચલાલાના મહી આધારીત પીવાના પાણીની હલકી ગુણવત્તાવાળી પાઈપો | ૨૫૭ |
| ધારી બગસરા તાલુકામાં આરોગ્યની સંવર્ગવાર ખાલી જગાઓ | ૧૫૧ |
| બગોદરાથી ધંધુકા બરવાળા-ઢસા રોડ ફોરલેન કરવા બાબત | ૨૩૩ |
| **બિમલ શાહ** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૫ |
| **ભરતભાઈ પંડ્યા** | |
| ધંધુકા અને બરવાળા તાલુકાના ગામોના તળાવ વલ્લભીપુર બ્રાન્ચ કેનાલથી ભરવા બાબત | ૪૨ |
| ધંધુકા, રાણપુર અને બરવાળા તાલુકામાં ચેકડેમોના થયેલા કામો | ૨૪૫ |
| **ભવાનભાઈ જી. ભરવાડ** | |
| રાજ્યની વીજળી ઉત્પાદન ક્ષમતા | ૬૧ |
| રાજ્યમાં મોટા ઉદ્યોગોની સ્થાપના | ૩૭ |

| વિષય | પાના નંબર |
|---|---|
| **ભવાનભાઈ જી. ભરવાડ** | |
| લીંબડી તાલુકામાં અતિવૃષ્ટિના કારણે તૂટી ગયેલ તળાવો, નાળા તથા આડ બંધ | ૨૫૫ |
| સરકારી વકીલોની ભરતી | ૧૨૦ |
| સુરેન્દ્રનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓક્ટ્રોય નાબુદી પેટે મળેલ ગ્રાન્ટ | ૨૩૬ |
| સુરેન્દ્રનગર જિલ્લામાં રસ્તાના મંજૂર થયેલ કામો | ૨૭૧ |
| **ભારતીબેન ન.પટેલ** | |
| ઉકાઈ નહેર હેઠળ ખેરગામ-વાવ ડિસ્ટ્રિબ્યુટરી કેનાલ હેઠળ પાણી આપવા બાબત | ૨૩૫ |
| ચીખલી તાલુકાના નાધાઈ ગંગેશ્વર મંદિરથી મટબા ગામને જોડતો ચેકડેમ કમ કોઝવેનું ખાતમુહૂર્ત થવા બાબત | ૨૭૪ |
| ચીખલી તાલુકામાં પોલીસ સ્ટેશન માટે મકાનનું આયોજન | ૩૧ |
| પતંગ મહોત્સવમાં થયેલ ખર્ચ | ૨૫૯ |
| **ભાવનાબેન હે.ચપટવાલા** | |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૫ |
| **ભીખાભાઇ ગ.જોષી** | |
| માળીયા-મેંદરડા અને બીલખા તાલુકાના આરોગ્ય કેન્દ્રોમાં એમ્બ્યુલન્સવાનોની ફાળવણી | ૧૧૯ |
| **ભીખીબેન ગિ.પરમાર** | |
| નર્મદા પાઈપ લાઈનથી વાત્રક, મેશ્વો, માઝૂમ ડેમ ભરવાની યોજના | ૨૪૫ |
| મેઘરજ ખાતે આરોગ્યની ખાલી જગાઓ | ૧૧૨ |
| **ભુપેન્દ્રસિંહ મ.ચુડાસમા** | |
| માછીમાર ભાઈઓને ઉઠાવી જવા અંગે | ૧૬૩ |
| **મનસુખભાઈ લ. માંડવિયા** | |
| ગારિયાધાર તાલુકાના રાણી ગામને જોડતો પાકો રસ્તો બનાવવા બાબત | ૨૫૩ |
| પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૭ |
| રાજ્યમાં વીજ ઉત્પાદન, માંગ અને ઘટ | ૩૧ |
| **મનીષ ન. ગીલીટવાલા** | |
| અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૨૦ |
| **મહેશભાઈ છો. વસાવા** | |
| અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓને છાત્રાલયમાં પ્રવેશ અંગે આવક મર્યાદા | ૧૨૦ |
| **મહેશભાઈ સો.ભુરિયા** | |
| સોનગઢ ચેકપોસ્ટની આવક | ૨૫ |
| **માધાભાઈ લા. બોરીચા** | |
| કેશોદ અને વંથલી તાલુકામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ | ૧૫ |
| કેશોદ તથા વંથલી તાલુકામાં કિસાન પથ યોજનામાં થયેલ કામો | ૨૭૦ |
| કેશોદ શહેરમાં શહેરી વિકાસ વર્ષ દરમ્યાન થયેલ વિકાસના કામો | ૨૮૧ |
| જુનાગઢ જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો અપગ્રેડ કરવા અંગે | ૧૩૧ |
| જૂનાગઢ તથા સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ વણકર સહકારી મંડળીઓ | ૪૫ |
| રાજ્યની નદીઓને જોડવા બાબત | ૨૫૧ |
| **માધુભાઈ જે. ભોયે** | |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **માધુભાઈ જે. ભોયે** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૮ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૫ |
| | ડાંગ જિલ્લામાં પ્રાથમિક અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર ખાલી જગાઓ | ૧૫૦ |
| | નવસારી જિલ્લામાં લાકડાની ચોરીના બનાવો | ૧૩૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૩ |
| | રાજયમાં જંગલની જમીન આદિવાસીઓને આપવાની પડતર અરજીઓ | ૧૧૪ |
| | રાજ્યનો વિકાસ દર | ૬૨ |
| | રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ આવરી લીધેલ ગામો | ૭૦ |
| | રાજ્યમાં વસુલ કરવામાં આવેલ વિજ શુલ્ક અને ચૂકવેલ સબસીડી | ૩૮ |
| | સાપુતારા ગીરી મથકને પ્રવાસન વર્ષમાં ફાળવેલ રકમ | ૨૫૮ |
| | સુરત, સાપુતારા, બીલીમોરા, આહવા, ધુલીયા રાજય રસ્તાઓને પહોળા કરવા બાબત | ૨૩૫ |
| | સુરત-વલસાડ અને ડાંગ જિલ્લામાં પાણી પુરવઠાના ચેકડેમો તેયાર કરવા બાબત | ૨૭૩ |
| **માયાબેન સુ. કોડનાની** | | |
| | અમદાવાદ શહેરની ટી.પી. સ્કીમો મંજૂર થવા બાબત | ૨૮૦ |
| | અમદાવાદ શહેરમાં પાઇપ લાઇન દ્વારા ગેસ આપવા અંગે | ૬૮ |
| | અમદાવાદ શહેરમાં શહેરી ગરીબોને આવાસો આપવા બાબત | ૨૫૧ |
| | અમદાવાદ શહેરમાંથી પસાર થતી સાબરમતી નદીમાં પાણી છોડવા બાબત | ૨૬૯ |
| | અમદાવાદ શહેરમાં નિકોલ ખાતે કેમિકલ્સયુકત પાણીના નિકાલ અંગે | ૧૦૫ |
| | કલ્પસર યોજના અંગેનો ખર્ચ અને કામગીરી | ૫૨ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૭૯ |
| | મધ્યસ્થ ઓષધ ભંડાર ધ્વારા ખરીદ થતી દવાના નમૂનાના પરીક્ષણ અંગે | ૧૩૪ |
| | રાજ્યમાં આઈ.ટી. ક્ષેત્રે થયેલ મૂડી રોકાણ | ૨૬ |
| **માલજીભાઈ દે. દેસાઈ** | | |
| | ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી નાથાભાઈ રત્નાભાઈ દેસાઈના અવસાન અંગે | ૨૮૨ |
| | નર્મદા કેનાલના એપ્રોચ રસ્તાઓને પાકું પથ્થર પીચીંગ કરવા અંગે | ૩૮ |
| **મુકેશ ભૈ. ગઢવી** | | |
| | કલ્પસર યોજના માટે નાણાંની ફાળવણી ન થવા અંગે | ૪૭ |
| | બંદરોના વિકાસ માટે સબસીડી આપવા અંગે | ૬૭ |
| | બનાસકાંઠા વન ખાતાના અધિકારીઓ સામે મળેલ ફરિયાદ અને કાર્યવાહી બાબત | ૧૨૪ |
| | માર્ગોની આજુબાજુના બાવળો કાઢી રસ્તા પહોળા કરવા બાબત | ૨૭૦ |
| | યાત્રાધામ અંબાજીનો વિકાસ કરવા બાબત | ૨૫૩ |
| | હેલીકોપ્ટરનો ઉપયોગ અને થયેલ ખર્ચ | ૧૬ |
| **મોહંમદફારુક હુ. શેખ** | | |
| | અમદાવાદ શહેરમાં પાઈપ લાઈન દ્વારા ગેસ આપવાની કામગીરી | ૩૧ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **મોહંમદફારુક હુ. શેખ** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૪ |
| **મોહનભાઈ ક. કુંડારિયા** | | |
| | ટંકારા, મોરબી અને પડધરી તાલુકામાં નર્મદાનું પાણી આપવા બાબત | ૨૨૯ |
| | રાજકોટ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ માટેની અરજીઓ | ૩૨ |
| | રાજકોટ જિલ્લામાં બિન ખેતીના અધિકારો પુનઃ તાલુકા કક્ષાએ આપવા અંગે | ૧૨૭ |
| | રાજકોટ જિલ્લામાં સીરામીક ઉદ્યોગને ફ્રી- ટ્રેડ ઝોનમાં સમાવવા અંગે | ૬૯ |
| | રાજ્યમાં જ્યોતિગ્રામ યોજના હેઠળના ગામો | ૫૫ |
| **રણછોડભાઈ ચ. ફળદુ** | | |
| | ઉંડ-૧ યોજનામાં પીઠડીયા ગામને પુનઃવસવાટ યોજનામાં અન્ય સ્થળે વસવાટ કરવા બાબત | ૨૭૧ |
| | ઉન્ડ-૩ સિંચાઈ યોજનામાં કોઠા ભાડુકીયા ગામને વળતર ચૂકવવા બાબત | ૨૮૧ |
| | જામનગર જિલ્લામાં વરસાદથી ચેકડેમ અને તળાવોને થયેલ નુકસાન | ૨૫૪ |
| **રમીલાબેન બ. બારા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૦૩ |
| | ઝાલોદ ચેક પોસ્ટની આવક | ૨૩ |
| **રમીલાબેન રા.દેસાઈ** | | |
| | અખંડ આનંદ આયુર્વેદિક કોલેજના સ્થળાંતર અને મકાન બનાવવા અંગે | ૧૩૧ |
| | આરોગ્ય કેન્દ્રો ખાનગી સંસ્થાઓને સોંપવા અંગે | ૧૪૬ |
| | કડાણા બંધને આંતર રાજ્ય ધોરણે થયેલ પાણીની ફાળવણી | ૨૬૫ |
| | કેન્દ્ર સરકાર પુરસ્કૃત યોજના હેઠળ રાજ્યને ફાળવેલ નાણા | ૬૩ |
| | ગુજરાત વિદ્યુત બોર્ડનું વિભાગીય કંપનીઓમાં વિભાજન | ૪૦ |
| | નર્મદા યોજના દ્વારા પીવાનું પાણી આપવા ઊભું કરેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર | ૨૪૪ |
| **રમેશભાઈ ના. મિસ્ત્રી** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૩૦૪ |
| **રશીદા ઈ. પટેલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૬ |
| | પ્રવાસન વર્ષમાં રાજ્યના પ્રવાસન સ્થળોનો વિકાસ | ૨૫૯ |
| | ભરૂચ જિલ્લાના ટંકારીયા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની દરખાસ્ત | ૧૫૬ |
| | ભરૂચ જિલ્લામાં જમીન બિન ખેતીમાં ફેરવવા કિસ્સાઓ | ૧૪૯ |
| | ભરૂચ જિલ્લામાં તાલુકા દીઠ ડામર સપાટીના રસ્તાઓ બનાવવા બાબત | ૨૭૪ |
| | ભરૂચ જિલ્લામાં નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવવા અંગે | ૧૩૩ |
| | યાત્રાધામ ડાકોરના વિકાસ માટે ફાળવેલ રકમ | ૨૭૪ |
| | રાજ્ય સરકારનું આંતરિક અને બાહય દેવું | ૨૨ |
| | રાજ્યમાં ઓદ્યોગિક મૂડીરોકાણોની આવેલી દરખાસ્તો | ૫૧ |
| | વાયબ્રાન્ટ ગુજરાત (પ્રવાસન વર્ષ- ૨૦૦૬) પાછળ થયેલ ખર્ચ અને મળેલ દરખાસ્તો | ૨૩૬ |
| **રાકેશ રાવ** | | |
| | નર્મદા યોજનાનું પાણી સરસ્વતી નદીમાં નાખવા બાબત | ૨૫૪ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|
| **રાકેશ રાવ** | | |
| | માતર તાલુકાના વાલોગી ગામના કાંસનું રીપેરીંગ કામ કરવા બાબત | ૨૭૦ |
| | માતર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ- ૧ની જગાની નાબુદી તેમજ આધુનિક સાધનોની વ્યવસ્થા અંગે | ૧૩૯ |
| | રાજ્ય સરકારની જાહેરાત મુજબ ગોદાવરી ક્રિષ્ના તટમાંથી ગેસ મળવા અંગે | ૨૧ |
| | રાજ્યમાં ગર્ભ પરિક્ષણ અંગે તબીબો સામે પગલાં | ૧૨૪ |
| **રાજેન્દ્રસિંહ ધી.પરમાર** | | |
| | આણંદ જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ યોજનામાં જોબ નંબર ફાળવવા બાબત | ૨૩૯ |
| | રાજ્ય સરકારની કર મહેસૂલની આવક | ૩૪ |
| | રાજ્યને કેન્દ્ર સરકાર તરફથી મળેલ અનુદાન | ૫૭ |
| **રાજેશભાઈ પાઠક** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૨ |
| **લક્ષ્મણભાઈ બા. પટેલ** | | |
| | પારડી તાલુકાના આદિવાસીઓની જમીનના કબજા પરત કરવા અંગે | ૧૪૨ |
| | વલસાડ જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં સંવર્ગવાર ખાલી જગાઓ | ૧૫૩ |
| | વલસાડ જિલ્લામાં ખાનગી ટ્રસ્ટ સંચાલીત આશ્રમશાળા અને છાત્રાલયની તપાસ | ૧૨૮ |
| | વલસાડ જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત | ૨૨૪ |
| | વલસાડ તાલુકાના ચિંચાઈ ગામે સિંચાઈ યોજનાનું કામ | ૨૭૧ |
| | વાપી રેલ્વે ઓવરબ્રીજ એલ.સી. ૮૦ ફાટક પાસે ફૂટ બ્રીજ બનાવવાની દરખાસ્ત | ૨૫૫ |
| **વજુભાઈ પ. ડોડિયા** | | |
| | અમદાવાદ જિલ્લામાં ભારે વરસાદને કારણે ડ્રેનેજ છલકાવાથી વિરોચનનગર, વાસણ ગામમાં પાણી ઘૂસી જવા અંગે | ૨૬૮ |
| | ગોતા-ગોધાવીથી ડેડિયાસણ સુધીની કેનાલો રીપેર કરવા બાબત | ૨૪૮ |
| | નવી એસ.ટી. બસો ખરીદવા અંગે | ૫૦ |
| | માંડલ પોલીસ સ્ટેશન હસ્તકના ગામોને વિરમગામ પોલીસ સ્ટેશન હેઠળ મૂકવા બાબત | ૨૧ |
| | વિરમગામ મહાત્મા ગાંધી હૉસ્પિટલમાં એમ્બ્યુલન્સની સંખ્યા | ૧૦૪ |
| | એસ. ટી. બસો સી. એન. જી. થી ચલાવવા અંગે | ૬૭ |
| **વસુબેન ન. ત્રિવેદી** | | |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૪ |
| | વઘઈ ચેકપોસ્ટની આવક | ૩૨ |
| **વિષ્ણુભાઈ છો. પટેલ** | | |
| | વડોદરાના એસ.આર.પી. ગૃપ-૯ના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૧ |
| **વેચાતભાઈ હ. બારિયા** | | |
| | વડોદરા અને દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં આરોગ્ય હસ્તકની ખાલી જ્ગ્યાઓ | ૧૨૯ |
| | સુખી જળાશય યોજનામાં અસરગ્રસ્ત ગામોને પ્રાથમિક સુવિધા આપવા બાબત | ૨૪૪ |
| | સુરેન્દ્રનગર આર.ટી.ઓ. કચેરીની આવક | ૯ |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **શંકરભાઈ લ.ચૌધરી** | | |
| | પોલીસ દળમાં નવી ભરતી કરવા અંગે | ૩૭ |
| | રાજ્યમાં એસ.આર.પી.ની નવી બટાલીયનો સ્થાપવા અંગે | ૬૧ |
| **શંકરભાઈ વી.રાઠવા** | | |
| | અંબાજી ચેકપોસ્ટની આવક | ૬ |
| | વડોદરાના એસ.આર.પી. ગૃપ-૧ ના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૪૬ |
| **શિરીષકુમાર મ. શુકલ** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૭ |
| | અમીરગઢ ચેકપોસ્ટની આવક | ૨૩ |
| **શીવજીભાઈ ક. આહીર** | | |
| | અમદાવાદ તથા સુરત જેવા મોટા શહેરોમાંથી બિનવારસી ગાયોને કતલખાને જતી બચાવવા અંગે | ૫૧ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠામાંથી રાજસ્થાનથી કતલખાને લઈ જવાતા ગૌ-વંશ પકડવા અંગે | ૨૨ |
| | ભૂજ અને નખત્રાણા તાલુકામાં સિંચાઈ યોજનાની કેનાલોનું રીપેરીંગ કામ | ૨૫૮ |
| | ભૂજ ખાતેની હોસ્પિટલમાં ખાલી જગાઓ | ૧૪૮ |
| | ભૂજ તાલુકાના ખાવડા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સંવર્ગવાર ખાલી જગાઓ | ૧૩૨ |
| | યાત્રાધામોમાં માંસાહારી પદાર્થોનું વેચાણ | ૨૩૮ |
| **સાબીરભાઈ અ. ખેડાવાલા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૧૮ |
| | રાજયમાં પોટાના કેસોમાં પકડાયેલા લોકો માટે રિવ્યુ કમિટી મળવા અંગે | ૪ |
| **સિધ્ધાર્થ મા.પરમાર** | | |
| | માર્ગ અને મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની મંજૂર જ્ગ્યાઓ | ૨૪૬ |
| **સી. જે. ચાવડા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૨૦૩ |
| | નર્મદાનું પાણી પીવા માટે ગુડાના ગામોને આપવા બાબત | ૨૫૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૯૯ |
| **સુનીલ બા. ઓઝા** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) | ૧૯૮ |
| | નર્મદાની વલ્લભીપુર કેનાલમાંથી ખોડીયાર તથા ગોરીશંકર તળાવ ભરવા માટેની માગણી | ૩૩ |
| | ભાવનગર જિલ્લામાં વેચાણ વેરામાંથી મુક્તિ મળેલ ન હોય તેવા યુનિટોને મુક્તિ આપવા અંગે | ૫૬ |
| | ભાવનગર જિલ્લામાં શ્રમિક સુરક્ષાયોજના અન્વયે મળેલ વીમાની અરજીઓના નિકાલ અંગે | ૧૪૦ |
| | ભાવનગર શહેરની ટાઉન પ્લાનીંગ સ્કીમો | ૨૪૩ |
| | ભાવનગર હોસ્પિટલમાં સેટઅપ મુજબ ખાલી જગાઓ | ૧૨૪ |
| | રાજ્યમાં બંદર અધિકારીની ભરાયેલ અને ખાલી જ્ગ્યાઓ | ૭૦ |
| **સૌરભ પટેલ** | | |

| | વિષય | પાના નંબર |
|---|---|---|
| **સૌરભ પટેલ** | | |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૪ |
| | ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૦૬ | ૨૮૮ |
| | ગુજરાત રાજય પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ | ૭૫ |
| | ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૦૪-૨૦૦૫નો વાર્ષિક અહેવાલ | ૭૫ |
| | ગુજરાત સરકારના નાણાકીય હિસાબો | ૧૬૭ |
| | નાણા વિભાગની અધિસૂચનાઓ | ૭૫ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૬ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૭૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૮૦ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) | ૧૦૧ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૭ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૮ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૬૯ |
| | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન(બીજો અને છેલ્લો દિવસ) | ૧૮૮ |
| **હર્ષદભાઈ ચુ.વસાવા** | | |
| | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીના અધિકારીઓને તાલીમ માટે વિદેશ પ્રવાસ | ૪૨ |
| **હીરાભાઈ ઓ.સોલંકી** | | |
| | અમરેલી જિલ્લામાં એરપોર્ટ સ્થાપવા માટેની દરખાસ્ત | ૪૬ |
| | જામનગર જિલ્લાના પોલીસ કર્મચારી/અધિકારીઓના આરોગ્યની તપાસ | ૧૫ |
| **હેમાજી દ. રાજપૂત** | | |
| | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) | ૨૯૭ |